યાકિનીમહત્તરાસૂનુ પૂર્વધરાસન્ન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

નવાંગીટીકાકારશ્રી આચાર્યદેવ શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

# પંચાશક પ્રકરણ

શબ્દશઃ વિવેચન

ભાગ-૨

પંચાશક-૩, ૪



વિવેચક : પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

# પંચાશક પ્રકરણ

## શબ્દશઃ વિવેચન

## પંચાશક-૩, ૪ ❖ ભાગ-૨

❖ મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર ❖

**યાકિનીમહત્તરાસૂનુ પૂર્વધરાસન્ન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત**

**નવાંગીટીકાકારશ્રી આચાર્યદેવ શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત**

❖ દિવ્યકૃપા ❖

વ્યાખ્યાનવાચસ્પતિ, શાસનપ્રભાવક પ. પૂ. આચાર્યદેવેશ

**શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** તથા તેઓશ્રીના શિષ્યરત્ન ષડ્દર્શનવેત્તા,

પ્રાવચનિકપ્રતિભાધારક પૂ. મુનિપ્રવર **શ્રી મોહજિતવિજયજી મહારાજા**

❖ આશીર્વાદદાતા ❖

**પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ.સા.ના સમુદાયવર્તી** તથા

તેઓશ્રીના લઘુગુરુભ્રાતા, વર્તમાન શ્રુતમર્મજ્ઞાતા વિદ્વાન

**પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા**

❖ વિવેચનકાર ❖

**પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**

❖ સંકલનકર્તા ❖

**પંડિત શ્રી મયંકભાઈ રમણિકભાઈ શાહ**

❖ પ્રકાશક ❖

ગીતાર્થ ગંગા

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

# પંચાશક પ્રકરણ ભાગ-૨ (પંચાશક-૩, ૪) શબ્દશઃ વિવેચન


✦ વિવેચનકાર ✦

પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા



વીર સં. ૨૫૪૫ ✦ વિ. સં. ૨૦૭૫ ✦✦✦ આવૃત્તિ : પ્રથમ ✦ નકલ : ૨૫૦

**મૂલ્ય : રૂ. ૩૫૫-૦૦**

卐 આર્થિક સહયોગ 卐

સમ્યગ્જ્ઞાન પ્રદાતા **પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા**ની મંગલ પ્રેરણાથી

**સ્વ. રમેશચંદ્ર મનસુખલાલ શાહ (આદિપુરવાળા)**

**પુષ્પાબેન રમેશચંદ્ર શાહ**

૯, સાબરબાગ સોસાયટી, ધરમનગર, સાબરમતી, અમદાવાદ. ફોન : ૨૭૫૦૬૦૧૪

: મુખ્ય પ્રાપ્તિસ્થાન :

ગીતાર્થ ગંગા

૨૧૮

શ્રુતદેવતા ભવન, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.

Email : mygg@gitarthganga.com, ❖ www.gitarthganga.com

✻ મુદ્રક ✻

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ

૯, પુનાજી ઈન્ડ. એસ્ટેટ, શનિદેવ મંદિર પાસે, ધોબીઘાટ, શાહપુર, અમદાવાદ-૪. ફોન : ૨૫૬૨૪૯૯૯



સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# પ્રકાશકીય

સુજ્ઞ વાચકો !

પ્રણામ...

અંધકારમાં ટૉર્ચ વગર અથડાતી વ્યક્તિ દયાપાત્ર છે, તેનાથી પણ ટૉર્ચ હોવા છતાં ટૉર્ચ કઈ રીતે વાપરવી તે ન જાણનાર વધુ દયાપાત્ર છે.

કારણ ?

તે વ્યક્તિ પાસે સાધન હોવા છતાં પણ તેની જરૂરી જાણકારીના અભાવે તેનો ઉપયોગ નહીં કરી શકે.

તેવી જ રીતે...

અંધકારભર્યા સંસારમાં જિનશાસનની પ્રાપ્તિ વગર ભટકતો જીવ ચોક્કસ દયાપાત્ર છે, **પરંતુ જિનશાસનની પ્રાપ્તિ બાદ પણ જો જીવ તેનાં રહસ્યજ્ઞાન વગરનો જ રહ્યો, તો તે વધારે દયાપાત્ર છે;**

કેમ કે દુઃખમય અને પાપમય સંસારમાંથી છૂટવા માત્ર જિનશાસન પ્રાપ્તિ પર્યાપ્ત નથી, પરંતુ તેની પ્રાપ્તિ બાદ શાસનનાં ઊંડાણભર્યાં રહસ્યોના જ્ઞાન દ્વારા શાસન પ્રત્યે અતૂટ બહુમાન અને સાધનામાર્ગનો દૃઢ સંકલ્પ જરૂરી છે. અન્યથા ભાગ્યે દીધેલ જિનશાસનનો લાભ તે વ્યક્તિ પૂર્ણતયા ઉઠાવી નહીં શકે.

**અમને ગૌરવ છે કે, જિનશાસનનાં આ જ રહસ્યોને ગીતાર્થગંગા સંસ્થા દ્વારા ૧૦૮ મુખ્ય અને અવાંતર ૧૦,૦૦૮થી અધિક વિષયોના માધ્યમે ઉજાગર કરાવવા અમે ભાગ્યશાળી થયા છીએ.**

અહીં દરેક વિષય સંબંધી ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં વેરાયેલાં રહસ્યમય શાસ્ત્રવચનોનું એકત્રીકરણ થાય છે. ત્યારબાદ તેમાં દેખાતા વિરોધાભાસોના નિરાકરણ સાથે પરસ્પર સંદર્ભ જોડવા દ્વારા તેમાં છુપાયેલાં રહસ્યોનો આવિષ્કાર કરવામાં આવે છે.

જો કે, આ રહસ્યો અસામાન્ય શક્તિશાળી સિવાયના લોકોને સીધાં પચતાં નથી; કેમ કે તે દુર્ગમ જિનશાસનના નિચોડરૂપ હોવાથી અતિ દુર્ગમ છે. તેથી અમારી સંસ્થાના માર્ગદર્શક પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.એ પ્રસ્તુત રહસ્યોને વ્યાખ્યાનો સ્વરૂપે સુગમ શૈલીમાં,

શાસ્ત્રીય અને આધુનિક દરેક પરિપ્રેક્ષ્યમાં પીરસ્યાં છે અને પીરસશે. જેમાંથી એક **ધર્મતીર્થ** વિષયક સંપૂર્ણ પ્રવચનો કુલ ચાર ભાગમાં પ્રગટ થઈ ચૂક્યા છે અને **પર્ષદા, દેશના** વિષયક પ્રવચનોનું સંકલન ચાલુ છે.

અલબત્ત, આ શૈલીની સુગમતાજન્ય લંબાણને કારણે અમુક વિષય સુધી વિવેચનની મર્યાદા બંધાઈ જાય છે, માટે શ્રીસંઘને પૂર્ણ લાભ મળે તે હેતુથી ત્યારબાદના વિષયો સંબંધી અખૂટ રહસ્યગર્ભિત શાસ્ત્રવચનોનો પરસ્પર અનુસંધાન સાથે સંગ્રહ પ્રગટ કરવામાં આવશે, જેને આજે Encyclopedia (વિશ્વકોષ) તરીકે ઓળખવામાં આવે છે.

તેમાં તે તે વિષય સંબંધી દૂરનો સંબંધ ધરાવતાં શાસ્ત્રવચનો પણ તે વિષયક રહસ્યજ્ઞાનમાં ઉપયોગી હોવાને કારણે સંગૃહીત થશે અને આ સંગ્રહરૂપ બીજ દ્વારા ભવિષ્યમાં સમગ્ર શ્રીસંઘને શાસનનાં રહસ્યજ્ઞાનની પ્રાપ્તિમાં તૈયાર સામગ્રી પૂરી પડશે.

'विद्वानेव विजानाति विद्वज्जनपरिश्रमम्' એ ઉક્તિ અનુસાર વિદ્વાનો દ્વારા થતું આ વિદ્વદ્ભોગ્ય અને અશ્રુતપૂર્વ કાર્ય ઘણા પુરુષાર્થ ઉપરાંત પુષ્કળ સામગ્રી અને સમય પણ માંગે છે.

બીજી બાજુ, શ્રી સંઘ તરફથી સ્વ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મ. સા., પ.પૂ. આ.ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મ. સા.નાં પ્રવચનો, પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતા કૃત શાસ્ત્રનાં વિવેચનો તથા અન્ય સાહિત્ય જે શાસનનાં રહસ્યો સુધી પહોંચવાની કડી સ્વરૂપ હોવાથી પ્રસિદ્ધ કરવાની માંગણીઓ પણ વારંવાર આવે છે.

જો કે, આ પ્રવૃત્તિ સંસ્થાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, છતાં વચગાળાના સમયમાં, મૂળ કાર્યને જરા પણ અટકાવ્યા વગર પ્રસ્તુત કાર્યને સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારીએ છીએ. તેના અન્વયે પ્રસ્તુત પુસ્તક પ્રકાશિત કરતાં આનંદ અનુભવાય છે.

ઉપરોક્ત દરેક કાર્યોને શ્રીસંઘ ખોબે-ખોબે સહર્ષ વધાવશે, અનુમોદશે અને સહાયક થશે તેવી અભિલાષા સહ...

'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
તા. ૧૩-૦૧-૨૦૧૮

**ગીતાર્થ ગંગાનું ટ્રસ્ટીગણ**
**અને શ્રુતભક્ત પરિવાર**

# અનુક્રમણિકા


| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| | **૩. ચૈત્યવંદનવિધિ પંચાશક** | |
| ૧-૨ | ચૈત્યવંદનના ત્રણ પ્રકાર | ૧-૮ |
| ૨ | કેટલાક ત્રણ સ્તુતિને માને છે તથા જિનપ્રતિમાને પણ ત્રણ પ્રદક્ષિણા આપી શકાય | ૩-૮ |
| ૩ | બીજી રીતે ચૈત્યવંદનના ત્રણ પ્રકાર | ૯-૧૨ |
| ૪ | અપુનર્બંધકનું લક્ષણ | ૧૨-૧૫ |
| ૫ | સમ્યગ્દષ્ટિનું લક્ષણ | ૧૫-૧૯ |
| ૬ | ચારિત્રીના લિંગો | ૧૯-૨૪ |
| ૭-૮ | માર્ગાભિમુખ વગેરેને અપ્રધાન દ્રવ્યવંદના હોય | ૨૪-૨૮ |
| ૯ | દ્રવ્ય-ભાવવંદનાના લક્ષણો | ૨૮-૩૨ |
| ૧૦ | દશત્રિકનું વર્ણન | ૩૨-૩૭ |
| ૧૧-૧૨ | ભાવવંદનાના લક્ષણોમાં ભાવની પ્રધાનતા | ૩૭-૪૨ |
| ૧૩ | ભાવિ અભ્યુદયવાળા જીવને જ વિધિમાં કાળજી હોય | ૪૨-૪૪ |
| ૧૪ | ચૈત્યવંદન મંત્રાદિથી ઉત્તમ છે | ૪૫-૪૬ |
| ૧૫ | ચૈત્યવંદનમાં વિધિની કાળજીથી આ લોકમાં પણ લાભ | ૪૭-૪૯ |
| ૧૬ | અન્ય ધર્મોમાં પણ ચૈત્યવંદનની મહત્તા | ૪૯-૫૨ |
| ૧૭ | કયા સૂત્રો કઈ મુદ્રાથી બોલાય | ૫૨-૫૫ |
| ૧૮ થી ૨૧ | મુદ્રાઓનું સ્વરૂપ | ૫૫-૬૧ |
| ૨૨ | ક્રિયા આદિ પાંચમાં ઉપયોગની આવશ્યકતા તથા ક્રિયા આદિ પાંચેમાં ઉપયોગ રાખી શકાય તેની સિદ્ધિ | ૬૧-૬૫ |
| ૨૩ થી ૨૫ | વિધિની કાળજી રાખવાનું કારણ | ૬૫-૭૧ |
| ૨૬ | જિજ્ઞાસા શુદ્ધ ચૈત્યવંદનનું લક્ષણ છે | ૭૧-૭૪ |
| ૨૭ | મોક્ષના કારણોની (ધર્મની) પ્રાપ્તિના સાધનો તથા કેવા જીવોને શુદ્ધ વંદનાની પ્રાપ્તિ થાય | ૭૪-૭૭ |
| ૨૮ થી ૩૦ | ત્રણ કરણ, ગ્રંથિ, ગ્રંથિદેશ વગેરેનું વિસ્તૃત વર્ણન | ૭૭-૮૪ |
| ૩૧ | શુદ્ધવંદના જ મોક્ષનું કારણ છે | ૮૪-૮૭ |

| ગાથા નં. | વિષય | પાના નં. |
|---|---|---|
| ૩૨-૩૩ | અનંતવાર કરેલું ચૈત્યવંદન અશુદ્ધ હતું | ૮૭-૯૧ |
| ૩૪ થી ૪૬ | રૂપિયાના દૃષ્ટાંતથી શુદ્ધ-અશુદ્ધ વંદનની વિચારણા | ૯૨-૧૨૪ |
| ૪૭ | આસન્નભવ્યો જ ત્રીજા-ચોથા પ્રકારની વંદના પામે | ૧૨૪-૧૨૬ |
| ૪૮ | આસન્નભવ્ય જીવના લક્ષણો | ૧૨૬-૧૨૮ |
| ૪૯ | વિધિપાલન માટે ગીતાર્થોને ઉપદેશ | ૧૨૯-૧૩૩ |
| ૫૦ | ચૈત્યવંદનની વિધિ યોગ્યને જ બતાવવો જોઈએ તથા ચૈત્યવંદનમાં 'નમુત્થુણં'થી અધિક સૂત્રો બોલી શકાય | ૧૩૩-૧૪૦ |
| | **૪. પૂજાવિધિ પંચાશક** | |
| ૧ થી ૩ | પૂજાવિધિ કહેવાનું પ્રયોજન | ૧૪૧-૧૪૬ |
| ૪ થી ૮ | કાલ દ્વાર તથા પૂજાના અભિગ્રહનું મહત્ત્વ | ૧૪૬-૧૫૭ |
| ૯ થી ૧૩ | શુચિ દ્વાર | ૧૫૭-૧૭૦ |
| ૧૦ | સ્નાનાદિ બિલકુલ નિર્દોષ નથી - પૂર્વપક્ષ | ૧૫૯-૧૬૪ |
| ૧૧-૧૨ | સ્નાનાદિમાં યતના | ૧૬૪-૧૬૯ |
| ૧૩ | ભાવશુદ્ધિ ન રાખવાથી થતા દોષો | ૧૬૯-૧૭૦ |
| ૧૪ થી ૧૮ | પૂજા સામગ્રી દ્વાર | ૧૭૦-૧૮૦ |
| ૧૬ | ઉત્તમ દ્રવ્યોથી પૂજા કરવાનું કારણ | ૧૭૪-૧૭૬ |
| ૧૯ થી ૨૨ | વિધિ દ્વાર | ૧૮૦-૧૮૮ |
| ૨૩ થી ૨૮ | સ્તુતિ-સ્તોત્ર દ્વાર | ૧૮૮-૨૦૦ |
| ૨૯ થી ૪૦ | પ્રણિધાન પ્રકરણ | ૨૦૦-૨૨૮ |
| ૪૧ થી ૪૩ | પૂજાનિર્દોષતા પ્રકરણ | ૨૨૮-૨૩૭ |
| ૪૪ ત્થી ૪૬ | પૂજ્યને લાભ ન થાય તો પણ પૂજકને લાભ થાય | ૨૩૭-૨૪૩ |
| ૪૭-૪૮ | પૂજાથી થતા લાભો | ૨૪૩-૨૪૭ |
| ૪૯ | પૂજા કરવાની માત્ર ભાવનાથી લાભ - વૃદ્ધાનું દૃષ્ટાંત | ૨૪૭-૨૫૧ |
| ૫૦ | પૂજાવિધિ પ્રકરણનો ઉપસંહાર | ૨૫૧-૨૫૪ |

ॐ ह्रीँ अर्हं नमः ।
ॐ ह्रीँ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ।
ऐँ नमः ।

યાકિનીમહત્તરાસૂનુ પૂર્વધરાસન્ન શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત
નવાંગીટીકાકારશ્રી આચાર્યદેવ શ્રીમદ્ અભયદેવસૂરીશ્વરજી મહારાજા કૃત ટીકા સમન્વિત

# પંચાશક પ્રકરણ

## શબ્દશઃ વિવેચન

## પંચાશક-૩, ૪ ❖ ભાગ-૨

## તૃતીય ચૈત્યવંદનવિધિ પ્રકરણ પંચાશક

।। अथ तृतीयपञ्चाशकवृत्तिः ।।

**અવતરણિકા :-**

प्राक्तनप्रकरणे जिनदीक्षाविधिरुक्तः, प्रतिपन्नदीक्षेण च जिनचैत्यवन्दनमनुष्ठेयमतस्तद्विधिं निरूपयन्मङ्गलादिप्रतिपादनायाह –

**અવતરણિકાર્થ :-**

પૂર્વના પ્રકરણમાં જિનદીક્ષાની વિધિ કહેવાઈ અને સ્વીકારેલ દીક્ષાવાળા શ્રાવક વડે જિનચૈત્યવંદન અનુષ્ઠેય છે. આથી તેની વિધિને=ચૈત્યવંદનની વિધિને, બતાવતાં મંગલાદિ પ્રતિપાદન માટે કહે છે –

**ગાથા :-**

नमिऊण वद्धमाणं सम्मं वोच्छामि वंदणविहाणं ।
उक्कोसाइतिभेयं मुद्दाविण्णासपरिसुद्धं ।।३/१।।

**છાયા :-**

नत्वा वर्धमानं सम्यग् वक्ष्यामि वन्दनविधानम् ।
उत्कृष्टादित्रिभेदं मुद्राविन्यासपरिशुद्धम् ।।३/१।।

**અન્વયાર્થ :-**

वद्धमाणं=વર્ધમાનસ્વામીને, सम्मं=સમ્યક્, नमिऊण=નમસ્કાર કરીને, उक्कोसाइतिभेयं=ઉત્કૃષ્ટ આદિ ત્રણ ભેદવાળા, मुद्दाविण्णासपरिसुद्धं=મુદ્રાવિન્યાસ આદિ પરિશુદ્ધ, वंदणविहाणं=વંદનવિધાનને, वोच्छामि= હું કહીશ. ।।૩/૧।।

**ગાથાર્થ :-**

**વર્ધમાનસ્વામીને સમ્યક્ નમસ્કાર કરીને ઉત્કૃષ્ટ આદિ ત્રણ ભેદવાળા મુદ્રાવિન્યાસ આદિ પરિશુદ્ધ વંદનવિધાનને હું કહીશ. ।।૩/૧।।**

**ટીકા :-**

व्याख्या—'नमिऊणे'त्यादि । नत्वा वर्धमानं सम्यग्=भावतः, अथवा सम्यगिति वक्ष्यामीत्यस्याः क्रियाया विशेषणम्, वक्ष्यामि=भणिष्यामि, वन्दने=जिनचैत्यवन्दने, विधानं=विधिं, वन्दनविधानम्, किंभूतं तद् ? इत्याह — उत्कर्षः=उत्कृष्टता, आदिर्येषां ते तथा, आदिशब्दान्मध्यमजघन्यतापरिग्रहः, ते उत्कर्षादयस्त्रयो भेदाः=विशेषाः, यस्य तदुत्कर्षादित्रिभेदम्, इह च वक्ष्यमाणन्यायेन वन्दनस्य त्रिविधत्वेऽपि यदुक्तं वन्दनविधानमुत्कर्षादित्रिभेदं तद्वन्दनस्य तद्विधेश्चाभेदविवक्षयेति, तथा मुद्राणाम्=अङ्गविन्यासविशेषलक्षणानां, विन्यासो=विधानं, तेन यत्परिशुद्धं=निर्दूषणं, तत्तथा । इति गाथार्थः ।।३/१।।

**ટીકાર્થ :-**

नत्वा ..... गाथार्थः ।। 'नमिऊणेत्यादि' પ્રતીક છે. સમ્યગ્=ભાવથી=ભગવાનના પારમાર્થિક ગુણોના સ્મરણથી, વર્ધમાનસ્વામીને નમસ્કાર કરીને હું કહીશ, એમ અન્વય છે. અથવા સમ્યગ્ એ 'वक्ष्यामि' એ પ્રકારની ક્રિયાનું વિશેષણ છે. વંદનના=જિનચૈત્યવંદનના, વિધાનને=વિધિને, અર્થાત્ વંદનવિધાનને હું કહીશ.

કેવા પ્રકારનું તે=વંદનવિધાન, છે ? એથી કહે છે —

ઉત્કર્ષ=ઉત્કૃષ્ટતા, આદિ છે જેઓને તે તેવા છે=ઉત્કૃષ્ટાદિવાળા છે. આદિ શબ્દથી મધ્યમતાનું (અને) જઘન્યતાનું ગ્રહણ છે, તે ઉત્કર્ષાદિ ત્રણ ભેદો=વિશેષો, છે જેના તે ઉત્કર્ષાદિ ત્રિભેદવાળું વંદનવિધાન છે અને અહીં વક્ષ્યમાણ ન્યાયથી વંદનનું ત્રિવિધપણું હોવા છતાં જે વંદનવિધાન

**ઉત્કર્ષાદિ ત્રિભેદવાળું કહેવાયું તે વંદન અને તેની વિધિની અભેદ વિવક્ષાથી છે અને મુદ્રાઓનો= અંગવિન્યાસવિશેષ લક્ષણ એવી મુદ્રાઓનો, વિન્યાસ=વિધાન, તેનાથી જે પરિશુદ્ધ=નિર્દૂષણ, એવું તે તેવું છે=મુદ્રાવિન્યાસપરિશુદ્ધ વંદનવિધાન છે, તેને હું કહીશ એમ અન્વય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૧।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી ભગવાનના પારમાર્થિક ગુણોના સ્મરણપૂર્વક ભગવાનને નમસ્કાર કરે છે, જેથી ભગવાનના ગુણોથી વાસિત થયેલું ચિત્ત વીતરાગના વચનની પ્રરૂપણામાં આગમને પરતંત્ર થઈને ચૈત્યવંદનનું કથન કરતી વખતે ભગવાનના વચનથી અન્યથા પ્રરૂપણા ન થાય તેવા માર્ગાનુસારી ક્ષયોપશમમાં ઉપયુક્ત થઈને ગ્રંથરચના કરવા સમર્થ બને.

વળી, ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે કે ચૈત્યવંદન વિષયક જે મુદ્રાની વિધિ છે, તેનાથી પરિશુદ્ધ અને જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટાદિ ત્રણ ભેદવાળી વંદનવિધિને હું કહીશ. તેથી એ ફલિત થાય કે ભગવાનના વંદનની વિધિ પણ શાસ્ત્રાનુસારી કરવામાં આવે તો જ ઇષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે. તેથી ગ્રંથકારશ્રી પ્રસ્તુત તૃતીય પંચાશકમાં તે વંદનવિધિનો બોધ કરાવવા અર્થે કથન કરશે. **।।૩/૧।।**

**અવતરણિકા :-**

**उत्कर्षादित्रिभेदमित्युक्तमथ तानेव भेदान् दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**ઉત્કર્ષાદિ ત્રણ ભેદવાળું એ પ્રમાણે કહેવાયું. હવે તેને જ=ચૈત્યવંદનના ઉકર્ષાદિ ત્રણ ભેદોને જ, બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**णवकारेण जहण्णा दंडगथुइजुयल मज्झिमा णेया ।**
**संपुण्णा उक्कोसा विहिणा खलु वंदणा तिविहा ।।३/२।।**

**છાયા :-**

**नवकारेण जघन्या दण्डकस्तुतियुगलमध्यमा ज्ञेया ।**
**सम्पूर्णा उत्कृष्टविधिना खलु वन्दना त्रिविधा ।।३/२।।**

**અન્વયાર્થ :-**

**णवकारेण=નવકારથી, जहण्णा=જઘન્ય, दंडगथुइजुयल=દંડગસ્તુતિયુગલથી, मज्झिमा=મધ્યમ, उक्कोसा= ઉત્કૃષ્ટ, विहिणा=વિધિથી, संपुण्णा=સંપૂર્ણ, खलु=ખરેખર, तिविहा=ત્રણ પ્રકારની, वंदणा=વંદના, णेया=જાણવી. ।।૩/૨।।**

**ગાથાર્થ :-**

**નવકારથી જઘન્ય, દંડગસ્તુતિયુગલથી મધ્યમ, ઉત્કૃષ્ટ વિધિથી સંપૂર્ણ ખરેખર ત્રણ પ્રકારની વંદના જાણવી. ॥૩/૨॥**

**ટીકા :-**

**व्याख्या—'णवकारे'त्यादि । नमस्कारेण —**

'सिद्धमरूवमणिंदियमक्कियमणवज्जमच्चुयं वीरं ।
पणमामि सयलतिहुयणमत्थयचूडामणिं सिरसा ।।१।।' ()

**इत्यादिपाठपूर्वकनमस्क्रियालक्षणेन करणभूतेन क्रियमाणा जघन्या=स्वल्पा, पाठक्रिययोरल्पत्वाद्वन्दना भवतीति गम्यम्, उत्कर्षादित्रिभेदमित्युक्त्वाऽपि जघन्यायाः प्रथममभिधानं तदादिशब्दस्य प्रकारार्थत्वान्न दुष्टम्, तथा दण्डकश्च='अरहंतचेइयाणं' इत्यादि स्तुतिश्च, प्रतीता तयोर्युगलं=युग्ममेते एव वा युगलं, दण्डकस्तुतियुगलम्, इह च प्राकृतत्वेन प्रथमैकवचनस्य तृतीयैकवचनस्य वा लोपो द्रष्टव्यः, मध्यमा=अजघन्योत्कृष्टा पाठक्रिययोस्तथाविधत्वात्, एतच्च व्याख्यानमिमां कल्पगाथामुपजीव्य कुर्वन्ति ।**

**तद्यथा —**

'निस्स(कड)मनिस्सकडे वा वि चेइए सव्वहिं थुई तिण्णि ।
वेलं व चेइयाणि व नाउं एक्किक्किया वा वि ।।१।।' **[बृहत्कल्प-१८०४]**

**यतो दण्डकावसाने एका स्तुतिर्दीयत इति दण्डकस्तुतिरूपं युगलं भवति ।**

**ટીકાર્થ :-**

**नमस्कारेण ..... भवति ।। 'णवकारेत्यादि' પ્રતીક છે.**

"સિદ્ધ, અરૂપ, અતીન્દ્રિય, અક્રિય, અનવદ્ય, અચ્યુત, સકલ ત્રિભુવનના મસ્તકના ચૂડામણિ એવા વીર ભગવાનને મસ્તકથી હું નમસ્કાર કરું છું." **॥૧॥ ()**

**ઇત્યાદિ પાઠપૂર્વક નમસ્કાર ક્રિયાલક્ષણ કરણભૂત એવા નમસ્કારથી કરાતી વંદના જઘન્ય છે=સ્વલ્પ છે; કેમ કે પાઠ અને ક્રિયાનું સ્વલ્પપણું છે. ગાથામાં જઘન્ય પછી વંદના થાય છે, એ અધ્યાહાર છે. ઉત્કર્ષાદિ ત્રિભેદ એ પ્રમાણે કહીને પણ=ગાથા-૧માં ઉત્કર્ષાદિ ત્રણ ભેદને હું કહીશ એ પ્રમાણે કહીને પણ, જઘન્યવંદનાનું પ્રથમ અભિધાન તેના આદિ શબ્દનું પ્રકારાર્થકપણું હોવાથી દુષ્ટપણું નથી અર્થાત્ ઉત્કર્ષ છે આદિમાં જેને તેવી જઘન્ય વંદનાને કહીશ એ પ્રકારનું અર્થપણું હોવાથી જઘન્ય વંદનાની પ્રાપ્તિ છે એથી દુષ્ટ નથી અને અરિહંત ચેઈયાણં ઇત્યાદિ દંડક અને પ્રતીત એવી સ્તુતિ, તે બેનું યુગલ અથવા આ જ યુગલ દંડકસ્તુતિયુગલ અને અહીં પ્રાકૃતપણાને કારણે પ્રથમા**

**એકવચનનો અથવા તૃતીયા એકવચનનો લોપ જાણવો=દંડગસ્તુતિયુગલરૂપ મધ્યમા જાણવી, એ-રૂપ પ્રથમા એકવચનનો લોપ જાણવો અથવા દંડકસ્તુતિયુગલથી મધ્યમા જાણવી, એ રૂપ તૃતીયા એકવચનનો લોપ જાણવો. મધ્યમા=અજઘન્યઉત્કૃષ્ટ, વંદના જાણવી; કેમ કે પાઠ અને ક્રિયાનું તથાવિધપણું છે=મધ્યમપણું છે અને આ વ્યાખ્યાન=મધ્યમ ચૈત્યવંદનાનું અત્યારસુધી કર્યું એ વ્યાખ્યાન, આ કલ્પભાષ્યને આશ્રયીને કરેલ છે. તે આ પ્રમાણે –**

"નિશ્રાકૃત અથવા અનિશ્રાકૃત સર્વ પણ ચૈત્યોમાં ત્રણ સ્તુતિથી ચૈત્યવંદન કરવું જોઈએ. સમયને અને ચૈત્યોને જાણીને એક એક સ્તુતિ પણ અપાય છે. ।।૧।।" **(બૃહત્કલ્પ૦ ગાથા-૧૮૦૪)**

**જે કારણથી દંડકના અવસાનમાં=અરિહંત ચેઈયાણં દંડકના અવસાનમાં, એક સ્તુતિ અપાય છે, એ દંડકસ્તુતિરૂપ યુગલ થાય છે.**

**ભાવાર્થ :-**

વંદન એ વંદનીયના ગુણોનું સ્મરણ કરીને વંદનીયના ગુણોને અભિમુખ જવાની ક્રિયા સ્વરૂપ છે.

ત્રણ પ્રકારની વંદનામાંથી જઘન્ય વંદના દૃઢ પ્રણિધાનપૂર્વક ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક ભગવાનને અભિમુખ જવા અર્થે કરાતી નમસ્કારની ક્રિયા સ્વરૂપ છે. ટીકાકારશ્રીએ બતાવેલ સ્તુતિ પ્રમાણે વીર ભગવાનને નમસ્કાર કરવા અર્થે વીર ભગવાન કેવા છે ? તે સ્વરૂપે તેમને ઉપસ્થિત કરીને મસ્તકથી તેમને નમસ્કાર કરવામાં આવે ત્યારે તેવા સ્વરૂપવાળા વીર પરમાત્માના ઉપયોગથી ચિત્ત રંજિત બને છે, તે જઘન્ય વંદના છે; કેમ કે સ્તુતિરૂપ પાઠક્રિયા અલ્પ છે અને મસ્તકથી નમસ્કાર કરવાની ક્રિયા અલ્પ છે, તેથી તે જઘન્ય વંદના કહેવાય છે.

વળી, અરિહંત ચેઈયાણં સૂત્ર બોલીને વિશિષ્ટ પ્રકારનું પ્રણિધાન કરવામાં આવે છે અર્થાત્ 'વંદન, પૂજન, સત્કાર, સન્માન દ્વારા જે ફળ મળે, તે ફલ પ્રસ્તુત કાયોત્સર્ગ દ્વારા મને પ્રાપ્ત થાઓ' ઇત્યાદિના પ્રણિધાનપૂર્વક એક નમસ્કારનો કાયોત્સર્ગ કરવામાં આવે છે. જે અરિહંત ચૈત્યના વંદનાદિના ફલના પ્રયોજનથી નમસ્કારના સ્મરણમાં પ્રણિધાન કરાય છે અને ત્યારપછી એક સ્તુતિ બોલાય છે, તે મધ્યમ ચૈત્યવંદન છે; કેમ કે દંડક અને સ્તુતિરૂપ પાઠક્રિયા મધ્યમ છે.

આ પ્રકારનો અર્થ કલ્પભાષ્યની ગાથાને આશ્રયીને કહેલ છે; કેમ કે કલ્પભાષ્યમાં કહ્યું છે કે નિશ્રાકૃત અને અનિશ્રાકૃત સર્વ ચૈત્યોમાં ત્રણ સ્તુતિથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરવું જોઈએ અને વેલા અલ્પ હોય અને ચૈત્યો ઘણાં હોય તેને જાણીને એકેક ક્રિયા પણ કરવી જોઈએ અર્થાત્ એક સ્તુતિથી જઘન્ય વંદના કરવી જોઈએ અને અપિથી દંડક તથા સ્તુતિયુગલથી મધ્યમ વંદના કરવી જોઈએ. આનાથી નક્કી થાય છે કે સંયોગને અનુસાર જઘન્ય વંદના પણ ઇષ્ટ છે અને મધ્યમ વંદના પણ ઇષ્ટ છે. ફક્ત ત્વરાપૂર્વક અને અપ્રણિધાનપૂર્વક યથાતથા વંદના ઇષ્ટ નથી, પરંતુ કાલમર્યાદા અલ્પ હોય અને અનેક ચૈત્યોને વંદન કરવાનો પ્રસંગ હોય તોપણ એક સ્તુતિ દ્વારા પણ ભગવાનના ગુણોને અભિમુખ ચિત્ત ગમન કરે, એ પ્રકારે જ વિવેકપૂર્વક વંદન કરવું જોઈએ. માત્ર સંખ્યાની ગણના કરીને યથાતથા સર્વ ચૈત્યોની વંદના કરવી ઇષ્ટ નથી.

**ટીકા :-**

**अन्ये त्वाहुः — दण्डकैः=शक्रस्तवादिभिः पञ्चभिः, स्तुतियुगलेन च=समयभाषया स्तुतिचतुष्टयेन च रूढेन, मध्यमा ज्ञेया=बोद्धव्या, तथा संपूर्णा=परिपूर्णा, सा च प्रसिद्धदण्डकैः पञ्चभिः स्तुतित्रयेण प्रणिधानपाठेन च भवति, चतुर्थस्तुतिः किलार्वाचीनेति, किमित्याह — उत्कृष्यत इत्युत्कर्षा उत्कृष्टा ।**

**इदं च व्याख्यानमेके —**

'तिण्णि वा कड्ढई जाव थुईओ तिसिलोगिया ।

ताव तत्थ अणुण्णायं कारणेण परेण वि ।।१।।' **[व्यवहारभाष्य-उद्देश-९ गाथा-७३]**

**इत्येतां कल्पभाष्यगाथाम्, 'पणिहाणं मुत्तसुत्तीए' इति च वचनमाश्रित्य कुर्वन्ति ।**

**ટીકાર્થ :-**

**अन्ये ..... कुर्वन्ति । વળી, અન્ય કહે છે — દંડકો વડે=શક્રસ્તવ આદિ પાંચ વડે અને સ્તુતિયુગલ વડે=શાસ્ત્રીય ભાષાથી રૂઢ એવી સ્તુતિ ચતુષ્ટયથી, મધ્યમ જાણવી અને સંપૂર્ણ=પરિપૂર્ણ=ઉત્કૃષ્ટ, એવી તે જ=ઉત્કૃષ્ટ ચૈત્યવંદના જ પ્રસિદ્ધ પાંચ દંડક વડે, સ્તુતિત્રય વડે અને પ્રણિધાન પાઠથી થાય છે અને ચોથી સ્તુતિ ખરેખર અર્વાચીન છે. सा च માં રહેલ 'च' શબ્દ एवकार અર્થમાં છે.**

**સંપૂર્ણ શું થાય છે ? એથી કહે છે —**

**ઉત્કર્ષ કરાય છે એ ઉત્કૃષ્ટ ચૈત્યવંદના થાય છે અને આ વ્યાખ્યાન એક આચાર્ય ''तिण्णि वा'' એ પ્રકારની કલ્પભાષ્યની ગાથાને આશ્રયીને કરે છે. તે ગાથાનો અર્થ આ પ્રમાણે છે —**

"અથવા ત્રણ સ્તુતિ જ્યાં સુધી કહે, ત્રણ શ્લોકોક્તિ=સિદ્ધાણં બુદ્ધાણંની ત્રણ ગાથા, બોલે ત્યાં સુધી ત્યાં=ચૈત્યમાં, અનુજ્ઞાત છે=સાધુને રહેવાની અનુજ્ઞા છે. કારણથી પર વડે પણ=વધુ કાળ વડે પણ, અનુજ્ઞાત છે. ।।૧।।" **(વ્યવહારભાષ્ય૦ ઉદ્દેશ-૯, ગાથા-૭૩)**

**આ પ્રકારની કલ્પભાષ્યગાથાને અને 'પ્રણિધાન મુક્તાશુક્તિથી' એ પ્રકારના વચનને આશ્રયીને કરે છે=ઉત્કર્ષ ચૈત્યવંદનાનું વ્યાખ્યાન એક આચાર્ય કરે છે.**

**ભાવાર્થ :-**

પૂર્વમાં જઘન્ય વંદના બતાવ્યા પછી એક મતાનુસાર અરિહંત ચેઈયાણં અને એક સ્તુતિ દ્વારા મધ્યમ ચૈત્યવંદન બતાવ્યું તથા તે મધ્યમ ચૈત્યવંદન નિશ્રાકૃત ઇત્યાદિ કલ્પભાષ્યના બળથી છે, તેમ બતાવ્યું. હવે મધ્યમ ચૈત્યવંદનના વિષયમાં અન્ય શું કહે છે ? તે બતાવતાં કહે છે —

કોઈ મહાત્મા શક્રસ્તવાદિ પાંચ દંડકો વડે અને શાસ્ત્રમર્યાદાનુસાર ચાર સ્તુતિ વડે ચૈત્યવંદન કરે તે

મધ્યમ જાણવું. તેથી એ પ્રાપ્ત થાય કે શક્રસ્તવ, અરિહંત ચેઈયાણં, લોગસ્સ, પુક્ખરવર, સિદ્ધાણં બુદ્ધાણં એ પાંચ દંડક સહિત ચાર સ્તુતિઓથી ચૈત્યવંદન કરે તે મધ્યમ ચૈત્યવંદન કહેવાય. તે મતાનુસાર એક સ્તુતિથી અથવા એક સ્તુતિ અને અરિહંત ચેઈયાણંથી કરાતું ચૈત્યવંદન જઘન્ય પ્રાપ્ત થાય.

વળી, આ બીજા મતાનુસાર ચાર સ્તુતિઓ કહીને જયવીયરાય રૂપ પ્રણિધાનનો પાઠ કરવામાં આવે તો ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે, તેમાં પૂર્વે ત્રણ સ્તુતિઓ બોલાતી હતી અને ચોથી સ્તુતિ પાછળથી બોલાતી થઈ, તેથી અર્વાચીન છે જે આચાર્યોને સંમત છે. આ ચોથી સ્તુતિને હરિભદ્રસૂરિએ પણ સમર્થન કરેલ છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટ ચૈત્યવંદનને સ્વીકારનારા આચાર્યો કલ્પભાષ્યની ગાથા અને મુક્તાશુક્તિથી પ્રણિધાન કરવું જોઈએ, એ પ્રકારના વચનને આશ્રયીને કહે છે.

અહીં કલ્પભાષ્યમાં ઉત્કૃષ્ટ ચૈત્યવંદન સાધુને આશ્રયીને કહ્યું છે. જ્યાં સુધી ત્રણ થોય બોલે અર્થાત્ સિદ્ધાણં બુદ્ધાણંની ત્રણ ગાથા બોલે, ત્યાં સુધી સાધુને જિનાલયમાં રહેવાનું અનુજ્ઞાત છે. એથી સિદ્ધ થાય કે પૂર્વમાં ત્રણ થોય હતી. વળી, સિદ્ધાણં બુદ્ધાણંના ત્રણ શ્લોક સુધી ચૈત્યવંદન કરાતું હતું અને તેમાં ચોથી થોય અર્વાચીન છે. તેને ગ્રહણ કરીને મુક્તાશુક્તિથી પ્રણિધાન કરવું જોઈએ. તે પ્રકારનું શાસ્ત્રવચન છે, તેને આશ્રયીને અન્ય આચાર્યો ઉત્કૃષ્ટ ચૈત્યવંદનનું સ્વરૂપ બતાવે છે.

તેથી એ ફલિત થાય કે શક્તિ અનુસાર દૃઢ પ્રણિધાનપૂર્વક ઉત્કૃષ્ટ ચૈત્યવંદન જ કરવું જોઈએ કે જેથી સર્વ પ્રકારે વંદનનું ફળ મળે. કોઈ કારણસર ત્વરા હોય તો પૂર્વમાં બતાવેલ મધ્યમ ચૈત્યવંદન કરવું જોઈએ અને અતિત્વરા હોય તો જઘન્ય ચૈત્યવંદન પણ કરવું જોઈએ. વળી, ચૈત્યવંદનભાષ્યથી પણ આ જ અર્થ પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે નમસ્કારથી જઘન્ય ચૈત્યવંદન થાય અને સ્તુતિયુગલથી મધ્યમ ચૈત્યવંદન થાય. દંડક, ચાર થોય, સ્તવન અને પ્રણિધાનથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન થાય છે.

**ટીકા :-**

**अपरे त्वाहुः – पञ्चशक्रस्तवपाठोपेता संपूर्णेति, विधिना=पञ्चविधाभिगमप्रदक्षिणात्रयपूजादिलक्षणेन विधानेन, खलुर्वाक्यालङ्कारेऽवधारणे वा, तत्प्रयोगं च दर्शयिष्यामः, वन्दना=चैत्यवन्दना, त्रिविधा=त्रिभिः प्रकारैरेव भवतीति, इह केचिदाहुः – प्रदक्षिणात्रयं भावार्हत एव वाचनाग्रन्थेषु दृश्यते, न चैत्यानाम् अतस्तेषां न विधेयमिति । अत्रोच्यते – यद्यपि तत्तेषां न दृश्यते तथाऽपि जीवाभिगमवृत्तौ विजयदेववक्तव्यतायां हरिभद्राचार्येण दर्शितम् अतस्तत्प्रणीतेऽत्र प्रकरणे तत्प्रकाशितमस्माभिः, किञ्च शक्रस्तवपाठः पञ्चविधाभिगमश्च भावार्हत्प्रतिपत्तिः, सा च यथा चैत्येषु भावार्हत्त्वमारोप्य विधीयते तथा प्रदक्षिणात्रयमपि विधेयम्, अन्यथा चैत्याश्रयेण पञ्चविधाभिगमस्याप्यनभिहितत्वेन न विधेयता स्यात् विधीयते चासाविति । तथा दीक्षादानावसरे चतुर्मासकादिपर्वदिनेषु च चैत्यानां तद्विदधानाः कथमन्यत्र तन्निषेद्धुमर्हन्तीति गाथार्थः ।।३/२।।**

**ટીકાર્થ :-**

**अपरे ..... गाथार्थः ।। વળી, બીજા કહે છે – પાંચ શક્રસ્તવ પાઠથી યુક્ત સંપૂર્ણ ચૈત્યવંદન છે. વિધિથી=પાંચ પ્રકારના અભિગમ-પ્રદક્ષિણાત્રય-પૂજાદિલક્ષણ વિધાનથી. 'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે અથવા અવધારણમાં છે અને તેનો પ્રયોગ=એવકારનો પ્રયોગ, અમે બતાવીશું. વંદના=ચૈત્યવંદના, ત્રણ પ્રકારે=ત્રણ પ્રકારે જ થાય છે.**

**અહીં=વિધિના વિષયમાં, કેટલાક કહે છે – પ્રદક્ષિણાત્રય ભાવઅરિહંતને જ વાચનાગ્રંથોમાં દેખાય છે, ચૈત્યોને નહીં. આથી તેઓને=પ્રદક્ષિણાત્રયને, કરવી જોઈએ નહિ.**

**અહીં કહેવાય છે=પૂર્વપક્ષની શંકામાં ઉત્તર અપાય છે –**

**જોકે તે=પ્રદક્ષિણાત્રય, ચૈત્યોને દેખાતી નથી તોપણ જીવાજીવાભિગમસૂત્રની વૃત્તિમાં વિજય-દેવની વક્તવ્યતામાં હરિભદ્રાચાર્ય વડે બતાવાયું છે. આથી તેમનાથી પ્રણીત=રચિત, આ પ્રકરણમાં=હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વડે કરાયેલા આ પ્રકરણમાં, અમારા વડે તે પ્રકાશિત કરાયું છે. વળી, શક્રસ્તવ અને પાંચ પ્રકારના અભિગમ ભાવઅરિહંતની પ્રતિપત્તિ છે અને તે=ભાવઅરિહંતની પ્રતિ-પત્તિ, જે પ્રમાણે ચૈત્યોમાં ભાવઅરિહંતત્વનો આરોપ કરીને કરાય છે, તે પ્રમાણે પ્રદક્ષિણાત્રય પણ કરવી જોઈએ. અન્યથા ચૈત્યના આશ્રયણથી=જિનપ્રતિમાના આશ્રયણથી, પાંચ પ્રકારના અભિગમનું પણ અનભિહિતપણું હોવાથી વિધેયતા થાય નહીં અને આ=પાંચ પ્રકારના અભિગમો, કરાય છે. તથા દીક્ષાદાનના અવસરમાં અને ચાતુર્માસિક પર્વદિવસોમાં ચૈત્યોના તેને કરનારા=પ્રદક્ષિણાત્રયને કરનારા, કેવી રીતે અન્યત્ર=જિનચૈત્યમાં, તેનો નિષેધ કરવા માટે યોગ્ય થાય ?, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૨॥**

**ભાવાર્થ :-**

વળી, અન્ય આચાર્યો ઉત્કૃષ્ટ ચૈત્યવંદન પાંચ શક્રસ્તવથી દેખાડે છે, જે વર્તમાનમાં કરાતા દેવવંદન સ્વરૂપ છે અને તે મતાનુસાર અન્ય ચૈત્યવંદન મધ્યમ ચૈત્યવંદનમાં અંતર્ભાવ પામે. તેથી બીજા પ્રકારમાં જે ચાર થોય અને પાંચ શક્રસ્તવાદિથી જે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કહેલ, તે પણ મધ્યમ ચૈત્યવંદનમાં ગ્રહણ થાય. આ પ્રકારે ભિન્ન ભિન્ન નયદૃષ્ટિઓથી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ચૈત્યવંદનના વિભાગો છે. વસ્તુતઃ ભાવના પ્રકર્ષ અર્થે સ્તુતિમાં પુનઃ પુનઃ કરણ દોષરૂપ નથી. તેથી એક વખત ચાર થોયનું ચૈત્યવંદન કર્યા પછી ફરી અન્ય રીતે ચાર થોયનું ચૈત્યવંદન કરાય છે. શક્રસ્તવ એ ભગવાનના પારમાર્થિક સ્વરૂપને કહેનાર સ્તોત્ર છે. તેથી ભાવના પ્રકર્ષ અર્થે પાંચ વખત શક્રસ્તવ કરાય છે. જેના દ્વારા ઉત્કૃષ્ટ ચૈત્યવંદનની પ્રાપ્તિ છે. આ સર્વ ક્રિયામાં દૃઢ પ્રણિધાન, ચિત્તની સ્થિરતા આદિને અવલંબીને જે ઉચિત ચૈત્યવંદન થાય તે કર્તવ્ય છે; કેમ કે ભગવાનના ગુણોને સ્પર્શનાર ઉપયોગની તીક્ષ્ણતા જ નિર્જરા પ્રત્યે પ્રબળ કારણ છે. **॥૩/૨॥**

**અવતરણિકા :-**

अथ प्रकारान्तरेण वन्दनायास्त्रैविध्यमाह –

**અવતરણિકાર્થ :-**

હવે પ્રકારાંતરથી વંદનાના ત્રૈવિધ્યને કહે છે=પૂર્વમાં આચરણા દ્વારા વંદનાના ત્રૈવિધ્યને કહ્યું હવે ભાવને આશ્રયીને વંદનાના ત્રૈવિધ્યને કહે છે –

**ગાથા :-**

**अहवा वि भावभेया ओघेण अपुणबंधगाईण ।**
**सव्वा वि तिहा णेया सेसाणमिमी ण जं समए ।।३/३।।**

**છાયા :-**

अथवाऽपि भावभेदाद् ओघेन अपुनर्बन्धकादीनाम् ।
सर्वाऽपि त्रिधा ज्ञेया शेषाणामियं न यत् समये ।।३/३।।

**અન્વયાર્થ :-**

अहवा=અથવા, भावभेया=ભાવના ભેદથી, वि=પણ, ओघेण=સામાન્યથી, अपुणबंधगाईण=અપુનર્બંધક આદિને, सव्वा वि=સર્વ પણ=નમસ્કારાદિ ક્રિયા પણ, तिहा=ત્રણ પ્રકારની, णेया=જાણવી. जं=જે કારણથી, समए=શાસ્ત્રમાં, सेसाणं=શેષોને=અપુનર્બંધક સિવાયના જીવોને, (ભાવના ભેદથી) इमी=આ=વંદના, ण=નથી=કહેવાઈ નથી. ।।૩/૩।।

**ગાથાર્થ :-**

**અથવા ભાવના ભેદથી પણ સામાન્યથી અપુનર્બંધકાદિને સર્વ પણ=નમસ્કારાદિ ક્રિયા પણ, ત્રણ પ્રકારની જાણવી. જે કારણથી શાસ્ત્રમાં શેષોને=અપુનર્બંધક સિવાયના જીવોને, ભાવના ભેદથી આ=વંદના, નથી=કહેવાઈ નથી. ।।૩/૩।।**

**ટીકા :-**

व्याख्या–'अहे'त्यादि । अथवापीति निपातः पूर्वोक्तप्रकारापेक्षया प्रकारान्तरत्वद्योतनार्थः, भावभेदात्=परिणामविशेषाद् गुणस्थानकविशेषसम्भवात्प्रमोदमात्ररूपाद्वा, वन्दनाधिकारिजीवगतात् त्रिधा विज्ञेयेति सम्बन्धः, ओघेन=सामान्येनाविवक्षितपाठक्रियाल्पत्वादितयेत्यर्थः, केषाम् ? इत्याह – अपुनर्बन्धकादीनाम्=अपुनर्बन्धकप्रभृतिकानां वन्दनाधिकारिणां, तत्रापुनर्बन्धको व्याख्यातपूर्वः आदिशब्दादविरतसम्यग्दृष्टिदेशसर्वविरतग्रहः, सर्वाऽपि=नमस्कारादिभेदेन जघन्यादिप्रकारा अपि, आस्तामेका काचिदिति, तत्रापुनर्बन्धकस्य जघन्या=तत्परिणामस्य विशुद्ध्यपेक्षया जघन्यत्वात्, अविरत-

सम्यग्दृष्टेर्मध्यमा, तत्परिणामस्य विशुद्धिमङ्गीकृत्य मध्यमत्वात्, सामान्यविरतस्य तूत्कृष्टा, तत्परिणामस्य तथाविधत्वादेवेति, अथवाऽपुनर्बन्धकस्यापि त्रिधा प्रमोदरूपभावत्रैविध्यादेवमितरयोरपीति, (ज्ञेया=ज्ञातव्या)अथापुनर्बन्धकादीनामिति कस्मादुक्तं ? मार्गाभिमुखादेरपि भावभेदसद्भावादिति । अत्राह — शेषाणाम्=अपुनर्बन्धकादिव्यतिरिक्तानां सकृद्बन्धकमार्गाभिमुखमार्गपतिततदितरमिथ्यादृशाम्, 'इमी'ति इयम्=अधिकृता भावभेदेन भेदवती वन्दना, पाठादिभेदवती तु स्यादपि, न=नैव, यद्=यस्मात्, समये=सिद्धान्ते, भणितेति शेषः, तेषां तद्योग्यताविकलत्वादिति गाथार्थः ।।३/३।।

**ટીકાર્થ :-**

अथवापीति ..... गाथार्थः ।। 'अहेत्यादि' પ્રતીક છે. 'अथवाऽपि' એ નિપાત છે (જે) પૂર્વોક્ત પ્રકારની અપેક્ષાએ પ્રકારાંતરના દ્યોતિત અર્થવાળો છે. (૧) ભાવના ભેદથી=ગુણસ્થાનકવિશેષથી થનાર પરિણામવિશેષથી=ચૈત્યવંદનકાળમાં વર્તતા વિશુદ્ધ્યમાન અધ્યવસાયના વિશેષથી, અથવા (૨) વંદનાના અધિકારી એવા જીવગત પ્રમોદની માત્રારૂપ ભાવના ભેદથી, ત્રણ પ્રકારની વંદના જાણવી, ગુણસ્થાનક પરિણામને આશ્રયીને ત્રણ પ્રકારની જાણવી અથવા પ્રમોદને આશ્રયીને ત્રણ પ્રકારની જાણવી. એ પ્રકારે સંબંધ છે. ઓઘથી=અવિવક્ષિત પાઠક્રિયા અલ્પત્વ આદિપણારૂપ સામાન્યથી=પૂર્વમાં જે પાઠક્રિયાના બળથી અલ્પબહુત્વ આદિની વિવક્ષા કરી તેની વિવક્ષા કર્યા વગર સામાન્યથી, ભાવના ભેદથી જઘન્ય આદિ ત્રણ ભેદો છે.

કોને ? એથી કહે છે —

અપુનર્બંધક આદિ વંદનાના અધિકારી જીવોને ત્રણ પ્રકારની વંદના છે. ત્યાં=અપુનર્બંધક આદિમાં, અપુનર્બંધક વ્યાખ્યાતપૂર્વ છે=અપુનર્બંધકનું પૂર્વમાં વ્યાખ્યાન કરાયું છે. 'આદિ' શબ્દથી અવિરત-સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર અને સર્વવિરતિધરનું ગ્રહણ છે. સર્વ પણ=નમસ્કારાદિના ભેદથી જઘન્ય આદિ પ્રકારવાળી કોઈ એક તો દૂર રહો પરંતુ સર્વ પણ, ત્રણ ભેદવાળી છે, એમ અન્વય છે. ત્યાં=અપુનર્બંધક આદિમાં, અપુનર્બંધકને જઘન્ય ચૈત્યવંદના છે; કેમ કે તેના પરિણામનું=અપુનર્બંધકજીવના પરિણામનું, વિશુદ્ધિની અપેક્ષાથી=સ્થૂલ બોધરૂપ વિશુદ્ધિની અપેક્ષાથી, જઘન્યપણું છે. અવિરત-સમ્યગ્દૃષ્ટિને મધ્યમ ચૈત્યવંદન છે; કેમ કે તેના પરિણામનું=અવિરતસમ્યગ્દૃષ્ટિજીવના અધ્યવસાયનું, વિશુદ્ધિને આશ્રયીને મધ્યમપણું છે. સામાન્યવિરતને=દેશવિરતિધર-સર્વવિરતિધરરૂપ ઉભય વિરતને, ઉત્કૃષ્ટ છે; કેમ કે વિરતિધરના પરિણામનું તથાવિધપણું છે=ગુપ્તિના પ્રકર્ષને કારણે ઉત્કૃષ્ટપણું છે, અથવા અપુનર્બંધકને પણ ત્રણ પ્રકારનું છે=પ્રમોદરૂપ ભાવવૈચિત્ર્યથી ત્રણ પ્રકારે છે, એ રીતે ઈતર બેમાં પણ=સમ્યગ્દૃષ્ટિ અને વિરતિધરમાં પણ, પ્રમોદરૂપ ભાવના વૈચિત્ર્યથી ત્રણ પ્રકારે છે.

અથથી શંકા કરે છે — "અપુનર્બંધકાદિને" એ પ્રમાણે કેમ કહેવાયું ? માર્ગાભિમુખાદિને પણ ભાવભેદનો સંભવ છે, એ પ્રકારની શંકામાં કહે છે —

અપુનર્બંધકાદિથી વ્યતિરિક્ત સકૃદ્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત અને તેનાથી ઈતર મિથ્યા-

**દૃષ્ટિઓને આ=અધિકૃત એવી ભાવભેદથી વંદના, જે કારણથી શાસ્ત્રમાં કહેવાઈ નથી જ; કેમ કે તેઓને=સકૃદ્બંધકાદિ જીવોને, તદ્યોગ્યતાનું વિકલપણું છે=ભાવચૈત્યવંદનાને અનુકૂળ અધ્યવસાયનું અસામર્થ્યપણું છે. પાઠાદિ ભેદવાળી વળી થાય પણ=પાઠાદિના ભેદથી જઘન્યાદિ ભેદવાળી થાય પણ=પાઠાદિના ભેદથી માર્ગાભિમુખ, માર્ગપતિતનો અન્ય અર્થ કરવામાં આવે ત્યારે તેમને ભાવથી વંદના થાય પણ, આ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૩॥**

**ભાવાર્થ :-**

તે તે જીવને ચૈત્યવંદનકાળમાં વર્તતા અધ્યવસાયના ભેદથી ચૈત્યવંદનની ક્રિયા ત્રણ પ્રકારની છે. તેથી એ પ્રાપ્ત થાય કે ક્રિયાની આચરણાની અલ્પતા-બહુતાનો વિચાર કરીએ તો પૂર્વમાં બતાવેલા ચૈત્યવંદનના ત્રણ ભેદો પ્રાપ્ત થાય છે. વળી, જીવના અધ્યવસાયોને આશ્રયીને વિચારીએ તો તરતમતાથી અનેક ભેદોની પ્રાપ્તિ હોવા છતાં સ્થૂલથી ત્રણ પ્રકારના ચૈત્યવંદનના ભેદો પ્રાપ્ત થાય છે. તે રીતે ગુણસ્થાનકની વિવક્ષાથી વિચારીએ તોપણ ચૈત્યવંદનના ત્રણ પ્રકાર પ્રાપ્ત થાય છે.

અપુનર્બંધક જીવો સ્થૂલ બોધવાળા હોય છે તોપણ પોતાના સ્થૂલ બોધ અનુસાર પરમાત્માને વીતરાગરૂપે જાણી શકે છે; ફક્ત સૂક્ષ્મ બોધનાં પ્રતિબંધક કર્મોનો નાશ થયેલ નહીં હોવાથી જે રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ સિદ્ધઅવસ્થાને જોઈ શકે છે, તે સ્વરૂપે અપુનર્બંધક જીવ જોઈ શકતા નથી. આથી જ તેઓને મોક્ષનો અદ્વેષ વર્તે છે, અથવા મોક્ષનો અલ્પ રાગ વિદ્યમાન છે અને તે બોધ અનુસાર તેઓ ચૈત્યવંદન કરે છે, તેથી તેઓ એક સ્તુતિથી ચૈત્યવંદન કરતા હોય કે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન કરતા હોય તોપણ તેઓનું ચૈત્યવંદન જઘન્ય ચૈત્યવંદન ગણાય છે; કેમ કે બોધની મર્યાદાનુસાર તેઓને સિદ્ધના ગુણોનું સ્મરણ જ સ્થૂલથી થાય છે. આમ છતાં અપુનર્બંધક જીવોમાં પણ દૃઢ પ્રણિધાનરૂપ કે અદૃઢ પ્રણિધાનરૂપ ભાવના ભેદથી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટના ભેદની પ્રાપ્તિ થાય છે. આથી દૃઢ પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદન કરનારા અપુનર્બંધક જીવોને ઉપયોગના બળથી જ સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ પણ થઈ શકે છે. આથી જ સ્થૂલ બોધથી પ્રારંભ કરાયેલ ચૈત્યવંદન પણ ભાવના પ્રકર્ષ દ્વારા ગુણસ્થાનકની વૃદ્ધિનું કારણ બને છે.

જો અપુનર્બંધક જીવો એક સ્તુતિથી ભગવાનની ચૈત્યવંદના કરે કે પાંચ શક્રસ્તવથી ચૈત્યવંદના કરે, છતાં જો તથાવિધ ભાવનો પ્રકર્ષ ન થાય તો તેઓની ચૈત્યવંદના જઘન્ય ચૈત્યવંદના જ રહે છે. કદાચ દૃઢ પ્રણિધાનપૂર્વક કરાતી એક સ્તુતિકાળમય ચૈત્યવંદનની ક્રિયામાં તેટલો ભાવનો પ્રકર્ષ ન થાય, છતાં જો પાંચ શક્રસ્તવવાળા ઉત્કૃષ્ટ ચૈત્યવંદન દરમ્યાન અપુનર્બંધક જીવને તે પ્રકારનો ભાવનો પ્રકર્ષ થાય તો તે સમ્યક્ત્વને પણ પ્રાપ્ત કરી શકે છે અને ચૈત્યવંદનકાળમાં વિરતિના પરિણામને પણ સ્પર્શી શકે છે. તેથી આચરણાથી ઉત્કૃષ્ટ ચૈત્યવંદન પણ ક્યારેક ભાવપ્રકર્ષનું અંગ બને છે અને ક્યારેક તેવા સંયોગના અભાવને કારણે આચરણાથી જઘન્ય ચૈત્યવંદન કરાતું હોય તોપણ અંતરંગ દૃઢ પ્રણિધાનના બળથી અલ્પકાળમાં પણ ભાવનો પ્રકર્ષ થઈ શકે છે; છતાં દીર્ઘકાળની ક્રિયા ભાવપ્રકર્ષ થવામાં પ્રબળ કારણ છે. વળી, અંતરંગ દૃઢ પ્રણિધાન જે પ્રકારે ભાવપ્રકર્ષનું કારણ છે, તે પ્રકારે દીર્ઘકાળની ક્રિયા ભાવપ્રકર્ષમાં કારણ નથી.

સમ્યગ્દૃષ્ટિ જીવોને અપુનર્બંધક જીવો કરતાં સૂક્ષ્મ બોધ હોય છે. આથી કર્મરહિત અવસ્થાનું પારમાર્થિક સ્વરૂપ જે રીતે નિર્મળ દૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ જોઈ શકે છે, તેવું સ્વરૂપ અપુનર્બંધક જીવો જોઈ શકતા નથી, આ દૃષ્ટિથી સમ્યગ્દૃષ્ટિ જીવોને મધ્યમ ચૈત્યવંદના પ્રાપ્ત થાય છે; કેમ કે સૂક્ષ્મ બોધને કારણે તેઓના ઉપયોગનો પ્રારંભ જ કાંઈક સૂક્ષ્મતાથી થાય છે. વળી, સમ્યગ્દૃષ્ટિ જીવો પણ અલ્પ પ્રણિધાનથી ચૈત્યવંદન કરે ત્યારે જઘન્ય ચૈત્યવંદનની પ્રાપ્તિ થાય અને મધ્યમ કે ઉત્કૃષ્ટ પ્રણિધાનથી ચૈત્યવંદન કરે ત્યારે મધ્યમ ચૈત્યવંદન પ્રાપ્ત થાય. વળી, પરિણામનો ઉત્કર્ષ થાય તો ચૈત્યવંદનકાળમાં વિરતિના પરિણામનો સ્પર્શ થવાથી તે ઉત્કૃષ્ટ ચૈત્યવંદન પણ પ્રાપ્ત કરી શકે છે. તેથી અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવોમાં પણ બોધની તરતમતા કૃત અને ચૈત્યવંદનકાળમાં પ્રવર્તતા પ્રવર્ધમાન પરિણામકૃત તરતમતાથી અનેક ભેદોની પ્રાપ્તિ થાય છે. ચિત્ત જેમ જેમ સિદ્ધઅવસ્થાના ગુણોમાં અધિક અધિક નિવેશ પામે, તેમ તેમ અધિક અધિક નિર્જરાની પ્રાપ્તિ છે, તેને આશ્રયીને જ ચૈત્યવંદનામાં તરતમતાના ભેદો છે.

વળી, દેશવિરતિધર શ્રાવક અને સર્વવિરતિધર સાધુ સામાન્યથી ગુપ્તિના પરિણામવાળા હોય છે; કેમ કે તેઓનું ચિત્ત જે જે અંશથી ભોગ પ્રત્યેના સંશ્લેષ વગરનું છે, તે તે અંશથી વીતરાગતાને અભિમુખ નિવિષ્ટ પરિણામવાળું છે. આત્માના ગુણોથી અતિરિક્ત દેહથી માંડીને સર્વ બાહ્ય પદાર્થોથી પર એવું નિર્મળ ચિત્ત મુનિનું હોય છે, તેથી ચૈત્યવંદનકાળમાં સર્વથા બાહ્ય પદાર્થના સંશ્લેષના પરિણામથી રહિત ચિત્તપૂર્વક ભગવાનની ચૈત્યવંદના કરે છે. તેથી બાહ્ય પદાર્થથી સંશ્લેષવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ કરતાં બાહ્ય પદાર્થ પ્રત્યેના સંશ્લેષ વગરના વિરતિધરોનું ચિત્ત સુખપૂર્વક સિદ્ધઅવસ્થામાં નિવેશ પામે તેવું હોય છે. તેથી તેઓની ચૈત્યવંદના ઉત્કૃષ્ટ ચૈત્યવંદના છે. તેઓને પણ ચૈત્યવંદનકાળમાં વર્તતા દૃઢ પ્રણિધાનકૃત કે અદૃઢ પ્રણિધાનકૃત ઉપયોગના ભેદથી ચૈત્યવંદનાના તરતમતાથી અનેક ભેદોની પ્રાપ્તિ થાય છે. અપુનર્બંધક, સમ્યગ્દૃષ્ટિ, દેશવિરતિધર કે સર્વવિરતિધર એમ સર્વ પ્રકારના જીવો વીર્યના પ્રકર્ષના બળથી ચૈત્યવંદનકાળમાં ગુણસ્થાનકની સર્વ પ્રકારની વૃદ્ધિઓને પણ પ્રાપ્ત કરી શકે છે. **॥૩/૩॥**

**અવતરણિકા :-**

**अपुनर्बन्धकादीनामियं भवतीत्युक्तमतस्ताँल्लक्षणतो निरूपयन्नपुनर्बन्धकं तावदाह –**

**અવતરણિકાર્થ :-**

**અપુનર્બંધકાદિને આ=ભાવના ભેદથી ચૈત્યવંદના, થાય છે એ પ્રમાણે કહેવાયું. આથી તેઓને= અપુનર્બંધકાદિને, લક્ષણથી બતાવતાં પ્રથમ અપુનર્બંધકને કહે છે –**

**ગાથા :-**

**पावं ण तिव्वभावा कुणइ ण बहु मण्णई भवं घोरं ।**
**उच्चियट्ठिइं च सेवइ सव्वत्थ वि अपुणबंधो त्ति ।।३/४।।**

**છાયા :-**

पापं न तीव्रभावात् करोति न बहुमन्यते भवं घोरम् ।
उचितस्थितिं च सेवते सर्वत्रापि अपुनर्बन्ध इति ।।३/४।।

**અન્વયાર્થ :-**

पावं=પાપને, तिव्वभावा=તીવ્ર ભાવથી, कुणइ ण=કરતો નથી. घोरं=ઘોર એવા, भवं=ભવને, बहु मण्णई ण=બહુ માનતો નથી, च=અને, सव्वत्थ=સર્વત્ર, वि=પણ, उच्चियट्ठिइं=ઉચિત સ્થિતિને, सेवइ=સેવે છે. त्ति=આવા પ્રકારનો, अपुणबंधो=અપુનર્બંધક છે. ।।૩/૪।।

**ગાથાર્થ :-**

**પાપને તીવ્ર ભાવથી કરતો નથી, ઘોર એવા ભવને બહુ માનતો નથી અને સર્વત્ર પણ ઉચિત સ્થિતિને સેવે છે. આવા પ્રકારનો અપુનર્બંધક છે. ।।૩/૪।।**

**ટીકા :-**

व्याख्या—'पावे'त्यादि । पापम्=अशुभं कर्म, तत्कारणत्वाद्धिंसाद्यपि पापं तत्, न=नैव, तीव्रभावाद्=गाढसंक्लिष्टपरिणामात्, करोति=विधत्ते, अत्यन्तोत्कटमिथ्यात्वादिक्षयोपशमेन लब्धात्मनैर्मल्यविशेषत्वात् तीव्रेतिविशेषणादापन्नमतीव्रभावात् करोत्यपि, तथाविधकर्मदोषात्, तथा न बहु मन्यते=न बहुमानविषयीकरोति, भवं=संसारम्, घोरं=रौद्रं, तस्य घोरत्वावगमात्, तथा उचितस्थितिम्=अनुरूपप्रतिपत्तिम्, चशब्दः समुच्चये, सेवते=भजते कर्मलाघवात्, सर्वत्राप्यास्तामेकत्र देशकालावस्थापेक्षया समस्तेष्वपि=देवातिथिमातापितृप्रभृतिषु, मार्गानुसारिताऽभिमुखत्वेन मयूरशिशुदृष्टान्तादपुनर्बन्धक उक्तनिर्वचनो जीवः, इत्येवंविधक्रियालिङ्गो भवति । इति गाथार्थः ।।३/४।।

**ટીકાર્થ :-**

पापमशुभं ..... गाथार्थः ।। 'पावेत्यादि' પ્રતીક છે. પાપ=અશુભ કર્મ, તેના કારણપણાથી હિંસા આદિ પણ પાપ છે. તેને=હિંસાદિને, તીવ્ર ભાવથી=ગાઢ સંક્લિષ્ટ પરિણામથી, કરતો નથી; કેમ કે અત્યંત ઉત્કટ મિથ્યાત્વ આદિના ક્ષયોપશમથી લબ્ધ આત્મનૈર્મલ્યનું વિશેષપણું છે. તીવ્ર એ પ્રકારના વિશેષણથી (એ) પ્રાપ્ત (થાય કે તે) અતીવ્ર ભાવથી (પાપ) કરે પણ છે; કેમ કે તથાવિધ કર્મનો દોષ છે.

ઘોર=રૌદ્ર, એવા ભવને=સંસારને, બહુમાનનો વિષય કરતો નથી; કેમ કે તેનું ઘોરત્વરૂપે અવગમ છે. તથા ઉચિત સ્થિતિને=અનુરૂપ પ્રતિપત્તિને, સેવે છે; કેમ કે કર્મનું લાઘવ છે=ઉત્કૃષ્ટ ક્લેશ ન કરાવે તેટલું કર્મોનું લાઘવ છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે.

ક્યાં ઉચિત પ્રવૃત્તિ કરે છે ? એથી કહે છે –

**સર્વત્ર પણ=કોઈ એક સ્થાનમાં તો દૂર રહો પરંતુ દેશ, કાલ, અવસ્થાની અપેક્ષાએ સમસ્ત પણ, દેવ-અતિથિ-માતા-પિતા વગેરેમાં ઉચિત સ્થિતિને સેવે છે; કેમ કે મયૂરશિશુના દૃષ્ટાંતથી માર્ગાનુસારિતાને અભિમુખપણું છે. અપુનર્બંધક=ઉક્ત નિર્વચનવાળો જીવ, આવા પ્રકારની ક્રિયાના લિંગવાળો છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૪।।**

**ભાવાર્થ :-**

અપુનર્બંધકદશાવાળા જીવોમાં આત્માના હિતને અભિમુખભાવો રૂપ ત્રણ પરિણતિ હોય છે : (૧) પાપ તીવ્ર ભાવથી કરે નહિ, (૨) ઘોર એવા ભવને બહુમાનનો વિષય કરે નહિ અને (૩) સર્વત્ર=દેવ-અતિથિ-માતા-પિતા વગેરે સર્વમાં, ઉચિત સ્થિતિને સેવે છે.

**(૧) તીવ્ર ભાવથી પાપનું અકરણ :-**

અપુનર્બંધકદશાને પામેલ જીવ ઉત્કૃષ્ટ સંક્લેશ કરતો નથી. તે અપેક્ષાએ તીવ્રભાવથી પાપ કરતો નથી એમ કહી શકાય; તોપણ જ્યારે તે તત્ત્વની સન્મુખ નથી હોતો, ત્યારે સાતમી નરકને અનુકૂળ ક્લિષ્ટભાવને પણ કરનાર બને છે. તે જ અપુનર્બંધક જીવ જ્યારે ધર્મની ઉચિત પ્રવૃત્તિ કરવાને અભિમુખ થાય છે, ત્યારે તેને ભોગાદિની ઇચ્છા થાય છે તે વખતે હિંસાદિ પાપો કરતો હોવા છતાં તેના બોધ અનુસાર તે પાપોમાં હેયબુદ્ધિ વર્તે છે, તેથી તે તીવ્ર ભાવથી પાપ કરતો નથી; પરંતુ સકંપ પાપપ્રવૃત્તિ કરે છે. ફક્ત અપુનર્બંધક જીવને તત્ત્વનો બોધ સ્થૂલ હોવાને કારણે સમ્યગ્દૃષ્ટિની જેમ આત્માની અસંગ પરિણતિના જ પરમાર્થને જોવા માટે તે સમર્થ નથી, તેથી સંગની પરિણતિ પ્રત્યે તીવ્ર દ્વેષ હોય તેવા સમ્યગ્દૃષ્ટિ જેવી સકંપ પાપપ્રવૃત્તિ અપુનર્બંધકને નથી; પરંતુ સ્થૂલથી આરંભ-સમારંભ વગેરે પ્રવૃત્તિમાં પાપબુદ્ધિ હોવાથી તે પાપપ્રવૃત્તિ પ્રાયઃ કરે નહિ અને ક્વચિદ્ કરે તો સકંપ પાપપ્રવૃત્તિ કરે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ સંગની પરિણતિને જ પાપપરિણતિરૂપે જોઈ શકે છે. તેથી બાહ્યથી હિંસાદિ કૃત્યો ન હોય તોપણ ચિત્તના સંશ્લેષના પરિણામને પાપરૂપે જોઈને તેના નિવર્તન માટે શક્તિ અનુસાર યત્ન કરે છે. વળી, સમ્યગ્દૃષ્ટિને સંગની પરિણતિ કારણે જે પાપ થાય છે, તે પાપ સકંપ હોય છે. અપુનર્બંધક જીવને તેવો બોધ નહિ હોવાથી તે ધર્મને અભિમુખ હોય તોપણ સંગની પરિણતિમાં નિષ્પ્રકંપ પાપપ્રવૃત્તિ કરે છે. આમ છતાં તે આરંભ-સમારંભાદિ પાપ કરે નહિ અને કરે તો તીવ્ર ભાવથી કરતો નથી; કેમ કે તેનામાં અત્યંત ઉત્કટ મિથ્યાત્વ આદિ ભાવોનો ક્ષયોપશમભાવ વર્તે છે અર્થાત્ સંગની પરિણતિના પરમાર્થને જોવામાં વિપર્યાસ વર્તતો હોવા છતાં અત્યંત આરંભ-સમારંભથી પ્રાપ્તવ્ય જે સુખનાં સાધનો છે, તેમાં સુખબુદ્ધિજનક ઉત્કટ મિથ્યાત્વનો તેને ક્ષયોપશમ વર્તે છે, ઉત્કટ અનંતાનુબંધીકષાયનો ક્ષયોપશમ વર્તે છે અને કાંઈક તત્ત્વને અભિમુખ મતિજ્ઞાનનો ક્ષયોપશમ વર્તે છે, તેથી તે તીવ્ર ભાવથી પાપ કરતો નથી.

**(૨) ભવઅબહુમાન :-**

વળી, કાંઈક તત્ત્વને જોવાને સન્મુખ નિર્મળ મતિ પ્રગટ થયેલ હોવાને કારણે અપુનર્બંધક જીવ ભવને બહુમાનનો વિષય કરતો નથી; પરંતુ જન્મ-જરા-મરણ-રોગ-શોકથી આ ભવ આક્રાંત છે માટે તેનો

ઉચ્છેદ કરવો જોઈએ તેવી નિર્મળ બુદ્ધિ ધારણ કરે છે. આ પ્રકારનો વિવેક ધર્મને અભિમુખ પ્રવૃત્તિવાળા અપુનર્બંધક જીવોમાં વર્તે છે.

**(૩) સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ :-**

જે અપુનર્બંધક જીવો અત્યંત સાત્ત્વિક પ્રકૃતિવાળા છે, તે જીવો પોતાના સ્થૂલ બોધને અનુસાર દેવ, અતિથિરૂપ સાધુ, માતા-પિતા, સ્વજનાદિ સાથે ઉચિત પ્રવૃત્તિ કરનારા હોવા છતાં કર્મને વશ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિમાં ક્વચિદ્ સ્ખલના પણ પામે છે. જેમ મુનિનું સ્વરૂપ બતાવાય ત્યારે તે ત્રણ ગુપ્તિવાળા હોય છે, તેમ કહેવાય. અતિચાર એ મુનિના સ્વરૂપમાં કલંકરૂપ છે તેથી આરાધક સાધુને પણ પ્રસંગે અતિચાર પ્રાપ્ત થવા છતાં મુનિના લક્ષણમાં અતિચારના સેવનનો પ્રવેશ થાય નહિ, તેમ અપુનર્બંધક જીવનું લક્ષણ કરતી વખતે તે સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરે છે, એમ જ કહેવાય. ક્યારેક તેના વડે અનુચિત પ્રવૃત્તિ થાય તે અંશમાં તે અપુનર્બંધકની ભૂમિકાની ન્યૂનતા છે.

અપુનર્બંધક જીવની ઉચિત પ્રવૃત્તિનું સ્વરૂપ દૃષ્ટાંતથી બતાવે છે –

જેમ મોર સુંદર પક્ષી છે, તેમ સુસાધુ ત્રણ ગુપ્તિપૂર્વક અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરનારા છે. મોરનું બચ્ચું સંપૂર્ણપણે મોર જેવું સુંદર દેખાતું નથી તોપણ તેને અભિમુખ તેની સુંદરતા હોય છે, તેમ સુસાધુ જેવી ત્રણ ગુપ્તિપૂર્વકની સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ અપુનર્બંધકને નથી તોપણ તેને અભિમુખ સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ અપુનર્બંધકમાં હોય છે; કેમ કે સુસાધુ રત્નત્રયરૂપ માર્ગને અનુસરનાર છે અને અપુનર્બંધક તે માર્ગાનુસારિતાને અભિમુખ પરિણામવાળો છે. જેમ મયૂરશિશુ મયૂરની સુંદરતાને અભિમુખ છે, તેમ અપુનર્બંધક જીવ પણ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યને અભિમુખ છે. **॥૪॥**

**અવતરણિકા :-**

**सम्यग्दृष्टिं लिङ्गत आह –**

**અવતરણિકાર્થ :-**

**સમ્યગ્દૃષ્ટિને લિંગથી કહે છે –**

**ગાથા :-**

**सुस्सूस धम्मराओ गुरुदेवाणं जहासमाहीए ।**
**वेयावच्चे णियमो सम्मद्दिट्ठिस्स लिंगाइं ।।३/५।।**

**છાયા :-**

**शुश्रूषा धर्मरागो गुरुदेवानां यथासमाधिः ।**
**वैयावृत्ये नियमः सम्यग्दृष्टेर्लिङ्गानि ।।३/५।।**

**અન્વયાર્થ :-**

सुस्सूस=શુશ્રૂષા, धम्मराओ=ધર્મરાગ, जहासमाहीए=યથાસમાધિ, गुरुदेवाणं=ગુરુના અને દેવના, वेयावच्चे= વૈયાવચ્ચમાં, णियमो=નિયમ, सम्मद्दिट्ठिस्स=સમ્યગ્દૃષ્ટિનાં, लिंगाइं=લિંગો છે. ॥૩/૫॥

**ગાથાર્થ :-**

**શુશ્રૂષા, ધર્મરાગ, યથાસમાધિ, ગુરુના અને દેવના વૈયાવચ્ચમાં નિયમ સમ્યગ્દૃષ્ટિનાં લિંગો છે. ॥૩/૫॥**

**ટીકા :-**

**व्याख्या—'सुस्सूसे'त्यादि । श्रोतुमिच्छा शुश्रूषा धर्मशास्त्रविषया गेयरागिनरकिन्नरगेयशुश्रूषाऽधिका जिज्ञासोत्तरकालभाविनी, इह च ह्रस्वता प्राकृतत्वात्, तथा धर्मरागः=कुशलानुष्ठानानुरागः=सामग्रीवैकल्यात्तदकरणेऽपि चेतसोऽनुबन्धः कान्तारातीतदरिद्रब्राह्मणहविःपूर्णभोजनाभिलाषातिरिक्तः, तथा गुरुदेवानां=धर्माचार्यपरमाराध्यानाम्, यथासमाधिः=स्वसमाधानानतिक्रमेण न पुनरसद्ग्रहणेन, वैयावृत्त्ये=व्यावृ(पृत)भावे तत्कर्मणि वा, नियमो=नियोगः=अवश्यं मयैतद्गुरुकार्यं देवकार्यं च कर्तव्यमित्यभिनिवेशलक्षणो, गुणज्ञश्रद्धालुमनुष्यचिन्तामणिवैयावृत्त्यनियमाधिकः, इह चशब्दो लुप्तो द्रष्टव्यः, किम् ? इत्याह—सम्यग्दृष्टेः=अविरतसम्यग्दर्शनिनो जीवस्य, लिङ्गानि=लक्षणानि, भवन्ति ग्रन्थिभेदेन तत्त्वे तीव्रभावात् । इति गाथार्थः ॥३/५॥**

**ટીકાર્થ :-**

श्रोतुमिच्छा ..... गाथार्थः ॥ 'सुस्सूसेत्यादि' પ્રતીક છે. ધર્મશાસ્ત્ર વિષયક સાંભળવાની ઈચ્છા શુશ્રૂષા છે. ગેયના=ગીતના, રાગી એવા મનુષ્યની કિન્નરના ગેય સંબંધી શુશ્રૂષાથી અધિક જિજ્ઞાસાના ઉત્તરકાલભાવી શુશ્રૂષા છે અને અહીં=ગાથાના 'सुस्सूस' એ પ્રકારના શબ્દમાં, હ્રસ્વત્વ પ્રાકૃતપણાને કારણે છે અને ધર્મરાગ=કુશલ અનુષ્ઠાનનો અનુરાગ=સંપૂર્ણ ત્રણ ગુપ્તિને અનુકૂળ ચારિત્રનો રાગ, સામગ્રીના વૈકલ્યને કારણે તેના અકરણમાં પણ=બાહ્ય કે અંતરંગ તે પ્રકારના ક્ષયોપશમભાવના વૈકલ્યને કારણે ત્રણ ગુપ્તિમાં યત્ન નહિ કરવા છતાં પણ, ચિત્તનો અનુબંધ=સર્વ ઉદ્યમથી મોહનાશ કરવાને અનુકૂળ દૃઢ અભિલાષરૂપ ચિત્તનો પરિણામ, અટવીને ઓળંગીને આવેલા દરિદ્ર બ્રાહ્મણને ઘીથી પૂર્ણના=ઘીયુક્ત ઘેબરના, ભોજનના અભિલાષ કરતાં અતિશયવાળો હોય છે અને ગુરુદેવાદિનું= ધર્માચાર્ય અને પરમ આરાધ્યમાન એવા દેવનું, યથાસમાધિ=પોતાના સમાધાનના અનતિક્રમથી=પોતાના ચિત્તની સ્વસ્થતાના ઉલ્લંઘન વગર, વૈયાવચ્ચમાં=ગુરુ-દેવ આદિના વૈયાવચ્ચમાં, નિયમ છે પરંતુ અસદ્ગ્રહથી નહિ. વૈયાવૃત્યનો અને નિયમનો અર્થ સ્પષ્ટ કરે છે. વ્યાપૃતભાવમાં કે તેના કર્મમાં નિયોગ છે અર્થાત્ મારે આ ગુરુનું કાર્ય અને દેવનું કાર્ય અવશ્ય કરવું જોઈએ એ પ્રકારના

**અભિનિવેશના લક્ષણવાળો નિયોગ છે.**

કેવો નિયમ છે ? તે સ્પષ્ટ કરે છે –

**ચિંતામણિના ગુણને જાણનાર શ્રદ્ધાળુ મનુષ્યને ચિંતામણિની વૈયાવચ્ચમાં જે નિયમ છે તેનાથી અધિક ગુરુ-દેવ આદિના વૈયાવચ્ચમાં નિયમ છે. અહીં=ગાથામાં, 'ચ' શબ્દ લુપ્ત જાણવો. તેથી ત્રણના સમુચ્ચય અર્થક 'ચ' શબ્દ અધ્યાહાર છે.**

**શું છે ?=આ ત્રણ લિંગો શું છે ?, એથી કહે છે –**

**સમ્યગ્દૃષ્ટિનાં=અવિરત સમ્યગ્દર્શની જીવનાં, લિંગો=લક્ષણો છે; કેમ કે ગ્રંથિભેદને કારણે તત્ત્વમાં તીવ્ર ભાવ=તીવ્ર પક્ષપાત છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૫।।**

**ભાવાર્થ :-**

### સમ્યગ્દૃષ્ટિનાં લિંગો :

### (૧) શુશ્રૂષાલિંગ :-

સમ્યગ્દૃષ્ટિ જીવે તત્ત્વને જોવામાં બાધક ગ્રંથિનો ભેદ કર્યો છે. તેથી સંગથી સંપૂર્ણ પર એવી સિદ્ધાવસ્થા જ તેને સાર જણાય છે. સિદ્ધાવસ્થાની પ્રાપ્તિનો એક ઉપાય ત્રણ ગુપ્તિમાં દૃઢ વ્યાપારરૂપ મુનિભાવ જ છે, તેવો સમ્યગ્દૃષ્ટિને સ્થિર નિર્ણય છે. વળી, સિદ્ધાવસ્થાની પ્રાપ્તિ અર્થે ભગવાનના વચનનો સૂક્ષ્મ બોધ અત્યંત આવશ્યક છે; કેમ કે ત્રણ ગુપ્તિમાં યત્ન કરનારા મુનિ પણ નવું નવું શ્રુત શ્રવણ કરીને ગુપ્તિની ઉત્તરોત્તર વૃદ્ધિ કરે છે અને તેના બળથી ક્ષપકશ્રેણીને પામીને ભવનો ક્ષય કરે છે. આવો સ્પષ્ટ નિર્ણય સમ્યગ્દૃષ્ટિને ગ્રંથિભેદને કારણે સદા વર્તે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો પોતાની ભૂમિકા અનુસાર ભગવાનના વચનના પરમાર્થને જાણવા માટે અત્યંત અભિલાષાવાળા હોય છે. તેથી ભગવાનના શાસનના સૂક્ષ્મ રહસ્યને બતાવનારા મહાત્માનો યોગ થાય તો તેમની પાસેથી જિનવચનનાં રહસ્યોને સાંભળવા માટે તેઓ અત્યંત યત્નશીલ હોય છે. સંગીતના શોખીન પુરુષને કિન્નરનું ગેય સાંભળવામાં જેટલો અભિલાષ હોય છે, તેના કરતાં પણ અતિશય અધિક અભિલાષ સમ્યગ્દૃષ્ટિને ધર્મશાસ્ત્રના શ્રવણ વિષયક હોય છે. જેઓ સામાન્યથી ધર્મઉપદેશ આપનારા છે; પરંતુ ભગવાનના વચનના સૂક્ષ્મ બોધના અવગમવાળા નથી, તેવા મહાત્માના ઉપદેશને સાંભળવાની ઇચ્છા સમ્યગ્દૃષ્ટિને ન પણ થાય, પરંતુ સંવેગની અત્યંત વૃદ્ધિનું કારણ હોય તેવા, સર્વજ્ઞના વચનના રહસ્યને કહેનારા મહાત્માને જોઈને સમ્યગ્દૃષ્ટિ જીવ અવશ્ય ધર્મ સાંભળવા માટે અત્યંત તત્પર રહે છે. આથી જ આવા મહાત્માના અભાવમાં શ્રવણક્રિયા ન હોય તોપણ સમ્યગ્દૃષ્ટિને શુશ્રૂષાગુણજન્ય નિર્જરા સદા વર્તે છે.

### સમ્યગ્દૃષ્ટિ અને અપુનર્બંધક જીવની શુશ્રૂષાનો તફાવત :-

અપુનર્બંધક જીવોને તત્ત્વ શું છે ? એ પ્રકારની જિજ્ઞાસા હોય છે. તેનાથી આગળના સ્તરની શુશ્રૂષા સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય છે અર્થાત્ તત્ત્વ શું છે ? એ પ્રકારની જિજ્ઞાસાથી સમ્યગ્દૃષ્ટિ જીવોને અવશ્ય

નિર્ણય થયેલો છે કે સંપૂર્ણ અસંગઅવસ્થા જ જીવ માટે તત્ત્વ છે અને તેની પ્રાપ્તિનો ઉપાય ત્રણ ગુપ્તિ છે. આ તત્ત્વની પ્રાપ્તિ પછી તેને અતિશયિત કરવાના ઉપાયભૂત સૂક્ષ્મ તત્ત્વને સાંભળવાની ઉત્કૃષ્ટ ઇચ્છા સમ્યગ્દૃષ્ટિને હોય છે. અપુનર્બંધક જીવોને તત્ત્વની જિજ્ઞાસા વર્તે છે અને ધર્મશાસ્ત્રના શ્રવણની ઇચ્છા પણ વર્તે છે; તોપણ અસંગભાવની જીવની પરિણતિ તત્ત્વ છે તેવો સૂક્ષ્મ બોધ નહિ હોવાથી તેને (સ્થૂલ) તત્ત્વને જાણવાને અનુકૂળ જિજ્ઞાસાપૂર્વક તત્ત્વને સાંભળવાની ક્રિયા કે શ્રવણની ક્રિયા હોય છે, જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવોને તત્ત્વનો યથાર્થ નિર્ણય થયેલો છે, તેથી તેની પ્રાપ્તિના ઉપાયભૂત સૂક્ષ્મ ધર્મશાસ્ત્રને જાણવા માટેની જેવી શુશ્રૂષા સમ્યગ્દૃષ્ટિને હોય છે તેવી શુશ્રૂષા અપુનર્બંધકને હોતી નથી.

**(૨) ધર્મરાગ :-**

વળી, સમ્યગ્દૃષ્ટિ જીવને ગ્રંથિનો ભેદ થયેલો હોવાથી આત્માની મુક્ત અવસ્થા જ સારભૂત અવસ્થા છે અને તે પ્રાપ્ત કરવાનો એકમાત્ર ઉપાય ત્રણ ગુપ્તિનું સામ્રાજ્ય જ છે તેવો નિર્ણય હોય છે. વળી, આ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યમાં સ્થિર થવાનો ઉપાય દશ પ્રકારનો યતિધર્મ છે, ઇચ્છાકાર આદિ દશવિધ સામાચારી છે તથા સાધુની ઓઘસામાચારી છે, ઇત્યાદિનો બોધ વર્તે છે. તેથી શક્તિના પ્રકર્ષથી તેના પરમાર્થને જાણીને તેને સેવવાની ઉત્કટ ઇચ્છા સમ્યગ્દૃષ્ટિને વર્તે છે. આમ છતાં બાહ્ય સામગ્રીના વૈકલ્યને કારણે સંયમની પ્રવૃત્તિ ન કરી શકે કે અંતરંગ પ્રબળ ચારિત્રમોહનીયકર્મને કારણે તે પ્રકારના સંવરભાવમાં યત્ન કરવા માટે પોતે અસમર્થ છે, તેમ જણાય તો સંયમ ગ્રહણ ન કરે તોપણ ચિત્તમાં તેવા સર્વવિરતિરૂપ ચારિત્રનો અત્યંત અનુરાગ વર્તે છે.

જેમ અટવી ઊતરીને આવેલ દરિદ્ર બ્રાહ્મણને ઘીથી પૂર્ણ (ઘેબરનું) ભોજન પ્રાપ્ત થાય તેમ હોય તો અત્યંત અભિલાષ થાય છે. વળી, ક્યારેક સામગ્રીના અભાવને કારણે ઘીથી પૂર્ણ ભોજન પ્રાપ્ત ન થાય તોપણ ચિત્તમાં તેવા ભોજન પ્રત્યે અતિ આકર્ષણ હોય છે તેના કરતાં પણ અતિશય આકર્ષણ સમ્યગ્દૃષ્ટિ જીવને ભાવચારિત્રમાં વર્તે છે; કેમ કે ભાવચારિત્ર જ ચિત્તની અક્લેશવાળી અવસ્થારૂપ હોવાથી વર્તમાનમાં અત્યંત સુખાકારી છે અને આગામી સુખની પરંપરાનું પ્રબળ કારણ છે, એવો સ્થિર બોધ ગ્રંથિભેદને કારણે સમ્યગ્દૃષ્ટિને વર્તે છે.

**(૩) ગુરુ-દેવ આદિના વૈયાવચ્ચમાં યથાસમાધિ નિયમ :-**

વળી, જે ગુરુ ત્રણ ગુપ્તિના સામ્રાજ્યવાળા છે અને ત્રણ ગુપ્તિની પ્રાપ્તિના સૂક્ષ્મ ઉપાયો સદા બતાવે છે, તેવા ધર્માચાર્ય પ્રત્યે સમ્યગ્દૃષ્ટિની અત્યંત ભક્તિ હોય છે. તે જ રીતે સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિના પ્રબળ કારણભૂત અને સિદ્ધઅવસ્થાને પામેલા એવા દેવ પ્રત્યે પણ સમ્યગ્દૃષ્ટિને અત્યંત ભક્તિ હોય છે. તેથી તેઓની ભક્તિ દ્વારા પોતાનું ચિત્ત તેઓના ગુણોથી તે પ્રકારે અત્યંત રંજિત થાય, જેથી શીઘ્ર સંયમની પ્રાપ્તિ થાય અને સંસારનો ક્ષય થાય, તેવા નિર્મળ આશયપૂર્વક સમ્યગ્દૃષ્ટિ જીવ શક્તિના પ્રકર્ષથી ગુરુની અને દેવની અવશ્ય ભક્તિ કરે છે; પરંતુ ચિત્તના પરિણામથી નિરપેક્ષ થઈને માત્ર બાહ્યથી ગુરુ-દેવ આદિનું કૃત્ય કરવાના અસદ્ગ્રહપૂર્વક સમ્યગ્દૃષ્ટિ જીવ વૈયાવચ્ચ કરતો નથી. જેને ચિંતામણિરત્નના

ગુણનું જ્ઞાન હોય અને ચિંતામણિરત્નના ફલની પ્રાપ્તિની અત્યંત અર્થિતા હોય તેવો મનુષ્ય અત્યંત વિધિપૂર્વક ચિંતામણિરત્નની ઉપાસના કરે છે, તેના કરતાં પણ સંસારના ક્ષયના કારણીભૂત એવા ગુરુની અને દેવની અધિક ભક્તિથી ઉપાસના સમ્યગ્દષ્ટિ જીવ કરે છે.

**સમ્યગ્દષ્ટિના અને અપુનર્બંધક જીવના પાપઅકરણ, ભવઅબહુમાન અને સર્વત્ર ઉચિતપ્રવૃત્તિનો તફાવત :-**

સમ્યગ્દષ્ટિ જીવ પણ તીવ્ર ભાવથી પાપ કરતો નથી, એટલું જ નહિ પણ અવિરતિજન્ય પાપને ક્ષીણ શક્તિવાળાં કરે તે પ્રકારે સંવેગપૂર્વક જ સંસારની પ્રવૃત્તિ કરે છે. વળી, તે સંસારને પણ અત્યંત અસાર જાણે છે, તેથી સમ્યગ્દષ્ટિ જીવ સૂક્ષ્મ બોધપૂર્વક ભવના અબહુમાનવાળો છે, જ્યારે અપુનર્બંધક જીવ સ્થૂલ બોધપૂર્વક ભવના અબહુમાનવાળો છે. આથી ભવની કારણીભૂત એવી સંગની સૂક્ષ્મ પરિણતિ પ્રત્યે અપુનર્બંધકને દ્વેષ થતો નથી, પરંતુ અનુચિત આરંભ-સમારંભની પ્રવૃત્તિ પ્રત્યે દ્વેષ થાય છે. સમ્યગ્દષ્ટિને બાહ્ય પદાર્થો પ્રત્યેનો ભાવથી સંશ્લેષનો પરિણામ જ સંસારનું કારણ દેખાય છે અને બાહ્ય પદાર્થો પ્રત્યેના સંશ્લેષથી પર એવું ગુપ્તિયુક્ત ચિત્ત જ મોક્ષનું કારણ દેખાય છે. તેથી તે ભવ અને ભવના કારણરૂપ સંગને અત્યંત અનર્થકારી જાણે છે.

આમ સમ્યગ્દષ્ટિ જીવ સ્વભૂમિકાનુસાર અપુનર્બંધક જીવ કરતાં પણ સૂક્ષ્મ બોધપૂર્વક સર્વત્ર ઉચિત પ્રવૃત્તિ કરે છે તોપણ સમ્યગ્દષ્ટિને અપુનર્બંધક કરતાં ભિન્નરૂપે જાણવા માટે તેનો શ્રુતધર્મનો રાગ, ચારિત્રધર્મનો રાગ અને શ્રુતધર્મના નિષ્પાદક ગુરુનો રાગ અને સિદ્ધઅવસ્થાના રાગરૂપ દેવનો રાગ જે પ્રકારના પ્રકર્ષવાળો છે, તેને જાણવાથી સમ્યગ્દષ્ટિને વાસ્તવિક સ્વરૂપે જાણી શકાય છે. તેથી શુશ્રૂષા આદિ ત્રણને સમ્યગ્દષ્ટિનાં લિંગો કહેલ છે. **॥૩/૫॥**

**અવતરણિકા :-**

**चारित्रिणः स्वरूपत आह –**

**અવતરણિકાર્થ :-**

**ચારિત્રીને સ્વરૂપથી કહે છે –**

**ગાથા :-**

**मग्गणुसारि सड्ढो पण्णवणिज्जो कियापरो चेव ।**
**गुणरागी सक्कारंभसंगओ तह य चारित्ती ।।३/६।।**

**છાયા :-**

**मार्गानुसारी श्राद्धः प्रज्ञापनीयः क्रियापरश्चैव ।**
**गुणरागी शक्यारम्भसङ्गतः तथा च चारित्री ।।३/६।।**

**અન્વયાર્થ :-**

मग्गणुसारि=માર્ગાનુસારી, सड्ढो=શ્રાદ્ધ, पण्णवणिज्जो=પ્રજ્ઞાપનીય, चेव=અને, कियापरो=ક્રિયામાં તત્પર, गुणरागी=ગુણનો રાગી, तह य=અને, सक्कारंभसंगओ चारित्ती=શક્ય આરંભથી યુક્ત ચારિત્રી છે. ।।૩/૬।।

**ગાથાર્થ :-**

માર્ગાનુસારી, શ્રાદ્ધ, પ્રજ્ઞાપનીય અને ક્રિયામાં તત્પર, ગુણનો રાગી અને શક્ય આરંભથી યુક્ત ચારિત્રી છે. ।।૩/૬।।

**ટીકા :-**

व्याख्या—'मग्गणुसारी'त्यादि । मार्गं=तत्त्वपथम्, अनुसरति=अनुयाति, इत्येवंशीलो मार्गानुसारी, निसर्गतस्तत्त्वानुकूलप्रवृत्तिश्चारित्रमोहनीयकर्मक्षयोपशमात्, एतच्च तत्त्वावाप्तिं प्रत्यवन्ध्यकारणं, कान्तारगतविवक्षितपुरप्राप्तिसद्योग्यतायुक्तान्धपुरुषस्येव । तथा श्राद्धः=तत्त्वं प्रति श्रद्धावान्, तत्प्रत्यनीकक्लेशह्रासातिशयादवाप्तव्यमहानिधानतद्ग्रहणविधानोपदेशश्रद्धालुनरवत् विहितानुष्ठानरुचिर्वा । तथा अत एव कारणद्वयात् प्रज्ञापनीयः=कथञ्चिदनाभोगादन्यथाप्रवृत्तौ तथाविधगीतार्थेन सम्बोधयितुं शक्यस्तथाविधकर्मक्षयोपशमादविद्यमानासदभिनिवेशः, प्राप्तव्यमहानिधितद्ग्रहणान्यथाप्रवृत्तसुकरसम्बोधननरवत् । तथा अत एव कारणात् क्रियापरः=चारित्रमोहनीयकर्मक्षयोपशमान्मुक्तिसाधनानुष्ठानकरणपरायणः तथाविधनिधानग्राहकवत्, चशब्दः समुच्चये, एवशब्दोऽवधारणे, एवं चानयोः प्रयोगः — क्रियापर एव नाक्रियापरोऽपि सत्क्रियारूपत्वाच्चारित्रस्य । तथा गुणरागी=विशुद्धाध्यवसायतया स्वगतेषु परगतेषु वा गुणेषु ज्ञानादिषु रागः प्रमोदो यस्यास्त्यसौ गुणरागी निर्मत्सर इत्यर्थः । तथा शक्यारम्भसंगतः=कर्तुं शकनीयानुष्ठानयुक्तो न शक्ये प्रमाद्यति न चाशक्यमारभत इति भावः । तथा चेति समुच्चयार्थः । ततश्च मार्गानुसारितादिगुणयुक्तः शक्यारम्भसंगतश्चेति स्यात्, चारित्री=सर्वतो देशतो वा चारित्रयुक्तो भवतीति गम्यम् । इति गाथार्थः ।।३/६।।

**ટીકાર્થ :-**

मार्गं ..... गाथार्थः ।। 'मग्गणुसारीत्यादि' પ્રતીક છે. માર્ગને=તત્ત્વપથને, અનુસરે છે એવા સ્વભાવવાળો માર્ગાનુસારી છે=મોહનાશને અનુકૂળ જે તત્ત્વપથ છે તેને સર્વ ઉદ્યમથી અનુસરે એવા સ્વભાવવાળો માર્ગાનુસારી છે. (તે) નિસર્ગથી=સ્વભાવથી, તત્ત્વને અનુકૂળ પ્રવૃત્તિવાળો છે; કેમ કે ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ છે=આત્માના નિરાકુળ સ્વભાવમાં વિશ્રાંતિને અનુકૂળ ઉદ્યમ કરી શકે તે રીતનો ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ છે અને આ=ચારિત્ર, તત્ત્વની પ્રાપ્તિ પ્રત્યે=આત્માના નિરાકુળ સ્વભાવમાં વિશ્રાંતિને અનુકૂળ તત્ત્વની અવાપ્તિ પ્રત્યે, અવંધ્યકારણ છે. જેમ જંગલમાં રહેલો

વિવક્ષિત નગરની પ્રાપ્તિની સદ્યોગ્યતાથી યુક્ત અંધ પુરુષ જ છે.

અને શ્રદ્ધાવાળો ચારિત્રી છે, એમ અન્વય છે. તત્ત્વ પ્રત્યે શ્રદ્ધાવાળો છે; કેમ કે તત્પ્રત્યનીક ક્લેશહ્રાસના અતિશયથી=આત્માના નિરાકુળ સ્વભાવ પ્રત્યે રુચિ કરાવે તેમાં બાધક એવા ક્લેશના હ્રાસના અતિશયથી, પ્રાપ્તવ્ય મહાનિધાન અને તેના ગ્રહણના વિધાનના ઉપદેશમાં શ્રદ્ધાળુ નરની જેમ શ્રદ્ધાવાળો છે, એમ અન્વય છે. અથવા વિહિત અનુષ્ઠાનની રુચિવાળો છે=પોતાની ભૂમિકા અનુસાર સર્વવિરતિને અથવા દેશવિરતિને અનુકૂળ ઉચિત અનુષ્ઠાનોમાં રુચિવાળો છે.

અને આ જ કારણદ્વયથી=ચારિત્રી માર્ગાનુસારી અને શ્રદ્ધાવાળો છે એ જ કારણદ્વયથી, પ્રજ્ઞાપનીય છે=કોઈક રીતે અનાભોગથી અન્યથા પ્રવૃત્તિ થયે છતે=શાસ્ત્રવિધિથી વિપરીત પ્રવૃત્તિ થયે છતે, તેવા પ્રકારના ગીતાર્થ વડે=વિવેકપૂર્વક બોધ કરાવી શકે તેવા પ્રકારના ગીતાર્થ વડે, સંબોધન કરવા માટે શક્ય છે (અને) પ્રાપ્તવ્ય મહાનિધિ અને તદ્ગ્રહણમાં અન્યથા પ્રવૃત્ત અને સુખપૂર્વક બોધ કરાવી શકાય તેવા મનુષ્યની જેમ તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમથી અવિદ્યમાન અસદ્ અભિનિવેશવાળો છે.

અને આ જ કારણથી ક્રિયાપર છે=ચારિત્રમોહનીયકર્મના ક્ષયોપશમથી મુક્તિનું સાધન એવું અનુષ્ઠાન કરવામાં પરાયણ છે. તેવા પ્રકારના નિધાનગ્રાહક પુરુષની જેમ=નિધાન ગ્રહણ કરવામાં તત્પર થયેલ માર્ગાનુસારી-શ્રદ્ધાળુ-પ્રજ્ઞાપનીય પુરુષ અવશ્ય નિધાનને પ્રાપ્ત કરે એવા પ્રકારના નિધાનગ્રાહક પુરુષની જેમ, ક્રિયાપર છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે. 'एव' શબ્દ અવધારણમાં છે અને આ બેનો=સમુચ્ચય અને અવધારણનો, પ્રયોગ આ પ્રમાણે છે – ક્રિયાપર જ છે, અક્રિયાપર પણ નથી; કેમ કે ચારિત્રનું સત્ક્રિયારૂપપણું છે.

અને ગુણરાગી છે=વિશુદ્ધ અધ્યવસાયપણું હોવાને કારણે સ્વગત અથવા પરગત એવા જ્ઞાનાદિ ગુણોમાં રાગ=પ્રમોદ, છે જેને એવો આ ગુણરાગી છે=નિર્મત્સર છે.

અને શક્ય આરંભથી યુક્ત છે=કરવા માટે શક્ય હોય તેવા અનુષ્ઠાનથી યુક્ત છે=શક્યમાં પ્રમાદ કરતો નથી અને અશક્યનો આરંભ કરતો નથી, એ પ્રકારનો ભાવ છે. 'तथा च' એ સમુચ્ચય અર્થવાળો છે અને તેથી માર્ગાનુસારિતાગુણથી યુક્ત અને શક્યઆરંભથી યુક્ત એ પ્રમાણે અર્થ થાય. કોણ થાય છે એથી કહે છે. ચારિત્રી=સર્વથી અથવા દેશથી ચારિત્રયુક્ત થાય છે. ગાથામાં 'भवति' એ શબ્દ અધ્યાહાર છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૬॥

**ભાવાર્થ :-**

**ચારિત્રીનાં લિંગો :-**

દેશવિરતિધર અને સર્વવિરતિધર ચારિત્રી કેવા સ્વરૂપવાળા હોય ? તે બતાવતાં કહે છે –

**(૧) માર્ગાનુસારી :-**

મોક્ષની પ્રાપ્તિને અનુકૂળ એવો જે માર્ગ છે, એને અનુસરનારા ચારિત્રી હોય છે; કેમ કે સંસારથી ભય

પામેલા મોક્ષના અત્યંત અર્થી જીવો તત્ત્વનો નિર્ણય કરીને શક્તિના પ્રકર્ષથી મોક્ષપ્રાપ્તિને અનુકૂળ ઉદ્યમ કરનારા હોય છે. તેથી તેઓમાં આત્માના નિરાકુળ સ્વભાવની વિશ્રાંતિને અનુકૂળ ચારિત્રમોહનીયનો અવશ્ય ક્ષયોપશમભાવ વર્તે છે. માટે તેઓ સ્વભૂમિકાનુસાર દેશવિરતિ અથવા સર્વવિરતિને સેવતા હોય ત્યારે પણ કષાયોનું ઉન્મૂલન થાય, એ પ્રકારે જ અપ્રમાદથી યત્ન કરતા હોય છે. તેઓનું દેશવિરતિચારિત્ર કે સર્વવિરતિચારિત્ર અવશ્ય મોક્ષરૂપ તત્ત્વની પ્રાપ્તિ પ્રત્યે અવંધ્યકારણ છે.

જેમ જંગલમાં રહેલો કોઈ અંધ પુરુષ વિવક્ષિત નગરની પ્રાપ્તિની સદ્યોગ્યતાવાળો હોય તો માર્ગનો ઉચિત નિર્ણય કરીને ઇષ્ટ સ્થાને પહોંચે છે, પરંતુ તે નગરના માર્ગથી અન્ય સ્થાનમાં જતો નથી, તેમ છદ્મસ્થ જીવ અંધતુલ્ય છે તોપણ સર્વજ્ઞના વચનના બલથી મોક્ષપ્રાપ્તિના ઉચિત ઉપાયને જાણીને તે ઉપાયને તે રીતે જ સેવે છે કે જેથી પોતાનો આત્મા કષાયોને અલ્પ-અલ્પતર કરીને વીતરાગભાવમાં નિવેશને અનુકૂળ યત્ન કરીને અવશ્ય તત્ત્વની પ્રાપ્તિ કરે અર્થાત્ મોક્ષરૂપ ફલની પ્રાપ્તિ કરે. આથી જ શક્તિના અભાવવાળા શ્રાવકો પણ વારંવાર મોક્ષનું સ્વરૂપ અને તેની પ્રાપ્તિ પ્રત્યે એકમાત્ર કારણભૂત ત્રણ ગુપ્તિના સામ્રાજ્યનું સૂક્ષ્મ સ્વરૂપ શાસ્ત્રવચનથી જાણવા યત્ન કરે છે અને તેનાથી તે રીતે ભાવિત થાય છે કે જેથી તેમની દેશવિરતિ સર્વવિરતિનું કારણ બને અને સર્વવિરતિ સિદ્ધત્વરૂપ વીતરાગતાનું કારણ બને. એથી જંગલમાં રહેલો શાતાના ઉદયવાળો અંધ પુરુષ જેમ પોતાની નિપુણમતિના બળથી ઉચિત ઉપાયનો નિર્ણય કરીને ઇષ્ટ નગરને પ્રાપ્ત કરે છે, તેમ અંધ તુલ્ય પણ માર્ગાનુસારી જીવ મોક્ષસ્થાનરૂપ ઇષ્ટ નગરની પ્રાપ્તિ કરે છે.

**(૨) શ્રાદ્ધ :-**

વળી, ચારિત્રી શ્રદ્ધાવાળો હોય છે કે મોક્ષ જ જીવની સુંદર અવસ્થા છે અને તેની પ્રાપ્તિનો ઉપાય મોહનાશને અનુકૂળ યત્ન કરાવે તે પ્રકારના માર્ગને બતાવનાર ભગવાનનું વચન છે માટે ચારિત્રીમાં તે પ્રકારની સ્થિર રુચિ હોય છે; કેમ કે તત્ત્વ પ્રત્યે રુચિમાં બાધક એવા ક્લેશના હ્રાસના અતિશયને કારણે તેની રુચિ તત્ત્વમાં જ હોય છે. જેમ જે પુરુષ મહાનિધાનની પ્રાપ્તિનો અર્થી હોય, તેને તે મહાનિધાનના ગ્રહણની વિધિના ઉપદેશના શ્રવણમાં સ્થિર રુચિ હોય છે, તેમ ચારિત્રીને મહાનિધાનતુલ્ય મોક્ષને પ્રાપ્ત કરવામાં જે સર્વજ્ઞ દ્વારા કથિત વિધિ છે, તેના ઉપદેશમાં અત્યંત રુચિ હોય છે. આથી જ દેશવિરતિચારિત્રધર અને સર્વવિરતિ-ચારિત્રધર જીવો લેશ પણ આત્મવંચના કર્યા વગર શક્તિના પ્રકર્ષથી અંતરંગ ઉદ્યમ થાય તે રીતે વિહિત અનુષ્ઠાનમાં રુચિવાળા હોય છે, પરંતુ માત્ર બાહ્યક્રિયામાં સંતોષ પામનારા હોતા નથી.

**(૩) પ્રજ્ઞાપનીય :-**

ચારિત્રધર જીવો માર્ગાનુસારી પ્રવૃત્તિ કરનારા છે અને તેમને તત્ત્વ પ્રત્યે તીવ્ર રુચિ વર્તે છે એ બે કારણથી, તેઓ પ્રજ્ઞાપનીય છે. છદ્મસ્થ અવસ્થાને કારણે ક્યારેક અનાભોગથી શાસ્ત્રના અર્થ સંબંધી ઉચિત નિર્ણય ન થાય અને તેના કારણે વિપરીત પ્રવૃત્તિ થતી હોય તોપણ માર્ગાનુસારી અને તત્ત્વની શ્રદ્ધાવાળા જીવોનું વલણ તત્ત્વ પ્રતિ હોવાથી આવા મહાત્માઓને કોઈ વિશિષ્ટ ગીતાર્થ મળે તો સુખપૂર્વક

તેમને યથાર્થ બોધ કરાવી શકે છે; કેમ કે તેઓની મોક્ષમાં જવાની ઉત્કટ ઇચ્છા છે, મોક્ષની તીવ્ર રુચિ છે. સ્વરુચિમાં ક્યાંય અભિનિવેશ નથી, પરંતુ ભગવાનના વચનમાં જ તીવ્ર રુચિ છે, તેથી જ પ્રજ્ઞાપનીય છે.

જેમ કોઈ પુરુષ મહાનિધાનને ગ્રહણ કરવામાં પ્રવૃત્ત થયો હોય તે ક્યારેક અનાભોગથી વિપરીત પ્રવૃત્તિ કરતો હોય તોપણ મહાનિધાનનો અત્યંત અર્થી હોવાથી કોઈ પુરુષ તેની પ્રવૃત્તિમાં થતી વિપરીત આચરણા બતાવે તો સુખપૂર્વક તેને તે સ્વીકારે છે તેમ મહાનિધાનતુલ્ય મોક્ષ માટે યત્ન કરનારા ચારિત્રધર જીવો પણ અનાભોગથી વિપરીત પ્રવૃત્તિ કરતા હોય અને ગીતાર્થ યોગ્ય રીતે ઉચિત દિશા બતાવે તો સુખપૂર્વક તેમના વચનથી તેઓ તત્ત્વનો સ્વીકાર કરે છે. આથી જ આવા ચારિત્રધર મહાત્માઓને તેવા ગીતાર્થની અપ્રાપ્તિ હોય અને પ્રવૃત્તિ વિપરીત થતી હોય તોપણ અંતરંગ પરિણામથી તો તેઓ માર્ગને અભિમુખ જ ચાલવાની પરિણતિવાળા છે, તેથી બાહ્યથી વિપરીત પ્રવૃત્તિ થવા છતાં સર્વથા માર્ગથી ભ્રષ્ટ થતા નથી, ફક્ત ગીતાર્થની પ્રાપ્તિથી વિશેષ પ્રકારના ભાવો થવાના કારણે વિશેષથી માર્ગ ઉપર ગમન કરી શકે છે.

### (૪) ક્રિયાપર :-

વળી, ચારિત્રધર જીવો માર્ગાનુસારી, શ્રદ્ધાવાળા અને પ્રજ્ઞાપનીય છે, તેથી તે ક્રિયામાં તત્પર છે; કેમ કે સંસારના ઉચ્છેદના અત્યંત અર્થી છે અને મોક્ષની પ્રાપ્તિની તીવ્ર રુચિ છે. સ્વમતિથી ચાલવાની વૃત્તિ નથી, એથી પ્રજ્ઞાપનીય છે. માટે મોક્ષના ઉપાયભૂત સંયમની ઉચિત ક્રિયાઓ ચારિત્રી તે રીતે જ કરે છે, જેથી ચિત્ત આત્મા નિરાકુળ સ્વભાવમાં સતત વિશ્રાંત-વિશ્રાંતતર થાય અને ત્રણ ગુપ્તિને અનુકૂળ અંતરંગ બળનો સંચય થાય.

જેમ ઉપર જણાવેલ નિધાનને ગ્રહણ કરવામાં તત્પર થયેલો પુરુષ તે નિધાનની પ્રાપ્તિની ઉચિત વિધિને સેવવામાં પ્રમાદ કરતો નથી તેમ મહાનિધાનતુલ્ય મોક્ષને સાધવામાં તત્પર થયેલ ચારિત્રધર મહાત્મા પોતાના મોહનું ઉન્મૂલન થાય તેને અનુરૂપ ઉચિત ક્રિયાના સેવનમાં ક્યારેય પ્રમાદ કરતા નથી. ફક્ત શારીરિક વૈગુણ્યાદિને કારણે ક્વચિદ્ કોઈ પ્રકારની બાહ્ય ક્રિયા ન કરે તોપણ તે તે ક્રિયાથી અપેક્ષિત અંતરંગભાવોને અનુરૂપ પોતાની શક્તિ અનુસાર તે તે ક્રિયા ચારિત્રી અવશ્ય કરે છે.

જેમ ક્ષીણ થયેલા જંઘાબળવાળા મુનિ નવકલ્પી વિહાર કરવા અસમર્થ બને તોપણ ક્ષેત્રાદિના પ્રતિબંધનો પરિહાર થાય, તે રીતે સંથારાનું પરાવર્તન કરીને પણ નવકલ્પીવિહારની ક્રિયાનું પાલન કરે છે, તેમ મોક્ષનો અર્થી એવો શ્રાવક પણ સર્વવિરતિની શક્તિનો સંચય થાય એ પ્રકારે સ્વભૂમિકાનુસાર સર્વ ઉચિત ક્રિયાઓ કરે છે. આથી શક્તિને ગોપવ્યા વગર સ્વભૂમિકાના પંચાચારનું પાલન પણ મોક્ષના અર્થી એવા દેશવિરતિધર શ્રાવકો કરે છે.

### (૫) ગુણરાગી :-

વળી, ચારિત્રી ગુણના રાગવાળા હોય છે; કેમ કે મોક્ષ પૂર્ણ ગુણસ્વરૂપ છે અને તેની પ્રાપ્તિનો ઉપાય મોક્ષના કારણીભૂત ગુણો છે, તેવો તેમને સ્થિર નિર્ણય હોય છે. તેથી સ્વગત કે પરગત ગુણોને જોઈને

તેઓને પ્રમોદ થાય છે. સ્વગત ગુણો પુષ્ટ-પુષ્ટતર થાય, તે રીતે ચારિત્રીને પ્રમોદ થાય છે; પરંતુ પોતાની બાહ્ય આચરણાનું લોકોને પ્રદર્શન કરીને તેઓ માનકષાયની વૃદ્ધિ કરનારા થતા નથી. વળી, અન્ય જીવોમાં રહેલા મોક્ષને અનુકૂળ ગુણોને જોઈને તેઓને હર્ષ થાય છે, પરંતુ મત્સરભાવ થતો નથી. જોકે આવો ગુણરાગ સમ્યગ્દૃષ્ટિમાં પણ અવશ્ય હોય છે તોપણ ચારિત્રીમાં તે ગુણ સમ્યગ્દૃષ્ટિ કરતાં વિશેષ હોય છે, તે બતાવવા માટે ચારિત્રીનું લિંગ ગુણરાગી છે, એમ કહેલ છે.

**(૬) શક્યારંભસંગત :-**

વળી, ચારિત્રી શક્યઆરંભ કરનારા હોય છે અર્થાત્ જે કૃત્યથી અંતરંગ ગુણવૃદ્ધિ થાય, એવું શક્ય કૃત્ય તેઓ અવશ્ય કરતા હોય છે પરંતુ અશક્યમાં યત્ન કરતા નથી; કેમ કે તેઓની અંતરંગ ગુણવૃદ્ધિમાં જ અર્થિતા છે, માત્ર બાહ્ય આચરણામાં નહિ. જોકે સમ્યગ્દૃષ્ટિ જીવો પણ મોક્ષના અર્થી છે, તેથી શક્તિ અનુસાર ઉચિત અનુષ્ઠાનો કરીને મોહનો નાશ કરે છે અને અશક્ય હોવાથી દેશવિરતિ આદિ ગ્રહણ કરતા નથી તોપણ 'ચારિત્રી વિશેષતયા શક્યઆરંભી છે' તેમ બતાવીને જેઓ શક્ય આરંભ કરનારા નથી; પરંતુ રાભસિક વૃત્તિથી અનુષ્ઠાન કરનારા છે, તેઓ ચારિત્રી નથી, તેવો બોધ કરાવવા અર્થે ચારિત્રીને શક્યઆરંભસંગત કહેલ છે. **॥૩/૬॥**

**અવતરણિકા :-**

**अपुनर्बन्धकादीनां स्वरूपमभिहितम्, अथ तेषामेव भाववन्दनायामधिकारितां शेषाणां चानधिकारितां दर्शयन्निदमाह –**

**અવતરણિકાર્થ :-**

**અપુનર્બંધકાદિનું સ્વરૂપ કહેવાયું. હવે તેઓની જ=અપુનર્બંધકાદિની જ, ભાવવંદનામાં અધિકારિતાને અને શેષ જીવોની અનધિકારિતાને બતાવતાં ગ્રંથકારશ્રી આને કહે છે –**

**ગાથા :-**

**एते अहिगारिणो इह ण उ सेसा दव्वओ वि जं एसा ।**
**इयरीए जोग्गयाए सेसाण उ अप्पहाण त्ति ।।३/७।।**

**છાયા :-**

**एते अधिकारिण इह न तु शेषा द्रव्यतोऽपि यदेषा ।**
**इतरस्या योग्यतायां शेषाणां तु अप्रधाना इति ।।३/७।।**

**અન્વયાર્થ :-**

**एते=આ=અપુનર્બંધકાદિ, इह=અહીં=ભાવવંદનામાં, अहिगारिणो=અધિકારી છે. सेसा=શેષ, दव्वओ=**

દ્રવ્યથી, वि=પણ, ण=નથી=અધિકારી નથી. जं=જે કારણથી, एसा=આ=દ્રવ્યવંદના, इयरीए=ઈતરની= ભાવવંદનાની, जोग्गयाए=યોગ્યતામાં છે. उ=વળી, सेसाण=શેષને, अप्पहाण=અપ્રધાન દ્રવ્યવંદના છે.

'त्ति' વાક્યની પરિસમાપ્તિમાં છે. ॥૩/૭॥

ગાથાર્થ :-

**આ=અપુનર્બંધકાદિ, અહીં=ભાવવંદનામાં, અધિકારી છે. શેષ દ્રવ્યથી પણ નથી=અધિકારી નથી. જે કારણથી આ=દ્રવ્યવંદના, ઈતરની=ભાવવંદનાની, યોગ્યતામાં છે. વળી, શેષને અપ્રધાન દ્રવ્યવંદના છે. ॥૩/૭॥**

ટીકા :-

व्याख्या—'एते' इत्यादि । एते=अनन्तरोक्तस्वरूपा अपुनर्बन्धकादयः, अधिकारिणः=तद्योग्यत्वेनाधिकारवन्तः, इह=भाववन्दनायाम्, न तु शेषाः=न पुनरपुनर्बन्धकादिभ्योऽपरे=मार्गाभिमुखमार्गपतितसकृद्बन्धकतदन्यमिथ्यादृशः, अधिकारिण इति प्रकृतम् । कुत एतदेवम् ? इत्याह — द्रव्यतोऽपि=भावव्यतिरेकेणापि, आस्तां भावतः, यद्=यस्मात्कारणात्, एषा=वन्दना द्रव्यवन्दनाऽपीत्यर्थः, इतरस्याः=भावतो वन्दनायाः, योग्यतायाम्=अर्हतायां सत्यां भवति नान्यथा, अतः कथं शेषा भाववन्दनाऽधिकारिणो भवन्ति ? इति । ननु भाववन्दनाया अयोग्यानामपि केषांचिद् द्रव्यवन्दनेष्यतेऽतः कथमुक्तं भाववन्दनाऽनर्हाणां द्रव्यवन्दनाऽपि न भवति ? इत्यत्राह — शेषाणां तु=शेषाणां पुनरपुनर्बन्धकादिभ्योऽन्येषां सकृद्बन्धकादीनाम्, अप्रधाना=अनुत्तमा, द्रव्यवन्दना भवति न तु प्रधाना भाववन्दनाया अकारणत्वात्तस्याः । इदमुक्तं भवति — द्रव्यशब्दो योग्यतायामप्राधान्ये च वर्तते, तत्र शेषाणां भाववन्दनाऽयोग्यत्वेन या प्रधाना द्रव्यवन्दना सा न भवति । तदयोग्यतया त्वप्रधानद्रव्यवन्दना स्यादपि । इतिशब्दो वाक्यार्थसमाप्तौ । इति गाथार्थः ।।३/७।।

ટીકાર્થ :-

एते ..... गाथार्थः ।। 'एते इत्यादि' પ્રતીક છે. અહીં=ભાવવંદનામાં, આ=અનંતર ઉક્ત સ્વરૂપવાળા અપુનર્બંધક આદિ, અધિકારી છે=તેના યોગ્યપણાથી અધિકારવાળા છે. વળી, શેષ=અપુનર્બંધક આદિથી અપર=માર્ગાભિમુખ-માર્ગપતિત-સકૃદ્બંધક અને તેનાથી અન્ય મિથ્યાદૃષ્ટિઓ, અધિકારી નથી. અધિકારી એ પ્રકૃત છે.

કેમ આ પ્રમાણે છે ?=શેષ અનધિકારી છે ?, એથી કહે છે —

જે કારણથી દ્રવ્યથી પણ=ભાવવ્યતિરેકથી પણ, ભાવથી તો દૂર રહો, ભાવવ્યતિરેકથી પણ, આ વંદના=દ્રવ્યવંદના, પણ ઈતરની=ભાવથી વંદનાની, યોગ્યતા હોતે છતે થાય છે. અન્યથા થતી નથી.

**આથી કેવી રીતે શેષ જીવો ભાવવંદનાના અધિકારી થાય ? અર્થાત્ ભાવવંદનાના કારણીભૂત દ્રવ્યવંદનાના પણ તેઓ અધિકારી નથી.**

**'નનુ'થી શંકા કરે છે – ભાવવંદનાને અયોગ્ય પણ કેટલાક જીવોને દ્રવ્યવંદના ઈચ્છાય છે, આથી ભાવવંદનાને અયોગ્ય જીવોને દ્રવ્યવંદના પણ થતી નથી એવું કેમ કહ્યું ? એ પ્રકારની શંકામાં કહે છે –**

**વળી, શેષ જીવોને=અપુનર્બંધકાદિથી અન્ય એવા સકૃદ્બંધક આદિને, અપ્રધાન=અનુત્તમ, એવી દ્રવ્યવંદના થાય છે; પરંતુ પ્રધાન દ્રવ્યવંદના થતી નથી; કેમ કે તેનું ભાવવંદનાનું અકારણપણું છે, આ કહેવાયેલું થાય છે – દ્રવ્ય શબ્દ યોગ્યતામાં અને અપ્રધાનપણામાં વર્તે છે, ત્યાં=બે પ્રકારના દ્રવ્ય શબ્દમાં, શેષ જીવોનું=અપુનર્બંધક આદિથી અન્ય એવા સકૃદ્બંધક આદિ જીવોનું, ભાવવંદનાને અયોગ્યપણું હોવાથી જે પ્રધાનદ્રવ્યવંદના છે, તે થતી નથી. તેના અયોગ્યપણાથી=ભાવવંદનાના અયોગ્યપણાથી, અપ્રધાનદ્રવ્યવંદના થાય પણ છે. 'इति' શબ્દ વાક્યાર્થની સમાપ્તિમાં છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૭॥**

**ભાવાર્થ :-**

ભાવવંદનાના અધિકારી તત્ત્વને સન્મુખ એવા અપુનર્બંધક, સમ્યગ્દૃષ્ટિ અને ચારિત્રી છે, એથી તેઓ સૂત્રોના અર્થના આલોચનાદિપૂર્વક સૂત્રોના અર્થને જાણનારા હોય અને ઉપયોગપૂર્વક ચૈત્યવંદનાદિ કરતા હોય તો તેઓને ભાવવંદનાની પ્રાપ્તિ થાય. વળી, ક્રિયાકાળમાં કોઈક રીતે ઉપયોગ અવ્યાપૃત રહે અને વંદનાની ક્રિયા કરે તો તેઓને પ્રધાનદ્રવ્યવંદનાની પ્રાપ્તિ થાય, જે ભાવવંદનાનું કારણ છે; કેમ કે અપુનર્બંધક આદિ જીવોને ભગવાન પ્રત્યે બહુમાનભાવ વર્તે છે. ફક્ત ક્રિયાકાળમાં ચિત્ત પ્રમાદવાળું છે, તેથી અનુપયોગપૂર્વક ક્રિયા કરે છે, તોપણ ભગવાન પ્રત્યેના બહુમાનભાવથી સંવલિત પરિણતિવાળા હોવાથી તેઓની વંદનાની ક્રિયા પ્રધાનદ્રવ્યવંદનાની ક્રિયા છે અને સકૃદ્બંધકાદિ જીવોની દ્રવ્યવંદના અપ્રધાનદ્રવ્યવંદના છે; કેમ કે વીતરાગ પ્રત્યે બહુમાનભાવ થાય તેવો ક્લિષ્ટકર્મોનો અપગમ એ જીવોએ હજી કર્યો નથી. ફક્ત કોઈક નિમિત્તે વંદનાની ક્રિયામાં પ્રવૃત્ત થયા છે, તેથી તેઓની દ્રવ્યવંદના ભાવવંદનાનું કારણ નથી.

વળી, જે અપુનર્બંધક જીવો કોઈક રીતે પ્રમાદી થઈને સંસારની વૃદ્ધિને અભિમુખ પરિણામવાળા છે, તેઓ ઉત્કૃષ્ટ સંક્લેશ કરે તેવી યોગ્યતાવાળા નહિ હોવાથી અપુનર્બંધક છે તોપણ ચૈત્યવંદનકાળમાં ભાવવંદનાને અભિમુખ લેશ પણ પરિણામ નહીં હોવાથી તેઓને પણ દ્રવ્યવંદના હોવાની સંભાવના છે. જેમ શીતલવિહારી સાધુ ભાવસાધુપણાને પામ્યા પછી પ્રમાદવશ થયેલા, જેના કારણે સંયમના યથાતથા આચારો સેવીને અનંત સંસારનું અર્જન કર્યું. તે વખતે તેમને પ્રમાદવશ મુનિભાવનો નાશ થયેલો અને અનંતાનુબંધીકષાયનો ઉદય હતો, તેથી અનંત સંસારનું અર્જન થયું ત્યારે તેઓએ સાધુપણાની ક્રિયારૂપે જે ચૈત્યવંદના કરેલ તે પ્રચુર પ્રમાદદોષથી હણાયેલી હોવાથી અપ્રધાનદ્રવ્યવંદના હોવાની સંભાવના છે. **॥૩/૭॥**

**અવતરણિકા :-**

अथ यदुक्तं शेषाणामप्रधानेति तत्समर्थनार्थमाह –

**અવતરણિકાર્થ :-**

હવે જે કહેવાયું શેષ જીવોને અપ્રધાન દ્રવ્યવંદના છે, એથી તેના સમર્થન માટે કહે છે –

**ગાથા :-**

**ण य अपुणबंधगाओ परेण इह जोग्गया वि जुत्त त्ति ।**
**ण य ण परेण वि एसा जमभव्वाणं पि णिद्दिट्ठा ।।३/८।।**

**છાયા :-**

न च अपुनर्बन्धकात् परेणेह योग्यताऽपि युक्तेति ।
न च न परेणापि एषा यद् अभव्यानामपि निर्दिष्टा ।।३/८।।

**અન્વયાર્થ :-**

य=અને, इह=અહીં=ભાવવંદનામાં, अपुणबंधगाओ=અપુનર્બંધકથી, परेण=પર એવા સકૃદ્‌બંધક આદિની, जोग्गया=યોગ્યતા, वि=પણ जुत्त=યુક્ત, ण=નથી, य=અને, परेण=પર વડે પણ=સકૃદ્‌બંધક આદિ વડે પણ, एसा=આ=દ્રવ્યવંદના, ण=નથી થતી એમ, ण=નહિ અર્થાત્ થાય છે. जं=જે કારણથી, अभव्वाणं=અભવ્યોને, पि=પણ, णिद्दिट्ठा=નિર્દિષ્ટ છે=દ્રવ્યવંદના સ્વીકારાઈ છે. ।।૩/૮।।

**ગાથાર્થ :-**

**અને અહીં=ભાવવંદનામાં અપુનર્બંધકથી પર એવા સકૃદ્‌બંધક આદિની યોગ્યતા પણ યુક્ત નથી અને પર વડે પણ=સકૃદ્‌બંધક આદિ વડે પણ, આ=દ્રવ્યવંદના, નથી થતી એમ નહિ અર્થાત્ થાય છે. જે કારણથી અભવ્યોને પણ નિર્દિષ્ટ છે=દ્રવ્યવંદના સ્વીકારાઈ છે. ।।૩/૮।।**

**ટીકા :-**

व्याख्या–'ण ये'त्यादि । न च=नैव, अपुनर्बन्धकादुक्तस्वरूपात्, परेण=परतः सकृद्बन्धकादीनामित्यर्थः, इह=भाववन्दनायाम्, योग्यताऽपि=अर्हताऽपि, आस्तां भाववन्दना, युक्ता=संगता, संसारभूयस्त्वात्तेषाम्, इतिशब्दो वाक्यार्थसमाप्तौ । तथा न च=नैव, न परेणापि=न परतोऽपि सकृद्बन्धकादेरपि, एषा=द्रव्यवन्दना भवति, भवत्येवेत्यर्थः । कुत एतदेवम् ? इत्याह – यद्=यस्मात् कारणात्, अभव्यानामपि=सिद्धिगमनायोग्यानामपि, आस्तां सकृद्बन्धकादीनाम् । निर्दिष्टा=निदर्शिता आगमे, आर्हतदीक्षासाध्यस्य ग्रैवेयकोपपातस्यानन्तशोऽभव्यानामुक्तत्वात् । अतः शेषाणां

भाववन्दनाऽनर्हत्वेन द्रव्यवन्दनाया अभावात्, तस्याश्च तेषामुक्तत्वादप्रधाना सेति स्थितम् । इति गाथार्थः ।।३/८।।

**ટીકાર્થ :-**

**न च ..... गाथार्थः ।। 'ण येत्यादि' પ્રતીક છે. ઉક્ત સ્વરૂપવાળા અપુનર્બંધકથી પર એવા સકૃદ્બંધક આદિની અહીં=ભાવવંદનામાં, યોગ્યતા પણ યુક્ત નથી. ભાવવંદના દૂર રહો; કેમ કે તેઓનું સંસારબહુલપણું છે. 'इति' શબ્દ વાક્યાર્થની સમાપ્તિમાં છે અહીં ગાથામાં 'परेण' શબ્દ છે તેનો જ અર્થ 'सकृतबन्धकानां' કહેલ છે માટે તે પ્રમાણે યોજન કરવું અને પરને પણ=સકૃદ્બંધક આદિ પરને પણ, આ દ્રવ્યવંદના નથી થતી, એમ નહિ, પરંતુ થાય જ છે.**

**કેમ આ પ્રમાણે છે ?=સકૃદ્બંધક આદિને દ્રવ્યવંદના થાય છે એ પ્રમાણે છે ?, એથી કહે છે –**

**જે કારણથી સકૃદ્બંધક આદિને તો દૂર રહો, અભવ્યોને પણ=સિદ્ધિગમન અયોગ્ય જીવોને પણ, નિર્દિષ્ટ છે=આગમમાં દ્રવ્યવંદના કહેવાઈ છે; કેમ કે આર્હત્દીક્ષાથી સાધ્ય ગ્રૈવેયકના ઉપપાતનું અનંત વખત અભવ્યોને ઉક્તપણું છે. આથી જ શેષ જીવોને=સકૃદ્બંધક આદિ જીવોને, ભાવવંદનાનું અયોગ્યપણું હોવાથી દ્રવ્યવંદનાનો અભાવ હોવાને કારણે અને તેનું=દ્રવ્યવંદનાનું, તેઓને ઉક્તપણું હોવાથી=સકૃદ્બંધક આદિને ઉક્તપણું હોવાથી, અપ્રધાન જ તે છે=દ્રવ્યવંદના છે, એ પ્રમાણે સ્થિત છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૮।।**

**ભાવાર્થ :-**

અપુનર્બંધક જીવોથી અન્ય સકૃદ્બંધક આદિ જીવોને ઉત્કૃષ્ટ ક્લેશની યોગ્યતા હોવાને કારણે વીતરાગ પ્રત્યે બહુમાન થાય તેવી ચિત્તની ભૂમિકા નથી, તેથી જેમ તેઓને ભાવવંદના સંભવતી નથી તે રીતે ભાવવંદનાના કારણીભૂત એવી પ્રધાનદ્રવ્યવંદના પણ તેઓને સંભવતી નથી. શાસ્ત્રમાં અભવ્ય જીવોને પણ દ્રવ્યવંદના સ્વીકારી છે; કેમ કે તીર્થંકર પ્રરૂપિત દીક્ષાના પાલનથી જ અભવ્ય જીવોનો અનંતી વખત ગ્રૈવેયકમાં ઉપપાત થાય છે, ત્યારે તેઓને દ્રવ્યવંદના હોય છે, જે ભાવવંદનાનું કારણ ન થાય તેવી અને આચરણારૂપે દ્રવ્યવંદનાતુલ્ય દેખાય તેવી અપ્રધાનદ્રવ્યવંદના હોય છે, તેની જેમ સકૃદ્બંધક આદિ જીવોને પણ અપ્રધાનદ્રવ્યવંદના હોય છે. **।।૩/૮।।**

**અવતરણિકા :-**

**अथ द्रव्यवन्दनाभाववन्दनयोर्लिङ्गानि दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે દ્રવ્યવંદના અને ભાવવંદનાનાં લિંગોને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

ગાથા :-

लिंगा ण तिए भावो ण तयत्थालोयणं ण गुणरागो ।
णो विम्हओ ण भवभयमिय वच्चासो य दोण्हं पि ।।३/९।।

છાયા :-

लिङ्गानि न तस्यां भावो न तदर्थालोचनं न गुणरागः ।
न विस्मितो न भवभयमिति व्यत्यासश्च द्वयोरपि ।।३/९।।

અન્વયાર્થ :-

तिए=તેમાં=ચૈત્યવંદનામાં, भावो ण=ભાવ નથી=ઉપયોગ નથી, तयत्थालोयणं ण=તદ્અર્થ આલોચન નથી, गुणरागो ण=ગુણનો રાગ નથી, विम्हओ णो=વિસ્મય નથી, भवभयं ण=ભવભય નથી. इय य वच्चासो=અને આ વિપર્યાસ=પૂર્વમાં કહ્યું એ ભાવોનો વિપર્યાસ, दोण्हं पि=બન્નેનાં પણ=દ્રવ્યવંદના અને ભાવવંદના બન્નેનાં પણ, लिंगा=લિંગો છે. ॥૩/૯॥

ગાથાર્થ :-

તેમાં=ચૈત્યવંદનામાં, ભાવ નથી=ઉપયોગ નથી, તદ્અર્થ આલોચન નથી, ગુણનો રાગ નથી, વિસ્મય નથી, ભવભય નથી. અને આ વિપર્યાસ બન્નેનાં પણ=દ્રવ્યવંદના અને ભાવવંદના બન્નેનાં પણ, લિંગો છે. ॥૩/૯॥

ટીકા :-

व्याख्या—'लिंगा णे'त्यादि । 'लिंग' त्ति प्राकृते 'लिङ्गमतन्त्रम्' () इति वचनात् लिङ्गानि= चिह्नानि, द्वयोरपीमानि भवन्तीत्येवं सम्बन्धः कार्यः । तत्र द्रव्यवन्दनायास्तावत्तान्याह — न=नैव, तस्यां=चैत्यवन्दनायाम्, भावः=उपयोगः, तथा न=नैव, तदर्थालोचनं=चैत्यवन्दनासूत्राभिधेयपर्यालोचनम्, तथा न=नैव, गुणरागो=वन्दनीयार्हदादिगतार्हत्त्वभगवत्त्वादिगुणबहुमानः, तथा नो=नैव, विस्मयो मयाऽप्राप्तपूर्वेयं जिनपतिपादपद्मवन्दनाऽनादौ संसारे प्राप्तेत्येवंरूपः प्रमोदः, तथा न=नैव, भवभयं=संसारभीतिः, सामान्येन, वन्दनाविधिविराधनायां वा, एतावन्ति द्रव्यवन्दनाया लिङ्गानि 'अनुपयोगो द्रव्यम्' () इति वचनात्, अनुपयोगरूपाश्चैते भावाभावादयः, एतेषु च भावः सामान्यं शेषास्तद्विशेषा इति । अथ भाववन्दनाया लिङ्गमाह — इत्येतेषां भावाभावादीनां व्यत्यासः=विपर्ययः, तथाहि — वन्दनायां भावः, तदर्थालोचनं, गुणरागः, विस्मयः, भवभयं चेति, चः समुच्चये, 'दोण्हं पि' त्ति द्वयोरपि इति द्रव्यवन्दनाभाववन्दनयोर्न केवलमेकतरस्यामेवेत्यपिशब्दार्थः । अथवा

लिङ्गानां भावः=सत्ता, तस्या वन्दनायाः, सत्कयोर्द्वयोरपि द्रव्यभावयोरिति व्याख्येयम् । इति गाथार्थः ।।३/९।।

**ટીકાર્થ :-**

'लिंग' ..... गाथार्थः ।। 'लिंगा णेत्यादि' પ્રતીક છે. 'लिंगा' એ પ્રાકૃતમાં છે; કેમ કે 'લિંગ અતંત્ર છે' () એ પ્રકારનું વચન છે. લિંગો=ચિહ્નો, બંનેનાં પણ=દ્રવ્યવંદના અને ભાવવંદના બંનેનાં પણ, આ છે, એ પ્રકારે સંબંધ કરવો=ગાથાના અંતિમ ભાગ સાથે સંબંધ કરવો. ત્યાં દ્રવ્યવંદનાનાં તે=લિંગો, કહે છે – તેમાં=ચૈત્યવંદનામાં, ભાવ=ઉપયોગ, નથી=નથી જ અર્થાત્ ચૈત્યવંદનની ક્રિયા દ્વારા ઉચિત પરિણામની નિષ્પત્તિના કારણીભૂત ઉપયોગ નથી જ અને તદ્અર્થ આલોચન=ચૈત્યવંદનસૂત્રના અભિધેય અર્થનું પર્યાલોચન, નથી=નથી જ અર્થાત્ ચૈત્યવંદનસૂત્રથી વાચ્ય ભગવાનના ગુણોના પારમાર્થિક બોધની ઉપસ્થિતિ થાય એ પ્રકારે અર્થોનું પર્યાલોચન નથી જ અને ગુણરાગ=વંદનીય એવા અર્હદાદિગત અર્હત્વ, ભગવત્ત્વ આદિ ગુણો પ્રત્યે બહુમાન નથી=નથી જ અને વિસ્મય=અનાદિ સંસારમાં મારા વડે અપ્રાપ્તપૂર્વ એવી આ જિનપતિના ચરણકમલની વંદના પ્રાપ્ત કરાઈ એવા પ્રકારનો પ્રમોદ, નથી=નથી જ અને ભવભય=સામાન્યથી સંસારની ભીતિ અથવા વંદનાવિધિની વિરાધનામાં ભીતિ, નથી=નથી જ. આટલાં દ્રવ્યવંદનાનાં લિંગો છે; કેમ કે 'અનુપયોગ દ્રવ્ય છે' () એ પ્રકારનું વચન છે અને અનુપયોગરૂપ જ આ ભાવના અભાવાદિ છે અને આ બધામાં=ભાવાદિમાં, ભાવ સામાન્ય છે અને શેષ=તદ્અર્થ આલોચનાદિ, તેના વિશેષો છે=ભાવના વિશેષો છે=ભગવાન પ્રત્યે બહુમાનનો ભાવ એ ભાવ સામાન્ય છે અને તદ્અર્થ આલોચનાદિ તેના વિશેષ ભાવો છે.

હવે ભાવવંદનાના લિંગને કહે છે –

આ પ્રકારે આ=ભાવના અભાવાદિનો વ્યત્યય=દ્રવ્યવંદનાદિમાં વર્તતો ઉપયોગરૂપ ભાવનો અભાવ કે ઉપયોગ વિશેષરૂપ ભાવના અભાવ આદિનો વિપર્યય, ભાવવંદનાનું લિંગ છે, એમ અન્વય છે, તે આ પ્રમાણે – વંદનામાં ભાવ છે=વંદનામાં ઉપયોગ છે, તદ્અર્થ આલોચન છે, ગુણનો રાગ છે, વિસ્મય છે અને ભવભય છે. ગાથામાં 'च' શબ્દ સમુચ્ચયમાં છે. બંનેનાં પણ=દ્રવ્યવંદના અને ભાવવંદના બંનેનાં પણ, લિંગો છે, એમ અન્વય છે અર્થાત્ દ્રવ્યવંદનાનાં 'ભાવ નથી' ઈત્યાદિ લિંગો છે અને તેનો વ્યત્યય અર્થાત્ 'ભાવ છે' ઈત્યાદિરૂપ વ્યત્યય, એ ભાવવંદનાનાં લિંગો છે, એમ બન્નેનાં પણ=દ્રવ્યવંદના ભાવવંદનાનાં લિંગો છે. કેવલ એકતરનાં જ લિંગો નથી, એ 'अपि' શબ્દનો અર્થ છે.

'द्वयोरपि' શબ્દનો અથવાથી અન્ય પ્રકારે અર્થ કરે છે –

તેના=વંદનાના, સંબંધી એવા બંનેનાં પણ=દ્રવ્યભાવ બંનેનાં પણ લિંગોનો ભાવ=સત્તા છે એ પ્રમાણે વ્યાખ્યાન કરવું. ગાથામાં રહેલ 'दोण्हंपि' અર્થ પ્રથમ કર્યા એ પ્રમાણે દ્રવ્યવંદના અને ભાવવંદના બંનેનું પણ લિંગ પૂર્વનું કથન છે અને 'અથવા'થી કહ્યું એ પ્રમાણે તે વંદનાનો=જે વંદનાનો અધિકાર ચાલે છે તે વંદનાના, સંબંધી એવા દ્રવ્ય અને ભાવનાં લિંગોની સત્તા પૂર્વનું કથન છે એ પ્રમાણે અર્થ છે. ॥૩/૯॥

**ભાવાર્થ :-**

**દ્રવ્યવંદના અને ભાવવંદનાના લિંગો :-**

**(૧) ચૈત્યવંદનના સૂત્રોમાં ઉપયોગ-અનુપયોગ :-**

જે મહાત્મા ચૈત્યવંદનનાં સૂત્રોના પારમાર્થિક અર્થોને જાણીને ઉપયોગપૂર્વક ચૈત્યવંદનમાં યત્નવાળા હોય તેઓને ચૈત્યવંદનનાં સૂત્રોમાં ઉપયોગ વર્તે છે. જેમ 'ભગવાન સકલ કુશલોની લતારૂપ છે' તેવું સાંભળવાથી પોતાની સર્વ કુશલ પરંપરાનું કારણ ભગવાનના ગુણોનો ઉપયોગ છે, તેવો જેને બોધ થયો છે, તેને વીતરાગના વીતરાગતા આદિ ગુણો સાથે પોતાનો યોજન કરાયેલો ઉપયોગ સર્વ કુશલની પરંપરાનું કારણ છે, તે પ્રકારે ચૈત્યવંદનકાળમાં ઉપયોગ વર્તે છે. આ ઉપયોગ ભાવચૈત્યવંદનાનું લિંગ છે.

જેઓને આવો કોઈ ઉપયોગ નથી; પરંતુ હું ભગવાનનું ચૈત્યવંદન કરું છું, તેવા પ્રતિસંધાનમાત્રથી સૂત્રો બોલવાનો પરિણામ છે, તે પરિણામ ઉપયોગ વગરની ક્રિયારૂપ હોવાથી દ્રવ્યવંદના છે. જોકે જીવનું લક્ષણ ઉપયોગ છે, તેથી હું ચૈત્યવંદન કરું છું, એ પ્રકારનો ઉપયોગ ચૈત્યવંદન કરનારને વર્તતો જ હોય છે; તોપણ બોલાતા શબ્દોથી વાચ્ય ભાવોને સ્પર્શી શકે તેવો બોધ જેઓએ કર્યો નથી, તેઓનો ચૈત્યવંદનનો ઉપયોગ પરમાર્થથી ભગવાનના ગુણોને સ્પર્શનારો નથી; પરંતુ તદ્દગુણના વાચક શબ્દોને સંમૂર્ચ્છિમ રીતે બોલવાના ઉપયોગ છે. તેથી તે વંદના ઉપયોગ વગરની હોવાથી દ્રવ્યવંદના છે. આ ઉપયોગના જ વિશેષ રીતે ચાર પ્રકાર છે, તે તદર્થઆલોચન ઇત્યાદિરૂપે બતાવેલ છે.

**(૨) ચૈત્યવંદનનાં સૂત્રોના અર્થોનું આલોચન-અનાલોચન, ગુણરાગ-ગુણનો અરાગ, વિસ્મય-અવિસ્મય, ભવનો ભય-ભવનો અભય :-**

જેઓ ચૈત્યવંદનનાં સૂત્રોના અર્થોનું આલોચન કરે છે, તેઓને તે તે સૂત્રોથી વાચ્ય અર્થો કઈ રીતે જિનના ગુણોનું સ્મરણ કરાવીને જિનતુલ્ય થવાનું કારણ છે, તે પ્રકારે બોધ થાય છે.

તે સૂત્રોના અર્થોનો બોધ થવાને કારણે તે તે સૂત્રો દ્વારા ભગવાનના તે તે ગુણોનો બોધ થાય છે અને તે તે સૂત્રોથી વાચ્ય ભગવાનના ગુણોમાં રાગ થાય છે, જેના કારણે ભગવાન પ્રત્યે પૂજ્યભાવ વર્તે છે. આવા ગુણોનો રાગ થવાથી તેમને વિસ્મય થાય છે અર્થાત્ 'આ પ્રકારે આવા ભાવોથી આ સૂત્રોના અર્થો મારા વડે પૂર્વે અનંતકાળમાં ક્યારેય પ્રાપ્ત કરાયા નથી, જેથી હજી સુધી સંસારનો ક્ષય થયો નથી, પણ હવે અવશ્ય અલ્પકાળમાં સંસારનો ક્ષય થશે.' વળી, આવા સ્વરૂપવાળા ચૈત્યવંદનને હું તદ્દઅર્થ આલોચનને કારણે પ્રાપ્ત કરી શક્યો છું, તેવી અપૂર્વ પ્રાપ્તિનો હર્ષ થાય છે.

વળી, સૂત્રોના અર્થોના આલોચનને કારણે જે ગુણનો રાગ થયો અને તેના કારણે અપૂર્વ પ્રાપ્તિનો હર્ષ થયો હોવા છતાં પોતે દૃઢ પ્રણિધાનપૂર્વક વંદના કરી શકતા નથી, તે સ્ખલનાને કારણે તેમને સંસારનો ભય લાગે છે અર્થાત્ હું વિરાધક છું કે જેથી અપૂર્વ એવા ચૈત્યવંદનને પામીને પણ સંસારનો ક્ષય થાય, એ પ્રકારે દૃઢ યત્ન કરી શકતો નથી. જેઓ દૃઢ યત્ન કરતાં હોય તેમને ભવનો ભય હોવા છતાં પ્રસ્તુત ક્રિયામાં પ્રમાદકૃત ભય નથી.

આ પ્રકારે ચાર ઉપયોગોના પ્રતિસંધાનવાળાં ચૈત્યવંદનસૂત્રોના અર્થોનો જેઓને બોધ છે, ભગવાનના ગુણોનો રાગ છે, વિસ્મય છે અને ભવભય છે તેઓને ચૈત્યવંદનના ક્રિયાકાળમાં ઉપયોગોની સ્ખલના થતી હોય તોપણ તદ્અર્થ આલોચનાદિજન્ય કોઈક કોઈક ભાવો પ્રવર્તે છે, તે ઉપયોગ સ્વરૂપ છે, તે અંશથી તે ભાવવંદના છે. શેષકાળમાં જેઓએ તદ્અર્થ આલોચનાદિ કરીને ચૈત્યવંદનના સ્વરૂપનું પારમાર્થિક પ્રતિસંધાન કર્યું છે, તેઓને ધૃતિપૂર્વક ચૈત્યવંદન કરવાનો અધ્યવસાય વર્તે છે તોપણ નિમિત્તોને કારણે ઉપયોગમાં સ્ખલના થાય છે, ત્યારે હું વિરાધક છું, એ રૂપ ઉપયોગ દ્વારા પણ તે ચૈત્યવંદનની ક્રિયામાં ભાવ વર્તે છે. તેથી તેની વંદના ભાવવંદના કહેવાય છે.

જેઓને ચૈત્યવંદનની ક્રિયામાં સામાન્યથી ઉપયોગ નથી, વળી તદ્અર્થ આલોચનાદિ ચાર ઉપયોગમાંથી કોઈ વિશેષ ઉપયોગ નથી; કેમ કે સંસારનો ભય નથી આથી જ સંસારના ઉચ્છેદના ઉપાયભૂત ચૈત્યવંદનના પરમાર્થને જાણવા યત્ન કરતા નથી, તેઓની ચૈત્યવંદનની ક્રિયા દ્રવ્યવંદના છે. તેથી ભાવવંદનાજન્ય નિર્જરાના ફલને તેઓ પ્રાપ્ત કરતા નથી, પરંતુ મેં ભગવાનના ચૈત્યની વંદના કરી છે, તેવો સામાન્ય શુભભાવમાત્ર કરીને તેટલા ફલને પ્રાપ્ત કરે છે. ગુણનિષ્પત્તિના કારણભૂત તેઓની વંદના બનતી નથી. **॥૩/૯॥**

**અવતરણિકા :-**

**लिङ्गान्तरैर्द्रव्यभाववन्दनयोरेव भेदज्ञापनायाह –**

**અવતરણિકાર્થ :-**

**લિંગાન્તરો વડે દ્રવ્યવંદનાના અને ભાવવંદનાના જ ભેદના જ્ઞાપન માટે કહે છે –**

**ગાથા :-**

**वेलाइ विहाणंमि य तग्गयचित्ताइणा य विण्णेओ ।**
**तव्वुड्ढिभावभावेहिं तह य दव्वेयरविसेसो ।।३/१०।।**

**છાયા :-**

**वेलया विधाने च तद्गतचित्तादिना च विज्ञेयः ।**
**तद्वृद्धिभावाभावाभ्यां तथा च द्रव्येतरविशेषः ।।३/१०।।**

**અન્વયાર્થ :-**

**वेलाइ=વેલાથી=ચૈત્યવંદનના ઉચિત કાળરૂપ વેલાથી તથા વેલાના અભાવથી, दव्वेयरविसेसो=દ્રવ્ય-ઈતરનો વિશેષ, विण्णेओ=જાણવો. य=અને, विहाणंमि=વિધાન કરાયે છતે=ચૈત્યવંદનાની વિધિમાં પ્રવૃત્તિ કરાયે છતે તથા નહિ કરાયે છતે, (દ્રવ્ય-ઈતરનો ભેદ જાણવો.) य=અને, तग्गयचित्ताइणा=તદ્ગત ચિત્તાદિથી=તદ્ગત ચિત્તાદિના ભાવ-અભાવથી, (દ્રવ્ય-ઈતરનો ભેદ જાણવો.) य=અને, तह=તે**

પ્રમાણે=જે પ્રમાણે વેલાદિથી છે તે પ્રમાણે, तव्वुड्ढिभावभावेहिं=તેની વૃદ્ધિના ભાવ અને અભાવ દ્વારા (દ્રવ્ય-ઈતરનો ભેદ જાણવો.) ॥૩/૧૦॥

**ગાથાર્થ :-**

**વેલાથી=ચૈત્યવંદનના ઉચિત કાળરૂપ વેલાથી તથા વેલાના અભાવથી, દ્રવ્ય-ઈતરનો વિશેષ જાણવો અને વિધાન કરાયે છતે=ચૈત્યવંદનાની વિધિમાં પ્રવૃત્તિ કરાયે છતે તથા નહિ કરાયે છતે, (દ્રવ્ય-ઈતરનો ભેદ જાણવો.) અને તદ્ગત ચિત્તાદિથી=તદ્ગત ચિત્તાદિના ભાવ-અભાવથી, (દ્રવ્ય-ઈતરનો ભેદ જાણવો.) અને તે પ્રમાણે=જે પ્રમાણે વેલાદિથી છે તે પ્રમાણે, તેની વૃદ્ધિના ભાવ અને અભાવ દ્વારા (દ્રવ્ય-ઈતરનો ભેદ જાણવો.) ॥૩/૧૦॥**

**ટીકા :-**

**व्याख्या—'वेलाई'त्यादि । वेलया=नियतकालरूपया सन्ध्यादिकया, अनाराध्यमानया आराध्यमानया च क्रमेण द्रव्येतरविशेषो ज्ञेय इति सम्बन्धः, एवं सर्वपदेषु । तथा विधाने=चैत्यवन्दनाविधौ नैषेधिकीत्रितयादिरूपे, असति सति च ।**

**तच्चेदम् —**

'तिण्णि निसीहि य तिण्णि, पयाहिणा तिण्णि चेव य पणामा ।
तिविहा पूया य तहा, अवत्थतियभावणा चेव ।।१।।
तिदिसि निरिक्खणविरती, पयभूमिपमज्जणं च तिक्खुत्तो ।
वण्णाइतियं मुद्दातियं च तिविहं च पणिहाणं ।।२।।' **[चैत्यवन्दनभाष्य० ६-७]**

**पुष्पामिषस्तोत्रभेदात् पूजात्रैविध्यं, छद्मस्थकेवलिसिद्धभेदेनावस्थात्रैविध्यं, वर्णादित्रयं वर्णार्थालम्बनरूपं, मनोवाक्कायभेदेन प्रणिधानत्रैविध्यमिति । तथा तद्गतचित्तादिना=चैत्यवन्दनाविषयमनःप्रभृतिना, असता सता चेति गम्यम्, आदिशब्दाद्वन्दनागतवाक्कायपरिग्रहः, चशब्दः समुच्चयार्थः, विज्ञेयो=ज्ञातव्यः, तथा तद्वृद्धेः=चैत्यवन्दनवृद्धेः, स्तवादिपाठापाठाभ्यां यौ भावाभावौ=सत्त्वासत्त्वे तौ तथा ताभ्यां यथायोग्यं द्रव्येतरविशेषो ज्ञेयः, अथवा तद्वृद्धिश्च भावाभावश्च=रोमाञ्चादिलिङ्ग्यभक्तिसद्भावः(वाभावः), अथवा तद्वृद्धिभावश्चाभावश्चेति तद्वृद्धिभावाभावौ ताभ्यामसद्भ्यां सद्भ्यां चेति गम्यम्, (सदसद्भ्यां चेति गम्यम्) 'तह य' त्ति यथा वेलादिना तथैव च तद्वृद्धिभावाभावाभ्यां च, द्रव्यं=द्रव्यवन्दन-म्, इतरच्च=भाववन्दनं, द्रव्येतरे तयोर्विशेषः=भेदः, द्रव्येतरविशेषः । इति गाथार्थः ।।३/१०।।**

**ટીકાર્થ :-**

**वेलया ..... गाथार्थः ।। 'वेलाईत्यादि' પ્રતીક છે. વેલાથી=નિયતકાલરૂપ સંધ્યાદિ વેલાથી, અનારાધ્યમાનપણારૂપ વેલાથી અને આરાધ્યમાનપણારૂપ વેલાથી ક્રમશઃ દ્રવ્ય અને ઈતરનો વિશેષ જાણવો. આ રીતે=વેલામાં યોજન કર્યું એ રીતે, સર્વ પદોમાં દ્રવ્ય-ઈતરવિશેષનું યોજન કરવું અને વિધાનમાં= ચૈત્યવંદનાની વિધિમાં, નૈષેધિકીત્રિતયાદિરૂપ વિધિ નહિ હોતે છતે અને હોતે છતે દ્રવ્ય-ઈતર વિશેષ છે, એમ અન્વય છે અને તે=નૈષેધિકીત્રિતયાદિરૂપ વિધિ, આ છે –**

"ત્રણ નિસીહિ, ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ, ત્રણ પૂજા અને ત્રણ અવસ્થાની ભાવના, ત્રણ દિશાના નિરીક્ષણની વિરતિ, ત્રણ વખત પદભૂમિનું પ્રમાર્જન=ચૈત્યવંદન કરવાના સ્થળનું પ્રમાર્જન, વર્ણાદિત્રિક, મુદ્રાત્રિક અને ત્રણ પ્રણિધાન." **॥૧-૨॥ (ચૈત્યવંદનભાષ્ય ગાથા ૬-૭)**

**પુષ્પ, આમિષ અને સ્તોત્રના ભેદથી પૂજાનું ત્રૈવિધ્ય છે. છદ્મસ્થ, કેવલી અને સિદ્ધના ભેદથી અવસ્થાનું ત્રૈવિધ્ય છે. વર્ણાદિત્રય=વર્ણ, અર્થ અને આલંબનરૂપ વર્ણાદિત્રય છે. મન, વચન, કાયાના ભેદથી પ્રણિધાનનું ત્રૈવિધ્ય છે અને તદ્ગતચિત્ત આદિ દ્વારા=ચૈત્યવંદન વિષયક મન વગેરે દ્વારા, અવિદ્યમાનતાથી અને વિદ્યમાનતાથી દ્રવ્ય અને ઈતરનો ભેદ છે, એમ અન્વય છે અને ગાથામાં તદ્ગતચિત્ત આદિ પછી 'सता' અને 'असता' અધ્યાહાર છે. 'आदि' શબ્દથી વંદનાદિગત વચન અને કાયાનો પરિગ્રહ છે. 'च' શબ્દ સમુચ્ચય અર્થવાળો છે અને તદ્ગતચિત્ત આદિ દ્વારા દ્રવ્ય-ઈતરવિશેષ જાણવો, એમ અન્વય છે અને તેની વૃદ્ધિથી=ચૈત્યવંદનની વૃદ્ધિ-અવૃદ્ધિથી=સ્તવાદિ પાઠ અને અપાઠ દ્વારા જે ભાવ-અભાવરૂપ સત્ત્વાસત્ત્વ તે તેવા છે=તદ્વૃદ્ધિભાવ-અભાવવાળા છે તેનાથી, યથાયોગ્ય દ્રવ્ય અને ઈતરનો વિશેષ જાણવો. અથવા તેની વૃદ્ધિ અને ભાવ-અભાવ=રોમાંચાદિથી લિંગ્ય ભક્તિનો સદ્ભાવ અને રોમાંચાદિથી લિંગ્ય ભક્તિના સદ્ભાવનો અભાવ, અથવા તેની વૃદ્ધિના ભાવ અને અભાવ=તદ્વૃદ્ધિભાવાભાવ, તેના દ્વારા, જે પ્રમાણે વેલાદિથી દ્રવ્ય-ઈતરનો ભેદ છે, તે પ્રમાણે જ તેની વૃદ્ધિના ભાવ-અભાવ દ્વારા દ્રવ્ય=દ્રવ્યવંદન, ઈતર=ભાવવંદન, તે દ્રવ્ય-ઈતર છે, તે બેનો વિશેષ=ભેદ, દ્રવ્યેતરવિશેષ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૧૦॥**

**ભાવાર્થ :-**

ચૈત્યવંદન કરનારા મહાત્માનું ચૈત્યવંદન દ્રવ્યચૈત્યવંદન છે કે ભાવચૈત્યવંદન છે ? તેનો નિર્ણય કરવા માટે અનેક અંગો સમુદિત કરીને વિભાગ કરે છે.

**દ્રવ્યચૈત્યવંદન અને ભાવચૈત્યવંદન વેળાને આશ્રયીને :-**

જેમ કોઈક મહાત્મા હંમેશાં ત્રિસંધ્યારૂપ ઉચિત વેળાએ જ ચૈત્યવંદન કરે અને વિશેષ કારણ ન હોય તો વેલાનું અતિક્રમણ ન કરે તો શાસ્ત્રવિધિ અનુસાર ચૈત્યવંદનની ક્રિયા કરવા માટે વેલા પ્રત્યે તેનો બદ્ધ રાગ છે. જેઓ તે વેલાની ઉપેક્ષા કરે છે, તેઓને તે પ્રકારનો બદ્ધરાગ નથી, તેમ જણાય છે. જોકે જેઓને વેલાએ કરવાનો બદ્ધરાગ છે, તેઓને પણ ક્વચિત્ તથાવિધ સંયોગોમાં ચિત્તનો વ્યાઘાત હોય કે અન્ય

બલવાન કૃત્ય કર્તવ્ય હોય ત્યારે ચૈત્યવંદનાદિ ક્રિયાની વેલામાં કાંઈ ફેરફાર કરે તોપણ લાભાલાભની અપેક્ષાએ તે પ્રકારનો યત્ન હોવાથી વેલા પ્રત્યે કરવાનો રાગ વિદ્યમાન જ છે; પરંતુ જેઓ પોતાની અનુકૂળતા પ્રમાણે કરવાની વૃત્તિવાળા છે, તેઓને "મારે વેલાએ જ ચૈત્યવંદન કરવું જોઈએ" એવો બદ્ધરાગ નથી. તેથી તેઓનું ચૈત્યવંદન તે અંશથી દ્રવ્યચૈત્યવંદન છે અને જેઓ વેલાએ કરવાના બદ્ધરાગવાળા છે, તેઓનું તે ચૈત્યવંદન તે અંશથી ભાવચૈત્યવંદન છે.

**દ્રવ્યચૈત્યવંદન અને ભાવચૈત્યવંદન દશત્રિકને આશ્રયીને :-**

વળી, ચૈત્યવંદન વિષયક દશ ત્રિકોના પાલનની જે વિધિ છે, તે વિધિનું સ્મરણ કરીને જેઓ તે વિધિ અનુસાર જ યત્ન કરે છે, તેઓનું ભાવચૈત્યવંદન છે અને જેઓ તે દશ ત્રિકોને ઉચિત રીતે યોજન કરીને તે પ્રમાણે પ્રવૃત્તિ કરતા નથી, તેઓને વિધિને આશ્રયીને સ્ખલિત વિધિ કે વિપરીત વિધિ હોવાથી દ્રવ્યચૈત્યવંદન છે.

**દ્રવ્યચૈત્યવંદન અને ભાવચૈત્યવંદન મનવચનકાયાના સૂત્ર-અર્થમાં ઉપયોગને આશ્રયીને :-**

વળી, ચૈત્યવંદનકાળમાં બોલાતા સૂત્ર અને અર્થમાં જેમના ચિત્તાદિનો ઉપયોગ છે, તેનાથી નક્કી થાય છે કે તેઓનું ચૈત્યવંદન ભાવચૈત્યવંદન છે અને જેઓ તદ્ગતચિત્તાદિથી તેવા પ્રકારનો પ્રયત્ન કરતા નથી, તેઓનું ચૈત્યવંદન દ્રવ્યચૈત્યવંદન છે. અહીં તદ્ગતચિત્તાદિમાં 'આદિ' શબ્દથી તદ્ગત મનનો વ્યાપાર, તદ્ગત વચનનો પ્રયોગ અને તે ચૈત્યવંદન અનુકૂળ કાયાની ચેષ્ટાનું ગ્રહણ છે. તેથી ચૈત્યવંદનનાં સૂત્રોમાં જ જેમનું ચિત્ત ઉપયુક્ત છે, તેને અનુરૂપ વચનપ્રયોગ ચાલે છે અને તેને અનુરૂપ કાયચેષ્ટા થાય છે, તેનાથી તેઓનું ચૈત્યવંદન ભાવચૈત્યવંદન છે, તેમ નક્કી થાય છે. જેઓના મન-વચન-કાયાના યોગોમાં અસ્થૈર્ય છે, તેઓનું ચૈત્યવંદન દ્રવ્યચૈત્યવંદન છે, તેમ નક્કી થાય છે.

**દ્રવ્યચૈત્યવંદન અને ભાવચૈત્યવંદન સ્તુતિ-સ્તવનના પાઠની વૃદ્ધિને આશ્રયીને :-**

વળી, ચૈત્યવંદનની ક્રિયાથી ઉત્તમ ભાવો થવાને કારણે જેઓને સ્તવપાઠાદિની વૃદ્ધિ થતી હોય અર્થાત્ ઘણી સ્તુતિ અને ઘણાં સ્તવનો બોલવાનો પરિણામ થતો હોય, તેનાથી નક્કી થાય છે કે તેમનું તે ચૈત્યવંદન ભાવચૈત્યવંદન છે. જેઓને ચૈત્યવંદન કરતી વખતે પણ પરિમિત કૃત્ય કરીને ચિત્તની વિશ્રાંતિ થતી હોય, તેઓનું દ્રવ્યચૈત્યવંદન છે, તેમ જણાય છે અથવા ચૈત્યવંદનના સ્તવનાદિની વૃદ્ધિ થતી હોય તથા રોમાંચની વૃદ્ધિ થતી હોય અને તે બન્નેની અવૃદ્ધિ થતી હોય, તેનાથી પણ ભાવચૈત્યવંદનનો અને દ્રવ્યચૈત્યવંદનનો ભેદ પડી શકે છે.

ગાથા-૯માં દ્રવ્યવંદનાનો અને ભાવવંદનાનો જે ભેદ બતાવ્યો, તે પ્રમાણે વિચારીએ તો જીવના ઉપયોગને આશ્રયીને દ્રવ્ય અને ભાવનો ભેદ પડે છે. જેમ કોઈ જીવે ચૈત્યવંદન સૂત્રના અર્થોનું આલોચનાદિ કરેલું હોય, છતાં તે પ્રકારની શક્તિના અભાવને કારણે ક્રિયાકાલમાં તે પ્રકારના ભાવો કરવા અસમર્થ જણાય, ત્યારે તેને ભવનો ભય લાગે કે હું વિરાધક છું, જેથી આ પ્રકારના દૃઢ પ્રણિધાનપૂર્વક હું ક્રિયા કરી શકતો નથી, તે ઉપયોગ અંશને આશ્રયીને તેની ક્રિયા ભાવચૈત્યવંદના છે. જેઓએ સૂત્રોના અર્થો તે રીતે

આલોચન કર્યા નથી, તેઓની ચૈત્યવંદનની ક્રિયા ચૈત્યવંદનને અનુકૂળ ઉપયોગશૂન્ય હોવાથી દ્રવ્યચૈત્યવંદન છે.

પ્રસ્તુત ગાથામાં ચૈત્યવંદનના કરણકાળમાં તેનાં સર્વ અંગો ચૈત્યવંદનને અનુકૂળ પ્રવર્તતાં હોય તેને આશ્રયીને ભાવચૈત્યવંદના છે અને તે ક્રિયાનાં સર્વ અંગોમાંથી જે કોઈ અંગની વિકલતા હોય તે અંશની અપેક્ષાએ દ્રવ્યચૈત્યવંદના છે. ફક્ત જેઓ વેલાદિ સર્વ અંગોને ઉચિત રીતે ચૈત્યવંદનકાળમાં સેવવા યત્ન કરે છે, છતાં ક્વચિદ્ લાભાલાભનો વિચાર કરીને વેલાનું અતિક્રમણ આદિ કરે તોપણ પરમાર્થથી તે અંગનું વિકલપણું નથી; કેમ કે લાભાલાભની અપેક્ષા રાખ્યા વગર પ્રમાદવશ તે તે અંગને સેવવા માટે યત્ન ન કરવામાં આવે તે જ દ્રવ્યચૈત્યવંદનાનું કારણ છે.

અહીં ચૈત્યવંદનની વિધિ અંતર્ગત દશત્રિક બતાવી તેનાથી એ પ્રાપ્ત થાય કે જેઓ ત્રણ પ્રકારની નિસીહિ કરીને તે તે સ્થાને તે પ્રકારનો સંવરભાવ કરવા યત્ન કરે છે, તેઓ નિસીહિ દ્વારા ભગવાનની પૂજામાં ચિત્તને સ્થિર કરવાના યત્નવાળા છે, તેથી વિધિમાં યત્નવાળા છે.

આ જ રીતે જેઓ ત્રણ પ્રદક્ષિણા આપે છે, ત્યારે ભગવાનને સમવસરણમાં બેઠેલા જોઈને જે પ્રકારે સાક્ષાત્ ભગવાનને પ્રદક્ષિણા આપીને પોતે ભક્તિ કરતા હોય તે પ્રકારના ઉપયોગવાળા થાય છે. તેથી તેઓનું ભાવચૈત્યવંદન છે.

વળી, જેઓ ત્રણ પ્રણામ કરે છે અર્થાત્ ભગવાનને જોતાંની સાથે ભક્તિના અતિશયથી બે હાથ જોડી પ્રણામ કરે છે. વળી, ભક્તિના અતિશયથી અર્ધ નમેલા શરીરવાળા બને છે અને ભક્તિના અતિશયથી ખમાસમણ આપતી વખતે પંચાંગ પ્રણિપાત કરે છે, તે સર્વ કાળમાં ભગવાનના ગુણોના ઉપયોગવાળા હોવાથી પ્રણામની ક્રિયા દ્વારા ગુણવૃદ્ધિને કરે છે, તેથી તે ભાવવંદના છે. જેઓ આ ત્રણે પ્રકારના પ્રણામ કરતા હોય, પણ ભક્તિશૂન્યપણે માત્ર બાહ્યક્રિયારૂપે જ કરતા હોય તો તે દ્રવ્યવંદના છે.

વળી, ત્રણ પ્રકારની પૂજા છે : પુષ્પ, આમિષ અને સ્તોત્ર. તેમાં પુષ્પપૂજામાં અંગપૂજા વગેરેનો સંગ્રહ છે, આમિષપૂજામાં ફળ-નૈવેદ્ય આદિનો સંગ્રહ છે અને સ્તોત્રપૂજામાં ચૈત્યવંદનની ક્રિયાનો સંગ્રહ છે. આ ત્રણેય પૂજા દ્વારા ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક અંતરંગ યત્ન કરાતો હોય તો ભાવચૈત્યવંદન છે અને પુષ્પાદિ પૂજા યથાતથા કરાતી હોય તો દ્રવ્યચૈત્યવંદન છે.

વળી, પૂજાદિ કર્યા પછી ભગવાનની છદ્મસ્થઅવસ્થા, કેવલીઅવસ્થા અને સિદ્ધઅવસ્થાનું જેઓ ભાવન કરે છે, તેઓ વિચારે છે કે (૧) ભગવાન ગૃહસ્થઅવસ્થામાં નિર્મળ કોટિનાં ત્રણ જ્ઞાનથી યુક્ત હોય છે. સંયમ ગ્રહણ કરે છે, ત્યારે નિર્મળ કોટિનાં ચાર જ્ઞાનવાળા હોય છે અને મહાસત્ત્વથી કર્મના ઉચ્છેદનો યત્ન કરે છે અને (૨) કેવળજ્ઞાન પામીને કેવલીઅવસ્થામાં જગતનો ઉપકાર કરે છે અને જ્યારે (૩) સર્વ કર્મનો નાશ કરે છે ત્યારે સિદ્ધઅવસ્થાને પામે છે. આ પ્રકારે ભાવન કરીને ભગવાનના ચરમ જન્મને સ્પષ્ટ-સ્પષ્ટતર ઉપસ્થિત કરે છે તેઓની વંદના ભાવચૈત્યવંદના બને છે અને જેઓ પોતાના આત્માને ભગવાનની તે ત્રણ અવસ્થાથી વાસિત કરતા નથી, તેઓની વંદના દ્રવ્યચૈત્યવંદના થાય છે.

વળી, ભગવાનની પૂજા-ચૈત્યવંદન દરમ્યાન ચિત્તને સ્થિર કરવા અર્થે જેઓ ભગવાનની મુદ્રા પ્રત્યે

વિનિવેશિત માનસવાળા રહે છે, જેથી ચક્ષુ ત્રણ દિશામાંથી વિમુક્ત થઈને ભગવાનના ગુણોને અને ભગવાનની યોગમુદ્રાને જોવા માટે વ્યાપૃત બને, તેઓની ભાવચૈત્યવંદના થાય છે અને જેઓની ચક્ષુ તે રીતે ત્રણ દિશામાંથી નિવૃત્તિ પામતી નથી, તેઓની દ્રવ્યચૈત્યવંદના થાય છે.

વળી, જેઓ ચૈત્યવંદન અર્થે બેસતી વખતે બેસવાની ભૂમિનું ત્રણ વખત પ્રમાર્જન કરે છે તેમને ષટ્કાયના પાલનનો અધ્યવસાય થાય તેવું દયાળુ ચિત્ત વર્તે છે, એ ભાવચૈત્યવંદનનું અંગ છે; પરંતુ જેઓ એ રીતે યતના કરતા નથી તેઓનું દ્રવ્યચૈત્યવંદન છે.

વળી, સ્તુતિ આદિ કાળમાં સૂત્રોના વર્ણો, અર્થ અને વીતરાગની પ્રતિમાનું આલંબન એ ત્રણમાં જેમનું ચિત્ત પ્રવર્તે છે, તેઓ સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર દ્વારા, તે સૂત્રોના અર્થોને સ્પર્શીને વીતરાગની મુદ્રાનું આલંબન લઈને વીતરાગભાવને સ્પર્શવા યત્ન કરે છે, તેમને ભાવચૈત્યવંદના છે. જેઓ તે પ્રમાણે કરતા નથી તેમને દ્રવ્યચૈત્યવંદના છે.

વળી, યોગમુદ્રા, મુક્તાશુક્તિમુદ્રા અને જિનમુદ્રા આ ત્રણ મુદ્રાઓ દ્વારા પણ તે તે ક્રિયાથી અભિવ્યંગ્ય વીતરાગતાને અભિમુખભાવો જેઓ કરે છે, તેમને ભાવચૈત્યવંદના થાય છે અને જેઓ તે તે મુદ્રામાં યત્ન કરતા નથી કે માત્ર કાયાથી મુદ્રા ધારણ કરે છે; પરંતુ મુદ્રાથી અભિવ્યંગ્ય ભાવોમાં યત્ન કરતા નથી, તેઓને દ્રવ્યચૈત્યવંદના છે. જેમ જયવીયરાયમાં ભગવાન પાસે પોતે યાચના કરે છે તેવા ભાવને અભિવ્યક્ત કરનારી મુક્તાશુક્તિ મુદ્રા છે, તેથી જેમ દરિદ્ર માણસ ધનાઢ્ય માણસ પાસે તે પ્રકારે મુદ્રા કરી યાચના કરે છે, તેમ ગુણસમૃદ્ધ એવા ભગવાન પાસે ભવનિર્વેદાદિ ગુણોની હું યાચના કરું છું, તે પ્રકારે ચિત્તને ઉલ્લસિત કરવા અર્થે, તેને અનુરૂપ મુક્તાશુક્તિની મુદ્રા છે, તેના દ્વારા જે સાધુ કે શ્રાવક તે પ્રકારના યાચનાના ભાવોને સ્થિર કરે છે તેઓની ભાવચૈત્યવંદના છે. જેઓનું ચિત્ત તે પ્રકારના ભાવોને સ્પર્શતું નથી તેઓની દ્રવ્યચૈત્યવંદના છે.

વળી, મન-વચન-કાયાના એકાગ્રતારૂપ પ્રણિધાનથી જેઓ વંદના કરે છે, તેઓની ભાવચૈત્યવંદના છે અને આ ત્રણે યોગોના સ્થૈર્ય વિના જેઓ વંદના કરે છે, તેઓની દ્રવ્યચૈત્યવંદના છે. **॥૩/૧૦॥**

**અવતરણિકા :-**

**भाववन्दनायाः प्रागुक्तलिङ्गेषु मध्ये भावभावस्य प्राधान्यं दर्शयितुमाह –**

**અવતરણિકાર્થ :-**

**ભાવવંદનાનાં પૂર્વમાં કહેવાયેલાં લિંગોમાં ભાવના ભાવનું=ભાવના સદ્ભાવનું, પ્રાધાન્ય બતાવવા માટે કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૯ અને ગાથા-૧૦માં દ્રવ્યવંદના અને ભાવવંદનાનાં લિંગોના ભેદો બતાવ્યા. તે સર્વમાં વીતરાગતાને અનુકૂળ વર્તતા ભાવના સદ્ભાવનું પ્રાધાન્ય છે, અન્ય સર્વ ક્રિયાઓનું નહિ, તે બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

सइ संजाओ भावो पायं भावंतरं जओ कुणइ ।
ता एयमेत्थ पवरं लिंगं सइ भाववुड्ढी तु ।।३/११।।

છાયા :-

सकृत् सञ्जातो भावः प्रायः भावान्तरं यतः करोति ।
तदेतदत्र प्रवरं लिङ्गं सकृद् भाववृद्धिस्तु ।।३/११।।

અન્વયાર્થ :-

जओ=જે કારણથી, सइ=એક વખત, संजाओ=થયેલો, भावो=ભાવ, पायं=પ્રાયઃ, भावंतरं=ભાવાંતરને, कुणइ=કરે છે, ता=તે કારણથી, एयं=આ=ભાવાંતર, एत्थ=અહીં=ભાવવંદનાના વિષયમાં, तु=વળી, सइ पवरं लिंगं=સકૃદ્ પ્રવર લિંગ છે અર્થાત્ સદા ભાવવૃદ્ધિ જ પ્રવર લિંગ છે. ॥૩/૧૧॥

ગાથાર્થ :-

**જે કારણથી એક વખત થયેલો ભાવ પ્રાયઃ ભાવાંતરને કરે છે, તે કારણથી આ=ભાવાંતર, અહીં=ભાવવંદનાના વિષયમાં, વળી સકૃદ્ પ્રવર લિંગ છે અર્થાત્ સદા ભાવવૃદ્ધિ જ પ્રવર લિંગ છે. ॥૩/૧૧॥**

ટીકા :-

व्याख्या—'सई'त्यादि । सकृद्=एकवारं, संजातः=समुत्पन्नः, एव नैकदाप्यसंजातः, अवधारणं चेह काकुपाठात्प्रतीयते, भावः=अपुनर्बन्धकादिगतशुभाध्यवसायरूपः, प्रायः=बाहुल्येन, प्रायोग्रहणं च प्रागसंजाततथाविधभावानां मरुदेव्यादीनाम् भावप्रकर्षप्राप्त्या यो व्यभिचारस्तत्परिहारार्थम्, भावान्तरं=प्रशस्तपरिणामविशेषम्, यतः=यस्माद्धेतोः, करोति=समुत्पादयति, तत्=तस्मात्, एतद्=इदम्, अत्र=भाववन्दनायां लक्षितव्यायाम्, एतेषु वा=अनन्तरोक्तलिङ्गेषु मध्ये, प्रवरं=प्रधानं, प्रागुक्तलिङ्गपूगापेक्षया लिङ्गं=लक्षणम्, सकृत्=सर्वदा, भाववृद्धिस्तु=प्रशस्तपरिणामवर्धनमेव=पुलकोद्भेदादिचिह्नवद्भक्तिभररूपभावविशेष एवेत्यर्थः, इदमुक्तं भवति-यतः शुभभावप्रकर्षः=शुभभावसद्भाव एव भवत्यतो भाववृद्धेर्भावः=सत्ताऽनुमीयते इति भाववन्दनायां भाववृद्धिर्लिङ्गं भवतीति । 'भाववुड्ढीए' इत्यन्ये पठन्ति । तत्र सकृत् संजातो भावो भावान्तरं यतः कुरुते तत एतद्भावजननमत्र व्यतिकरे, लिङ्गं भाववृद्धेः कालान्तरभाविन्या इति गाथार्थः ।।३/११।।

ટીકાર્થ :-

सकृदेकवारं ..... गाथार्थः ।। 'सईत्यादि' પ્રતીક છે. સકૃદ્=એકવાર, થયેલો=સમુત્પન્ન થયેલો, જ

**ભાવ પ્રાયઃ ભાવાંતરને કરે છે, એમ અન્વય છે. એકદા પણ નહિ થયેલો ભાવ નહિ અને અહીં=સમુત્પન્ન શબ્દ પાસે, અવધારણ કાકુપાઠથી પ્રતીત થાય છે. ભાવ=એક વખત થયેલો અપુનર્બંધક આદિ ગત શુભઅધ્યવસાયરૂપ ભાવ, પ્રાયઃ=બાહુલ્યથી, ભાવાંતરને=પ્રશસ્તપરિણામવિશેષને, જે કારણથી કરે છે અને અહીં પ્રાયઃગ્રહણ પૂર્વમાં નહિ થયેલા તેવા પ્રકારના ભાવવાળા મરુદેવાદિના ભાવપ્રકર્ષની પ્રાપ્તિ સાથે જે વ્યભિચાર છે, તેના પરિહાર માટે છે. તે કારણથી=એક વખત થયેલો ભાવ પ્રાયઃ ભાવાંતરને કરે છે તે કારણથી, આ=ભાવ, અહીં=લક્ષિતવ્ય એવી ભાવવંદનામાં અથવા પૂર્વની બે ગાથાઓમાં કહેવાયેલાં લિંગોમાં, પ્રવર=પ્રધાન=પૂર્વમાં કહેલા લિંગોના સમૂહની અપેક્ષાથી પ્રધાન, લિંગ છે. સકૃદ્=સર્વદા, ભાવવૃદ્ધિ જ=પ્રશસ્તપરિણામવર્ધન જ, પ્રવર લિંગ છે, એમ અન્વય છે= પુલકના ઉદ્ભેદાદિ ચિહ્નયુક્ત ભક્તિભરરૂપ ભાવવિશેષ જ પ્રવર લિંગ છે, એમ અન્વય છે.**

**આ કહેવાયેલું થાય છે — જે કારણથી શુભભાવનો પ્રકર્ષ શુભભાવના સદ્ભાવમાં જ થાય છે. આથી ભાવવૃદ્ધિથી ભાવ=સત્તા, અનુમાનિત થાય છે. એથી ભાવવંદનામાં ભાવવૃદ્ધિ લિંગ થાય છે.**

**વળી, અન્ય 'भाववुड्ढीए' એ પ્રમાણે કહે છે=ગાથામાં 'भाववुड्ढी तु'ના સ્થાને 'भाववुड्ढीए' એ પ્રમાણે પાઠ કહે છે, ત્યાં=પાઠાંતર પ્રમાણે ગાથાના અર્થમાં, એક વખત થયેલો ભાવ જે કારણથી ભાવાંતરને કરે છે તે કારણથી, આ વ્યતિકરમાં આ ભાવનું જનન કાલાંતરભાવી ભાવવૃદ્ધિનું લિંગ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૧૧॥**

**ભાવાર્થ :-**

જે મહાત્મા દૃઢ પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદન કરતા હોય તેઓ ચૈત્યવંદનકાળમાં સૂત્રોના શુદ્ધ ઉચ્ચારના બળથી, અર્થના બળથી, તદ્અર્થ આલોચન આદિના બળથી કે વિધિના સેવનનાં અન્ય અંગોના બળથી વીતરાગતાના ગુણને સ્પર્શે તેવો એક વખત ભાવ પ્રાપ્ત કરે છે તેઓનો વીતરાગતાને સ્પર્શનારો ભાવ પ્રાયઃ ભાવાંતરને પ્રગટ કરે છે; કેમ કે વીતરાગના ગુણને સ્પર્શનારો ભાવ આત્માની સ્વસ્થતાને અનુકૂળ સુખાત્મક ભાવ છે. સુખનો અર્થી જીવ હંમેશાં કોઈક સુખનું આસ્વાદન પ્રાપ્ત થાય ત્યાર પછી ફરી ફરી તે સુખ માટે યત્ન કરે છે.

જેમ સંસારી જીવોને કોઈક બાહ્ય પદાર્થમાં ભોગસુખના વેદનનો ભાવ થાય, ત્યારપછી ફરી ફરી તેનું સ્મરણ થવાથી તે ભોગક્રિયાને અનુકૂળ વારંવાર માનસ થાય છે, તેથી તે ભોગની વાસના ઉત્તરોત્તર વૃદ્ધિ પામતી પ્રત્યક્ષથી દેખાય છે; તેમ જેઓ દૃઢ પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદનની ક્રિયા કરે છે, તેઓને તેનાથી થયેલો ભાવ પ્રાયઃ નવા નવા ભાવને પ્રગટ કરીને આત્માના નિરાકુળ સ્વભાવને સ્પર્શવા માટે પ્રયત્નશીલ કરે છે. તેથી ભાવચૈત્યવંદનની ક્રિયાનું પ્રબળ લિંગ સર્વદા ભાવવૃદ્ધિ જ છે. જેઓને ચૈત્યવંદનની ક્રિયામાં હંમેશાં ભાવવૃદ્ધિ થતી નથી, તેઓની તે ક્રિયા દ્રવ્યક્રિયા જ છે, ભાવક્રિયા નથી.

ગાથા-૯-૧૦માં બતાવ્યા તે તદ્અર્થ આલોચનાદિમાં જેઓ યત્ન કરે છે, તેઓને પણ તે સર્વ અંગો દ્વારા ચૈત્યવંદનના ક્રિયાકાળમાં ભાવવૃદ્ધિ થતી હોય ત્યારે તે ચૈત્યવંદન ભાવક્રિયારૂપ બને છે અને જ્યારે ભાવ-વૃદ્ધિ થતી નથી, ત્યારે તે દ્રવ્યચૈત્યવંદન બને છે. ફક્ત જીવના પ્રણિધાનના ભેદના કારણે ક્યારેક

સામાન્ય ભાવની વૃદ્ધિ થાય છે, તો ક્યારેક અતિશય ભાવની વૃદ્ધિ થાય છે. આ ભાવવૃદ્ધિને અનુરૂપ ભાવચૈત્યવંદન બને છે. જ્યારે ચિત્ત કોઈક નિમિત્તથી વ્યાક્ષિપ્ત હોય, ત્વરાદિવાળું હોય ત્યારે તે ચૈત્યવંદન દ્રવ્યચૈત્યવંદન જ બને છે. **॥૩/૧૧॥**

**અવતરણિકા :-**

**प्रथमव्याख्यानं दृष्टान्तेन समर्थयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રથમ વ્યાખ્યાનને દૃષ્ટાંતથી સમર્થન કરતાં કહે છે=ગાથા-૧૧માં કહ્યું કે શુભભાવનો સદ્ભાવ હોય ત્યારે શુભભાવ પ્રકર્ષવાળો થાય છે. તેથી શુભભાવની વૃદ્ધિ દ્વારા ચૈત્યવંદનની ક્રિયા ભાવક્રિયા છે, તેમ અનુમાન થાય છે. તે રૂપ પ્રથમ વ્યાખ્યાનને દૃષ્ટાંતથી સમર્થન કરે છે –**

**ગાથા :-**

**अमए देहगए जह अपरिणयम्मि वि सुभा उ भाव त्ति ।**
**तह मोक्खहेउअमए अण्णेहि वि हंदि णिद्दिट्ठा ।।३/१२।।**

**છાયા :-**

अमृते देहगते यथा अपरिणतेऽपि शुभास्तु भावा इति ।
तथा मोक्षहेतुरमृते अन्यैरपि हंदि निर्दिष्टाः ।।३/१२।।

**અન્વયાર્થ :-**

जह=જે પ્રમાણે, अपरिणयम्मि=અપરિણત, वि=પણ, देहगए=દેહગત, अमए=અમૃત હોતે છતે, सुभा=શુભ, उ=જ, भाव=ભાવો થાય છે=દેહના સૌષ્ઠવાદિ શુભ જ ભાવો થાય છે, तह=તે પ્રમાણે, मोक्खहेउअमए=મોક્ષનો હેતુ એવું અમૃત હોતે છતે=સર્વ કર્મના ક્ષયના કારણીભૂત અપુનર્બંધકાદિ અવસ્થાથી થનારા ચૈત્યવંદનકાળમાં શુભભાવ હોતે છતે, આત્માના શુભભાવની વૃદ્ધિ જ થાય છે એ પ્રમાણે, हंदि=ખરેખર, अण्णेहि=બીજા વડે, वि=પણ, णिद्दिट्ठा=કહેવાયું છે.

त्ति શબ્દ દૃષ્ટાંતની સમાપ્તિમાં છે. ॥૩/૧૨॥

**ગાથાર્થ :-**

**જે પ્રમાણે અપરિણત પણ દેહગત અમૃત હોતે છતે શુભ જ ભાવો થાય છે=દેહના સૌષ્ઠવાદિ શુભ જ ભાવો થાય છે, તે પ્રમાણે મોક્ષનો હેતુ એવું અમૃત હોતે છતે=સર્વ કર્મના ક્ષયના કારણીભૂત અપુનર્બંધકાદિ અવસ્થાથી થનારા ચૈત્યવંદનકાળમાં શુભભાવ હોતે છતે, આત્માના શુભભાવની વૃદ્ધિ જ થાય છે. એ પ્રમાણે ખરેખર બીજા વડે પણ કહેવાયું છે. ॥૩/૧૨॥**

**ટીકા :-**

**व्याख्या—'अमए' इत्यादि । अमृते=सुधायां, देहगते=अभ्यवहारतः शरीरप्राप्ते, यथा=येन प्रकारेण, किम्भूते ? अपरिणतेऽपि=रसरुधिरादिधातुत्वेन परिणाममगतेऽपि, आस्तां परिणते, शुभास्तु=प्रशस्ता एव, भावाः=पर्याया=देहसौष्ठवारोग्यादयो भवन्ति । इतिशब्दो दृष्टान्ताभिधायकवाक्यसमाप्तौ । तथा=तेन प्रकारेण, मोक्षहेतुः=सकलकर्मक्षयकारणम् अपुनर्बन्धकाद्यवस्थासंभवशुभभावरूपं, स एवामृतम्=अजरामरत्वहेतुत्वान्मोक्षहेत्वमृतं, तत्र सति, शुभा एव=भक्तिवृद्धिरूपा भावा, भवन्तीत्यनुवर्तते, एते च नास्माभिरेव निर्दिश्यन्त इत्यत आह — अन्यैरपि=आर्हतव्यतिरिक्ततीर्थिकैरपि, आस्तामार्हतैः, हंदीत्युपप्रदर्शने, निर्दिष्टाः=भणिताः, पातञ्जलादिशास्त्रेषु । इति गाथार्थः ।।३/१२।।**

**ટીકાર્થ :-**

**अमृते ..... गाथार्थः ।। 'अमए इत्यादि' પ્રતીક છે. જે પ્રકારે; અમૃત દેહગત હોતે છતે=ઉપભોગને કારણે અમૃત શરીરમાં પ્રાપ્ત થયે છતે, કેવા પ્રકારનું અમૃત દેહગત હોતે છતે ? એથી કહે છે – અપરિણત હોતે છતે=રસ-રુધિરાદિ ધાતુપણારૂપે પરિણામને અપ્રાપ્ત થયે છતે પણ પરિણામ છતે તો દૂર રહો; પરંતુ પરિણામ અપ્રાપ્ત થયે છતે પણ, શુભ જ ભાવો=પ્રશસ્ત જ દેહસૌષ્ઠવ-આરોગ્ય આદિ પર્યાયો, થાય છે.**

**'इति' શબ્દ દૃષ્ટાંતને કહેનારા વાક્યની સમાપ્તિમાં છે.**

**તે પ્રકારે=જે પ્રકારે અમૃતથી શરીરમાં શુભભાવો થાય છે તે પ્રકારે, મોક્ષનો હેતુ=અપુનર્બંધક આદિ અવસ્થાસંભવ શુભભાવરૂપ સકલ કર્મક્ષયનું કારણ, તે જ અમૃત છે; કેમ કે અજરામરપણાનું હેતુપણું છે માટે મોક્ષનો હેતુ અમૃત છે. તે હોતે છતે=મોક્ષનો હેતુ એવું અમૃત હોતે છતે, શુભ જ= ભક્તિની વૃદ્ધિરૂપ શુભ જ, ભાવો થાય છે, 'થાય છે' એ પ્રકારે ગાથામાં અધ્યાહાર છે અને આ= મોક્ષહેતુ એવા અમૃત જેવા ભાવો થાય છે એ, અમારા વડે જ નિર્દેશ કરાયા નથી, એથી કહે છે – અન્ય વડે પણ=અરિહંતના શાસનને માનનારાથી વ્યતિરિક્ત અન્યતીર્થિકો વડે પણ=આર્હત્ તો દૂર રહો પરંતુ અન્યો વડે પણ, નિર્દિષ્ટ છે=પાતંજલશાસ્ત્રાદિમાં કહેવાયેલા છે. ગાથામાં 'हंदि' શબ્દ ઉપપ્રદર્શનમાં છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૧૨।।**

**ભાવાર્થ :-**

અમૃતનું પાન અમર અવસ્થાનું કારણ છે, એ પ્રકારે સામાન્ય રીતે લોકમાં કહેવાય છે. દેવો અમૃતનું પાન કરે છે, આથી અમર અવસ્થાની જેમ દીર્ઘકાળના આયુષ્યવાળા હોય છે. આવું અમૃતનું પાન કોઈ કરે તો તે અમૃતનું પાન કેટલાક કાળ પછી રસ-રુધિરાદિ રૂપે પરિણમન પામે છે, ત્યારે તેનાથી દેહસૌષ્ઠવાદિ થાય છે. અર્થાત્ અમૃતનું પાન કર્યા પછી તરત જ જીવના શરીરના ભાવો સુંદર બનવા માંડે છે; કેમ કે દેહમાં રોગો અલ્પ થતા દેખાય છે. શરીરની સુંદરતાદિ થતાં દેખાય છે, તેમ સર્વ કર્મક્ષયરૂપ અમર

અવસ્થાનું કારણ અપુનર્બંધક આદિ અવસ્થામાં થનારા શુભભાવો છે, જે આત્મા માટે અમૃતરૂપ જ છે. આ અમૃતરૂપ શુભભાવો જ્યારે આત્માના અધ્યવસાયો સાથે અત્યંત પરિણમન પામશે, ત્યારે જીવ અવશ્ય સર્વ કર્મરહિત મોક્ષ અવસ્થાને પામશે. પ્રારંભમાં જીવ જે વખતે શુભભાવરૂપ અમૃતનું પાન કરે છે તે અમૃત હજી આત્માના એકમેક ભાવરૂપે પરિણમન પામ્યું નથી, ત્યારે પણ જીવને ઉત્તમ આલ્લાદ ઉત્પન્ન કરે છે. આથી અપુનર્બંધક આદિ જીવો નિર્મળબુદ્ધિવાળા હોવાના કારણે ચૈત્યવંદન આદિ સૂત્રોના અર્થોનું આલોચન આદિ કરે છે ત્યારે વીતરાગતા આદિ ભાવોને મોક્ષ સાથે કારણરૂપે પ્રતિસંધાન કરી શકે છે. તેથી સંસારની આ વિડંબનાથી પોતે અવશ્ય દૃઢ પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદનાદિ કરીને સંસારથી મુક્ત અવસ્થાને પામશે, તેવો નિર્ણય થવાથી અત્યંત હર્ષિત થાય છે. તે વખતે તેઓને જે શુભભાવ થાય છે, તે અમૃતના સેવનજન્ય તત્કાલ થતા શુભફળ સ્વરૂપ છે, તેમ પાતંજલ આદિ અન્યદર્શનકારો પણ કહે છે.

તેથી એ ફલિત થાય કે અપુનર્બંધકાદિ જીવો દૃઢ પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદનાદિ કરે છે ત્યારે તેઓમાં વર્તતો શુભભાવનો સદ્ભાવ શુભભાવના પ્રકર્ષરૂપ હોય છે; કેમ કે તે વખતે વર્તતો શુભભાવ તે ક્રિયાથી ઉત્તરોત્તર પ્રવર્ધમાન બને છે, તેથી અમૃતના પાનતુલ્ય સુખના આસ્વાદનરૂપ તે ચૈત્યવંદનની ક્રિયા બને છે. **II૩/૧૨II**

**અવતરણિકા :-**

**અથ શેષાણાં વેલાऽऽराधनादीनां भाववन्दनालिङ्गानां समर्थनार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે શેષ એવા વેલાઆરાધન આદિ ભાવવંદનાનાં લિંગોના સમર્થન માટે કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૧૧-૧૨માં ભાવવંદનાનું પ્રધાન લિંગ ભાવ જ છે, તેમ યુક્તિથી સ્થાપન કર્યું અને ગાથા-૯-૧૦માં ભાવવંદનાનાં વેલા-આરાધન આદિ અન્ય લિંગો બતાવ્યાં. તેથી હવે વેલાની આરાધનાદિ પણ શેષ ભાવવંદનાનાં લિંગો છે, માત્ર ભાવ જ નહિ, તેના સમર્થન માટે કહે છે –

**ગાથા :-**

**मंताइविहाणम्मि वि जायइ कल्लाणिणो तहिं जत्तो ।**
**एत्तोऽहिगभावाओ भव्वस्स इमीए अहिगो त्ति ।।३/१३।।**

**છાયા :-**

**मन्त्रादिविधानेऽपि जायते कल्याणिनः तस्मिन् यत्नः ।**
**इतोऽधिकभावाद् भव्यस्य अस्यामधिक इति ।।३/१३।।**

**અન્વયાર્થ :-**

कल्लाणिणो=કલ્યાણયુક્ત જીવોને=મંત્રાદિના ફળને પામનારા એવા કલ્યાણયુક્ત જીવોને, मंताइ-विहाणम्मि=મંત્રાદિના વિધાનમાં, वि=પણ, तहिं=ત્યાં=વેલાદિમાં, जत्तो=યત્ન, जायइ=થાય છે. एत्तो=આનાથી=મંત્રાદિના સેવનથી, अधिगभावाओ=અધિક ભાવ હોવાને કારણે=ચૈત્યવંદનનું અધિક ફલ હોવાના કારણે, भव्वस्स=ભવ્યજીવનો, इमीए=આમાં=ચૈત્યવંદનમાં, अहिगो=અધિક થાય છે=અધિક યત્ન થાય છે=વેલાવિધાન આદિ વિષયક અધિક યત્ન થાય છે.

'त्ति' શબ્દ વાક્યની સમાપ્તિમાં છે. ।।૩/૧૩।।

**ગાથાર્થ :-**

**કલ્યાણયુક્ત જીવોને=મંત્રાદિના ફળને પામનારા એવા કલ્યાણયુક્ત જીવોને, મંત્રાદિના વિધાનમાં પણ ત્યાં=વેલાદિમાં, યત્ન થાય છે. આનાથી=મંત્રાદિના સેવનથી, અધિક ભાવ હોવાને કારણે=ચૈત્યવંદનનું અધિક ફલ હોવાના કારણે, ભવ્યજીવનો આમાં=ચૈત્યવંદનમાં, અધિક થાય છે=અધિક યત્ન થાય છે=વેલાવિધાન આદિ વિષયક અધિક યત્ન થાય છે. ।।૩/૧૩।।**

**ટીકા :-**

व्याख्या—'मंताई'त्यादि । मन्त्रादीनां=मन्त्रविद्याप्रभृतीनां प्रसिद्धस्वरूपाणां, विधानं=साधनविधिः, पूर्वसेवादिगतो वेलाराधनादिरूपो मन्त्रादिविधानं तत्रापि, आस्तां वन्दनाविधाने, जायते=भवति, कल्याणिनः=निःश्रेयसवत एव पुरुषस्य, नाकल्याणिनः, इह चावधारणं काकुपाठात्प्रतीयते, क्वेति ? तत्र=विवक्षिते क्वचिन्मन्त्रादिविधाने, यत्नो=वेलाविधानाद्याराधनोद्यमः, एवं भव्यस्य वन्दनायां यत्नो जायते, केवलं 'एत्तो' त्ति इतो=मन्त्रादिविधानात्सकाशात्, अधिकभावाद्=अधिकत्वाद् वन्दनायास्तस्याः स्वर्गापवर्गसाधकत्वात्, भव्यस्य=वन्दनाया योग्यस्यापुनर्बन्धकादेः, 'इमीए' त्ति अस्यां=चैत्यवन्दनायाम्, अधिको=विशिष्टतरो वेलाविधानतद्गतचित्तत्वादिरूपो, यत्न इति प्रकृतम्, भवति हि विशिष्टफलार्थिनां विशिष्टफलहेतौ तदन्यापेक्षया विशिष्टो यत्नः । इतिशब्दो वाक्यार्थसमाप्तौ । एवमनेन=भाववन्दनासद्भावे वेलाविधानादीनां सद्भावप्रतिपादनेन, तल्लिङ्गता समर्थितेति गाथार्थः ।।३/१३।।

**ટીકાર્થ :-**

मन्त्रादीनां ..... गाथार्थः ।। 'मंताईत्यादि' પ્રતીક છે. મંત્રાદિનું=પ્રસિદ્ધ સ્વરૂપવાળા મંત્ર, વિદ્યા વગેરેનું, વિધાન=સાધનવિધિ, પૂર્વસેવાદિગત વેલાઆરાધનાદિ રૂપ મંત્રવિધાન છે, તેમાં પણ=વંદનાદિવિધાનમાં દૂર રહો પરંતુ મંત્રાદિવિધાનમાં પણ, કલ્યાણયુક્તને=પોતાના નિઃશ્રેયસવાળા જ પુરુષને, ત્યાં=વિવક્ષિત કોઈક મંત્રાદિવિધાનમાં, યત્ન=વેલાવિધાનાદિ આરાધનાનો ઉદ્યમ, થાય છે. અહીં કલ્યાણયુક્ત

**પુરુષને ગ્રહણ કરવાથી અકલ્યાણવાળા પુરુષનો મંત્રાદિ વિધાનમાં યત્ન થતો નથી અને અહીં અવધારણ કાકુપાઠથી પ્રતીત થાય છે=અર્થથી જણાય છે, એ રીતે=જે રીતે મંત્રાદિમાં કલ્યાણયુક્તનો વેલાદિમાં યત્ન થાય છે એ રીતે, ભવ્ય જીવનો વંદનામાં યત્ન થાય છે. કેવળ આનાથી=મંત્રાદિ વિધાનથી, અધિક ભાવ હોવાના કારણે=વંદનાનું અધિકપણું હોવાના કારણે, ભવ્ય જીવને=વંદનાને યોગ્ય એવા અપુનર્બંધકાદિ જીવને, અધિક પ્રયત્ન થાય છે, એમ અન્વય છે.**

વંદનાનું મંત્રાદિ કરતાં અધિકપણું કેમ છે ? તેમાં હેતુ કહે છે –

**તેનું=વંદનાનું, સ્વર્ગ-અપવર્ગ સાધકપણું છે, તેથી વંદનાને યોગ્ય એવા અપુનર્બંધકાદિ જીવોને આમાં=ચૈત્યવંદનામાં, અધિક=વિશિષ્ટતર=મંત્રસાધક કરતાં પણ વિશિષ્ટતર, એવું વિધાન તદ્ગત ચિત્તત્વાદિરૂપ યત્ન થાય છે, એ પ્રમાણે પ્રકૃત છે. 'हि'=જે કારણથી, વિશિષ્ટ ફલાર્થી જીવોને વિશિષ્ટ ફળના હેતુમાં તેના અન્યની અપેક્ષાથી=વિશિષ્ટ ફલવાળી વસ્તુની અપેક્ષા કરતાં સામાન્ય ફલવાળી વસ્તુની અપેક્ષાથી, વિશિષ્ટ યત્ન થાય છે.**

**'इति' શબ્દ વાક્યાર્થની સમાપ્તિમાં છે.**

**આ રીતે=પ્રસ્તુત ગાથામાં કહ્યું એ રીતે, આના દ્વારા ભાવવંદનાનો સદ્ભાવ હોતે છતે વેલા-વિધાનાદિના સદ્ભાવના પ્રતિપાદનથી તેની લિંગતા=ભાવવંદનાની લિંગતા, સમર્થિત કરાઈ, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૧૩॥**

**ભાવાર્થ :-**

સંસારવર્તી જે જીવો મંત્રાદિને આધીન તેના ફલને પ્રાપ્ત કરે તેવી યોગ્યતાવાળા છે, તેઓ મંત્રવિદ્યાદિને સાધવા બેસે ત્યારે ઉચિત વેલામાં અને મંત્રગત ચિત્તાદિપૂર્વક યત્ન કરીને મંત્રાદિને સાધે છે; પરંતુ જેમતેમ યત્ન કરીને મંત્રાદિ સાધવા યત્ન કરતા નથી. વળી, મંત્રાદિનું ફલ આલોકમાં જ તેની ઉપયોગિતામાત્ર છે. જ્યારે ચૈત્યવંદનાનું ફલ સ્વર્ગ અને મોક્ષ છે. તેથી મંત્રાદિ કરતાં અધિક સુખના કારણીભૂત ચૈત્યવંદનની ક્રિયા છે. જે અપુનર્બંધક આદિરૂપ ભવ્ય જીવો ચૈત્યવંદનાને કરીને સંસારનો ક્ષય કરે તેવા છે, તે ચૈત્યવંદનના બળથી ઉત્તરોત્તર ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા મોક્ષને પામે તેવા છે. આવા ભવ્ય જીવો શાસ્ત્રવચનના બળથી જાણે છે કે સંસારગત મંત્રાદિ કરતાં ચૈત્યવંદના મહાફલવાળી છે; કેમ કે સમ્યગ્ રીતે સેવાયેલી એવી તે ચૈત્યવંદના પરલોકમાં સ્વર્ગની પ્રાપ્તિ કરાવીને પરંપરાએ મોક્ષને પ્રાપ્ત કરાવનાર છે. તેથી પોતાની શક્તિ અનુસાર પ્રમાદ વગર વંદનાના વેલાદિમાં અને ક્રિયાકાલમાં તદ્ગત ચિત્તત્વ આદિરૂપ યત્ન કરનારા બને છે. તેથી નક્કી થાય છે કે જેઓ વેલાદિમાં અપ્રમાદથી યત્ન કરે છે, તેઓમાં ભાવવંદનાનો સદ્ભાવ છે; કેમ કે વંદનાના પારમાર્થિક ફલને જાણનારા તે જીવો મૂઢતામાત્રથી ચૈત્યવંદન કરીને સંતોષ માનનારા નથી; પરંતુ શાસ્ત્રવચનથી તે વંદનાનાં સર્વ અંગોને સમ્યક્ જાણવા યત્ન કરે છે અને પોતાની શક્તિના પ્રકર્ષથી તે સર્વ અંગોને સેવવા યત્ન કરે છે. તેનાથી તેઓને અવશ્ય મોક્ષને અનુકૂળ તેવા તેવા ઉત્તમ ભાવો થાય છે. તેથી તે ભવ્ય જીવો પ્રસ્તુત ચૈત્યવંદનના ફળરૂપે અવશ્ય સ્વર્ગ-અપવર્ગને પ્રાપ્ત કરશે. માટે તેઓની ક્રિયાના બળથી નક્કી થાય છે કે તેઓ ભાવવંદના કરે છે. **॥૩/૧૩॥**

**અવતરણિકા :-**

अथ यदुक्तं – 'एत्तोऽधिगभावाओ' इत्यादि, तत्समर्थनार्थमाह –

**અવતરણિકાર્થ :-**

હવે જે કહેવાયું=ગાથા-૧૩માં કહેવાયું – 'આનાથી અધિકભાવને કારણે=મંત્રાદિ કરતાં ચૈત્યવંદનનો અધિક ભાવ હોવાને કારણે,' ઈત્યાદિ, તેના સમર્થન માટે કહે છે=મંત્રાદિ કરતાં ચૈત્યવંદનાનો અધિક ભાવ છે, તેના સમર્થન માટે કહે છે –

**ગાથા :-**

**एईइ परमसिद्धी जायइ जं ता दढं तओ अहिगा ।**
**जत्तम्मि वि अहिगत्तं भव्वस्सेयाणुसारेण ।।३/१४।।**

**છાયા :-**

एतया परमसिद्धिर्जायते यत् तद् दृढं स्ततोऽधिका ।
यत्नेऽपि अधिकत्वं भव्यस्यैतदनुसारेण ।।३/१४।।

**અન્વયાર્થ :-**

जं=જે કારણથી, एईए=આનાથી=પ્રક્રાંત ચૈત્યવંદનથી, परमसिद्धी=પરમ સિદ્ધિ, जायइ=થાય છે. તે ता=કારણથી, तओ=તેનાથી=મંત્રાદિના વિધાનથી, दढं=અત્યંત, अहिगा=અધિક=અધિક વંદના, છે. भव्वस्स=ભવ્યને, एयाणुसारेण=આના અનુસારથી=આધિક્યના અનુસારથી, जत्तम्मि=યત્નમાં, वि=પણ, अहिगत्तं=અધિકપણું છે. ।।૩/૧૪।।

**ગાથાર્થ :-**

**જે કારણથી આનાથી=પ્રક્રાંત ચૈત્યવંદનથી, પરમ સિદ્ધિ થાય છે, તે કારણથી તેનાથી=મંત્રાદિના વિધાનથી, અત્યંત અધિક=અધિક વંદના, છે. ભવ્યને આના અનુસારથી=આધિક્યના અનુસારથી, યત્નમાં પણ અધિકપણું છે. ।।૩/૧૪।।**

**ટીકા :-**

व्याख्या–एइ इत्यादि । एतया=प्रक्रान्तचैत्यवन्दनया करणभूतया, एतस्या वा सकाशात्, परमसिद्धिः=अणिमादिसिद्ध्यपेक्षया प्रधाना पुरुषार्थनिष्पत्तिः=निर्वाणमित्यर्थः, जायते=भवति, यद्=यस्माद्धेतोः, तत्=तस्मात्, दृढम्=अत्यर्थम्, ततो मन्त्रादिविधानात्=परमसिद्धिसाधनासमर्थात्, अधिका=विशिष्टतरा, चैत्यवन्दनेति प्रकृतम्, ततश्च यत्नेऽपि=वन्दनाश्रयवेलाविधानाद्युद्यमेऽपि, आस्तां वन्दनायाम्, अधिकत्वं=विशिष्टतरत्वं, भवतीति गम्यम् । कस्य ? इत्याह – भव्यस्य=

**भाववन्दनायोग्यस्यापुनर्बन्धकादेः, एतदनुसारेण=वन्दनाधिक्यानुरूप्येण, यतो मन्त्रादिविधानादधिका वन्दनाऽतस्तदानुरूप्येण तद्गतयत्नोऽप्यधिको भवतीति भावः । अन्ये त्वाहुः – फलाधिक्यानुसारेण । इति गाथार्थः ।।३/१४।।**

**ટીકાર્થ :-**

**एतया ..... गाथार्थः ।। 'एइ इत्यादि' પ્રતીક છે. જે કારણથી આનાથી=કરણભૂત એવી પ્રક્રાંત ચૈત્યવંદનાથી, અથવા તૃતીયા વિભક્તિને બદલે પંચમી વિભક્તિ લેવી. પરમ સિદ્ધિ=અણિમાદિ સિદ્ધિની અપેક્ષાએ પ્રધાન એવા પુરુષાર્થની નિષ્પત્તિ અર્થાત્ નિર્વાણ, થાય છે, તે કારણથી તેનાથી=પરમ સિદ્ધિના સાધનમાં અસમર્થ એવા મંત્રાદિના વિધાનથી, દૃઢ=અત્યંત, અધિકા=વિશિષ્ટતરા, ચૈત્યવંદના થાય છે. તેથી=મંત્રાદિ કરતાં વંદના અધિક છે તેથી, યત્નમાં પણ=વંદનાના આશ્રયણ એવા વેલાદિના વિધાનના ઉદ્યમમાં પણ, અધિકત્વ થાય છે=વિશિષ્ટતરત્વ થાય છે. વંદનામાં દૂર રહો અર્થાત્ વંદનામાં તો અધિક યત્ન થાય છે પરંતુ વેલાદિના ઉદ્યમમાં પણ અધિક યત્ન થાય છે.**

**કોને વેલાદિના ઉદ્યમમાં અધિક યત્ન થાય છે ? એથી કહે છે –**

**ભવ્યને=ભાવવંદનાયોગ્ય એવા અપુનર્બંધકાદિને, આના અનુસારથી=વંદનાના આધિક્યના અનુરૂપપણાથી, યત્નમાં પણ અધિકપણું છે, જે કારણથી મંત્રાદિ વિધાનથી અધિક વંદના છે. આથી તેના આનુરૂપ્યથી=અધિકતાના આનુરૂપ્યથી, તદ્ગત યત્ન પણ અધિક થાય છે. વળી, અન્યો કહે છે – ફલના આધિક્યના અનુસારથી યત્ન અધિક થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૧૪।।**

**ભાવાર્થ :-**

જે અપુનર્બંધક આદિ જીવો ચૈત્યવંદનાદિ સૂત્રોના અર્થોનું આલોચન કરે છે, તેઓને આ ચૈત્યવંદનાદિ ક્રિયા વીર્યના પ્રકર્ષ દ્વારા સંસારના ક્ષયનું એક કારણ છે, તેવો બોધ થાય છે. તેથી સંસારની અન્ય સર્વ લબ્ધિઓ કરતાં પ્રકૃષ્ટ સિદ્ધિ ચૈત્યવંદનથી છે, તેવો તેમને બોધ થાય છે. આ કારણે તેવા જીવોને અન્ય પુરુષાર્થ સાધક કૃત્યોમાં જે પ્રકારે યત્ન થાય છે, તેના કરતાં અધિક યત્ન વંદનાના અંગભૂત વેલા-વિધાન આદિમાં થાય છે. એટલું જ નહિ પણ વંદનાના ક્રિયાકાલમાં વંદનામાં પણ તદ્ગતચિત્ત આદિપૂર્વક યત્ન થાય છે; કેમ કે ભગવાનના ગુણોમાં પ્રવર્તતું દૃઢ ચિત્ત જ વીતરાગતાની પ્રાપ્તિનું એક કારણ છે, તેવા બોધવાળા જીવોને શક્તિના પ્રકર્ષથી તેવા ભાવોની નિષ્પત્તિ થાય, તે પ્રકારે ચૈત્યવંદનની ક્રિયામાં અવશ્ય યત્ન હોય છે.

વળી વિશેષ લાભાલાભનું કારણ ન હોય તો તે જીવો ઉચિત વેલાદિમાં જ ચૈત્યવંદનાદિ કૃત્યો કરે છે. જે ભદ્રક પ્રકૃતિવાળા અપુનર્બંધક જીવો તદ્અર્થઆલોચન આદિને પ્રાપ્ત કરી શક્યા નથી, તેઓ મુગ્ધતાથી વંદનામાં પ્રયત્ન કરે છે, છતાં ઉપદેશ આદિ સામગ્રી પામીને તદ્અર્થઆલોચન આદિ કરે તેવી યોગ્યતાવાળા છે, તેવા યોગ્ય જીવોને બોધ કરાવવા અર્થે પ્રસ્તુત પંચાશક છે. **।।૩/૧૪।।**

અવતરણિકા :-

न खलु परमसिद्धिलक्षणमामुष्मिकमेव फलं वन्दनातो जायते किंत्वैहिकमपीति दर्शयन्नाह –

અવતરણિકાર્થ :-

ખરેખર પરમ સિદ્ધિ લક્ષણ આમુષ્મિક જ ફલ વંદનાથી થતું નથી, પરંતુ ઐહિક ફલ પણ થાય છે, એ પ્રમાણે બતાવતાં કહે છે –

ગાથા :-

पायं इमीए जत्ते ण होइ इहलोगिया वि हाणि त्ति ।
णिरुवक्कमभावाओ भावो वि हु तीइ छेयकरो ।।३/१५।।

છાયા :-

प्रायोऽस्यां यत्ने न भवति इहलौकिकापि हानिरिति ।
निरुपक्रमभावाद् भावोऽपि खलु तस्याः छेदकरः ।।३/१५।।

અન્વયાર્થ :-

पायं=પ્રાયઃ, इमीए=આમાં=વંદનાના વિષયમાં, जत्ते=યત્ન હોતે છતે=વેલાદિ વિષયક યત્ન હોતે છતે, इहलोगिया=ઇહલૌકિક, वि=પણ, हाणि=હાનિ=સમૃદ્ધિની હાનિ, ण=થતી નથી.

'त्ति' શબ્દ પરિસમાપ્તિમાં છે.

णिरुवक्कमभावाओ=નિરુપક્રમ કર્મનો સદ્ભાવ હોવાથી, भावो वि=ભાવ પણ છે=ધન-ધાન્યાદિની હાનિનો ભાવ પણ છે, हु=ખરેખર (વંદનાનો યત્ન), तीइ=તેનો=ઇહલૌકિક હાનિનો, छेयकरो=છેદકર જ છે=વંદના છેદ કરનાર જ છે. ।।૩/૧૫।।

ગાથાર્થ :-

**પ્રાયઃ આમાં=વંદનાના વિષયમાં, યત્ન હોતે છતે=વેલાદિ વિષયક યત્ન હોતે છતે, ઇહલૌકિક પણ હાનિ=સમૃદ્ધિની હાનિ થતી નથી. નિરુપક્રમ કર્મનો સદ્ભાવ હોવાથી ભાવ પણ છે=ધન-ધાન્યાદિની હાનિનો ભાવ પણ છે, ખરેખર (વંદનાનો યત્ન) તેનો=ઇહલૌકિક હાનિનો, છેદકર જ છે=વંદના છેદ કરનાર જ છે. ।।૩/૧૫।।**

ટીકા :-

व्याख्या–पायमित्यादि । प्रायः=बाहुल्येन, प्रायोग्रहणं निरुपक्रमकर्मोदयात् हानिः कदाचिद् भवत्यपीति दर्शनार्थम्, अस्यां=वन्दनायाम्, यत्ने=वेलाविधानाद्याराधनोद्यमे सति, न भवति=न

जायते । ऐहलौकिक्यपि=इहलोकगताऽपि, न केवलं परलोकगता, हानिः=क्षतिर्धनधान्यादिविषया, इतिशब्दो वाक्यार्थसमाप्तौ । ननु वन्दनातो वरतरसर्वविरत्यनुपालनयत्नवतामपि प्राणादिहानिः श्रूयते, तत्कथं वन्दनायत्नान्न हानिर्भवतीत्यभिधीयते ? इत्याशंक्याह — निरुपक्रमभावादनुपक्रमणीयत्वादवश्यंवेद्यस्वभावत्वात्, कर्मणामिति गम्यते, भावोऽपि स्यात्, न केवलमभाव एव स्यात्, हानेरिति गम्यते, हुशब्दो वाक्यालङ्कारेऽवधारणे वा, तत्प्रयोगं च दर्शयिष्यामः, केवलमसौ 'तीइ' त्ति तस्या=ऐहलौकिकहानेः, छेदकर एव=व्यवच्छेदकार्येव, अक्षेपेण मोक्षसाधकत्वाद्वन्दनायाः, न पुनर्जन्मान्तरे इहलोक इव विशिष्टवस्तुहानिर्भविष्यति वन्दनाप्रयत्नादित्यभिप्रायः । इति गाथार्थः ।।३/१५।।

**ટીકાર્થ :-**

प्रायो ..... गाथार्थः ।। 'पायमित्यादि' પ્રતીક છે. પ્રાયઃ=બાહુલ્યથી, આ વંદનામાં યત્ન હોતે છતે=વેલા-વિધાનાદિ આરાધનામાં યત્ન હોતે છતે, ઈહલોકગત પણ હાનિ=ધન-ધાન્યાદિ વિષયક ક્ષતિ, થતી નથી=કેવલ પરલોકગત ફલમાં તો ક્ષતિ થતી નથી, પરંતુ ઈહલોકગત પણ ધનાદિની વૃદ્ધિ વિષયક ક્ષતિ થતી નથી. પ્રાયઃગ્રહણ નિરુપક્રમ કર્મના ઉદયથી ક્યારેક હાનિ પણ થાય છે તે બતાવવા અર્થે છે.

'इति' શબ્દ=ગાથામાં રહેલ 'इति' શબ્દ, વાક્યાર્થ સમાપ્તિમાં છે.

'ननु'થી શંકા કરે છે — વંદનાથી શ્રેષ્ઠતર એવી સર્વવિરતિના અનુપાલનમાં યત્નવાળાને પણ પ્રાણાદિની હાનિ સંભળાય છે=કોઈક નિમિત્તને પામીને દેહવર્તી દશ પ્રાણ આદિની હાનિ સંભળાય છે. તે કારણથી વંદનાના યત્નથી હાનિ થતી નથી=ધન-ધાન્યાદિની હાનિ થતી નથી, તે પ્રમાણે કેવી રીતે કહેવાય છે ? આ પ્રકારની આશંકા કરીને ગાથાના ઉત્તરાર્ધથી કહે છે —

નિરુપક્રમનો ભાવ હોવાથી=કર્મોનું અનુપક્રમણીયપણું હોવાથી=અવશ્યવેદ્ય સ્વરૂપપણું હોવાથી, ભાવ પણ પ્રાયઃ=ધન-ધાન્યાદિની હાનિનો ભાવ પણ પ્રાયઃ, કેવલ અભાવ જ ન થાય.

કોનો ભાવ થાય ? એથી કહે છે —

'હાનિનો' એ પ્રમાણે અધ્યાહાર છે. 'हु' શબ્દ વાક્યાલંકારમાં છે અથવા અવધારણમાં છે અને તેનો પ્રયોગ હવે બતાવીશું. કેવળ આ=વંદનાનો યત્ન, તેનો=ઈહલૌકિક હાનિનો, છેદકર જ છે=વ્યવચ્છેદકારી જ છે; કેમ કે વંદનાનું અક્ષેપથી મોક્ષસાધકપણું છે. વળી, ઈહલોકની જેમ જન્માંતરમાં વંદનાના પ્રયત્નથી વિશિષ્ટ વસ્તુની હાનિ થશે નહિ, એ પ્રકારનો અભિપ્રાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૧૫।।

**ભાવાર્થ :-**

જે જીવો ચૈત્યવંદનના અર્થોનું સમ્યગ્ આલોચન કરીને વીતરાગના ગુણો પ્રત્યે ચિત્ત ભક્તિવાળું થાય

તે પ્રકારે વંદનામાં યત્ન કરે છે, તેઓ સમ્યગ્ વંદનાના અર્થી હોવાથી વંદનાના અંગભૂત વેલાવિધાન આદિમાં યત્ન કરે છે. આવા જીવોને વંદનાકાળમાં વર્તતા શુભ અધ્યવસાયથી લાભાંતરાય આદિ કર્મોના ક્ષયોપશમો થાય છે, જેથી તેઓને ધન-ધાન્ય આદિની હાનિ પ્રાપ્ત થતી નથી. ક્વચિદ્ કોઈક જીવોએ પૂર્વમાં નિરુપક્રમ કર્મ બાંધેલું હોય તો વંદનાકાળમાં વર્તતા શુભ અધ્યવસાયથી પણ તે કર્મનો ક્ષયોપશમ ન થઈ શકે; આવા જીવોને છોડીને અન્ય જીવોને શુભ અધ્યવસાયથી આલોકમાં પણ સમૃદ્ધિ મળે છે, પરલોકમાં પણ સમૃદ્ધિ મળે છે અને વંદનાના પરિણામનો પ્રકર્ષ થાય તો અક્ષેપથી મોક્ષ થાય છે.

સામાન્યથી સંયમનો પરિણામ ચૈત્યવંદન કરતાં પણ અધિક વિશુદ્ધ છે; કેમ કે ભાવસ્તવ સ્વરૂપ છે. તેથી ભાવસ્તવવાળા મુનિને તેઓના ઉત્તમ અધ્યવસાયથી વિઘ્ન આપાદક કર્મોનો નાશ થવો જોઈએ; છતાં ઋષભદેવ ભગવાનને તે પ્રકારના નિરુપક્રમ કર્મને કારણે આહારની અપ્રાપ્તિ થઈ, જેથી તેમને દેહની મ્લાનિરૂપ પ્રાણાદિની હાનિ થઈ, તેમ જેઓએ નિરુપક્રમ કર્મ બાંધ્યું હોય, તેઓને તે કર્મનો ઉદય થાય ત્યારે વંદના કરવા છતાં ધન-ધાન્યાદિની ક્ષતિ થઈ શકે છે તોપણ વંદનાની ક્રિયાથી ધન-ધાન્યાદિની હાનિને કરનારા કર્મોનો છેદ થાય છે અર્થાત્ જો વંદના ન કરી હોત તો નિરુપક્રમકર્મ અને સોપક્રમકર્મ બન્ને મિલિત થઈને અધિક ધન-ધાન્યાદિની હાનિનું કારણ બનત; જ્યારે વંદનાના શુભ અધ્યવસાયથી સોપક્રમકર્મનો છેદ થાય છે અને માત્ર નિરુપક્રમકર્મ કૃત જ ધન-ધાન્યાદિની હાનિ થાય છે. વળી, જન્માંતરમાં વિશિષ્ટ ધન-ધાન્યાદિની હાનિ ન થાય, તેવો લાભાંતરાયાદિનો ક્ષયોપશમભાવ વંદનાના પ્રયત્નથી પ્રાપ્ત થાય છે. માટે વંદના પ્રકૃષ્ટ એવા મોક્ષને સાધનારી છે; ઉપરાંત આલોકમાં અને પરલોકમાં પણ સર્વ પ્રકારની અનુકૂળતાની પ્રાપ્તિને કરાવનાર છે. **॥૩/૧૫॥**

**અવતરણિકા :-**

**अधिकृतवन्दनामेव तन्त्रान्तरपरिभाषया पुरस्कुर्वन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**તંત્રાંતર પરિભાષાથી=અન્યદર્શનની પરિભાષાથી, અધિકૃત એવી વંદનાને જ પુરસ્કાર કરતાં=પુષ્ટ કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**मोक्खद्धदुग्गगहणं एयं तं सेसगाण वि पसिद्धं ।**
**भावेयव्वमिणं खलु सम्मं ति कयं पसंगेणं ।।३/१६।।**

**છાયા :-**

**मोक्षाध्वदुर्गग्रहणमेतत् तत् शेषकाणामपि प्रसिद्धम् ।**
**भावयितव्यमिदं खलु सम्यगिति कृतं प्रसङ्गेन ।।३/१६।।**

**અન્વયાર્થ :-**

मोक्खद्धदुग्गगहणं=મોક્ષરૂપી માર્ગમાં દુર્ગનું ગ્રહણ, एयं=આ છે=અધિકૃત વંદન છે. तं सेसगाण वि=તે શેષકોને પણ=અન્ય દર્શનવાળાને પણ, पसिद्धं=પ્રસિદ્ધ છે. इणं=એ=મોક્ષઅધ્વમાં દુર્ગ ગ્રહણરૂપ વંદન છે એ, सम्मं ति=સમ્યગ્, भावेयव्वं=ભાવન કરવું જોઈએ, कयं पसंगेणं=પ્રસંગથી સર્યું.

'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે. ॥૩/૧૬॥

**ગાથાર્થ :-**

**મોક્ષરૂપી માર્ગમાં દુર્ગનું ગ્રહણ આ છે=અધિકૃત વંદન છે. તે શેષકોને પણ=અન્ય દર્શનવાળાને પણ પ્રસિદ્ધ છે. એ=મોક્ષઅધ્વમાં દુર્ગ ગ્રહણરૂપ વંદન છે એ, સમ્યગ્ ભાવન કરવું જોઈએ, પ્રસંગથી સર્યું. ॥૩/૧૬॥**

**ટીકા :-**

व्याख्या—मोक्खेत्यादि । मोक्षाध्वनि=निर्वाणमार्गे, दुर्गग्रहणमिव=पर्वतवनादिदुर्गाश्रयणमिव, मोक्षा-ध्वदुर्गग्रहणम्, यथाह्यध्वनि प्रवृत्तस्य तस्करादिभिरभिभूयमानस्य दुर्गसमाश्रयणं त्राणं भवति, एवं मोक्षाध्वनि प्रवृत्तस्य कर्मचौरादिभिरभिभूयमानस्य यत्त्राणहेतुस्तन्मोक्षाध्वदुर्गग्रहणमुच्यते, अथवा मोक्षाध्वा च दुर्गग्रहणमिव दुर्गग्रहणं च मोक्षाध्वदुर्गग्रहणम्, एतदिदमेव=अधिकृतवन्दनमेव, तत्तु यत्किंविधम् ? इत्याह—शेषकाणामपि=तीर्थान्तरीयाणामपि, आस्तामार्हतानाम्, प्रसिद्धं प्रतीतम्, मोक्षाध्वदुर्गग्रहणशब्देन यदुच्यते परैस्तद्भाववन्दनमेव, अस्यैव विवक्षितविपक्षरक्षणक्षमत्वादिति भावः, तदेवं वस्तु व्यवस्थाप्याथोपदेशमाह — भावयितव्यं=विमर्शनीयम्, इदमेतदनन्तरोक्तमधिकृत-वन्दनस्य तन्त्रान्तरप्रसिद्धमोक्षाध्वदुर्गग्रहणस्वरूपम्, खलुर्वाक्यालङ्कारे । किंस्वरूपं भावयितव्यम् ? इत्याह—सम्यगिति=अविपरीतमिति, न पुनस्तन्त्रान्तरीयोक्ततया मिथ्येति, न हि तन्त्रान्तरीयाः सर्वथैव विपरीतवादिन इति । अथ भाववन्दनालिङ्गाधिकारनिगमनार्थमाह — कृतं=भवतु, प्रसङ्गेन= भाववन्दनालिङ्गविषये प्रसङ्गभाषितेन । इति गाथार्थः ।।३/१६।।

**ટીકાર્થ :-**

मोक्षाध्वनि ..... गाथार्थः ।। 'मोक्खेत्यादि' પ્રતીક છે. મોક્ષઅધ્વમાં=નિર્વાણમાર્ગમાં, દુર્ગગ્રહણની જેમ=પર્વત-વન આદિરૂપ દુર્ગના, આશ્રયણની જેમ, મોક્ષમાર્ગમાં દુર્ગગ્રહણ છે. જે પ્રમાણે ચોરાદિથી અભિભૂયમાન માર્ગમાં પ્રવૃત્તને દુર્ગનું આશ્રયણ ત્રાણ=રક્ષણ, થાય છે, એ પ્રમાણે કર્મરૂપી ચોર આદિ વડે અભિભવ પામતા મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત જીવને જે ત્રાણનો હેતુ છે, તે મોક્ષઅધ્વમાં દુર્ગગ્રહણ કહેવાય છે. અથવા મોક્ષનો માર્ગ દુર્ગના ગ્રહણની જેમ દુર્ગગ્રહણ છે=મોક્ષઅધ્વદુર્ગગ્રહણ છે. આ= મોક્ષમાર્ગ આ જ છે=અધિકૃત વંદન જ છે=મોક્ષઅધ્વદુર્ગગ્રહણ સ્વરૂપ જ છે.

**વળી તે મોક્ષઅધ્વદુર્ગગ્રહણરૂપ વંદન. જે કેવા પ્રકારનું છે ? એથી કહે છે – શેષકોને પણ= તિર્થાંતરીઓને પણ, પ્રસિદ્ધ છે=મોક્ષઅધ્વદુર્ગગ્રહણરૂપે પ્રસિદ્ધ છે અર્થાત્ આર્હતોને તો દૂર રહો, પણ અન્ય દર્શનવાળાઓને પણ પ્રતીત છે. મોક્ષઅધ્વમાં દુર્ગગ્રહણ શબ્દથી જે બીજા વડે કહેવાય છે, તે ભાવવંદન જ છે; કેમ કે આનું જ=ભાવવંદનનું જ, વિવક્ષિત વિપક્ષના રક્ષણમાં સમર્થપણું છે=વિવક્ષિત એવા અન્ય દર્શનના કથનને સંગત કરવામાં સમર્થ છે.**

**આ પ્રમાણે વસ્તુનું વ્યવસ્થાપન કરીને હવે ઉપદેશને કહે છે – આ=અધિકૃત વંદનનું અનંતર ઉક્ત, તંત્રાંતરપ્રસિદ્ધ મોક્ષઅધ્વદુર્ગગ્રહણસ્વરૂપ ભાવવું જોઈએ=વિમર્શન કરવું જોઈએ.**

**શ્લોકમાં 'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે.**

**કેવું સ્વરૂપ ભાવવું જોઈએ ? તેથી કહે છે – સમ્યગ્ એ રીતે=અવિપરીત એ રીતે, ભાવન કરવું જોઈએ; પરંતુ તંત્રાંતરીય ઉક્તિ હોવાથી મિથ્યા છે, એ પ્રકારે ભાવન કરવું જોઈએ નહિ. हि=જે કારણથી, તંત્રાંતરીઓ સર્વથા જ વિપરીતવાદી નથી. હવે ભાવવંદનાના લિંગના અધિકારના નિગમન માટે કહે છે – પ્રસંગથી=ભાવવંદનાના લિંગના વિષયમાં પ્રસંગભાષિતથી, સર્યું=ભાવવંદનાના લિંગનો અધિકાર હતો તે પૂર્વમાં બતાવ્યો ત્યાં પ્રસંગથી સ્મરણ થયું કે આ ભાવવંદના મોક્ષમાર્ગમાં દુર્ગના ગ્રહણરૂપ છે એમ ભિન્ન દર્શનવાળા કહે છે તે પણ યુક્ત છે તે રૂપ પ્રાસંગિક કથન પૂર્ણ થયું. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૧૬॥**

**ભાવાર્થ :-**

જે મહાત્માઓ મોક્ષમાર્ગમાં પ્રસ્થિત છે, તેઓને મોક્ષમાર્ગના સમ્યગ્ ગમનમાં બાધક ઘાતિકર્મો છે. આ ઘાતિકર્મોરૂપ ચોરોથી તે મહાત્માઓ ઉપદ્રવ પામે છે, તેના કારણે સુખપૂર્વક મોક્ષમાર્ગમાં ગમન કરવા સમર્થ બનતા નથી. વિવેકી શ્રાવક દેશવિરતિ ગ્રહણ કરીને સર્વવિરતિને અનુકૂળ શક્તિનો સંચય કરે છે, ત્યારે મોક્ષમાર્ગમાં ગમન કરવા અર્થે સામાયિકાદિ અન્ય ઉચિત અનુષ્ઠાનોનું સેવન કરે છે. જેનાથી સમભાવાદિની વૃદ્ધિ કરીને મોક્ષપથમાં પ્રયાણ કરે છે; આમ છતાં અંતરંગ એવાં ઘાતિકર્મો સમભાવના પરિણામમાં વિઘ્ન કરવા માટે સતત ઉપસ્થિત થઈને મોક્ષમાર્ગમાં પ્રયાણ કરતા તે શ્રાવકની ગુણસંપત્તિને લૂંટે છે. આથી જ સામાયિક આદિની ક્રિયામાં વિક્ષેપ પામીને તે શ્રાવકનું ચિત્ત પણ વ્યાઘાત પામે છે. આ વખતે વીતરાગના ગુણોનું સ્મરણ કરીને વીતરાગભાવને સ્પર્શે તે રીતે ચૈત્યવંદન કરવાથી વીતરાગના ગુણોને સ્પર્શનારાં સૂત્રોના આલંબનથી તે શ્રાવક ઘાતિકર્મોના ઉપદ્રવોથી સુરક્ષિત બને છે.

જેમ અટવીમાંથી જતા મુસાફરને ચોરોનો ઉપદ્રવ જણાય ત્યારે રક્ષણ માટે દુર્ગનું આશ્રયણ કરે છે તેમ મોક્ષમાર્ગમાં પ્રસ્થિત વિવેકી સાધુઓ અને વિવેકી શ્રાવકો સંયમના પરિણામની વૃદ્ધિમાં વ્યાઘાતને કરનારા ચોરોથી આત્માનું રક્ષણ કરવા અર્થે પરમગુરુ એવા અરિહંત અને સિદ્ધ ભગવંતોના સ્વરૂપનું સ્મરણ થાય, તે રીતે ચૈત્યવંદનની ક્રિયા કરે છે, જેનાથી સુરક્ષિત થયેલા એવા તેઓ ઘાતિકર્મોના ઉપદ્રવોથી રક્ષણ પામે છે. આ પ્રકારનું વચન જૈનદર્શનકારો તો સ્વીકારે છે, પરંતુ અન્ય દર્શનકારો પણ સ્વીકારે છે. આ વચન

ભાવવંદનાની અપેક્ષાએ જાણવું; કેમ કે ભગવંતના ગુણોથી ભાવિત થયેલું ચિત્ત જ મોક્ષપથમાં ગમનની પ્રવૃત્તિમાં પ્રાપ્ત થતાં વિઘ્નોના નિવારણ માટે રક્ષણનું અંગ બને છે.

'अथवा'થી મોક્ષઅધ્વ દુર્ગગ્રહણનો અર્થ અન્ય પ્રકારે કરે છે –

પ્રથમ વિકલ્પ પ્રમાણે મોક્ષમાર્ગમાં દુર્ગગ્રહણ જેવું ચૈત્યવંદન છે, જ્યારે બીજા વિકલ્પમાં ચૈત્યવંદનની ક્રિયા મોક્ષઅધ્વરૂપ દુર્ગગ્રહણ છે. એથી એ પ્રાપ્ત થાય કે જે જીવો જ્યારે ભગવાનના ગુણોને સ્પર્શે તે પ્રકારે ચૈત્યવંદન કરે છે, ત્યારે તેઓ ઉત્તર-ઉત્તરના મોક્ષમાર્ગને સ્પર્શી રહ્યા છે, અર્થાત્ મોક્ષમાર્ગનું પ્રયાણ આગળ અને આગળ ચાલુ છે. સંસારીઅવસ્થામાં જીવોને વિપાકમાં આવતું મોહનીયકર્મ જીવની ગુણસંપત્તિને લૂંટે તેવું છે, તેનાથી રક્ષણ માટે ચૈત્યવંદનની ક્રિયા મોક્ષમાર્ગરૂપ દુર્ગના ગ્રહણતુલ્ય છે; કેમ કે ભગવાનના આલંબનથી જ્યારે વિવેકી જીવનું ચિત્ત ચૈત્યવંદનની ક્રિયામાં પ્રવર્તે છે, ત્યારે કષાયોરૂપી ચોરંટાઓથી તેમનો આત્મા સુરક્ષિત બને છે. તેથી ચૈત્યવંદનની ક્રિયા દ્વારા કષાયોથી સુરક્ષિત થવાના કારણે દુર્ગના આશ્રયતુલ્ય ચૈત્યવંદનની ક્રિયા છે, જે મોક્ષમાર્ગમાં પ્રયાણરૂપ હોવાથી મોક્ષઅધ્વરૂપ છે. આ ચૈત્યવંદનની ક્રિયા ભાવચૈત્યવંદનરૂપ છે, માત્ર દ્રવ્યચૈત્યવંદનરૂપ નહિ, એ પ્રકારે ભાવન કરવું જોઈએ. જેથી ભાવચૈત્યવંદનને અનુકૂળ દૃઢ ઉદ્યમ થાય. **॥૩/૧૬॥**

**અવતરણિકા :-**

**यदुक्तमुत्कृष्टादित्रिभेदां वन्दनां वक्ष्ये इति, तन्नमस्कारादिभेदेनापुनर्बन्धकादिभावभेदेन चाभिहितम् । यच्चोक्तं मुद्राविन्याससंशुद्धमिति तदधुना समर्थयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**'ઉત્કૃષ્ટ આદિ ત્રણ ભેદવાળી વંદનાને હું કહીશ' એ પ્રમાણે જે કહેવાયું=ગાથા-૧માં કહેવાયું. નમસ્કાર આદિના ભેદથી અને અપુનર્બંધક આદિના ભેદથી તે કહેવાયું=ઉત્કૃષ્ટ આદિ ભેદો કહેવાયા અને જે મુદ્રાવિન્યાસસંશુદ્ધ એ પ્રમાણે કહેવાયું=ગાથા-૧માં કહેવાયું, તેને હવે સમર્થન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**पंचंगो पणिवाओ थयपाढो होइ जोगमुद्दाए ।**
**वंदण जिणमुद्दाए पणिहाणं मुत्तसुत्तीए ।।३/१७।।**

**છાયા :-**

**पञ्चकः प्रणिपातः स्तवपाठो भवति योगमुद्रया ।**
**वन्दनं जिनमुद्रया प्रणिधानं मुक्ताशुक्त्या ।।३/१७।।**

**અન્વયાર્થ :-**

पंचंगो पणिवाओ थयपाढो=પંચાંગ પ્રણિપાત (અને) સ્તવપાઠ, जोगमुद्दाए=યોગમુદ્રાથી, वंदण=વંદન, जिणमुद्दाए=જિનમુદ્રાથી (તથા), पणिहाणं=પ્રણિધાન, मुत्तसुत्तीए=મુક્તાશુક્તિથી=મુક્તાશુક્તિમુદ્રાથી, होइ=થાય છે. ।।૩/૧૭।।

**ગાથાર્થ :-**

**પંચાંગ પ્રણિપાત (અને) સ્તવપાઠ યોગમુદ્રાથી, વંદન જિનમુદ્રાથી તથા પ્રણિધાન મુક્તાશુક્તિમુદ્રાથી થાય છે. ।।૩/૧૭।।**

**ટીકા :-**

**व्याख्या—पंचंगेत्यादि । पञ्चाङ्गानि=अवयवा विवक्षितव्यापारवन्ति यत्र स पञ्चाङ्गः, प्रणिपातः= प्रणिपातदण्डकपाठस्यादाववसाने च प्रणामो, भवति कर्तव्य इति शेषः, यद्यपीह पञ्चाङ्गप्रणिपात इत्युक्तं तथापि पञ्चाङ्गमुद्रया प्रणिपात इति द्रष्टव्यम् मुद्राणामेवाधिकृतत्वात्, तदुक्तं च —** 'पञ्चाङ्गया अपि मुद्रात्वमङ्गविन्यासविशेषरूपत्वाद्योगमुद्रावदिति' **() । तथा स्तवपाठः=शक्रस्तवादिस्तवपठनं, भवति कर्तव्य इति शेषः । कया ? इत्याह — योगमुद्रया वक्ष्यमाणलक्षणया ।**

**ननु चतुर्विंशतिस्तवादेरेव पाठो योगमुद्रया विधेयो न तु शक्रस्तवस्य, तं हि समाकुञ्चितवाम-जानुर्भूमिविन्यस्तदक्षिणजानुर्ललाटपट्टघटितकरकुड्मलः पठतीति जीवाभिगमादिष्वभिधीयत इति ? सत्यम्, केवलं नानन्तरोक्तविशेषणयुक्त एव तं पठतीति नियमोऽस्ति, पर्यङ्कासनस्थः शिरोधिनिवे-शितकरकोरकस्तं पठतीत्यस्यापि ज्ञाताधर्मकथासु दर्शनात्, तथा हरिभद्राचार्येणापि चैत्यवन्दन-वृत्तौ —** 'क्षितिनिहितजानुकरतलो भुवनगुरौ विनिवेशितनयनमानसः प्रणिपातदण्डकं पठति ।' **() इत्यस्य विध्यन्तरस्याभिधानात्, ततोऽस्य पाठे विविधविधिदर्शनात् सर्वेषां च तेषां प्रमाणग्रन्थोक्तत्वेन विनयविशेषभूतत्वेन च निषेद्धुमशक्यत्वाद्योगमुद्रयापि शक्रस्तवपाठो न विरुध्यते, विचित्रत्वान्मुनि-मतानाम्, न चैतानि परस्परमतिविरुद्धानि, सर्वैरपि विनयस्य दर्शितत्वादिति, तथा 'वंदण' त्ति इहानुस्वारलोपो द्रष्टव्यः, तेन वंदणं, 'अरहंतचेइयाणं' इत्यादिदण्डकपाठेन जिनबिम्बादिस्तवनम् जिनमुद्रयोपदेक्ष्यमाणलक्षणया, इयं च पादाश्रिता, योगमुद्रा च हस्ताश्रितेत्युभयोर्वन्दने प्रयोगः, तथा प्रणिधानं शुभार्थप्रार्थनारूपं विशिष्टचित्तैकाग्रतागर्भं 'जय वीयराय' इत्यादिपाठरूपं, मुक्ताशुक्त्या निर्देक्ष्यमाणमुद्रया कर्तव्यम् । इति गाथार्थः ।।३/१७।।**

**ટીકાર્થ :-**

पञ्चाङ्गान्यवयवा ..... गाथार्थः ।। 'पंचंगेत्यादि' પ્રતીક છે. પાંચ અંગો=અવયવો=વિવક્ષિત વ્યાપારવાળા

છે જેમાં તે પંચાંગ, પ્રણિપાત=પ્રણિપાતદંડક પાઠ આદિમાં અને અવસાનમાં પ્રણામ કર્તવ્ય છે. જોકે અહીં=પ્રસ્તુત ગાથામાં પંચાંગપ્રણિપાત એ પ્રમાણે કહેવાયું છે, તોપણ પંચાંગમુદ્રાથી પ્રણિપાત એ પ્રમાણે જાણવું; કેમ કે મુદ્રાનું જ અધિકૃતપણું છે અને તે કહેવાયું છે "પંચાંગીનું પણ મુદ્રાપણું છે; કેમ કે યોગમુદ્રાદિની જેમ અંગવિન્યાસવિશેષરૂપપણું છે." () અને સ્તવપાઠ=શક્રસ્તવાદિ સ્તવનું પઠન, કર્તવ્ય થાય છે.

કઈ મુદ્રાથી કર્તવ્ય થાય છે ? એથી કહે છે –

વક્ષ્યમાણ લક્ષણ યોગમુદ્રાથી કર્તવ્ય થાય છે.

'ननु'થી શંકા કરે છે – ચતુર્વિંશતિસ્તવાદિનો પાઠ યોગમુદ્રાથી કર્તવ્ય છે, શક્રસ્તવનો નહિ. हि=જે કારણથી, સમાકુંચન કરેલો છે ડાબો પગ જેણે એવો, ભૂમિ ઉપર વિન્યસ્ત કર્યો છે જમણો પગ જેણે એવો, લલાટપટ્ટમાં યોજન કર્યા છે કરકુડ્મલ જેણે એવો પુરુષ, તેને=શક્રસ્તવને, ભણે છે, એ પ્રમાણે જીવાભિગમાદિમાં કહેવાયું છે.

તેને ગ્રંથકારશ્રી કહે છે – તારી વાત સાચી છે. અનંતરઉક્તવિશેષણયુક્ત જ તેને=શક્રસ્તવને, ભણે છે, એ પ્રકારે કેવલ નિયમ નથી; કેમ કે પર્યંકાસનમાં રહેલ મસ્તકમાં નિવેશિત કર્યા છે કરકોરક જેણે એવો પુરુષ તેને=શક્રસ્તવને, બોલે છે, એ પ્રકારે પણ જ્ઞાતાધર્મકથામાં દર્શન છે અને હરિભદ્રાચાર્ય વડે પણ ચૈત્યવંદનવૃત્તિમાં=લલિતવિસ્તરાટીકામાં, "ક્ષિતિમાં સ્થાપન કરાયેલા જાનુ, કરતલવાળો ભુવનગુરુમાં વિનિવેશિત નયન-માનસવાળો પ્રણિપાતદંડક બોલે છે." () એ પ્રકારની આની વિધિઅંતરનું=બીજી વિધિનું, અભિધાન છે. તેથી આના પાઠમાં=શક્રસ્તવના પાઠમાં, વિવિધ વિધિનું દર્શન હોવાના કારણે અને તે સર્વનું જ પ્રમાણગ્રંથથી ઉક્તપણું હોવાના કારણે=પ્રમાણભૂત એવા ગ્રંથોથી ઉક્તપણું હોવાના કારણે અને વિનયવિશેષભૂતપણું હોવાના કારણે નિષેધ કરવા માટે અશક્યપણું હોવાથી યોગમુદ્રાથી પણ શક્રસ્તવનો પાઠ વિરોધી નથી; કેમ કે મુનિઓના મતોનું વિચિત્રપણું છે અને આ=મુનિઓના મતો, પરસ્પર અતિવિરુદ્ધ નથી; કેમ કે સર્વ પણ મુનિઓ વડે વિનયનું દર્શિતપણું છે=જુદી જુદી મુદ્રાઓ દ્વારા ભગવાનના વિનયનો જ વ્યપદેશ કરાયો છે.

અને 'वंदण' એ પ્રમાણે, અહીં=ગાથામાં 'वंदण' શબ્દ વાપર્યો તેમાં, અનુસ્વારનો લોપ જાણવો. તેથી વંદનં એ પ્રકારે પ્રયોગ છે વંદન શું છે તે સ્પષ્ટ કરે છે. 'અરિહંતચેઈયાણં' ઈત્યાદિ દંડકપાઠથી ઉપદિશ્યમાન એવી જિનમુદ્રા વડે જિનબિંબાદિનું સ્તવન છે અને આ=જિનમુદ્રા, પગને આશ્રયીને છે અને યોગમુદ્રા હાથને આશ્રયીને છે, એ પ્રકારે ઉભયનો વંદનમાં પ્રયોગ છે અને શુભાર્થની પ્રાર્થનારૂપ વિશિષ્ટ ચિત્તની એકાગ્રતાથી યુક્ત એવું નિર્દિશ્યમાનમુદ્રારૂપ મુક્તાશુક્તિથી 'જય વીયરાય' ઈત્યાદિ પાઠરૂપ પ્રણિધાન કર્તવ્ય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૧૭॥

**ભાવાર્થ :-**

ભગવાન પ્રત્યે ભક્તિના પ્રકર્ષના અર્થે તે તે મુદ્રાઓ તે તે ક્રિયાકાળમાં આવશ્યક છે, તેને આશ્રયીને

પંચાંગપ્રણિપાતસૂત્ર, નમુત્થુણં સૂત્ર, અરિહંત ચેઈયાણં સૂત્ર અને જય વીયરાય સૂત્ર કઈ મુદ્રાથી કર્તવ્ય છે ? તે પ્રસ્તુત ગાથામાં ગ્રંથકારશ્રી બતાવે છે. આ મુદ્રાઓ દ્વારા ભગવાનનો વિનય જ વૃદ્ધિ પામે છે. આથી જ વિનયના પ્રયોજનથી શક્રસ્તવના પાઠના વિષયમાં ભિન્ન ભિન્ન મુદ્રાઓ પણ પ્રમાણભૂત છે; કેમ કે તે સર્વ મુદ્રાઓ દ્વારા તે પ્રકારના વિનયનો પરિણામ પ્રગટ થઈ શકે છે. ભગવાનના ગુણો પ્રત્યે વિનયની અતિશયતા અનુસાર જ નિર્જરાની પ્રાપ્તિ છે, એથી વિનયની અતિશયતાના પ્રયોજનથી મુદ્રાનું વિધાન છે, માત્ર બાહ્ય ક્રિયારૂપે તેનું વિધાન નથી. **॥૩/૧૭॥**

**અવતરણિકા :-**

**पञ्चाङ्गप्रणिपातादीनां व्याख्यानायाह –**

**અવતરણિકાર્થ :-**

**પંચાંગ પ્રણિપાતાદિના વ્યાખ્યાન માટે કહે છે –**

**ગાથા :-**

**दो जाणू दोण्णि करा पंचमगं होइ उत्तमंगं तु ।**
**सम्मं संपणिवाओ णेओ पंचंगपडिवाओ ।।३/१८।।**

**છાયા :-**

**द्वे जानुनी द्वौ करौ पञ्चमकं भवति उत्तमाङ्गं तु ।**
**सम्यक् सम्प्रणिपातो ज्ञेयः पञ्चाङ्गप्रणिपातः ।।३/१८।।**

**અન્વયાર્થ :-**

**दो जाणू=બે જાનુ, दोण्णि करा=બે હાથ, तु=વળી, पंचमगं=પાંચમું, उत्तमंगं=ઉત્તમાંગ=મસ્તક, होइ=થાય છે. सम्मं=સમ્યગ્, संपणिवाओ=સંપ્રણિપાત, पंचंगपडिवाओ=પંચાંગ પ્રણિપાત, णेओ= જાણવો. ।।૩/૧૮।।**

**ગાથાર્થ :-**

**બે જાનુ, બે હાથ, વળી, પાંચમું ઉત્તમાંગ=મસ્તક થાય છે. સમ્યગ્ સંપ્રણિપાત પંચાંગ પ્રણિપાત જાણવો. ।।૩/૧૮।।**

**ટીકા :-**

**व्याख्या–दो जाणेत्यादि । द्वे जानुनी=अष्ठीवन्तौ, द्वौ करौ=हस्तौ, पञ्चममेव पञ्चमकं, भवति=वर्तते, उत्तमाङ्गं तु=शिर एव, इत्यनेन पञ्चाङ्ग इति व्याख्यातम् । अथ प्रणिपातव्याख्याना-**

**याह – एतैरेव पञ्चभिरङ्गैः, सम्यक्=भक्तितो भून्यासतः, यः संप्रणिपातः=प्रणामः, असौ ज्ञेयो= ज्ञातव्यः, पञ्चाङ्गप्रणिपातः पूर्वोक्तनिर्वचनः । इति गाथार्थः ।।३/१८।।**

**ટીકાર્થ :-**

**द्वे ..... गाथार्थः ।। 'दो जाणेत्यादि' પ્રતીક છે. બે જાનુ, બે હાથ, પાંચમું વળી ઉત્તમાંગ=શિર જ, વર્તે છે. આના દ્વારા પાંચ અંગો એ વ્યાખ્યાત છે. હવે પ્રણિપાતનું વ્યાખ્યાન કરવા માટે કહે છે – આ પાંચેય અંગો વડે સમ્યગ્=ભક્તિથી ભૂમિમાં ન્યાસને કારણે, જે સંપ્રણિપાત=પ્રણામ, એ પંચાંગ પ્રણિપાત પૂર્વોક્ત નિર્વચનવાળો જાણવો, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૧૮।।**

**ભાવાર્થ :-**

ચૈત્યવંદનકાળમાં બે જાનુ, બે હાથ અને મસ્તકને જમીન ઉપર અડાડીને ભક્તિનો અતિશય થાય તે પ્રકારે જે પ્રણામ કરવામાં આવે તે પંચાંગ પ્રણિપાત છે. નમુત્થુણંસૂત્રની શરૂઆતમાં અને પૂર્ણાહુતિમાં પંચાંગ પ્રણિપાત કરવામાં આવે છે, જેનાથી ભગવાનના ગુણોના પ્રતિસંધાનપૂર્વક ચિત્ત વીતરાગતાને અભિમુખ જવા યત્ન કરે છે, તેમાં તે પ્રકારની પ્રણામની ક્રિયા ભાવના અતિશયના પૂરક અંગરૂપે બને છે. **।।૩/૧૮।।**

**અવતરણિકા :-**

**योगमुद्रायाः स्वरूपमाह –**

**અવતરણિકાર્થ :-**

**યોગમુદ્રાના સ્વરૂપને કહે છે –**

**ગાથા :-**

**अण्णोण्णन्तरि अंगुलिकोसाकारेहिं दोहिं हत्थेहिं ।**
**पिट्टोवरिकोप्परसंठिएहिं तह जोगमुद्द त्ति ।।३/१९।।**

**છાયા :-**

**अन्योऽन्यान्तरिताङ्गुलिकोशाकाराभ्यां द्वाभ्यां हस्ताभ्याम् ।**
**पेट्टोपरिकूर्परसंस्थिताभ्यां तथा योगमुद्रेति ।।३/१९।।**

**અન્વયાર્થ :-**

**अण्णोण्णन्तरि=અન્યોન્ય અંતરિત, अंगुलिकोसाकारेहिं=અંગુલિથી કોશ આકારવાળા, पिट्टोवरिकोप्पर-संठिएहिं=પેટના ઉપર હાથની બે કોણીઓ સંસ્થિત છે જેમાં તેવા, दोहिं हत्थेहिं=બે હાથથી, तह=તે પ્રકારે, जोगमुद्द=યોગમુદ્રા છે.**

**'त्ति' શબ્દ યોગમુદ્રાના સ્વરૂપની પૂર્ણાહુતિ માટે છે. ।।૩/૧૯।।**

ગાથાર્થ :-

**અન્યોન્ય અંતરિત અંગુલિથી કોશ આકારવાળા પેટના ઉપર હાથની બે કોણીઓ સંસ્થિત છે જેમાં તેવા બે હાથથી તે પ્રકારે યોગમુદ્રા છે. ।।૩/૧૯।।**

ટીકા :-

**व्याख्या—अण्णोण्णेत्यादि । अन्योन्येन=परस्परेण, अन्तरिता=व्यवहिता, अङ्गुलयः=करशाखा, ययोस्तौ, तथा तौ कोशाकारौ च=कमलकोरकाकृती, उभयजोडनेनान्योन्यान्तरिताङ्गुलिकोशाकारौ ताभ्यां, द्वाभ्यां हस्ताभ्यां=कराभ्यां करणभूताभ्यां, पुनः किंभूताभ्याम् ? पेट्टस्य=उदरस्य, उपरि-ऊर्ध्वभागे, कूर्पराभ्यां=कुहणिकाभ्यां, संस्थितौ=व्यवस्थितौ, यौ तौ तथा ताभ्यां पिट्टोपरिकूर्पर-संस्थिताभ्यां, तथा=तेन प्रकारेणाचरणागम्येन । अथवा पञ्चाङ्गप्रणिपातापेक्षया समुच्चयार्थ-स्तथाशब्दः, योगो=हस्तयोर्योजनविशेषः समाधिर्वा, तत्प्रधाना मुद्रा=अङ्गन्यासविशेषो, विघ्नविशेष-व्यपोहनसमर्थो योगमुद्रा, भवतीति गम्यते । इतिशब्दो योगमुद्रालक्षणसमाप्तिसंसूचक उपप्रदर्शनार्थो वा, इति=एवंप्रकारा योगमुद्रेत्यर्थः । इति गाथार्थः ।।३/१९।।**

ટીકાર્થ :-

अन्योन्येन ..... गाथार्थः ।। 'अण्णोण्णेत्यादि' પ્રતીક છે. અન્યોન્ય=પરસ્પર, અંતરિત=વ્યવહિત, અંગુલિઓ=કરશાખા, જે બેની છે, તે તેવા છે=અન્યોન્ય અંગુલીવાળા છે અને તે એવા બે કરો કોશાકારવાળા છે=કમળના કોરકવાળી આકૃતિવાળા છે. ઉભયના જોડાણથી પરસ્પર અંગુલિ કોશાકારવાળા તે બેથી=બે હાથોથી=કરણભૂત એવા બે હાથોથી, યોગમુદ્રા થાય છે, એમ અન્વય છે.

ફરી કેવા પ્રકારના તે બે હસ્તો છે ? એથી કહે છે –

પેટના=ઉદરના, ઉપરના ભાગમાં હાથની કોણીઓ વ્યવસ્થાપિત છે જે બેની તે કરો તેવા છે. પેટ ઉપર કોણીઓ સંસ્થાપિત છે જેને એવા બે કરોથી તે પ્રકારની આચરણાથી ગમ્યપણા વડે યોગમુદ્રા થાય છે, એમ અન્વય છે. અથવા પંચાંગપ્રણિપાતની અપેક્ષાએ સમુચ્ચયવાળો 'તથા' શબ્દ છે. બે હાથનો યોગ=યોજનવિશેષ અથવા સમાધિ તત્પ્રધાન મુદ્રા=અંગન્યાસવિશેષ, વિઘ્નવિશેષના વ્યપોહનમાં સમર્થ યોગમુદ્રા થાય છે. 'इति' શબ્દ યોગમુદ્રાના લક્ષણની સમાપ્તિનું સંસૂચક છે અથવા ઉપપ્રદર્શનાર્થવાળો છે='આ પ્રકારે યોગમુદ્રા છે' એ પ્રકારનો અર્થ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૧૯।।

ભાવાર્થ :-

ભગવાન પ્રત્યેની ભક્તિના અતિશયના અર્થે યોગમુદ્રાથી નમુત્થુણં સૂત્ર બોલાય છે અને તે મુદ્રા દ્વારા વિશેષ પ્રકારનાં વિઘ્નો દૂર થાય છે; કેમ કે તે તે મુદ્રા દ્વારા દૃઢ પ્રણિધાનપૂર્વક સૂત્ર બોલવામાં આવે તો સૂત્ર બોલતી વખતે મુદ્રાજન્ય પણ પ્રતિનિયતભાવનો પ્રકર્ષ થાય છે અને તે ભાવને અનુરૂપ વિઘ્નનો નાશ

થાય છે. તેથી યોગમાર્ગની પ્રવૃત્તિમાં સુખપૂર્વક ગમન થાય છે. માટે યોગમાર્ગની પ્રવૃત્તિમાં વિઘ્નવિશેષને નાશ કરવામાં પ્રબળ કારણ યોગમુદ્રા છે. **॥૩/૧૯॥**

**અવતરણિકા :-**

अथ जिनमुद्रामाह –

**અવતરણિકાર્થ :-**

હવે જિનમુદ્રાને કહે છે –

**ગાથા :-**

**चत्तारि अंगुलाइं पुरओ ऊणाइँ जत्थ पच्छिमओ ।**
**पायाणं उस्सग्गो एसा पुण होइ जिणमुद्दा ।।३/२०।।**

**છાયા :-**

चत्वारि अङ्गुलानि पुरत ऊनानि यत्र पश्चिमतः ।
पादयोरुत्सर्ग एषा पुनर्भवति जिनमुद्रा ।।३/२०।।

**અન્વયાર્થ :-**

जत्थ=જ્યાં, पुरओ=આગળથી, चत्तारि=ચાર, अंगुलाइं=અંગુલ, पच्छिमओ=(અને) પાછળથી, ऊणाइँ=ન્યૂન હોય=કાંઈક ન્યૂન હોય=ચાર અંગુલથી કાંઈક ઓછું હોય; पुण=વળી, पायाणं=બે પગનો, उस्सग्गो=ઉત્સર્ગ=પરસ્પર સંસર્ગનો અભાવ, (હોય) एसा=આ, जिणमुद्दा=જિનમુદ્રા, होइ=થાય છે. ॥૩/૨૦॥

**ગાથાર્થ :-**

**જ્યાં આગળથી ચાર અંગુલ અને પાછળથી ન્યૂન હોય=કાંઈક ન્યૂન હોય=ચાર અંગુલથી કાંઈક ઓછું હોય, વળી બે પગનો ઉત્સર્ગ=પરસ્પર સંસર્ગનો અભાવ, હોય આ જિનમુદ્રા થાય છે. ॥૩/૨૦॥**

**ટીકા :-**

व्याख्या–चत्तारीत्यादि । चत्वारीति संख्या, अङ्गुलानि प्रतीतानि, तानि च स्वकीयान्येव, पुरतः=अग्रतः, तथा ऊनानि=किंचिदूनानि अङ्गुलान्येव, यत्र=यस्यां मुद्रायां, पश्चिमतः=पश्चिमभागे, पादयोः=चरणयोः, उत्सर्गः=परस्परपरित्यागः संसर्गाभावोऽन्तरमित्यर्थः, एषा=असौ, पुनःशब्दो योगमुद्रापेक्षया जिनमुद्राया वैलक्षण्यप्रतिपादनार्थः, भवति=संपद्यते, जिनानाम्=अर्हतां कृतकायोत्सर्गाणां सत्का, जिना वा विघ्नजेत्री, मुद्रा=अङ्गन्यासविशेषो जिनमुद्रा । इति गाथार्थः ।।३/२०।।

**ટીકાર્થ :-**

**चत्वारीति ..... गाथार्थः ।। 'चत्तारीत्यादि' પ્રતીક છે. ચાર એ સંખ્યા છે. અંગુલ પ્રતીત છે અને તે સ્વકીય જ ગ્રહણ કરવાના છે=પોતાના જ ચાર અંગુલ લેવાના છે. જે મુદ્રામાં આગળ=અગ્રભાગમાં, ચાર અંગુલો અને પાછળ ઊન=કાંઈક ન્યૂન, ચાર અંગુલો છે.**

કોના ન્યૂન ચાર અંગુલો છે ? તેથી કહે છે –

**બે પગનો ઉત્સર્ગ છે=બે ચરણનો પરસ્પર પરિત્યાગ છે=સંસર્ગનો અભાવ છે=અંતર છે=આગળમાં ચાર અંગુલ અને પાછળમાં ન્યૂન ચાર અંગુલ અંતર છે તે યોગમુદ્રા છે. પુનઃશબ્દ યોગમુદ્રાની અપેક્ષાએ જિનમુદ્રાના વૈલક્ષણ્યના પ્રતિપાદન અર્થવાળો છે. આ=પ્રસ્તુત મુદ્રા, જિનોની=અરિહંતોની=કૃતકાયોત્સર્ગવાળા જિનો સંબંધી છે અથવા જિનો=વિઘ્નજેત્રી મુદ્રા=અંગન્યાસ-વિશેષરૂપ, જિનમુદ્રા છે. ।।૩/૨૦।।**

**ભાવાર્થ :-**

જિનમુદ્રા તીર્થંકરો કાયોત્સર્ગકાળમાં કરે છે, જેનાથી તેઓનો મોહના નાશને અનુકૂળ યત્ન દૃઢ પ્રવર્તી શકે છે. આ જિનમુદ્રા અંતરંગ વિઘ્નને જીતવામાં પ્રબળ કારણ છે તેથી તેવા પ્રકારના બલના સંચય અર્થે ચૈત્યવંદનમાં પણ જિનમુદ્રાથી કાયોત્સર્ગ થાય છે. **।।૩/૨૦।।**

**અવતરણિકા :-**

**अथ मुक्ताशुक्तिमुद्रामाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે મુક્તાશુક્તિમુદ્રાને કહે છે –**

**ગાથા :-**

**मुत्तासुत्ती मुद्दा समा जहिं दोवि गब्भिया हत्था ।**
**ते पुण ललाडदेसे लग्गा अण्णे अलग्ग त्ति ।।३/२१।।**

**છાયા :-**

**मुक्ताशुक्तिमुद्रा समौ यस्यां द्वावपि गर्भितौ हस्तौ ।**
**तौ पुनर्ललाटदेशे लग्नौ अन्ये अलग्नाविति ।।३/२१।।**

**અન્વયાર્થ :-**

**जहिं=જેમાં=જે મુદ્રામાં, दोवि हत्था=બન્ને પણ હાથ, समा=સમાન=અન્યોન્ય અંતરિત અંગુલિ જેમાં ન હોય તેવા, (અને) गब्भिया=ગર્ભિત=વચ્ચેથી ઉન્નત એવા, पुण=વળી, ते=તે=બે હાથ,**

ललाडदेसे=લલાટ દેશમાં=કપાળમાં, लग्गा=લાગેલા, त्ति=इति=એ, मुत्तासुत्ती मुद्दा=મુક્તાશુક્તિ મુદ્રા છે. अण्णे=અન્ય આચાર્યો, अलग्ग=નહીં લાગેલા=કપાળમાં ન લાગેલા બે હાથવાળી મુદ્રાને મુક્તાશુક્તિમુદ્રા કહે છે. ॥૩/૨૧॥

**ગાથાર્થ :-**

**જે મુદ્રામાં બન્ને પણ હાથ સમાન=અન્યોન્ય અંતરિત અંગુલિ જેમાં ન હોય તેવા અને ગર્ભિત=વચ્ચેથી ઉન્નત એવા, વળી તે=બે હાથ, લલાટ દેશમાં=કપાળમાં, લાગેલા હોય એ મુક્તાશુક્તિમુદ્રા છે. અન્ય આચાર્યો નહીં લાગેલા=કપાળમાં ન લાગેલા બે હાથવાળી મુદ્રાને મુક્તાશુક્તિમુદ્રા કહે છે. ॥૩/૨૧॥**

**ટીકા :-**

व्याख्या—मुत्तासुत्तीत्यादि । मुक्ताशुक्तिरिव=मुक्ताशुक्तिः, मुद्रा प्रतीता, इह स्थाने सा भवतीति वाक्यशेषो दृश्यः, समौ=नान्योन्यान्तरिताङ्गुलितया विषमौ, यस्यां=मुद्रायां, भवतः, ततः गर्भिताविव गर्भितौ=उन्नतमध्यौ न तु नीरन्ध्रौ, हस्तौ=पाणी, इहैव लक्षणशेषमाह — तौ=मुक्ताशुक्तिविधायकौ हस्तौ, पुनःशब्दो लक्षणान्तरत्वद्योतनार्थः, ललाटदेशे=भाललक्षणे शरीरभागे, लग्नौ=संबद्धौ कार्यौ, अन्ये तु=अपरे पुनराचार्याः, अलग्नौ=असंबद्धौ ललाटदेश एव, इति=एतत्, आहुरिति शेषः । इति गाथार्थः ॥३/२१॥

**ટીકાર્થ :-**

मुक्ताशुक्तिरिव ..... गाथार्थः ॥ 'मुत्तासुत्तीत्यादि' પ્રતીક છે. મુક્તાશુક્તિ જેવી=મોતીની છીપ જેવી, મુક્તાશુક્તિ મુદ્રા પ્રતીત છે. આ સ્થાનમાં તે થાય છે, એ પ્રકારે વાક્ય અધ્યાહાર છે. સમાન= અન્યોન્ય અંતરિત અંગુલિપણાથી વિષમ નહિ એ સમાન, ત્યારપછી ગર્ભિતની જેમ ગર્ભિત=ઉન્નત મધ્યવાળા પરંતુ છિદ્ર વગરના નહિ એવા, બે હાથ થાય છે જે મુદ્રામાં તે મુક્તાશુક્તિમુદ્રા છે, એમ અન્વય છે. અહીં જ=મુક્તાશુક્તિમુદ્રામાં જ, લક્ષણશેષને કહે છે — વળી તે=મુક્તાશુક્તિમુદ્રા વિધાયક બે હાથો, લલાટ દેશમાં=ભાલલક્ષણવાળા શરીર ભાગમાં, સંબદ્ધ કરવા જોઈએ. 'पुनः' શબ્દ લક્ષણાંતરને દ્યોતન કરવા માટે છે. વળી અન્ય આચાર્યો લલાટ દેશમાં અસંબદ્ધ જ બે હાથોને, કહે છે એ અધ્યાહાર છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૨૧॥

**ભાવાર્થ :-**

મુક્તાશુક્તિમુદ્રાથી જયવીયરાય સૂત્ર બોલાય છે. તે મુદ્રા દ્વારા ભગવાન પાસેં હું યાચના કરું છું, એ પ્રકારનો ભાવ અભિવ્યક્ત થાય છે. તે ભાવને પ્રગટ કરવામાં પ્રબળ કારણ તે પ્રકારની મુદ્રા છે. તેથી ચૈત્યવંદનની ક્રિયામાં તે મુદ્રા પણ અંગ છે. જેઓ તે તે મુદ્રા દ્વારા તે તે ભાવને લેશ પણ સ્પર્શ કરતા નથી

અને સંમૂર્ચ્છિમની જેમ તે મુદ્રા કરે છે તથા સંમૂર્ચ્છિમની જેમ તે સૂત્ર બોલે છે, તેઓની તે મુદ્રા ચૈત્યવંદનનું કાર્ય જે નિર્જરાની પ્રાપ્તિ, તેનું અંગ નહિ હોવાથી નિષ્ફળ થાય છે. **॥૩/૨૧॥**

**અવતરણિકા :-**

**ननु प्रणिधानं मुक्ताशुक्त्येत्युक्तं, तच्च किल वन्दनान्ते क्रियते, अतः शेषा वन्दना प्रणिधानविरहितैव करणीयेति प्राप्तमित्यत्रोच्यते — यदेतद्वन्दनान्ते प्रणिधानं तत्तत्प्रार्थनागर्भोपयोगरूपं, यत्पुनर्वन्दनायां तत्, तदेकाग्रतारूपमतस्तत्सर्वत्र वन्दनायां विधेयमित्येतदेवाह —**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી શંકા કરતાં કહે છે — "'પ્રણિધાન મુક્તાશુક્તિથી' એ પ્રમાણે કહેવાયું અને તે=પ્રણિધાન, ખરેખર વંદનાના અંતે કરાય છે. આથી શેષ વંદના પ્રણિધાન રહિત જ કરણીયરૂપે પ્રાપ્ત છે." આ પ્રકારની શંકામાં જવાબ આપે છે — જે આ વંદનાના અંતે પ્રણિધાન છે તે, તેની પ્રાર્થનાગર્ભ ઉપયોગ સ્વરૂપ છે=જેની પ્રાર્થના કરાય છે તેની પ્રાર્થનાયુક્ત ઉપયોગ સ્વરૂપ છે. જે વળી વંદનામાં તે=પ્રણિધાન, છે તે=પ્રણિધાન, એકાગ્રતારૂપ છે. આથી તે=એકાગ્રતારૂપ પ્રણિધાન, સર્વત્ર વંદનામાં કરવું જોઈએ. એ પ્રકારે આને=પ્રણિધાનને, કહે છે —**

**ગાથા :-**

**सव्वत्थ वि पणिहाणं तग्गयकिरियाभिहाणवण्णेसु ।**
**अत्थे विसए य तहा दिट्ठंतो छिन्नजालाए ।।३/२२।।**

**છાયા :-**

**सर्वत्रापि प्रणिधानं तद्गतक्रियाभिधानवर्णेषु ।**
**अर्थे विषये च तथा दृष्टान्तः छिन्नज्वालया ।।३/२२।।**

**અન્વયાર્થ :-**

**सव्वत्थ वि=સર્વત્ર પણ=પૂર્ણ વંદનની ક્રિયામાં પણ, तग्गयकिरियाभिहाणवन्नेसु=તદ્ગત ક્રિયા-અભિધાન વર્ણમાં, अत्थे=અર્થમાં, य=અને, विसए=વિષયમાં, पणिहाणं=ચિત્તનો ઉપયોગ કરવો જોઈએ. दिट्ठंतो=દૃષ્ટાંત, छिन्नजालाए=છિન્નજ્વાલાથી છે.**

**'तथा' શબ્દ સમુચ્ચય અર્થમાં છે. ॥૩/૨૨॥**

**ગાથાર્થ :-**

**સર્વત્ર પણ=પૂર્ણ વંદનની ક્રિયામાં પણ, તદ્ગત ક્રિયાઅભિધાન વર્ણમાં, અર્થમાં અને વિષયમાં ચિત્તનો ઉપયોગ કરવો જોઈએ. દૃષ્ટાંત છિન્નજ્વાલાથી છે. ॥૩/૨૨॥**

**ટીકા :-**

व्याख्या—सव्वत्थेत्यादि । सर्वत्रापि=समस्तायामपि वन्दनायां, न केवलं तदन्त एवेत्यपिशब्दार्थः, प्रणिधानं=चित्तस्योपयोगः, कार्यं भवतीति शेषः, सामस्त्यमेव व्यक्तित आह – तत्र=वन्दनायां, गता=आश्रिताः, तद्गतास्ते च क्रियाभिधानवर्णाश्चेति विग्रहः, अतस्तेषु । तत्र क्रिया=मुद्राविन्यासमुखस्थगनभूप्रमार्जनकायोत्सर्गकरणादिका, अभिधानानि=पदानि, वर्णाः=तदेकदेशा अकारादयः, उत्तरस्तथाशब्दः समुच्चयार्थोऽत्र द्रष्टव्यः, अर्थे=अर्हदादिपदाभिधेये, तद्गते इति विशेषणमिहाप्यनुस्मर्तव्यम्, विषये=वन्दनाया गोचरे दृष्टिगोचरे वा जिनबिंबे, चशब्दः समुच्चयार्थ एव, अथैकदैकजीवस्यानेकोपयोगाभावान्न सर्वत्र क्रियादौ प्रणिधानं भवतीत्याशंक्याह – दृष्टान्तो= निदर्शनम्, छिन्नज्वालया=इन्धनस्थाग्निन्नुटितार्चिषा, इहेति शेषः । अयमर्थः – यथा छिन्नज्वाला मूलज्वालायामसंबद्धतयोपलभ्यमानाऽपि कथञ्चित्सम्बद्धेति प्रतिपद्यते तत्परमाणूनां परिणामान्तरापन्नानामवश्यंभावात् । यथा गृहान्तर्गतस्य दीपस्य गृहद्वारनिर्गता प्रभा व्यक्ततयाऽनुपलभ्यमानाप्यस्तीति प्रतिपद्यते, गृहान्तराभ्यन्तरे तस्या उपलभ्यमानत्वात् । इह च पक्षे प्रभा ज्वालोच्यते, सा च च्छिन्नाऽन्तरालेऽनुपलब्धेरिति । एवं क्रियादीनामेकत्रोपलभ्यमानमपि प्रणिधानमन्यत्राप्यव्यक्ततयाऽवसेयमिति । अथवा छिन्नज्वाला=अलातज्वाला, तस्याः प्रतिनियतदेशवर्तित्वेन च्छिन्नत्वात् । सा च यथा नियतदेशस्थापि भ्राम्यमाणेऽलाते चक्राकारं दण्डाकारं वा दधती स्वावगाहक्षेत्रादन्यत्राप्याशुवृत्तेरवभासते, एवं प्रणिधानमपि स्वरूपेणैकत्र वर्तमानमाशुवृत्तेः सर्वत्रावभासत इत्यत्र साधूक्तं सव्वत्थ वि पणिहाणमिति गाथार्थः ।।३/२२।।

**ટીકાર્થ :-**

सर्वत्रापि ..... गाथार्थः ।। 'सव्वत्थेत्यादि' પ્રતીક છે. કેવળ તેના અંતમાં જ નહિ, એ 'अपि' શબ્દનો અર્થ છે; સર્વત્ર પણ=સમસ્ત પણ, વંદનક્રિયામાં, પ્રણિધાન=ચિત્તનો ઉપયોગ, કર્તવ્ય થાય છે. શ્લોકમાં 'કર્તવ્ય થાય છે', એ અધ્યાહાર છે.

સામસ્ત્યને જ=પ્રણિધાનના વિષયભૂત સર્વ અંગોને જ, વ્યક્તિથી=ભેદથી કહે છે – ત્યાં= વંદનામાં, ગયેલા=આશ્રિત, તદ્ગત છે. તે અને ક્રિયાઅભિધાન વર્ણ એ પ્રમાણે વિગ્રહ છે=સમાસનો વિગ્રહ છે. આથી તેઓમાં=ક્રિયાઅભિધાન વર્ણમાં પ્રણિધાન કરવું જોઈએ, એમ અન્વય છે. ત્યાં= ક્રિયાદિમાં, ક્રિયા મુદ્રાવિન્યાસ, મુખસ્થગન, ભૂમિપ્રમાર્જન, કાયોત્સર્ગ કરણાદિ છે. અભિધાન પદો છે=સૂત્રમાં બોલાતાં પદો છે. વર્ણો તેના=સૂત્રમાં બોલાતાં પદોના, એકદેશરૂપ અકારાદિ છે. ઉત્તરમાં રહેલો 'तथा' શબ્દ સમુચ્ચય અર્થવાળો અહીં જાણવો અને અર્થમાં=અરિહંતાદિ પદથી અભિધેયમાં, ચિત્ત ઉપયોગ કર્તવ્ય છે, એમ અન્વય છે. તદ્ગત એ વિશેષણ અહીં પણ=અર્થમાં પણ, અનુસ્મરણ

કરવું જોઈએ=યોજન કરવું જોઈએ. તેથી તદ્ગત અર્થમાં અર્થાત્ જે શબ્દાદિ બોલાય છે તેના અર્થમાં, ચિત્તનો ઉપયોગ કરવો જોઈએ. વિષયમાં=વંદનાના વિષય અથવા દૃષ્ટિના વિષય એવા જિનબિંબમાં, ચિત્તનો ઉપયોગ કર્તવ્ય છે, એમ અન્વય છે. 'च' શબ્દ સમુચ્ચય અર્થવાળો જ છે.

'अथ'થી શંકા કરે છે — એક વખતે એક જીવને અનેક ઉપયોગનો અભાવ હોવાથી સર્વત્ર ક્રિયાદિમાં પ્રણિધાન ન થાય, આ પ્રકારની શંકા કરીને ગ્રંથકારશ્રી કહે છે — 'છિન્ન જ્વાલાથી=ઇંધનમાં રહેલ અગ્નિની ત્રુટિત જ્વાલાથી', (એ) અહીં દૃષ્ટાંત છે. અહીં એ શેષ=અધ્યાહાર છે. આ અર્થ છે — જે પ્રમાણે છિન્ન જ્વાલા મૂળ જ્વાલામાં અસંબદ્ધપણાથી ઉપલભ્યમાન પણ કથંચિદ્ સંબદ્ધ છે=અદૃશ્ય એવા પુદ્ગલોથી સંબદ્ધ છે, એ પ્રમાણે સ્વીકારાય છે; કેમ કે પરિણામાંતર પામેલા તે પરમાણુઓનો=અગ્નિરૂપે ન દેખાય તેવા પરિણામાંતરને પામેલા અગ્નિના પરમાણુનો, અવશ્યંભાવ છે.

અથવા જે પ્રમાણે ગૃહની અંદર રહેલા દીપકની ગૃહના દ્વારથી નીકળેલી પ્રભા વ્યક્તપણાથી નહિ દેખાતી પણ છે=બહારમાં વિદ્યમાન છે, એ પ્રમાણે સ્વીકારાય છે. ગૃહાંતરના અભ્યંતરમાં=અન્ય ગૃહમાં, તેનું=દીવાની પ્રભાનું, ઉપલભ્યમાનપણું છે અને તે પ્રભા આ પક્ષમાં જ્વાલા કહેવાય છે અને તે જ્વાલા અંતરાલમાં છિન્ન છે=બે ઘરના અંતરાલમાં છિન્ન છે; કેમ કે અનુપલબ્ધિ છે, એ રીતે ક્રિયાદિમાં પણ એકસ્થાને ઉપલભ્યમાન પણ પ્રણિધાન=સ્થાન-ઊર્ણાદિ ક્રિયાઓનાં અંગોમાંથી કોઈક એકમાં ઉપલભ્યમાન પણ પ્રણિધાન, અન્યત્ર પણ અવ્યક્તપણાથી જાણવું=જે સ્થાનાદિમાં ઉપયોગ છે તેના સિવાયના અન્યમાં પણ તેનું પ્રણિધાન અવ્યક્તરૂપે છે એ પ્રમાણે જાણવું.

અથવા છિન્નજ્વાલા=ઊંબાડિયાની જ્વાલા; કેમ કે તેનું પ્રતિનિયત દેશવર્તીપણાથી છિન્નપણું છે અને તે=છિન્નજ્વાલા, જે પ્રમાણે નિયત દેશમાં રહેલી પણ ભમતા એવા ઊંબાડિયામાં ચક્રાકાર અથવા દંડાકારને ધારણ કરતી સ્વઅવગાહ ક્ષેત્રથી અન્યત્ર પણ આશુવૃત્તિ હોવાને કારણે અવભાસે છે, એ રીતે પ્રણિધાન પણ સ્વરૂપથી એકત્ર વર્તતું આશુવૃત્તિ હોવાથી=શીઘ્ર પ્રવર્તતું હોવાથી, સર્વત્ર= સ્થાનાદિ અનુષ્ઠાનનાં સર્વ અંગોમાં, અવભાસન થાય છે. એથી અહીં સર્વત્ર પણ પ્રણિધાન છે, એ પ્રમાણે સુંદર કહેવાયું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૨૨॥

**ભાવાર્થ :-**

જે દૃઢ પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદન કરે છે, તે મહાત્માને ક્રિયાકાળમાં મુદ્રાવિન્યાસ, મુહપત્તિ દ્વારા મુખનું સ્થગન, ભૂમિનું પ્રમાર્જન, કાયોત્સર્ગની ક્રિયા, બોલાતાં સૂત્રોનાં પદો, તે પદોના પ્રત્યેક વર્ણો, તે સૂત્રોથી વાચ્ય અર્થ અને જિનપ્રતિમા આ સર્વમાં ક્રમસર ચિત્ત એ રીતે પ્રવર્તે છે જેનાથી તે તે ક્રિયા દ્વારા નિષ્પાદ્ય તે તે ભાવો ચૈત્યવંદનમાં ઉલ્લસિત થાય છે. જે જે મુદ્રામાં જે જે સૂત્રો બોલે, તે તે મુદ્રાને અનુરૂપ તે તે સૂત્રકાલમાં તે તે મુદ્રાજન્ય ભાવો થાય છે.

દા. ત. જય વીયરાયસૂત્રમાં હું ભગવાન પાસે ભવનિર્વેદ આદિ માંગુ છું આ પ્રકારે યાચના કરતી વખતે મુક્તાશુક્તિમુદ્રા દ્વારા સાક્ષાત્ ભગવાન પાસે પોતે યાચના કરે છે અને તેના દ્વારા ભવનિર્વેદ આદિને

અનુકૂળ પોતાના સદ્વીર્યને ઉલ્લસિત કરવા માટે યત્ન કરે છે.

વળી, તે જય વીયરાય આદિ સૂત્ર બોલતી વખતે મુખ આગળ મુહપત્તિ કે અન્ય કોઈ વસ્ત્ર રાખીને બોલે ત્યારે હું ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક ભાષાસમિતિની મર્યાદાથી બોલીશ, તે પ્રકારનું દઢ પ્રણિધાન પ્રવર્તે છે.

વળી, તે ચૈત્યવંદન અર્થે ભૂમિનું પ્રમાર્જન કરે છે ત્યારે ષટ્કાયના પાલનને અનુકૂળ દયાળુ ચિત્ત ઉલ્લસિત થાય તે પ્રકારના પ્રણિધાનપૂર્વક તે ક્રિયા કરે છે.

વળી, તે કાયોત્સર્ગ કરે છે ત્યારે મન-વચન-કાયાને વોસિરાવીને શુભધ્યાનમાં હું પ્રવર્તીશ, જેના ફળરૂપે ભગવાનનાં વંદન, પૂજન, સત્કારાદિનું ફળ મને પ્રાપ્ત થાઓ, એવા પ્રતિસંધાનવાળું પ્રણિધાન વર્તે છે.

વળી, તે ચૈત્યવંદન કરતી વખતે જે જે સૂત્રો બોલે છે, તે તે સૂત્રોના પદે-પદમાં ઉપયોગ વર્તે છે. આ પદમાં પણ જે હ્રસ્વ અને દીર્ઘ વર્ણો છે, તે વર્ણોનું તે સ્વરૂપે ઉચ્ચારણ થાય તે પ્રકારે તે તે સૂત્રમાં ઉપયોગ વર્તે છે તથા તે તે પદો અને અક્ષરો દ્વારા જે જે ભાવો અભિધેય છે, તે અર્થમાં ઉપયોગ વર્તે છે. દા. ત. અરિહંત ચેઈયાણં સૂત્ર દ્વારા અરિહંતની પ્રતિમાને વંદન, પૂજન આદિ કરીને વીતરાગ પ્રત્યેના બહુમાનભાવની જે વૃદ્ધિ થાય છે, તેવો બહુમાનભાવ પ્રસ્તુત કાયોત્સર્ગથી મારા ચિત્તમાં વૃદ્ધિ પામો. તેના ફળરૂપે બોધિલાભની પ્રાપ્તિ થાઓ અને તેના ફળરૂપે મોક્ષની પ્રાપ્તિ થાઓ, તેવું પ્રતિસંધાન તે તે પદ બોલતી વખતે મહાત્મા કરે છે અને તદર્થે વધતી જતી શ્રદ્ધા આદિમાં પ્રયત્ન થાય તે રીતે પ્રતિસંધાન કરીને તે કાયોત્સર્ગ કરે છે.

આ રીતે પ્રતિસંધાન કર્યા પછી વંદનાના વિષયભૂત જિનપ્રતિમાનું પ્રતિસંધાન કરે છે અને તેના દ્વારા જિનના સ્વરૂપની ઉપસ્થિતિ કરીને હું આવા જિનની પ્રતિમાને વંદન કરું છું, તે પ્રકારના અધ્યવસાયને પ્રગટ કરે છે. આ રીતે ચૈત્યવંદનની સર્વ ક્રિયા તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્યાથી જેઓ કરે છે, તેઓનો સર્વ ક્રિયામાં ઉપયોગ વર્તે છે.

અહીં પ્રશ્ન થાય કે એક કાળમાં એક જીવનો ઉપયોગ કોઈ એક વિષયમાં હોય તેવું આગમમાં કહ્યું છે, તો ચૈત્યવંદનની તે તે ક્રિયામાં સર્વત્ર ઉપયોગ કઈ રીતે સંભવે ? તેને છિન્નજ્વાલાના દૃષ્ટાંતથી સ્પષ્ટ કરે છે –

ઇંધનના બળથી વર્તતી મોટી જ્વાલાઓ આકાશમાં ઊંચે ઊંચે જતી હોય તે વખતે વચમાં ત્રુટિત દેખાય છે. વાસ્તવમાં તે જ્વાળાઓ ત્રુટિત નથી હોતી; કેમ કે નીચેના અગ્નિ સાથે જો તેનો સંબંધ ન હોય તો ઉપર અગ્નિની જ્વાલા સંભવે નહિ. વચ્ચેના પ્રદેશમાં તે અગ્નિના પુદ્ગલો અલ્પ પ્રમાણમાં છે, તેથી ચક્ષુગોચર થતા નથી. તે રીતે ચૈત્યવંદન કરનારા મહાત્માનો ઉપયોગ ચૈત્યવંદનની સર્વ ક્રિયાની તે તે વિધિના પ્રતિસંધાનપૂર્વકના અધ્યવસાયથી પ્રવૃત્ત થયેલો હોવાથી તે તે કાળે તે તે ક્રિયામાં ઉપયોગ વર્તે છે તોપણ તે સર્વ ક્રિયા વીતરાગના વચનાનુસાર કરીને વીતરાગભાવને આસન્ન-આસન્નતર હું થાઉં, તે પ્રકારનું પ્રણિધાન સર્વ ક્રિયા અંતર્ગત વર્તે છે. તેથી મુદ્રા આદિમાં તે રીતે વ્યક્ત ઉપયોગ વર્તતો હોવા છતાં

સર્વ ક્રિયાઓમાં પરસ્પર એક પ્રતિસંધાન કરે, તેવો સંલગ્ન ઉપયોગ પણ સર્વ ક્રિયામાં છે. તેથી ચૈત્યવંદનકાળમાં સર્વ ક્રિયામાં પ્રણિધાન છે, તેમ કહેવાય છે.

અથવા છિન્નજ્વાલાનું દૃષ્ટાંત અન્ય રીતે બતાવે છે –

જેમ ઊંબાડિયું ગોળાકાર ફેરવવામાં આવે ત્યારે તેની જ્વાળા ચક્રરૂપે દેખાય છે અને તે જ ઊંબાડિયાને સન્મુખ ઊંચું-નીચું કરવામાં આવે ત્યારે તેની જ્વાળા દંડાકારરૂપે દેખાય છે; પરમાર્થથી તો ઊંબાડિયું તે તે જાળના પ્રતિનિયત દેશમાં છે, સર્વત્ર નથી; તોપણ શીઘ્ર સંચરણ હોવાના કારણે સર્વત્ર છે, તેમ ચક્ષુને પ્રતીત થાય છે. તે રીતે ચૈત્યવંદનના ક્રિયાકાળમાં જીવનો મતિજ્ઞાનનો ઉપયોગ તે તે ક્ષણમાં તે તે ક્રિયા સાથે છે. જેમ સ્થાનમાં ઉપયોગ હોય ત્યારે અર્થાદિમાં નથી હોતો અને અર્થમાં ઉપયોગ હોય છે, ત્યારે સ્થાનાદિમાં નથી હોતો; તોપણ સ્થાન, ઊર્ણ, અર્થ આદિ સર્વત્ર ક્રમસર શીઘ્ર ઉપયોગ ગમન કરે છે. તેથી સર્વત્ર ઉપયોગ છે, એમ કહેવાય છે. જેઓ ચૈત્યવંદનની સર્વ ક્રિયાઓમાં વીતરાગતા પ્રત્યે બહુમાનભાવ વૃદ્ધિ પામે તે રીતે અસ્ખલિત ઉપયોગપૂર્વક ચૈત્યવંદન કરે છે અને ચૈત્યવંદનકાળમાં અન્ય ઇન્દ્રિયોના વ્યાપારો જેમના નિરુદ્ધ છે, તેઓની ચૈત્યવંદનની ક્રિયામાં સર્વત્ર પ્રણિધાન છે, તેમ કહેવાય છે. **॥૩/૨૨॥**

**અવતરણિકા :-**

**प्रस्तुतदृष्टान्तस्यैव भावनार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**પ્રસ્તુત દૃષ્ટાંતના જ ભાવન માટે કહે છે=પૂર્વમાં છિન્ન જ્વાલાનું દૃષ્ટાંત આપ્યું તેને જ સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**ण य तत्थ वि तदणूणं हंदि अभावो ण ओवलंभो वि ।**
**चित्तस्स वि विण्णेओ एवं सेसोवओगेसु ।।३/२३।।**

**છાયા :-**

**न च तत्रापि तदणूनां हंदि अभावो न उपलम्भोऽपि ।**
**चित्तस्यापि विज्ञेय एवं शेषोपयोगेषु ।।३/२३।।**

**અન્વયાર્થ :-**

**तत्थ वि=ત્યાં પણ=ઉચ્છેદમાં પણ, तदणूणं=તેના અણુઓનો=જ્વાલાના પરમાણુઓનો, अभावो= અભાવ, ण य=નથી જ. ओवलंभो=ઉપલંભ, वि=પણ, ण=નથી. एवं=એ રીતે, चित्तस्स=ચિત્તનો, वि=પણ, सेसोवओगेसु=શેષ ઉપયોગમાં, विण्णेओ=જાણવો.**

**हंदि શબ્દ ઉપપ્રદર્શનમાં છે. ।।૩/૨૩।।**

**ગાથાર્થ :-**

**ત્યાં પણ=ઉચ્છેદમાં પણ, તેના અણુઓનો=જ્વાલાના પરમાણુઓનો અભાવ નથી જ. (અને) ઉપલંભ પણ નથી, એ રીતે ચિત્તનો પણ શેષ ઉપયોગમાં જાણવો. ।।૩/૨૩।।**

**ટીકા :-**

**व्याख्या—'ण य तत्थे'त्यादि । न च=नैव, तत्रापि=ज्वालोच्छेदेऽपि, आस्तां ज्वालायां, तदणूनां= ज्वालापरमाणूनां परिणामान्तरापन्नानाम्, हंदीत्युपप्रदर्शने, अभावः=असत्ताऽस्ति, संतत्यभावे ज्वालाया अनुपलम्भप्रसङ्गात्, अपि तु भाव एव, न चोपलम्भोऽपि=नैव दर्शनमपि, अस्ति, ज्वालाणूना-मिति वर्तते, तथैवानुभूतेरिति दृष्टान्तः । दार्ष्टान्तिकयोजनामाह — चित्तस्यापि=प्रणिधानमनसोऽपि, आस्तां ज्वालायाः, विज्ञेयो=ज्ञातव्यो, व्यक्ततया अनुभवाभावेऽपि भाव इति हृदयम्, एवमनेन च्छिन्नज्वालान्यायेन, केषु ? इत्याह — शेषोपयोगेषु एकस्माद् व्यक्ततयाऽनुभूयमानोपयोगविषयाद-र्थादेर्येऽन्ये उपयोगविषयास्ते विषयविषयिणोरभेदाच्छेषोपयोगाः अतस्तेषु, अलातरूपच्छिन्नज्वाला-पक्षे पुनरेवं व्याख्या — न च तत्रापि=च्छिन्नज्वालाविषयेऽपि, चक्रादावित्यर्थः, तदणूनामभावो न, अपि त्वभाव एव, चक्राद्याकारस्यातात्त्विकत्वात् । 'उवलंभो' वि प्राकृतत्वेनोपलम्भोऽप्यस्ति आशु-वृत्तिकृतश्चक्राद्याकृतिभास इति । शेषं तथैव । इति गाथार्थः ।।३/२३।।**

**ટીકાર્થ :-**

**न च ..... गाथार्थः ।। 'ण य तत्थेत्यादि' પ્રતીક છે. જ્વાલામાં તો દૂર રહો; ત્યાં પણ=જ્વાલાના ઉચ્છેદમાં પણ, તેના અણુઓનો=પરિણામાંતર પામેલા જ્વાલા પરમાણુઓનો, અભાવ નથી=અસત્તા નથી જ; કેમ કે સંતતિના અભાવમાં જ્વાલાના અનુપલંભનો પ્રસંગ છે. પરંતુ ભાવ જ છે=અંતરાલમાં પણ જ્વાલાનો સદ્ભાવ જ છે. જ્વાલાના અણુઓનું દર્શન પણ નથી જ; કેમ કે તે પ્રકારે જ અનુભૂતિ છે=વચ્ચ-વચ્ચમાં જ્વાલાનું દર્શન નથી તે પ્રકારે જ અનુભૂતિ છે, એ દૃષ્ટાંત છે.**

**દાર્ષ્ટાંતિકયોજનાને કહે છે — ચિત્તનો પણ=જ્વાલાનું તો દૂર રહો પ્રણિધાનવાળા મનનો પણ, વ્યક્તપણાથી અનુભવના અભાવમાં પણ ભાવ જ જાણવો. આ રીતે આ છિન્નજ્વાલાના ન્યાયથી શેષ ઉપયોગોમાં પણ, અનુપલંભ હોવા છતાં અભાવ નથી, એમ યોજન છે.**

શેષ ઉપયોગોને સ્પષ્ટ કરે છે –

**એક ઉપયોગથી વ્યક્તપણા દ્વારા અનુભવ કરાતા ઉપયોગના વિષય એવા અર્થ આદિથી જે અન્ય ઉપયોગના વિષયો છે, તે વિષય-વિષયીનો અભેદ હોવાથી શેષ ઉપયોગો છે. આથી તેઓમાં અનુભવનો અભાવ હોવા છતાં ઉપયોગનો ભાવ છે, એમ યોજન કરવું.**

**ઊંબાડિયારૂપ છિન્નજ્વાલાના પક્ષમાં વળી આ પ્રમાણે વ્યાખ્યા કરવી — ત્યાં પણ=છિન્નજ્વાલાના**

**વિષયમાં પણ=ચક્રાદિમાં પણ, એ પ્રમાણે અર્થ છે. તે અણુઓનો અભાવ નથી એમ નહિ, પરંતુ અભાવ જ છે; કેમ કે ચક્રાદિ આકારનું અતાત્ત્વિકપણું છે. ઉપલંભ પણ=પ્રાકૃતપણાને કારણે ઉપલંભ પણ, છે અને આશુવૃત્તિકૃત ચક્રાદિની આકૃતિનો ભાસ છે, શેષ=શેષ કથન; તે પ્રમાણે જ છે=જ્વાલાના દૃષ્ટાંતમાં કહ્યું તે પ્રમાણે જ છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૨૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં છિન્નજ્વાલાનું દૃષ્ટાંત બતાવ્યું, તેનું યોજન પ્રસ્તુત ગાથાથી સ્પષ્ટ કરે છે –

છિન્નજ્વાલામાં વચમાં અગ્નિના અણુઓનો અભાવ નથી અને ઉપલંભ પણ નથી. એ રીતે ચિત્તનો પણ તે તે ક્રિયાઓમાં ઉપયોગ વર્તે છે ત્યારે તેનાં અન્ય અંગોમાં ઉપલંભ નથી; છતાં અભાવ પણ નથી; કેમ કે 'સર્વ ક્રિયાઓને જિનવચનાનુસાર કરીને હું ચૈત્યવંદનની ક્રિયા કરું' એ પ્રકારના પ્રણિધાનથી યુક્ત એવા ચિત્તથી તે તે કાળમાં તે તે ક્રિયામાં વ્યક્ત ઉપયોગ પ્રવર્તે છે અને અન્ય ક્રિયામાં અવ્યક્ત ઉપયોગ વર્તે છે. માટે સર્વ ક્રિયામાં ઉપયોગ છે.

વળી, ઊંબાડિયાનું દૃષ્ટાંત ગ્રહણ કરવામાં આવે ત્યારે છિન્નજ્વાલામાં અણુઓનો અભાવ નથી એમ નહીં; પરંતુ અભાવ જ છે; છતાં શીઘ્ર ગમનને કારણે ઊંબાડિયાના અગ્નિનો ઉપલંભ અન્યત્ર પણ છે. જે અન્યત્ર ઉપલંભ ઉપચારથી છે આ રીતે તે તે ક્રિયામાં ચિત્તનો ઉપયોગ પ્રવર્તતો હોય ત્યારે અન્ય ક્રિયામાં ઉપયોગ ન પ્રવર્તતો હોય તોપણ ચૈત્યવંદન કરનારા મહાત્માના ચિત્તનો ઉપયોગ ક્રમસર ચૈત્યવંદનનાં સર્વ અંગોમાં દૃઢ પ્રવર્તે છે. તેથી સર્વત્ર છે, તેમ ઉપચારથી કહેવાય છે. **॥૩/૨૩॥**

**અવતરણિકા :-**

**अथ कस्माद्वन्दनायां मुद्राविन्यासादिरात्यन्तिकप्रयत्नो विधीयत ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**હવે કયા કારણથી વંદનામાં મુદ્રાવિન્યાસાદિ રૂપ આત્યંતિક પ્રયત્ન કરાય છે ? એથી કહે છે –**

**ગાથા :-**

**खाओवसमिगभावे दढजत्तकयं सुहं अणुट्ठाणं ।**
**परिवडियं पि हु जायइ पुणो वि तब्भाववुड्ढिकरं ।।३/२४।।**

**છાયા :-**

**क्षायोपशमिकभावे दृढयत्नकृतं शुभमनुष्ठानम् ।**
**प्रतिपतितमपि खलु जायते पुनरपि तद्भाववृद्धिकरम् ।।३/२४।।**

**અન્વયાર્થ :-**

खाओवसमिगभावे=ક્ષાયોપશમિકભાવ હોતે છતે, दढजत्तकयं=દૃઢ યત્નથી કરાયેલું, सुहं अणुट्ठाणं= શુભ અનુષ્ઠાન, परिवडियं=પ્રતિપતિત એવું, पि=પણ, पुणो वि=ફરી પણ, तब्भाववुड्ढिकरं=તદ્ભાવની વૃદ્ધિને કરનારું, जायइ=થાય છે.

'हु' શબ્દ અવધારણ અર્થમાં છે. ॥૩/૨૪॥

**ગાથાર્થ :-**

**ક્ષાયોપશમિકભાવ હોતે છતે દૃઢ યત્નથી કરાયેલું શુભ અનુષ્ઠાન પ્રતિપતિત એવું પણ ફરી પણ તદ્ભાવની વૃદ્ધિને કરનારું થાય છે. ॥૩/૨૪॥**

**ટીકા :-**

व्याख्या—'खाओवे'त्यादि । क्षायोपशमिकभावे=मिथ्यात्वमोहनीयादिकर्मविगमविशेषविहितात्मपरिणामे सति, न तु लाभाद्यर्थित्वलक्षणौदयिकभावे, दृढयत्नकृतं=परमादरविहितं, शुभं=प्रशस्तं, अनुष्ठानम्=आचरणं चैत्यवन्दनादि, इह यत्तदिति विशेषो दृश्यः, प्रतिपतितमपि=तथाविधकर्मदोषाद् भ्रष्टमपि, आस्तामप्रतिपतितम्, हुशब्दोऽवधारणार्थः, तत्प्रयोगश्च दर्शयिष्यते, जायत एव= भवत्येव, पुनरपि=भूयोऽपि, किंभूतं जायत ? इत्याह — यस्मिन् भावे क्षायोपशमिके वर्तमाने तच्छुभमनुष्ठानं विहितं तद्भावस्य=तस्याध्यवसायस्य, वृद्धिकरं=वर्धनकारि तद्भाववृद्धिकरम्, अतः शुभभावस्य मोक्षहेतोर्वृद्धिकरत्वाद् वन्दनायां प्रयत्नः संगत एवेति गाथार्थः ।।३/२४।।

**ટીકાર્થ :-**

क्षायोपशमिकभावे ..... गाथार्थः ।। 'खाओवेत्यादि' પ્રતીક છે. નહીં કે લાભ આદિ અર્થિત્વરૂપ ઔદયિકભાવ હોતે છતે, ક્ષાયોપશમિકભાવ હોતે છતે=મિથ્યાત્વમોહનીયાદિ કર્મના વિગમનવિશેષથી વિહિત આત્મપરિણામ હોતે છતે, દૃઢ યત્નથી કરાયેલું=પરમ આદરથી કરાયેલું, શુભ=પ્રશસ્ત, ચૈત્યવંદન આદિ આચરણરૂપ અનુષ્ઠાન પ્રતિપતિત પણ તદ્ભાવની વૃદ્ધિને કરનારું થાય છે, એમ અન્વય છે. અહીં=શ્લોકમાં, યદ્-તદ્ એ અધ્યાહાર જાણવો. પ્રતિપતિત પણ=તેવા પ્રકારના કર્મના દોષથી ભ્રષ્ટ પણ, અપ્રતિપતિત તો દૂર રહો. 'हु' શબ્દ અવધારણ અર્થવાળો છે. તેનો પ્રયોગ બતાવાશે. ફરી પણ થાય જ છે=પ્રતિપતિત થયેલો એવો પણ ભાવ ફરી પણ થાય છે.

કેવા પ્રકારનો થાય છે ? એથી કહે છે —

જે ક્ષાયોપશમિકભાવ વર્તમાન હોતે છતે તે શુભ અનુષ્ઠાન કરાયું તે ભાવની=તે અધ્યવસાયની, વૃદ્ધિને કરનાર=વર્ધનને કરનાર, તદ્ભાવવૃદ્ધિકર છે=તે અનુષ્ઠાન તે ક્ષાયોપશમિકભાવની વૃદ્ધિને કરનારું છે. આથી જ શુભભાવનું મોક્ષના હેતુની વૃદ્ધિ કરનારપણું હોવાથી વંદનામાં પ્રયત્ન સંગત જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૨૪॥

**ભાવાર્થ :-**

પૂર્વમાં જિનદીક્ષા બતાવી, જે સમ્યક્ત્વના ઉચ્ચરણ સ્વરૂપ હતી. આ જિનદીક્ષા સમ્યક્ત્વ ઉચ્ચરાવવા-માત્રથી પ્રગટ થતી નથી; પરંતુ સમ્યક્ત્વના વિવેકપૂર્વકના ગ્રહણથી પ્રગટ થાય છે. વળી, આ રીતે પ્રગટ થયેલું સમ્યક્ત્વ પણ તથાપ્રકારની જાગૃતિ ન રહે તો પ્રતિપતિત થાય છે=જતું રહે છે; આમ છતાં સમ્યક્ત્વ ઉચ્ચરાવ્યા પછી કોઈ મહાત્મા સમ્યક્ત્વથી પાત થયેલા હોય તોપણ હું ભગવાનના ગુણોનું પ્રતિસંધાન કરું અને ભગવાનની ભક્તિ કરી મારો જન્મ સફળ કરું, એ પ્રકારના અધ્યવસાયથી ઉચિત કાળે ચૈત્યવંદનાદિ કરતી વખતે ચૈત્યવંદનના અવલંબન દ્વારા વીતરાગના ગુણોનું પ્રતિસંધાન થાય તે પ્રકારે ઉપયુક્ત થઈને ચૈત્યવંદન કરે તો તે ચૈત્યવંદન ક્ષાયોપશમિકભાવનું બને છે અર્થાત્ સમ્યક્ત્વથી પાત થયેલો હોય તોપણ સમ્યક્ત્વને પામવાને અભિમુખ યત્ન થાય એવા પ્રકારના ક્ષયોપશમભાવના ઉપયોગપૂર્વક તે ચૈત્યવંદનની ક્રિયા બને છે. જેમને સમ્યક્ત્વ વિદ્યમાન હોય તેમને સમ્યક્ત્વને અતિશય કરે તેવા પ્રકારના ક્ષાયોપશમિક-ભાવનું તે ચૈત્યવંદન બને છે; પરંતુ જેઓ ચૈત્યવંદનની ક્રિયાથી પ્રાપ્ત થનારા ભૌતિક લાભ આદિના અર્થી થઈને ચૈત્યવંદન કરે છે કે સંમૂર્છિમની જેમ ચૈત્યવંદન કરે છે, તેઓ ઔદયિકભાવથી ચૈત્યવંદન કરે છે. વીતરાગના અસંગભાવને અભિમુખ જવાનો પરિણામ જે ક્રિયામાં લેશ પણ ઉલ્લસિત થતો નથી, એવી ચૈત્યવંદનની ક્રિયા ઔદયિકભાવથી થાય છે.

જેઓને સમ્યક્ત્વ પ્રાપ્ત થયેલ છે કે સમ્યક્ત્વને અભિમુખ ભાવ વર્તી રહ્યો છે, તેઓને જીવની વીતરાગ અવસ્થા જ તત્ત્વરૂપે દેખાય છે. તેથી વીતરાગતાને અભિમુખભાવ અતિશય કરવાના ઉપાયરૂપે જેઓ ચૈત્યવંદન કરે છે=જિનગુણના પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદન કરે છે. તેઓમાં ક્ષાયોપશમિકભાવ વર્તે છે. આવા ક્ષાયોપશમિકભાવમાં દૃઢ યત્નપૂર્વક ચૈત્યવંદન અનુષ્ઠાન કરવામાં આવે તો કર્મરૂપ દોષના કારણે સમ્યક્ત્વથી પતિત થયેલો એવો પણ જીવ ક્ષાયોપશમિકભાવની વૃદ્ધિના બળથી ફરી સમ્યક્ત્વને પામે છે; કેમ કે ચૈત્યવંદનની ક્રિયાથી વીતરાગના ગુણોના પ્રણિધાનના બળથી વીતરાગભાવ પ્રત્યેનો રાગ પ્રવર્ધમાન થાય છે. જે મહાત્માઓનું સમ્યક્ત્વ નાશ પામ્યું નથી, તેઓ પણ દૃઢ પ્રણિધાનપૂર્વક ક્ષાયોપશમિકભાવયુક્ત ચૈત્યવંદન કરે તો તેઓનું ચિત્ત વીતરાગભાવ તરફ અતિશય-અતિશયતર જનારું હોવાથી તેમનું ચૈત્યવંદન તે ભાવોની જ વૃદ્ધિને કરનારું બને છે; પરંતુ જો તે મહાત્મા અન્યમનસ્કપણે, લોકસંજ્ઞાથી કે મુગ્ધતાથી ચૈત્યવંદન કરે તો તે ભાવોની વૃદ્ધિ થાય નહિ. માટે ચૈત્યવંદનમાં મુદ્રાવિન્યાસ આદિ સર્વ અંગોમાં આત્યંતિક પ્રયત્ન કરવો જોઈએ, જેથી ક્ષાયોપશમિકભાવપૂર્વકનું ચૈત્યવંદન થાય, એમ અવતરણિકા સાથે સંબંધ છે. **॥૩/૨૪॥**

**અવતરણિકા :-**

**कथमिदं सिद्धमित्यारेकायामाह –**

**અવતરણિકાર્થ :-**

**કેવી રીતે આ સિદ્ધ છે ?=મુદ્રા આદિમાં આત્યંતિક પ્રયત્ન કરવાથી ક્ષાયોપશમિકભાવની પ્રાપ્તિ**

થાય છે જેનાથી વીતરાગતાને અભિમુખભાવની વૃદ્ધિ થાય છે એ કેવી રીતે સિદ્ધ છે ?, એ પ્રકારની આશંકામાં કહે છે –

**ગાથા :-**

**अणुहवसिद्धं एयं पायं तह जोगभावियमईणं ।**
**सम्ममवधारियव्वं बुहेहिं लोगुत्तममईए ।।३/२५।।**

**છાયા :-**

**अनुभवसिद्धमेतत् प्रायस्तथा योगभावितमतीनाम् ।**
**सम्यगवधारयितव्यं बुधैः लोकोत्तममत्या ।।३/२५।।**

**અન્વયાર્થ :-**

एयं=આ=ગાથા-૨૪માં કહ્યું એ, पायं=પ્રાયઃ, तह=તેવા પ્રકારના, जोगभावियमईणं=યોગથી ભાવિત થયેલી મતિવાળા જીવોને, अणुहवसिद्धं=અનુભવસિદ્ધ છે, (એ પ્રમાણે) लोगुत्तममईए=લોકોત્તમ મતિથી, बुहेहिं=બુધ પુરુષો વડે, सम्ममवधारियव्वं=સમ્યગ્ અવધારણ કરાવું જોઈએ. ।।૩/૨૫।।

**ગાથાર્થ :-**

**આ=ગાથા-૨૪માં કહ્યું એ, પ્રાયઃ તેવા પ્રકારના યોગથી ભાવિત થયેલી મતિવાળા જીવોને અનુભવસિદ્ધ છે, એ પ્રમાણે લોકોત્તમ મતિથી બુધ પુરુષો વડે સમ્યગ્ અવધારણ કરાવું જોઈએ. ।।૩/૨૫।।**

**ટીકા :-**

**व्याख्या–'अणुहवे'त्यादि । अनुभवसिद्धं=स्वसंवेदनप्रतीतम्, एतद्=अनन्तरोक्तं दृढप्रयन्तकृतशुभानुष्ठानस्य पतितस्यापि तद्भाववृद्धिकारकत्वम्, प्रायः=बाहुल्येन, केषाम् ? इत्याह – तथा=तेन शास्त्रोक्तप्रकारेण, योगभावितमतीनां=धर्मव्यापारविशेषवासितधियाम्, एतच्च सम्यग्याथात्म्येन, अवधारयितव्यं=संप्रधारणीयम्, कैः ? बुधैः=विद्वद्भिः, लोकोत्तममत्या=जनप्रधानबुद्ध्या जिनप्रवचनानुसारिधिया, इत्यर्थः । इति गाथार्थः ।।३/२५।।**

**ટીકાર્થ :-**

अनुभवसिद्धं ..... गाथार्थः ।। 'अणुहवेत्यादि' પ્રતીક છે. આ=અનંતર ઉક્ત દૃઢ પ્રયત્નથી કરાયેલા પતિત પણ શુભ અનુષ્ઠાનનું તદ્ભાવવૃદ્ધિકારકપણું, પ્રાયઃ=બાહુલ્યથી, અનુભવસિદ્ધ છે=સ્વસંવેદનથી પ્રતીત છે.

કોને પ્રતીત છે ? એથી કહે છે –

**તે પ્રકારે=શાસ્ત્રોક્ત પ્રકારે, યોગભાવિતમતિવાળા=ધર્મવ્યાપારવિશેષથી વાસિત મતિવાળા, જીવોને સિદ્ધ છે અને આ=ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું એ, સમ્યગ્=યાથાત્મ્યથી, અવધારણ કરવું જોઈએ=સમ્યગ્ પ્રકર્ષથી ધારણ કરવું જોઈએ.**

**કોના વડે ધારણ કરાવું જોઈએ ? એથી કહે છે –**

**લોકોત્તમ મતિથી=જનોમાં પ્રધાન એવા જે ઉત્તમ પુરુષો છે એમની બુદ્ધિથી=જિનપ્રવચનાનુસારી બુદ્ધિથી, બુધ પુરુષો વડે અવધારણ કરાવું જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૨૫।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે દૃઢ પ્રયત્નથી કરાયેલું શુભ અનુષ્ઠાન પતિત પણ જીવને ફરી તે ભાવની વૃદ્ધિને કરનાર છે. આ કથન યોગથી ભાવિત મતિવાળા જીવોને પ્રાયઃ અનુભવસિદ્ધ છે. અહીં પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે યોગથી ભાવિત મતિવાળા જીવો તે પ્રકારે ઊહ ન કરે તો પોતાને અનુભવસિદ્ધ હોવા છતાં તે પ્રકારે ઉપસ્થિત થાય નહીં.

સંસારના ઉચ્છેદના કારણીભૂત વીતરાગભાવ તરફ જતા અને ઉત્તરોત્તર વીતરાગભાવના સૂક્ષ્મ-સૂક્ષ્મ પરમાર્થને સ્પર્શતા ચિત્તરૂપ યોગમાર્ગથી ભાવિત થઈ છે મતિ જેમની એવા જીવો પોતાના ચિત્તનું વિશ્લેષણ કરે તો તેઓને સ્પષ્ટ જણાય છે કે જિનગુણના પ્રણિધાનપૂર્વક કરાયેલા ચૈત્યવંદનથી પોતાનું ચિત્ત વીતરાગતાને અતિશય-અતિશયતર અભિમુખ થાય છે. વળી, કોઈક રીતે પ્રમાદને વશ પડેલું પોતાનું ચિત્ત વીતરાગતાને અભિમુખભાવથી પાત પામ્યું હોય તથા સંસારના રાગાદિ ભાવોથી આકુળ થયેલું હોય તે વખતે પણ જો દૃઢ પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદનની ક્રિયા કરવામાં આવે તો પોતાનું ચિત્ત ફરીથી વીતરાગભાવને અભિમુખ પ્રવર્ધમાન થાય છે અને પોતાનામાં રાગાદિની આકુળતા ક્ષીણ-ક્ષીણતર થાય છે, તે સ્વસંવેદનથી પ્રતીત છે.

વળી, ગાથાના પૂર્વાર્ધમાં કહ્યું એ બુધ પુરુષોએ લોકોત્તમ મતિથી સમ્યગ્ ધારણ કરવું જોઈએ અર્થાત્ સ્થૂલ વ્યવહારથી ચૈત્યવંદન કરનારા જીવોને જોઈને વિચાર કરવામાં આવે તો ચૈત્યવંદનની ક્રિયાથી તેવા ચિત્તના નિર્માણની પ્રાપ્તિ થાય છે, તેવું દેખાય નહિ; પરંતુ લોકોમાં જે પ્રધાન પુરુષો છે, તેઓ ચૈત્યવંદન કરે છે ત્યારે તદ્ગતચિત્ત આદિને કારણે ચૈત્યવંદનના ભાવોથી અત્યંત ભાવિત મતિવાળા થાય છે. તેથી તેવા ચૈત્યવંદન કરનાર જીવોની પ્રવૃત્તિના બળથી બુધ પુરુષોએ સમ્યગ્ અવધારણ કરવું જોઈએ કે આ રીતે જિનગુણના પ્રણિધાનપૂર્વક કરાયેલું ચૈત્યવંદન સાંસારિક ભાવોનો ક્ષય કરીને યોગીચિત્તના નિર્માણનું પ્રબળ કારણ છે. આ પ્રકારે નિર્ણય કરવાથી પોતાને પણ તે પ્રકારે ચૈત્યવંદન કરવાને અનુકૂળ દૃઢ ઉત્સાહ થાય છે. **।।૩/૨૫।।**

**અવતરણિકા :-**

**'मुद्राविन्यासपरिशुद्धां वन्दनां वक्ष्य' इत्याद्यगाथायामुक्तं, तत्र परिशुद्धाया यल्लिंगं तद्दर्शयितुमाह –**

**અવતરણિકાર્થ :-**

'મુદ્રાવિન્યાસપરિશુદ્ધવંદનાને હું કહીશ' એ પ્રકારે આદ્ય ગાથામાં કહેવાયું=પ્રથમ ગાથામાં કહેવાયું. ત્યાં=મુદ્રાવિન્યાસપરિશુદ્ધવંદનામાં, પરિશુદ્ધવંદનાનું જે લિંગ છે, તેને બતાવવા માટે કહે છે –

**ગાથા :-**

**जिण्णासा वि हु एत्थं लिंगं एयाइ हंदि सुद्धाए ।**
**णेव्वाणंगनिमित्तं सिद्धा एसा तयत्थीणं ।।३/२६।।**

**છાયા :-**

जिज्ञासाऽपि खल्वत्र लिङ्गमेतस्या हंदि शुद्धायाः ।
निर्वाणाङ्गनिमित्तं सिद्धा एषा तदर्थिनाम् ।।३/२६।।

**અન્વયાર્થ :-**

एत्थं=આમાં=વંદનામાં, जिण्णासा=જિજ્ઞાસા, वि=પણ, सुद्धाए=શુદ્ધ, एयाइ=આનું=વંદનાનું, लिंगं=લિંગ છે. तयत्थीणं=તદ્અર્થીઓની=નિર્વાણના અર્થીઓની, णेव्वाणंगनिमित्तं=નિર્વાણના અંગનું નિમિત્ત, एसा=આ=જિજ્ઞાસા, सिद्धा=સિદ્ધ છે.

'हु' શબ્દ વાક્યાલંકાર અર્થે છે. 'हंदि' શબ્દ ઉપપ્રદર્શન અર્થે છે. ।।૩/૨૬।।

**ગાથાર્થ :-**

**આમાં=વંદનામાં, જિજ્ઞાસા પણ શુદ્ધ આનું=વંદનાનું, લિંગ છે. તદ્અર્થીઓની=નિર્વાણના અર્થીઓની, નિર્વાણના અંગનું નિમિત્ત આ=જિજ્ઞાસા, સિદ્ધ છે. ।।૩/૨૬।।**

**ટીકા :**

व्याख्या–'जिण्णासे'त्यादि । 'एत्थं' ति अस्यां=वन्दनायां विषयभूतायाम्, जिज्ञासाऽपि=बुभुत्साऽपि, न केवलं वेलाविधानाराधनाऽऽदि, हुशब्दो वाक्यालङ्कारार्थः, लिङ्गं=लक्षणम्, एतस्या=वन्दनायाः, हंदीत्युपप्रदर्शने, किंभूतायाः ? शुद्धाया=निर्दोषायाः । अथ कथं शुद्धवन्दनाया लिङ्गं तज्जिज्ञासा ? इत्याह – निर्वाणाङ्गानां=निर्वृतिकारणानां सम्यग्ज्ञानादीनां, निमित्तं=हेतुः, निर्वाणाङ्गनिमित्तम्, सिद्धा=प्रसिद्धा, एषा=जिज्ञासा, तदर्थिनां=निर्वाणार्थिनाम्, ये हि निर्वाणार्थिनस्ते निर्वाणाङ्गानि जिज्ञासात एव लभन्ते, अतो निर्वाणाङ्गस्य=शुद्धवन्दनालक्षणस्य, इयं=कारणं, भवति च कारणं लिङ्गं, यथा विशिष्टाम्बुपातोऽङ्कुराणामिति गाथार्थः ।।३/२६।।

**ટીકાર્થ :-**

**अस्यां ..... गाथार्थः ।। 'जिण्णासेत्यादि' પ્રતીક છે. આમાં=વિષયભૂત એવી વંદનામાં=ચૈત્યવંદનની ક્રિયાભૂત એવી વંદનામાં, જિજ્ઞાસા પણ=જાણવાની ઈચ્છા પણ, શુદ્ધ=નિર્દોષ, વંદનાનું લિંગ અર્થાત્ લક્ષણ છે. કેવળ વેલાવિધાનની આરાધનાદિ નહીં=સમયે જ ચૈત્યવંદન કરવું તે સ્વરૂપવેળાની, આરાધના આદિ નહિ.**

**'हु' શબ્દ વાક્યાલંકાર અર્થે છે. 'हंदि' શબ્દ ઉપપ્રદર્શન અર્થે છે.**

**હવે તેમાં=શુદ્ધવંદનામાં, જિજ્ઞાસા શુદ્ધવંદનાનું લિંગ કેવી રીતે છે ? એથી કહે છે –**

**તદ્અર્થી જીવોની=નિર્વાણના અર્થી જીવોની, આ=જિજ્ઞાસા, નિર્વાણના અંગોનું નિમિત્ત પ્રસિદ્ધ છે=મોક્ષના કારણ એવા સમ્યગ્જ્ઞાનાદિનો હેતુ છે એ રૂપ નિર્વાણનાં અંગનું નિમિત્ત જિજ્ઞાસા પ્રસિદ્ધ છે. हि=જે કારણથી, જેઓ નિર્વાણના અર્થી છે, તેઓ નિર્વાણનાં અંગોને જિજ્ઞાસાથી જ પ્રાપ્ત કરે છે. આથી શુદ્ધવંદનાલક્ષણ નિર્વાણના અંગનું આ=જિજ્ઞાસા, કારણ છે અને કારણ લિંગ થાય છે, જે પ્રમાણે વિશિષ્ટ પાણીનો પાત અંકુરોનું કારણ થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૨૬।।**

**ભાવાર્થ :-**

જે મહાત્માને પરિશુદ્ધવંદના કઈ રીતે થઈ શકે ? તે જાણવાની ઉત્કટ જિજ્ઞાસા થાય, તેનાથી પણ નક્કી થાય કે આ જીવ અવશ્ય પરિશુદ્ધવંદના કરશે; કેમ કે કારણ ઉપરથી કાર્યનું અનુમાન થાય છે અર્થાત્ વર્તમાનમાં આ કારણ છે માટે ભાવિમાં આવું કાર્ય અવશ્ય થશે. તે રીતે જે જીવો મોક્ષના અર્થી છે; વળી, મોક્ષનો ઉપાય શુદ્ધવંદના છે તેવું યોગીઓ પાસે જાણ્યું છે, તેથી તેવી શુદ્ધવંદનાના ઉચિત ઉપાયને જાણવા માટે તેઓની અત્યંત જિજ્ઞાસા થઈ હોય અર્થાત્ માત્ર પૃચ્છા કરે તેવી જિજ્ઞાસા નહિ પરંતુ કયા પ્રકારનો ઉચિત યત્ન કરીને હું શુદ્ધવંદના કરી શકું ? તેનું ઉચિત રહસ્ય જાણવા માટે દૃઢ યત્ન થાય તેવી જિજ્ઞાસા થઈ હોય, તે જીવો જ્યાં સુધી શુદ્ધવંદના કરવા પોતે સમર્થ ન બને, ત્યાં સુધી શાસ્ત્રોનાં વચનોના બળથી, ઉપદેશકના આલંબનથી અને સ્વપ્રજ્ઞાના બળથી કઈ રીતે યત્ન કરવાથી પરિશુદ્ધવંદનાની મને પ્રાપ્તિ થશે, તેના રહસ્યને અવશ્ય જાણવા યત્ન કરે છે. જે મહાત્મા આવો યત્ન કરે, તેના ઉપરથી અનુમાન થાય કે આ મહાત્માને અવશ્ય શુદ્ધવંદના પ્રાપ્ત થશે.

આ જિજ્ઞાસા કેવી છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

નિર્વાણના અર્થી જીવોને નિર્વાણના કારણીભૂત રત્નત્રયીની અંતરંગ પરિણતિ કઈ રીતે પ્રગટ થાય તેને જાણવાની જિજ્ઞાસા થાય છે. તેથી નિર્વાણના અંગના નિમિત્તરૂપે આ જિજ્ઞાસા સિદ્ધ છે. આનાથી એ ફલિત થાય કે જે જીવોને નિર્વાણના કારણીભૂત રત્નત્રયીને પ્રગટ કરવાનો અને સ્થિર કરવાનો ઉપાય શુદ્ધવંદના છે તેવો બોધ થયો છે તે જીવોને શુદ્ધવંદના કરવાની ઇચ્છા થાય છે તે જીવો આ વંદના કરવાથી જગતના સર્વ ભાવો પ્રત્યે હું નિર્લેપની પરિણતિ કઈ રીતે પ્રગટ કરી શકું ? તે પ્રકારના રહસ્યને જાણવાના યત્નપૂર્વક વંદનાના સ્વરૂપને જાણવા યત્ન કરે છે. તે વખતે ઉપદેશકના વચનના બળથી તેઓને

જણાય છે કે વીતરાગના પારમાર્થિક સ્વરૂપને સૂક્ષ્મ-સૂક્ષ્મતર સ્પર્શે તે પ્રકારના ભાવોને કહેનારાં ચૈત્યવંદનનાં સૂત્રો છે. તેથી તે સૂત્રસ્પર્શી અર્થમાં ચિત્ત પ્રવર્તે તો જેવા ઉત્તમ પરિણતિવાળા વીતરાગ છે, તેને અભિમુખ એવું ઉત્તમ ચિત્ત પ્રસ્તુત ચૈત્યવંદનકાળમાં બોલાતાં સૂત્રોથી પોતાને પણ પ્રગટ થઈ શકે છે તેવો નિર્ણય થવાથી તે પ્રકારે ચૈત્યવંદન કરવા માટે યત્ન કરીને તે મહાત્મા પણ વીતરાગ જેવું અસંગ ચિત્ત પરિશુદ્ધવંદના દ્વારા કાંઈક કાંઈક અવશ્ય પ્રગટ કરી શકે છે. તેથી તે વંદના સમ્યગ્દર્શનાદિની શુદ્ધિપૂર્વક નિર્વાણફળમાં અવશ્ય પર્યવસાન પામશે. **ll૩/૨૬ll**

**અવતરણિકા :-**

**अथ कथं जिज्ञासा निर्वाणाङ्गानां निमित्ततया सिद्धा ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**કેવી રીતે જિજ્ઞાસા નિર્વાણના અંગોના નિમિત્તપણાથી સિદ્ધ છે ? એથી કહે છે –**

**ગાથા :-**

**धिइसद्धासुहविविदिसभेया जं पायसो उ जोणि त्ति ।**
**सण्णाणादुदयम्मि पइट्ठिया जोगसत्थेसु ।।३/२७।।**

**છાયા :-**

**धृतिश्रद्धासुखाविविदिषाभेदा यत् प्रायेण तु योनिरिति ।**
**सज्ज्ञानाद्युदये प्रतिष्ठिता योगशास्त्रेषु ।।३/२७।।**

**અન્વયાર્થ :-**

**उ=વળી, जं=જે કારણથી, सण्णाणादुदयम्मि=સજ્જ્ઞાનાદિના ઉદયમાં, धिइसद्धासुहविविदिसभेया=ધૃતિ-શ્રદ્ધા-સુખા-વિવિદિષારૂપ ભેદો, पायसो=પ્રાયઃ, जोणि=યોનિ=કારણ, जोगसत्थेसु=યોગશાસ્ત્રોમાં, पइट्ठिया=પ્રતિષ્ઠિત છે=સમર્થન કરાયા છે.**

**'त्ति' શબ્દ વાક્યાર્થની સમાપ્તિ અર્થે છે. ll૩/૨૭ll**

**ગાથાર્થ :-**

**વળી, જે કારણથી સજ્જ્ઞાનાદિના ઉદયમાં ધૃતિ-શ્રદ્ધા-સુખા-વિવિદિષારૂપ ભેદો પ્રાયઃ યોનિ= કારણ યોગશાસ્ત્રોમાં પ્રતિષ્ઠિત છે=સમર્થન કરાયા છે. ll૩/૨૭ll**

**ટીકા :-**

**व्याख्या–'धिई'त्यादि । धृतिः=उद्वेगादिदोषपरिहारेण चित्तस्वास्थ्यं, श्रद्धा=तत्त्वरुचिः, सुखा विशिष्टाह्लादरूपा, विविदिषा=वेदितुमिच्छा=जिज्ञासेत्यर्थः, एषां द्वन्द्वः, धृतिश्रद्धासुखाविविदिषारूपा**

**भेदा=विशेषा यस्या योनेः सा तथा, सुखाविविदिषाशब्दयोश्च ह्रस्वत्वं प्राकृतत्वात्, यद्=यस्मात्, प्रायशस्तु=प्रायेणैव, न पुनरियद्भेदैव भेदान्तराणामपि विज्ञप्त्यादीनामुक्तत्वात् ।**

**यदाह –**

'धृतिः, श्रद्धा, सुखा, विविदिषा, विज्ञप्तिरिति तत्त्वधर्मयोनयः ।' []

**तथा –**

'अब्भुट्ठाणे विणए परक्कमे साहुसेवणाए य ।

सम्मद्दंसणलंभो विरयाविरतीइ विरतीए ।।१।।' **[आवश्यकनिर्युक्ति-१४८] त्ति ।**

**योनिः=कारणम् । इतिशब्दो वाक्यार्थसमाप्त्यर्थः, स च गाथान्ते दृश्यः, कस्मिन्नेतद्भेदा योनिः ? इत्याह – सज्ज्ञानाद्युदये=सम्यग्ज्ञानदर्शनादिनिर्वाणकारणोत्पत्तौ, कुत एवंविधेयं सिद्धा ? इत्याह – प्रतिष्ठिता=प्रतिपक्षक्षेपेण समर्थिता, योगशास्त्रेषु=अध्यात्मग्रन्थेषु पातञ्जलादिषु । इति गाथार्थः ।।३/२७।।**

**ટીકાર્થ :-**

**धृतिरुद्वेगादि ..... गाथार्थः ।। 'धिईत्यादि' પ્રતીક છે. ધૃતિ=ઉદ્વેગાદિ દોષના પરિહારથી ચિત્તનું સ્વાસ્થ્ય, શ્રદ્ધા=તત્ત્વરુચિ, વિશિષ્ટ આહ્લાદરૂપ સુખા, વિવિદિષા=વેદન કરવાની ઇચ્છા=જિજ્ઞાસા, એ પ્રકારનો અર્થ છે. આમનો=ધૃતિ આદિનો, દ્વંદ્વ સમાસ છે. ધૃતિ-શ્રદ્ધા-સુખા-વિવિદિષારૂપ ભેદો છે જે યોનિને તે તેવા છે=ધૃતિશ્રદ્ધાસુખાવિવિદિષાના ભેદો યોનિવાળા છે અને સુખા-વિવિદિષા શબ્દનું હ્રસ્વપણું=ગાથામાં 'सुह-विविदिस' એ પ્રમાણે સુખા-વિવિદિષા શબ્દનું હ્રસ્વપણું પ્રાકૃતપણાથી છે. જે કારણથી પ્રાયઃ કરીને જ ધૃતિ આદિ ભેદોવાળી યોનિ છે; પરંતુ આટલા જ ભેદવાળી યોનિ નથી; કેમ કે વિજ્ઞપ્તિ આદિ ભેદાંતરોનું પણ ઉક્તપણું છે, જેને કહે છે –**

"ધૃતિ, શ્રદ્ધા સુખા, વિવિદિષા, વિજ્ઞપ્તિ એ તત્ત્વધર્મની યોનિઓ છે=પારમાર્થિક ધર્મની પ્રાપ્તિનાં કારણો છે." **()**

**અને અન્ય પણ યોનિ છે, તે 'तथा'થી બતાવે છે –**

"અભ્યુત્થાન, વિનય, પરાક્રમ અને સાધુસેવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, વિરતાવિરતરૂપ દેશવિરતિની પ્રાપ્તિ થાય છે, વિરતિની=સર્વવિરતિની, પ્રાપ્તિ થાય છે." **।।૧।। (આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૪૮)**

**યોનિ=કારણ છે.**

**'इति' શબ્દ વાક્યાર્થની સમાપ્તિ અર્થવાળો છે અને તે='इति' શબ્દ, ગાથાના અંતમાં જાણવો.**

**શેમાં આ ભેદો=ધૃતિ આદિ ભેદો, યોનિ છે ? એથી કહે છે –**

**સજ્જ્ઞાનાદિના ઉદયમાં=સમ્યગ્જ્ઞાન-દર્શનાદિ નિર્વાણના કારણની ઉત્પત્તિમાં યોનિ છે.**

**શેનાથી આવા પ્રકારની=ધૃતિ આદિ સ્વરૂપવાળી, આ=યોનિ, સિદ્ધ છે ? એથી કહે છે –**

**યોગશાસ્ત્રોમાં=પાતંજલાદિ અધ્યાત્મગ્રંથોમાં, પ્રતિષ્ઠિત છે=પ્રતિપક્ષના ક્ષેપથી સમર્થન કરાઈ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૨૭॥**

**ભાવાર્થ :-**

જિજ્ઞાસા મોક્ષના કારણીભૂત સમ્યગ્દર્શનાદિનું કારણ કઈ રીતે છે ? તે બતાવવા અર્થે યુક્તિ કહે છે –

યોગશાસ્ત્રોમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અંગરૂપે પ્રાયઃ ધૃતિ, શ્રદ્ધાદિ ભેદોને કહ્યા છે.

આનાથી એ ફલિત થાય કે જીવને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ નિર્વાણના કારણની પ્રાપ્તિ થવામાં કારણ ધૃતિ આદિ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જે જીવોએ ચિત્તના ઉદ્વેગ આદિ દોષોનો પરિહાર કરીને આત્માના હિતની વિચારણા કરે તેવી ધૃતિને પ્રાપ્ત કરેલ છે, તે જીવો તે ધૃતિપૂર્વક જ ઉત્તરોત્તર યત્ન કરે તો અવશ્ય સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.

વળી, કેટલાક જીવો ધૃતિ પ્રાપ્ત કર્યા પછી તત્ત્વની રુચિવાળા થાય છે અર્થાત્ હું શું કરું ? જેથી આ સંસારનો ઉચ્છેદ થાય, તેવા પ્રકારની તત્ત્વની રુચિવાળા થાય છે. આ રુચિ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને સમ્યગ્દર્શન આદિનું કારણ બને છે; કેમ કે તત્ત્વગવેષણા વિષયક તત્ત્વની રુચિ ઉચિત યત્ન કરાવીને આત્માની સંપૂર્ણ નિરાકુળ અવસ્થાને તત્ત્વરૂપે દેખાડે છે અને તેવા તત્ત્વની પ્રાપ્તિના ઉપાયરૂપ રત્નત્રયમાં યત્ન કરાવે છે.

વળી, કેટલાક જીવોનું ચિત્ત સહજ રીતે કષાયોની નિરાકુળ અવસ્થાને અભિમુખ બને છે, તે સુખા સ્વરૂપ છે, જેના કારણરૂપે તેઓમાં ધૃતિ અને શ્રદ્ધા વર્તે છે. તેથી તેઓ ધૃતિપૂર્વક તત્ત્વની રુચિ કરીને ચિત્તને તત્ત્વ તરફ લઈ જવાના પરિણામવાળા થાય છે. જેનાથી ચિત્તના અવક્ર ગમનજન્ય ઉપશમભાવનું સુખ તેઓને થાય છે. આ સુખ જ અધિક અધિક સુખની ઇચ્છાના બળથી અસંગ પરિણતિરૂપ રત્નત્રયીમાં પરિણમન પામશે. તેથી રત્નત્રયી પ્રત્યે સુખા કારણ છે.

વળી, કેટલાકને વિવિદિષા થાય છે અર્થાત્ આ ચૈત્યવંદનની ક્રિયા કઈ રીતે ઉપશમસુખના વેદનનું કારણ થશે ? તે પ્રકારનું વેદન કરવાની ઇચ્છા થાય છે, જે જિજ્ઞાસારૂપ છે. આ જિજ્ઞાસા રત્નત્રયની પ્રાપ્તિનું કારણ છે. આથી ગાથા-૨૬માં જિજ્ઞાસાને શુદ્ધવંદનાનું લિંગ કહેલ છે.

જેઓને શુદ્ધ ચૈત્યવંદન કરવાની ઉત્કટ ઇચ્છા થાય છે, તેઓ તેના ઉચિત ઉપાયોને જાણીને અવશ્ય શુદ્ધ ચૈત્યવંદનાને પ્રાપ્ત કરશે. અહીં પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે આના સિવાય તત્ત્વની પ્રાપ્તિમાં અન્ય પણ લિંગો છે. જેમ રત્નત્રયીરૂપ તત્ત્વની પ્રાપ્તિ પ્રત્યે વિજ્ઞપ્તિ પણ લિંગ છે અર્થાત્ આત્માની નિરાકુળ અવસ્થા જેવી સુખરૂપ છે, તેવા સુખસ્વરૂપે તેનો બોધ એ પણ રત્નત્રયની પ્રાપ્તિનું કારણ છે.

વળી, ગુણવાન પુરુષોના ગુણોને જોઈને ભક્તિના અતિશયથી કોઈ અભ્યુત્થાન કરે તેનાથી પણ

ગુણપ્રાપ્તિનાં પ્રતિબંધક કર્મોનો નાશ થવાથી આત્માની અસંગપરિણતિ જ જીવની સુંદર અવસ્થા છે, તેવો તેને મર્મસ્પર્શી સૂક્ષ્મ બોધ થાય છે, જે સમ્યગ્દર્શનના લાભતુલ્ય છે. વળી, કોઈ મહાત્મા ગુણવાન પુરુષનો વિનય કરે તેના કારણે ગુણ પ્રત્યે પ્રવર્ધમાન થતો રાગનો ભાવ સમ્યગ્દર્શનના પ્રતિબંધક કર્મોનો નાશ કરાવી સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કારણ બને છે, તેથી જીવની વીતરાગ અવસ્થા તેને સારભૂત જણાય છે. વળી, કેટલાક જીવો કષાયને અસાર જાણીને તેના ઉચ્છેદ માટે પરાક્રમ કરે, તેનાથી પણ તેમને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. વળી, કેટલાક મહાત્મા ગુણવાન પુરુષોની સેવા કરે તેનાથી પણ તેમને ગુણના બોધમાં આવારક કર્મોનો નાશ થવાથી ગુણને ગુણરૂપે સૂક્ષ્મ રીતે જોઈ શકે, તેવું સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

અભ્યુત્થાન-વિનય આદિ દ્વારા કેટલાકને દેશવિરતિ કે સર્વવિરતિ પણ પ્રાપ્ત થાય છે.

આ પ્રકારનું કથન યોગશાસ્ત્રોમાં પ્રતિષ્ઠિત છે. તેથી નક્કી થાય છે કે જિજ્ઞાસાદિ સર્વ શુદ્ધ ચૈત્યવંદનનાં લિંગો છે. **॥૩/૨૭॥**

**અવતરણિકા :-**

**कदेयं जिज्ञासालिङ्गा शुद्धवन्दना भवति ? इत्याह –**

**અવતરણિકાર્થ :-**

**ક્યારે આ જિજ્ઞાસા લિંગ છે જેને એવી શુદ્ધવંદના થાય છે ? એને કહે છે –**

**ગાથા :-**

**पढमकरणोवरि तहा अणहिणिविट्ठाण संगया एसा ।**
**तिविहं च सिद्धमेयं पयडं समए जओ भणियं ।।३/२८।।**

**છાયા :-**

**प्रथमकरणोपरि तथा अनभिनिविष्टानां सङ्गता एषा ।**
**त्रिविधं च सिद्धमेतत् प्रकटं समये यतो भणितम् ।।३/२८।।**

**અન્વયાર્થ :-**

**अणहिणिविट्ठाण=અનભિનિવિષ્ટ જીવોને, पढमकरणोवरि=પ્રથમ કરણના ઉપરમાં, तहा=તે પ્રકારે, एसा=આ=શુદ્ધવંદના, संगया=સંગત છે, च=અને, तिविहं=ત્રિવિધ, एयं=આ=કરણ, पयडं=પ્રગટપણે, समए=સમયમાં=શાસ્ત્રમાં, सिद्धं=પ્રસિદ્ધ છે, जओ=જે કારણથી, भणियं=કહેવાયું છે. ।।૩/૨૮।।**

**ગાથાર્થ :-**

**અનભિનિવિષ્ટ જીવોને પ્રથમ કરણના ઉપરમાં તે પ્રકારે આ=શુદ્ધવંદના, સંગત છે અને ત્રિવિધ આ=કરણ, પ્રગટપણે સમયમાં=શાસ્ત્રમાં, પ્રસિદ્ધ છે, જે કારણથી કહેવાયું છે. ।।૩/૨૮।।**

**ટીકા :-**

**व्याख्या—'पढमे'त्यादि । प्रथमकरणस्य=आद्यपरिणामविशेषस्य यथाप्रवृत्त्याख्यस्य, उपर्युपरिष्टात् प्रथमकरणोपरि वर्तमानानामपुनर्बन्धकादीनामिति गम्यम्, तथेति शुद्धवन्दनागतवक्तव्यान्तरसमुच्चयार्थः, अथवा तेन प्रकारेण=तत्कालोचिततया, अनभिनिविष्टानाम्=अतत्त्वाभिनिवेशवर्जितानां, प्रथमकरणोपर्येव ह्यतत्त्वानभिनिवेशिनो भवन्ति, सङ्गता=युज्यमाना भवति, नान्यत्र, एषा=शुद्धवन्दना, अथ कतिविधं करणं येन प्रथमत्वेन विशिष्यते ? इत्याह — त्रिविधं च=त्रिप्रकारं पुनः, सिद्धं=प्रसिद्धम्, एतद् करणं कुतः सिद्धम् ? इत्याह — प्रकटं=व्यक्तार्थम्, समये=सिद्धान्ते, यतो=यस्मात्, भणितम्=उक्तम्, इति गाथार्थः ।।३/२८।।**

**ટીકાર્થ :-**

**प्रथमकरणस्य ..... गाथार्थः ।। 'पढमेत्यादि' પ્રતીક છે. પ્રથમ કરણના=યથાપ્રવૃત્તિ નામના આદ્ય પરિણામવિશેષના, ઉપરિ=આગળ, વર્તમાન એવા અપુનર્બંધક આદિ અનભિનિવિષ્ટ જીવોને= અતત્ત્વના અભિનિવેશ વર્જિત જીવોને, તે પ્રકારે આ શુદ્ધવંદના સંગત છે, એમ અન્વય છે.**

**ગાથામાં 'तथा' શબ્દ શુદ્ધવંદનાગત વક્તવ્યાંતરના સમુચ્ચય અર્થવાળો છે=શુદ્ધવંદનાગત પૂર્વનાં વક્તવ્યો કહ્યાં તેના કરતાં પ્રસ્તુત ગાથામાં તે વક્તવ્યાંતરને કહે છે તેના સમુચ્ચય અર્થવાળો છે. અથવા 'तथा' શબ્દનો અર્થ તે પ્રકારથી=તે કાલને ઉચિતપણાથી થાય છે તેથી અનભિનિવિષ્ટ જીવોને=અતત્ત્વના અભિનિવેશ વર્જિત જીવોને, તે પ્રકારની શુદ્ધવંદના=તે કાળ ઉચિતપણાથી શુદ્ધવંદના, થાય છે=અપુનર્બંધક હોય તો તેના કાળને ઉચિતપણાની શુદ્ધવંદના થાય છે, સમ્યગ્દૃષ્ટિ હોય તો તેના કાળના ઉચિતપણાથી શુદ્ધવંદના થાય છે. અન્યત્ર નહિ=યથાપ્રવૃત્તિકરણની ઉપરમાં નહિ વર્તતા જીવોને નહિ.**

અનભિનિવિષ્ટ વિશેષણ કેમ મૂક્યું ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

**પ્રથમ કરણના ઉપરમાં જ=પ્રથમ કરણ ઉપરના ભાગને પ્રાપ્ત થયા પછી જ, ખરેખર અતત્ત્વના અનભિનિવેશવાળા જીવો થાય છે.**

**અથથી શંકા કરે છે — કેટલા પ્રકારના કરણ છે, જેથી પ્રથમપણાથી વિશેષિત કરાય છે ? એથી કહે છે –**

**વળી, ત્રણ પ્રકારના આ=કરણ, સિદ્ધ છે=પ્રસિદ્ધ છે.**

**શેનાથી સિદ્ધ છે ? એથી કહે છે –**

**જે કારણથી સમયમાં=સિદ્ધાંતમાં, પ્રગટ=વ્યક્ત અર્થવાળા, કહેવાયા છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૨૮।।**

**ભાવાર્થ :-**

કરણ એ જીવનો અધ્યવસાયવિશેષ છે. તેમાં યથાપ્રવૃત્તિકરણ કષાયને અલ્પ કરવાને અનુકૂળ જીવનો અધ્યવસાયવિશેષ છે. યથાપ્રવૃત્તિકરણના ઉપરના ભાગમાં જે જીવો વર્તે છે, તેઓને અતત્ત્વનો અભિનિવેશ દૂર થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે નદીગોલપાષાણન્યાયથી જીવો શુભભાવ કરે છે, ત્યારે અવ્યક્ત રીતે ક્ષમા આદિ ભાવોમાં યત્ન કરે છે, જેનાથી તેઓના અનંતાનુબંધીકષાયો કાંઈક મંદ થયા છે તોપણ તે અનંતાનુબંધીકષાયો તે પ્રકારે મંદ નથી થતા, જેથી તેમને અતત્ત્વનો અનભિનિવેશ પ્રાપ્ત થાય; પરંતુ જેઓ યથાપ્રવૃત્તિકરણના ઉપરના ભાગમાં વર્તે છે, તેઓ અપૂર્વકરણની આસન્ન પરિણતિવાળા છે, તેઓમાં અતત્ત્વનો અભિનિવેશ દૂર થાય છે. તેથી તેઓના અનંતાનુબંધીકષાયો તે પ્રકારે મંદ થાય છે, જેથી તત્ત્વને અભિમુખ કાંઈક પરિણામ તેઓ કરી શકે છે. અપુનર્બંધક જીવો આ ભૂમિકામાં છે, તેથી તેઓને શુદ્ધવંદના થાય છે. વળી, જેઓ અપૂર્વકરણમાં છે, અનિવૃત્તિકરણમાં છે કે સમ્યક્ત્વને પામેલા છે, તે સર્વને પણ શુદ્ધવંદના પ્રાપ્ત થાય છે તેમ બતાવવા માટે યથાપ્રવૃત્તિકરણથી ઉપરમાં વર્તતા અપુનર્બંધક આદિ સર્વને ગ્રહણ કરેલ છે. જે જીવો અપુનર્બંધકદશાને પામેલા છે અને ભદ્રકપ્રકૃતિને કારણે ભગવાનના ગુણોનું સ્મરણ કરીને સ્વશક્તિ અનુસાર ચૈત્યવંદન આદિમાં ઉપયુક્ત થઈને ક્રિયા કરે છે, તેઓને શુદ્ધવંદના થાય છે. આવા જીવો પણ કોઈક નિમિત્તથી પ્રમાદવાળા થયા હોય ત્યારે તદ્ગતચિત્ત આદિના અભાવને કારણે તેઓને પણ શુદ્ધવંદના પ્રાપ્ત થતી નથી. તેથી માત્ર અપુનર્બંધક આદિ દશાવાળા જીવો હોય, તેટલામાત્રથી શુદ્ધવંદના થતી નથી, તે બતાવવા અર્થે ગાથામાં 'तथा' શબ્દથી શુદ્ધવંદનાગત વક્તવ્યાંતરનો સમુચ્ચય કર્યો છે.

વળી, શાસ્ત્રમાં ત્રણ કરણ પ્રસિદ્ધ છે, જેને સ્વયં ગ્રંથકારશ્રી આગળમાં બતાવે છે. **॥૩/૨૮॥**

**અવતરણિકા :-**

**यदुक्तं तदेवाह –**

**અવતરણિકાર્થ :-**

**જે કહેવાયું="પૂર્વગાથામાં કહ્યું કે જે કારણથી કહેવાયું" એ રૂપ જે કહેવાયું, તેને જ કહે છે –**

**ગાથા :-**

**करणं अहापवत्तं अपुव्वमणियट्टि चेव भव्वाणं ।**
**इयरेसिं पढमं चिय भण्णइ करणं ति परिणामो ।।३/२९।।**

**છાયા :-**

**करणं यथाप्रवृत्तमपूर्वमनिवृत्ति चैव भव्यानाम् ।**
**इतरेषां प्रथमं चैव भण्यते करणमिति परिणामः ।।३/२९।।**

**અન્વયાર્થ :-**

करणं=કરણ, अहापवत्तं अपुव्वमणियट्टि चेव=યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિ જ=યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ ત્રણ કરણો જ, भव्वाणं=ભવ્ય જીવોને હોય છે. इयरेसिं=ઈતર જીવોને, पढमं चिय=પ્રથમ જ=પ્રથમ કરણ જ, भण्णइ=કહેવાયું છે. करण=કરણ, त्ति=इति=એ, परिणामो=પરિણામ છે=જીવનો અધ્યવસાય છે. ॥૩/૨૯॥

**ગાથાર્થ :-**

**કરણ યથાપ્રવૃત્ત, અપૂર્વ અને અનિવૃત્તિ જ=યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ ત્રણ કરણો જ, ભવ્ય જીવોને હોય છે. ઈતર જીવોને પ્રથમ જ=પ્રથમ કરણ જ, કહેવાયું છે. કરણ એ પરિણામ છે=જીવનો અધ્યવસાય છે. ॥૩/૨૯॥**

**ટીકા :-**

व्याख्या—'करणे'त्यादि । क्रियते=विधीयते, कर्मबन्धोदयोदीरणोपशमनाद्यनेनेति करणमध्यवसायविशेषः, तदेकं तावद्यथा येनैव प्रकारेणानादिकालेऽभूत्तेनैव प्रवृत्तं प्रवृत्तवन्नाप्राप्तपूर्वं स्वभावान्तरं प्राप्तमिति यथाप्रवृत्तम्, तथाऽनादौ संसारेऽप्राप्तपूर्वम्=अपूर्वमिति द्वितीयम्, तथा न निवर्तते नापैति मोक्षतरुबीजकल्पं सम्यक्त्वमनासाद्य इत्येवंशीलं अनिवर्ति, चैवशब्दोऽवधारणे, तत्प्रयोगं च दर्शयिष्यामः, भव्यानामेव=मुक्तिगमनोचितानामेव, भवति, इतरेषाम्=अभव्यानाम्, प्रथममेव=आद्यमेव यथाप्रवृत्तमेव, करणं भवतीति भावः, अथ करणमिति कोऽर्थः ? इत्यत्राह-'भण्णइ करणं ति परिणामो' करणमित्यनेन ध्वनिना परिणामो=जीवाध्यवसायो, भण्यतेऽभिधीयते समयज्ञैरिति गाथार्थः ।।३/२९।।

**ટીકાર્થ :-**

क्रियते ..... गाथार्थः ।। 'करणेत्यादि' પ્રતીક છે. કર્મબંધના કારણીભૂત કષાયના ઉદય, ઉદીરણા ઉપશમાદિ કરાય છે આના દ્વારા એ કરણ અધ્યવસાયવિશેષ છે, તે=કરણરૂપ અધ્યવસાયવિશેષ, પહેલું યથાપ્રવૃત્ત=યથાપ્રવૃત્તિકરણ, છે. જે પ્રકારથી અનાદિકાળમાં થયું તે જ રીતે પ્રવૃત્તની જેમ પ્રવૃત્ત છે, અપ્રાપ્તપૂર્વ એવા સ્વભાવાંતરને પામેલું નથી એથી યથાપ્રવૃત્ત છે અને અનાદિ સંસારમાં અપ્રાપ્ત પૂર્વ=અપૂર્વ, છે એ દ્વિતીય છે અને મોક્ષવૃક્ષના બીજ જેવા સમ્યક્ત્વને પામ્યા વગર નિવર્તન પામતું નથી એવા સ્વભાવવાળું અનિવર્તી છે.

'ચૈવ' શબ્દ અવધારણમાં છે, તેનો પ્રયોગ હવે બતાવીશું.

ભવ્યોને=મુક્તિગમન ઉચિત જીવોને, જ ત્રણ કરણ થાય છે, એમ અન્વય છે. ઈતર જીવોને=અભવ્યોને, પ્રથમ=આદ્ય જ=યથાપ્રવૃત્તિકરણ જ, થાય છે, એ પ્રકારનો ભાવ છે.

અથથી શંકા કરે છે — કરણ એ પ્રકારે કયો અર્થ છે ? એ શંકામાં કહે છે —

**કરણ પરિણામ કહેવાય છે=કરણ એ પ્રકારના ધ્વનિ વડે પરિણામ=જીવનો અધ્યવસાય, સમયના જાણનાર વડે કહેવાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૨૯॥**

**ભાવાર્થ :-**

જીવ કર્મબંધ કરે છે, તેનું કારણ કષાયોનો ઉદય અને ઉદીરણા સતત ચાલે છે અને ક્યારેક ઉપશમ આદિ કરે છે તે જેનાથી કરાય છે, તે કરણ કહેવાય. તે કરણ અધ્યવસાયવિશેષ છે. તેથી એ પ્રાપ્ત થાય કે સંસારી જીવો કષાયના ઉદયથી કર્મને બાંધે છે; છતાં કોઈક નિમિત્તને પામીને જ્યારે અવ્યક્તરૂપે પણ શુભભાવો કરે છે, ત્યારે સાક્ષાત્ મારે કષાયોનું શમન કરવું છે તેવો અધ્યવસાય નથી હોતો; તોપણ કષાયોના ઉપશમનને અનુકૂળ અવ્યક્ત અધ્યવસાય કરે છે. તે કર્મના ઉદય, ઉદીરણા અને ઉપશમાદિ કરે એવા જે અધ્યવસાય તે કરણ છે.

દા. ત. કોઈ મહાત્મા દુષ્કૃતની નિંદા કરે છે, ત્યારે તે મહાત્મા ઉપયોગપૂર્વક દુષ્કૃત પ્રત્યે જુગુપ્સા કરે તો તે વખતે તેઓ વ્યક્તરૂપે કષાયોના ઉપશમનો યત્ન કરે છે. હવે બીજા કોઈ જીવને પોતાના દુષ્કૃત માટે આવો નિંદાનો પરિણામ થયો નથી; છતાં પોતાના કારણે કોઈ જીવ દુઃખી થયો હોય તેમને જોઈને તેને થાય કે મારી અમુક પ્રવૃત્તિના કારણે આ લોકો દુઃખી થયા છે, તેથી મેં અનુચિત કર્યું છે, તેવો ભાવ તેને થાય તો કષાયનો કાંઈક ઉપશમ થાય છે, તે ઉપશમનો અથવા કષાયના ઉદયનો જે અધ્યવસાય થાય છે તે અધ્યવસાયવિશેષ કરણ છે. અનાદિકાળથી જીવ આવા કરણરૂપ અધ્યવસાયને સતત કરે છે અને તેનાથી ક્યારેક ગ્રંથિદેશને પ્રાપ્ત કરે છે, એ સ્વરૂપે જ પ્રવૃત્ત એવો અધ્યવસાય તે યથાપ્રવૃત્તિકરણ છે. તેથી અપ્રાપ્તપૂર્વ એવું સ્વભાવાંતર પ્રાપ્ત થતું નથી, પરંતુ અનંતકાળથી જે સ્વભાવ છે તેવા જ સ્વભાવરૂપ યથાપ્રવૃત્તિકરણ છે. તેનાથી જીવ ક્યારેક ક્યારેક ગ્રંથિદેશમાં આવે છે વળી કોઈક જીવ ગ્રંથિદેશમાં જે પૂર્વે પોતે અનંતી વખત આવ્યો હતો તેનાથી ઉપરના સ્થાનને પ્રાપ્ત કરે છે તેવું યથાપ્રવૃત્તિકરણ અપૂર્વકરણના આસન્નભાવવાળું હોવાથી અપેક્ષાએ અપૂર્વ જ છે; કેમ કે અનંતકાળમાં તેવો અધ્યવસાય ક્યારેય પ્રાપ્ત થયો નથી, તેથી તે યથાપ્રવૃત્તિકરણને કોઈક કોઈક સ્થાને ચરમયથાપ્રવૃત્તિકરણ પણ કહેલ છે.

❖ યથાપ્રવૃત્તિકરણ અનાદિથી સતત પ્રવર્તે છે એમ આવશ્યકનિર્યુક્તિમાં કહેલ છે.

વળી, અનાદિ સંસારમાં અપ્રાપ્તપૂર્વ અપૂર્વ છે=અપૂર્વકરણ છે, જે બીજું કરણ છે. જે કરણમાં જીવો તમોગ્રંથિનો ભેદ કરે છે=મોહથી અનાકુળ શુદ્ધ આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવામાં અંધકાર વર્તે તેવા અજ્ઞાન આપાદક રાગ-દ્વેષનો નાશ કરે છે, જેનાથી ગ્રંથિભેદ થયો એ પ્રકારે કહેવાય છે.

મોક્ષરૂપી વૃક્ષના બીજભૂત સમ્યક્ત્વને પામ્યા વગર જે નિવર્તન પામતો નથી, તેવો અધ્યવસાય અનિવૃત્તિ-કરણ છે. તેથી રાગદ્વેષની ગ્રંથિનો ભેદ કર્યા પછી દેહથી ભિન્ન આત્માના પારમાર્થિક શુદ્ધ સ્વરૂપને યથાર્થ જાણી શકે, તેનો નિર્ણય કરવાને અભિમુખ જીવનો અધ્યવસાયવિશેષ અનિવૃત્તિકરણ છે, જેનાથી મોક્ષના પ્રબળ કારણીભૂત અસંગ અધ્યવસાયના પારમાર્થિક સ્વરૂપનો જીવને બોધ થાય છે.

આ ત્રણેય કરણો ભવ્ય જીવને જ થાય છે. અભવ્ય જીવને આદ્ય જ=યથાપ્રવૃત્તિકરણ જ, થાય છે. અહીં કરણ શબ્દથી જીવના મતિજ્ઞાનના ઉપયોગ સ્વરૂપ અધ્યવસાયનું ગ્રહણ છે. **॥૩/૨૯॥**

**અવતરણિકા :-**

**अथास्यैव करणत्रयस्य विभागं दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

હવે આ જ કરણત્રયના વિભાગને બતાવે છે –

**ગાથા :-**

**जा गंठी ता पढमं गंठिं समइच्छओ भवे बीयं ।**
**अणियट्टीकरणं पुण सम्मत्तपुरक्खडे जीवे ।।३/३०।।**

**છાયા :-**

**यावद् ग्रन्थिः तावत् प्रथमं ग्रन्थिं समतिगच्छतो भवेद् द्वितीयम् ।**
**अनिवृत्तिकरणं पुनः सम्यक्त्वपुरस्कृते जीवे ।।३/३०।।**

**અન્વયાર્થ :-**

**जा=यावत्=**જ્યાં સુધી, **गंठी=**ગ્રંથિ છે, **ता=तावत्=**ત્યાં સુધી, **पढमं=**પ્રથમ=યથાપ્રવૃત્તિકરણ હોય છે. **गंठिं=**ગ્રંથિને, **समइच्छओ=**ઓળંગતા જીવને, **बीयं=**બીજું=અપૂર્વકરણ, **भवे=**થાય છે. **पुण=**વળી, **सम्मत्तपुरक्खडे=**સમ્યક્ત્વને પ્રાપ્ત કરતો, **जीवे=**જીવ હોતે છતે, **अणियट्टीकरणं=**અનિવૃત્તિકરણ, **(भवे)=**થાય છે. ।।૩/૩૦।।

**ગાથાર્થ :-**

**જ્યાં સુધી ગ્રંથિ છે ત્યાં સુધી પ્રથમ=યથાપ્રવૃત્તિકરણ હોય છે. ગ્રંથિને ઓળંગતા જીવને બીજું=અપૂર્વકરણ, થાય છે. વળી, સમ્યક્ત્વને પ્રાપ્ત કરતો જીવ હોતે છતે અનિવૃત્તિકરણ થાય છે. ।।3/30।।**

**ટીકા :-**

**व्याख्या–'जा गंठी'त्यादि । 'जा' इति यावत्, ग्रन्थिरिव ग्रन्थिः=जीवेन कर्म निर्जरयता अनतिक्रान्तपूर्वकर्मस्थितिविशेषः ।**

**आह च –**

'घंसणघोलणजोगा जीवेण जया हवेज्ज कम्मठिती ।
खविया सव्वा सागरकोडाकोडी पमोत्तूणं ।।१।।

तीएऽवि थेवमेत्तं खवियं एत्थंतरंमि जीवस्स ।
हवति हु अभिन्नपुव्वो गंठी एवं जिणा बेंति ।।२।। **[श्रावकप्रज्ञप्ति-३२, धर्मसंग्रहणी-७५२]**
गंठित्ति सुदुब्भेओ कक्खडघणरूढगूढगंठिव्व ।
जीवस्स कम्मजणिओ घणरागद्दोसपरिणामो ।।३।।' **[विशेषावश्यक-११९५]**

**'ता' इति तावत् ग्रन्थिभेदप्रदेशं यावदित्यर्थः, प्रथमं=यथाप्रवृत्तं, ग्रन्थिमुक्तलक्षणम्, 'समइच्छउ' त्ति समतिगच्छतः=समतिक्रामतो भिन्दानस्येत्यर्थः, जीवस्येति शेषः, भवेद्=जायेत, द्वितीयमपूर्वकरणमित्यर्थः, अनिवर्तिकरणं पुनस्तृतीयमित्यर्थः, सम्यक्त्वं=सम्यग्दर्शनं, पुरस्कृतम्=अवश्यप्राप्तव्यतया अग्रे कृतं, येन स तथा तत्र पुरस्कृतसम्यक्त्वस्येत्यर्थः, इह क्तप्रत्ययान्तस्य परनिपात आहिताग्न्यादिदर्शनात्, जीवे=आत्मनि जीवस्येत्यर्थः, भवेदिति वर्तते । इति गाथार्थः ।।३/३०।।**

**ટીકાર્થ :-**

**'जा' ..... गाथार्थः ।। 'जा गंठीत्यादि' પ્રતીક છે. ગ્રંથિ સુધી પ્રથમ કરણ છે. ગ્રંથિના જેવી ગ્રંથિ છે= કર્મની નિર્જરા કરતા જીવ વડે અનતિક્રાંત એવી પૂર્વના કર્મની સ્થિતિવિશેષ છે તે ગ્રંથિ છે. જે કર્મની સ્થિતિ જીવમાં છે તેને નિર્જરા દ્વારા ક્યારેક ક્યારેક ઘટાડી છે છતાં તે સ્થિતિને ઓળંગીને ક્યારે અલ્પસ્થિતિ કરી નથી એવી કર્મની સ્થિતિવિશેષ છે અને કહે છે –**

"ઘર્ષણઘોલનયોગથી જીવ વડે જ્યારે એક કોટાકોટી સાગરોપમને છોડીને સર્વ કર્મસ્થિતિ ક્ષપિત થાય." ॥૧॥ **()**

"તેમાંથી પણ થોડામાત્રને=થોડાંક જ કર્મોને, ખપાવીને એટલા અંતરમાં જીવને અભિન્નપૂર્વ એવી ગ્રંથિ થાય છે= ગ્રંથિ પ્રાપ્ત થાય છે, એ પ્રમાણે જિનો કહે છે." ॥૨॥ **(શ્રાવકપ્રજ્ઞપ્તિ૦ ગાથા-૩૨, ધર્મસંગ્રહણી૦ ગાથા-૭૫૨)**

"ગ્રંથિ એ પ્રમાણે; દુર્ભેદ, કર્કશ, ઘન, રૂઢ, ગૂઢ, ગ્રંથિ જેવો જીવનો કર્મજનિત ઘન રાગ-દ્વેષનો પરિણામ છે." ॥૩॥ **(વિશેષાવશ્યક૦ ગાથા-૧૧૯૫)**

**જ્યાં સુધી ગ્રંથિભેદના પ્રદેશમાં છે=જીવ છે, ત્યાં સુધી પ્રથમ યથાપ્રવૃત્તિકરણ છે. ઉક્ત લક્ષણવાળી ગ્રંથિને અતિક્રાંત કરતા જીવને=ભેદ કરતા જીવને, દ્વિતીય અપૂર્વકરણ થાય છે. સમ્યક્ત્વ=સમ્યગ્દર્શન, પુરસ્કૃત=અવશ્ય પ્રાપ્તવ્યપણાથી આગળમાં કરાયું છે જેના વડે તે, તેવો છે=પુરસ્કૃત સમ્યક્ત્વવાળો છે, તેમાં=પુરસ્કૃત સમ્યક્ત્વવાળા જીવને, તૃતીય અનિવૃત્તિકરણ છે.**

**અહીં 'क्त' પ્રત્યય અંતવાળાનું=પુરસ્કૃત શબ્દમાં રહેલ 'क्त' પ્રત્યયાન્તનું, પરનિપાત આહિત અગ્નિ આદિના દર્શનથી છે=ગાથામાં સમ્યક્ત્વ પુરસ્કૃત છે તેનો અર્થ ટીકામાં 'પુરસ્કૃત સમ્યક્ત્વવાળા જીવમાં' એ પ્રમાણે કરવા માટે પાછળમાં નિપાત કર્યો તે 'આહિત છે અગ્નિ આદિ જેના વડે' એ પ્રકારના પ્રયોગના દર્શનથી કરાય છે. તેથી પુરસ્કૃત સમ્યક્ત્વવાળા જીવમાં=જીવને અનિવૃત્તિકરણ નામનું ત્રીજું કરણ છે, એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થાય, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૩૦॥**

**ભાવાર્થ :-**

જીવ જ્યારે કષાયોના શમનમાં યત્ન કરે છે, ત્યારે કર્મની નિર્જરા કરે છે. આ કર્મનિર્જરા કરીને જીવ કાંઈક શુભભાવને પામે છે, જે શુભભાવ કરવા દ્વારા અધિક નિર્જરા કરે છે. આ રીતે નિર્જરા કરીને કાંઈક શુભભાવ પ્રાપ્ત કરે છે તોપણ પૂર્વમાં ક્યારેય જે કર્મસ્થિતિને ઓળંગી નથી, તે જ કર્મસ્થિતિને પ્રાપ્ત કરે છે અર્થાત્ અંતઃકોટાકોટીસાગરોપમ કર્મસ્થિતિ પ્રાપ્ત કરે છે, એ ગ્રંથિદેશની પ્રાપ્તિ છે.

અહીં સાક્ષી આપે છે –

ઘર્ષણઘોલનન્યાયના યોગથી જીવે એક કોટાકોટી સાગરોપમને છોડીને કર્મની સ્થિતિ ખપાવી. તેમાંથી પણ થોડી સ્થિતિ ખપાવે ત્યારે જીવ ગ્રંથિદેશને પ્રાપ્ત કરે છે. તેથી એ પ્રાપ્ત થાય કે ગમે તે રીતે નિમિત્તો પામીને જીવને ક્યારેક શુભભાવો થાય છે, જેનાથી તે કર્મોની સ્થિતિ ખપાવે છે. આ કર્મની સ્થિતિ એક કોટાકોટી સાગરોપમથી કાંઈક અલ્પ કરે છે, ત્યારે ગ્રંથિદેશની પ્રાપ્તિ છે.

ગ્રંથિ શું છે ? તે સ્પષ્ટ કરે છે –

કર્કશ, ઘન, રૂઢ, ગૂઢ ગ્રંથિના જેવો જીવોનો કર્મજનિત ઘન રાગ-દ્વેષનો પરિણામ છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જીવમાં દેહની સાથે અભેદબુદ્ધિ હોવાના કારણે દેહજન્ય સુખ જ સુખરૂપ અને દેહજન્ય દુઃખ જ દુઃખરૂપ દેખાય છે; પરંતુ આત્માના પારમાર્થિક સ્વરૂપને જાણવા અનુકૂળ યત્ન ન કરવા દે તેવા ગાઢ રાગ-દ્વેષના પરિણામો છે. આથી જ ક્યારેક ધર્મ કરવા પ્રવૃત્ત પણ જીવ માનસન્માનાદિમાં જ સુખને જોઈ શકે છે પરંતુ સિદ્ધઅવસ્થાનું પારમાર્થિક સ્વરૂપ અને તેના ઉપાયનું પારમાર્થિક સ્વરૂપ જાણવા પણ યત્ન કરતો નથી તેમાં ગાઢ રાગ-દ્વેષના પરિણામ જ કારણ છે જે રાગદ્વેષની ગ્રંથિ સ્વરૂપ છે. વળી, જીવ કષાયો કાંઈક અલ્પ કરીને ગ્રંથિદેશમાં આવે તોપણ આત્માની કષાયોથી અનાકુલ અવસ્થા જ આત્મા માટે પારમાર્થિક સુખરૂપ છે, તેવો બોધ થવામાં વિઘ્ન કરે તેવા રાગદ્વેષના પરિણામો હજુ પણ જીવમાં વર્તે છે, જેને દૂર કરવો જીવ માટે અત્યંત દુષ્કર છે. આ પરિણામોને ગ્રંથિ કહેવાય છે. જીવ ગ્રંથિને ભેદી શકે તેવી પ્રારંભિક ભૂમિકા જ્યાંથી પ્રાપ્ત કરી શકે તેવા ગ્રંથિભેદના પ્રદેશને પ્રાપ્ત કરે ત્યાં સુધી યથાપ્રવૃત્તિકરણ છે.

જ્યારે તત્ત્વનો તીવ્ર અભિનિવેશ થાય છે, ત્યારે મધ્યસ્થભાવથી આત્માના પારમાર્થિક સ્વરૂપને જોવાની નિર્મળ દૃષ્ટિ પ્રગટે તેવો ઊહ પ્રવર્તે છે, જે અપૂર્વકરણરૂપ જીવનો અધ્યવસાય છે. તેનાથી રાગ-દ્વેષરૂપ તમોગ્રંથિનો ભેદ થાય છે, ત્યાર પછી તત્ત્વનો યથાર્થ નિર્ણય થાય તેવા સમ્યક્ત્વને પામીને જ નિવર્તન પામે તેવો અનિવૃત્તિકરણનો અધ્યવસાય પ્રાપ્ત થાય છે. **॥3/30॥**

**અવતરણિકા :-**

**अथ शुद्धवन्दनैव मोक्षहेतुरिति दर्शयितुमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે શુદ્ધવંદના જ=અપ્રમાદભાવથી કરાયેલી વંદનક્રિયા દ્વારા નિષ્પાદ્ય ભાવોને પ્રગટ કરવાનો યત્ન જેમાં હોય તેવી શુદ્ધવંદના જ, મોક્ષનો હેતુ છે, એ પ્રકારે બતાવવા માટે કહે છે –**

ગાથા :-

इत्तो उ विभागाओ अणादिभवदव्वलिंगओ चेव ।
णिउणं णिरूवियव्वा एसा जह मोक्खहेउ त्ति ।।३/३१।।

છાયા :-

इतस्तु विभागादनादिभवद्रव्यलिङ्गतश्चैव ।
निपुणं निरूपयितव्या एषा यथा मोक्षहेतुरिति ।।३/३१।।

અન્વયાર્થ :-

उ=વળી, इत्तो विभागाओ=આ વિભાગને કારણે, च=અને, अणादिभवदव्वलिंगओ=અનાદિભવમાં દ્રવ્યલિંગના ગ્રહણને કારણે, णिउणं=નિપુણ=સુનિશ્ચિત, णिरूवियव्वा=જાણવું જોઈએ. जह=જે રીતે, एसा एव=આ જ=શુદ્ધવંદના જ, मोक्खहेउ=મોક્ષનો હેતુ છે, (ઇતર=અશુદ્ધવંદના નહિ.)

त्ति શબ્દ વાક્યાર્થની સમાપ્તિ અર્થે છે. ॥૩/૩૧॥

ગાથાર્થ :-

**વળી, આ વિભાગને કારણે અને અનાદિભવમાં દ્રવ્યલિંગના ગ્રહણને કારણે નિપુણ=સુનિશ્ચિત, જાણવું જોઈએ. જે રીતે આ જ=શુદ્ધવંદના જ, મોક્ષનો હેતુ છે, (ઇતર=અશુદ્ધવંદના નહિ.). ॥૩/૩૧॥**

ટીકા :-

व्याख्या—'इत्तो' इत्यादि । इतस्तु=अस्मादेवानन्तरोक्ताद्, विभागात्=प्रथमकरणस्योपरि शुद्धवन्दना भवतीत्येवंलक्षणात्, तथाऽनादिभवे=निष्प्राथम्यसंसारे, यानि द्रव्यलिङ्गानि=भावविकलत्वेनाप्रधानप्रव्रजितादिनेपथ्यधरणलक्षणानि, तानि तथा तेभ्यस्ततोऽनादिभवद्रव्यलिङ्गतः, चशब्दः समुच्चये, एवशब्दोऽवधारणे, स चान्यत्र योक्ष्यते, निपुणं=सुनिश्चितं, यथा भवतीत्येवं, निरूपयितव्या=पर्यालोचनीया, कथं ? यथेति=यदुत, एषा=एषैव शुद्धवन्दनैव नेतरा, मोक्षहेतुः=निर्वाणबीजम्, अथवा इत एव विभागादनादिभवद्रव्यलिङ्गतश्च यस्मादियममोक्षहेतुरपि स्यादतस्तथा निरूपयितव्या एषा वन्दना यथा मोक्षहेतुः स्याच्छुद्धा विधेयेत्युपदेशः, इतिशब्दो वाक्यार्थसमाप्तौ । अयम-भिप्रायः — प्रथमकरणाभ्यन्तरे अनादिभवद्रव्यलिङ्गेषु चेयमनन्तशोऽवाप्तापि न मोक्षहेतुर्जाताऽशुद्धत्वात् । ततोऽधुना तथा निरूपणीयेयं यथा मोक्षहेतुः स्यात्, शुद्धा विधेयेति भावः । इति गाथार्थः ।।३/३१।।

**ટીકાર્થ :-**

इतस्तु ..... गाथार्थः ।। 'इत्तो इत्यादि' પ્રતીક છે. આનાથી=અનંતરમાં કહેવાયેલા વિભાગથી=પ્રથમ કરણના ઉપરમાં શુદ્ધવંદના થાય છે તેવા પ્રકારના લક્ષણથી અને અનાદિભવમાં અર્થાત્ જેનો પ્રથમ ભાવ નથી તેવા સંસારમાં, જે દ્રવ્યલિંગો=ભાવના વિકલપણાને કારણે અપ્રધાનપ્રવ્રજિત આદિ નેપથ્યધરણલક્ષણ તે, તેવા છે=અનાદિભવદ્રવ્યલિંગવાળા જીવો છે, તેથી તે અનાદિભવદ્રવ્યલિંગવાળા જીવોથી નિપુણ=સુનિશ્ચિત, નિરૂપણ=પર્યાલોચન, કરવું જોઈએ, એમ અન્વય છે.

'च' શબ્દ સમુચ્ચયમાં છે. 'एव' શબ્દ અવધારણમાં છે અને તે='एव' શબ્દ, અન્યત્ર યોજન કરાશે. નિપુણ=સુનિશ્ચિત, જે પ્રમાણે થાય, એ પ્રમાણે પર્યાલોચન કરવું જોઈએ.

કેવી રીતે=કેવી રીતે પર્યાલોચન કરવું જોઈએ ? તે બતાવતાં કહે છે –

યથા યદુતના અર્થમાં છે અર્થાત્ આ પ્રમાણે – આ જ=શુદ્ધવંદના જ, મોક્ષનો હેતુ છે=નિર્વાણનું બીજ છે, ઈતર નહિ=દ્રવ્યવંદના નહિ, (એ પ્રમાણે પર્યાલોચન કરવું જોઈએ.)

અથવાથી અન્ય રીતે ગાથાનું યોજન કરે છે –

આ જ વિભાગને કારણે=પ્રથમ કરણના ઉપરમાં વર્તતા જીવથી શુદ્ધવંદના થાય છે એ જ વિભાગને કારણે અને અનાદિભવદ્રવ્યલિંગને કારણે=અનાદિભવોમાં જીવે અનંતાદ્રવ્યલિંગો ગ્રહણ કર્યાં મોક્ષનો હેતુ થયા નહીં એ કારણે, જે કારણથી આ=વંદના, અમોક્ષનો હેતુ પણ થાય, તે પ્રકારે નિપુણબુદ્ધિથી વિચારવું જોઈએ. જે પ્રકારે આ=વંદના, મોક્ષનો હેતુ થાય તે પ્રકારે કરવી જોઈએ. એ પ્રમાણે ઉપદેશ છે.

'इति' શબ્દ વાક્યાર્થની સમાપ્તિમાં છે.

આ અભિપ્રાય છે – પ્રથમ કરણના અભ્યંતરમાં=યથાપ્રવૃત્તિકરણના ઉપરમાં નહિ પરંતુ અભ્યંતરમાં અને અનાદિભવદ્રવ્યલિંગોમાં આ=વંદના, અનંતી વખત પ્રાપ્ત થયેલી પણ મોક્ષનો હેતુ થઈ નહિ; કેમ કે અશુદ્ધપણું હતું. તેથી હવે તે પ્રકારે આને જાણવી જોઈએ=વંદનાને જાણવી જોઈએ, જે પ્રમાણે મોક્ષનો હેતુ થાય, અર્થાત્ શુદ્ધવંદના કરવી જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૩૧॥

**ભાવાર્થ :-**

પૂર્વમાં ચૈત્યવંદનના વિભાગો અનેક દૃષ્ટિથી બતાવ્યા અને તેમાં કઈ કઈ દૃષ્ટિથી ભાવવંદના પ્રાપ્ત થઈ શકે છે ? તે બતાવ્યું. આ સર્વમાં પણ મુખ્યરૂપે તો વીતરાગના ગુણોને સ્પર્શે તેવા ઉપયોગવાળી વંદના જ ભાવવંદના છે, તે બતાવ્યું. તે રીતે વિભાગ દ્વારા વંદનાનું સ્વરૂપ નિપુણ રીતે જાણવું જોઈએ.

વળી, અનાદિ એવા સંસારમાં જીવોએ ભાવથી વિકલ સાધુપણું અનંતી વખત પ્રાપ્ત કર્યું છે, ત્યારે અનાદિભવમાં દ્રવ્યવંદના પણ અનંતી વખત પ્રાપ્ત કરી છે, તેને નિપુણતાપૂર્વક જાણવું જોઈએ, જેથી

પ્રસ્તુત ભવની પૂર્વે જેવી વંદના અનંતી વખત કરી, તેવી વંદના ન થાય, પરંતુ મોક્ષનું કારણ બને તેવી શુદ્ધવંદના થાય.

આશય એ છે કે જીવો મુગ્ધતાથી ચૈત્યવંદન આદિ ધર્મની પ્રવૃત્તિ કરતા હોય છે, પરંતુ જગતવંદ્ય એવા તીર્થંકરોના પારમાર્થિક સ્વરૂપના પ્રતિસંધાનપૂર્વક તેઓને વંદન કરીને હું સંસારસમુદ્રથી તરું, એવા આશયપૂર્વક જીવો પ્રાયઃ વંદના કરતા નથી. આથી અનંતી વખત પૂર્વે પોતે વંદના કરી છતાં સંસારનો અંત થયો નહીં. વળી, જેઓને એવો અધ્યવસાય થયો છે કે માત્ર ચૈત્યવંદન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થશે નહિ; પરંતુ પરમાત્માના ગુણોના દૃઢ પ્રણિધાનપૂર્વક તેમના ગુણોને સ્પર્શે તે પ્રકારના ઉપયોગથી કરાયેલ ચૈત્યવંદન જ ભવથી નિસ્તારનું એક કારણ છે, માટે મારે તેવું ચૈત્યવંદન કરવું છે. આવા જીવો ચૈત્યવંદનના અંગભૂત ઉચિતકાલ આદિ સર્વ અંગોને શાસ્ત્રથી જાણીને પોતાની શક્તિ અનુસાર તે સર્વ અંગોને સેવવા યત્ન કરે તેમને ક્વચિત્ શક્તિના અભાવને કારણે કોઈ અંગની વિકલતા હોવા છતાં શાસ્ત્ર નિરૂપિત સર્વ અંગોને સેવવાનો પરિણામ થાય છે અને શક્તિ અનુસાર વંદનાકાળમાં જિનગુણને સ્પર્શવાનો યત્ન થાય છે. તેથી આવા જીવોની વંદના મોક્ષનો હેતુ છે.

જે જીવો મુગ્ધતાથી ધર્મની પ્રવૃત્તિ કરનારા છે, પરંતુ શુદ્ધવંદનાને કરવાના પ્રણિધાનવાળા નથી, અને શુદ્ધ વંદનાના પારમાર્થિક સ્વરૂપને જાણવા યત્ન કરતાં નથી. તેઓએ અનાદિભવમાં જે રીતે અનંતી વખત દ્રવ્યલિંગો ગ્રહણ કર્યાં છે, તે રીતે જ દ્રવ્યવંદનાથી સંતોષ વર્તે છે. તે જીવોની તે વંદના શુદ્ધવંદના થતી નથી. જેઓને યથાપ્રવૃત્તિકરણથી ઉપરની અવસ્થા પ્રાપ્ત થઈ છે અને તેના કારણે કાંઈક તત્ત્વને અભિમુખભાવ થયો છે, તેવા અપુનર્બંધક જીવોમાં કે ગ્રંથિભેદ કરીને જેઓ સમ્યક્ત્વ પામ્યા છે, તેવા સમ્યગ્દૃષ્ટિ આદિ જીવોમાં શુદ્ધવંદનાની પ્રાપ્તિ છે. **॥૩/૩૧॥**

**અવતરણિકા :-**

**'अनादिभवद्रव्यलिङ्गत' इत्यनेनानन्तशः प्राप्तिरस्या उक्ता, सा चाशुद्धाया एव, न तु शुद्धाया इत्येतद्दर्शयितुमाह –**

**અવતરણિકાર્થ :-**

**'અનાદિભવમાં દ્રવ્યલિંગ ગ્રહણને કારણે' એ કથન દ્વારા અનંતી વખત આની=વંદનાની, પ્રાપ્તિ કહેવાઈ અને તે=વંદનાની પ્રાપ્તિ, અશુદ્ધ જ વંદનાથી છે, વળી, શુદ્ધવંદનાથી નથી, એ પ્રમાણે આને બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**णो भावओ इमीए परो वि हु अवड्ढपोग्गला अहिगो ।**
**संसारो जीवाणं हंदि पसिद्धं जिणमयम्मि ।।३/३२।।**

છાયા :-

नो भावतोऽस्यां परोऽपि खलु अपार्धपुद्गलाद् अधिकः ।
संसारो जीवानां हंदि प्रसिद्धं जिनमते ।।३/३२।।

અન્વયાર્થ :-

भावओ=ભાવથી=શુદ્ધ અધ્યવસાયથી, इमीए=આ હોતે છતે=વંદના હોતે છતે, परो वि=ઉત્કૃષ્ટથી પણ, अवड्ढपोग्गला=અપાર્ધપુદ્ગલથી=અપાર્ધપુદ્ગલપરાવર્તકાળથી, अहिगो=અધિક, जीवाणं=જીવોનો, संसारो=સંસાર, णो=નથી, (એ પ્રમાણે) जिणमयम्मि=જિનમતમાં, पसिद्धं=પ્રસિદ્ધ છે.

'हंदि' શબ્દ ઉપપ્રદર્શનમાં છે. 'हु' શબ્દ અલંકારમાં છે. ॥૩/૩૨॥

ગાથાર્થ :-

ભાવથી=શુદ્ધ અધ્યવસાયથી, આ હોતે છતે=વંદના હોતે છતે, ઉત્કૃષ્ટથી પણ અપાર્ધ-પુદ્ગલથી=અપાર્ધપુદ્ગલપરાવર્તકાળથી, અધિક જીવોનો સંસાર નથી, એ પ્રમાણે જિનમતમાં પ્રસિદ્ધ છે. ॥૩/૩૨॥

ટીકા :-

व्याख्या–'णो भावे'त्यादि । नो=नैव, भावतः=शुद्धाध्यवसायतः शुद्धायामित्यर्थः, 'इमीए' त्ति अस्यां=वन्दनायां सत्याम्, परोऽपि=उत्कृष्टोऽपि, आस्तामितरः, हुशब्दोऽलङ्कारे, 'अवड्ढपोग्गल' त्ति इह पुद्गलशब्देन भीमादिन्यायेन पुद्गलपरावर्तोऽभिप्रेतः, ततश्चार्धं पुद्गलपरावर्तस्येत्यर्ध-पुद्गलपरावर्तः, अप इत्यपकृष्टः=किञ्चिन्न्यूनोऽर्धपुद्गलपरावर्तोऽपार्धपुद्गलपरावर्तः, तस्मादधिको=अर्गलः संसारो जीवानां=जन्तूनां, भवतीति गम्यम्, कथमिदं सिद्धम् ? इत्याह – हंदीत्युपप्रदर्शने, प्रसिद्धं=प्रत्याख्यातम्, जिनमते=अर्हत्सिद्धान्ते ।

यदाह –

'कालमणंतं तं च सुए अद्धापरियट्टओ य देसूणो ।
आसायणबहुलाणं उक्कोसं अंतरं होइ ।।१।।' [आवश्यकनिर्युक्ति० ८५३ तथा विशेषावश्यक० २७७५] इति ।

अतो द्रव्यत एषा आसीत् अनादौ भवे निरर्थ(र्थि)का चेति गाथार्थः ।।३/३२।।

ટીકાર્થ :-

नो ..... गाथार्थः ।। 'णो भावेत्यादि' પ્રતીક છે. ભાવથી=શુદ્ધ અધ્યવસાયથી, શુદ્ધ એવી આ હોતે છતે=વંદના હોતે છતે, પર પણ=ઉત્કૃષ્ટ પણ, ઈતર દૂર રહો=અનુત્કૃષ્ટ તો દૂર રહો, ઉત્કૃષ્ટ પણ

**અપાર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસાર જીવોને નથી, એમ અન્વય છે.**

**'हु' શબ્દ અલંકારમાં છે=વાક્યાલંકારમાં છે.**

અપાર્ધપુદ્ગલપરાવર્તનો અર્થ કરે છે –

**અહીં પુદ્ગલ શબ્દથી ભીમાદિન્યાયથી='भीमो भीमसेन' એ પ્રકારના ન્યાયથી, પુદ્ગલપરાવર્ત અભિપ્રેત છે અને તેથી પુદ્ગલપરાવર્તનો અર્ધ છે=અર્ધપુદ્ગલપરાવર્ત છે. અપ એ અપકૃષ્ટ અર્થમાં છે. કાંઈક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્ત અપાર્ધપુદ્ગલપરાવર્ત છે, તેનાથી અધિક સંસાર જીવોને નથી જ. ગાથામાં 'भवति' એ અધ્યાહાર છે.**

**કેવી રીતે આ=ભાવવંદનામાં અપાર્ધપુદ્ગલપરાવર્તકાળથી અધિક સંસાર નથી એ, સિદ્ધ છે ? એથી કહે છે –**

**જિનમતમાં=અરિહંતના સિદ્ધાંતમાં, પ્રસિદ્ધ છે=કહેવાયું છે. ગાથામાં 'हंदि' શબ્દ ઉપપ્રદર્શનમાં છે.**

**જેને=શુદ્ધવંદનાવાળાને અપાર્ધપુદ્ગલપરાવર્તકાળથી અધિક સંસાર નથી એમ કહ્યું તેને, કહે છે –**

"આશાતનાબહુલ જીવોને ઉત્કૃષ્ટ અંતર અર્ધપુદ્ગલપરાવર્તથી દેશ ન્યૂન અનંતકાલ શ્રુતમાં=આગમમાં, કહેવાયો છે." ॥૧॥ **(આવશ્યકનિર્યુક્તિ-૮૫૩, વિશેષાવશ્યકભાષ્ય-૨૭૭૫)**

**'इति' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ અર્થે છે.**

**આથી અનાદિભવમાં આ=વંદના, દ્રવ્યથી હતી અને નિરર્થક હતી, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૩૨॥**

**ભાવાર્થ :-**

જે જીવો ગ્રંથિના ઉપરના ભાગમાં વર્તે છે, તેવા અપુનર્બંધક જીવો જિનગુણના કાંઈક પ્રણિધાનપૂર્વક શુદ્ધવંદના કરે છે. આવા જીવો શુદ્ધવંદના કર્યા પછી કોઈક રીતે માર્ગથી ભ્રષ્ટ થાય તોપણ ઉત્કૃષ્ટથી અપાર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસાર તેઓને નથી. તેથી એ ફલિત થાય કે જેઓ સમ્યક્ત્વ પામ્યા નથી, છતાં સમ્યક્ત્વને અભિમુખ છે, તેના કારણે વીતરાગના પારમાર્થિક સ્વરૂપને જાણીને એક વખત પણ શુદ્ધવંદના કરે અને કોઈ વિશિષ્ટ આશાતના ન કરે તો ઉત્તરોત્તર ભગવાનની અધિક અધિક વંદના કરીને તે જીવો અલ્પકાળમાં સંસારનો અંત કરે છે. કદાચ કોઈ કર્મદોષથી તેઓ માર્ગથી ભ્રંશ પામે તોપણ પરિમિત એવા અનંતકાળમાં અવશ્ય મોક્ષે જાય છે. તેથી એ ફલિત થાય કે અનાદિભવમાં અત્યાર સુધી જેટલી પણ વંદના કરી, તે દ્રવ્યવંદના હતી અને નિરર્થક હતી. **॥૩/૩૨॥**

**અવતરણિકા :-**

**प्रकृतार्थं निगमयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

પ્રકૃત અર્થને નિગમન કરતાં કહે છે=શુદ્ધવંદના જ મોક્ષનો હેતુ છે એ રૂપ જે પ્રકૃત અર્થ છે એના જ ફલિતાર્થને કહે છે –

**ગાથા :-**

**इय तंतजुत्तिओ खलु णिरूवियव्वा बुहेहिं एस त्ति ।**
**ण हु सत्तामेत्तेणं इमीए इह होइ णेव्वाणं ।।३/३३।।**

**છાયા :-**

इति तन्त्रयुक्तितः खलु निरूपयितव्या बुधैः एषेति ।
न खलु सत्तामात्रेण अस्या इह भवति निर्वाणम् ।।३/३३।।

**અન્વયાર્થ :-**

इय=આ રીતે, तंतजुत्तिओ=તંત્રયુક્તિથી, बुहेहिं=બુધ પુરુષો વડે, एस=આ=વંદના, णिरूवियव्वा=જાણવી જોઈએ. इमीए=આની, सत्तामेत्तेणं=સત્તામાત્રથી, इह=અહીં=વંદનાના વિચારમાં, णेव्वाणं=નિર્વાણ, ण हु होइ=થતું જ નથી.

'त्ति' વાક્યાર્થની સમાપ્તિમાં છે. 'खलु' વાક્યાલંકારમાં છે. ।।૩/૩૩।।

**ગાથાર્થ :-**

**આ રીતે તંત્રયુક્તિથી બુધ પુરુષો વડે આ=વંદના, જાણવી જોઈએ. આની સત્તામાત્રથી અહીં=વંદનાના વિચારમાં, નિર્વાણ થતું જ નથી. ।।૩/૩૩।।**

**ટીકા :-**

व्याख्या–'इये'त्यादि । इति=अनन्तरोक्तायाः, तंत्रयुक्तेः=तंत्रयुक्तित आगमाश्रितोपपत्तिमाश्रित्य, अथवा तंत्रं युक्तिं चाश्रित्य, खलुर्वाक्यालङ्कारे, निरूपयितव्या=आलोचनीया, मोक्षहेत्वहेतुभ्याम्, बुधैः=विद्वद्भिर्निर्वाणार्थिभिरित्यर्थः, एषा=अनन्तरोक्ता वन्दना, इतिशब्दो वाक्यार्थसमाप्तौ, अथ कस्मान्निरूपणमस्या उपदिश्यत ? इत्याह – न हु=नैव, सत्तामात्रेण=सद्भावेनैव, 'इमीए' अस्याः=वन्दनायाः, इह=वन्दनाविचारे, भवति=जायते, निर्वाणं=निर्वृतिः, किं तु शुद्धयानया तत् जायतेऽतस्तस्यां यतितव्यमिति हृदयम् । इति गाथार्थः ।।३/३३।।

**ટીકાર્થ :-**

इति ..... गाथार्थः ।। 'इयेत्यादि' પ્રતીક છે. આ રીતે=અનંતર ઉક્ત=અત્યાર સુધી વર્ણન કર્યું એ

**પ્રકારની, તંત્રયુક્તિથી=આગમને આશ્રિત એવી જે ઉપપત્તિ તેને આશ્રયીને, અથવા તંત્રને=આગમને અને યુક્તિને=તર્કને, આશ્રયીને, મોક્ષના હેતુ અને અહેતુ દ્વારા નિરૂપણ કરવું જોઈએ=આલોચન કરવું જોઈએ.**

કોના વડે ? એથી કહે છે –

**બુધો વડે=નિર્વાણના અર્થી એવા બુધ પુરુષો વડે, આલોચન કરવું જોઈએ, એમ અન્વય છે.**

શેનું આલોચન કરવું જોઈએ ? એથી કહે છે –

**આ=અનંતરમાં કહેવાયેલી, વંદનાનું આલોચન કરવું જોઈએ.**

**'इति' શબ્દ વાક્યાર્થની સમાપ્તિમાં છે.**

**અથથી શંકા કરે છે – કયા કારણથી આનો=વંદનાના નિરૂપણનો, ઉપદેશ અપાય છે ? એથી કહે છે=ગાથાના ઉત્તરાર્ધથી કહે છે –**

**અહીં=વંદનાના વિચારમાં, આના=વંદનાના, સત્તામાત્રથી=સદ્ભાવથી જ, નિર્વાણ થતું નથી; પરંતુ શુદ્ધ એવી આના વડે=વંદના વડે, તે=નિર્વાણ, થાય છે. આથી તેમાં=શુદ્ધવંદનામાં, યત્ન કરવો જોઈએ, એ તાત્પર્ય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૩૩॥**

**ભાવાર્થ :-**

પૂર્વમાં કહેલી શાસ્ત્રયુક્તિથી શુદ્ધવંદનાનું સ્વરૂપ બુધ પુરુષોએ વિચારવું જોઈએ.

કઈ રીતે વિચારવું જોઈએ ? તેથી કહે છે –

આગમને અવલંબતી ઉપપત્તિથી વિચારવું જોઈએ. અથવા આગમ અને યુક્તિ બન્નેને આશ્રયીને બુધપુરુષોએ વિચારવું જોઈએ. તેથી એ પ્રાપ્ત થાય કે ગ્રંથકારશ્રીએ અત્યાર સુધી શાસ્ત્રમર્યાદાનુસાર જે કાંઈ કહ્યું છે, તેના બળથી વંદનાનો વિચાર કરવો જોઈએ. શાસ્ત્રવચનથી પણ નક્કી થાય છે કે શુદ્ધવંદના વગર મોક્ષ નથી અને યુક્તિથી વિચારીએ તોપણ જણાય છે કે જે વંદનાની ક્રિયામાં ચિત્ત જિનના ગુણને સ્પર્શતું નથી, માત્ર વંદનાની ક્રિયામાં વ્યાપારવાળું છે, તે વંદના જિનતુલ્ય થવાનું કારણ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ, પરંતુ જેઓને વંદનાકાળમાં જિનગુણનો સ્પર્શ થાય છે, તેઓનો જ આત્મા જિનગુણના સ્પર્શથી કાંઈક શુદ્ધભાવને પામે છે અને તેવો જ આત્મા ઉત્તરોત્તર જિનગુણને સ્પર્શીને જિનતુલ્ય થશે.

વળી, આગમથી વિચારીએ તોપણ જણાય છે કે અનંતી વખત જીવે દ્રવ્યચારિત્ર પાળ્યું છે, એ વખતે જીવે જિનવંદના કરી તોપણ મુક્તિ થઈ નથી. તેથી નક્કી થાય છે કે જિનગુણના સ્પર્શ વગર કરાયેલી વંદના ક્યારેય નિર્વાણનું કારણ બનતી નથી. માટે નિર્વાણના અર્થીએ નિપુણ બુદ્ધિપૂર્વક આલોચન કરવું જોઈએ કે કઈ વંદના મોક્ષનો હેતુ છે અને કઈ વંદના મોક્ષનો હેતુ નથી. આ રીતે આલોચન કર્યા પછી જે રીતે શુદ્ધવંદના પ્રાપ્ત થાય, તેનો નિર્ણય કરીને શુદ્ધવંદનામાં જ યત્ન કરવો જોઈએ. **॥૩/૩૩॥**

**અવતરણિકા :-**

इहैव वन्दनायाः शुद्धाशुद्धत्वविचारेऽभ्युच्चयमाह –

**અવતરણિકાર્થ :-**

અહીં જ વંદનાના શુદ્ધાશુદ્ધત્વના વિચારમાં અભ્યુચ્ચયને કહે છે –

**ગાથા :-**

**किंचेह च्छेयकूडगरूवगणायं भणंति समयविऊ ।**
**तंतेसु चित्तभेयं तं पि हु परिभावणीयं ति ।।३/३४।।**

**છાયા :-**

किञ्चेह छेककूटकरूपकज्ञातं भणन्ति समयविदः ।
तन्त्रेषु चित्रभेदं तदपि खलु परिभावनीयमिति ।।३/३४।।

**અન્વયાર્થ :-**

किंच=વળી, तंतेसु=તંત્રમાં=શાસ્ત્રોમાં, च्छेयकूडगरूवगणायं=છેક અને કૂટક રૂપિયાનું દૃષ્ટાંત=શુદ્ધ અને અશુદ્ધ રૂપિયાનું દૃષ્ટાંત, चित्तभेयं=ચિત્રભેદવાળું=ઘણા પ્રકારોવાળું, समयविऊ=સમયના જાણનારાઓ, भणंति=કહે છે, तं पि=તે પણ, इह=અહીં=વંદનાના વિષયમાં, परिभावणीयं=પરિભાવન કરવું જોઈએ.

'हु' શબ્દ એવકાર અર્થમાં છે અને ભિન્નક્રમવાળો છે. इति શબ્દ વાક્યાર્થની સમાપ્તિમાં છે. ||૩/૩૪||

**ગાથાર્થ :-**

**વળી, તંત્રમાં=શાસ્ત્રોમાં, છેક અને કૂટક રૂપિયાનું દૃષ્ટાંત=શુદ્ધ અને અશુદ્ધ રૂપિયાનું દૃષ્ટાંત, ચિત્રભેદવાળું=ઘણા પ્રકારોવાળું, સમયના જાણનારાઓ કહે છે, તે પણ અહીં=વંદનાના વિષયમાં, પરિભાવન કરવું જોઈએ. ||૩/૩૪||**

**ટીકા :-**

व्याख्या–'किंचे'त्यादि । किञ्चेत्यभ्युच्चयार्थः, इहशब्दोऽन्यत्र संभत्स्यते, छेकश्चासौ शुद्धः कूटकश्च=कथञ्चिदशुद्धः, छेककूटकः, स चासौ रूपकश्चद्रम्मः च्छेककूटकरूपकः, स एव तस्य वा ज्ञातं=निदर्शनं, छेककूटकरूपकज्ञातम्, तद् भणन्ति=वदन्ति, समयविदः=सिद्धान्तवेदिनो भद्रबाहुस्वामिप्रभृतयः, तन्त्रेषु=आवश्यकनिर्युक्त्यादिशास्त्रेषु ।

तथाहि –

'रुप्पं टंकं विसमाहयक्खरं नवि य रूवओ छेओ ।
दोण्हं पि समाओगे रूवो च्छेयत्तणमुवेति ।।१।।' [आवश्यकनिर्युक्ति ११३८]

**चित्रभेदं=बहुप्रकारं चतुर्विकल्पमित्यर्थः, इह स्थाने यदिति शेषो दृश्यः, तदपि=च्छेककूटक-रूपकज्ञातमपि, न केवलं द्रव्यलिङ्गग्रहणानन्त्येनाशुद्धत्वमस्या भावनीयमित्यपिशब्दार्थः, हुशब्द एवकारार्थो भिन्नक्रमश्चेति, इहेति वन्दनायां परिभावनीयमेव पर्यालोचयितव्यमेव, इतिशब्दो वाक्यार्थसमाप्तौ । इति गाथार्थः ।।३/३४।।**

**ટીકાર્થ :-**

**किंचेत्यभुच्चयार्थः ..... गाथार्थः ।। 'किंचेत्यादि' પ્રતીક છે. 'किञ्च' એ અભ્યુચ્ચય અર્થવાળો છે. 'इह' શબ્દ અન્યત્ર યોજન કરાશે=આગળમાં પરિભાવનની સાથે યોજન કરાશે અને છેક એવો આ શુદ્ધ છે અને કૂટક=કોઈક રીતે અશુદ્ધ છે, તે છેકકૂટક છે, તે એવો આ રૂપક=છેક અને કૂટક એવો આ રૂપિયો, છેકકૂટકરૂપક છે, તે જ=છેક અને કૂટ એવો રૂપિયો જ, દૃષ્ટાંત છે અથવા તેનું=વંદનાના શુદ્ધ-અશુદ્ધ વિચારનું, દૃષ્ટાંત છે=નિદર્શન છે. તે છેકકૂટકરૂપકદૃષ્ટાંતને સમયના જાણનારા કહે છે=સિદ્ધાંતના જાણનારા ભદ્રબાહુસ્વામી વગેરે, તંત્રોમાં=આવશ્યકનિર્યુક્તિ આદિ શાસ્ત્રોમાં, કહે છે. તે આ પ્રમાણે —**

"રૂપું=ચાંદી, ટંક વિસમાહત અક્ષરવાળો ટંક, તેવો રૂપિયો છેક નથી=શુદ્ધ નથી, બંનેના પણ=ચાંદી અને ટંક બંનેના પણ, સમાયોગમાં રૂપિયો છેકપણાને પામે છે." ।।૧।। **(આવશ્યકનિર્યુક્તિ૦ ગાથા-૧૧૩૮)**

**ચિત્રભેદવાળું=બહુ પ્રકારવાળું=રૂપક ટંકના સમાયોગમાં ચાર વિકલ્પવાળું, આ સ્થાનમાં=વંદનાના સ્થાનમાં, યદ્ એ પ્રમાણે શેષ જાણવું=યદ્ એ અધ્યાહાર જાણવું. તેથી જે ચિત્રભેદવાળું શાસ્ત્રમાં દૃષ્ટાંત છે, તે પણ=છેક અને કૂટ રૂપકનું દૃષ્ટાંત પણ, પરિભાવન કરવું જોઈએ. કેવલ દ્રવ્યલિંગના ગ્રહણના આનંત્યથી=અનંતપણાથી, આનું=વંદનાનું, અશુદ્ધપણું ભાવન કરવું જોઈએ નહિ, એ અપિ શબ્દનો અર્થ છે. 'हु' શબ્દ એવકાર અર્થમાં છે અને ભિન્નક્રમવાળો છે. ગાથામાં રહેલ 'इह' શબ્દ વંદનામાં (એ) અર્થમાં છે, તેથી વંદનામાં છેક-કૂટ-રૂપક દૃષ્ટાંત ચાર પ્રકારવાળું પરિભાવન કરવું જ જોઈએ=પર્યાલોચન કરવું જ જોઈએ.**

**इति શબ્દ વાક્યાર્થની સમાપ્તિમાં છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૩૪।।**

**ભાવાર્થ :-**

જે જીવો ચૈત્યવંદન કરે છે, તે ચૈત્યવંદન મોક્ષનું કારણ બને તેવું શુદ્ધ છે કે મોક્ષનું કારણ ન બને તેવું અશુદ્ધ છે, એના વિષયમાં શાસ્ત્રકારો ચાર પ્રકારવાળું છેક અને કૂટક રૂપિયાનું દૃષ્ટાંત કહે છે.

(૧) રૂપિયો ચાંદીનો હોય અને છાપ પણ ઉચિત હોય તો રૂપિયો શુદ્ધ કહેવાય, પરંતુ (૨) રૂપિયો ચાંદીનો હોય અને તેના ઉપર કૂટ=અશુદ્ધ, છાપ હોય તો તે રૂપિયો અશુદ્ધ કહેવાય. તે રીતે (૩) રૂપિયો ચાંદીનો ન હોય અને છાપ બરાબર હોય તો પણ તે રૂપિયો અશુદ્ધ કહેવાય. તથા (૪) રૂપિયો ચાંદી

વગરનો હોય અને છાપ કૂટ હોય તો પણ તે રૂપિયો અશુદ્ધ કહેવાય. આ પ્રમાણેનું રૂપિયા અને ટંકનું દૃષ્ટાંત આવશ્યકનિર્યુક્તિમાં વંદનીય-અવંદનીયને આશ્રયીને આપેલ છે.

(૧) જેઓમાં ચારિત્રનો પરિણામ છે અને ચારિત્રના પરિણામથી અભિવ્યંગ્ય એવી સંયમની સર્વ ઉચિત ક્રિયાઓ છે, તેઓમાં ચાંદીતુલ્ય અંતરંગ પરિણામ અને ટંકતુલ્ય બાહ્ય આચારો એમ બન્નેનો સમાયોગ છે માટે તેઓ નિશ્ચયનય અને વ્યવહારનય એમ બંને નય અનુસારે શુદ્ધ વંદનીય છે. (૨) જેઓમાં ચારિત્રનો પરિણામ છે, પરંતુ સંયમનો વેષ નથી અને સંયમની ઉચિત ક્રિયાઓ નથી, તેઓ ચાંદીતુલ્ય આત્માના ચારિત્રના પરિણામવાળા હોવા છતાં રૂપિયાતુલ્ય ચારિત્રના લિંગવાળા નથી, તેથી તેઓ નિશ્ચયનયથી વંદનીય હોવા છતાં વ્યવહારનયથી વંદનીય નથી. આ રીતે પ્રસ્તુતમાં વંદન કરનારને આશ્રયીને ચાર વિકલ્પો પરિભાવન કરવા જોઈએ.

(૧) વંદન કરનારના ચિત્તમાં વંદનીય એવા વીતરાગ વિષયક બહુમાનનો ભાવ સ્ફુરાયમાન થાય તેથી તે ભાવોથી અનુવિદ્ધ થઈને વિધિપૂર્વક વંદના કરતા હોય તેઓમાં ચાંદી જેવો અંતરંગ વંદનાનો શુદ્ધ પરિણામ છે અને ઉચિત વેલા આદિ યથાર્થ બાહ્ય લિંગો છે, તેથી ટંક પણ વિશુદ્ધ છે, આવી વંદના શુદ્ધવંદના કહેવાય.

(૨) વળી, કોઈક જીવોને સંસાર નિર્ગુણ જણાવાથી વીતરાગને અભિમુખ પ્રવર્ધમાન રાગનો પરિણામ છે. જેમ કપિલ કેવલી લોભના પરિણામને વશ રાજા પાસે સુવર્ણયાચનાનો વિચાર કરે છે તે વખતે લોભના પરિણામની વિષમતાને જોઈને સંસારથી વિરક્ત બને છે, ત્યારે સાક્ષાત્ વંદનાની કોઈ ક્રિયા નથી તોપણ વીતરાગતાને અભિમુખ જતો પરિણામ છે. તેથી ભાવથી વંદના છે, જે ચાંદીતુલ્ય છે; પરંતુ (પ્રારંભમાં) ભગવાનના શાસનનો બોધ નહિ હોવાથી અને વંદનાની ક્રિયા પણ નહિ હોવાથી ટંક જેવી વંદનાની ક્રિયાનો અભાવ છે, તેથી સંપૂર્ણ શુદ્ધવંદના કહી શકાય નહીં.

જેઓ વંદનાની ક્રિયા કરે છે, પરંતુ વીતરાગતાને અભિમુખ ભાવ નથી, તેઓમાં ચાંદીતુલ્ય આત્માનો અંતરંગ પરિણામ નથી પરંતુ માત્ર ટંકતુલ્ય બાહ્ય આચરણા છે. તેમને શુદ્ધવંદના કહી શકાય નહીં.

જેઓને વીતરાગતાને અભિમુખ ભાવ નથી અને વંદનાની ક્રિયા પણ યથાતથા કરે છે તેઓમાં ચાંદીતુલ્ય આત્માનો અંતરંગ પરિણામ નથી અને ટંકતુલ્ય બાહ્ય આચરણા પણ નથી, તેથી તેમને શુદ્ધવંદના કહી શકાય નહીં.

આ પ્રકારે વંદનાના વિષયમાં પર્યાલોચન કરવું જોઈએ અર્થાત્ દ્રવ્યલિંગ જીવે અનંતી વખત ગ્રહણ કર્યું તેને પરિભાવન કરવું જોઈએ. વળી, વંદનાના વિષયમાં બહુ પ્રકારવાળા ચાર વિકલ્પો છે તે પણ પરિભાવન કરવા જોઈએ, જેથી શુદ્ધવંદનાનો માર્ગાનુસારી બોધ થાય. **॥૩/૩૪॥**

**અવતરણિકા :-**

**चित्रभेदमित्युक्तं, तदेव दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

ચિત્રભેદ એ પ્રમાણે કહેવાયું=પૂર્વગાથામાં વંદનના વિષયમાં ચિત્રભેદ છે એમ કહેવાયું, તેને જ બતાવતાં કહે છે –

**ગાથા :-**

**दव्वेणं टंकेण य जुत्तो च्छेओ हु रूवगो होइ ।**
**टंकविहूणो दव्वे वि ण खलु एगंतछेओ त्ति ।।३/३५।।**

**છાયા :-**

द्रव्येण टङ्केन च युक्तः छेकः खलु रूपको भवति ।
टङ्कविहीनो द्रव्येऽपि न खलु एकान्तछेक इति ।।३/३५।।

**અન્વયાર્થ :-**

दव्वेणं=દ્રવ્યથી, य=અને, टंकेण=ટંકથી, जुत्तो=યુક્ત, च्छेओ=છેક=શુદ્ધ, रूवगो=રૂપિયો, होइ=થાય છે. टंकविहूणो=છાપ વગરનો, दव्वे वि=દ્રવ્યમાં પણ=ચાંદીરૂપ દ્રવ્યમાં પણ, ण खलु एगंतछेओ=ખરેખર એકાંતછેક નથી=ખરેખર એકાંતશુદ્ધ નથી.

'हु' શબ્દ એવકાર અર્થમાં છે. 'त्ति' શબ્દ બીજા ભેદની પ્રરૂપણાની સમાપ્તિ અર્થે છે. ।।૩/૩૫।।

**ગાથાર્થ :-**

**દ્રવ્યથી અને ટંકથી યુક્ત છેક=શુદ્ધ, રૂપિયો થાય છે. છાપ વગરનો દ્રવ્યમાં પણ=ચાંદીરૂપ દ્રવ્યમાં પણ, ખરેખર એકાંતછેક નથી=ખરેખર એકાંતશુદ્ધ નથી. ।।૩/૩૫।।**

**ટીકા :-**

व्याख्या—'दव्वेण'मित्यादि । द्रव्येण=रूप्यसुवर्णादिनोचितेन, टंकेन च=चित्रविशेषेण च, युक्तः= समन्वितो, यः स च्छेक एव=विशुद्ध एव, हुशब्द एवकारार्थः, रूपको=द्रम्मो, भवति=वर्तत इत्येको भेदः । तथा टंकविहीन=उचितचित्रविकलो, यः सः द्रव्येऽपि=रूप्यादावपि, उचिते सति, न खलु=नैवैकान्तच्छेकः, सर्वथा विशुद्धष्टंकाभावेन देशतः कूटत्वात् । इतिशब्दो द्वितीयभेदप्ररूपणा-समाप्त्यर्थः । इति गाथार्थः ।।३/३५।।

**ટીકાર્થ :-**

द्रव्येण ..... गाथार्थः ।। 'दव्वेणमित्यादि' પ્રતીક છે. દ્રવ્યથી=રૂપ્ય=ચાંદી-સુવર્ણાદિ ઉચિત દ્રવ્યથી, ટંકથી=ચિત્રવિશેષથી=યથાર્થ રૂપિયો ગણાય એવી છાપવિશેષથી, યુક્ત=સમન્વિત, જે રૂપિયો છે તે

**છેક જ છે=વિશુદ્ધ જ છે. 'हु' શબ્દ એવકાર અર્થવાળો છે. (અને તેવો) વિશુદ્ધ દ્રમ્મ=રૂપિયો, થાય છે, એ પ્રકારનો એક ભેદ છે.**

**અને ટંક વગરનો=ઉચિત છાપ વગરનો, જે છે તે=તે રૂપિયો, દ્રવ્ય હોવા છતાં પણ=ચાંદી કે સુવર્ણાદિ ઉચિત દ્રવ્ય હોવા છતાં પણ, એકાંતથી છેક નથી=સર્વથા વિશુદ્ધ નથી; કેમ કે સર્વથા વિશુદ્ધ છાપના અભાવને કારણે દેશથી કૂટપણું છે.**

**'इति' શબ્દ બીજા ભેદની પ્રરૂપણાની સમાપ્તિ અર્થવાળું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૩૫।।**

**ભાવાર્થ :-**

ગ્રંથકારશ્રી રૂપિયાની શુદ્ધિ-અશુદ્ધિ સંબંધી ચાર ભાંગાઓમાંથી પ્રથમ બે ભાંગા પ્રસ્તુત ગાથામાં સ્પષ્ટ કરે છે –

જે રૂપિયો ચાંદી કે સુવર્ણ આદિ ઉચિત દ્રવ્યથી બનેલો હોય અને ઉચિત મહોરછાપથી પણ યુક્ત હોય, તે રૂપિયો સર્વથા વિશુદ્ધ કહેવાય છે.

વળી, જે રૂપિયો ચાંદીનો કે સુવર્ણ આદિ ઉચિત દ્રવ્યનો હોય, પરંતુ ઉચિત મહોરછાપથી વિકલ હોય તે રૂપિયો સર્વથા શુદ્ધ કહેવાતો નથી; કેમ કે વિશુદ્ધ મહોરછાપનો અભાવ હોવાથી તેનામાં દેશથી કૂટપણું છે. **।।૩/૩૫।।**

**અવતરણિકા :-**

**अथ तृतीयभेदमाह –**

**અવતરણિકાર્થ :-**

**હવે ત્રીજા ભેદને કહે છે –**

**ગાથા :-**

**अद्दव्वे टंकेण वि कूडो तेण वि विणा उ मुद्द त्ति ।**
**फलमेत्तो एवं चिय मुद्धाण पयारणं मोत्तुं ।।३/३६।।**

**છાયા :-**

**अद्रव्ये टङ्केनापि कूटस्तेनापि विना तु मुद्रेति ।**
**फलमितरेवमेव मुग्धानां प्रतारणं मुक्त्वा ।।३/३६।।**

**અન્વયાર્થ :-**

**अद्दव्वे=અદ્રવ્યમાં=ચાંદી આદિ ઉચિત દ્રવ્યના અભાવમાં, टंकेण वि=ટંકથી પણ=ઉચિત મુદ્રાથી પણ, कूडो=કૂટ છે. उ=વળી, तेण वि विणा=તેના વગર પણ=વળી ટંક વગર પણ=ઉચિત મુદ્રા વગર**

પણ, मुद्द त्ति=મુદ્રામાત્ર છે=અદ્રવ્યમાં મુદ્રામાત્ર છે. एत्तो=આનાથી=પૂર્વમાં બતાવેલા ચાર ભેદોથી, एवं चिय=આ રીતે જ=રૂપિયાને અનુરૂપ જ, फलं=ફલ છે. मुद्धाण=મુગ્ધોને, पयारणं=વંચનને=ઠગાઈને, मोत्तुं=છોડીને, (છેલ્લા બે ભાંગામાં કોઈ ફળ નથી.) ।।૩/૩૬।।

ગાથાર્થ :-

અદ્રવ્યમાં=ચાંદી આદિ ઉચિત દ્રવ્યના અભાવમાં, ટંકથી પણ=ઉચિત મુદ્રાથી પણ, કૂટ છે. વળી, તેના વગર પણ=ટંક વગર પણ=ઉચિત મુદ્રા વગર પણ, મુદ્રામાત્ર છે=અદ્રવ્યમાં મુદ્રામાત્ર છે. આનાથી=પૂર્વમાં બતાવેલા ચાર ભેદોથી, આ રીતે જ=રૂપિયાને અનુરૂપ જ, ફલ છે. મુગ્ધોના વંચનને=ઠગાઈને, છોડીને, (છેલ્લા બે ભાંગામાં કોઈ ફળ નથી.) ।।૩/૩૬।।

ટીકા :-

व्याख्या—'अद्दव्वे'त्यादि । अद्रव्ये=रूप्याद्युचितद्रव्याभावे सति, टंकेनापि=चित्रविशेषेणापि, युक्तः, आस्तां टंकाभावे इत्यपिशब्दार्थः, कूटः=अशुद्ध, एव रूपको भवतीति प्रक्रमः । अथ चतुर्थमाह — तेनापि=टंकेनापि, अपिशब्दाद् द्रव्येणाप्युभयाभाव इत्यर्थः, विना तु=वियुक्तः पुनः, रूपको मुद्रेति=चिह्नमात्रमिति, व्यपदिश्यते ।

अथोपदर्शितरूपकचतुष्टयस्य फलमतिदेशत आह — फलम्=इष्टार्थप्राप्तिलक्षणं प्रयोजनम्, इतः=अन्तरोक्ताच्चतूरूपकाद्, एवमेव=रूपकस्वरूपवदेव, भवति तच्च क्रमेण पूर्णम्, ईषदपूर्णं, विवक्षितफलाभावः, सर्वथा फलाभावश्चेति । किमन्त्यद्वयात् किञ्चिदपि फलं न भवति ? इति । अत्राह — मुग्धानां=मूढानां, प्रतारणं=वंचनं, मुक्त्वा=विरहय्य, अन्यत् फलं न भवति । तत्पुनर्भवतीति । अथवा सामान्यतो दृष्टान्तयोजनामाह — 'एत्तो' त्ति=वन्दनायाः सकाशादिति, अतिप्रसङ्गं वारयन्नाह — 'मुद्धेत्यादि', रूपकात्प्रतारणं स्याद्वन्दनायास्तु न । इति गाथार्थः ।।३/३६।।

ટીકાર્થ :-

अद्रव्ये ..... गाथार्थः ।। 'अद्दव्वेत्यादि' પ્રતીક છે. અદ્રવ્ય હોતે છતે=ચાંદી આદિ ઉચિત દ્રવ્યનો અભાવ હોતે છતે, ટંકથી પણ=ચિત્રવિશેષથી યુક્ત પણ=ઉચિત છાપથી યુક્ત પણ, કૂટ=અશુદ્ધ, જ રૂપિયો થાય છે. ટંકના અભાવમાં દૂર રહો એ અપિ શબ્દનો અર્થ છે.

હવે ચોથા ભાંગાને કહે છે —

તેના વગર પણ=ટંક વગર પણ=ઉચિત મુદ્રા વગર પણ, રૂપિયો મુદ્રા જ છે=ચિહ્નમાત્ર છે, એ પ્રમાણે વ્યપદેશ કરાય છે. અપિ શબ્દથી દ્રવ્યથી પણ રહિત=ઉભયાભાવવાળો પણ, ચિહ્નમાત્ર વ્યપદેશ કરાય છે અર્થાત્ ચાંદી પણ નથી અને ચિહ્ન પણ ખોટું છે તેવો રૂપિયો મુદ્રામાત્ર એ પ્રમાણે કહેવાય છે.

**હવે ઉપદર્શિત રૂપકચતુષ્ટયના ફ્લના અતિદેશને કહે છે –**

**ફ્લ=ઈષ્ટાર્થની પ્રાપ્તિરૂપ પ્રયોજન, આનાથી=અનંતરમાં કહેવાયેલા ચાર પ્રકારના રૂપિયાથી, (જે રીતે થાય છે) એ રીતે જ થાય છે=રૂપિયાના સ્વરૂપની જેમ જ થાય છે અને તે ક્રમથી=ચાર ભાંગાના ક્રમથી, (પહેલામાં) પૂર્ણ, (બીજામાં) ઈષદ્ અપૂર્ણ=થોડું અપૂર્ણ=પૂર્ણ ફ્લનો અભાવ, (ત્રીજામાં) વિવક્ષિત ફ્લનો અભાવ અને ચોથામાં સર્વથા ફ્લનો અભાવ છે.**

**શું અંત્યદ્વય=છેલ્લા બે, વિકલ્પથી કાંઈ પણ ફ્લ ન મળે ? એ પ્રકારની શંકામાં કહે છે –**

**મુગ્ધ જીવોને=મૂઢ જીવોને, ઠગવાને છોડીને અન્ય ફળ ન મળે. તે વળી થાય છે=ઠગવાનું ફળ અંત્ય બે રૂપિયાથી થાય છે.**

**અથવા સામાન્યથી દૃષ્ટાંતના યોજનને કહે છે=પૂર્વમાં ચાર ભાંગા કર્યા તે ભાંગાને ગાથાના ઉત્તરાર્ધથી વંદના સાથે સામાન્યથી યોજન બનાવે છે –**

**આનાથી=વંદનાથી, આ પ્રકારે ફ્લ થાય=રૂપિયાની જેમ જ ફ્લ થાય, એમ ગાથામાં સંબંધ છે.**

**અતિપ્રસંગના વારણ અર્થે કહે છે –**

**મુગ્ધોને રૂપકથી પ્રતારણ થાય. વળી, વંદનામાં ન થાય=ત્રીજા-ચોથા ભાંગા અનુસાર રૂપિયો હોય તો મુગ્ધોને પ્રતારણ થઈ શકે પણ ત્રીજા-ચોથા ભાંગાથી કરાયેલી વંદનાથી તે પ્રકારે ફ્લ થાય નહિ, એ પ્રમાણે દૃષ્ટાંતદાર્ષ્ટાંતિકભાવમાં ભેદ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૩૬॥**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં રૂપિયાના બે ભાંગા બતાવ્યા. હવે ત્રીજો-ચોથો ભાંગો સ્પષ્ટ કરતાં કહે છે –

ચાંદી આદિ ઉચિત દ્રવ્ય ન હોય અને શુદ્ધ છાપ મારેલી હોય તેવા રૂપિયામાં ત્રીજો ભાંગો પ્રાપ્ત થાય છે. વળી, ચાંદી પણ અશુદ્ધ હોય અને ટંક પણ અશુદ્ધ હોય, તેવા રૂપિયામાં મુદ્રામાત્ર પ્રાપ્ત થાય છે અર્થાત્ દ્રવ્ય બરાબર નથી અને છાપ પણ બરાબર નથી, માટે ઉભયાભાવવાળો ચોથો ભાંગો થાય છે.

અહીં સામાન્યથી ચાર ભાંગાઓમાં પ્રથમ ભાંગામાં પૂર્ણ ફળ મળે છે; કેમ કે ચાંદી આદિ દ્રવ્ય પણ શુદ્ધ છે અને ચિત્રવિશેષરૂપ છાપ પણ શુદ્ધ છે, તેથી પહેલા ભાંગામાં પૂર્ણ ફળ મળે છે.

બીજા ભાંગામાં ચાંદી આદિ દ્રવ્ય શુદ્ધ છે, પરંતુ છાપ શુદ્ધ નથી, તેથી રૂપિયાનું ફળ ન મળે, પણ ચાંદી આદિ દ્રવ્યનું ફળ મળે, પરિણામે બીજા ભાંગામાં અપૂર્ણ ફળ મળે છે.

ત્રીજા ભાંગામાં વળી શુદ્ધ ચાંદી આદિ દ્રવ્યના બદલે કોઈ અન્ય ધાતુનું મિશ્રણ હોય અને તેના ઉપર છાપ યથાર્થ હોય તો પણ તે રૂપિયાથી વિવક્ષિત ફળનો અભાવ પ્રાપ્ત થાય, પરંતુ તે છાપકૃત કાંઈક ફળ મળે છે.

જ્યારે ચોથા ભાંગામાં રૂપિયામાં દ્રવ્ય પણ ખોટું છે, છાપ પણ ખોટી છે, તેથી તેમાં ફળનો સંપૂર્ણ અભાવ થાય છે.

ખોટા દ્રવ્યયુક્ત ત્રીજા ભાંગાવાળા રૂપિયાથી તથા ખોટી છાપ અને ખોટા દ્રવ્યયુક્ત ચોથા ભાંગાવાળા રૂપિયાથી મુગ્ધ જીવોને ઠગવાનું કાર્ય થઈ શકે, પરંતુ જો લેનાર કોઈ મુગ્ધ ન હોય તો આવા રૂપિયાનું કોઈ ફળ મળે નહિ.

ગાથાનો ઉત્તરાર્ધ વંદનામાં યોજન કરતાં કહે છે –

જેમ રૂપિયામાં ચાર ભાંગાને આશ્રયીને તેને અનુરૂપ ફળ મળે છે, તેમ વંદનામાં પણ તે ચાર ભાંગા અનુસાર વંદનાનું ફળ મળે છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જેઓ અંતરંગ રીતે ભગવાનના ગુણ પ્રત્યે બહુમાનવાળા છે, પ્રવર્ધમાન ઉપયોગવાળા છે અને વિધિશુદ્ધવંદના કરવા શક્તિને ગોપવ્યા વગર યત્ન કરનારા છે તેઓને વંદનાનું પૂર્ણ ફળ મળે છે અર્થાત્ પોતાના સૂક્ષ્મ બોધ અને વિધિના શુદ્ધ યત્ન અનુસાર જે ભાવો થાય છે, તે ભાવ અનુસાર ફળ મળે છે. આ પૂર્ણ ફળ પણ જીવોના બોધની અને સત્ત્વની તરતમતાથી અવાંતર અનેક ભેદવાળું થાય છે.

વળી, જેઓને ભગવાનના ગુણો પ્રત્યે બહુમાન છે, પરંતુ વિધિમાં ઉચિત યત્ન નથી, તેઓને ચાંદીતુલ્ય અંતરંગ ભાવ શુદ્ધ છે, પરંતુ ટંકતુલ્ય વિધિ અશુદ્ધ છે. તેથી અપૂર્ણ ફળ મળે છે; કેમ કે ભગવાન પ્રત્યેના બહુમાનભાવ રૂપ શુદ્ધભાવ વિદ્યમાન છે, તોપણ સ્વશક્તિ અનુસાર વિધિમાં પૂર્ણ યત્ન નથી, તેથી થોડુંક અપૂર્ણ ફળ મળે છે.

વળી, વીતરાગ પ્રત્યેનો અંતરંગ બહુમાનભાવ લેશ પણ ન હોવા છતાં જેઓ રૂપિયાના શુદ્ધ ટંકની જેમ ચૈત્યવંદનની બાહ્યક્રિયાઓ પૂર્ણ યથાર્થ કરે છે, તેઓને ચૈત્યવંદનનું વિવક્ષિત ફળ પ્રાપ્ત થતું નથી અર્થાત્ તે ચૈત્યવંદનનું મોક્ષ પ્રાપ્તિને અનુકૂળ વિવક્ષિત ફળ પ્રાપ્ત થતું નથી; પરંતુ દેવભવ આદિની પ્રાપ્તિરૂપ તુચ્છ ફળ મળે છે.

જેઓમાં મોક્ષને અનુકૂળ લેશ પણ ભાવ નથી અને વંદનાની ક્રિયા પણ યથાતથા કરે છે, તેઓને ફળનો સર્વથા અભાવ છે.

રૂપિયાના દૃષ્ટાંતમાં ખોટા રૂપિયાથી મુગ્ધોને ઠગીને ફળ પ્રાપ્ત થઈ શકે છે જ્યારે વંદનામાં તો તેના ભાવને અનુરૂપ જ ફળ મળે છે. તેથી પ્રથમ બે ભાંગાથી વંદનાનું આત્મિક ફળ મળે છે, ત્રીજા ભાંગામાં શક્તિ અનુસાર બાહ્ય વિધિનું પાલન હોય તો તેનું તુચ્છ ઐહિક ફળ મળે છે; પરંતુ તે વંદના બોધિલાભ અને મોક્ષ ફળવાળી બનતી નથી; જ્યારે જેઓમાં અંતરંગભાવ પણ નથી અને વિધિમાં પણ કોઈ યત્ન નથી યથાતથા કરે છે, તેઓને તે વંદનાથી સર્વથા ફળનો અભાવ છે. કારણ રૂપિયાથી લેનાર મુગ્ધના પ્રતારણની જેમ વંદનાના વિષયમાં કોઈ ફળ થઈ શકે નહિ. ફક્ત લોકોને આ ધર્મ કરે છે એ પ્રકારે પ્રતારણ થી શકે. **II3/36II**

**અવતરણિકા :-**

आद्यव्याख्यापक्षे पातनैवं, अथ तेनैव फलेन तत्फलवद्भविष्यतीत्याह –

**અવતરણિકાર્થ :-**

આદ્ય વ્યાખ્યાનપક્ષમાં=પૂર્વની ગાથામાં બતાવ્યું કે મુગ્ધોને ઠગવાનું છોડીને રૂપિયાનું અન્ય ફળ નથી તે રૂપ આદ્ય વ્યાખ્યાનપક્ષમાં, અવતરણિકા આ પ્રમાણે છે. હવે તે જ ફળ વડે=મુગ્ધોને પ્રતારણરૂપ જ ફળ વડે, તે ફળવાળું થશે=ત્રીજો-ચોથો ભાંગો ફલવાળો થશે. એથી કહે છે –

**ગાથા :-**

**तं पुण अणत्थफलदं णेहाहिगयं जमणुवओगि त्ति ।**
**आयगयं चिय एत्थं चिंतिज्जइ समयपरिसुद्धं ।।३/३७।।**

**છાયા :-**

तत्पुनरनर्थफलदं नेहाधिकृतं यदनुपयोगीति ।
आत्मगतमेवात्र चिन्त्यते समयपरिशुद्धम् ।।३/३७।।

**અન્વયાર્થ :-**

तं पुण=તે વળી, अणत्थफलदं=અનર્થ ફળને દેનારું છે=રૂપિયાના અંતિમ બે ભાંગાથી જન્ય પ્રતારણ ફળ અનર્થરૂપ ફળને દેનારું છે. (એથી) इह=અહીં=રૂપકના વિચારમાં, अहिगयं=અધિકૃત, ण=નથી. जं=જે કારણથી, अणुवओगि त्ति=અનુપયોગી છે. एत्थं=અહીં=રૂપકના વિચારમાં, समय-परिसुद्धं=સમયપરિશુદ્ધ=શિષ્ટ લોકોને અભિમત એવું, आयगयं चिय=આત્મગત જ, चिंतिज्जइ=વિચારાય છે=ધનના વિનિયોગથી થતું ફળ જ વિચારાય છે. તેથી ત્રીજા-ચોથા ભાંગાનું કોઈ ફળ નથી, એમ યોજન છે. ॥૩/૩૭॥

**ગાથાર્થ :-**

**તે વળી અનર્થ ફળને દેનારું છે=રૂપિયાના અંતિમ બે ભાગથી જન્ય પ્રતારણ ફળ અનર્થ ફળને દેનારું છે. એથી અહીં=રૂપકના વિચારમાં, અધિકૃત નથી. જે કારણથી અનુપયોગી છે. અહીં=રૂપકના વિચારમાં, સમયપરિશુદ્ધ=શિષ્ટ લોકોને અભિમત એવું, આત્મગત જ વિચારાય છે=ધનના વિનિયોગથી થતું ફળ જ વિચારાય છે. તેથી ત્રીજા-ચોથા ભાંગાનું કોઈ ફળ નથી, એમ યોજન છે. ॥૩/૩૭॥**

**ટીકા :-**

व्याख्या–'तं पुणे'त्यादि । तत्पुनः=मुग्धप्रतारणलक्षणं रूपकान्त्यभंगकद्वयजन्यं फलम्, किमि-

त्याह – अनर्थफलकमनर्थफलदं वा=स्वपरयोरपकाररूपफलदायकम्, अत एव न=नैव, इह= रूपकविचारे, अधिकृतं=प्रस्तुतम्, किमिति नाधिकृतम् ? इत्याह – यद्=यस्माद्, अनुपयोगि= निष्प्रयोजनम्, न हि सताम् अनर्थफलदेन=परप्रतारणेन, प्रयोजनमस्ति, इतिशब्दः समाप्तौ, तर्हि किमिहाधिक्रियत ? इत्याह – आत्मगतमेव=स्वविषयमेव क्रायकलभ्यमित्यर्थः, न तु परविषयं प्रतारणादि, आयगतं वा=रूपकविनिमयेन योऽभिप्रेतवस्तुलाभस्तद्गतमेव, अत्र=रूपकविचारे, चिन्त्यते=विचार्यते, समयपरिशुद्धं=शिष्टव्यवहारविशुद्धं, न त्वसद्व्यवहारगतं, परप्रतारणमपीति, व्याख्यान्तरे त्वेवं – ननु वन्दनातोऽपि प्रतारणं दृष्टम्, अत आह – तं पुणेत्यादि । 'नेह' त्ति नात्र=वन्दनालक्षणे दार्ष्टान्तिके, अधिकृतम्, 'आयगयं चिय' त्ति=जीवविषयमेव, 'समयपरिसुद्धं ति'=आगमानुगतं मोक्षादि, शेषं तथैवेति गाथार्थः ।।३/३७।।

**ટીકાર્થ :-**

तत्पुनः ..... गाथार्थः ।। 'तं पुणेत्यादि' પ્રતીક છે. તે વળી=મુગ્ધોના પ્રતારણ લક્ષણ રૂપકના અંત્ય-ભંગદ્વયજન્ય ફલ, શું ? એથી કહે છે – અનર્થ ફળવાળું છે અથવા અનર્થરૂપ ફળને દેનારું છે= સ્વપરના અપકારરૂપ ફલદાયક છે. આથી જ અહીં=રૂપક વિચારમાં, અધિકૃત=પ્રસ્તુત, નથી જ.

કયા કારણથી અધિકૃત નથી ?=બીજાને ઠગવાના ફલવાળો રૂપિયો કયા કારણથી અધિકૃત નથી ? એથી કહે છે –

જે કારણથી અનુપયોગી છે=નિષ્પ્રયોજન છે. हि=જે કારણથી, સંતપુરુષોને અનર્થફલને દેનારા પરપ્રતારણ વડે પ્રયોજન નથી તો અહીં=રૂપિયાના વિષયમાં, શું સ્વીકારાય છે ? એથી કહે છે – આત્મગત જ ફલ સ્વીકારાય છે=સ્વવિષય જ ખરીદનારથી લભ્ય (જ) ફલ વિચારાય છે, પરંતુ પરવિષયક પ્રતારણ આદિ વિચારાતા નથી અથવા આત્મગત જ=રૂપકના વિનિયોગથી જે અભિપ્રેત વસ્તુનો લાભ તદ્ગત જ, અહીં=રૂપક વિચારમાં, વિચારાય છે=સમયપરિશુદ્ધ=શિષ્ટોના વ્યવહારથી વિશુદ્ધ, ફલ વિચારાય છે, પરંતુ અસદ્વ્યવહારગત પરપ્રતારણ પણ ગ્રહણ કરાતું નથી.

વળી, વ્યાખ્યાંતરમાં આ પ્રમાણે જોડવું –

વંદનાથી પણ પ્રતારણ જોવાયું છે=બીજાને આ વંદના કરે છે એવું પ્રતારણ જોવાયું છે. આથી કહે છે – અહીં વંદનાલક્ષણ દાર્ષ્ટાંતિકમાં તે વળી અધિકૃત નથી=પરપ્રતારણ અધિકૃત નથી, પરંતુ આત્મગત જ=વંદના કરનાર જીવ વિષયક જ, આગમ અનુગત મોક્ષાદિ અધિકૃત છે. શેષ તે પ્રમાણે જ છે=પૂર્વના વ્યાખ્યાનની જેમ શેષ લોકપ્રશંસાદિ સંત પુરુષોને અનુપયોગી છે એ તે પ્રમાણે જ છે, માટે તેને સ્વીકારાય નહિ, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૩૭॥

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે કૂટ રૂપિયામાં જે ચાર ભાંગા છે, તેમાંથી છેલ્લા બે ભાંગા રૂપિયાના ફલને આપતા નથી. ફક્ત મુગ્ધ જીવોને ઠગવામાં તે રૂપિયા ઉપયોગી થાય છે. હવે પરમાર્થથી વિચારીએ તો મુગ્ધ જીવોને ઠગવાનું પ્રયોજન અનર્થ ફલવાળું છે માટે શિષ્ટ લોકો તેવા રૂપિયાને ફલવાળો કહે નહિ; પરંતુ જે રૂપિયો પોતાનું ફળ આપી શકે, તે રૂપિયાને જ શિષ્ટ લોકો રૂપિયા તરીકે સ્વીકારે છે. આથી જેમ શુદ્ધ ચાંદી હોય અને શુદ્ધ છાપ હોય તેવા રૂપિયાને શિષ્ટ પુરુષો ફલવાળો કહે છે, તેમ જે વંદનાની ક્રિયા વીતરાગના ગુણના પ્રણિધાનથી યુક્ત હોય અને વીતરાગના વચનથી નિયંત્રિત ઉચિત ક્રિયાથી સંવલિત હોય, તેવી વંદનાને જ શિષ્ટ પુરુષો પૂર્ણ ફલવાળી કહે છે.

વળી, ક્યારેક રૂપિયામાં શુદ્ધ ચાંદી હોય પરંતુ છાપ બરાબર ન હોય તોપણ તે ચાંદીનું કાંઈક ન્યૂન ફલ પણ અવશ્ય પ્રાપ્ત થાય છે. તેથી તે રૂપિયાને પણ ફલવાળો શિષ્ટ પુરુષો સ્વીકારે છે, તે રીતે કોઈક જીવમાં ભગવાનના ગુણનો ઉપયોગ છે, વીતરાગતા પ્રત્યે બહુમાન છે, છતાં કોઈક પ્રકારના પ્રમાદ દોષને કારણે વિધિમાં સમ્યગ્ યત્ન નથી, તેની તેવી વંદનાથી પૂર્ણ વંદના કરતાં કાંઈક ન્યૂન ફળની પ્રાપ્તિ થાય છે. તેથી શિષ્ટ પુરુષો તે વંદનાને પણ કાંઈક ફલવાળી હોવાથી ઇષ્ટરૂપે સ્વીકારે છે.

જે વંદનામાં મોક્ષને અનુકૂળ ભાવો નથી પરંતુ બાહ્ય આચરણાનાં સર્વ અંગો છે, તેવી વંદનાને શિષ્ટ પુરુષો નિષ્ફળ માને છે અને જે વંદનામાં મોક્ષને અનુકૂળ ભાવો પણ નથી અને વંદનાની ક્રિયાનાં બાહ્ય અંગો પણ યથાતથા છે, તેવી મુદ્રામાત્ર જેવી વંદનાને પણ શિષ્ટપુરુષો નિષ્ફળ જ માને છે.

જે વંદનાથી લોકમાં માન-ખ્યાતિ મળે છે. તેવી વંદનાનો અહીં અધિકાર નથી, પરંતુ ભગવાનના વચનાનુસાર મોક્ષની પ્રાપ્તિ કરાવે અને જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત ન થાય, ત્યાં સુધી સ્વર્ગ આદિ સદ્ગતિઓનું કારણ બને તેવી જ વંદના અહીં અધિકૃત છે.

ગાથા-૩૪માં આવશ્યકનિર્યુક્તિનું દૃષ્ટાંત બતાવ્યું. ત્યાં વંદ્ય એવા સાધુને આશ્રયીને ચાર વિકલ્પો કરેલ છે. તેથી કોઈ વંદન કરનાર પુરુષ વંદ્યના વાસ્તવિક સ્વરૂપનો બોધ કરીને વંદન કરે છે, ત્યારે વંદ્ય સાધુમાં ભાવથી મુનિભાવ છે અને તેને અનુરૂપ જ સાધુવેષ છે, એટલું જ નહિ, પણ સંયમની સર્વ ઉચિત બાહ્ય ક્રિયાઓ ચારિત્રના પરિણામથી અભિવ્યંગ્ય થાય તેવી સુવિશુદ્ધ છે. આ સર્વનો નિર્ણય કરીને તેમને વંદના કરે તો તે વંદના ચાંદી અને શુદ્ધ છાપવાળા રૂપિયાતુલ્ય ફલવાળી છે.

કોઈ વ્યક્તિ પ્રત્યેકબુદ્ધમાં વર્તતા ચાંદીતુલ્ય સંયમના પરિણામને જોઈ શકે પરંતુ સંયમના આચારરૂપ ચારિત્રનું લિંગ તેમનામાં નથી તેવું જાણીને તેમને વંદના કરે ત્યારે ચાંદી અને વિષમ છાપવાળા રૂપિયા-તુલ્ય આ મહાત્મા છે, તેવું જાણવા છતાં ચાંદીતુલ્ય ઉત્તમ ભાવને આશ્રયીને તે વંદના કરે છે. તેથી તે વંદના પ્રથમ ભાંગા કરતા કાંઈક ન્યૂન ફલવાળી છે. તે સ્થાનમાં પણ વંદનાથી પોતાના ભાવને અનુરૂપ જ ફલ મળે છે તોપણ વંદ્યગત પદાર્થના યથાર્થ સ્વરૂપના સમ્યગ્ અવલોકનથી ઉત્પન્ન થયેલા તે ભાવને

આશ્રયીને ત્યાં વંદનાની વિવક્ષા છે, આ સ્થાનમાં પ્રથમ ભાંગાવર્તી વંદ્યને વંદના કરનાર જીવ પણ પોતાના ભાવને અનુરૂપ જ ફળ મેળવે છે. આથી જ કોઈ પ્રથમ ભાંગાવર્તી શુદ્ધ સાધુ હોય છતાં વંદના કરનાર વ્યક્તિનો લેશમાત્ર પણ પરિણામ તે સાધુના મુનિભાવને અભિમુખ ન હોય અને માત્ર બાહ્ય વંદનની ક્રિયા યથાર્થ કરે તો કોઈ ફલ મળે નહિ, પરંતુ તે મુનિમાં વર્તતા ગુણોનું સ્થૂલ બુદ્ધિથી પ્રતિસંધાન કરી અથવા મુનિના ગુણો પ્રત્યે દૃઢ રાગ વૃદ્ધિ પામે તે રીતે સૂક્ષ્મ બુદ્ધિપૂર્વક અપ્રમાદભાવથી પ્રતિસંધાન કરે, તેને અનુરૂપ વંદના કરનારને ફલભેદની પ્રાપ્તિ થાય છે.

જોકે વંદ્ય એવા સાધુ પણ અરિહંતાદિની ઉપાસના કરનાર છે તેથી તેઓમાં વંદનાની પણ પ્રાપ્તિ છે જ, ફક્ત શ્રાવકાદિને તેઓ વંદ્ય હોવા છતાં તેઓની જિનવચનાનુસાર પરિણતિ છે તે વંદનારૂપ જ છે તેથી વંદ્યને આશ્રયીને ચાર ભાંગા આવશ્યકનિર્યુક્તિમાં બતાવેલ હોવા છતાં તે પ્રમાણે જ પ્રસ્તુતમાં વંદનની ક્રિયા અને વંદન કરનાર વ્યક્તિમાં વર્તતા વંદનના ભાવને આશ્રયીને ચાર વિકલ્પો બતાવેલ છે. જેથી તે પ્રકારનો બોધ થાય કે વંદ્ય એવા સાધુને આશ્રયીને પણ વંદક તે ચાર ભાંગાથી તે સાધુ કેવા છે ? તેવો નિર્ણય કરે તો તેને અનુરૂપ તેના ભાવોમાં ભેદની પ્રાપ્તિ થાય. વંદના કરનારને સાધુને આશ્રયી તે ચારેય ભેદોથી નિર્ણય કરવો આવશ્યક છે, જેથી આત્મવંચના વગર ગુણવાનને ગુણવાનરૂપે જાણીને વંદન કરવાનો સુવિશુદ્ધ અધ્યવસાય થાય.

વળી, આ વંદનીય ગુણવાન છે, તેવો નિર્ણય કર્યા પછી પણ પોતાના અંતરંગ ભાવો અને બહિરંગ વિધિનાં અંગો તે ઉભયને આશ્રયીને પણ ફલનો ભેદ થાય છે, તે બતાવવા અર્થે પ્રસ્તુતમાં રૂપિયાના દૃષ્ટાંતનું યોજન છે. જેથી ગુણવાન એવા તીર્થંકરોને વંદના કરનારમાં પણ જો લેશમાત્ર પણ જિનગુણનું પ્રણિધાન ન હોય અને બાહ્ય દ્રવ્યવંદના વિધિના સર્વ યોગોથી યુક્ત હોય તોપણ તે વંદના નિષ્ફળ છે, તેવો બોધ થાય છે. વળી, પોતાના બોધને અનુરૂપ જિનગુણનું પ્રણિધાન હોવા છતાં વંદનાનાં બાહ્ય અંગોની જે કાંઈ વિષમતા હોય તેનાથી વંદનાના ફલમાં તે પ્રકારની ન્યૂનતા પ્રાપ્ત થાય છે. ટૂંકમાં સર્વ બાહ્ય અંગો વિદ્યમાન હોય અને જિનગુણનો બોધ સ્થૂલથી હોય, સૂક્ષ્મથી હોય કે સૂક્ષ્મથી બોધ કર્યા પછી પણ અપ્રમાદથી જિનગુણને સ્પર્શે તેવો ઉપયોગ હોય, તેના ભેદથી પણ વંદનાનો ભેદ પડે છે. **॥૩/૩૭॥**

**અવતરણિકા :-**

**एवं दृष्टान्तं सफलमभिधाय दार्ष्टान्तिकं सफलमाह, अथवा सामान्यतो दार्ष्टान्तिकयोजनामभिधाय विशेषतस्तामेवाह —**

**અવતરણિકાર્થ :-**

**આ રીતે=ગાથા-૩૫થી ૩૭ સુધી બતાવ્યું એ રીતે, ફલથી યુક્ત દૃષ્ટાંત બતાવીને ફલથી યુક્ત દાર્ષ્ટાંતિકને કહે છે, અથવા સામાન્યથી દાર્ષ્ટાંતિકનું યોજન ગાથા-૩૬-૩૭માં કરીને વિશેષથી તેની દાર્ષ્ટાંતિકમાં યોજનાને કહે છે —**

ગાથા :-

**भावेणं वण्णादिहिं चेव सुद्धेहिं वंदणा च्छेया ।**
**मोक्खफलच्चिय एसा जहोइयगुणा य णियमेणं ।।३/३८।।**

છાયા :-

भावेन वर्णादिभिश्चैव शुद्धैर्वन्दना छेका ।
मोक्षफलैव एषा यथोचितगुणा च नियमेन ।।३/३८।।

અન્વયાર્થ :-

भावेणं=ભાવથી=વંદન કરનાર જીવગત ભાવથી, चेव=અને, सुद्धेहिं वण्णादिहिं=શુદ્ધ એવા વર્ણાદિથી, वंदणा=વંદના, च्छेया=છેક છે=શુદ્ધ છે, य=અને, णियमेणं=નિયમથી, जहोइयगुणा=યથોચિત ગુણવાળી, एसा=આ=વંદના, मोक्खफलच्चिय=મોક્ષફલવાળી જ છે. ।।૩/૩૮।।

ગાથાર્થ :-

**ભાવથી=વંદન કરનાર જીવગત ભાવથી અને શુદ્ધ એવા વર્ણાદિથી વંદના છેક છે=શુદ્ધ છે અને નિયમથી યથોચિત ગુણવાળી આ=વંદના, મોક્ષફલવાળી છે. ।।૩/૩૮।।**

ટીકા :-

व्याख्या—'भावेण'मित्यादि । भावेन=अपुनर्बन्धकाद्युचितश्रद्धानभक्तिरूपेण द्रव्योपमेन, वर्णादिभिरेव च=अक्षरप्रभृतिभिरेव टंककल्पैः, आदिशब्दात्तद्‌गतक्रियाऽऽलंबनादिग्रहः, चैवशब्दो व्याख्यात एव, शुद्धैः=निरवद्यैः करणभूतैः, या वन्दना सा च्छेका=शुद्धा, प्रथमरूपकोपमा, किंफलेयम् ? इत्याह — मोक्षफलैव=निर्वाणप्रयोजनैव, प्रधानफलापेक्षया, न पुनः संसारफलेति, एषा=वन्दना । ऐहलौकिकफलापेक्षया, पुनरियं किंविधा ? इत्याह — यथा=येन प्रकारेण, उदितः=अभिहितः, तथैव गुणः=फलं, यस्याः सा यथोदितगुणा यथोचितगुणा वा, गुणश्चायं—'पायं इमीए जत्ते ण होइ इहलोगिया वि हाणि' (पंचाशक० ३/१५) त्ति, चशब्दः समुच्चये, नियमेन=अवश्यंतया । इति गाथार्थः ।।३/३८।।

ટીકાર્થ :-

भावेन ..... गाथार्थः ।। 'भावेणमित्यादि' પ્રતીક છે. ભાવથી=અપુનર્બંધક આદિ ઉચિત શ્રદ્ધાન-ભક્તિરૂપ ચાંદીના દ્રવ્યની ઉપમારૂપ ભાવથી અને શુદ્ધ=નિરવદ્ય, એવા કરણભૂત વર્ણાદિ વડે જ=અક્ષર વગેરે ટંક જેવા ઉચ્ચારણાદિથી જ. આદિ શબ્દથી તદ્‌ગત ક્રિયા-આલંબનાદિનું ગ્રહણ છે. 'चैव' શબ્દ વ્યાખ્યાત જ છે='વર્ણાદિ વડે જ' એમ કહેવાથી વ્યાખ્યાત જ છે. તેથી ભાવથી અને શુદ્ધ એવા વર્ણાદિથી જે વંદના છે, તે છેક=શુદ્ધ, પ્રથમ રૂપકની ઉપમાવાળી છે.

**કેવા ફલવાળી છે ? એથી કહે છે –**

**મોક્ષફલવાળી જ છે=પ્રધાન ફલની અપેક્ષાએ નિર્વાણ પ્રયોજનવાળી છે, પરંતુ સંસારફલવાળી નથી.**

કોણ મોક્ષફલવાળી છે ? એથી કહે છે –

**આ વંદના=શુદ્ધવંદના, મોક્ષફલવાળી જ છે એમ અન્વય છે.**

**આલોકના ફલની અપેક્ષાએ વળી આ=વંદના, કેવા પ્રકારની છે ? એથી કહે છે –**

**જે પ્રકારે ઉદિત છે=અભિહિત છે, તે પ્રકારે જ ગુણ છે=ફલ છે, જેને તે યથોદિત ગુણવાળી છે અથવા યથોચિત ગુણવાળી છે અને ગુણ=વંદનાનો આલોકમાં ગુણ, આ છે –** 'પ્રાયઃ આમાં યત્ન થયે છતે ઇહલૌકિક પણ હાનિ થતી નથી' **(પંચાશક૦ ૩/૧૫) એ પ્રકારે ગાથા-૧૫માં કહ્યું, તે ગુણ છે. 'च' શબ્દ સમુચ્ચય અર્થમાં છે. નિયમથી=અવશ્યપણાથી, આલોકના ગુણવાળી છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૩૮॥**

**ભાવાર્થ :-**

જેઓ જિનપ્રતિમાને સન્મુખ ચૈત્યવંદન કરે છે, તે જીવો અપુનર્બંધક હોય, સમ્યગ્દૃષ્ટિ હોય, દેશવિરતિધર હોય કે સર્વવિરતિધર હોય, તેઓ તે તે ભૂમિકાને અનુરૂપ ચાંદી આદિ દ્રવ્યની ઉપમાવાળા છે અર્થાત્ જેમ ચાંદીનો રૂપિયો હોય, સુવર્ણનો હોય ઇત્યાદિ રૂપિયામાં ભેદ પડે છે, તેમ તે તે જીવોમાં ભેદ પડે છે. આ જીવોમાં પોતાના બોધને અનુરૂપ જિનગુણના પ્રણિધાનરૂપ ભાવ છે. વળી, તેઓ વંદનાનાં સૂત્રો બોલે છે, ક્રિયાકાળમાં વંદનાગત તે તે ક્રિયાનું દૃઢ અવલંબન લે છે, જિનપ્રતિમાનું આલંબન લે છે અને પોતાની શક્તિને ગોપવ્યા વગર શક્તિ અનુસાર સર્વ દેહાંગોથી વંદનાનાં ઉચિત અંગોમાં અવશ્ય યત્ન કરે છે, તેઓની વંદના શુદ્ધવંદના છે અને તે વંદના મોક્ષફલવાળી જ છે; કેમ કે તેઓને વીતરાગના ગુણોનો જેટલો સ્પષ્ટ બોધ છે, તે વંદનામાં પુષ્ટ-પુષ્ટતર થાય છે અને વંદનાનાં તે તે અંગો દ્વારા તે બોધ તે કાળમાં ઉલ્લસિત કરતા ભાવમાં અતિશયતાને કરે છે. આ ભાવ આત્માના વીતરાગભાવને અનુકૂળ ઉત્તમ સંસ્કારો આધાન કરીને અંતે મોક્ષરૂપ ફલમાં વિશ્રાંત થશે. આમ, આ વંદના મુખ્ય ફલની અપેક્ષાએ નિર્વાણફલવાળી છે, પરંતુ સંસારફલવાળી નથી.

વળી, આલોકના ફલની અપેક્ષાએ પણ તે વંદના ઉત્તમ ફલવાળી છે; કેમ કે વંદનાકાલમાં વર્તતા સુવિશુદ્ધ ઉપયોગથી ગાથા-૧૫માં કહ્યું, એમ લાભાંતરાયાદિના ક્ષયોપશમવાળી પણ તે વંદના બને છે. આથી જ જેઓને ભગવાનના ગુણોના પ્રણિધાનપૂર્વક વંદનાનો ઉપયોગ વર્તે છે, તેનાથી વર્તમાનભવમાં પણ ભોગાદિ સામગ્રી પ્રચુર પ્રમાણમાં મળે છે અને મોક્ષ ન પ્રાપ્ત થાય ત્યાં સુધી પરભવોમાં પણ ઉત્તમ ભોગસામગ્રી પ્રાપ્ત થાય છે અને અંતે મોક્ષફલ પ્રાપ્ત થાય છે. તેથી ચૈત્યવંદન કરનાર જીવે જેમ વંદનાની બાહ્ય સર્વ ક્રિયામાં ઉચિત યત્ન કરવો આવશ્યક છે, તેમ વંદનીય એવા તીર્થંકરોના ગુણોનો પણ સ્વશક્તિ અનુસાર સૂક્ષ્મ-સૂક્ષ્મતર બોધ કરવો આવશ્યક છે; કેમ કે તે બોધરૂપ ભાવને અનુસાર જ વંદનામાં પણ અવશ્ય તરતમતાની પ્રાપ્તિ થાય છે. **॥૩/૩૮॥**

અવતરણિકા :-

अथ द्वितीयरूपकयोजनामाह –

અવતરણિકાર્થ :-

હવે બીજા રૂપિયાની=રૂપિયાના દૃષ્ટાંતની, યોજનાને=વંદનામાં યોજનાને, કહે છે –

ગાથા :-

भावेणं वण्णादिहिं तहा उ जा होइ अपरिसुद्ध त्ति ।
बीयगरूवसमा खलु एसा वि सुह त्ति णिद्दिट्ठा ।।३/३९।।

છાયા :-

भावेन वर्णादिभिस्तथा तु या भवति अपरिशुद्धेति ।
द्वितीयरूपकसमा खलु एषाऽपि शुभेति निर्दिष्टा ।।३/३९।।

અન્વયાર્થ :-

भावेणं=ભાવથી યુક્ત, तहा=અને, वण्णादिहिं=વર્ણાદિથી, जा=જે, उ=વળી, अपरिसुद्ध=અપરિશુદ્ધ, होइ=છે. त्ति=एवंप्रकारा=આવા પ્રકારવાળી, बीयगरूवसमा=બીજા રૂપિયાના ઉપમાવાળી, एसा=આ, वि=પણ, सुह=શુભ, णिद्दिट्ठा=બતાવાઈ છે=તીર્થંકર આદિ વડે બતાવાઈ છે.

'खलु' વાક્યાલંકારમાં છે. 'त्ति' ઉપપ્રદર્શનમાં છે. ॥૩/૩૯॥

ગાથાર્થ :-

**ભાવથી યુક્ત અને વર્ણાદિથી જે વળી અપરિશુદ્ધ છે. આવા પ્રકારવાળી બીજા રૂપિયાના ઉપમાવાળી આ પણ શુભ બતાવાઈ છે=તીર્થંકર આદિ વડે બતાવાઈ છે. ॥૩/૩૯॥**

ટીકા :-

व्याख्या–'भावेण'मित्यादि । भावेन=उक्तपरिणामेन द्रव्योपमेन, युक्तेति शेषः, तथाशब्दस्य समुच्चयार्थस्येह संबन्धात्तथा वर्णादिभिरक्षरप्रभृतिभिः, तुशब्दः पुनरर्थः, तस्य चैवं संबन्धः – या पुनर्वन्दना भवति=वर्तते, अपरिशुद्धा=सदोषा, इति=एवंप्रकारा, द्वितीयरूपकसमा=द्रव्ययुक्त-टंकविहीनरूपकतुल्या, खलुर्वाक्यालङ्कारे, एषाऽपि=असावपि, न केवलमाद्यरूपकसमा, शुभा=प्रशस्ता मोक्षाभ्युदयफलसाधकत्वात्, इतिशब्द उपप्रदर्शने, निर्दिष्टा=तीर्थकरादिभिरभिहिता, भाव-प्राधान्यात् ।

आह च –

'क्रियाशून्यश्च यो भावो, भावशून्या च या क्रिया ।

अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ।।१।।' **[उपदेशपद गाथा ४५२ टीका, ज्ञानसार उपसंहार गाथा-११]**

**इति गाथार्थः ।।३/३९।।**

**ટીકાર્થ :-**

**भावेन ..... गाथार्थः ।। 'भावेणमित्यादि' પ્રતીક છે. ભાવથી=ઉક્ત પરિણામરૂપ દ્રવ્યના ઉપમાવાળા ભાવથી, યુક્ત એ પ્રમાણે શેષ છે=અધ્યાહાર છે અને વર્ણાદિ વડે=અક્ષર વગેરે વડે, જે વંદના અપરિશુદ્ધ થાય છે=સદોષ વર્તે છે, તે પ્રકારની બીજા રૂપિયા જેવી=દ્રવ્યયુક્ત ઉચિત ટંક વગરના રૂપિયાતુલ્ય, આ પણ=કેવલ પ્રથમ રૂપિયા જેવી નહિ પરંતુ આ પણ, શુભ=પ્રશસ્ત, છે; કેમ કે મોક્ષ અને અભ્યુદય ફલસાધકપણું છે. નિર્દિષ્ટ છે=તીર્થંકરાદિ વડે નિર્દિષ્ટ છે; કેમ કે ભાવનું પ્રાધાન્ય છે=બાહ્ય અંગની વિકલતા હોવા છતાં વંદનાગત ભાવનું પ્રાધાન્ય છે.**

**ગાથામાં સમુચ્ચય અર્થવાળા 'तथा' શબ્દનો અહીં સંબંધ હોવાથી=ભાવની સાથે વર્ણાદિનો સંબંધ હોવાથી, 'तथा'નો અર્થ 'અને' કરવો.**

**ગાથામાં 'तु' શબ્દ પુનઃ અર્થવાળો છે અને તેનો આ પ્રમાણે સંબંધ છે – જે વળી વંદના અપરિશુદ્ધ છે તે બીજા રૂપિયા જેવી છે, એમ સંબંધ છે.**

**અને કહે છે –**

"ક્રિયાશૂન્ય ભાવ અને ભાવશૂન્ય ક્રિયા=બીજા રૂપિયા જેવી વંદનામાં ભાવની વિદ્યમાનતા હોવા છતાં ક્રિયાના અંગનું વિકલપણું છે અને ત્રીજા રૂપિયા જેવી વંદનામાં ક્રિયાની વિદ્યમાનતા હોવા છતાં ભાવના અંગનું વિકલપણું છે તેથી દ્વિતીય ભાંગા સ્વરૂપ ક્રિયાશૂન્ય ભાવ અને તૃતીય ભાંગા સ્વરૂપ ભાવશૂન્યક્રિયા. આ બેનું=ક્રિયાશૂન્યભાવ અને ભાવશૂન્યક્રિયાનું, અંતર=તફાવત, સૂર્ય અને ખદ્યોતની જેમ=સૂર્ય અને ખજવાની જેવું, જાણવું." **॥૧॥ (ઉપદેશપદ ગાથા ૪૫૨ ટીકા, જ્ઞાનસાર ઉપસંહાર ગાથા-૧૧) એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૩૯॥**

**ભાવાર્થ :-**

જેમ રૂપિયો ચાંદીનો હોય છતાં છાપ વિષમ હોય તો તે રૂપિયાનું પૂર્ણ ફલ ન મળે, તોપણ ચાંદીના કારણે તેનું કંઈક ફલ અવશ્ય પ્રાપ્ત થાય છે, તેમ જે જીવોમાં અપુનર્બંધક આદિ ભાવોમાંથી કોઈક ભાવ વર્તે છે, તેથી વીતરાગના સ્વરૂપનો કાંઈક બોધ છે, તે બોધ અનુસાર ભાવથી તેઓની વંદના યુક્ત હોય તોપણ પ્રમાદને વશ ચૈત્યવંદના સૂત્રોમાં કે ચૈત્યવંદનની ક્રિયાનાં અન્ય અંગોમાં સમ્યગ્ યત્ન ન હોય તો ચૈત્યવંદનની ક્રિયાનાં અંગોથી તે વંદના અપરિશુદ્ધ બને છે. આમ છતાં આ વંદના શુભ=પ્રશસ્ત છે; કેમ કે આ વંદનાથી તે જીવના ભાવને અનુરૂપ મોક્ષ કે અભ્યુદય ફલની પ્રાપ્તિ અવશ્ય થાય છે. ફક્ત તેના બોધ અનુસાર તેના ભાવમાં જેટલો અતિશય હોય તે પ્રમાણે ફલમાં અતિશયતા આવે છે અને પોતાની

શક્તિ હોવા છતાં વંદનાની બાહ્ય ક્રિયાનાં અંગોમાં જે ત્રુટિ છે, તે પ્રમાદજન્ય હોવાના કારણે એટલા અંશમાં તે જીવોને તે વંદનાજન્ય ફલમાં ન્યૂનતાની પણ પ્રાપ્તિ છે. **॥૩/૩૯॥**

**અવતરણિકા :-**

अथ रूपकचरमभङ्गकद्वययोजनायाह —

**અવતરણિકાર્થ :-**

હવે રૂપિયાના છેલ્લા બે ભાંગાના યોજન માટે=વંદનામાં યોજન માટે, કહે છે –

**ગાથા :-**

**भावविहूणा वण्णाइएहिं सुद्धा वि कूडरूवसमा ।**
**उभयविहूणा णेया मुद्दप्पाया अणिट्ठफला ।।३/४०।।**

**છાયા :-**

भावविहीना वर्णादिभिः शुद्धाऽपि कूटरूपसमा ।
उभयविहीना ज्ञेया मुद्राप्राया अनिष्टफला ।।३/४०।।

**અન્વયાર્થ :-**

भावविहूणा=ભાવથી રહિત એવી, वण्णाइएहिं=વર્ણાદિ વડે, सुद्धा वि=શુદ્ધ પણ, कूडरूवसमा=કૂટ રૂપિયા સમાન છે. उभयविहूणा=ઉભયથી રહિત, मुद्दप्पाया=મુદ્રાપ્રાયઃ છે=માત્ર મુદ્રાતુલ્ય છે. अणिट्ठफला णेया= અનિષ્ટ ફલવાળી જાણવી=આ બન્ને ભાંગાવાળી વંદના અનિષ્ટ ફલવાળી જાણવી. ॥૩/૪૦॥

**ગાથાર્થ :-**

**ભાવથી રહિત એવી વર્ણાદિ વડે શુદ્ધ પણ કૂટ રૂપિયા સમાન છે. ઉભયથી રહિત મુદ્રાપ્રાયઃ છે=માત્ર મુદ્રાતુલ્ય છે. અનિષ્ટ ફલવાળી જાણવી=આ બન્ને ભાંગાવાળી વંદના અનિષ્ટ ફલવાળી જાણવી. ॥૩/૪૦॥**

**ટીકા :-**

**व्याख्या—'भावे'त्यादि । भावविहीना=अपुनर्बन्धकाद्युचितश्रद्धानभक्तिरहिता, या सा वर्णादिभिः= अक्षरप्रभृतिभिः, शुद्धाऽपि=निरवद्याऽपि, आस्तां सावद्या, कूटरूपसमा=द्रव्यरहितटंकयुक्ततृतीय-रूपकतुल्या, तथा उभयविहीना=भाववर्णादिशुद्धिरहिता या सा, ज्ञेया=ज्ञातव्या, मुद्राप्राया=मुद्रा-कल्पा । चरमभङ्गकद्वयस्यापि फलमाह — अनिष्टफला=अनभिमतप्रयोजना=अनर्थफलेति यावत् । इति गाथार्थः ।।३/४०।।**

**ટીકાર્થ :-**

**भावविहीना ..... गाथार्थः ।। 'भावेत्यादि' પ્રતીક છે. ભાવ વગરની=અપુનર્બંધકાદિ ઉચિત શ્રદ્ધાન-ભક્તિ રહિત, જે વંદના છે, તે વર્ણાદિથી=અક્ષર વગેરેથી, શુદ્ધ પણ=નિરવદ્ય પણ, સાવદ્ય (તો) દૂર રહો નિરવદ્ય પણ, કૂટરૂપ સમાન છે=દ્રવ્યરહિત ટંકયુક્ત તૃતીય રૂપિયા તુલ્ય છે=ચાંદી આદિ દ્રવ્યરહિત=ચાંદી આદિ સિવાય અન્ય કોઈ દ્રવ્યવાળી, છાપયુક્ત ત્રીજા રૂપિયા જેવી છે અને ઉભય વિહીન=ભાવ અને વર્ણાદિની શુદ્ધિ રહિત, જે=વંદના, છે, તે મુદ્રાપ્રાયઃ=મુદ્રાકલ્પ, જાણવી.**

**ચરમભંગદ્વયના પણ ફલને કહે છે –**

**અનિષ્ટ ફલવાળી છે=અનભિમત પ્રયોજનવાળી=અનર્થફલવાળી છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૪૦॥**

**ભાવાર્થ :-**

જેઓમાં સંગબુદ્ધિ અત્યંત સ્થિર થયેલી છે, તેઓને બાહ્ય સંગમાં સુખ લાગે છે અને અંતરંગ નિરાકુલ અવસ્થાના સુખનો લેશ પણ બોધ નથી આવા જીવોને અપુનર્બંધકાદિ અવસ્થાઓને ઉચિત વીતરાગતાની રુચિ નથી. તેથી વીતરાગતા પ્રત્યે તે પ્રકારની ભક્તિ નથી, માત્ર કોઈક રીતે બાહ્ય ભક્તિની અભિવ્યક્તિ કરે, તેવી ચૈત્યવંદનની ક્રિયા કરે છે. આવા જીવોમાંથી જેઓ ચૈત્યવંદનનાં દરેક સૂત્રો પૂર્ણ શુદ્ધ બોલે છે, ચૈત્યવંદનની બાહ્ય ક્રિયામાં સર્વ અંગોને યથાર્થ સેવે છે, તેમને બાહ્ય ક્રિયાજન્ય કાંઈક શુભભાવો થાય છે, જેનાથી તુચ્છ પુણ્ય બંધાય છે; તોપણ વીતરાગતાને અભિમુખ લેશ પણ રુચિ નહિ હોવાથી ત્રીજા ભાંગાવાળી તે વંદના છે અર્થાત્ ચાંદી રહિત અશુદ્ધ દ્રવ્ય ઉપર યથાર્થ છાપવાળા રૂપિયા જેવી તે વંદના છે. આથી જ જમાલી આદિ નિહ્નવોને ભગવાનના વચનથી વિપરીતમાં અનિવર્તનીય રાગ હોવાના કારણે કુટદ્રવ્ય જેવા છે. તેવા જીવો બાહ્યથી સુપ્રણિધાનપૂર્વક સંયમની સર્વ ક્રિયા કરતા હોય તોપણ ત્રીજા ભાંગાવાળી વંદનાના બળથી દેવદુર્ગત્વને પ્રાપ્ત કરે છે.

વળી, જેઓમાં અપુનર્બંધકાદિને ઉચિત ભાવો નથી, તેથી વીતરાગના ગુણોને સ્પર્શે તેવો લેશ પણ અંતરંગ ઉપયોગ નથી અને કોઈક રીતે ચૈત્યવંદન કરવા તત્પર થયા છે અને ચૈત્યવંદનની ક્રિયા પણ સૂત્રોના વર્ણોના ઉચ્ચારની શુદ્ધિપૂર્વક અને અર્થોના ચિંતનપૂર્વક કરતા નથી તથા ચૈત્યવંદનની ક્રિયાનાં અન્ય અંગોને પણ શુદ્ધ સેવતા નથી, તેઓની માત્ર મુદ્રા જેવી વંદના છે અર્થાત્ ચાંદી રહિત અશુદ્ધ દ્રવ્યમાં માત્ર આડીઅવળી મહોર છાપ હોય, તેવી ચોથા ભાંગાતુલ્ય વંદના છે.

આ બન્ને વંદના અનિષ્ટ ફલવાળી છે; કેમ કે ભગવાનનું ચૈત્યવંદન કરીને ભવના ઉચ્છેદની પ્રાપ્તિ થાય, તેને અભિમુખ લેશ પણ યત્ન તે બન્ને ભાંગાવાળા જીવોમાં વર્તતો નથી. માત્ર ભગવાનના વંદનાકાલમાં સાક્ષાત્ કષાયોમાં યત્ન નથી, પરંતુ તત્ત્વનાં અજ્ઞાનકૃત મૂઢતા સહિત શુભ ક્રિયામાં કાંઈક યત્ન વર્તે છે, તે યત્ન અનુસાર તુચ્છ પુણ્યમાત્ર પ્રાપ્ત થાય છે. આ વંદના સંસારના અંતનું કારણ બનતી નથી, તેથી અસાર છે. **॥૩/૪૦॥**

**અવતરણિકા :-**

इयं चान्त्यभङ्गकद्वयवन्दना केषां किंफला च विशेषेण भवति ? इत्याह –

**અવતરણિકાર્થ :-**

અને આ છેલ્લા ભંગદ્વયની વંદના કયા જીવોને અને વિશેષથી કેવા ફલવાળી થાય છે ? એને કહે છે –

**ગાથા :-**

होइ य पाएणेसा किलिट्ठसत्ताण मंदबुद्धीणं ।
पाएण दुग्गइफला विसेसओ दुस्समाए उ ।।३/४१।।

**છાયા :-**

भवति च प्रायेण एषा क्लिष्टसत्त्वानां मन्दबुद्धीनाम् ।
प्रायेण दुर्गतिफला विशेषतो दुष्षमायां तु ।।३/४१।।

**અન્વયાર્થ :-**

य=અને, मंदबुद्धीण किलिट्ठसत्ताण=મંદબુદ્ધિવાળા ક્લિષ્ટ જીવોને, एसा=આ=વંદના, पाएण=પ્રાયઃ, होइ=થાય છે. उ=વળી, विसेसओ=વિશેષથી, दुस्समाए=દુઃષમામાં=દુઃષમા નામના પાંચમા આરામાં, पाएण=પ્રાયઃ, दुग्गइफला=દુર્ગતિફલવાળી હોય છે. ।।૩/૪૧।।

**ગાથાર્થ :-**

અને મંદબુદ્ધિવાળા ક્લિષ્ટ જીવોને આ=વંદના, પ્રાયઃ થાય છે. વળી, વિશેષથી દુઃષમામાં=દુઃષમા નામના પાંચમા આરામાં, પ્રાયઃ દુર્ગતિફલવાળી હોય છે. ।।૩/૪૧।।

**ટીકા :-**

व्याख्या–'होई'त्यादि । भवति च=संपद्यते पुनः, प्रायेण=बाहुल्येन, प्रायोग्रहणमक्लिष्टसत्त्वानामपि कदाचिदनुपयोगावस्थायामियं भवतीति ख्यापनार्थम्, एषा=अनन्तरोक्ता रूपकचरमभङ्गकद्वयोपमिता वन्दना, प्रायः क्लिष्टसत्त्वानां=संक्लेशबहुलजीवानां, क्लिष्टं वा सत्त्वं येषां ते तथा तेषां, मन्दबुद्धीनां=जडधियां मिथ्यात्वोपहतत्वात्, तथा प्रायेण=बाहुल्येन, प्रायोग्रहणं च केषांचित् मुद्राप्राया౭पि सती सा संपूर्णवन्दनाहेतुत्वेन सुगतिफला౭पि भवतीति ज्ञापनार्थम्, दुर्गतिफला=कुदेवत्वादिप्रयोजना, विशेषत इत्यत्रोत्तरस्य पुनःशब्दार्थस्य तुशब्दस्य संबन्धाद्विशेषेण पुनः, दुःषमायां=दुःषमाकाले कालदोषादेव । इति गाथार्थः ।।३/४१।।

**ટીકાર્થ :-**

**भवति ..... गाथार्थः ।। 'होईत्यादि' પ્રતીક છે. પ્રાયઃ=બાહુલ્યથી, પ્રાયઃગ્રહણથી અક્લિષ્ટ જીવોને ક્યારેક અનુપયોગ અવસ્થામાં આ=ત્રીજી અને ચોથી વંદના, થાય છે, એ ખ્યાપન માટે છે. આ=અનંતરમાં કહેવાયેલ રૂપિયાના ચરમભંગદ્વયથી ઉપમિત એવી વંદના, પ્રાયઃ ક્લિષ્ટ જીવોને=સંક્લેશ-બહુલ જીવોને, અથવા ક્લિષ્ટ સત્ત્વ છે જેઓને તે તેવા છે=ક્લિષ્ટસત્ત્વવાળા છે, તેઓને, મંદબુદ્ધિવાળા જીવોને=જડ બુદ્ધિવાળા જીવોને, થાય છે; કેમ કે મિથ્યાત્વથી ઉપહતપણું છે.**

**અને પ્રાયઃ=બાહુલ્યથી, પ્રાયઃ ગ્રહણ કેટલાકને મુદ્રાપ્રાયઃ પણ છતી તે=વંદના, અપૂર્વ વંદનાના હેતુપણાને કારણે સુગતિ ફલવાળી પણ થાય છે, એ જ્ઞાપન માટે છે. (પ્રાયઃ=બહુલતાથી,) દુર્ગતિ ફલવાળી=કુદેવત્વાદિના પ્રયોજનવાળી, છેલ્લી બે વંદના છે, એમ અન્વય છે. વિશેષથી, અહીં=વિશેષથી એ શબ્દમાં, ઉત્તરના પુનઃ અર્થવાળા 'तु' શબ્દનો સંબંધ હોવાથી વિશેષથી વળી દુઃષમાકાળમાં=પાંચમા આરામાં, છેલ્લી બે વંદના થાય છે; કેમ કે કાલદોષ જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૪૧।।**

**ભાવાર્થ :-**

જે જીવોને પ્રચુર માત્રામાં ક્લિષ્ટ કર્મો છે, તેથી બાહ્ય સંગમાં જ સુખબુદ્ધિ છે, તેના કારણે વીતરાગના પારમાર્થિક સ્વરૂપને સ્પર્શી શકે તેટલું મિથ્યાત્વ મંદ થયું નથી, તેવા જીવોને સંસારનું વાસ્તવિક સ્વરૂપ જોવામાં મંદબુદ્ધિ વર્તે છે અને વીતરાગના વીતરાગતા આદિ ભાવોને સ્પર્શવામાં તેઓની બુદ્ધિ અસમર્થ છે. આવા જડ જીવોને પ્રાયઃ કરીને છેલ્લા બે ભાંગાવાળી વંદના થાય છે.

અહીં પ્રાયઃ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જેઓનું મિથ્યાત્વ મંદ છે અથવા સમ્યક્ત્વની પ્રાપ્તિ થયેલી છે, એવા વિવેકી જીવો પણ અનુપયોગથી વંદના કરે છે ત્યારે તેઓની વંદના પણ છેલ્લા બે ભાગમાં પ્રાપ્ત થાય છે.

વળી, આ બે વંદના પ્રાયઃ દુર્ગતિફલવાળી છે, એમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે જેઓ ક્લિષ્ટ જીવો નથી, પરંતુ મંદ મિથ્યાત્વવાળા કે સમ્યગ્દૃષ્ટિ જીવો છે, તેઓ અનુપયોગ અવસ્થામાં છેલ્લી બે વંદના કરે છે, તેઓની વંદના મુદ્રાપ્રાયઃ=બાહ્ય આચરણા માત્ર, હોવા છતાં પણ દુર્ગતિફલવાળી નથી, પરંતુ વિવેકી હોવાથી અપૂર્વ વંદનાના હેતુભૂત તેઓની વંદના છે, તેથી સુગતિફલવાળી પણ છે.

દુઃષમાકાલમાં પ્રાયઃ જીવો આ પ્રકારની છેલ્લી બે વંદના કરીને કુદેવત્વ અને કુમાનુષત્વ પ્રાપ્ત કરે છે, તેથી એ પ્રાપ્ત થાય કે ગાઢ મિથ્યાત્વ અવસ્થામાં જીવો કોઈક રીતે ધર્મબુદ્ધિવાળા થાય છે ત્યારે ચૈત્યવંદન કરીને કોઈક શુભભાવો કરે છે, જેનાથી દેવભવ કે મનુષ્યભવ પ્રાપ્ત કરે છે; તોપણ તે દેવભવમાં કે મનુષ્યભવમાં પણ તીવ્ર વિપર્યાસ પ્રગટે છે, જેથી વિષયોની ગૃદ્ધિમાં યત્ન કરીને તેઓના ભવને તેઓ નિષ્ફલ કરે છે. માટે ચરમ બે ભાંગાવાળી વંદના કલ્યાણનું કારણ નથી, એથી વિવેકી જીવોએ સદા પ્રથમ બે ભાંગામાંથી ઉચિત વંદના થાય, તેવો યત્ન કરવો જોઈએ. **॥૩/૪૧॥**

**અવતરણિકા :-**

**इहैवार्थे मतान्तरमाह –**

**અવતરણિકાર્થ :-**

આ જ અર્થમાં=ચરમ બે ભાંગાવાળી વંદના દુર્ગતિ ફલવાળી છે એમ પૂર્વમાં કહ્યું એ જ અર્થમાં, મતાંતરને કહે છે –

**ગાથા :-**

**अण्णे उ लोगिगच्चिय एसा णामेण वंदणा जइणी ।**
**जं तीइ फलं तं चिय इमीए ण उ अहिगयं किंचि ।।३/४२।।**

**છાયા :-**

अन्ये तु लौकिक्येव एषा नाम्ना वन्दना जैनी ।
यत् तस्याः फलं तदेव अस्या न तु अधिकृतं किञ्चित् ।।३/४२।।

**અન્વયાર્થ :-**

उ अण्णे=વળી અન્ય આચાર્યો, लोगिगच्चिय=લૌકિકી જ, एसा=આ=વંદના છે, णामेण=નામથી=માત્ર નામથી, जइणी वंदणा=જૈનીવંદના છે, (એમ કહે છે.) जं=જે, तीइ फलं=તેનું ફલ છે=લૌકિકી વંદનાનું ફલ છે, तं चिय=તે જ, इमीए=આનું છે=આ વંદનાનું ફલ છે=નામથી જૈનીવંદનાનું ફલ છે. उ=વળી, किंचि=કાંઈક=કાંઈક પણ, अहिगयं ण=અધિકૃત નથી=અધિકૃત ફલ નથી=થોડું પણ જૈની=વંદનાનું ફલ નથી. ।।૩/૪૨।।

**ગાથાર્થ :-**

**વળી, અન્ય આચાર્યો લૌકિકી જ આ=વંદના છે, નામથી જૈનીવંદના છે, એમ કહે છે. જે તેનું ફલ છે=લૌકિકી વંદનાનું ફલ છે, તે જ આનું=આ વંદનાનું ફલ છે=નામથી જૈનીવંદનાનું ફલ છે. વળી, કાંઈક પણ અધિકૃત નથી=અધિકૃત ફલ નથી=થોડું પણ જૈનીવંદનાનું ફલ નથી. ।।૩/૪૨।।**

**ટીકા :-**

व्याख्या–'अण्णे'त्यादि । एके तावदियमनिष्टफलेत्याहुः । अन्ये तु=अपरे पुनराचार्याः, साक्षाद-नर्थफलतामपश्यन्तोऽस्याः प्राहुः, यदुत – लौकिक्येव=सामान्यलोकसंबन्धिन्येव, न पुनर्जैनी, एषा=अनन्तरोक्ताऽन्त्यभङ्गकद्वयवन्दना । ननु अर्हद्वन्दनेतीयं प्रसिद्धा, न शिवादिवन्दनेत्यतः कथं नार्हति ? इत्याह – नाम्ना=अभिधानेनैव, न तु फलतः, वन्दना=चैत्यवन्दना, जैनी=जिनसंबन्धिनी,

**अथ कथमिदमवसीयत ? इत्याह – यत इति वाक्यशेषः, यदिति यदेव तस्या लौकिकवन्दनायाः फलं=साध्यं, तदेव नान्यदस्याः=अन्त्यभङ्गकद्वयगतजैनवन्दनायाः, न तु=न पुनरधिकृतं=प्रस्तुतं जिनवन्दनोचितं मोक्षादि, अथवाऽधिकम्=अर्गलतरं लौकिकवन्दनापेक्षयेति किञ्चित्=किमपि= अल्पीयोऽपि । इति गाथार्थः ।।३/४२।।**

**ટીકાર્થ :-**

**एके ..... गाथार्थः ।। 'अण्णेत्यादि' પ્રતીક છે. એક આચાર્યો આને=છેલ્લી બે વંદનાને, અનિષ્ટ ફલવાળી કહે છે. વળી, અપર આચાર્યો આની સાક્ષાત્ અનર્થફલતાને નહિ જોતા=છેલ્લી બે વંદનાને અનર્થફલતાને નહિ જોતા, કહે છે. જે – લૌકિકી=સામાન્ય લોક સંબંધી, આ=અનંતર ઉક્ત છેલ્લા બે ભાંગાવાળી વંદના છે, પરંતુ જિનની આ વંદના નથી.**

**'ननु'થી શંકા કરે છે –**

**અરિહંતની જ આ વંદના છે, એ પ્રમાણે આ પ્રસિદ્ધ છે, શિવ આદિની વંદના નથી. એથી કેવી રીતે અરિહંતમાં નથી ? એથી કહે છે –**

**નામથી જ જિન સંબંધી વંદના છે=ચૈત્યવંદના છે, વળી ફલથી નથી.**

**કેવી રીતે આ નક્કી થાય છે ? અર્થાત્ નામથી જ આ ભગવાનની વંદના છે એ કેવી રીતે નક્કી થાય છે ? એથી કહે છે –**

**'यतः' એ વાક્યશેષ છે='જે કારણથી' એ શબ્દ ગાથામાં અધ્યાહાર છે. તેથી જે કારણથી જે જ લૌકિકી વંદનાનું ફલ=સાધ્ય છે, તે જ આનું=અંત્યભંગદ્વયગત જૈનીવંદનાનું, ફલ છે, પરંતુ પ્રસ્તુત જૈનીવંદનાને ઉચિત મોક્ષાદિ ફલ નથી અથવા અધિક કાંઈ ફલ નથી=લૌકિકી વંદનાની અપેક્ષાએ અધિક કાંઈ પણ=અલ્પ પણ ફલ નથી. ।।૩/૪૨।।**

**ભાવાર્થ :-**

એક આચાર્યો ચરમ બે ભાંગાની વંદનાને કુદેવત્વ અને કુમાનુષત્વરૂપ અનિષ્ટ ફલવાળી કહે છે. વંદના કરીને તેઓ દેવાદિ ભવને પામીને વિષયોમાં ગાઢ મૂર્ચ્છા કરશે, તેવા ફલવાળી તેઓની વંદના છે, તેમ કહે છે.

વળી, બીજા આચાર્યો તે વંદનાથી સાક્ષાત્ કોઈ અનર્થફલને નહિ જોતા કહે છે કે સામાન્યથી જે લૌકિક વંદના છે, તેવી આ વંદના છે; જૈનીવંદના નથી. નામથી જૈનીવંદના છે, શિવ આદિની વંદના નથી; કેમ કે જિનપ્રતિમા આગળ જિનના વર્ણનને કરનાર આ વંદના છે.

તેથી એ પ્રાપ્ત થાય કે જેઓને વિશેષ કોઈ પ્રકારની ઊહ નથી. ફક્ત મુગ્ધતાથી છેલ્લી બે વંદના કરે છે, તેઓ શિવાદિ પાસે વંદના કરે કે અરિહંત પાસે કરે, તે વંદનામાં આપણા દેવ છે માટે પૂજવા જોઈએ, તેવો સામાન્ય ભાવ છે; પરંતુ જિનવંદના માટે જરૂરી છે તેવો કોઈ ઉચિત ભાવ નથી. માટે લૌકિક વંદના

કરનારા જીવો 'આપણા દેવ છે, તેથી તેમની હું પૂજા કરું' આ પ્રકારના ભાવથી લૌકિક દેવની પૂજા કરે છે. તેવી જ પ્રસ્તુતમાં કરાતી જિનની વંદના છે માટે તે વંદનાનું ફલ લૌકિક વંદનાતુલ્ય છે. તેથી તે નિષ્ફલ વંદના છે, પરંતુ દુર્ગતિ ફલવાળી વંદના નથી, એમ અન્ય આચાર્યો કહે છે. **॥૩/૪૨॥**

**અવતરણિકા :-**

**एतस्यैवाचार्यान्तरमतस्याभ्यनुज्ञानार्थमाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ આચાર્યના મતના સ્વીકારના અર્થને કહે છે –**

**ગાથા :-**

**एयं पि जुज्जइ च्चिय तदणारंभाउ तप्फलं व जओ ।**
**तप्पच्चवायभावो वि हंदि तत्तो ण जुत्त त्ति ।।३/४३।।**

**છાયા :-**

**एतदपि युज्यत एव तदनारम्भात् तत्फलमिव यतः ।**
**तत्प्रत्यपायभावोऽपि हंदि ततो न युक्त इति ।।३/४३।।**

**અન્વયાર્થ :-**

**एयं पि जुज्जइ च्चिय=આ પણ ઘટે જ છે=અન્ય આચાર્ય કહે છે એ પણ ઘટે જ છે; (કેમ કે) तदणारंभाउ=તેનો અનારંભ છે=જૈનીવંદનાનો અનારંભ છે, जओ=જે કારણથી, तप्फलं व=તેના ફલની જેમ=જૈનીવંદનાના ફલની જેમ, तत्तो=તેનાથી છેલ્લા બે ભાંગાની વંદનાથી, तप्पच्चवायभावो=તેના પ્રત્યપાયનો ભાવ, वि=પણ, ण जुत्त त्ति=યુક્ત નથી.**

**'हंदि' શબ્દ ઉપપ્રદર્શનમાં છે. ॥૩/૪૩॥**

**ગાથાર્થ :-**

**આ પણ ઘટે જ છે=અન્ય આચાર્ય કહે છે એ પણ ઘટે જ છે; કેમ કે તેનો અનારંભ છે= જૈનીવંદનાનો અનારંભ છે, જે કારણથી તેના ફલની જેમ=જૈનીવંદનાના ફલની જેમ, તેનાથી છેલ્લા બે ભાંગાની વંદનાથી તેના પ્રત્યપાયનો ભાવ પણ યુક્ત નથી. ॥૩/૪૩॥**

**ટીકા :-**

**व्याख्या–'एय'मित्यादि । एतदपि=अनन्तरोक्तमाचार्यान्तरमतेन कुवन्दनाया लौकिकत्वमपि, न केवलमस्मदुक्तमनिष्टफलत्वमेव, युज्यत एव=घटत एव, अत्रोपपत्तिमाह – तदनारंभात्=जैनवन्दना-**

ऽनासेवनात्, अन्त्यवन्दनाद्वये हि अपुनर्बन्धकादिभावाभावाज्जैनवन्दनाया अनारंभ एव, तत्फलमिव=जैनवन्दनाऽऽराधनाजन्यस्वर्गापवर्गसम्पत्तिक्षुद्रोपद्रवहान्यादिलक्षणफलमिव, यतो=यस्माद्धेतोः, तस्या=जैनवन्दनाया अविधिकृतायाः, सकाशात् प्रत्यपाया=उन्मादरोगधर्मभ्रंशलक्षणा अनर्थाः, तत् प्रत्यपायास्तेषां भावस्तत्प्रत्यपायभावः, सोऽपि, अपिशब्दादिष्टार्थभावोऽपि, हंदीत्युपप्रदर्शने, ततः=कुवन्दनातः, अथवा 'तत्तो' त्ति तत एव=जैनवन्दनाऽनारम्भादेव, अवधारणं चेह काकुपाठात्प्रतीयते, न युक्तो=न घटमानः स्यात्, इतिशब्दो वाक्यार्थसमाप्तौ । इदमुक्तं भवति – यथा जैनवन्दनाऽनारम्भान्मुद्राप्रायवन्दनायामिष्टफलं न युक्तमेवं जैनवन्दनानारंभादेव तज्जन्यानर्थोऽपि न युक्तः स्यात्, दृश्यते च मुद्राप्रायवन्दनायामनर्थाभावः यतोऽतोऽसौ जैनी न भवत्यपि तु लौकिक्येव । इति गाथार्थः ।।३/४३।।

**ટીકાર્થ :-**

एतदपि ..... गाथार्थः ।। 'एयमित्यादि' પ્રતીક છે. આ પણ=અનંતરમાં કહેવાયેલા આચાર્યના મતથી કુવંદનાનું લૌકિકપણું પણ, ઘટે જ છે. કેવલ અમારા વડે કહેવાયેલું અનિષ્ટ ફલપણું ઘટતું નથી અર્થાત્ બન્ને વચનો અપેક્ષાભેદથી સંગત જ છે.

આમાં=છેલ્લી બે વંદનાનું લૌકિકપણું છે એમાં, ઉપપત્તિને કહે છે –

તેનો અનારંભ હોવાથી=જૈનવંદનાનું અનાસેવન હોવાથી, લૌકિકપણું ઘટે છે એમ અન્વય છે. हि=જે કારણથી, અન્ત્ય વંદનાદ્વયમાં અપુનર્બંધકાદિ ભાવનો અભાવ હોવાથી જૈનવંદનનો અનારંભ જ છે. તત્ફલની જેમ=જૈનવંદનાની આરાધનાજન્ય સ્વર્ગ-અપવર્ગની સંપત્તિ અને ક્ષુદ્ર ઉપદ્રવની હાનિ આદિ લક્ષણ ફલની જેમ, જે કારણથી અવિધિકૃત એવી જૈનીવંદનાથી પ્રત્યપાયો=ઉન્માદ-રોગ-ધર્મભ્રંશરૂપ અનર્થ આત્મક તેના પ્રત્યપાયો, તેનો ભાવ=તત્પ્રત્યપાયનો ભાવ, તે પણ યુક્ત નથી, એમ અન્વય છે.

'अपि' શબ્દથી ઈષ્ટાર્થ ભાવ પણ=વંદનાથી ઈષ્ટ એવા ફલનો ભાવ પણ, યુક્ત નથી, એમ અન્વય છે.

'हंदि' શબ્દ ઉપપ્રદર્શનમાં છે.

તેનાથી=કુવંદનાથી, પ્રત્યપાયનો ભાવ યુક્ત નથી, એમ અન્વય છે. અથવા તેનાથી જ=જૈન વંદનાનો અનારંભ હોવાથી જ, પ્રત્યપાયનો ભાવ યુક્ત નથી, એમ અન્વય છે. અહીં=જૈન વંદનાના અનારંભના કથનમાં, કાકુપાઠથી અવધારણ પ્રતીત થાય છે.

'इति' શબ્દ વાક્યાર્થની સમાપ્તિમાં છે.

આ કહેવાયેલું થાય છે – જે પ્રમાણે જૈન વંદનાના અનારંભને કારણે મુદ્રાપ્રાયઃ વંદનામાં ઈષ્ટ ફલ યુક્ત નથી, એ રીતે જૈન વંદનાના અનારંભને કારણે તજ્જન્ય અનર્થ પણ યુક્ત ન થાય અને

**જે કારણથી મુદ્રાપ્રાયઃ વંદનામાં અનર્થનો અભાવ દેખાય છે આથી આ=મુદ્રાપ્રાયઃ વંદના જૈની નથી, પરંતુ લૌકિકી જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૪૩।।**

**ભાવાર્થ :-**

અન્ય આચાર્ય જે કહે છે કે – "લૌકિક વંદનાનું જે ફલ છે, તે જ છેલ્લા બે ભાંગાથી કરાતી જૈનીવંદનાનું ફલ છે" - તે ઘટે જ છે; કેમ કે તેનો અનારંભ છે=જિનગુણના પ્રણિધાનપૂર્વક જિનવંદનાનો અનારંભ છે. તેથી જે પ્રમાણે જૈનીવંદનાથી સુગતિ અને મોક્ષની પ્રાપ્તિ આદિ ફલો થાય છે, તેવાં ફલ તે વંદનાથી થતાં નથી, તે જ રીતે જૈનીવંદનાની અવિધિજન્ય અનર્થ ફલો પણ તે વંદનાથી થતાં નથી.

આશય એ છે કે ભગવાનની પાસે છેલ્લા બે ભાંગાથી જેઓ ચૈત્યવંદન કરે છે, તેઓને જેમ "ચૈત્યવંદનાથી પરભવમાં પ્રાપ્તવ્ય 'દેવલોક અને મોક્ષ' સ્વરૂપ ફલ અને આ ભવમાં પ્રાપ્તવ્ય 'અનર્થોની હાનિ' સ્વરૂપ ફલ મળતું નથી, તેમ તે ચૈત્યવંદનથી કોઈ અનર્થ ફલ પણ પ્રાપ્ત થતું નથી માટે તે દુર્ગતિના ફલવાળી નથી; પરંતુ લૌકિક વંદનાતુલ્ય ફલવાળી છે.

આનાથી એ ફલિત થાય કે જે લોકોને મોક્ષ પ્રત્યે દ્વેષ છે, અથવા જમાલી આદિની જેમ ભગવાનના વચનથી વિપરીત વચનમાં ગાઢ અભિનિવેશ છે તેઓ ચૈત્યવંદનાદિ કરીને કાંઈક શુભભાવો દ્વારા દેવગતિમાં ઉત્પન્ન થાય છે, તોપણ તેઓને વીતરાગતાથી વિરુદ્ધ ભોગ આદિમાં ગાઢ સંશ્લેષ થવાથી તેઓનો દેવભવ અને મનુષ્યભવ અધિક અનર્થોનું કારણ બનતું હોવાને કારણે તે ચૈત્યવંદન દુર્ગતિના ફલવાળું છે.

વળી આપણા દેવ છે તેવું માનીને જેમ લૌકિક દેવને પૂજનારા જીવો પોતાના લૌકિક દેવને પૂજે છે તે રીતે જૈનોમાં કેટલાક જીવોને મોક્ષ પ્રત્યે દ્વેષ આદિ કોઈ ક્લિષ્ટ ભાવ ન હોવા છતાં જિનગુણનું બહુમાન પણ નથી અને માત્ર આપણા ભગવાન છે, તેમ માનીને ચૈત્યવંદના કરે છે, તેઓનું ચૈત્યવંદન નિષ્ફળ છે. તેઓના ચૈત્યવંદનની ક્રિયાથી કોઈ ક્લિષ્ટ ભાવો પણ થતા નથી, તેથી મિથ્યાત્વ પુષ્ટ બને તેવા અનર્થ ફલ વગરની તેઓની વંદના છે. **।।૩/૪૩।।**

**અવતરણિકા :-**

**अमुमेवार्थं भावयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આ જ અર્થને=છેલ્લા બે ભાંગાવાળી વંદના અનિષ્ટ ફલવાળી નથી પરંતુ લૌકિકી વંદનાની જેમ નિષ્ફળ છે એ જ અર્થને ભાવન, કરતાં કહે છે –**

**ગાથા :-**

**जमुभयजणणसभावा एसा विहिणेयरेहिं ण उ अण्णा ।**
**ता एयस्साभावे इमीए एवं कहं बीयं ?।।३/४४।।**

છાયા :-

यदुभयजननस्वभावा एषा विधिनेतरैर्न तु अन्या ।
तदेतस्याभावेऽस्यामेवं कथं द्वितीयम्? ।।३/४४।।

અન્વયાર્થ :-

जं=જે કારણથી, एसा=આ=જૈનીવંદના, विहिणेयरेहिं=વિધિથી અને ઈતરથી=અવિધિથી, उभयजणण-सभावा=ઉભયજનન સ્વભાવવાળી છે, अण्णा ण उ=પરંતુ અન્ય વંદના નહિ=લૌકિકી વંદના નહિ, ता=તે કારણથી, इमीए=આમાં=છેલ્લા બે ભાંગાની વંદનામાં, एयस्साभावे=આનો અભાવ હોતે છતે= ઈષ્ટ ફલનો અભાવ હોતે છતે, एवं=આ રીતે=આ ન્યાયથી, कहं=કેવી રીતે, बीयं=દ્વિતીય થાય ?= અનિષ્ટ ફલ થાય ? અર્થાત્ થાય નહિ. ।।૩/૪૪।।

ગાથાર્થ :-

**જે કારણથી આ=જૈનીવંદના, વિધિથી અને ઈતરથી=અવિધિથી, ઉભયજનન સ્વભાવવાળી છે, પરંતુ અન્ય વંદના નહિ=લૌકિકી વંદના નહિ, તે કારણથી આમાં=છેલ્લા બે ભાંગાની વંદનામાં, આનો અભાવ હોતે છતે=ઈષ્ટ ફલનો અભાવ હોતે છતે, આ રીતે=આ ન્યાયથી, કેવી રીતે દ્વિતીય થાય ?=અનિષ્ટ ફલ થાય ? અર્થાત્ થાય નહિ. ।।૩/૪૪।।**

ટીકા :-

व्याख्या—'जमुभे'त्यादि । यद्=यस्माद्धेतोः, उभयजननस्वभावा=इष्टानिष्टार्थोत्पादनबीजकल्पा, एषा=जैनवन्दना, अथ कथमेकैवोभयजननस्वभावा ? इत्याह — 'विहिणेयरेहिं ति' विधानेन क्रियमाणेन, इष्टफला, इतरैः=अविधिभिः, तु प्रत्यपायफला । लौकिक्यप्येवम्भूतेति चेत् ? इत्यत्राह— न त्वन्या=न पुनरपरा लौकिकीत्यर्थः, लौकिकत्वादेव । ततः किम् ? इत्याह — 'ता' इति यत एवं तत्तस्माद्, एतस्य=प्राग्दृष्टान्तीकृतस्येष्टफलस्य, अभावे=अभवने, अस्यां=द्विविधकुवन्दनायाम्, एवम्=अमुना न्यायेन=विधीतराभ्यां सत्फलप्रत्यपायजनकत्वलक्षणेन, कथं ?=केन प्रकारेण ?, न कथञ्चिदित्यर्थः, द्वितीयं=प्रत्यपायलक्षणं फलमित्यर्थः, अतः सुष्ठूक्तं — 'तत्फलमिव तत्प्रत्यपाय-भावोऽपि न युक्त' इति, यत्र च प्रत्यपायोऽपि न भवति, सा जैनी न भवतीति, अथवा तस्मा-देतस्य=इष्टानिष्टफललक्षणस्योभयस्य, अभावोऽस्यां कथं बीजमिव बीजं जैनीत्वम् ? जैनी ह्यर्थानर्थबीजम्, अथवा कथं बीजं ?=कथमपुनर्बन्धकादित्वं ? तद्धि वन्दनाजन्यार्थानर्थबीजं अतो बीजाभावादेषा लौकिक्येवेति युक्तमेव । इति गाथार्थः ।।३/४४।।

**ટીકાર્થ :-**

**यद्यस्माद्धेतोः ..... गाथार्थः ।। 'जमुभेत्यादि' પ્રતીક છે. જે કારણથી ઉભયજનનસ્વભાવવાળી=ઈષ્ટ-અનિષ્ટઅર્થઉત્પાદનના બીજ જેવી, આ=જૈનીવંદના, છે.**

**'अथ'થી શંકા કરે છે – કેવી રીતે એક જ વંદના ઉભયજનનસ્વભાવવાળી છે ?=એક જ જૈનીવંદના કેવી રીતે ઈષ્ટ-અનિષ્ટ ઉભયજનનસ્વભાવવાળી છે ? એથી કહે છે –**

**વિધાનથી કરાતી ઈષ્ટ ફલવાળી છે. વળી, ઈતરથી=અવિધિથી, કરાતી પ્રત્યપાય ફલવાળી છે.**

**લૌકિકી પણ આવા પ્રકારની છે, એમ જો પૂર્વપક્ષી કહે તો તેમાં=પૂર્વપક્ષીની શંકામાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**વળી, અન્ય નથી=અપર એવી લૌકિકી વંદના ઈષ્ટ-અનિષ્ટ ફલવાળી નથી; કેમ કે લૌકિકપણું છે.**

**તેથી શું ?=લૌકિકી વંદના છે, તેથી શું ? એથી કહે છે –**

**જે કારણથી આ પ્રમાણે છે તે કારણથી=લૌકિકી છે તે કારણથી, આમાં=બે પ્રકારની કુવંદનામાં, આના અભાવમાં=પૂર્વે દૃષ્ટાંતરૂપ કરાયેલ ઈષ્ટ ફલના અભાવમાં, આ ન્યાયથી=વિધિ-ઈતર દ્વારા સફલપ્રત્યપાયજનકત્વરૂપ આ ન્યાયથી, કયા પ્રકારથી બીજું=પ્રત્યપાય લક્ષણ, ફલ થાય ? અર્થાત્ કોઈ રીતે થાય નહિ. આથી=લૌકિકી વંદનાનું પ્રત્યપાય ફલ થાય નહિ આથી, સુંદર કહેવાયું=પૂર્વમાં સુંદર કહેવાયું, તેના ફલની જેમ=વંદનાના ફલની જેમ, તેના પ્રત્યપાયનો ભાવ પણ યુક્ત નથી=ચરમ બે વંદના લૌકિકી વંદનાતુલ્ય હોવાથી જૈનીવંદનાના ફલની જેમ તેના પ્રત્યપાયનો ભાવ પણ યુક્ત નથી=અનિષ્ટ ફલ પણ યુક્ત નથી અને જેમાં=જે વંદનામાં, અનર્થ ફલ પણ થતું નથી, તે જૈનીવંદના નથી અથવા આ વંદનામાં આનો=ઈષ્ટ-અનિષ્ટ લક્ષણ ઉભય ફલનો, અભાવ છે. તે કારણથી કેવી રીતે બીજની જેમ જૈનીત્વ બીજ છે ? અર્થાત્ જૈનીત્વરૂપ બીજ પ્રસ્તુત બે વંદનામાં નથી. हि=જે કારણથી, જૈની અર્થ-અનર્થ બીજરૂપ છે. અથવા બીજ કેવી રીતે ?=અપુનર્બંધકાદિપણું કેવી રીતે ?=તે વંદના કરનારા જીવોમાં અપુનર્બંધકાદિપણું નથી માટે બીજ નથી, हि=જે કારણથી, તે=અપુનર્બંધકાદિપણું, વંદનાજન્ય અર્થ-અનર્થનું બીજ છે. આથી=બીજના અભાવથી=છેલ્લી બે વંદનામાં અપુનર્બંધકાદિ રૂપ બીજના અભાવથી, આ=છેલ્લી બે વંદના, લૌકિકી જ છે, એ પ્રમાણે યુક્ત જ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૪૪।।**

**ભાવાર્થ :-**

ભગવાનનું ચૈત્યવંદન કરવાથી જીવને ઇષ્ટ ફલ અને અનિષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે=વિધિપૂર્વક કરવાથી ઇષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે અને અવિધિપૂર્વક કરવાથી અનિષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે. આથી જ જેઓને ભગવાનના વચન પ્રત્યેનો બહુમાનભાવ છે, તેઓ બાહ્ય અને અંતરંગ વિધિપૂર્વક વંદના કરવા

અર્થે સમ્યગ્ યત્ન કરે છે; છતાં અભ્યાસદશામાં તેમની વંદના પૂર્ણ વિધિપૂર્વક થતી નહીં હોવા છતાં વિધિપૂર્વક કરવાને અનુકૂળ કાંઈક યત્ન છે, તેથી અવિધિ અલ્પ-અલ્પતર થાય છે અને કાંઈક કાંઈક અંશો વિધિપૂર્વકના થાય છે તેઓની વંદનામાં અવિધિ ક્ષીણ થતી હોવાથી નિરનુબંધ છે અને પૂર્ણ વિધિ અનુસાર સેવવાની ઇચ્છાવાળા છે તથા કાંઈક અંશથી વિધિ છે, તેથી તેઓને તે વંદનાથી ઇષ્ટ ફલ મળે છે.

જેઓ વિધિ પ્રત્યે આદરવાળા નથી અને અવિધિથી જૈનીવંદના કરે છે, તેઓના ચિત્તમાં અંતરંગ ભગવાન પ્રત્યે બહુમાન નથી. આવા જીવોને જૈનીવંદના પ્રત્યે કરણનો અભિલાષ છે તોપણ જિનવચન પ્રત્યે અનાદર છે અને અવિધિથી જિનની વંદના કરે છે, તેથી તેઓની વંદના અનિષ્ટ ફલવાળી છે.

આના સિવાયની અન્ય વંદનાઓ વિધિપૂર્વક કરવાથી ઇષ્ટ ફલવાળી અને અવિધિથી કરવાથી અનિષ્ટ ફલવાળી નથી; કેમ કે લૌકિકી છે.

જેમ લૌકિકી વંદના કરનારા મહાદેવ આદિને વિધિથી વંદના કરે, તેનું પણ સ્વર્ગ-અપવર્ગની પ્રાપ્તિરૂપ ફલ મળતું નથી અને અવિધિથી કરે તો તેનું નરક-તિર્યંચગતિની પ્રાપ્તિ આદિરૂપ અનિષ્ટ ફલ મળતું નથી. ક્વચિદ્ લૌકિકી વંદનાના વિષયભૂત વ્યંતરદેવ આદિ તુષ્ટ થાય અને ઇષ્ટ ફલ આપે કે કુપિત થાય અને તે અનિષ્ટ ફલ આપે તે બને, પરંતુ તે વંદનાથી પ્રાપ્તવ્ય પુણ્ય-પાપરૂપ ફલની પ્રાપ્તિ નથી.

વળી, જેઓ અપુનર્બંધકાદિ દશા પામ્યા નથી અને કોઈક રીતે મહાદેવ આદિની પૂજા કરે છે, તેમ આવા જીવો જિનપ્રતિમા આદિની પૂજા કરતા હોય કે લૌકિકી વંદનાની જેમ ચૈત્યવંદન કરે ત્યારે છેલ્લી બે વંદનામાં અનિષ્ટ ફલની પ્રાપ્તિ થઈ શકે નહિ; કેમ કે લૌકિકી વંદના જેવી તેઓની વંદના હોવાથી વિધિપૂર્વક કરાયેલ લૌકિકી વંદનાની જેમ સ્વર્ગ-મોક્ષરૂપ ફલ પ્રાપ્ત થતું નથી, તેમ અવિધિથી કરાયેલી લૌકિકી વંદનાની જેમ અનિષ્ટ ફલ પ્રાપ્ત થઈ શકે નહિ. માટે ચાર ભાંગામાંથી છેલ્લા બે ભાંગાની વંદના નિષ્ફળ છે, એમ સ્વીકારવું જોઈએ.

ગાથામાં 'कथं बीयं' શબ્દ છે, તેનો અર્થ 'कथं द्वितीयं' અર્થાત્ પ્રત્યપાયરૂપ અનર્થફલરૂપ દ્વિતીય કેવી રીતે થાય ? તેમ કહેલ. હવે 'कथं बीयं'નો અર્થ 'कथं बीजं' એ પ્રમાણે કરીને અર્થ કરે છે –

છેલ્લી બે વંદનામાં જૈનીત્વરૂપ બીજ કેવી રીતે હોઈ શકે ? અર્થાત્ હોઈ શકે નહિ; કેમ કે જૈનીવંદના અર્થ-અનર્થનું બીજ છે અર્થાત્ ભગવાનના વચનાનુસાર કરાતી વંદના અર્થનું બીજ છે અને ભગવાનના વચનથી વિપરીત કરાતી વંદના અનર્થનું બીજ છે. અથવા 'कथं बीजं'નો અર્થ છેલ્લી બે વંદનામાં કેવી રીતે અપુનર્બંધકત્વ આદિરૂપ બીજ છે ? અર્થાત્ નથી અને અપુનર્બંધકત્વ આદિરૂપ બીજ નહિ હોવાથી તે બે વંદના લૌકિકી જ છે, તેથી એ ફલિત થાય કે જે વંદનામાં અપુનર્બંધકત્વ કે સમ્યગ્દૃષ્ટિત્વ આદિ બીજો છે, તે જ વંદના જૈની છે. જેઓની વંદનામાં અપુનર્બંધકત્વ આદિ બીજો નથી, તેઓની વંદના લૌકિકી છે અને છેલ્લી બે વંદના આવી હોવાથી તેનું કોઈ અનિષ્ટ ફલ નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે અપુનર્બંધક, સમ્યગ્દૃષ્ટિ કે ચારિત્રધર મહાત્મા ભગવાનની વંદના કરે છે, તેઓ વિધિપૂર્વક વંદના કરે, તેનાથી તેઓને ઇષ્ટ ફલ મળે. ક્વચિદ્ અભ્યાસદશામાં વિધિની ક્ષતિ થતી

હોય તોપણ વિધિપૂર્વક કરવાનો આદર હોય, વિધિને જાણવાનો યત્ન હોય, વંદના કાંઈક વિધિ સહિત થતી હોય તો તેનાથી ભગવાનની ભક્તિના શુભભાવો થાય છે, તે વંદના શુભ ફલવાળી છે. જ્યારે આ જ અપુનર્બંધક આદિ જીવોની બાહ્ય અને અભ્યંતર શક્તિ અનુસાર પૂર્ણ વિધિથી કરાયેલી વંદના મહાફલવાળી છે.

વળી, અપુનર્બંધકાદિ જીવો કર્મના દોષથી વિધિ પ્રત્યેની ઉપેક્ષાવાળા થઈને અવિધિથી યથાતથા વંદના કરે છે, ત્યારે ભગવાનના વચન પ્રત્યેના અનાદરને કારણે દુરંત સંસારના ફલને પ્રાપ્ત કરે છે. આથી જ ચારિત્રનું પાલન ભગવાનના ભાવસ્તવરૂપ હોવાથી અપુનર્બંધકાદિ કે ભાવસાધુ ચારિત્ર ગ્રહણ કર્યા પછી પ્રમાદી થાય છે, ત્યારે અવિધિથી ચારિત્રના પાલનરૂપ વંદનાને કરીને દુરંત સંસારમાં ભટકે છે. જેમ શીતલવિહારી સાધુ ચારિત્રના આચાર શિથિલપણે પાળીને વંદનાના અનિષ્ટ ફલરૂપે અનંત સંસારની પ્રાપ્તિ કરેલ; પરંતુ જેઓમાં અપુનર્બંધકાદિ દશા પ્રાપ્ત જ થઈ નથી, તેઓ મહાદેવ આદિને લૌકિક વંદના કરે, તેની જેમ જ જિનપ્રતિમા આગળ પણ વંદના કરતા હોય છે. તેથી તેઓની વંદનામાં જૈનીવંદનાપણું જ નથી. વળી તેઓની વંદનામાં જૈનીવંદનાના બીજભૂત અપુનર્બંધકાદિ ભાવો નથી, તેથી તેઓની વંદનાની ક્રિયા સંસારની અન્ય ક્રિયાની તુલ્ય જ છે અથવા વ્યંતરાદિ કોઈ દેવની ઉપાસના જેવી જિનપ્રતિમા આગળ વંદનાદિની ક્રિયા છે. તેથી તેઓ વિધિપૂર્વક વંદના કરે, તેનું ઇષ્ટ ફલ મળતું નથી અને અવિધિથી કરે, તેનું અનિષ્ટ ફલ પણ મળતું નથી, પરંતુ તેઓની વંદનની ક્રિયા નિષ્ફળ છે. **॥૩/૪૪॥**

**અવતરણિકા :-**

**इदमेव निगमयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**આને જ નિગમન કરતાં કહે છે=ગાથા-૪૪માં કહ્યું કે છેલ્લી બે વંદના લૌકિકી વંદના હોવાથી નિષ્ફળ છે એને જ નિગમન કરતાં કહે છે અર્થાત્ ફલિતાર્થને કહે છે –**

**ગાથા :-**

**तम्हा उ तदाभासा अण्णा एस त्ति णायओ णेया ।**
**मोसाभासाणुगया तदत्थभावाणिओगेण ।।३/४५।।**

**છાયા :-**

**तस्मात्तु तदाभासा अन्यैषेति न्यायतो ज्ञेया ।**
**मृषाभाषानुगता तदर्थभावानियोगेन ।।३/४५।।**

**અન્વયાર્થ :-**

**तम्हा=તે કારણથી=છેલ્લી બે વંદના જૈની નથી તે કારણથી, तदाभासा अण्णा एस=તદાભાસ અન્ય**

આ=જૈની સદૃશ લાગતી લૌકિકી જ વંદના, णायओ=ન્યાયથી, णेया=જાણવી. तदत्थभावाणिओगेण= તદ્ અર્થના ભાવનો અનિયોગ હોવાના કારણે, मोसाभासाणुगया=મૃષાભાષાથી અનુગત છે.

'उ' શબ્દ અવધારણ અર્થમાં છે. 'त्ति' શબ્દ ઉપપ્રદર્શનમાં છે. ॥૩/૪૫॥

**ગાથાર્થ :-**

**તે કારણથી=છેલ્લી બે વંદના જૈની નથી તે કારણથી, તદાભાસ અન્ય આ=જૈની સદૃશ લાગતી લૌકિકી જ વંદના, ન્યાયથી જાણવી. તદ્ અર્થના ભાવનો અનિયોગ હોવાના કારણે મૃષાભાષાથી અનુગત છે. ॥૩/૪૫॥**

**ટીકા :-**

व्याख्या—'तम्हे'त्यादि । यस्मादस्याः प्रत्यपायाभावाज्जैनीत्वं नास्ति, तस्माद्धेतोः, तुशब्दोऽवधारणे, तस्य च प्रयोगो दर्शयिष्यते, तदाभासा=जैनीसदृशी जिनादिशब्दानामुपादानाद्, अन्यैव= लौकिक्येव, एषा=अधिकृतदुर्वन्दना, इतिशब्द उपप्रदर्शने, न्यायत=उपपत्त्या, न्यायश्चानन्तरगाथोक्त एव, ज्ञेया=ज्ञातव्या, पुनः किंभूता ? इत्याह — मृषाभाषानुगता=असत्यवादान्विता, कथम् ? इत्याह — तदर्थे=वन्दनाभिधेयवस्तुनि, भावस्य=सच्छ्रद्धानाद्यध्यवसायस्य, अनियोगः=अव्यापारः, तदर्थभावानियोगस्तेन, यदा हि—'ठाणेणं मोणेणं झाणेणं' इत्यादिपदानि तदर्थे भावमनियुञ्जानः समु-च्चारयति, तदा मृषावाद एव स्यात्, ध्यानादीनामसंपादनात् । अथवा तदर्थाभावात्=वन्दना-प्रयोजनाभावात्, नियोगेन=अवश्यंतया । इति गाथार्थः ।।३/४५।।

**ટીકાર્થ :-**

यस्मादस्याः ..... गाथार्थः ।। 'तम्हेत्यादि' પ્રતીક છે. જે કારણથી આનો=છેલ્લી બે વંદનાનો, પ્રત્યપાયનો અભાવ હોવાથી જૈનીત્વ નથી, તે કારણથી તદ્આભાસ છે=જૈનીસદૃશ વંદના છે.

'तु' શબ્દ અવધારણમાં છે અને તેનો પ્રયોગ ટીકાકારશ્રી આગળ બતાવશે.

કેમ છેલ્લી બે વંદના જૈની સદૃશી છે ? જૈની નથી, તેમાં હેતુ કહે છે –

જિનાદિ શબ્દોનું ઉપાદાન છે=ચૈત્યવંદનની ક્રિયામાં જિનાદિ શબ્દોનું ગ્રહણ છે. અન્ય જ=લૌકિકી જ, આ અધિકૃત વંદના છે=છેલ્લી બે વંદના છે.

'इति' શબ્દ ઉપપ્રદર્શનના અર્થમાં છે.

છેલ્લી બે વંદના લૌકિકી કેમ છે ? એથી કહે છે –

ન્યાયથી=ઉપપત્તિથી, અધિકૃત વંદના લૌકિકી જાણવી અને ન્યાય અનંતર ગાથામાં કહેવાયેલો છે.

વળી, કેવા પ્રકારની છે ?=છેલ્લી બે વંદના કેવા પ્રકારની છે ?, એથી કહે છે –

**મૃષાભાષાથી યુક્ત છે=અસત્યવાદથી અન્વિત છે.**

**કેવી રીતે મૃષાભાષાથી યુક્ત છે ? એથી કહે છે –**

**તેના અર્થમાં=વંદનાની અભિધેય વસ્તુમાં, ભાવનો=સત્શ્રદ્ધાન આદિ અધ્યવસાયનો, અનિયોગ છે=અવ્યાપાર છે=તદ્ અર્થના ભાવનો અનિયોગ છે, તે કારણથી મૃષાવાદ છે.**

કઈ રીતે તદ્ અર્થના ભાવનો અનિયોગ છે ? એ સ્પષ્ટ કરે છે –

**જ્યારે** 'સ્થાનથી, મૌનથી અને ધ્યાનથી' **ઈત્યાદિ પદો તેના અર્થમાં=સ્થાનાદિ પદોના અર્થમાં, ભાવને તે નહિ યોજન કરતો પુરુષ ઉચ્ચારણ કરે છે, ત્યારે મૃષાવાદ જ થાય; કેમ કે ધ્યાનાદિનું અસંપાદન છે અથવા તદ્ અર્થનો અભાવ હોવાથી નિયોગથી મૃષાવાદ છે=વંદનાના પ્રયોજનનો અભાવ હોવાથી અવશ્યપણાથી મૃષાવાદ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૪૫॥**

**ભાવાર્થ :-**

ચાર ભાંગામાંથી છેલ્લા બે ભાંગાથી કરાયેલી વંદના અપુનર્બંધકાદિ જીવો કરતા નથી, પરંતુ દુર્ભવ્ય-અભવ્ય આદિ જીવો કરે છે. તેથી જૈનીવંદનાનું બીજ નહિ હોવાથી તે વંદના જૈની નથી; તોપણ જિન-પ્રતિમા સન્મુખ જૈનીવંદનાનાં સૂત્રો બોલાય છે, તેથી જૈનીવંદના સદૃશ ભાસે છે. અહીં યુક્તિથી વિચારીએ તો તે વંદના લૌકિકી જ છે; કેમ કે વીતરાગતાને અભિમુખ લેશ પણ ભાવ જેમનામાં નથી, તેઓ લૌકિક દેવો પાસે વંદના કરે કે જિનપ્રતિમા પાસે કરે તેમાં કોઈ ભેદ નથી. આ દૃષ્ટિથી તે વંદના જૈની નહિ હોવાથી અનર્થ ફલવાળી નથી, પરંતુ નિષ્ફળ છે. આમ છતાં વંદનાકાળમાં વંદના કરનાર પુરુષ જે સૂત્રો બોલે છે, તે સૂત્રના અર્થના ભાવમાં ચિત્તનો વ્યાપાર કરતો નથી અને તેવાં સૂત્રો બોલે છે, તેથી તેઓની વંદના મૃષાવાદથી યુક્ત છે, પરિણામે મૃષાવાદજન્ય અનર્થ ફલની પ્રાપ્તિ થાય. જેમ લોકમાં પણ કોઈએ ધન આપ્યું ન હોય અને 'મેં ધન આપ્યું છે' તેમ બોલે તો તે મૃષાવાદરૂપ હોવાથી તજ્જન્ય પાપબંધની પ્રાપ્તિ થાય, તેમ વંદનાકાલમાં કાયોત્સર્ગ કરવા અર્થે 'સ્થાન, મૌન અને ધ્યાનથી હું આત્માને વોસિરાવું છું' તેમ બોલે છે, ત્યારે કાયાથી સ્થિર થઈને, વચનથી મૌન થઈને અને ચિત્તથી વીતરાગનું ધ્યાન કરીને વીતરાગતુલ્ય થવાની પ્રતિજ્ઞા તે સૂત્રથી કરાય છે. અપુનર્બંધક જીવો કાંઈક અંશથી વિધિપૂર્વક આવો યત્ન કરે છે, જ્યારે અભવ્યને અને દુર્ભવ્યને તો વીતરાગતાને અભિમુખ લેશ પણ પરિણામ નથી. એથી કાયામાં સ્થિર રહીને પણ નવકારાદિ બોલે તોપણ વીતરાગનું ધ્યાન કરવા વીતરાગતાને અભિમુખ લેશ પણ માનસ વ્યાપાર કરતા નથી. માટે તેઓનો તે વચનપ્રયોગ મૃષાવાદરૂપ હોવાથી પાપબંધનું જ કારણ છે. **॥૩/૪૫॥**

**અવતરણિકા :-**

**एवं तावदन्त्यभङ्गकद्वयगतवन्दना फलत उक्ता, अथाद्यभङ्गकद्वयगतवन्दनाया अभव्यानां दुर्लभताप्रतिपादनायाह –**

અવતરણિકાર્થ :-

આ રીતે અંત્યભંગદ્વયની વંદના ફ્લથી કહેવાઈ. હવે અભવ્યોને આદ્યભંગદ્વયગત વંદનાની દુર્લભતાના પ્રતિપાદન માટે કહે છે=ભાવવંદનાને અયોગ્ય એવા અભવ્ય જીવોને પ્રથમ બે ભાંગાની વંદના દુર્લભ છે એ પ્રકારે પ્રતિપાદન કરવા માટે કહે છે –

ગાથા :-

**सुहफलजणणसभावा चिंतामणिमाइए वि णाभव्वा ।**
**पावंति किं पुणेयं परमं परमपयबीयं ति ?।।३/४६।।**

છાયા :-

शुभफलजननस्वभावान् चिन्तामण्यादिकानपि नाभव्याः ।
प्राप्नुवन्ति किं पुनरेतां परमां परमपदबीजमिति ।।३/४६।।

અન્વયાર્થ :-

सुहफलजणणसभावा=શુભ ફ્લજનન સ્વભાવવાળા, चिंतामणिमाइए=ચિંતામણિ આદિને, वि=પણ, अभव्वा=અભવ્ય જીવો=અયોગ્ય જીવો, पावंति=પ્રાપ્ત કરતા, ण=નથી. किं=શું, पुण=વળી, परमपय-बीयं=પરમપદના બીજ=મોક્ષના હેતુરૂપ, परमं इयं=પરમ એવી આને=પ્રધાન એવી વંદનાને, (પ્રાપ્ત કરે ? અર્થાત્ કરે નહિ.)

'ति' હેતુ અર્થે અથવા સમાપ્તિ અર્થે છે. ।।૩/૪૬।।

ગાથાર્થ :-

**શુભ ફ્લજનન સ્વભાવવાળા ચિંતામણિ આદિને પણ અભવ્ય જીવો=અયોગ્ય જીવો, પ્રાપ્ત કરતા નથી. શું વળી પરમપદના બીજ=મોક્ષના હેતુરૂપ, આને=વંદનાને પ્રાપ્ત કરે ? અર્થાત્ કરે નહિ. ।।૩/૪૬।।**

ટીકા :-

**व्याख्या-'सुहफले'त्यादि । शुभफलानाम्=अभिमतप्रयोजनानां विशिष्टाभ्युदयादीनां सुखलक्षण-फलानां वा, जननम्=उत्पादनं, स्वभावः=स्वरूपं, येषां ते तथा तान्, चिन्तामण्यादिकानपि= चिन्तारत्नप्रभृतिकानपि, आदिशब्दात्कल्पद्रुमादिपरिग्रहः, मकारस्त्वागमिकः, अपिशब्दार्थं तूत्तरा-र्धेन वक्ष्यति, न=नैव, अभव्या=अयोग्याः, प्राप्नुवन्ति=आसादयन्ति, किं पुनरिति पदं अप्राप्ति-विशेषद्योतकं, सुतरां न प्राप्नुवन्तीत्यर्थः, एतां=वन्दनां, परमां=प्रधानामाद्यभङ्गकद्वयगतां, परम-**

**पदबीजं=निर्वाणहेतुम्, इतिशब्दो हेत्वर्थस्तेन परमामेतां परमपदबीजत्वादिति, समाप्त्यर्थो वाऽयम् । इति गाथार्थः ।।३/४६।।**

**ટીકાર્થ :-**

**शुभफलानाम् ..... गाथार्थः ।। 'सुहफलेत्यादि' પ્રતીક છે. શુભ ફ્લોનું=વિશિષ્ટ અભ્યુદયવાળાં અભિમત પ્રયોજનોનું અથવા સુખરૂપ ફ્લોનું, જનન=ઉત્પાદન, સ્વભાવ=સ્વરૂપ, છે જેને તે તેવા છે=શુભફ્લજનનસ્વભાવવાળા છે, તે ચિંતામણિ આદિ રૂપ પણ=ચિંતામણિરત્ન વગેરે પણ, અભવ્ય= અયોગ્ય, જીવો પ્રાપ્ત કરી શકતા નથી. 'आदि' શબ્દથી કલ્પવૃક્ષ આદિનું ગ્રહણ છે. 'म'કાર આગમિક છે=પ્રાકૃતભાષા અનુસાર અધિક છે. 'अपि' શબ્દનો અર્થ ઉત્તરાર્ધથી કહેશે. 'किं पुनः' એ પદ અપ્રાપ્તિવિશેષનું ધોતક છે અર્થાત્ નિશ્ચે પામતા નથી. પરમપદનું બીજ એવી=નિર્વાણનું કારણ એવી, પરમ એવી વંદના=પ્રધાન એવી આધભંગદ્વયગત એવી વંદના, પ્રાપ્ત કરતા નથી. 'इति' શબ્દ હેતુ અર્થમાં છે, તેથી પરમ એવી આ=વંદના, છે; કેમ કે પરમપદનું બીજ છે અથવા સમાપ્તિ અર્થવાળો 'इति' શબ્દ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૪૬॥**

**ભાવાર્થ :-**

અભવ્ય અને દુર્ભવ્ય જીવો શુભ ફલવાળા ચિંતામણિ, કલ્પવૃક્ષ આદિ બાહ્ય પદાર્થોને પણ પ્રાપ્ત કરી શકતા નથી તો મોક્ષના કારણીભૂત એવી ભગવાનની વંદના કઈ રીતે પ્રાપ્ત કરી શકે ? અર્થાત્ ભાવથી વંદના તેઓ પ્રાપ્ત કરી શકે નહિ. તેથી એ ફલિત થાય કે જે વંદનામાં જિનગુણનું પ્રણિધાન હોય તે વંદના અલ્પકાળમાં અવશ્ય સંસારક્ષયનું કારણ છે. આવી વંદના અભવ્ય-દુર્ભવ્ય આદિ અયોગ્ય જીવને ક્યારેય પ્રાપ્ત થાય નહિ.

ચિંતામણિ આદિ કે કલ્પવૃક્ષ આદિ પદાર્થો જે આલોકમાં પ્રબળ સુખનાં કારણો છે એવા પદાર્થો પણ જે જીવો તેને માટે અયોગ્ય છે તેઓ પ્રાપ્ત ન કરી શકે, તે જીવો સદ્ગતિની પરંપરાનું એક કારણ અને પરમપદની પ્રાપ્તિમાં વિશ્રાંત થાય એવી ઉત્તમ ગુણવાળી વંદનાને કઈ રીતે પ્રાપ્ત કરી શકે ? અર્થાત્ પ્રાપ્ત કરી શકે નહિ.

તેથી એ ફલિત થાય કે જેઓને સ્થૂલથી પણ નિર્મળ મતિ છે, તેઓ જ પરમ પુરુષની વંદના અત્યંત ક્લેશના નાશને કરનારી છે, તેથી વર્તમાનમાં સુખાકારી છે અને આગામી સુખની પરંપરાનું કારણ છે તે પ્રકારે જાણીને શક્તિ અનુસાર જિનગુણોના પ્રણિધાનપૂર્વક વંદના કરવા યત્ન કરે છે. જેઓને તે પ્રકારનું વંદનાનું મહત્ત્વ જણાયું નથી તેઓ જે ચૈત્યવંદનાદિ કરે છે, તે બાહ્યથી તત્સદૃશ હોવા છતાં પરમાર્થથી ચૈત્યવંદન નથી. આકારમાત્રના સામ્યથી જ ચૈત્યવંદન છે. **॥૩/૪૬॥**

**અવતરણિકા :-**

**अभव्यास्तावदिमां न प्राप्नुवन्ति, भव्या अपि न सर्व एवेति दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

અભવ્યો તાવત્=નિશ્ચયથી, આને=ભાવવંદનાને, પ્રાપ્ત કરતા નથી. ભવ્ય પણ સર્વ જ પ્રાપ્ત કરતા નથી=ભવ્યો પણ બધા આ ભાવવંદનાને પ્રાપ્ત કરતા નથી અમુક જ કરે છે, એ બતાવતાં કહે છે –

**ગાથા :-**

भव्वा वि एत्थ णेया जे आसन्ना ण जाइमेत्तेणं ।
जमणाइ सुए भणियं एयं ण उ इट्ठफलजणगं ।।३/४७।।

**છાયા :-**

भव्या अपि अत्र ज्ञेयाः ये आसन्नाः न जातिमात्रेण ।
यदनादि श्रुते भणितमेतन्न तु इष्टफलजनकम् ।।३/४७।।

**અન્વયાર્થ :-**

एत्थ=અહીં=પરમ વંદનાની પ્રાપ્તિમાં, भव्वा=ભવ્ય, वि=પણ, जे=જે, आसन्ना=આસન્ન છે=આસન્નભવ્ય છે, (તે) णेया=જાણવા; जाइमेत्तेणं=જાતિમાત્રથી, ण=નહિ. जं=જે કારણથી, सुए=શ્રુતમાં, अणाइ=અનાદિ-કાલીન, एयं=એતદ્=ભવ્યત્વ, भणियं=કહેવાયું છે, उ=પરંતુ, इट्ठफलजणगं=ઈષ્ટફલજનક, ण=નથી= કહેવાયું નથી. ।।૩/૪૭।।

**ગાથાર્થ :-**

અહીં=પરમ વંદનાની પ્રાપ્તિમાં, ભવ્ય પણ જે આસન્ન છે=આસન્નભવ્ય છે, તે જાણવા; જાતિમાત્રથી નહિ. જે કારણથી શ્રુતમાં અનાદિકાલીન એતદ્=ભવ્યત્વ, કહેવાયું છે, પરંતુ ઈષ્ટ-ફલજનક નથી=કહેવાયું નથી. ।।૩/૪૭।।

**ટીકા :-**

व्याख्या–'भव्वे'त्यादि । भव्या अपि=योग्या अपि, अभव्याः=तावदयोग्या एवेत्यपिशब्दार्थः, अत्र= परमवन्दनाप्राप्तौ, ज्ञेया=ज्ञातव्याः, य एव केचिदासन्नाः, परमपदस्येति गम्यम् । व्यतिरेकमाह – न जातिमात्रेण=न जात्यैव भव्या इति प्रक्रमः, कुत एतदेवम् ? इत्याह – यद्=यस्माद्, अनादिकालीनं, श्रुते=सिद्धान्ते, भणितम्=उक्तम्, एतद्=भव्यत्वम्, न तु=न पुनः, विद्यमानमपीष्टफलजनकम्= अभिमतार्थसाधकं=मोक्षप्रापकमित्यर्थः, सर्वभव्यानां निर्वाणाप्राप्तेः । इति गाथार्थः ।।३/४७।।

**ટીકાર્થ :-**

भव्या ..... गाथार्थः ।। 'भव्वेत्यादि' પ્રતીક છે. ભવ્ય પણ=યોગ્ય પણ, અભવ્ય તો અયોગ્ય જ છે,

**એ 'अपि' શબ્દનો અર્થ છે. અહીં=પરમવંદનાની પ્રાપ્તિમાં, જે કોઈ આસન્ન છે, તે જાણવા=પરમ પદને આસન્ન જે કોઈ છે તે ભવ્ય જાણવા.**

**વ્યતિરેકને કહે છે –**

**જાતિમાત્રથી નહિ=જાતિથી જ જે ભવ્યો છે, તે નહિ.**

**કેમ આ પ્રમાણે છે ?=સર્વ ભવ્યો પરમ વંદનાને યોગ્ય છે એમ ન કહ્યું તે આ પ્રમાણે કેમ છે ? એથી કહે છે –**

**જે કારણથી શ્રુતમાં=સિદ્ધાંતમાં, આ=ભવ્યત્વ, અનાદિકાલીન કહેવાયું છે; પરંતુ વિદ્યમાન પણ ભવ્યત્વ ઈષ્ટફલનું જનક=અભિમત અર્થનું સાધક=મોક્ષપ્રાપક, કહેવાયું નથી; કેમ કે સર્વ ભવ્યોને નિર્વાણની અપ્રાપ્તિ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૪૭॥**

**ભાવાર્થ :-**

દુર્ભવ્ય જીવો પણ કલ્પવૃક્ષ-ચિંતામણિરત્નને પ્રાપ્ત કરી શકતા નથી તો અતિદુર્લભ એવી ભાવવંદનાને કઈ રીતે પ્રાપ્ત કરી શકે ? અર્થાત્ ક્યારેય પ્રાપ્ત કરી શકે નહિ.

અહીં પ્રશ્ન થાય કે જો બધા ભવ્ય જીવો ભાવવંદનાને પ્રાપ્ત કરે છે, તેમ સ્વીકારીએ તો શું વાંધો ? તેથી કહે છે –

શાસ્ત્રમાં ભવ્યપણું અનાદિનું છે, તેમ કહેવાયું છે. ભવ્યપણું ઇષ્ટ એવા મોક્ષફલનું જનક છે, તેવો નિયમ નથી, જ્યારે એક વખત પણ જિનગુણના પ્રણિધાનપૂર્વક કરાયેલી ભગવાનની વંદના અવશ્ય મોક્ષ-ફલમાં પર્યવસાન પામે છે. **॥૩/૪૭॥**

**અવતરણિકા :-**

**तत्र ये तावदेतां विधिना सेवन्ते, तद्विधिं वा श्रद्दधति, ते आसन्नभव्याः । ये तु तां न द्विषन्ति, तेऽप्यासन्ना एवेति दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**ત્યાં જેઓ=જે ભવ્ય જીવો, આને=વંદનાને, નિશ્ચયથી વિધિથી સેવે છે અથવા તેની વિધિની શ્રદ્ધા કરે છે=વિધિથી વંદના સેવી શકતા નથી તોપણ વિધિથી વંદનાને સેવવાની અત્યંત રુચિ વર્તે છે, તેઓ આસન્નભવ્ય છે. વળી, જેઓ તેનો=વિધિપૂર્વકની વંદનાનો, દ્વેષ કરતા નથી, તે પણ આસન્ન જ=આસન્નભવ્ય જ છે. એ પ્રમાણે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**विहिअपओसो जेसिं आसण्णा ते वि सुद्धिपत्त त्ति ।**
**खुद्दमिगाणं पुण सुद्धदेसणा सीहणायसमा ।।३/४८।।**

છાયા :-

विध्यप्रद्वेषो येषामासन्नास्तेऽपि शुद्धिप्राप्तेति ।
क्षुद्रमृगाणां पुनः शुद्धदेशना सिंहनादसमा ।।३/४८।।

**અન્વયાર્થ :-**

जेसिं=જેઓને=જે ભવ્યોને, विहिअपओसो=વિધિનો અપ્રદ્વેષ છે, ते वि=તે પણ, सुद्धिपत्त=શુદ્ધિની પ્રાપ્તિવાળા, त्ति=इति कृत्वा=હોવાથી, आसण्णा=આસન્ન છે=આસન્નભવ્ય છે; . पुण=વળી, खुद्दमिगाणं=ક્ષુદ્ર મૃગલાઓને, सुद्धदेसणा=શુદ્ધ દેશના, सीहणायसमा=સિંહનાદ જેવી છે. ।।૩/૪૮।।

**ગાથાર્થ :-**

**જેઓને=જે ભવ્યોને, વિધિનો અપ્રદ્વેષ છે, તે પણ શુદ્ધિની પ્રાપ્તિવાળા હોવાથી આસન્ન છે=આસન્નભવ્ય છે. વળી, ક્ષુદ્ર મૃગલાઓને શુદ્ધ દેશના સિંહનાદ જેવી છે. ।।૩/૪૮।।**

**ટીકા :-**

व्याख्या—'विही'त्यादि । विधौ=विधाने सम्यक्करणे, वन्दनाया इति प्रक्रमः, प्ररूप्यमाणे-वाऽप्रद्वेषः=अमत्सरः=माध्यस्थ्यं, भवति, येषां=भव्यानाम्, आसन्ना=निकटवर्तिनः, परमपदस्येति गम्यम्, तेऽपि, न केवलमासेवाश्रद्धानवन्त एवेति । कुत एवम् ? इत्याह — शुद्धिप्राप्ता अवाप्त-क्लिष्टकर्मक्षयोपशमा इति कृत्वा, न हि क्लिष्टकर्मणां मार्गं प्रति माध्यस्थ्यमपि जायते । एतदेव दर्शयति — क्षुद्रमृगाणां=क्लिष्टकर्मसत्त्वहरिणानाम्, पुनःशब्दो विशेषणार्थः, शुद्धदेशना=विशुद्ध-प्रज्ञापना=विधिविषय उपदेश, इत्यर्थः, सिंहनादसमा=केशरिशब्दतुल्या, त्रासहेतुत्वादनिष्टेत्यर्थः । इति गाथार्थः ।।३/४८।।

**ટીકાર્થ :-**

विधौ ..... गाथार्थः ।। 'विहीत्यादि' પ્રતીક છે. વિધિમાં=વંદનાના સમ્યક્ કરણરૂપ વિધાનમાં અથવા વંદનાના સમ્યક્ કરણની પ્રરૂપણા કરાયે છતે, જે ભવ્યજીવોને અપ્રદ્વેષ છે=અમત્સર છે=માધ્યસ્થ્ય છે, તે પણ આસન્ન છે=પરમપદના નિકટવર્તી છે. કેવલ આસેવન કરનારા કે શ્રદ્ધા કરનારા જ પરમપદના નિકટવર્તી છે, એ પ્રમાણે નથી; પરંતુ અપ્રદ્વેષવાળા પણ=અમત્સરવાળા પણ, પરમપદના નિકટવર્તી છે.

કયા કારણથી આ પ્રમાણે છે ?=પરમપદના નિકટવર્તી છે ? એથી કહે છે –

શુદ્ધિને પ્રાપ્ત છે=પ્રાપ્ત કર્યો છે ક્લિષ્ટ કર્મનો ક્ષયોપશમ જેણે એથી કરીને પરમપદને આસન્ન છે, એમ અન્વય છે. हि=જે કારણથી, ક્લિષ્ટ કર્મવાળા જીવોને માર્ગ પ્રત્યે માધ્યસ્થપણું થતું નથી.

**આને જ=ક્લિષ્ટ જીવોને માર્ગ પ્રત્યે માધ્યસ્થપણું થતું નથી એને જ, સ્પષ્ટ કરે છે –**

**ક્ષુદ્ર મૃગલાઓને=ક્લિષ્ટ કર્મવાળા જીવોરૂપી હરણોને, શુદ્ધ દેશના=વિશુદ્ધ પ્રજ્ઞાપના=વિધિ વિષયવાળો ઉપદેશ, સિંહનાદ જેવો છે=કેસરીના શબ્દતુલ્ય છે, ત્રાસહેતુ હોવાથી=સિંહની ત્રાડ હરણોને નજીકમાં રહેલો સિંહ અમને મારી નાંખશે તેવા ભયરૂપ ત્રાસનો હેતુ હોવાથી, અનિષ્ટ છે. ગાથામાં 'પુનઃ' શબ્દ વિશેષણ અર્થવાળો છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૪૮॥**

**ભાવાર્થ :-**

ઉપદેશક શ્રોતાને કહે કે 'ભગવાનની વંદના વીતરાગના ગુણોનું સૂક્ષ્મ પ્રતિસંધાન કરીને તેઓના ભાવને સ્પર્શે તે રીતે કરવી જોઈએ' તથા તે વંદના વિષયક કાલાદિ અન્ય સર્વ જે વિધિ આગમપ્રસિદ્ધ છે તે યથાર્થ બતાવે છે. ત્યારબાદ કહે કે જેઓને ભગવાન પ્રત્યે બહુમાન છે, તેઓએ અંતરંગ બહુમાન દૃઢ પ્રણિધાન દ્વારા ઉલ્લસિત કરીને બહિરંગ ઉચિત વિધિપૂર્વક ભગવાનની વંદના કરવી જોઈએ. આ સાંભળીને જેઓ તે પ્રકારે જ વંદના કરવા માટે ઉલ્લસિત વીર્યવાળા થયા છે તેઓ તો ધન્ય છે. વળી, જેઓ તે વિધિપૂર્વક કરવા સમર્થ નથી તોપણ હંમેશાં તે વિધિના પરમાર્થને સૂક્ષ્મ-સૂક્ષ્મતર જાણવા પ્રયત્ન કરે છે અને વિધિપાલન માટે સમર્થ થાઉં તે માટે હું શું કરું ? એવી રુચિવાળા છે, તેઓ પણ ધન્ય છે; કેમ કે આવા સાત્ત્વિક જીવો શુદ્ધવંદનાની શક્તિનો સંચય કરીને અલ્પ ભવમાં મોક્ષ પ્રાપ્ત કરે છે.

વળી, જે ભવ્ય જીવોને તે વંદનાની વિધિને સાંભળીને દ્વેષ થતો નથી, પરંતુ મધ્યસ્થભાવ વર્તે છે અર્થાત્ તે શુદ્ધવંદના કઈ રીતે થઈ શકે ? તેના પરમાર્થને સ્પર્શી શકતા નથી તોપણ વીતરાગના ગુણો પ્રત્યે દ્વેષ નહિ હોવાથી તે પ્રકારે વંદના કરવા પ્રત્યે દ્વેષ થતો નથી, તેઓને પણ વિધિના અદ્વેષરૂપ પ્રથમ યોગાંગની પ્રાપ્તિ હોવાથી=યોગની પ્રથમ દૃષ્ટિને પામેલા હોવાથી ધન્ય છે.

જે ક્ષુદ્ર જીવો છે, તે જીવોને તો માત્ર ભોગાદિના ઉપાયરૂપે વંદના કરવાનો ઉત્સાહ છે. આવા જીવોને કહેવામાં આવે કે ભગવાનની વંદના કરીને આપણો આત્મા વીતરાગતુલ્ય થાય, તેવા ઉત્તમ ભાવપૂર્વક વંદના કરવી જોઈએ તો તે સાંભળીને તેઓને ત્રાસ થાય છે અર્થાત્ આ રીતે વંદના કરીને જો આપણે વીતરાગ થઈએ તો ભોગાદિ પ્રત્યેના રાગના અભાવને કારણે આપણું જીવન નીરસ થઈ જશે, આવો જેમને બોધ છે, તે જીવો માટે શુદ્ધ દેશના સિંહનાદ જેવી છે.

જેમ હરણના ટોળા આગળ સિંહનાદ કરવામાં આવે તો ભયભીત થઈને તે સર્વ હરણિયા ભાગી જાય છે, તેમ વીતરાગતુલ્ય થવાના પ્રણિધાનપૂર્વક વંદના કરવાનું કહેવામાં આવે તો આવા ભોગના અર્થી માનસવાળા જીવોમાં ધર્મ કરવાનું જે સત્ત્વલેશ હતું, તે પણ ચલિત થાય છે. તેથી તેવી વંદના પ્રત્યે દ્વેષ કરીને તે પ્રવૃત્તિનો ત્યાગ કરે છે. માટે જેઓને આ રીતે ઉપદેશ સાંભળ્યા પછી વીતરાગની વંદના પ્રત્યે દ્વેષ થતો નથી અને અદ્વેષપૂર્વક ભગવાનની વંદના કરે છે, તેઓ પણ ધન્ય છે. **॥૩/૪૮॥**

**અવતરણિકા :-**

एवं वन्दनां प्रति विध्यविध्योः फलमुपदर्श्य विधेर्विधेयतामुपदिशन्नाह –

**અવતરણિકાર્થ :-**

આ પ્રકારે=અત્યારસુધી વર્ણન કર્યું એ પ્રકારે, વંદનાને આશ્રયીને વિધિ અને અવિધિના ફલને બતાવીને વિધિની વિધેયતાનો ઉપદેશ આપતાં કહે છે –

**ગાથા :-**

आलोचिऊण एवं तंतं पुव्वावरेण सूरिहिं ।
विहिजत्तो कायव्वो मुद्धाण हियट्ठया सम्मं ।।३/४९।।

**છાયા :-**

आलोच्य एवं तन्त्रं पूर्वापरेण सूरिभिः ।
विधियत्नः कर्तव्यो मुग्धानां हितार्थाय सम्यक् ।।३/४९।।

**અન્વયાર્થ :-**

एवं=આ રીતે, पुव्वावरेण=પૂર્વાપરથી, तंतं=તંત્રનું=આગમનું, आलोचिऊण=આલોચન કરીને, सूरिहिं=આચાર્યો વડે, मुद्धाण=મુગ્ધોના, सम्मं=સમ્યગ્, हियट्ठया=હિત માટે, विहिजत्तो=વિધિયત્ન=વિધિમાં સમ્યગ્ યત્ન, कायव्वो=કરવો જોઈએ. ।।૩/૪૯।।

**ગાથાર્થ :-**

આ રીતે પૂર્વાપરથી તંત્રનું=આગમનું, આલોચન કરીને આચાર્યો વડે મુગ્ધોના સમ્યગ્ હિત માટે વિધિયત્ન=વિધિમાં સમ્યગ્ યત્ન, કરવો જોઈએ. ।।૩/૪૯।।

**ટીકા :-**

व्याख्या–'आलो' इत्यादि । आलोच्य=विमृश्य, एवं=पूर्वोक्तन्यायेन, तंत्रं=प्रवचनम्, कथम् ? इत्याह – पूर्वश्च तंत्रस्य पूर्वो भागोऽपरश्च तस्यैवापरो भागः पूर्वापरं तेन, सप्तम्यर्थे वा एनप्रत्यये सति पूर्वापरेणेति स्यात् पूर्वापरभागयोरित्यर्थस्तयोरविरोधेनेतियावत्, अनेन चालोचनमात्रस्य व्यवच्छेदः, तस्य तत्त्वावबोधासमर्थत्वादिति, सूरिभिः=आचार्यैः पण्डितैर्वा, विधौ=विधाने वन्दनागते वेलाद्याराधनरूपे, यत्नः=उद्यमो विधियत्नः, स कर्तव्यः=विधातव्यः, विमुक्तालस्यैः स्वयं वन्दना कार्या, अन्येऽपि विधिनैव तां विधापयितव्या इत्यर्थः । किमर्थमेतदेवम् ? इत्याह – मुग्धानाम्=अव्युत्पन्नबुद्धीनाम् । हितं=श्रेयः, तद्रूपो योऽर्थो=वस्तु, स हितार्थस्तस्मै हितार्थाय, सम्यगविपरीततया, यदा

**हि गीतार्था विधिना स्वयं वन्दनां विदधति, अन्यांश्च तथैव विधापयन्ति, तदा मुग्धबुद्धयोऽपि तथैव प्रवर्तन्ते, प्रधानानुसारित्वान्मार्गाणाम् ।**

**आह च—**

'जो उत्तमेहिं मग्गो पहओ सो दुग्गमो न सेसाणं ।
आयरियंमि जयन्ते तयणुचरा केण सीएज्जा ।।१।।' **[बृहत्कल्प-२४९]**

**तथा—**

'जे जत्थ जया जइया बहुस्सुया चरणकरणउज्जुत्ता ।
जं ते समायरंती आलंबण तिव्वसद्धाणं ।।१।।' **[आवश्यकनिर्युक्ति-११९०]**

**जयत्ति दुःषमादौ, जइय त्ति दुर्भिक्षादाविति ।**

**तथा प्रवृत्ताश्च ते वन्दनाऽऽराधनजन्यं हितमासादयन्ति, तद्विराधनाजन्यप्रत्यपायेभ्यश्च मोचिता भवन्तीति, अयं चोपदेशोऽसमञ्जसतया स्वयं वन्दनां विदधानांस्तथाऽनवाप्तापुनर्बन्धकाद्यवस्थेभ्यः= तथाविधजिज्ञासादितल्लिङ्गविकलेभ्यो जनेभ्यस्तां प्रयच्छतः सूरीन् वीक्ष्याचार्येण विहितः, एवं हि तत्प्रवृत्तौ तेषामन्येषां वानर्थोऽसमञ्जसक्रियाजन्या च शासनापभ्राजना मा भूदित्यभिप्रायेण । इति गाथार्थः ।।३/४९।।**

**ટીકાર્થ :-**

आलोच्य ..... गाथार्थः ।। 'आलो' इत्यादि પ્રતીક છે. આ રીતે=પૂર્વોક્ત ન્યાયથી, તંત્રનું=પ્રવચનનું, આલોચન કરીને, કઈ રીતે આલોચન કરવું જોઈએ ? એથી કહે છે – તંત્રનો પૂર્વ=પૂર્વભાગ અને અપર=તેનો જ=શાસ્ત્રનો જ, અપર ભાગ (તે) પૂર્વાપર, તેનાથી આલોચન કરીને અથવા સપ્તમી અર્થમાં 'एन' પ્રત્યય હોતે છતે 'पूर्वापरेण' એ પ્રમાણે અર્થ થાય=પૂર્વ અપર ભાગમાં એ પ્રમાણે અર્થ થાય; કેમ કે પૂર્વ અપરમાં 'एन' પ્રત્યય સપ્તમી અર્થમાં હોવાથી 'पूव्वावरेण' શબ્દ બન્યો છે. ત્રીજી વિભક્તિમાં નથી. તે બેમાં અવિરોધથી=પૂર્વ અપર ભાગમાં અવિરોધથી, આલોચન કરીને સૂરિએ યત્ન કરવો જોઈએ, એમ અન્વય છે અને આના દ્વારા આલોચનમાત્રનો વ્યવચ્છેદ છે; કેમ કે તેનું= આલોચનમાત્રનું, તત્ત્વના બોધ પ્રત્યે અસમર્થપણું છે. આ પ્રમાણે આલોચન કરીને સૂરિ વડે=આચાર્ય વડે, અથવા બુદ્ધિમાન પુરુષ વડે વિધિમાં=વિધાનમાં=વંદનાગત વેલાદિ-આરાધનગત વિધાનમાં, યત્ન કરવો જોઈએ=વિધિયત્નરૂપ ઉદ્યમ કરવો જોઈએ.

કઈ રીતે કરવો જોઈએ ? એથી કહે છે –

વિમુક્ત આળસવાળા એવા પંડિત પુરુષોએ સ્વયં વંદના કરવી જોઈએ, અન્યોને પણ વિધિથી તેને=વંદનાને, કરાવવી જોઈએ.

કયા કારણથી આ=આળસને છોડીને વિધિમાં યત્ન કરવો જોઈએ એ, એ પ્રમાણે છે ? એથી કહે છે –

મુગ્ધ જીવોનું=અવ્યુત્પન્ન બુદ્ધિવાળા જીવોનું, હિત=શ્રેય, તે રૂપ જે અર્થ=વસ્તુ, તે હિતાર્થ, તેના માટે=મુગ્ધ જીવોના હિત માટે, સમ્યગ્=અવિપરીતપણાથી, યત્ન કરવો જોઈએ. हि=જે કારણથી, જ્યારે ગીતાર્થો સ્વયં વિધિથી વંદના કરે છે અને અન્ય જીવોને તે પ્રમાણે જ કરાવે છે, ત્યારે મુગ્ધ બુદ્ધિવાળા પણ જીવો તે પ્રમાણે જ પ્રવર્તે છે; કેમ કે માર્ગનું પ્રધાન અનુસારીપણું છે=ભગવાનનો માર્ગ ઉત્તમ પુરુષોની આચરણાનુસારી બીજાઓ વડે અનુસરણ કરાય છે.

અને કહ્યું છે –

"જે ઉત્તમો વડે પ્રહત માર્ગ છે=અભ્યસ્ત માર્ગ છે, તે શેષોને=શિષ્યોને, દુર્ગમ નથી. આચાર્ય યતમાન હોતે છતે કયા કારણથી તેના અનુચરો સિદાય ? અર્થાત્ સિદાય નહીં." **(બૃહત્કલ્પસૂત્ર ગાથા-૨૪૯)**

અને

"બહુશ્રુત અને ચરણકરણયુક્ત સાધુ જ્યાં=જે સ્થાનમાં, 'जया'='यदा'=જ્યારે=દુઃષમાદિમાં=દુઃષમા આરા આદિમાં, 'जइया'=દુર્ભિક્ષાદિમાં, જેને તેઓ સમાચરણ કરે છે, તે તીવ્ર શ્રદ્ધાવાળાઓનું આલંબન છે." **(આવશ્યકનિર્યુક્તિ૦ ગાથા-૧૧૯૦)**

ઉદ્ધરણની ગાથામાં 'जया'નો અર્થ દુઃષમાદિમાં છે અને 'जइया'નો અર્થ દુર્ભિક્ષાદિમાં છે.

અને તે પ્રકારે પ્રવૃત્ત એવા જીવો વંદનાજન્ય હિતને પ્રાપ્ત કરે છે=ભગવાનના વચનાનુસાર ચરણ-કરણમાં ઉચિત યત્ન કરીને વીતરાગની આજ્ઞાના પાલનરૂપ વંદનાની આરાધનાજન્ય હિતને પ્રાપ્ત કરે છે અને તેની વિરાધનાજન્ય પ્રત્યપાયોથી મુકાયેલા થાય છે=તીવ્ર શ્રદ્ધાવાળા જીવોને આલંબન થઈને ભગવાનની આજ્ઞાની વિરાધનાજન્ય અનર્થોથી તે તીવ્ર શ્રદ્ધાવાળા જીવો મુકાયેલા થાય છે.

અને આ ઉપદેશ અસમંજસપણાથી સ્વયં વંદનાને કરનારા અને નહિ પ્રાપ્ત થયેલા અપુનર્બંધક આદિ અવસ્થાવાળા જીવોને=તેવા પ્રકારની જિજ્ઞાસા આદિ તેના લિંગથી વિકલ જીવોને, તેને આપતા= વંદનાને આપતા, સૂરિને જોઈને આચાર્ય વડે કહેવાયું છે=હરિભદ્રસૂરિ વડે કહેવાયું છે, हि=જે કારણથી, આ પ્રમાણે તેમની પ્રવૃત્તિ થયે છતે=આચાર્યની કે બુદ્ધિમાન પુરુષોની પ્રવૃત્તિ થયે છતે, તેઓની કે અન્યની અસમંજસક્રિયાજન્ય અનર્થ ન થાઓ, શાસન અપભ્રાજના ન થાઓ, એ પ્રકારના અભિપ્રાયથી, હરિભદ્રસૂરિ વડે ઉપદેશ અપાયો છે, એમ અન્વય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ||૩/૪૯||

**ભાવાર્થ :-**

પૂર્વમાં ગ્રંથકારશ્રીએ ચૈત્યવંદનની બહિરંગ ઉચિત વિધિ બતાવી અને અંતરંગ અપુનર્બંધકાદિ અવસ્થાઓ છે, તેનાથી શુદ્ધવંદના થાય છે તેમ કહ્યું. ત્યારપછી વંદનાની ચતુર્ભંગી બતાવી, તેમાં પ્રથમ બે ભાંગાવર્તી વંદના કરનારા અપુનર્બંધકાદિ જીવો છે, તેમ બતાવ્યું અને તે ભાંગામાં પણ અપુનર્બંધકાદિ જીવો

વિધિપૂર્વક ચૈત્યવંદના કરે તો આરાધક છે અને અવિધિથી કરે તો વિરાધક છે, તેમ કહ્યું અને ઉત્તરના બે ભાંગા અપુનર્બંધકાદિ જીવો સિવાયના જીવોથી કરાતી વંદનાના છે તથા તેઓ એક અપેક્ષાએ વિરાધક છે અને અન્ય અપેક્ષાએ લૌકિક વંદના કરનારા હોવાથી નિષ્ફળ વંદના કરનારા છે, એમ બતાવ્યું.

આનાથી એ ફલિત થયું કે જે જીવો અપુનર્બંધકાદિ અવસ્થાને પામેલા છે, તેઓ પણ અવિધિ આદિથી વંદના કરે તો તેઓનું અહિત થાય છે. આ પ્રમાણે આચાર્ય વડે કે બુદ્ધિમાન પુરુષે સૂક્ષ્મ આલોચન કરવું જોઈએ અને પોતે શક્તિ અનુસાર અપ્રમાદથી બાહ્ય અને અંતરંગ વિધિથી વંદનાકાળમાં તે રીતે યત્ન કરવો જોઈએ, જેથી મુગ્ધ જીવો પણ વિધિપૂર્વક વંદના કરવાને અભિમુખ પરિણામવાળા થાય અને તેઓને હિતની પ્રાપ્તિ થાય.

અહીં શંકા થાય કે આ પ્રકારનો ઉપદેશ હરિભદ્રસૂરિ મહારાજા આચાર્યોને અથવા બુદ્ધિમાન પુરુષોને કેમ આપે છે ? અર્થાત્ તેમને ઉપદેશ આપવાની જરૂર નથી? કેમ કે આચાર્યો અથવા બુદ્ધિમાન પુરુષો હંમેશાં ઉચિત વિધિપૂર્વક જ પ્રવૃત્તિ કરનારા હોય છે. તેથી ટીકાકારશ્રી કહે છે –

કાળદોષને કારણે જિજ્ઞાસાદિ લિંગોથી વિકલ અપુનર્બંધકાદિ અવસ્થા વગરના જીવોને ચૈત્યવંદના પ્રદાન કરતા આચાર્યોને જોઈને તેઓના હિત અર્થે હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા આ પ્રકારનો ઉપદેશ આપે છે, જેથી તે આચાર્યનું પોતાનું અહિત ન થાય અને અન્ય મુગ્ધ જીવોનું અહિત ન થાય.

આનાથી એ ફલિત થાય કે આચાર્યે કે બુદ્ધિમાન પુરુષોએ યોગ્ય જીવોને સંસારની નિર્ગુણતાનો વારંવાર બોધ કરાવવો જોઈએ, જેથી યોગ્ય જીવોને તેમની યોગ્યતાનુસાર સંસાર નિર્ગુણ છે, તેનો સ્પષ્ટ-સ્પષ્ટતર બોધ થાય. આ બોધ પ્રાપ્ત થયા પછી તેમની બુદ્ધિ અનુસાર સંસારસમુદ્રમાંથી રક્ષણનો ઉપાય ભગવાનની ચૈત્યવંદના કઈ રીતે છે ? તેનો બોધ કરાવીને તે પ્રકારે તેઓને ચૈત્યવંદનાદિ આપવામાં આવે તો તેઓના હિતની પ્રાપ્તિ થાય.

વળી, આચાર્યોએ સ્વયં પણ વિધિપૂર્વક જ ચૈત્યવંદનમાં યત્ન કરવો જોઈએ, જેથી બાહ્ય વિધિ અને અંતરંગ ક્રિયાકાલમાં વર્તતા ઉપયોગોને કારણે તે આચાર્યાદિના ચિત્તમાં જે ઉત્તમ ભાવો થાય છે, તેનાથી તેઓનું હિત થાય છે અને મુગ્ધ જીવો તે આચાર્યાદિની તે પ્રકારની પ્રવૃત્તિ જોઈને પણ તે પ્રકારે વંદના કરવાના અર્થી બને છે. જોકે વંદનાકાલમાં થતા અંતરંગ ભાવો સાક્ષાત્ ચક્ષુગોચર નથી હોતા; તોપણ તે અંતરંગ ભાવોથી અભિવ્યંગ્ય મુખના ઉચિત ભાવો, ઉચિત મુદ્રાઓ આદિથી તે ભાવોનો પણ યોગ્ય જીવને બોધ થાય છે. જેમ ગુસ્સાથી બોલાયેલાં વચનો દ્વારા બોલનારના હૈયામાં વર્તતો ગુસ્સાનો પરિણામ જણાય છે, તેમ અત્યંત વિવેકપૂર્વક બુદ્ધિમાન પુરુષો દ્વારા કરાતી ચૈત્યવંદનાને જોઈને મુગ્ધ બુદ્ધિવાળા જીવો પણ ચૈત્યવંદનાકાલમાં વર્તતા તે તે પ્રકારના ભાવોને જાણવાના અર્થી બને છે અને ઉપદેશક આદિને પૃચ્છા કરીને તે તે ભાવોને કઈ રીતે પ્રાપ્ત કરવા જોઈએ ? તેના ઉપાયોની પૃચ્છા કરે છે, જેથી આચાર્ય વડે સેવાયેલો તે ઉત્તમ માર્ગ તેમના શિષ્યોને માટે પણ દુર્ગમ બનતો નથી. આથી જ આવશ્યકનિર્યુક્તિની ઉદ્ધરણગાથામાં કહ્યું કે આચાર્ય વંદનાકાળમાં મોહનાશને અનુકૂળ ઉદ્યમ કરતા હોય તો તેમના અનુચરો

કઈ રીતે સિદાય ? ઉત્તમ પુરુષોના વિવેકપૂર્વકના આચારો તેમને અનુસરણ કરનારા શિષ્યો માટે પણ કલ્યાણની પરંપરાનું કારણ બને છે. તેથી બુદ્ધિમાન પુરુષોએ પોતાના હિત અર્થે અને મુગ્ધ જીવોના હિત અર્થે પણ અંતરંગ અને બહિરંગ વિધિમાં ઉચિત યત્ન કરવો જોઈએ. **॥૩/૪૯॥**

**અવતરણિકા :-**

**उपदेशशेषमाह —**

**અવતરણિકાર્થ :-**

**ઉપદેશશેષને=પ્રસ્તુત ચૈત્યવંદનવિધિપંચાશકના બાકી રહેલ ઉપદેશને, કહે છે –**

**ગાથા :-**

**तिव्वगिलाणादीणं भेसजदाणाइयाइं णायाइँ ।**
**दट्ठव्वाइ इहं खलु कुग्गहविरहेण धीरेहिं ।।३/५०।।**

**છાયા :-**

**तीव्रग्लानादीनां भैषज्यदानादिकानि ज्ञातानि ।**
**द्रष्टव्यानि इह खलु कुग्रहविरहेण धीरैः ।।३/५०।।**

**અન્વયાર્થ :-**

**इहं=અહીં=વંદનામાં, कुग्गहविरहेण=કુગ્રહના વિરહથી, धीरेहिं=ધીર પુરુષોએ, तिव्वगिलाणादीणं= તીવ્ર ગ્લાન આદિ સાધુને, भेसजदाणाइयाइं=ભૈષજ્યદાન આદિ, णायाइँ=દૃષ્ટાંતો, दट्ठव्वाइँ=જાણવા.**

**'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે. ॥૩/૫૦॥**

**ગાથાર્થ :-**

**અહીં=વંદનામાં, કુગ્રહના વિરહથી ધીર પુરુષોએ તીવ્ર ગ્લાન આદિ સાધુને ભૈષજ્યદાન આદિ દૃષ્ટાંતો જાણવાં. ॥૩/૫૦॥**

**ટીકા :-**

**व्याख्या—'तिव्वे'त्यादि । तीव्रग्लानादीनाम्=आत्यन्तिकव्याधिमत्प्रभृतीनाम्, आदिशब्दाज्जघन्य-मध्यमग्लानवृद्धबालादिग्रहः, भैषज्यदानादिकानि=पथ्यविश्राणनप्रभृतिकानि, आदिशब्दादौषधदानादि-परिग्रहः, ज्ञातानि=निदर्शनानि, द्रष्टव्यानि=अवलोकनीयानि, इह=वन्दनायां प्रस्तुतायाम्, तत्र यथा ग्लानाय बालाय वृद्धाय वा उचित एव काले उचितमात्रयैव उचितमेव पथ्यमौषधं वा दीयमानं गुणकरं, अन्यथा पुनर्दोषायैव स्यात्, एवं सकलकल्याणकरणशीलाऽपि वन्दना योग्येभ्य एव विधिनैव**

दीयमाना तैरेव तथैव च विधीयमाना गुणकरी भवति, अन्यथा त्वनर्थसंपादिकैवेति, खलुर्वाक्यालङ्कारे । कथं द्रष्टव्यानि ? इत्याह – कुग्रहविरहेण=अशास्त्रीयाभिनिवेशत्यागेन, कुग्रहश्च – "अविधिनाऽप्यसौ विधेया, दुःषमायां विधेर्दुर्लभत्वात्, तस्यैव चाश्रयणे मार्गोच्छेदप्रसङ्गाद्" इत्यादिलक्षणः, धीरैः= सत्त्वाधिकैरविवेकिलोकापवादादबिभ्यद्भिर्बुद्धिमद्भिः वेति ।

**ટીકાર્થ :-**

तीव्रग्लानादीनाम् ..... वेति । 'तिव्वेत्यादि' પ્રતીક છે. તીવ્ર ગ્લાનાદિના=આત્યંતિક વ્યાધિવાળા આદિ જીવોના, ઔષધદાનાદિ=પથ્ય-વિશ્રામણા વગેરે, અહીં=વંદનામાં, દૃષ્ટાંત જાણવાં. આદિ શબ્દથી=તીવ્રગ્લાનાદિમાં રહેલા આદિ શબ્દથી, જઘન્ય અને મધ્યમ ગ્લાન (તથા) વૃદ્ધ-બાલાદિનું ગ્રહણ છે. ભૈષજ્યદાનાદિમાં રહેલા ભૈષજ્ય શબ્દથી પથ્યનું અને વિશ્રાણનનું=ઉપહારનું, ગ્રહણ છે અને આદિ શબ્દથી ઔષધદાનાદિનું ગ્રહણ છે. ત્યાં=ઔષધદાનાદિના ઉદાહરણમાં, જે પ્રમાણે ગ્લાન માટે, બાલ માટે અથવા વૃદ્ધ માટે ઉચિતકાળમાં જ, ઉચિત માત્રાથી જ, ઉચિત જ પથ્ય (આદિ શબ્દથી ઔષધનું ગ્રહણ છે) અપાતું ગુણકર છે, અન્યથા વળી=ગ્લાનાદિનો વિચાર કર્યા વગર અપાતું પથ્ય, દોષ માટે જ થાય. એ રીતે સકલ કલ્યાણના કરણના સ્વભાવવાળી પણ વંદના યોગ્ય જીવોને જ=ભવની નિર્ગુણતાને જાણીને વંદના કરવા દ્વારા નિસ્તાર પામવાના અર્થી જીવોને જ, અથવા ભવનિર્ગુણતાને યોગ્ય ઉપદેશક બતાવે તો ભવની નિર્ગુણતાને યુક્તિ અને અનુભવ અનુસાર જાણી શકે તેવા હોય અને જાણીને ભવના નિસ્તારના અર્થી બને તેવા હોય તેવા યોગ્ય જીવોને જ, વિધિથી જ અપાતી='કઈ રીતે સૂત્રોને ગ્રહણ કરવાં જોઈએ' 'કઈ રીતે અર્થ સાથે સૂત્રોનું યોજન કરવું જોઈએ' ઈત્યાદિ ઉચિત વિધિથી જ અપાતી, વંદના અને તેઓ વડે જ=વિધિપૂર્વક ગ્રહણ કરનારા જીવો વડે જ, તે પ્રકારે જ=વંદના વિષયક ઉચિત વિધિનો બોધ કરીને શક્તિ અનુસાર અંતરંગ અને બહિરંગ વિધિનું સમ્યગ્ પાલન થાય તે પ્રકારે જ, કરાતી વંદના ગુણને કરનારી છે. અન્યથા વળી=સકલ કલ્યાણને કરનારી વંદના પણ યથાતથા અપાતી અને યથાતથા ગ્રહણ કરાતી અને યથાતથા સેવાતી, અનર્થ સંપાદિકા જ છે=સંસારની વૃદ્ધિનું કારણ જ છે.

'खलु' શબ્દ વાક્યાલંકારમાં છે.

કઈ રીતે ઔષધદાનાદિ દૃષ્ટાંતો વંદનામાં જોવાં જોઈએ ? એથી કહે છે –

કુગ્રહના વિરહથી=અશાસ્ત્રીય અભિનિવેશના ત્યાગથી અને કુગ્રહ – 'અવિધિથી પણ આ= વંદના, કરવી જોઈએ; કેમ કે દુઃષમામાં વિધિનું દુર્લભપણું છે અને તેના જ=વિધિના જ, આશ્રયણમાં માર્ગઉચ્છેદનો પ્રસંગ છે' ઈત્યાદિ લક્ષણ કુગ્રહ, તેના વિરહથી ધીરો વડે આ દૃષ્ટાંતો જાણવાં જોઈએ=સત્ત્વના આધિક્ય વડે અવિવેકીલોકના અપવાદથી નહિ ડરનારા ધીરોએ અથવા બુદ્ધિમાન પુરુષોએ કુગ્રહના વિરહથી આ દૃષ્ટાંતોનું યોજન કરવું જોઈએ, એમ અન્વય છે.

**ભાવાર્થ :-**

જેમ સંસારમાં તીવ્ર ગ્લાન હોય તેવા જીવોને ઔષધ ન અપાય, પરંતુ તેની ગ્લાન અવસ્થા કાંઈક અલ્પ થાય તે માટે પ્રથમ પથ્ય અન્ન આપવું જોઈએ અને કંઈક રોગ અલ્પ થાય ત્યારપછી ઔષધ અપાય છે, તેમ તીવ્ર ભાવરોગીને ચૈત્યવંદનના પ્રદાનનો નિષેધ છે. જે રીતે ગ્લાન આદિને કોઈક રીતે તેમનો વ્યાધિ અલ્પ થાય તે રીતે પથ્ય અન્ન આપવું જોઈએ તે રીતે તીવ્ર ભાવરોગવાળા જીવોને પણ તેમનો ભાવરોગ અલ્પ થાય તે રીતે ઉપદેશનું પ્રદાન કરવું જોઈએ. આથી જ મહાપુરુષો સંસારની નિર્ગુણતાનું વારંવાર કથન કરતા હોય છે, જેનાથી તીવ્ર ભાવરોગવાળા જીવોનો પણ કાંઈક ભાવરોગનો ઉપશમ થાય તો સંસાર નિર્ગુણ છે તેવો સમ્યગ્ બોધ થાય છે.

આ રીતે સંસારના નૈર્ગુણ્યનો બોધ થવાથી ભવ પ્રત્યે કાંઈક વૈરાગ્ય થયો છે એવા જીવોને જ અભય આદિ રૂપ ભગવાનના માર્ગની પ્રાપ્તિ થાય છે. અભયથી કંઈક સ્વસ્થ થયેલા જીવોને કલ્યાણના ઉપાયોની જિજ્ઞાસા થાય છે ત્યારે ચૈત્યવંદના આપવી જોઈએ, એ પ્રમાણે કુગ્રહના વિરહથી ધીરપુરુષોએ જાણવું જોઈએ.

વળી જે પ્રમાણે ગ્લાન એવા બાલને અને વૃદ્ધને ઉચિત કાલે, ઉચિત માત્રાથી, ઉચિત એવાં પથ્ય અન્ન તથા ઔષધ આપવામાં આવે તો તેમને આરોગ્યની પ્રાપ્તિ થાય છે, તેમ જે જીવો કર્મરોગથી ગ્રસ્ત છે, આથી જ બાહ્ય પદાર્થોમાં સંક્લેશ પામીને સર્વ ક્લેશો પામી રહ્યા છે, તેવા જીવોની રોગિષ્ઠ અવસ્થા કેવી છે ? તેનો નિર્ણય કરવો જોઈએ. કર્મરોગ કાંઈક અલ્પ થયો છે, ઔષધ દ્વારા વિશેષથી નાશ પામે તેવો છે, તેવું નક્કી થાય ત્યારે પણ તેઓની તત્ત્વને સમજવાને અનુકૂળ માર્ગાનુસારી મતિ કેવી છે ? અર્થાત્ તે જીવો બાલબુદ્ધિવાળા છે, મધ્યમબુદ્ધિવાળા છે કે પ્રાજ્ઞ છે ?, તેનો નિર્ણય કરવો જોઈએ અને તેમની બુદ્ધિ તત્ત્વને સ્પર્શે તેવા કાળે જ, ઉચિત માત્રાથી, ઉચિત વિધિપૂર્વક ચૈત્યવંદનરૂપ ઔષધ આપવું જોઈએ, જેથી તે યોગ્ય જીવો પૂર્ણ વિધિ ન સેવી શકે તેવા હોય તોપણ સ્વબુદ્ધિ અનુસાર વિધિના પરમાર્થને જાણીને, વિધિપૂર્વક જ તેના ગ્રહણ કરવાની રુચિવાળા થાય અને શક્તિ અનુસાર વિધિમાં યત્ન કરે તો તે ચૈત્યવંદના તેઓને ગુણકારી થાય.

ઉપદેશકે તેઓને વિધિનો બોધ કરાવવો જોઈએ પરંતુ માત્ર બાહ્ય વિધિનો બોધ કરાવીને અટકી જવું ન જોઈએ. જો ઉપદેશક ચૈત્યવંદના દ્વારા અંતરંગ ગુણવૃદ્ધિને અનુકૂળ ઉદ્યમ કઈ રીતે થઈ શકે ? તે જણાવે તથા અંતરંગ ઉદ્યમ અતિદુષ્કર હોવા છતાં તત્ત્વના અર્થી જીવો કઈ રીતે સ્વભૂમિકાનુસાર તેનો ઉદ્યમ કરી શકે ? તે પ્રકારે યથાર્થ બોધ કરાવે, તો યોગ્ય જીવો શક્તિ અનુસાર ઉચિત બાહ્ય વિધિ કરે અને શક્તિ અનુસાર અભ્યાસદશારૂપે કે અભ્યસ્તદશારૂપે અંતરંગ વિધિમાં પણ યત્ન કરી શકે. તેથી ઉપદેશકે તે પ્રકારે જ તેમને વંદનાનું સ્વરૂપ બતાવવું જોઈએ; અન્યથા યોગ્ય જીવો માટે પણ તે વંદના જ અનર્થ સંપાદક થઈ શકે.

જેમ કોઈ ઉપદેશક શ્રોતાની શક્તિનો વિચાર કર્યા વગર તેને વંદના આપે ત્યારે તે યોગ્ય જીવ વંદના કરી નિસ્તારનો અર્થી હોવા છતાં તે વંદનાના સ્વરૂપનો શાસ્ત્રવિધિ અનુસાર યથાર્થ ઉપદેશ સાંભળીને તેને

થાય કે આ વિધિ અનુસાર તો મારાથી વંદના કરવી સંભવ નથી, તેથી નિરુત્સાહી થઈને વંદના કરવાનો ત્યાગ કરે. જેથી તેઓને હિતની પ્રાપ્તિ થાય નહિ. તો આ રીતે તેને અનર્થની જ પ્રાપ્તિ થાય.

અથવા કોઈ ઉપદેશક વંદનાની માત્ર બાહ્ય વિધિનું જ પ્રતિપાદન કરે, પરંતુ અંતરંગ ભાવોનું પ્રતિપાદન ન કરે, જેથી તેવા મુગ્ધ જીવો અંતરંગ ભાવો માટે યત્ન કર્યા વિના માત્ર બાહ્ય વંદનાથી પોતે કૃતકૃત્ય છે તેમ માને અને તે વંદનાના ફલને પામ્યા વગર પોતે વંદના કરી છે, તેવા મિથ્યાભિમાનને પ્રાપ્ત કરે, જેથી વંદના કરીને પણ અનર્થની પ્રાપ્તિ થાય. માટે 'દુઃષમાકાળમાં વિધિ દુર્લભ છે' ઇત્યાદિ આલંબનોને ગ્રહણ કર્યા વગર કુગ્રહના ત્યાગપૂર્વક ધીરપુરુષોએ શ્રોતાઓને તેમની શક્તિ અનુસાર કઈ રીતે વંદનામાં યત્ન કરવો જોઈએ, તેનો માર્ગાનુસારી ઉપદેશ આપવો જોઈએ, જેથી અલ્પ શક્તિવાળા પણ યોગ્ય જીવો શુદ્ધ વિધિને જાણીને શુદ્ધ વિધિ પ્રત્યેના પક્ષપાતવાળા થાય, પોતાની શક્તિ અનુસાર બાહ્ય શુદ્ધ આચારો માટે પણ યત્ન કરે અને અંતરંગ દૃઢ પ્રણિધાનપૂર્વક વંદના કરવાનું સામર્થ્ય નહિ હોવા છતાં અભ્યાસથી કઈ રીતે તે સામર્થ્ય પ્રગટ થઈ શકે ? તેનો માર્ગાનુસારી બોધ કરે.

વંદનાના પરમાર્થને જાણીને પૂર્ણ શુદ્ધવંદનાના આગ્રહપૂર્વક શક્તિ અનુસાર શુદ્ધ-શુદ્ધતર વંદના થાય તે પ્રકારે શ્રોતાઓ યત્ન કરી શકે તેવો બોધ ઉપદેશકે ભૈષજ્યદાનાદિના દૃષ્ટાંતથી યોગ્ય જીવોને કરાવવો જોઈએ અને સ્વયં પણ તે પ્રકારે જ ભૈષજ્યદાનાદિના દૃષ્ટાંતથી વંદનાના પરમાર્થને જાણીને વિધિપૂર્વક વંદનાના સેવનમાં યત્ન કરવો જોઈએ.

ભૈષજ્યદાનાદિમાં ભૈષજ્ય શબ્દથી પથ્ય-વિશ્રામણા વગેરેનું ગ્રહણ કરાયું છે અને આદિ શબ્દથી ઔષધપ્રદાનનું ગ્રહણ કરાયું છે. ઉપદેશકે કલ્યાણના અર્થી જીવોને જ્યારે તેઓનું ચિત્ત વંદનાગ્રહણકાલમાં વ્યાક્ષેપવાળું હોય ત્યારે વંદનાની ક્રિયા કરવાને બદલે કાલક્ષેપ કરીને ચિત્તના નિર્માણને અનુકૂલ ઉચિત આલંબનો લેવાં જોઈએ તે બતાવવું જોઈએ અને ઉચિત આલંબનો દ્વારા ચિત્ત વંદના તાત્પર્યને ગ્રહણ કરે તેવું અનુકૂળ શાંત બને ત્યારપછી ઉપદેશકે તેમને બહુમાનપૂર્વક વંદનાના સૂત્રો ગ્રહણ કરાવવાં જોઈએ. શ્રોતાઓએ તે સૂત્રોના પારમાર્થિક અર્થનો બોધ કરાવવા યત્ન કરવો જોઈએ અને તે બોધ કરાવ્યા પછી તે અર્થોને સ્પર્શે તે રીતે સૂત્રના અર્થનો અત્યંત પરિચય કરવાનું શ્રોતાને કહેવું જોઈએ; કેમ કે સ્થિર પરિચિત અર્થ હોય તો ચૈત્યવંદન કરનારને સૂત્ર બોલતાંની સાથે જ અર્થમાં ઉપયોગ પ્રવર્તી શકે છે. અને અર્થના ઉપયોગથી ચિત્ત તે તે પ્રકારના ભાવો સ્પર્શી શકે છે. આ પ્રકારે વંદનામાં શ્રોતા કુશલતાને પ્રાપ્ત કરે ત્યાર પછી વંદનાના અંગભૂત જ અન્ય અન્ય ક્રિયામાં નિપુણ થાય તે પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ, જેથી સ્વભૂમિકાને યોગ્ય સર્વજ્ઞના વચનાનુસાર કરાયેલી સર્વ ક્રિયાઓ ગુણસ્થાનકની વૃદ્ધિ દ્વારા વીતરાગતાનું કારણ બને, તે પ્રકારે નિપુણ પ્રજ્ઞાથી પ્રયત્ન કરી શકે.

**ટીકા :-**

**इह च केचिन्मन्यन्ते शक्रस्तवमात्रमेव वन्दनं श्रावकस्य युक्तं, जीवाभिगमादिषु तन्मात्रस्यैव तस्य विजयदेवादिभिः कृतत्वेन प्रतिपादितत्वात् । तथाहि – जीवाभिगमे विजयदेवेन, राजप्रश्नकृते**

सूरियाभदेवेन, जंबूद्वीपप्रज्ञप्त्यां च शक्रेण, ज्ञाताधर्मकथायां च द्रौपद्या शक्रस्तवमात्रमष्टोत्तर-वृत्तशतपाठान्वितं वन्दनं कृतमिति श्रूयते, ततस्तदाचरितप्रामाण्यात्तदधिकतरस्य च गणधरादि-कृतसूत्रेऽनभिधानान्न शक्रस्तवातिरिक्तं तदस्तीति ।

अत्रोच्यते – यदुक्तमाचरितप्रामाण्यादिति, तदयुक्तं, यतो यदिदं जीवाभिगमादिसूत्रं तद्विजय-देवादिचरितानुवादमात्रमेवेति न ततोऽधिकृतवन्दनोच्छेदः कर्तुं शक्यः, तेषां ह्यविरतत्वात् प्रमत्तत्वाच्च तावदेव तद्युक्तम्, तदन्येषां पुनरप्रमादविशेषवतां विशेषभक्तिमतां तदधिकत्वेऽपि न दोषः, यदि पुनराचरितमवलम्ब्य प्रवृत्तिः कार्या, तदा बह्वन्यदपि कर्तव्यं स्यात् विधेयतयाङ्गीकृतमपि च बहु वर्जनीयं स्यात् । तथाहि – विजयदेवादिभिर्द्वारशाखाशालभञ्जिकादेहलीस्तम्भमण्डपमध्यगतशस्त्र-वृक्षपीठसिंहासनपुष्पकरिण्यादि पूजितम्; तथा भरतेन परिव्राजकवेषधारी मरीचिर्वन्दितः, भ्रातुर्वधाय चक्रमुद्गीर्णं, भगिनी प्रव्रजन्ती भोगार्थं विधृता; द्रौपद्या पञ्च भर्तारो विहिताः; प्रदेशिना च राज्ञा सत्रागाराणि च कारितानीति । एवमन्येनापि सर्वमेतद्विधेयं स्यात् ।

धर्मकृत्यमेव तदीयमालंबनीयमिति चेद् ? एवं तर्हि विजयदेवादिभिः सिद्धप्रतिमास्नपनं स्वकीय-पुष्करिणीजलेन कृतमितीन्द्राणां जिनजन्माभिषेकस्तेनैव विधेयः स्यात्, न पुनर्नानाविधतीर्थो-दकमृत्तिकाकषायादिभिः, विजयदेवादीनां वा पुष्करिणीजलेन तन्त्रोचितं स्यादिन्द्रैरन्यथा जिनजन्म-स्नानस्य कृतत्वाद्, इन्द्राणां वा निर्वाणमज्जनं क्षीरोदकेनैव न विधेयं स्यात्, जन्मनिष्क्रमणमज्जन-योस्तीर्थोदकादिभिस्तैरेव कृतत्वात्; तथा शक्रस्तवपाठोऽञ्चितवामजानोर्भून्यस्तदक्षिणजानोरेव च विधेयः स्यात्, इन्द्रादिभिस्तथा तस्य कृतत्वात्, न पुनः पर्यङ्कासनस्थस्यानशनप्रतिपत्तिकाले मेघकुमारस्येव; तथा तण्डुलैरष्टाष्टमङ्गलकानि कृतानि देवैस्तथैव बलिरन्येनापि विधेयः स्यात्, न पुनर्विचित्रभ(भु)क्त्यादिभिः; एवमारात्रिकलवणावतारणजलावतारणाद्यपि न विधेयं स्यात्, इन्द्रादिभिर्विहितत्वेन जीवाभिगमादिष्वनभिहितत्वादिति ।

यच्चोक्तं तदधिकतरस्य तस्यानभिधानादिति, तदयुक्तम्, 'तिन्नि वा कड्ढई जाव थुईओ तिसिलोइया' इत्यादिव्यवहारभाष्यवचनश्रवणात् । साध्वपेक्षया तदिति चेत् ? नैवं, साधुश्रावकयोः दर्शनशुद्धेः कर्तव्यत्वात्, दर्शनशुद्धिनिमित्तत्वाच्च वन्दनस्य । तथा संवेगादिकारणत्वादशठसमाचरितत्वाज्जीत-लक्षणस्येहोपपद्यमानत्वाच्चैत्यवन्दनभाष्यकारादिभिरेतत्करणस्य समर्थितत्वाच्च तदधिकतरमपि तन्त्रा-युक्तम् ।

न च वाच्यं भाष्यकारादिवचनान्यप्रमाणानि, तदप्रामाण्ये सर्वथाऽऽगमानवबोधप्रसङ्गादा-

वश्यकानुज्ञाने च चैत्यवन्दनस्यानुज्ञातत्वादावश्यकान्तःपातित्वाच्चैत्यवन्दनसूत्रस्येत्यलं प्रसङ्गेन । इति गाथार्थः ।।३/५०।।

।। चैत्यवन्दनविधिप्रकरणं समाप्तं वृत्तितः ।।३।।

**ટીકાર્થ :-**

इह ... गाथार्थः ।। અને અહીં=ચૈત્યવંદનાના વિષયમાં, કેટલાક માને છે કે શ્રાવકને શક્રસ્તવ-માત્રરૂપ જ વંદનયુક્ત છે; કેમ કે જીવાભિગમાદિમાં તન્માત્રનું જ તેનું=શક્રસ્તવનું, વિજયદેવ આદિ વડે કૃતત્વપણાથી પ્રતિપાદિત છે=વિજયદેવાદિએ માત્ર શક્રસ્તવ જ કહેલ છે, અન્ય સૂત્ર કહેલ નથી માટે શ્રાવકે પણ શક્રસ્તવ માત્ર જ બોલવું જોઈએ. તે આ પ્રમાણે – જીવાભિગમસૂત્રમાં વિજયદેવ વડે, રાજપ્રશ્નીયસૂત્રમાં સૂર્યાભદેવ વડે, જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં શક્ર વડે=ઈન્દ્ર વડે અને જ્ઞાતાધર્મકથામાં દ્રૌપદી વડે એકસો ને આઠ શ્લોક પ્રમાણ પાઠથી અન્વિત શક્રસ્તવ માત્ર જ વંદન કરાયું છે, એ પ્રમાણે સંભળાયું છે. તેથી=જીવાભિગમાદિમાં આ પ્રમાણે સંભળાય છે તેથી, તેમનાથી આચરિતના પ્રામાણ્યથી અને ગણધરાદિકૃત સૂત્રમાં તદ્અધિકતરનું અનભિધાન હોવાથી=ગણધરાદિકૃત જીવાભિગમાદિ સૂત્રોમાં અનભિધાન હોવાથી, શક્રસ્તવથી અતિરિક્ત તે=ચૈત્યવંદન, નથી, એ પ્રમાણે કેટલાક કહે છે, એમ અન્વય છે.

આમાં=કેટલાક આચાર્યની શંકામાં, ટીકાકારશ્રી ઉત્તર આપે છે –

આચરિતપ્રામાણ્યથી એ પ્રમાણે જે કહેવાયું=પૂર્વપક્ષી વડે કહેવાયું, તે અયુક્ત છે. જે કારણથી આ=જીવાભિગમાદિ સૂત્ર, છે તે વિજયદેવાદિના ચરિત્રનો અનુવાદમાત્ર જ છે. તેથી તેનાથી=વિજયદેવાદિના વક્તવ્યથી, અધિકૃત વંદનાનો=શાસ્ત્રમાં જે વંદનાનો અધિકાર છે તેનાથી અધિકૃત એવી વંદનાનો, ઉચ્છેદ કરવો શક્ય નથી; કેમ કે તેઓનું અવિરતપણું હોવાથી અને પ્રમત્તપણું હોવાથી તેટલું જ છે તે યુક્ત છે. તેનાથી અન્ય=વિજયદેવાદિથી અન્ય, વળી અપ્રમાદવિશેષવાળા, વિશેષ ભક્તિવાળા શ્રાવકોને તેના અધિકપણામાં પણ દોષ નથી.

જો વળી આચરિતનું અવલંબન કરીને પ્રવૃત્તિ કર્તવ્ય છે તો બહુ અન્ય પણ કર્તવ્ય થાય અને વિધેયપણાથી અંગીકૃત પણ બહુ વર્જનીય થાય. તે આ પ્રમાણે – વિજયદેવાદિ વડે દ્વારશાખા-શાલભંજિકા-દેહલી-સ્તંભ-મંડપના મધ્યગત એવા શસ્ત્ર-વૃક્ષ-પીઠ-સિંહાસન-પુષ્કરિણી આદિ પૂજિત છે; અને ભરત મહારાજા વડે પરિવ્રાજક વેષધારી મરીચિ વંદિત છે, ભ્રાતાના વધ માટે ચક્ર ફેંકાયું છે. પ્રવ્રજ્યા ગ્રહણ કરતી બહેન=સુંદરીબહેન, ભોગ માટે અટકાવાઈ છે; દ્રૌપદીએ પાંચ ભર્તાર કર્યા; અને પ્રદેશી રાજા વડે દાનશાળાઓ વગેરે કરાવી. એ રીતે અન્ય વડે સર્વ આ વિધેય થાય.

ધર્મકૃત્ય જ તેમનું આલંબનીય છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો વિજયદેવાદિ વડે સિદ્ધપ્રતિમાનું સ્નપન સ્વકીય પુષ્કરિણીના પાણીથી કર્યું. એથી ઈન્દ્રોના જિનજન્માભિષેક તેના વડે જ કર્તવ્ય થાય; પરંતુ જુદા જુદા પ્રકારના તીર્થના પાણી-મૃત્તિકા-વસ્ત્રાદિ વડે કરવું જોઈએ નહિ અથવા

વિજયદેવ આદિને પુષ્કરિણીના જલથી તે ઉચિત ન થાય; કેમ કે અન્યથા=પુષ્કરિણીના જલને છોડીને અન્ય તીર્થોદકાદિ દ્વારા, ઈન્દ્રો વડે જિનજન્મસ્નાનનું કૃતપણું છે અથવા ઈન્દ્રોને નિર્વાણનું મજ્જન ક્ષીરોદકથી વિધેય ન થાય; કેમ કે જન્મ અને નિષ્ક્રમણના મજ્જનનું તીર્થોદકાદિથી તેઓ વડે=ઈન્દ્રો વડે, કૃતપણું છે અને શક્રસ્તવ પાઠ અંચિત વામજાનુવાળા=ડાબા પગવાળા અને ભૂન્યસ્ત દક્ષિણ જાનુથી=જમણા પગથી, જ વિધેય થાય; કેમ કે ઈન્દ્રાદિ વડે તેનું=શક્રસ્તવનું, તેવી રીતે કૃતપણું છે. વળી, અનશનપ્રતિપત્તિકાળમાં કર્તવ્ય ચૈત્યવંદન પર્યંકાસનમાં રહેલા મેઘકુમારની જેમ કર્તવ્ય ન થાય અને તંદુલ વડે=ચોખા વડે, અષ્ટમંગલ દેવો વડે કરાયા, તે પ્રમાણે અન્ય વડે બલિ વિધેય થાય, વળી, વિચિત્ર પ્રકારની ભોગસામગ્રીથી વિધેય ન થાય. એ રીતે આરાત્રિકનું=આરતીનું, લવણઅવતારણ-જલઅવતારણાદિ પણ વિધેય ન થાય; કેમ કે ઈન્દ્રાદિ વડે વિહિતપણાથી જીવાભિગમાદિમાં અનભિહિતપણું છે.

'અને તેનાથી અધિકતર એવા તેનું અનભિધાન હોવાથી' એ પ્રમાણે જે પૂર્વપક્ષીએ શંકામાં કહ્યું તે અયુક્ત છે. 'ત્રણ શ્લોકવાળી ત્રણ સ્તુતિઓ બોલે ત્યાં સુધી જિનાલયમાં રહે' ઈત્યાદિ વ્યવહારભાષ્યવચનનું શ્રવણ છે=શક્રસ્તવ કરતાં અધિકનું અભિધાન વ્યવહારભાષ્યથી પ્રાપ્ત થાય છે, માટે ગણધરાદિકૃત સૂત્રમાં કોનું અનભિધાન છે ? તે વચન અયુક્ત છે એમ યોજન છે.

સાધુની અપેક્ષાએ તે=ત્રણ સ્તુતિઓના કથનનું અભિધાન છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકારશ્રી કહે છે –

એ પ્રમાણે નથી; કેમ કે સાધુ અને શ્રાવકને દર્શનશુદ્ધિનું કર્તવ્યપણું છે અને વંદનનું દર્શનશુદ્ધિનું નિમિત્તપણું છે અને સંવેગાદિનું કારણપણું હોવાથી, અશઠ-સમાચરિતપણું હોવાથી જીતલક્ષણનું અહીં=ચૈત્યવંદનમાં શક્રસ્તવથી અધિક ક્રિયામાં, ઉપપદ્યમાનપણું હોવાથી, ચૈત્યવંદનના ભાષ્યકારાદિ વડે આના કરણનું સમર્થિતપણું હોવાથી, તે અધિકતર પણ=શક્રસ્તવથી અધિકતર પણ, ચૈત્યવંદન અયુક્ત નથી.

અને ભાષ્યકારાદિનું વચન અપ્રમાણ છે, એમ ન કહેવું; (કેમ કે) તેના અપ્રામાણ્યમાં સર્વથા આગમના અનવબોધનો પ્રસંગ છે=ભાષ્યવચનથી આગમનો બોધ થાય છે માટે ભાષ્યવચનો અપ્રમાણ હોય તો આગમના અનવબોધનો પ્રસંગ છે અને આવશ્યકના અનુજ્ઞાનમાં ચૈત્યવંદનનું અનુજ્ઞાતપણું હોવાથી અને ચૈત્યવંદનસૂત્રમાં આવશ્યકનું અનુપાતિપણું હોવાથી ભાષ્યવચનો અપ્રમાણ છે એમ ન કહેવું, એમ અન્વય છે. વિસ્તારથી સર્યું, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૩/૫૦।।

।। ચૈત્યવંદનવિધિ પ્રકરણ વૃત્તિથી સમાપ્ત થયું. ।।

**ભાવાર્થ :-**

કેટલાક માને છે કે શાસ્ત્રોમાં દેવતાઓ વગેરેએ શક્રસ્તવ માત્ર જ કરેલ છે. તેથી શ્રાવકે પણ ચૈત્યવંદન શક્રસ્તવ સુધી જ કરવું જોઈએ. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

દેવતાઓ વડે આચરિત છે, માટે તેને જ પ્રમાણ કરીને અન્ય આચરણાનો અપલાપ કરવો ઉચિત નથી; કેમ કે તેઓને પોતાની ભૂમિકાનુસાર જે ઉચિત જણાયું, તેનું તેઓએ આચરણ કર્યું છે.

વળી, કેટલીક વખત પ્રમાદવશ કોઈએ કાંઈ આચરણ કર્યું હોય, એટલા માત્રથી તે આચરણ કરાવું જોઈએ, તેવો પણ નિયમ બંધાય નહિ.

વળી, કેટલીક વખત તેઓએ જે આચરણા કરી હોય તે જેમ કર્તવ્ય હોય છે, તેમ તત્સદૃશ અન્ય પણ આચરણા કર્તવ્ય બને. જેમ મેઘકુમારે પર્યંકાસનમાં અનશન કરતી વખતે ચૈત્યવંદન કર્યું, તેમ સામાન્યતયા પર્યંકાસનમાં જ ચૈત્યવંદના કરાય, અન્ય આસનમાં કરાય નહીં એમ કહી શકાય નહીં.

તેથી કોઈની આચરણાના પાઠથી અન્ય આચરણાનો અપલાપ કરી શકાય નહિ, પરંતુ અન્ય આચરણા મોહનાશને અનુકૂળ છે કે નહિ, તેનો જ પ્રામાણિક રીતે વિચાર કરવો જોઈએ. તેથી જે આચરણામાં સંવેગાદિની વૃદ્ધિ થતી હોય તેવી આચરણાનો ક્યારેય નિષેધ કરી શકાય નહિ. **॥૩/૫૦॥**

**॥ ચૈત્યવંદનવિધિ પ્રકરણ નામનું તૃતીય પંચાશક સમાપ્ત થયું. ॥**

# ચતુર્થ પૂજા પ્રકરણ પંચાશક

।। अथ चतुर्थपञ्चाशकवृत्तिः ।।

**અવતરણિકા :-**

उक्तोऽर्हच्चैत्यवन्दनविधिः, वन्दनं च पूजापूर्वकं कार्यमिति पूजाविधिमभिधित्सुर्मङ्गलादिप्रतिपादनायाह—

**અવતરણિકાર્થ :-**

અરિહંતના ચૈત્યવંદનની વિધિ કહેવાઈ અને પૂજાપૂર્વક વંદન કર્તવ્ય છે. એથી પૂજાવિધિને કહેવાની ઈચ્છાથી મંગલાદિના પ્રતિપાદન માટે કહે છે –

**ગાથા :-**

**नमिऊण महावीरं जिणपूजाए विहिं पवक्खामि ।**
**संखेवओ महत्थं गुरूवएसाणुसारेण ।।४/१।।**

**છાયા :-**

नत्वा महावीरं जिनपूजाया विधिं प्रवक्ष्यामि ।
सङ्क्षेपतो महार्थं गुरूपदेशानुसारेण ।।४/१।।

**અન્વયાર્થ :-**

महावीरं=મહાવીર ભગવાનને, नमिऊण=નમસ્કાર કરીને, संखेवओ=સંક્ષેપથી, महत्थं=મહાઅર્થવાળી, गुरूवएसाणुसारेण=ગુરુઉપદેશ અનુસારથી, जिणपूजाए=જિનપૂજાની, विहिं=વિધિને, पवक्खामि=હું કહીશ. ।।૪/૧।।

**ગાથાર્થ :-**

મહાવીર ભગવાનને નમસ્કાર કરીને સંક્ષેપથી મહાઅર્થવાળી ગુરુઉપદેશ અનુસારથી જિનપૂજાની વિધિને હું કહીશ. ।।૪/૧।।

**ટીકા :-**

व्याख्या—नत्वा=प्रणम्य, महावीरं=वर्धमानजिनम्, जिनपूजायाः=अर्हदर्चनस्य, विधिं=विधानम्, प्रवक्ष्यामि=भणिष्यामि, संक्षेपतः=समासतः, विस्तरतस्तु पूर्वसूरिभिरेव तस्योक्तत्वात् । एवं तर्ह्यल्पार्थं

तद् भविष्यति, इत्याशंक्याह—महार्थं=बृहदभिधेयं बुहत्प्रयोजनं वा, स्वयमुत्प्रेक्षितमेतदित्याशङ्क्याऽनादेयमिदं मा भूदित्याह – गुरूपदेशानुसारेण=आचार्यशिक्षानुवर्तनेन । इति गाथार्थः ।।४/१।।

**ટીકાર્થ :-**

**नत्वा ..... गाथार्थः ।। 'नमिऊणेत्यादि' પ્રતીક છે. મહાવીરને=વર્ધમાન જિનને, નમસ્કાર કરીને, જિનપૂજાની વિધિને=અરિહંતના અર્ચનના વિધાનને, હું સંક્ષેપથી=સમાસથી, કહીશ; કેમ કે વિસ્તારથી પૂર્વસૂરિઓ વડે તેનું ઉક્તપણું છે.**

**આ રીતે તો=સંક્ષેપથી ગ્રંથકારશ્રી કહેશે એ રીતે તો, અલ્પ અર્થવાળી તે=જિનપૂજાની વિધિ, થશે, એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**મહા અર્થવાળી=મહાઅભિધેયવાળી અથવા મહાન પ્રયોજનવાળી, વિધિને હું કહીશ, એમ અન્વય છે.**

**સ્વયં પ્રેક્ષિત આ છે=ગ્રંથકારશ્રી વડે સ્વયં જિનપૂજાની વિધિ વિચારાઈ છે, એ પ્રકારની આશંકા કરીને આ=પ્રસ્તુત પૂજાની વિધિ, અનાદેય ન થાય એથી કહે છે –**

**ગુરુ ઉપદેશના અનુસારથી=આચાર્યના કથનના અનુવર્તનથી, હું કહીશ, એમ અન્વય છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૧।।**

**ભાવાર્થ :-**

ભગવાનની પૂજાની વિધિને કહેવાની પ્રતિજ્ઞા કરતાં પૂર્વે ગ્રંથકારશ્રી વીર ભગવાનને દૃઢ પ્રણિધાનપૂર્વક નમસ્કાર કરે છે, જેથી જિનવચનાનુસાર તત્ત્વને કહેવામાં બાધક કર્મોનું વિગમન થાય અને તેના ફલરૂપે શુદ્ધ વિધિને કહેનારા ગ્રંથની નિષ્પત્તિ થાય. વળી, ભગવાનની પૂજાની વિધિ આગમોમાં વિસ્તારથી કહેલ છે, જેનો બોધ અલ્પ બુદ્ધિવાળા જીવો કરી શકે નહિ, તેથી યોગ્ય જીવોના ઉપકાર અર્થે સંક્ષેપથી પૂજાની વિધિને કહેવાની ગ્રંથકારશ્રી પ્રતિજ્ઞા કરે છે. વળી, આ ભગવાનની પૂજાની વિધિ જિનના અસંગભાવરૂપ ભાવસ્તવની પ્રાપ્તિમાં પ્રબળ કારણ હોવાથી બૃહદ્ પ્રયોજનવાળી છે; કેમ કે જીવને સુખ જ પ્રિય છે અને પારમાર્થિકસુખ જીવની અસંગપરિણતિ જ છે, જેને પ્રગટ કરવામાં પ્રબળ કારણ ભગવાનની પૂજા છે. તેથી મહાન પ્રયોજન સાધનારી પૂજાની વિધિ છે. આવી વિધિ ગ્રંથકારશ્રી ગુરુના ઉપદેશ અનુસાર કહેશે, જેથી સર્વજ્ઞના વચનને પરતંત્ર એવા પૂર્વના ઋષિઓના વચનાનુસાર હોવાથી અહીં કહેવાનારી ભગવાનની પૂજાની વિધિ પ્રમાણભૂત છે. **।।૪/૧।।**

**અવતરણિકા :-**

**अथ पूजाविधिभणने किं प्रयोजनमित्याह—**

**અવતરણિકાર્થ :-**

**હવે પૂજાવિધિના કથનમાં શું પ્રયોજન છે ? એને કહે છે –**

ગાથા :-

**विहिणा उ कीरमाणा सव्व च्चिय फलवती भवति चेट्ठा ।**
**इहलोइया वि किं पुण जिणपूया उभयलोगहिया ।।४/२।।**

છાયા :-

विधिना तु क्रियमाणा सर्वैव फलवती भवति चेष्टा ।
ऐहलौकिक्यपि किं पुनः जिनपूजा उभयलोकहिता? ।।४/२।।

અન્વયાર્થ :-

विहिणा=વિધિથી, उ=જ, कीरमाणा=કરાયેલી, सव्व च्चिय=સર્વ પણ, इहलोइया=ઈહલૌકિકી, वि=પણ, चेट्ठा=ચેષ્ટા, फलवती=ફલવાળી, भवति=થાય છે. किं=શું, पुण=વળી, उभयलोगहिया=ઉભયલોકના હિતને કરનારી, जिणपूया=જિનપૂજા ? ।।૪/૨।।

ગાથાર્થ :-

**વિધિથી જ કરાયેલી સર્વ પણ ઈહલૌકિકી પણ ચેષ્ટા ફલવાળી થાય છે. શું વળી ઉભયલોકના હિતને કરનારી જિનપૂજા ? ।।૪/૨।।**

ટીકા :-

**व्याख्या—'विहिणे'त्यादि । विधिनैव=यथोचितविधानेनैव, तुशब्द एवकारार्थः क्रियमाणा= विधीयमाना सर्वैव=समस्तापि, फलवती=साध्यसाधिका, भवति=जायते, चेष्टा=क्रिया, ऐहलौकिक्यपि= इहलोकप्रयोजनापि कृष्यादिकापीत्यर्थः, किं पुनरिति विशेषद्योतनार्थः सुतरामित्यर्थः । जिनपूजा= अर्हदर्चनम्, किंभूता ? उभयलोकहिता=इहलोकपरलोकयोर्हितकरीति, उभयलोकहितत्वाद्विशेषतो जिनपूजा विधिनैव विधीयमाना फलवती भवति, ततस्तद्विधिः प्ररूपणीयो भवतीति गाथार्थः ।।४/२।।**

ટીકાર્થ :-

विधिनैव ..... गाथार्थः ।। 'विहिणेत्यादि' પ્રતીક છે. વિધિથી જ=યથાઉચિત વિધાનથી જ, કરાતી સર્વ પણ=સમસ્ત પણ, ચેષ્ટા ફલવાળી=સાધ્યને સાધનારી, થાય છે. ઈહલોક પ્રયોજનવાળી પણ= કૃષિ આદિ પણ, 'तु' શબ્દ એવકાર અર્થવાળો છે. 'किं पुण' એ શબ્દ વિશેષના દ્યોતન અર્થવાળો છે= सुतराम् એ પ્રકારના અર્થવાળો છે=જિનપૂજા નક્કી વિધિપૂર્વક જ ફલવાળી છે, એ અર્થને બતાવનારો છે.

જિનપૂજા=અરિહંતનું અર્ચન, કેવા પ્રકારનું છે ? એથી કહે છે –

**ઉભયલોકને હિતને કરનારી એવી જિનપૂજાનું શું કહેવું=ઈહલોક-પરલોકના હિતને કરનારી છે એથી ઉભયલોકહિતપણું હોવાના કારણે વિશેષથી જિનપૂજા વિધિથી જ કરાતી ફલવાળી થાય છે. તેથી=વિધિથી કરાયેલી પૂજા ફલવાળી થાય છે તેથી, તેની વિધિ પ્રરૂપણીય થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૨।।**

**ભાવાર્થ :-**

સમ્યગ્ રીતે સેવાયેલા કારણથી કાર્ય થાય છે. સંસારમાં સર્વ ક્રિયાઓ જે કાર્ય પ્રત્યે કારણ હોય, તેને અનુકૂળ વિધિથી કરવામાં આવે તો ઇષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે. અન્યથા એ કૃત્યનું ફલ પ્રાપ્ત થતું નથી. ભગવાનની પૂજા આલોક અને પરલોક બન્નેને હિતકારી હોવાથી વિશેષથી વિધિપૂર્વક કરવામાં આવે તો જ તેનું ઉચિત ફલ પ્રાપ્ત થાય છે. ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક વીતરાગ પ્રત્યેના પ્રવર્ધમાન બહુમાનથી સર્વ ઉચિત બાહ્ય અંગોથી પૂજા કરનાર મહાત્માને તે પૂજાથી આલોકમાં જ પૂજાકાળમાં કષાયોના ઉપશમનું વિશેષ સુખ પ્રાપ્ત થાય છે, તત્ક્ષણ જ ઉત્તમ પુણ્યપ્રકૃતિઓ વિપાકમાં આવે છે. તેથી બાહ્ય સુખોની પણ વૃદ્ધિ થાય છે અને દૃઢ પ્રણિધાનપૂર્વક કરાયેલી ભગવાનની પૂજાથી જે શ્રેષ્ઠ પુણ્ય પ્રાપ્ત થયું, તેનાથી પરલોકમાં સુગતિની પરંપરાની અવશ્ય પ્રાપ્તિ થશે. તેથી જે પૂજા ઉભય લોકને એકાંતે હિતકારી હોય, તેવી પૂજા વિધિપૂર્વક કરવાથી તે પ્રકારના ફલની પ્રાપ્તિ થાય છે માટે તેની વિધિ બતાવવી જોઈએ. આથી જિનપૂજાની વિધિ ગ્રંથકારશ્રી બતાવે છે. **॥૪/૨॥**

**અવતરણિકા :-**

**अथ विधिमाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે વિધિને કહે છે=જિનપૂજાની વિધિને કહે છે –**

**ગાથા :-**

**काले सुइभूएणं विसिट्ठपुप्फाइएहिं विहिणा उ ।**
**सारथुइथोत्तगरुई जिणपूजा होइ कायव्वा ।।४/३।।**

**છાયા :-**

**काले शुचिभूतेन विशिष्टपुष्पादिभिः विधिना तु ।**
**सारस्तुतिस्तोत्रगुर्वी जिनपूजा भवति कर्तव्या ।।४/३।।**

**અન્વયાર્થ :-**

**काले=કાલે=પૂજાના ઉચિત કાલે, सुइभूएणं=શુચિભૂતે=શુચિભૂત એવા શ્રાવકે, विसिट्ठपुप्फाइएहिं=**

વિશિષ્ટ પુષ્પાદિ વડે, विहिणा=વિધિથી, सारथुइथोत्तगरुई=સાર એવી સ્તુતિ અને સ્તોત્રથી ગુર્વી, એવી, जिणपूजा=જિનપૂજા, कायव्वा=કર્તવ્ય, होइ=છે.

'उ' શબ્દ સમુચ્ચય અર્થમાં છે. ॥૪/૩॥

**ગાથાર્થ :-**

**કાલે=પૂજાના ઉચિત કાલે, શુચિભૂતે=શુચિભૂત એવા શ્રાવકે, વિશિષ્ટ પુષ્પાદિ વડે વિધિથી સાર એવી સ્તુતિ અને સ્તોત્રથી ગુર્વી એવી જિનપૂજા કર્તવ્ય છે. ॥૪/૩॥**

**ટીકા :-**

**व्याख्या—'काले'त्यादि । काले=समये वक्ष्यमाणस्वरूपे, कर्तव्येति संबन्धः । तथा शुचिभूतेन= भूतशब्दस्य प्रकृतिमात्रार्थत्वाच्छुचिना अथवा भावप्रत्ययस्य लुप्तस्य दर्शनाद् भूतशब्दस्य प्राप्त्यर्थत्वाच्च शुचितां प्राप्तेन अथवा शुचिश्चासौ भूतश्च संवृत्तः प्राणी वा शुचिभूतस्तेन विशुद्धिमतेत्यर्थः तथा विशिष्टपुष्पादिभिः=प्रधानसुमनःप्रभृतिभिः करणभूतैः, आदिशब्दार्थं स्वयमेव वक्ष्यति, तथा विधिना= वक्ष्यमाणविधानेनेति, तुशब्दः समुच्चयार्थः । तथा सारस्तुतिस्तोत्रगुर्वी=प्रधानस्तुतिस्तोत्रमहती, स्तुतिश्चैकश्लोकप्रमाणा, स्तोत्रं तु बहुश्लोकमानम्, जिनपूजा=अर्हदर्चनम्, भवति=वर्तते, कर्तव्या= विधेया । इति द्वारगाथासमासार्थः ॥४/३॥**

**ટીકાર્થ :-**

काले ..... समासार्थः ॥ 'कालेत्यादि' પ્રતીક છે. કાલમાં=વક્ષ્યમાણ સ્વરૂપવાળા સમયમાં, પૂજા કર્તવ્ય છે, એ પ્રકારે સંબંધ છે. અને શુચિભૂત એવા શ્રાવકથી કર્તવ્ય છે. ભૂત શબ્દનું=શુચિભૂતમાં રહેલા ભૂત શબ્દનું, પ્રકૃતિમાત્ર અર્થપણું હોવાથી=શુચિરૂપ જે શબ્દની પ્રકૃતિ છે તેના માત્ર અર્થને બતાવનાર હોવાથી, શુચિભૂતનો અર્થ શુચિ એ પ્રકારે થાય છે અથવા ભાવ પ્રત્યયના લુપ્તત્વનું દર્શન હોવાથી અને ભૂત શબ્દનું પ્રાપ્તિઅર્થપણું હોવાથી શુચિતાને પ્રાપ્ત એવા શ્રાવક વડે જિનપૂજા કરવી જોઈએ, એમ અન્વય છે. અથવા શુચિ એવો આ થયેલો=સંવૃત્ત પ્રાણી=પાંચ ઇન્દ્રિયથી સંવૃત્ત થયેલો જીવ, શુચિભૂત છે, તેના દ્વારા વિશુદ્ધિવાળા શ્રાવક વડે પૂજા કરવી જોઈએ અર્થ છે અને વિશિષ્ટ પુષ્પાદિ વડે=કરણભૂત એવાં કુસુમો વગેરેથી, પૂજા કરવી જોઈએ આદિ શબ્દનો અર્થ સ્વયં જ=ગ્રંથકારશ્રી સ્વયં જ, કહેશે અને વિધિથી=વક્ષ્યમાણ વિધાનથી પૂજા કરવી જોઈએ.

'तु' શબ્દ સમુચ્ચય અર્થવાળો છે.

અને સારસ્તુતિસ્તોત્રથી ગુર્વી=પ્રધાન સ્તુતિ અને સ્તોત્રથી મહાન જિનપૂજા કર્તવ્ય થાય છે. સ્તુતિ એક શ્લોક પ્રમાણ છે. વળી, સ્તોત્ર બહુ શ્લોકપ્રમાણવાળું છે, આ પ્રમાણેનો દ્વારગાથાનો સંક્ષેપથી અર્થ છે. ॥૪/૩॥

**ભાવાર્થ :-**

ભગવાનની પૂજાનાં કેટલાં અંગો છે ? તે પ્રસ્તુત દ્વારગાથામાં બતાવે છે.

(૧) ઉચિત કાલે ભગવાનની પૂજા કરવી જોઈએ.

(૨) વળી, શરીરની વિશુદ્ધિપૂર્વક અને સંવૃત્ત થયેલા પરિણામપૂર્વક ભગવાનની પૂજા કરવી જોઈએ. તેથી એ ફલિત થાય કે ભગવાનની પૂજામાં જેમ દેહની બાહ્ય વિશુદ્ધિ અતિ આવશ્યક છે, તેમ પાંચ ઇન્દ્રિયો સંવૃત્ત થઈને વીતરાગના ગુણો પ્રત્યે ચિત્ત પ્રવર્તે તે રીતે પવિત્ર થઈને પૂજા કરવી જોઈએ.

(૩) વળી, વિશિષ્ટ પુષ્પાદિ ઉત્તમ દ્રવ્યોથી આગળમાં કહેશે એ પ્રકારની વિધિથી પૂજા કરવી જોઈએ.

(૪) વળી, વીતરાગના ગુણોના પરમાર્થને સ્પર્શે તેવી સુંદર સ્તુતિ, સ્તોત્રોથી જિનપૂજા કરવી જોઈએ, જેથી ભગવાનની પૂજા મુનિભાવરૂપ ભાવસ્તવનું કારણ બને. **॥૪/૩॥**

**અવતરણિકા :-**

**अथ जिनपूजायां कालः किमित्याश्रीयते ? इत्याह—**

**અવતરણિકાર્થ :-**

**હવે જિનપૂજામાં કાલ કયા કારણથી આશ્રય કરાય છે ? એથી કહે છે –**

**ગાથા :-**

**कालम्मि कीरमाणं किसिकम्मं बहुफलं जहा होइ ।**
**इय सव्व च्चिय किरिया णियणियकालम्मि विण्णेया ।।४/४।।**

**છાયા :-**

**काले क्रियमाणं कृषिकर्म बहुफलं यथा भवति ।**
**इति सर्वैव क्रिया निजनिजकाले विज्ञेया ।।४/४।।**

**અન્વયાર્થ :-**

**जहा=જે પ્રકારે, कालम्मि=કાલમાં कीरमाणं=કરાતું, किसिकम्मं=કૃષિકર્મ, बहुफलं=બહુ ફલવાળું, होइ=થાય છે, इय=એ પ્રકારે જ, सव्व च्चिय=સર્વ પણ, किरिया=ક્રિયા, णियणियकालम्मि=નિજ નિજ કાલમાં, विण्णेया=જાણવી. ।।૪/૪।।**

**ગાથાર્થ :-**

**જે પ્રકારે કાલમાં કરાતું કૃષિકર્મ બહુ ફલવાળું થાય છે, એ પ્રકારે જ સર્વ પણ ક્રિયા નિજ નિજ કાલમાં જાણવી. ।।૪/૪।।**

**ટીકા :-**

**व्याख्या—'कालम्मि' इत्यादि । काले=प्रावृडादिसमये, निजे इति शेषः, क्रियमाणं=विधीयमानं, कृषिकर्म=क्षेत्रकर्षणक्रिया, बहुफलं=प्रभूतधान्यादिसाधकम्, यथा=येन प्रकारेण, भवति=जायते, इति=एतेनैव प्रकारेण, 'सव्व च्चिय' त्ति सर्वापि=समस्तापि, आस्तां जिनपूजा, क्रिया=कर्म, निजनिजकाले=स्वकीयस्वकीयावसरे, क्रियमाणा, बहुफलेति शेषः, विज्ञेया=ज्ञातव्या, भवतीति, अतो जिनपूजायाः करणे कालः समाश्रयणीयः । इति गाथार्थः ।।४/४।।**

**ટીકાર્થ :-**

**काले ..... गाथार्थः ।। 'कालम्मि इत्यादि' પ્રતીક છે. કાલમાં=વર્ષાઋતુ આદિ સમયમાં, અહીં નિજ શબ્દ ગાથામાં અધ્યાહાર છે. તેથી પોતાના કાલમાં કરાતું કૃષિકર્મ=ખેતી ખેડવાની ક્રિયા, બહુ ફલવાળી જે પ્રકારે થાય છે=ઘણા ધાન્યાદિની સાધક જે પ્રકારે થાય છે, એ જ પ્રકારથી સમસ્ત પણ ક્રિયા=જિનપૂજા દૂર રહો સમસ્ત પણ ક્રિયા, પોતપોતાના કાળમાં=સ્વકીય સ્વકીય અવસરમાં, કરાતી બહુફલવાળી જાણવી. આથી જિનપૂજાના કરણમાં કાલ સમાશ્રયણીય છે, એ પ્રકારે ગાથાર્થ છે. ।।૪/૪।।**

**ભાવાર્થ :-**

જેમ ખેતી વગેરે કૃત્યો વર્ષાઋતુમાં કરવાથી વિશેષ ફલ આપે છે તેમ સંસારની સર્વ ક્રિયાઓ તે તે ક્રિયાના ઉચિત કાલમાં કરવામાં આવે તો જ ફલ આપે છે. તે રીતે ભગવાનની પૂજા પણ ઉચિત કાલે કરવામાં આવે તો જ તે પ્રકારના ભાવવિશેષની નિષ્પત્તિ દ્વારા મહાન ફલને આપે છે. માટે પૂજાના અંગભૂત અન્ય સર્વ અંગોની જેમ કાલ પણ અવશ્ય આશ્રયણ કરવો જોઈએ. **।।૪/૪।।**

**અવતરણિકા :-**

**अथ पूजाकालं विशेषतो दर्शयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે પૂજાકાલને વિશેષથી બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**सो पुण इह विण्णेओ संझाओ तिण्णि ताव ओहेण ।**
**वित्तिकिरियाविरुद्धो अहवा जो जस्स जावइओ ।।४/५।।**

**છાયા :-**

**सः पुनरिह विज्ञेयः सन्ध्याः तिस्रः तावदोघेन ।**
**वृत्तिक्रियाऽविरुद्धोऽथवा यो यस्य यावत्कः ।।४/५।।**

**અન્વયાર્થ :-**

इह=અહીં=પૂજાના વિષયમાં, सो=તે=કાલ, पुण=વળી, ओहेण=સામાન્યથી, ताव=પ્રથમ, तिण्णि संझाओ=ત્રણ સંધ્યા, विण्णेओ=જાણવી, अहवा=અથવા, जस्स=જેને, जो=જે, वित्तिकिरियाविरुद्धो= વૃત્તિક્રિયાઅવિરુદ્ધ, जावइओ=જેટલો કાળ છે, તે કાલ છે. ॥૪/૫॥

**ગાથાર્થ :-**

અહીં=પૂજાના વિષયમાં તે=કાલ, વળી સામાન્યથી ત્રણ સંધ્યા જાણવી. અથવા જેને જે વૃત્તિક્રિયાઅવિરુદ્ધ છે, તે કાલ છે. ॥૪/૫॥

**ટીકા :-**

व्याख्या—'सो पुणे'त्यादि । स इति यः सर्वक्रियासु बहुफलनिबन्धनत्वेन प्रागुपदिष्टोऽसौ कालः । पुनरिति विशेषप्रतिपादनार्थः । इह=जिनपूजायां विषये, विज्ञेयो=ज्ञातव्यः । किंभूतः ? इत्याह-सन्ध्याः=कालवेलाः, तिस्रः=त्रिसंख्याः, तावदिति वक्ष्यमाणापवादिककालापेक्षया प्रथमोऽयमिति क्रमभावसूचनार्थः, ओघेन=सामान्येनोत्सर्गत इत्यर्थः । अथापवादमाह—वृत्तिः=जीवनं, तदर्थाः क्रियाः=कर्माणि राजसेवावाणिज्यादीनि, तासामविरुद्धः=अबाधको वृत्तिक्रियाविरुद्धः । अथवेति विकल्पार्थः ततश्चापवादत इत्युक्तं भवति । यः=पूर्वाह्णादिः, यस्य=राजसेवकवाणिज्यकादेः, 'जावइओ' त्ति यत्परिमाणो=यावान्, स एव यावत्को मुहूर्तादिपरिमाणः, स तस्य तावत्कः पूजाकालो भवति, न पुनः सन्ध्यात्रयरूप एव । इति गाथार्थः ॥४/५॥

**ટીકાર્થ :-**

स इति ..... गाथार्थः ॥ 'सो पुणेत्यादि' પ્રતીક છે. ગાથામાં કહેલા 'તે' એ શબ્દથી વાચ્ય શું છે તે બતાવે છે. જે સર્વ ક્રિયામાં બહુફલના કારણપણાથી પૂર્વમાં કહેવાયેલો એવો અર્થાત્ ગાથા-૪માં કહેવાયેલો એવો, આ કાલ છે. પુનઃ શબ્દ વિશેષ અર્થના પ્રતિપાદન અર્થવાળો છે. તેથી તે કાલ વળી અહીં જિનપૂજાના વિષયમાં જાણવો.

કેવા પ્રકારનો કાળ જાણવો ? એથી કહે છે –

ત્રણ સંખ્યાવાળી સંધ્યા=કાલવેળા, પૂજાનો સામાન્યથી=ઉત્સર્ગથી, કાલ છે. તાવદ્ શબ્દ "વક્ષ્યમાણ અપવાદિક કાલની અપેક્ષાથી પ્રથમ એવો આ છે" એ પ્રકારના ક્રમભાવના સૂચનઅર્થક છે. હવે અપવાદને કહે છે=કાલના વિષયમાં ઉત્સર્ગ બતાવ્યા પછી અપવાદને કહે છે – વૃત્તિ=જીવન, તેના અર્થવાળી સેવા=રાજસેવા વાણિજ્યાદિ કર્મ, તેઓને અવિરુદ્ધ=અબાધક, વૃત્તિક્રિયાઅવિરુદ્ધ કાલ છે. 'અથવા' એ વિકલ્પ અર્થવાળો છે, તેથી અપવાદથી એ પ્રમાણે કહેવાયેલું થાય છે='વૃત્તિક્રિયાઅવિરુદ્ધ કાલ' કહ્યો. એ અપવાદથી છે એમ કહેવાયેલું થાય છે. જે પૂર્વાહ્નનાદિ જેને=રાજસેવક વાણિજ્યક

**આદિને, જેટલો પરિણામ છે, તે જ તેટલો જ, મુહૂર્તાદિ પરિમાણવાળો તે=કાલ, તેને તેટલો જ પૂજાકાલ થાય છે, પરંતુ ત્રણ સંધ્યાદિરૂપ જ નહિ, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૫।।**

**ભાવાર્થ :-**

ભગવાનની ભક્તિ કરીને વીતરાગગુણના પ્રણિધાનને સ્પર્શનારો ચિત્તનો ઉપયોગ જ નિર્જરાનું કારણ છે. તેથી જેમ ધાન્યની વૃદ્ધિમાં વર્ષાઋતુના કાલે ખેતી કરવાથી પ્રચુર ધાન્યની પ્રાપ્તિ થાય છે, તેમ જે મહાત્માઓને તે પ્રકારના અનુકૂલ સંયોગો છે, તેઓ ત્રણ સંધ્યા વખતે ભગવાનની ભક્તિ કરે તો દિવસ દરમ્યાન વીતરાગના ગુણોના પ્રતિસંધાનવાળું ચિત્ત રહેવાથી પ્રાયઃ વીતરાગતાને અભિમુખ તેઓનો સર્વ સમય પસાર થાય છે; કેમ કે દૃઢ પ્રણિધાનપૂર્વક ત્રિકાલ ભગવાનના ગુણોનું સ્મરણ કરવાથી મનુષ્યભવનો દિવસ પૂર્ણ સફલ બને તેવું ચિત્ત નિર્માણ થાય છે. માટે તે પ્રકારના સંયોગો જેઓને છે, તેને આશ્રયીને ત્રણ સંધ્યા જ પ્રચુરભાવનિષ્પત્તિરૂપ ફલને કરનાર છે.

વળી આ રીતે કરવાથી જેઓની આજીવિકામાં વ્યાઘાત થાય તેમ છે તેઓને માટે ત્રિકાલપૂજા કરવી ઉચિત નથી; પરંતુ પોતાની આજીવિકાનો વ્યાઘાત ન થાય અને સ્વસ્થતાપૂર્વક ધર્મપરાયણ થઈને જીવી શકે, તે પ્રકારે જ પૂજાનો કાલ છે.

જેમ સર્વવિરતિની જેઓમાં શક્તિ છે, તેઓએ સર્વ ઉદ્યમથી ત્રણ ગુપ્તિમાં યત્ન કરવો ઉચિત છે; પરંતુ જેઓનું વિકારી ચિત્ત તે પ્રકારનું પ્રબલ છે કે જેથી સંસારને નિર્ગુણ જાણવા છતાં ત્રણ ગુપ્તિમાં રહેવા સમર્થ નથી, તેઓને અપવાદમાર્ગરૂપ ગૃહસ્થધર્મ સ્વીકારવો જ ઉચિત છે; પરંતુ ઉત્સર્ગમાર્ગરૂપ સર્વવિરતિધર્મ નહિ.

તે રીતે ત્રિકાલપૂજા કરવાથી જેઓની આજીવિકાનો વ્યાઘાત થાય છે, તેઓને માટે પૂજાનો કાલ ત્રિસંધ્યા નથી; પરંતુ પોતાની આજીવિકાનો વ્યાઘાત ન થાય તેટલા પરિમાણવાળો કાલ તેઓ માટે પૂજાનો છે. તેથી એ ફલિત થાય કે ચિત્તના કાલુષ્યની પ્રાપ્તિનું કારણ ન બને તે રીતે પોતાના સંયોગ અનુસાર પરિમિતકાલ સુધી કે દીર્ઘકાલ સુધી ભગવાનની ભક્તિ કરવી જોઈએ. **।।૪/૫।।**

**અવતરણિકા :-**

**अथ किमर्थमापवादिककालप्ररूपणमित्याशंक्याह—**

**અવતરણિકાર્થ :-**

**હવે કયા પ્રયોજનથી આપવાદિક કાલનું પ્રરૂપણ છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે —**

**ગાથા :-**

**पुरिसेणं बुद्धिमया सुहवुड्ढिं भावओ गणंतेणं ।**
**जत्तेणं होयव्वं सुहाणुबंधप्पहाणेण ।।४/६।।**

**છાયા :-**

**पुरुषेण बुद्धिमता शुभवृद्धिं भावतो गणयता ।**
**यत्नेन भवितव्यं शुभानुबन्धप्रधानेन ।।४/६।।**

**અન્વયાર્થ :-**

भावओ=ભાવથી, सुहवुड्ढिं=શુભ વૃદ્ધિને, गणंतेणं=ગણતા એવા, बुद्धिमया पुरिसेणं=બુદ્ધિમાન પુરુષે, सुहाणुबंधप्पहाणेण=શુભાનુબંધ પ્રધાન એવા, जत्तेणं=યત્નથી, होयव्वं=પ્રયત્ન કરવો જોઈએ. ।।૪/૬।।

**ગાથાર્થ :-**

**ભાવથી શુભ વૃદ્ધિને ગણતા એવા બુદ્ધિમાન પુરુષે શુભાનુબંધપ્રધાન એવા યત્નથી પ્રયત્ન કરવો જોઈએ. ।।૪/૬।।**

**ટીકા :-**

**व्याख्या—'पुरिसेणं' इत्यादि । पुरुषेण=नरेण, नरग्रहणं चेह प्रायः पुरुषस्य प्राधान्यात्, अथवा पूः शरीरं, तंत्र शयनात्पुरुषो जीवस्तेन बुद्धिमता=धीमता, बुद्धिमानेव हि औचित्येन वर्तत इति बुद्धिमद्ग्रहणम्, किंकुर्वता तेन? इत्याह — शुभवृद्धिं=कल्याणोपचयं सुखवर्धनं वा, भावतः=परमार्थतः, गणयतात्मनोऽन्विच्छता सता, किम् ? इत्याह — यत्नेन=आदरेण, भवितव्यं=भाव्यं, शुभानुबन्धप्रधानेन=कुशलाविच्छेदपरेण, यथा कल्याणसन्तानो वर्धते, तथा यत्नो विधेयः, वृत्तिक्रियाविरुद्धसमये च पूजासेवनेनासौ व्यवच्छिद्यते अतः पूजायामापवादिककालः समाश्रीयते । इति गाथार्थः ।।४/६।।**

**ટીકાર્થ :-**

पुरुषेण ..... गाथार्थः ।। 'पुरिसेणं इत्यादि' પ્રતીક છે. પુરુષથી=નરથી, અહીં=પ્રસ્તુત શ્લોકમાં, નરનું ગ્રહણ પ્રાયઃ પુરુષનું પ્રધાનપણું હોવાથી છે અથવા 'पूः' એટલે શરીર ત્યાં શયન કરનાર હોવાથી પુરુષ=શરીરધારી જીવ, તેના વડે.

કેવા પુરુષ વડે ? એથી કહે છે –

બુદ્ધિમાન વડે=ધીમાન્ વડે. हि=જે કારણથી, બુદ્ધિમાન જ ઔચિત્યથી વર્તે છે. એથી બુદ્ધિમાનનું ગ્રહણ છે.

શું કરતા તેના વડે ? એથી કહે છે –

ભાવથી=પરમાર્થથી, શુભ વૃદ્ધિને=કલ્યાણના ઉપચયને અથવા સુખના વર્ધનને, ગણતા=પોતાને ઈચ્છતા છતા એવા, પુરુષ વડે યત્નથી=આદરથી, થવું જોઈએ.

શું થવું જોઈએ ? એથી કહે છે –

**કુશલ અનુબંધપ્રધાનથી થવું જોઈએ=કુશલના અવિચ્છેદપર થવું જોઈએ. જે પ્રમાણે કલ્યાણનું સંતાન વધે તે પ્રમાણે યત્ન કરવો જોઈએ અને વૃત્તિક્રિયાના=આજીવિકાની ક્રિયાના, વિરુદ્ધ સમયમાં પૂજાના સેવનથી આ=શુભાનુબંધપ્રધાન યત્ન, વ્યવચ્છેદ પામે છે. આથી પૂજામાં આપવાદિક કાલ આશ્રય કરાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૬॥**

**ભાવાર્થ :-**

બુદ્ધિમાન પુરુષ હંમેશાં ફલપ્રધાન કાર્યનો આરંભ કરે છે. સર્વ ક્રિયામાં પ્રાપ્તવ્ય ફલ ચિત્તનું સ્વાસ્થ્ય છે, આથી જ બુદ્ધિમાન પુરુષો જો પરમ સ્વાસ્થ્યની પ્રાપ્તિ કરાવનાર ત્રણ ગુપ્તિના સામ્રાજ્યરૂપ સાધુધર્મના પાલનનું સામર્થ્ય હોય તો સાધુધર્મનો સ્વીકાર કરે છે; પરંતુ જીવનમાં ત્રણ ગુપ્તિને જ સારભૂત માનતા હોવા છતાં ત્રણ ગુપ્તિને અનુકૂલ પોતાનું સામર્થ્ય ન હોય તો ત્રણ ગુપ્તિના શક્તિના સંચય અર્થે શ્રાવકધર્મ પણ સ્વીકારે છે તે જ તેઓની બુદ્ધિમત્તા છે.

વળી, ત્રિકાલ પૂજા દ્વારા સતત ભગવાનની યોગનિરોધ અવસ્થા સ્મૃતિમાં રહે તે પ્રકારે જ વિવેકી શ્રાવકે યત્ન કરવો જોઈએ અને તેના માટે ત્રિસંધ્યા પૂજા કરવી જોઈએ કે જેથી ત્રણ ગુપ્તિની શક્તિ શીઘ્ર પ્રાપ્ત થાય; પરંતુ તેમ કરવાથી આજીવિકાનો વ્યાઘાત થાય તો ચિત્ત ક્લેશ પામે અને ક્લેશવાળું ચિત્ત ત્રિકાલ પૂજા કરીને પણ શુભાનુબંધને પ્રાપ્ત કરી શકે નહિ. જેમ સર્વવિરતિની શક્તિ ન હોય અને સર્વવિરતિ ગ્રહણ કરે તો ત્રણ ગુપ્તિના બલથી જે પ્રકારે અસંગભાવને પ્રાપ્ત કરવો છે, એ પ્રકારે યત્ન પ્રાપ્ત થઈ શકે નહિ અને કુશળતા ન હોય તો સર્વવિરતિની ક્રિયાથી પણ ત્રણ ગુપ્તિનો બળસંચય થઈ શકે નહિ છતાં તેવા પ્રકારના વિકારવાળો શ્રાવક કંઈ ભોગોને સેવીને પણ હંમેશાં સાધુધર્મના પરિભાવનથી યુક્ત દેશવિરતિના પાલનના બલથી ત્રણ ગુપ્તિની શક્તિનો સંચય કરી શકે છે. તે રીતે ત્રિકાલ પૂજા કરવાથી કોઈ ગૃહસ્થની આજીવિકાનો વ્યાઘાત થતો હોય તો તે ગૃહસ્થ ભગવાનના ગુણોના પ્રણિધાનમય થઈ શકતો નથી; પરંતુ વારંવાર નિમિત્તને પામીને ક્લેશને પ્રાપ્ત કરે છે. તેથી શુભભાવની વૃદ્ધિના અર્થી જીવે અપવાદથી આજીવિકાનો વ્યાઘાત ન થાય તે રીતે જ પૂજાના કાલનો આશ્રય કરવો જોઈએ; જેથી શુભભાવની સતત વૃદ્ધિ થાય; કેમ કે ફલની પ્રાપ્તિ સ્વસ્થ બનેલા ચિત્તના બલથી થાય છે અને વિવેકપૂર્વક કરાયેલો ઉચિત પ્રયત્ન ચિત્તની સ્વસ્થતાની વૃદ્ધિ કરાવીને વિશેષ પ્રકારના સુંદર ફલને આપે છે. **॥૪/૬॥**

**અવતરણિકા :-**

**अथ कथमापवादिककालानाश्रयणे शुभसन्तानव्यवच्छेदः स्यात् ? वृत्तिव्यवच्छेदादिति ब्रूमः । एतदेवाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે અપવાદિક કાલના અનાશ્રયણમાં શુભ સંતાનનો વ્યવચ્છેદ કેમ થાય ? 'વૃત્તિના વિચ્છેદથી' એ પ્રમાણે અમે કહીએ છીએ. એને જ ગાથામાં કહે છે —**

ગાથા :-

वित्तीवोच्छेयम्मि य गिहिणो सीयंति सव्वकिरियाओ ।
णिरवेक्खस्स उ जुत्तो संपुण्णो संजमो चेव ।।४/७।।

છાયા :-

वृत्तिव्यवच्छेदे च गृहिणः सीदन्ति सर्वक्रियाः ।
निरपेक्षस्य तु युक्तः सम्पूर्णः संयमश्चैव ।।४/७।।

અન્વયાર્થ :-

वित्तीवोच्छेयम्मि=વૃત્તિનો વ્યવચ્છેદ થયે છતે, य=વળી, गिहिणो=ગૃહસ્થની, सव्वकिरियाओ=સર્વ ક્રિયા, सीयंति=સિદાય છે. उ=વળી, णिरवेक्खस्स=નિરપેક્ષને, संपुण्णो=સંપૂર્ણ, संजमो=સંયમ, चेव=જ, जुत्तो=યુક્ત છે. ।।૪/૭।।

ગાથાર્થ :-

**વૃત્તિનો વ્યવચ્છેદ થયે છતે વળી ગૃહસ્થની સર્વ ક્રિયા સિદાય છે. વળી, નિરપેક્ષને સંપૂર્ણ સંયમ જ યુક્ત છે. ।।૪/૭।।**

ટીકા :-

व्याख्या—'वित्तीवोच्छेयम्मि' इत्यादि । वृत्तिव्यवच्छेदे=जीविकाविघाते वृत्तिक्रियाविरुद्धपूजाकालाश्रयणे कृते । चशब्दो विशेषद्योतकः पुनःशब्दार्थः, तस्य चैवं भावना — वृत्तिक्रियाविरुद्धकालाश्रयणे वृत्तिव्यवच्छेदो भवति वृत्तिव्यवच्छेदे पुनः किम् ? इत्याह — गृहिणो=गृहस्थस्य, सीदन्ति=न प्रवर्तन्ते, सर्वक्रिया=धर्मलोकाश्रिताः समस्तव्यापाराः । अथ सीदन्तु ताः सकलकल्मषविमोषपरपरममुनिपतिपदपङ्कजपूजनप्रवृत्तस्य किं ताभिः ? इत्यत्राह — निरपेक्षस्य तु=वृत्तिनिःस्पृहस्य पुनः पुरुषस्य, युक्तः=संगतो, विधेयतया संपूर्णः=सर्वविरतिरूपतया परिपूर्णः, संयमश्चैव=साधुधर्म एव साधोरिवान्यथा सर्वथा निरपेक्षत्वासिद्धेः । इति गाथार्थः ।।४/७।।

ટીકાર્થ :-

वृत्तिव्यवच्छेदे ..... गाथार्थः ।। 'वित्तीवोच्छेयम्मि इत्यादि' પ્રતીક છે. વૃત્તિનો વ્યવચ્છેદ થયે છતે=વૃત્તિક્રિયાના વિરુદ્ધ પૂજાકાલના આશ્રયણમાં જીવિકાનો વિઘાત થયે છતે, ગૃહસ્થની સર્વ ક્રિયાઓ=ધર્મ અને લોકને આશ્રિત બધા વ્યાપારો=ધર્મની પ્રવૃત્તિ અને ગૃહસ્થજીવનરૂપ લોકની પ્રવૃત્તિરૂપ સમસ્ત વ્યાપારો, સિદાય છે. 'च' શબ્દ વિશેષ દ્યોતક પુનઃ શબ્દાર્થવાળો છે. તેની આ પ્રમાણે ભાવના છે. વૃત્તિક્રિયાના વિરુદ્ધ એવા કાલના આશ્રયણમાં આજીવિકાનો વિચ્છેદ થાય છે. વળી વૃત્તિના વિચ્છેદમાં

**ગૃહસ્થના સમસ્ત વ્યાપારો સિદાય છે. એ પ્રકારે 'પુનઃ' શબ્દથી યોજન છે.**

**અથથી શંકા કરે છે –**

**તે સિદાય=ધર્મ અને લોકને આશ્રિત સમસ્ત વ્યાપાર સિદાય, સકલ કાદવને દૂર કરવામાં તત્પર પરમમુનિ એવા તીર્થંકરોના ચરણકમલના પૂજનમાં પ્રવૃત્ત એવા શ્રાવકને તેનાથી શું=અન્ય સર્વ વ્યાપારો સિદાય તેનાથી શું ? એ પ્રકારની આમાં=શંકામાં, કહે છે – નિરપેક્ષને=વૃત્તિના નિઃસ્પૃહ એવા પુરુષને, વળી સંપૂર્ણ=સર્વવિરતિપણાથી પરિપૂર્ણ, સંયમ જ=સાધુધર્મ જ, સાધુની જેમ યુક્ત છે=વિધેયપણાથી સંગત છે. અન્યથા=સાધુધર્મ પાળવા સમર્થ ન હોય તો, સર્વથા નિરપેક્ષત્વની અસિદ્ધિ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ။૪/૭။**

**ભાવાર્થ :-**

શ્રાવક ચિત્તને શાંત-શાંતતર કરીને પોતાના ગૃહસ્થજીવનનાં કાર્યો કરે છે. તેમાં જે વિકારો બાહ્ય ત્યાગથી શાંત થાય તેમ નથી, તેવા વિકારોને ઉચિત રીતે અર્થઉપાર્જનથી શાંત કરે છે. જે વિકારો ભોગાદિના ત્યાગથી અને પ્રતિપક્ષના ભાવનથી શાંત થાય તેવા નથી, તેવા વિકારોને ઉચિત રીતે ભોગાદિના સેવનથી શાંત કરે છે. જે વિકારો ભોગાદિના ત્યાગથી શાંત થાય તેવા છે અને જે વિકારો ધર્મનાં ઉચિત કૃત્યો કરવા દ્વારા પ્રતિપક્ષના ભાવનથી શાંત થાય તેવા છે, તેવા વિકારોને ભોગાદિના ત્યાગથી અને તે તે ધર્મકૃત્યના સેવનથી શાંત કરે છે. આ રીતે શ્રાવક વિકારોનું શમન કરીને સાધુધર્મને અનુકૂળ સતત બળનો સંચય કરે છે. વળી જો શ્રાવકને જણાય કે ભગવાનની ત્રિકાલ પૂજા કરવાથી પોતે ભગવાનના ગુણોથી વાસિત થઈ શકશે અને ગૃહસ્થની અન્ય ઉચિતક્રિયા પણ ક્લેશ વગર કરી શકશે તો તે શ્રાવક અવશ્ય ત્રિકાલ પૂજા કરીને જિનગુણથી આત્માને વાસિત કરીને ચિત્તના સ્વાસ્થ્યના સુખને પ્રાપ્ત કરે છે તથા ગૃહસ્થપણાની અન્ય પણ સર્વ ક્રિયાઓ કરીને ચિત્તના સ્વાસ્થ્યને પ્રાપ્ત કરવા યત્ન કરે છે. ત્રિકાલ પૂજા કરવાથી જે શ્રાવકની આજીવિકા વ્યાઘાત પામે તેમ હોય છતાં મુગ્ધતાથી ચિત્તના સ્વાસ્થ્યનો વિચાર કર્યા વગર ત્રિકાલ પૂજા કરે તો પૂજાકાળમાં કાંઈક શુભભાવોને પ્રાપ્ત કરે તોપણ આજીવિકાના અભાવને કારણે શેષકાળમાં ગૃહસ્થના ઉચિત વ્યાપારો સ્વસ્થતાપૂર્વક નહિ થવાથી ચિત્ત હંમેશાં ક્લેશને પામે છે. તેથી ચિત્તના ક્લેશના નિવારણપૂર્વક અક્લેશવાળા ચિત્તની નિષ્પત્તિની વૃદ્ધિ અર્થે વિવેકી શ્રાવકે પોતાની આજીવિકાનો વ્યવચ્છેદ ન થાય તે રીતે ઉચિત કાલે તે પ્રકારે ભગવાનની પૂજા કરવી જોઈએ. જેથી ભગવાનની ભક્તિથી પણ જિનગુણથી ચિત્ત રંજિત થાય છે અને શેષકાલમાં આજીવિકાનો વ્યાઘાત નહિ થયેલો હોવાથી ક્લેશની પ્રાપ્તિ થાય નહિ.

વળી ઉત્સર્ગથી ત્રિકાલ પૂજા કરવાની રુચિ હોવા છતાં અપવાદથી તેવા સંયોગને કારણે અન્ય ઉચિત કાલે પૂજા કરે છે, તેથી ઉત્સર્ગસાપેક્ષ અપવાદનું સેવન હોવાથી એકાંત હિતકારી તે શ્રાવકની પૂજા છે; કેમ કે ચિત્તના સંક્લેશના નિવારણપૂર્વક અસંક્લેશની પ્રકૃતિની નિષ્પત્તિ અર્થે વિવેકપૂર્વક કરાયેલી તે પૂજા છે. જેમ વિવેકી સાધુ રોગાદિ કાલે તે રોગ આદિથી ચિત્ત સંક્લેશ પામતું ન હોય તો ઔષધનું સેવન કરે નહિ, પરંતુ રોગાદિને સહન કરીને પણ અપ્રમાદભાવથી સંયમની વૃદ્ધિમાં જ યત્ન કરે છે. વળી, જો રોગાદિના કારણે

ચિત્ત અપ્રમાદભાવથી સંયમની વૃદ્ધિમાં યત્ન કરી શકે તેમ ન હોય ત્યારે ઉત્સર્ગની રુચિવાળા પણ સાધુ અપવાદનો આશ્રય કરીને ઔષધ કરે છે. તેમ વિવેકી શ્રાવક ચિત્તના અસંક્લેશભાવની વૃદ્ધિના પ્રયોજનથી અપવાદનું આશ્રયણ કરીને આજીવિકાનો વ્યાઘાત ન થાય તે પ્રકારે ઉચિત કાલે ભગવાનની પૂજા કરે છે.

અહીં કોઈને પ્રશ્ન થાય કે ભગવાનની પૂજા સર્વ કર્મોના નાશનું પ્રબલ કારણ છે અને તેમાં પ્રવૃત્ત શ્રાવકને સંસારના અન્ય કૃત્યો સિદાય, તો શું વાંધો ? તેથી કહે છે –

પરમ નિઃસ્પૃહી મુનિને જ તેવું કૃત્ય કરવું યુક્ત છે. જેમ સાધુને આજીવિકાદિ અન્ય કોઈ કૃત્યોની અપેક્ષા નથી, તેથી તે સર્વ અંશથી ધર્મ કરીને અસંક્લેશની વૃદ્ધિ કરે છે, તેમ વિવેકી શ્રાવક જો આજીવિકાદિ પ્રત્યે નિરપેક્ષ થઈને સંપૂર્ણ ધર્મ સેવવા સમર્થ હોય તો તેના માટે સર્વવિરતિધર્મ જ ઉચિત છે; પરંતુ જે શ્રાવકનું ચિત્ત તે પ્રકારે સંપન્ન થયેલ નથી, તેથી જ સતત ધર્મ સેવીને અસંક્લેશભાવને કરી શકે તેમ નથી, તેવા શ્રાવકે ઉચિત કાલે આજીવિકામાં વિવેકપૂર્વક યત્ન કરવો જોઈએ, જેથી ચિત્તમાં ક્લેશ ન થાય. આમ છતાં મુગ્ધતાથી જો શ્રાવક આજીવિકાનો વિચાર કર્યા વગર ભગવાનની ભક્તિમાં જ તન્મય રહે તો ક્વચિદ્ પૂજાકાળમાં કાંઈક શુભભાવો થાય તોપણ શેષકાલમાં આજીવિકા સિદાવાને કારણે ગૃહના જે ક્લેશો થાય તે સર્વ ચિત્તના સ્વાસ્થ્યના વ્યાઘાતક હોવાથી અધર્મના જ જનક બને છે. તેથી ભગવાનની પૂજાકાલમાં કાંઈક શુભભાવ કરીને પણ ઘણા ક્લેશોને પ્રાપ્ત કરાવે તેવી અવિવેકવાળી ઉત્સર્ગની પૂજાની પ્રવૃત્તિ શ્રાવકને માટે ઉચિત નથી. **॥૪/૭॥**

**અવતરણિકા :-**

**अथ कालद्वारं निगमयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે કાલદ્વારને નિગમન કરતાં કહે છે –**

**ગાથા :-**

**ताऽऽसिं अविरोहेणं आभिग्गहिओ इहं मओ कालो ।**
**तत्थावोच्छिण्णो जं णिच्चं तक्करणभावो त्ति ।।४/८।।**

**છાયા :-**

**तदासामविरोधेनाभिग्रहिक इह मतः कालः ।**
**तत्राव्यवच्छिन्नो यन्नित्यं तत्करणभाव इति ।।४/८।।**

**અન્વયાર્થ :-**

**ता=તે કારણથી, आसिं=આના=વૃત્તિક્રિયાઓના, अविरोहेणं=અવિરોધથી, इहं=અહીં=જિનપૂજાના વિષયમાં, आभिग्गहिओ=આભિગ્રહિક, कालो=કાલ, मओ=મનાયો છે. जं=જે કારણથી, तत्थ=તે હોતે**

છતે=અભિગ્રહ હોતે છતે, णिच्चं=નિત્ય, अवोच्छिण्णो=અવિચ્છિન્ન, तक्करणभावो=તેના કરણનો પરિણામ છે.

'त्ति' વાક્યની સમાપ્તિ માટે છે. ॥૪/૮॥

ગાથાર્થ :-

**તે કારણથી આના=વૃત્તિ ક્રિયાઓના અવિરોધથી અહીં=જિનપૂજાના વિષયમાં, આભિગ્રહિક કાલ મનાયો છે. જે કારણથી તે હોતે છતે=અભિગ્રહ હોતે છતે, નિત્ય અવિચ્છિન્ન તેના કરણનો પરિણામ છે. ॥૪/૮॥**

ટીકા :-

व्याख्या—'ताऽऽसिं अविरोहेणं' इत्यादि । तत्=तस्माद्, आसां=वृत्तिक्रियाणां, तासां वा, अविरोधेन=अनाबाधया । अभिग्रहः=चैत्यवन्दन(पूजन)मकृत्वा मया न भोक्तव्यं न वा स्वप्तव्यमित्यादिरूपो नियमः, प्रयोजनमस्येत्याभिग्रहिकः, इह=जिनपूजायां विषये, मतो=विदुषां संमतः, कालः=अवसरः, अथ कथमभिमतोऽसौ यतोऽभिग्रहेण बलात्तत्र अकाले पूजायां प्रवर्त्यतेऽसौ स्वरसप्रवृत्तिरेव च गुणकरी ? इत्याशंक्याह—तत्राभिग्रहे सति, अविच्छिन्नः=अत्रुटितः, यद्=यस्मात्, नित्यं=प्रतिदिनं, तत्करणभावः=पूजाविधानाध्यवसायो, भवति तत्परिणामाव्यवच्छेदस्य चाव्यवच्छिन्नपुण्यबन्धहेतुत्वादभि-मत एवाभिग्रहिकः पूजाकाल इति भावः । इतिशब्दो वाक्यार्थसमाप्तौ । इति गाथार्थः ॥४/८॥

ટીકાર્થ :-

तत् ..... गाथार्थः ॥ 'ताऽऽसिं अविरोहेणं इत्यादि' પ્રતીક છે. તે કારણથી=શ્રાવકને ઉત્સર્ગ-અપવાદરૂપ સંયોગ અનુસાર ઉચિત કાલે પૂજા કરવી જોઈએ એ પ્રકારનો નિયમ છે તે કારણથી, આની=વૃત્તિક્રિયાની, અથવા તેમાં=વૃત્તિક્રિયામાં, અવિરોધથી=અનાબાધથી, અભિગ્રહ='ચૈત્યવંદન કર્યા વગર મારે ખાવું જોઈએ નહિ' અથવા 'ચૈત્યવંદન કર્યા વગર મારે સૂવું જોઈએ નહિ' ઇત્યાદિ નિયમ, પ્રયોજન છે આને=શ્રાવકને, તે આભિગ્રહિક કાલ=અવસર, અહીં=જિનપૂજાના વિષયમાં, વિદ્વાનોને સંમત છે.

'અથ'થી શંકા કરે છે –

કેમ આ=અભિગ્રહ, અભિમત છે ? અર્થાત્ અભિગ્રહ ઇષ્ટ નથી. જે કારણથી અભિગ્રહવાળો શ્રાવક ત્યાં=અકાલપૂજામાં, બલથી અભિગ્રહ વડે પ્રવર્તાવાય છે=મારે અભિગ્રહ છે તેથી મારે કરવું જોઈએ એ પ્રકારના અભિગ્રહથી બલાત્કારે પૂજામાં પ્રવર્તાવાય છે અને સ્વરસની પ્રવૃત્તિ જ ગુણકરી છે=કોઈના બલથી ઇષ્ટ નથી પરંતુ 'ભગવાનના ગુણોનું સ્મરણ થવાથી હું ભગવાનની ભક્તિ કરીને

**કૃતકૃત્ય થાઉં' એ પ્રકારની સ્વરસથી પ્રવૃત્તિ ગુણકારી છે, માટે અભિગ્રહ ન્યાય્ય નથી. એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**તે હોતે છતે=અભિગ્રહ હોતે છતે, જે કારણથી પ્રતિદિન અવિચ્છિન્ન તેનો કરણભાવ હોય છે= અત્રુટિત પૂજા કરવાનો અધ્યવસાય થાય છે, અને તેના પરિણામના અવિચ્છેદનું=પૂજાના પરિણામના અવિચ્છેદનું=પૂજાના અકરણકાલમાં પણ પૂજાના પરિણામના અવિચ્છેદનું, અવ્યવચ્છિન્ન પુણ્યબંધનું હેતુપણું હોવાથી આભિગ્રહિક પૂજાકાલ અભિમત જ છે, એ પ્રકારનો ભાવ છે. 'इति' શબ્દ વાક્યાર્થની સમાપ્તિમાં છે. એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૮।।**

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવકે ભગવાનના ગુણોથી ચિત્તને અત્યંત વાસિત કરવા અર્થે અને ચિત્તને અસંક્લેશવાળું કરવા અર્થે પોતાની ભૂમિકા અનુસાર સર્વ ઉચિત કૃત્યો તે રીતે કરવાં જોઈએ જેથી આજીવિકાનો વિરોધ ન થાય.

વળી શ્રાવકે નિત્ય પરમાત્માની પૂજાનો અભિગ્રહ કરવો જોઈએ અર્થાત્ 'ભગવાનની ભક્તિ કરીને મારે ભોજન કરવું જોઈએ' તે પ્રકારનો અભિગ્રહ કરવો જોઈએ; પરંતુ જો તે શક્ય ન હોય તો 'ભગવાનની પૂજા કર્યા વગર મારે સૂવું જોઈએ નહિ' ઇત્યાદિ અભિગ્રહ કરવો જોઈએ. જેથી પૂજાના અકરણ કાલમાં પણ ઉચિત કાલે પૂજાકરણનો અધ્યવસાય અનુવૃત્તિરૂપે ચિત્તમાં વર્તતો હોવાથી સતત પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાય.

અહીં કોઈને પ્રશ્ન થાય કે અભિગ્રહ ગ્રહણ કરવા કરતાં પોતાના ઉત્સાહ પ્રમાણે પૂજામાં પ્રવૃત્તિ કરવી વધારે ઉચિત છે; કેમ કે ભગવાનના ગુણોનું સ્મરણ થવાથી ભગવાનની પૂજા કરવાનો અધ્યવસાય થાય તે જ શ્રેયકારી છે. જેઓએ અભિગ્રહ ગ્રહણ કરેલો હોય તેમને પૂજા કરવા માટે ચિત્ત ઉત્સાહિત થતું ન હોય ત્યારે અભિગ્રહ બલાત્કારે પૂજામાં પ્રવૃત્તિ કરાવે છે. તેથી વેઠની જેમ પૂજાની પ્રવૃત્તિ થાય છે; પરંતુ સ્વરસથી થતી નથી માટે અભિગ્રહ ગ્રહણ કરવો ઉચિત નથી.

વસ્તુતઃ જે જીવોને અભિગ્રહ ગ્રહણ કર્યા પછી અભિગ્રહ અનુસાર પ્રવૃત્તિ કરવાનો ઉત્સાહ નથી, તેવા જીવોને આશ્રયીને અભિગ્રહને કારણે વેઠથી પ્રવૃત્તિ થાય છે. વેઠથી કરાયેલું ધર્માનુષ્ઠાન યોગીકુલનું બાધક છે, તેથી ઇષ્ટ નથી; પરંતુ વિવેકી જીવોથી ગ્રહણ કરાયેલો અભિગ્રહ, તેમના ચિત્તમાં પૂજા કરવાનો અધ્યવસાય અવિચ્છિન્ન રાખે છે. આથી જ અભિગ્રહનું સ્મરણ કરીને ઉત્સાહપૂર્વક ઉચિતકાલે જેઓ પૂજા કરે છે, તેઓને પૂજાના અકરણકાલમાં પણ 'મારો પૂજાનો આ પ્રકારનો અભિગ્રહ છે' તેવું ચિત્તમાં સદા વર્તે છે અને જેઓને અભિગ્રહના વિષયભૂત ભગવાન પ્રત્યે ભક્તિ છે, તેઓને તે પ્રકારના અભિગ્રહને કારણે અવિચ્છિન્ન પુણ્યબંધની પ્રાપ્તિ થાય છે. માટે વિવેકી જીવો માટે અભિગ્રહ વેઠથી પ્રવૃત્તિનું કારણ થતું નથી, પરંતુ ઉચિતકાલે અપ્રમાદથી પૂજા કરવામાં ઉત્સાહિત કરે છે અને શેષકાલમાં પણ પૂજાનો અધ્યવસાય અત્રુટિત રહે છે. જેથી સ્વરસથી ઇચ્છાકાલે પ્રવૃત્તિ કરનારાને પૂજાના પરિણામથી જે લાભ

થાય છે, તેના કરતાં અભિગ્રહધારીને પૂજાકાલમાં જેમ પૂજાને અનુરૂપ પરિણામથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે, તેમ શેષકાલમાં પણ ભગવાનની પૂજાના પ્રતિબંધને જીવાડનાર અભિગ્રહનો પરિણામ વિદ્યમાન હોય છે. તેથી ભગવાનની પૂજા પ્રત્યેના પ્રતિબંધરૂપ રાગના પરિણામને કારણે તેઓને તે પ્રકારનો પુણ્યબંધ સતત થાય છે. ॥૪/૮॥

**અવતરણિકા :-**

**उक्तं कालद्वारमथ शुचिद्वाराभिधानायाह—**

**અવતરણિકાર્થ :-**

**કાલદ્વાર કહેવાયું. હવે શુચિદ્વારને કહેવા માટે કહે છે –**

**ગાથા :-**

**तत्थ सुइणा दुहा वि हु दव्वे ण्हाएण सुद्धवत्थेण ।**
**भावे उ अवत्थोचियविसुद्धवित्तिप्पहाणेण ।।४/९।।**

**છાયા :-**

**तत्र शुचिना द्विधाऽपि खलु द्रव्ये स्नातेन शुद्धवस्त्रेण ।**
**भावे तु अवस्थोचितविशुद्धवृत्तिप्रधानेन ।।४/९।।**

**અન્વયાર્થ :-**

**तत्थ=ત્યાં=શુચિભૂત એ પ્રમાણે દ્વાર કહ્યું ત્યાં, दुहा वि=બે પ્રકારની પણ, सुइणा=શુચિથી, જિનપૂજા કરવી જોઈએ, એમ અન્વય છે. दव्वे=દ્રવ્યમાં=દ્રવ્યશુચિમાં, ण्हाएण=સ્નાનથી, हु=અને, सुद्धवत्थेण=શુદ્ધ વસ્ત્રથી. उ=વળી, भावे=ભાવમાં=ભાવશુચિમાં, अवत्थोचियविसुद्धवित्तिप्पहाणेण=અવસ્થા ઉચિત વિશુદ્ધ વૃત્તિપ્રધાનપણાથી જિનપૂજા કરવી જોઈએ, એમ અન્વય છે. ।।૪/૯।।**

**ગાથાર્થ :-**

**ત્યાં=શુચિભૂત એ પ્રમાણે દ્વાર કહ્યું ત્યાં, બે પ્રકારની પણ શુચિથી, જિનપૂજા કરવી જોઈએ એમ અન્વય છે. દ્રવ્યમાં=દ્રવ્યશુચિમાં સ્નાનથી અને શુદ્ધ વસ્ત્રથી વળી ભાવમાં=ભાવશુચિમાં અવસ્થા ઉચિત વિશુદ્ધ વૃત્તિપ્રધાનપણાથી જિનપૂજા કરવી જોઈએ. ।।૪/૯।।**

**ટીકા :-**

**व्याख्या—'तत्थ सुइणे'त्यादि । 'तत्थ' त्ति=शुचिभूतेनेति यत् द्वारमुक्तं तत्र, इदमुच्यते, शुचिना= शुचिमता प्राणिना, द्विधाऽपि=द्वाभ्यामपि प्रकाराभ्यां, आस्तामेकधेत्यपिशब्दार्थः, हुशब्दः समुच्चये, तत्प्रयोगश्च दर्शयिष्यते, जिनपूजा कर्तव्येति प्रक्रमः द्वैविध्यं च द्रव्यभावापेक्षम्, एतदेवाह —**

**द्रव्ये=द्रव्यशौचविषये, स्नातेन=जलक्षालितदेहेन, देशतः सर्वतो वा, तत्र देशतो विहितकरचरणमुखादिशौचेन, सर्वतस्तु जलक्षालितसर्वशरीरेणेति तथा शुद्धवस्त्रेण च=शुचिनिवसनोत्तरीयवाससा च सितवस्त्रेण वा, भावे तु=भावशौचे पुनर्विषयभूते, अवस्थोचिता=देशकालविशिष्टावस्थापेक्षया स्वभूमिकायोग्या, विशुद्धा=निरवद्यप्राया या, वृत्तिः=जीविका, तया प्रधानः शोभनो यः, सा वा प्रधाना यस्य, स तथा, तेन न्यायोपात्तवित्तयुक्तेनेति भावः, न्याय एव हि भावतः शौचं कर्ममलपटलक्षालनजलकल्प-त्वात्तस्य । इति गाथार्थः ।।४/९।।**

**ટીકાર્થ :-**

**'तत्थ' ..... गाथार्थः ।। 'तत्थ सुइणेत्यादि' પ્રતીક છે. ત્યાં=શુચિભૂત એ પ્રકારે દ્વાર કહેવાયું ત્યાં, આ કહેવાય છે. બન્ને પણ પ્રકારથી શુચિભૂત એવા પ્રાણી વડે જિનપૂજા કરવી જોઈએ. એકભૂત એવી શુચિ વડે દૂર રહો, એ અપિ શબ્દનો અર્થ છે. 'हु' શબ્દ સમુચ્ચયમાં છે અને તેનો પ્રયોગ બતાવાશે=આગળ બતાવાશે. અને દ્વૈવિધ્ય દ્રવ્ય અને ભાવની અપેક્ષાવાળું છે. એને જ=દ્રવ્યભાવની અપેક્ષાવાળા દ્વૈવિધ્યને જ, કહે છે – દ્રવ્યમાં=દ્રવ્યશૌચના વિષયમાં, સ્નાત પુરુષ વડે=દેશથી અથવા સર્વથી જલ દ્વારા ક્ષાલિત દેહવાળા પુરુષ વડે, અર્થાત્ સ્નાન કરેલા પુરુષ વડે પૂજા કરવી જોઈએ, એમ અન્વય છે.**

**ત્યાં દેશથી=દેશથી સ્નાન, વિહિતકર-ચરણ-મુખાદિના શૌચથી=કરાયેલ છે હાથ-પગ અને મુખ આદિની શુદ્ધિથી, છે. વળી સર્વથી=સર્વથી સ્નાન, જલથી સ્વચ્છ કરાયેલા પૂર્ણ શરીર વડે છે આ રીતે સ્નાન કર્યા પછી પૂજા કરવી જોઈએ એમ અન્વય છે.**

**અને શુદ્ધ વસ્ત્રથી=શુદ્ધ ધોતિયું અને શુદ્ધ ઉત્તરાસંગથી, પૂજા કરવી જોઈએ અર્થાત્ શ્વેત વસ્ત્રથી પૂજા કરવી જોઈએ. વળી ભાવમાં=વિષયભૂત એવા ભાવશૌચમાં, અવસ્થા ઉચિત=દેશકાલ વિશિષ્ટ એવી અવસ્થાની અપેક્ષાએ સ્વભૂમિકાના યોગ્ય એવા, વિશુદ્ધ=નિરવદ્યપ્રાયઃ, જે વૃત્તિ=આજીવિકા, તેનાથી પ્રધાન=શોભન જે, તે તેવો છે અથવા વિશુદ્ધ આજીવિકાપ્રધાન છે જેને તે તેવો છે=નિરવદ્ય આજીવિકાવાળો છે, તેના વડે જિનપૂજા કરવી જોઈએ=ન્યાયોપાત્તધનથી યુક્ત એવા પુરુષ વડે પૂજા કરવી જોઈએ. हि=જે કારણથી, ન્યાય જ ભાવથી શૌચ છે; કેમ કે તેનું=ન્યાયનું, કર્મમલપટલના ક્ષાલનમાં જળકલ્પપણું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૯।।**

**ભાવાર્થ :-**

શ્રાવકે ભગવાનની પૂજા દ્રવ્યશુચિથી અને ભાવશુચિથી કરવી જોઈએ. તેમાં દ્રવ્યશુચિ શરીરની શુદ્ધિરૂપ તથા શુદ્ધવસ્ત્રરૂપ છે. અહીં ઉપલક્ષણથી ભગવાનની ભક્તિની સર્વ સામગ્રી શુદ્ધ હોય, તેનાથી પૂજા કરવી જોઈએ. ભાવશુચિ પોતાની અવસ્થાને અનુરૂપ ઉચિત ધનઅર્જનાદિ પ્રવૃત્તિ કરવી જોઈએ. જેથી ચિત્ત ક્લેશવાળું ન થાય અને આલોકમાં પણ અક્લેશથી જીવવાનો પરિણામ વર્તે. જેઓ તે રીતે આજીવિકા

કરતા હોય તથા જીવનમાં ક્લેશ ન થાય તે રીતે જીવનવ્યવસ્થાથી જીવતા હોય, તેઓનું ચિત્ત અક્લેશપ્રધાન હોવાથી ભગવાનની ભક્તિ કરવાને અનુકૂળ ભાવશુદ્ધિવાળું છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે ભગવાનની ભક્તિમાં ઉત્તમ ભાવો પ્રગટ કરવા માટે ઉચિત પ્રવૃત્તિઓ નિષ્પન્ન કરે તેવા ઉત્તમ ચિત્તની આવશ્યકતા છે, જેને પ્રસ્તુતમાં ભાવશુચિરૂપે ગ્રહણ કરેલ છે. ભગવાન પ્રત્યે ભક્તિની વૃદ્ધિમાં ઉત્તમ દ્રવ્યો આવશ્યક છે, તેને અહીં દ્રવ્યશુચિરૂપે ગ્રહણ કરેલ છે. તેથી જે દેહથી ભગવાનની પૂજા કરવી છે, તે દેહરૂપ દ્રવ્ય પણ શુદ્ધ જોઈએ, વસ્ત્ર પણ શુદ્ધ જોઈએ અને અન્ય સામગ્રી પણ શુદ્ધ જોઈએ, જેનાથી બહુમાનના ભાવની વૃદ્ધિ થાય છે. **॥૪/૯॥**

**અવતરણિકા :-**

**ननु स्नानादिकं जीवनिकायवधहेतुत्वाद्दुष्टमतो न विधेयं तदित्याशंक्याह—**

**અવતરણિકાર્થ :-**

**'નનુ'થી શંકા કરે છે. સ્નાનાદિક જીવનિકાયના વધનો હેતુ હોવાથી દુષ્ટ છે. આથી=સ્નાનાદિ કરવું જોઈએ નહિ, એ પ્રકારની આશંકા કરીને કહે છે —**

**ગાથા :-**

**ण्हाणाइ वि जयणाए आरंभवओ गुणाय णियमेण ।**
**सुहभाववेहउओ खलु विण्णेयं कूवणाएणं ।।४/१०।।**

**છાયા :-**

**स्नानाद्यपि यतनया आरम्भवतो गुणाय नियमेन ।**
**शुभभावहेतुतः खलु विज्ञेयं कूपज्ञातेन ।।४/१०।।**

**અન્વયાર્થ :-**

**खलु=ખરેખર !, कूवणाएणं=કૂપના જ્ઞાતથી=કૂવાના દૃષ્ટાંતથી, सुहभाववेहउओ=શુભભાવનો હેતુ હોવાના કારણે, ण्हाणाइ=સ્નાનાદિ, वि=પણ, जयणाए=યતનાથી, आरंभवओ=આરંભવાળાને, णियमेण= નિયમથી, गुणाय=ગુણ માટે, विण्णेयं=જાણવું. ॥૪/૧૦॥**

**ગાથાર્થ :-**

**ખરેખર ! કૂપના જ્ઞાતથી=કૂવાના દૃષ્ટાંતથી શુભભાવનો હેતુ હોવાના કારણે સ્નાનાદિ પણ યતનાથી આરંભવાળાને નિયમથી ગુણ માટે જાણવું. ॥૪/૧૦॥**

**ટીકા :-**

**व्याख्या—'ण्हाणाई'त्यादि । स्नानाद्यपि=देहशौचप्रभृतिकमपि, आस्तां तद्वर्जनं पूजा वा, आदिशब्दा-**

द्विलेपनादिग्रहः गुणायेति योगः, यतनया=रक्षयितुं शक्यजीवरक्षणरूपया तत्किं, साधोरपि ? इत्याशंक्याह—आरंभवतः=स्वजनधनगेहादिनिमित्तं कृष्यादिकर्मभिः पृथिव्यादिजीवोपमर्दनयुक्तस्य गृहिण इत्यर्थः न पुनः साधोः, तस्य सर्वसावद्ययोगविरतत्वाद् भावस्तवारूढत्वाच्च भावास्तवारूढस्य हि स्नानादिपूर्वकद्रव्यस्तवोऽनादेय एव, भावस्तवार्थमेव तस्याश्रयणीयत्वात्, तस्य च स्वत एव सिद्धत्वात् इमं चार्थं प्रकरणान्तरे स्वयमेव वक्ष्यतीति, गुणाय=पुण्यबन्धलक्षणोपकाराय, नियमेन= अवश्यंभावेन । अथ कथं स्वरूपेण सदोषमप्यारंभिणो गुणाय ? इत्याह—'सुभभावहेउउ'त्ति लुप्तभावप्रत्ययत्वेन निर्देशस्य शुभभावहेतुत्वात्=प्रशस्तभावनिबन्धनत्वात् जिनपूजार्थस्नानादेरनुभवन्ति च केचित्स्नानपूर्वकं जिनार्चनं विदधानाः शुभभावमिति खलुर्वाक्यालङ्कारे विज्ञेयं=ज्ञातव्यम्, अथ गुणकरत्वमस्य शुभभावहेतुत्वात् कथमिव ज्ञेयम् ? इत्याह—कूपज्ञातेन=अवटोदाहरणेन, इह चैवं साधनप्रयोगः—गुणकरमधिकारिणः किञ्चित्सदोषमपि स्नानादि, विशिष्टशुभभावहेतुत्वाद्, विशिष्टशुभभावहेतुभूतं यत्तद्गुणकरं दृष्टं, यथा कूपखननम् विशिष्टशुभभावहेतुश्च यतनया स्नानादि ततो गुणकरमिति । कूपखननपक्षे शुभभावः तृष्णादिव्युदासेनानन्दाद्यवाप्तिरिति । इदमुक्तं भवति- यथा कूपखननं श्रमतृष्णाकर्दमोपलेपादि-दोषदुष्टमपि जलोत्पत्तावनन्तरोक्तदोषानपोह्य स्वोपकाराय परोपकाराय च किल भवतीत्येवं स्नानादिकमप्यारंभदोषमपोह्य शुभाध्यवसायोत्पादनेन विशिष्टाशुभकर्म-निर्जरणपुण्यबन्धकारणं भवतीति । इह केचिन्मन्यते — पूजार्थस्नानादिकरणकालेऽपि निर्मलजलकल्प-शुभाध्यवसायस्य विद्यमानत्वेन कर्दमलेपादिकल्पपापाभावाद्विषममित्थमुदाहरणं, तत्किलेदमित्थं योजनीयं, यथा कूपखननं स्वपरोपकाराय भवत्येवं स्नानपूजादिकं करणानुमोदनद्वारेण स्वपरयोः पुण्यकारणं स्यादिति । न चैतदागमानुपाति, यतो धर्मार्थप्रवृत्तावप्यारंभजनितस्याल्पस्य पापस्येष्टत्वात् । कथमन्यथा भगवत्यामुक्तं—'तहारूवं समणं वा माहणं वा पडिहयपच्चक्खायपावकम्मं अफासुएणं अणेसणिज्जेणं असणपाणखा-इमसाइमेणं पडिलाभेमाणे भंते ! किं कज्जइ ? गोयमा ! अप्पे पावे कम्मे, बहुयरिया से निज्जरा कज्जइ' । तथा ग्लानप्रतिचरणानन्तरं पञ्चकल्याणकप्रायश्चित्तप्रतिपत्तिरपि कथं स्यात् ? इत्यलं प्रसङ्गेन । इति गाथार्थः ।।४/१०।।

**ટીકાર્થ :-**

स्नानाद्यपि ..... गाथार्थः ।। 'ण्हाणाईत्यादि' પ્રતીક છે. સ્નાનાદિ પણ=દેહશૌચ વગેરે પણ, તેનું વર્જન દૂર રહો=દેહશૌચનું વર્જન તો દૂર રહો કે પૂજા તો દૂર રહો, પરંતુ સ્નાનાદિ પણ ગુણ માટે છે. આદિ શબ્દથી=સ્નાનાદિમાં વર્તતા આદિ શબ્દથી, વિલેપન આદિનું ગ્રહણ છે=ભગવાનની પૂજા કરવા અર્થે પોતાના દેહ ઉપર ઉત્તમ દ્રવ્યોના વિલેપનાદિનું ગ્રહણ છે.

કઈ રીતે સ્નાનાદિ ગુણ માટે છે ? એથી કહે છે —

યતનાથી=રક્ષણ કરવા માટે શક્ય જીવરક્ષણરૂપ યતનાથી.

તે શું સાધુને પણ યતનાથી ગુણ માટે છે ? એ પ્રકારની આશંકા કરીને કહે છે –

આરંભવાળાને=સ્વજન, ધન, ગેહાદિ નિમિત્તે કૃષિ આદિ કર્મથી પૃથ્વી આદિ જીવ ઉપમર્દનયુક્ત એવા ગૃહસ્થને, ગુણ માટે છે. પરંતુ સાધુને નહિ; કેમ કે તેનું=સાધુનું સર્વસાવદ્ય યોગવિરતપણું છે અને ભાવસ્તવ આરૂઢપણું છે. હિ=જે કારણથી, ભાવસ્તવ આરૂઢને સ્નાનાદિપૂર્વક દ્રવ્યસ્તવ અનાદેય જ છે; કેમ કે ભાવસ્તવ માટે જ તેનું=દ્રવ્યસ્તવનું, આશ્રયણીયપણું છે અને તેનું=ભાવસ્તવનું, સ્વતઃ-સિદ્ધપણું છે=દ્રવ્યસ્તવના આલંબન વગર સાધુને સ્વતઃસિદ્ધપણું છે. અને આ અર્થ=સાધુને ભાવસ્તવ સિદ્ધ હોવાથી દ્રવ્યસ્તવરૂપ સ્નાનાદિ કર્તવ્ય નથી એ અર્થ, પ્રકરણાંતરમાં=અન્ય પંચાશકમાં, સ્વયં જ ગ્રંથકારશ્રી કહેશે. નિયમથી=અવશ્યંભાવથી, ગુણ માટે છે=આરંભવાળાને યતનાથી સ્નાનાદિ ગુણ માટે છે=પુણ્યબંધ લક્ષણ ઉપકાર માટે છે. પૂર્વમાં કથન સાથે સંબંધ છે. 'અથ'થી શંકા કરે છે કેવી રીતે સ્વરૂપથી સદોષ પણ આરંભીને ગુણ માટે છે ? એથી કહે છે – "શુભભાવનો હેતુ હોવાથી" એ કથનમાં નિર્દેશનું લુપ્તભાવપ્રત્યયપણું હોવાના કારણે 'શુભભાવનો હેતુ હોવાથી'નો અર્થ "શુભભાવનું હેતુપણું હોવાથી" કરવો તેથી જિનપૂજા માટે સ્નાનાદિનું પ્રશસ્તભાવનું હેતુપણું હોવાથી, સ્નાનાદિ ગુણ માટે છે, એમ અન્વય છે. કેટલાક શ્રાવકો સ્નાનપૂર્વક જિનાર્ચનને કરતાં શુભભાવને અનુભવે છે. 'खलु' વાક્યાલંકારમાં છે. વિજ્ઞેય છે=સ્નાનાદિ આરંભવાળાને ગુણ માટે વિજ્ઞેય છે, એમ અન્વય છે.

આનું=સ્નાનાદિનું, શુભભાવનું હેતુપણું હોવાને કારણે ગુણકરત્વ કોની જેમ જ્ઞેય છે ? એથી કહે છે –

કૂપના દૃષ્ટાંતથી=અવટના ઉદાહરણથી, ગુણકરપણું જાણવું અને અહીં=દ્રવ્યસ્તવમાં, આ પ્રમાણે અનુમાન પ્રયોગ છે – અધિકારીને કિંચિત્ સદોષ પણ સ્નાનાદિ વિશિષ્ટ શુભભાવનું હેતુપણું હોવાથી ગુણકર છે. વિશિષ્ટ શુભભાવનું હેતુભૂત જે છે તે ગુણકર જોવાયું છે. જે પ્રમાણે કૂપખનન અને વિશિષ્ટ શુભભાવનો હેતુ યતનાથી સ્નાનાદિ છે તેથી ગુણકર છે. કૂપખનન પક્ષમાં શુભભાવ તૃષા આદિના વ્યુદાસથી આનંદાદિની પ્રાપ્તિ છે. આ કહેવાયેલું થાય છે – જે પ્રમાણે કૂપખનનમાં શ્રમ, તૃષા, કર્દમ, ઉપલેપ આદિ દોષદુષ્ટ પણ જળ ઉત્પન્ન પછી તરત જ ઉક્ત દોષોને દૂર કરીને સ્વઉપકાર માટે અને પરઉપકાર માટે થાય છે=કૂપખનન થાય છે, એ રીતે સ્નાનાદિ પણ આરંભ દોષને દૂર કરીને શુભ અધ્યવસાયના ઉત્પાદનથી વિશિષ્ટ અશુભ કર્મનું નિર્જરણ અને પુણ્યબંધનું કારણ બને છે.

અહીં=દ્રવ્યસ્તવ વિષયક કૂપદૃષ્ટાંતના યોજનમાં, કેટલાક માને છે – પૂજા માટે સ્નાનાદિ કરણ-કાલમાં પણ નિર્મળ જળતુલ્ય શુભ અધ્યવસાયનું વિદ્યમાનપણું હોવાને કારણે કાદવલેપાદિ જેવા પાપનો અભાવ હોવાથી આ પ્રકારનું ઉદાહરણ=પૂર્વમાં યોજન કર્યું એ પ્રકારનું ઉદાહરણ, વિષમ

**છે=અઘટમાન છે, તે કારણથી ખરેખર આ=કૂપદૃષ્ટાંત, આ રીતે=આગળમાં કહે છે એ રીતે, યોજન કરવું=દ્રવ્યસ્તવમાં યોજન કરવું.**

**જે પ્રમાણે કૂપખનન સ્વપરના ઉપકાર માટે થાય છે એ રીતે સ્નાન-પૂજાદિકરણ અનુમોદન દ્વારા સ્વપરના પુણ્યનું કારણ થાય છે=કરણ દ્વારા સ્વના પુણ્યનું કારણ થાય છે અને અનુમોદન દ્વારા પરના પુણ્યનું કારણ થાય છે, અને આ=કેટલાક કહે છે કે પૂજાર્થે સ્નાનાદિ કરણમાં પુણ્યબંધ થાય છે એ, આગમ અનુપાતિ નથી. જે કારણથી ધર્મ માટે પ્રવૃત્તિમાં પણ આરંભજનિત અલ્પ પાપનું ઈષ્ટપણું છે. અન્યથા ભગવતીમાં શા માટે કહેવાયેલું થાય ?**

શું કહેવાયેલું થાય ? તેથી કહે છે –

"પ્રતિહત કર્યું છે પ્રત્યાખ્યાન દ્વારા પાપકર્મ જેમણે તેવા પ્રકારના સાધુને કે માહણને અપ્રાસુક અને અનેષણીય અશન-પાન-ખાદિમ-સ્વાદિમથી પ્રતિલાભન કરતા=વહોરાવતા, ગૃહસ્થને હે ભગવંત ! શું કર્મ પ્રાપ્ત થાય ?

ભગવાન ગૌતમસ્વામીને કહે છે –

હે ગૌતમ ! અલ્પ પાપકર્મ અને બહુતર નિર્જરાને કરે છે." **અને ગ્લાન પ્રતિચરણ અનંતર=કોઈ સાધુ ગ્લાનની વૈયાવચ્ચ કરે ત્યારપછી, પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ પણ કઈ રીતે થાય ? અર્થાત્ થઈ શકે નહિ. વિસ્તારથી સર્યું, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૧૦।।**

**ભાવાર્થ :-**

કેટલાક માને છે કે સ્નાનાદિમાં જલાદિ જીવોની વિરાધના છે. તેથી ભગવાનની પૂજાર્થે પણ સ્નાન કરવું જોઈએ નહિ; પરંતુ શ્રાવકે સામાયિકાદિ કરવું જોઈએ. તે કથન ઉચિત નથી તે બતાવવા અર્થે કહે છે –

પોતાના સંયોગ અનુસાર જીવરક્ષા શક્ય હોય એ પ્રકારે યતનાપૂર્વક કોઈ શ્રાવક સ્નાનાદિ કરે તો સ્નાનાદિથી પણ તેમને પુણ્યાનુબંધીપુણ્યની પ્રાપ્તિ થાય છે; કેમ કે તેનામાં 'હું સ્નાન કરીને દેહશુદ્ધિપૂર્વક ભગવાનની ભક્તિ કરું, જેથી ભાવસ્તવની શક્તિનો સંચય થાય' તેવો શુભ અધ્યવસાય વર્તે છે. તેથી કૂપના દૃષ્ટાંતથી સ્નાનાદિ પણ શ્રાવકને માટે ગુણકારી છે; વળી સાધુને માટે સ્નાનાદિ ગુણકારી નથી; કેમ કે શ્રાવક સ્નાનાદિ કરીને દ્રવ્યસ્તવ દ્વારા ભાવસ્તવની પ્રાપ્તિમાં યત્ન કરે છે. જ્યારે સાધુ ભાવસ્તવ ઉપર આરૂઢ છે અર્થાત્ સાવદ્યપ્રવૃત્તિથી નિવૃત્ત છે. વસ્તુતઃ સાધુને ભાવસ્તવની સ્વતઃ પ્રાપ્તિ હોવાને કારણે ભાવસ્તવના ઉપાયરૂપ દ્રવ્યસ્તવની આવશ્યકતા નથી. તેથી દ્રવ્યસ્તવના અંગભૂત સ્નાનાદિ પણ તેના માટે કર્તવ્ય નથી. જ્યારે ગૃહસ્થ તો પોતાની જીવનવ્યવસ્થા અર્થે આરંભ-સમારંભ કરે છે. તેથી ભગવાનની ભક્તિ અર્થે હું દેહની શુદ્ધિ કરું, તેવા અધ્યવસાયથી સ્નાનાદિ કરે અને શક્તિ અનુસાર જીવરક્ષા માટે યતના કરે તો તે સ્નાનાદિથી પણ તેને શુભ અધ્યવસાય જ થાય છે.

કઈ રીતે કૂપદૃષ્ટાંતથી સ્નાનાદિ દ્વારા શુભ અધ્યવસાય થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

જે પ્રમાણે કોઈ સ્થાનમાં કૂવો ન હોય અને તે ખોદવા માટે શ્રમ કરવામાં આવે ત્યારે કૂપખનનમાં શ્રમ,

તૃષા, કાદવનો ઉપલેપ આદિ દોષોની પ્રાપ્તિ થાય છે. તેથી તે ખનનક્રિયા ઇષ્ટ નથી; તોપણ પાણીની ઉત્પત્તિ પછી તે સર્વ દોષો દૂર કરીને પાણીની પ્રાપ્તિ દ્વારા પોતાને ઉપકાર થાય છે અને પરને પણ ઉપકાર થાય છે. એ રીતે ભગવાનની પૂજામાં કોઈ શ્રાવક યત્ન કરે ત્યારે સ્નાનાદિ કાલમાં દેહની શુદ્ધિ થવાથી કાંઈક રાગાદિ ભાવો થાય તેનાથી પાપની પ્રાપ્તિ થાય; તોપણ ભગવાનની ભક્તિ કરવાને કારણે જે શુભ અધ્યવસાય ઉત્પન્ન થાય છે, તેનાથી વિશિષ્ટ અશુભ કર્મની નિર્જરા અને પુણ્યબંધ થાય છે.

દેહની સ્વચ્છતાને કારણે જે પ્રીતિ થાય છે, તેનાથી સ્નાનાદિ કાલમાં જે જીવોની હિંસા થઈ તે હિંસાની અનુમોદનાથી જે અશુભ કર્મ સ્નાનકાલમાં બંધાયેલાં, તેની પણ નિર્જરા ભગવાનની ભક્તિના કાલમાં થાય છે તથા ભગવાનના ગુણોના પ્રણિધાનથી અન્ય કર્મોની પણ નિર્જરા થાય છે અને શ્રેષ્ઠ કોટીનો પુણ્યબંધ થાય છે. માટે શ્રાવકને કૂપદૃષ્ટાંતથી ભગવાનની પૂજાર્થે સ્નાનાદિ દુષ્ટ નથી.

વળી કેટલાક માને છે કે ભગવાનની પૂજા માટે સ્નાનાદિ કરાય છે, ત્યારે જીવને શુભ અધ્યવસાય જ વર્તે છે. તેથી લેશ પણ પાપબંધ થતો નથી. માટે કૂપનું ઉદાહરણ પૂર્વમાં ટીકાકારશ્રીએ યોજન કર્યું, એ વિષમ છે. તેના બદલે કૂપદૃષ્ટાંતનું યોજન અન્ય પ્રકારે કરવું.

કયા પ્રકારે કૂપદૃષ્ટાંતનું યોજન કરવું ? તે બતાવતાં કહે છે –

જેમ કૂવો ખોદવાની ક્રિયા પોતાના અને પરના ઉપકાર માટે થાય છે તેમ સ્નાનની ક્રિયા અને પૂજાની ક્રિયા પણ સ્વ-પરના ઉપકાર માટે થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે સ્નાનકરણકાલમાં જેઓને ભગવાનની ભક્તિમાત્રનો અધ્યવસાય છે અને હું ભગવાનની ભક્તિ કરીને સંસારસાગરથી તરું, તેના અંગભૂત જ આ સ્નાનની ક્રિયા છે, તેથી સ્નાનથી દેહની શુદ્ધિ થવાથી પણ જેઓને લેશ પણ આભિમાનિક સુખ થતું નથી, પરંતુ ભગવાનની ભક્તિ કરવાનો શુભ અધ્યવસાય વર્તે છે અને તે પૂજાનું અંગ એવું સ્નાનાદિ હું કરું છું એ પ્રકારે સ્નાનની ક્રિયાકાલમાં પણ અધ્યવસાય વર્તે છે. જેના કારણે લેશ પણ દેહની શુદ્ધિકૃત અન્ય કોઈ ભાવો થતા નથી, તેઓને સ્નાનથી પણ અને ભગવાનની પૂજાથી પણ શુભ અધ્યવસાય થાય છે. આવા વિવેકી શ્રાવકના સ્નાનની કે પૂજાદિની અન્ય કોઈ વિવેકી શ્રાવક અનુમોદના કરે કે આ મહાત્મા ધન્ય છે કે આ પ્રકારના દૃઢ પ્રણિધાનપૂર્વક સ્નાનથી માંડીને ભગવાનની ભક્તિની સર્વ ક્રિયાઓ ભાવસ્તવની વૃદ્ધિ થાય તે પ્રકારે કરે છે, તો તે શ્રાવકને પણ તે સ્નાન-પૂજા અનુમોદન દ્વારા પુણ્યનું કારણ બને છે.

તેના માટે ગ્રંથકારશ્રી કહે છે –

આ પ્રકારે જે કેટલાક કહે છે, તે આગમ અનુપાતિ નથી અર્થાત્ બહુલતાએ શ્રાવકો વિવેકપૂર્વક પણ સ્નાનાદિ કરતા હોય તોપણ સ્નાનાદિકાળમાં શરીરની શુદ્ધિકૃત કાંઈક આભિમાનિક ભાવો થાય છે. તે સ્થાનને આશ્રયીને આ દૃષ્ટાંત આગમ અનુપાતિ નથી; કેમ કે ધર્મ માટે પ્રવૃત્તિકાલમાં પણ આરંભજનિત અલ્પ પાપનું ઇષ્ટપણું છે. તેથી ભગવાનની ભક્તિ અર્થે જેઓ સ્નાનાદિ કરે છે, તેઓને પણ સ્નાનકાલમાં કાંઈક દેહની શુદ્ધિકૃત આહ્લાદ થાય છે. તેનાથી જ હિંસાના આરંભજનિત અલ્પ પાપબંધની પ્રાપ્તિ થાય છે. આથી જ ભગવતીમાં કહેવાયું છે તે પ્રમાણે કોઈ મુગ્ધ જીવ સુસાધુને અપ્રાસુકાદિ આહાર વહોરાવે

ત્યારે સાધુ પ્રત્યે ભક્તિ હોવા છતાં અજ્ઞાનને કારણે કે અવિચારકપણાને કારણે જે અપ્રાસુક આપે છે, તેનાથી અલ્પ કર્મબંધ થાય છે અને સાધુને વહોરાવવાનો સુંદર અધ્યવસાય છે અને સુસાધુના ગુણ પ્રત્યેનો બહુમાનભાવ છે તેનાથી નિર્જરા થાય છે. તેમ સ્નાનકાલમાં જે શુદ્ધિકૃત આહ્લાદાદિ ભાવો થાય છે, તેનાથી અલ્પ કર્મબંધ થાય છે અને હું ભગવાનની ભક્તિ કરીશ, તેવા અધ્યવસાયથી ઘણી નિર્જરા થાય છે.

વળી કોઈ અગીતાર્થ સાધુ ગ્લાનની વૈયાવચ્ચ કરે ત્યારે અગીતાર્થતાને કારણે જે અનાભોગ અંશ છે, તેનાથી કાંઈક અશુભ કર્મ બંધાય છે અને ગ્લાનની વૈયાવચ્ચ કરીને હું તેમના સંયમની વૃદ્ધિમાં યત્ન કરું, તેવો શુભ અધ્યવસાય છે તેનાથી નિર્જરા થાય છે. તે રીતે ભગવાનની પૂજા અર્થે સ્નાન કરનાર શ્રાવકને પણ સ્નાનકાલમાં જે કાંઈ અનાભોગથી પણ દેહનો રાગ કે દેહની શુદ્ધિનો રાગ થાય છે, તે અંશથી અશુભ કર્મબંધ થાય છે અને ભગવાનની ભક્તિ કરવાના પ્રયોજનથી હું સ્નાન કરું, એ પ્રકારે સ્નાનકાલમાં ઉપયોગ છે તેનાથી અને ભગવાનની ભક્તિકાલમાં થતા વિશેષ પ્રકારના અધ્યવસાયથી ઘણી નિર્જરાની પ્રાપ્તિ થાય છે. માટે વૈયાવચ્ચ કરનારા અગીતાર્થ સાધુને પંચકલ્યાણક પ્રાયશ્ચિત્તની પ્રાપ્તિ થાય છે, તેમ દ્રવ્યસ્તવ કરનાર શ્રાવકને પણ સ્નાનકાલમાં અલ્પ પાપબંધ થાય છે. **॥૪/૧૦॥**

**અવતરણિકા :-**

**यतनया विहितस्य स्नानादेः शुभभावहेतुत्वं प्रागुक्तमथ यतनां स्नानगतां, शुभभावहेतुतां च यतनाकृतस्नानस्य दर्शयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**યતનાથી વિહિત સ્નાનાદિનું શુભભાવહેતુપણું પૂર્વમાં કહેવાયું. હવે સ્નાન સંબંધી યતનાને અને યતના કૃત સ્નાનની શુભભાવહેતુતાને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે —**

**ગાથા :-**

**भूमीपेहणजलछाणणाइ जयणा उ होइ ण्हाणाओ ।**
**एत्तो विसुद्धभावो अणुहवसिद्धो च्चिय बुहाणं ।।४/११।।**

**છાયા :-**

**भूमिप्रेक्षणजलच्छाणनादिः यतना तु भवति स्नानादौ ।**
**इतो विशुद्धभावोऽनुभवसिद्ध एव बुधानाम् ।।४/११।।**

**અન્વયાર્થ :-**

**उ=વળી, ण्हाणाओ=સ્નાનાદિમાં, भूमीपेहणजलछाणणाइ=ભૂમિનું પ્રેક્ષણ, જલનું ગાલન આદિ, जयणा=યતના, होइ=હોય છે. एत्तो=આનાથી=યતનાવિહિત સ્નાનાદિથી, विसुद्धभावो=વિશુદ્ધ ભાવ, बुहाणं=બુદ્ધ પુરુષોને, अणुहवसिद्धो=અનુભવસિદ્ધ, च्चिय=જ છે. ।।૪/૧૧।।**

ગાથાર્થ :-

વળી, સ્નાનાદિમાં ભૂમિનું પ્રેક્ષણ, જલનું ગાલન આદિ યતના હોય છે. આનાથી=યતનાવિહિત સ્નાનાદિથી, વિશુદ્ધ ભાવ બુદ્ધ પુરુષોને અનુભવસિદ્ધ જ છે. ।।૪/૧૧।।

ટીકા :-

व्याख्या—'भूमीपेहे'त्यादि । भूमेः प्रेक्षणं च=स्नानभुवः प्राणिरक्षार्थं चक्षुषा निरीक्षणं, जलच्छाणनं च=पूतरकपरिहारार्थं नीरगालनं, आदिः=प्रमुखं, यस्य व्यापारवृन्दस्य तद्भूमिप्रेक्षणजलच्छाणनादि, आदिशब्दान्मक्षिकारक्षणादिग्रहः तत्किम् ? इत्याह — यतना प्रयत्नविशेषः । तुशब्दः पुनरर्थः । तद्भावना चैवम्—स्नानादि यतनया गुणकरं भवति, यतना पुनर्भूमिप्रेक्षणजलच्छाणनादिः, भवति= वर्तते क्व ? इत्याह — स्नानादावधिकृते देहशौचविलेपनजिनार्चनप्रभृतिनि च इह च प्राकृते औकारश्रुतेरभावात् 'ण्हाणाओ' इत्येवं पठ्यते इति 'एत्तो' त्ति=इतः पुनर्यतनाविहितस्नानादेर्विशुद्धभावः= शुभाध्यवसायः, अनुभवसिद्ध एव=स्वसंवेदनप्रतिष्ठित एव, बुधानां=बुद्धिमताम्, अनेन च शुभभाव-हेतुत्वादित्यस्य पूर्वोक्तहेतोरसिद्धताऽऽशंका परिहृता । इति गाथार्थः ।।४/११।।

ટીકાર્થ :-

भूमेः ..... गाथार्थः ।। 'भूमीपेहेत्यादि' પ્રતીક છે. ભૂમિનું પ્રેક્ષણ=સ્નાનની ભૂમિનું પ્રાણીરક્ષણ માટે ચક્ષુથી નિરીક્ષણ, પાણીનું ગાળવું=પોરાના પરિહાર માટે પાણીને ગાળવું, આદિ=પ્રમુખ, છે જે વ્યાપારવૃંદને તે ભૂમિપ્રેક્ષણજલગાળનાદિ છે. આદિ શબ્દથી મક્ષિકારક્ષણાદિનું ગ્રહણ છે=સ્નાનાદિ કાળમાં ઊડતી માખી દેહ આદિ સાથે સંલગ્ન થઈને મૃત્યુ ન પામે તેના માટે ઉચિત યતનાનું ગ્રહણ છે.

તે શું છે ?=ભૂમિપ્રેક્ષણાદિ શું છે ? એથી કહે છે —

યતના છે=પ્રયત્નવિશેષ છે. 'तु' શબ્દ પુનઃ અર્થવાળો છે અને તેની ભાવના=પુનઃ શબ્દની ભાવના, આ પ્રમાણે છે — સ્નાનાદિ યતનાથી ગુણને કરનાર છે. વળી યતના ભૂમિનું પ્રેક્ષણ, જલનું ગાળણાદિ છે.

ભૂમિનું પ્રેક્ષણાદિ યતના ક્યાં છે ?=કયા સ્થાનમાં છે ? એથી કહે છે —

સ્નાનાદિમાં=અધિકૃત દેહનું શૌચ-વિલેપન-જિનઅર્ચના વગેરેમાં, છે અને અહીં પ્રાકૃતમાં ઔકારની શ્રુતિનો અભાવ હોવાથી 'ण्हाणाओ' એ પ્રકારે બોલાય છે=સ્નાનાદૌને બતાવવા ण्हाणाऔ જોઈએ પરંતુ પ્રાકૃતમાં ઔકારનો પ્રયોગ નથી તેથી ण्हाणाओ એ પ્રકારે બોલાય છે. આનાથી=વળી યતનાવિહિત સ્નાનાદિથી, વિશુદ્ધ ભાવ=શુભ અધ્યવસાય, બુધ પુરુષોને=બુદ્ધિશાળી પુરુષોને, અનુભવ સિદ્ધ જ છે=સ્વસંવેદન પ્રતિષ્ઠિત જ છે, અને આના દ્વારા=બુધ પુરુષોને શુભભાવ અનુભવસિદ્ધ છે એના દ્વારા, 'શુભભાવ હેતુપણું હોવાથી' એ પ્રકારના પૂર્વોક્ત હેતુની અસિદ્ધતાની શંકા પરિહાર કરાઈ, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૧૧।।

**ભાવાર્થ :-**

જે શ્રાવક ભાવસાધુપણાના અત્યંત અર્થી છે, તેઓ પ્રતિદિન સાધુધર્મનું ભાવન કરે છે. તેથી છકાયના પાલન કરનારા સાધુતુલ્ય થવા અર્થે વીતરાગની પૂજા કરીને હું તેવી શક્તિ સંચય કરું, તેવા અધ્યવસાયવાળા છે. તેઓના ચિત્તમાં ષટ્કાયના પાલનને અનુકૂળ યતનાનો કાંઈક પરિણામ અવશ્ય વિદ્યમાન છે. આવા શ્રાવકો ભગવાનની પૂજા અર્થે સ્નાનાદિ કરવા પ્રયત્ન કરે ત્યારે પણ શક્તિ અનુસાર જીવોની હિંસાના પરિહાર અર્થે યતના કરે છે. તેથી જે સ્થાનમાં સ્નાન કરવું છે, તે ભૂમિને સ્નાન કરતા પૂર્વે ચક્ષુના ઉપયોગપૂર્વક નિરીક્ષણ કરે છે. જેથી ત્યાં કોઈ ત્રસ જીવ દેખાય તો ઉચિત યતનાપૂર્વક તેને અન્ય સ્થાને મૂકી દેવાય. વળી સ્નાન અર્થે પાણીને ગાળીને પાણીમાં રહેલા પોરા આદિનું રક્ષણ કરે છે. સ્નાનકાલમાં ત્યાં માખી આદિ ઊડતી હોય તે પણ પોતાના દેહ ઉપર સ્નાનકાલમાં જે ક્ષારો લગાડેલા હોય તેને સ્પર્શીને મરી ન જાય તેવી ઉચિત યતના કરે છે. આવા શ્રાવકોનો જીવરક્ષાનો શુભભાવ સ્વઅનુભવસિદ્ધ છે. આવા દયાળુ ચિત્તવાળા શ્રાવકો સ્નાનકાલમાં કે ભગવાનની પૂજાકાલમાં સર્વત્ર જીવરક્ષાને અનુકૂળ ઉચિત યતનાઓ કરે છે, ત્યારે ષટ્કાયના પાલનને અભિમુખ એવો શુભભાવ સ્નાનાદિમાં વર્તે છે. આથી ભગવાનની પૂજા કરીને તેવા શ્રાવકો ભાવસાધુપણાને અનુકૂળ ષટ્કાયના પાલનનો અધ્યવસાય પ્રગટે તેવા બલના સંચયને કરે છે. **॥૪/૧૧॥**

**અવતરણિકા :-**

**'आरंभवतो यतनया स्नानादि गुणाये'ति यत्प्रागुक्तं, तत्र कश्चिदाह — आरंभवानपि यद्यधिकतरपापभीरुतया धर्मार्थं स्नानादि न करोति, तदा न क्षुण्णमुत्पश्यामः, इत्याशंक्याह—**

**અવતરણિકાર્થ :-**

**'આરંભવાળાને યતનાથી સ્નાનાદિ ગુણ માટે છે', એ પ્રમાણે પૂર્વમાં કહેવાયું. ત્યાં કોઈક કહે છે — આરંભવાળા પણ જો અધિકતર પાપભીરુપણાથી ધર્મ માટે સ્નાનાદિ ન કરે તો ક્ષુણ્ણ=ક્ષતિ, અમે જોતા નથી, એ પ્રકારની આશંકા કરીને કહે છે —**

**ગાથા :-**

**अन्नत्थारंभवओ धम्मेऽणारंभओ अणाभोगो ।**
**लोए पवयणखिंसा अबोहिबीयं ति दोसा य ।।४/१२।।**

**છાયા :-**

अन्यत्रारम्भवतो धर्मेऽनारम्भःकोऽनाभोगः ।
लोके प्रवचनखिंसा अबोधिबीजमिति दोषौ च ।।४/१२।।

**અન્વયાર્થ :-**

अन्नत्थारंभवओ=અન્યત્ર આરંભવાળાને, धम्मे=ધર્મમાં, णारंभओ=અનારંભ, अणाभोगो=અનાભોગ છે=જ્ઞાનનો અભાવ છે. लोए=લોકમાં, पवयणखिंसा=પ્રવચનની ખિંસા=પ્રવચનની અશ્લાઘા છે, य= અને, अबोहिबीयं=અબોધિનું બીજ છે, ति=इति=એ પ્રકારે, दोसा=બે દોષો છે. ॥૪/૧૨॥

**ગાથાર્થ :-**

**અન્યત્ર આરંભવાળાને ધર્મમાં અનારંભ અનાભોગ છે=જ્ઞાનનો અભાવ છે. લોકમાં પ્રવચનની ખિંસા=પ્રવચનની અશ્લાઘા, છે અને અબોધિનું બીજ છે, इति=આ પ્રકારે, બે દોષો છે. ॥૪/૧૨॥**

**ટીકા :-**

व्याख्या—'अन्नत्थारंभवओ' इत्यादि । अन्यत्राधिकृतस्नानादेः=अपरत्र विविधदेहगेहादिकर्मसु, आरंभवतः=भूतोपमर्दनकारिणः सतो देहिनः, धर्मे=धर्मविषये जिनार्चनादिनिमित्तमित्यर्थः, 'अणारंभओ' त्ति अनारंभ एवानारंभको=भूतोपमर्दनपरिहारः, किम् ? इत्याह — अनाभोगः=ज्ञानाभावो, वर्तते, अनाभोगकार्यत्वादनारंभस्य । अथवाऽनारंभतः=अनारंभादनाभोगोऽवसीयते, ज्ञानाभाव एव हि शास्त्रानुमतोऽपि जिनार्चनादिगत आरंभोऽकृत्यतयाऽवभासते तथा लोके=शिष्टजने तन्मध्ये, इत्यर्थः प्रवचनखिंसा=जिनशासनाश्लाघा 'पूजाविधानाप्रतिपादनपरं जिनशासनं, अन्यथा कथमार्हताः शौचादि-व्यतिरेकेणापि जिनं पूजयन्ति ?' इत्यादिरूपा भवति । सा चाबोधेः=जन्मान्तरे जिनधर्माप्राप्तेः, बीजमिव बीजं=हेतुः, अबोधिबीजं, इत्येतौ=अनन्तरोक्तौ, दोषौ=दूषणे, भवतः चशब्दोऽनाभोगापेक्षया समुच्चयार्थः । अथवा दोषाय=भवप्राप्तिलक्षणाय, तदबोधिबीजं संपद्यते । इतिशब्दः समाप्तौ, ततो द्रव्यतः स्नातेन शुद्धवस्त्रेण च जिनपूजा विधेयेति स्थितम् इति गाथार्थः ॥४/१२॥

**ટીકાર્થ :-**

अन्यत्राधिकृत ..... गाथार्थः ॥ 'अन्नत्थारंभओ इत्यादि' પ્રતીક છે. અન્યત્ર=અધિકૃત સ્નાનાદિથી અન્યત્ર, એવા વિવિધ પ્રકારના દેહ-ગૃહાદિ કર્મોમાં, આરંભવાળાને=જીવહિંસા કરનારા છતા એવા જીવને, ધર્મમાં=ધર્મના વિષયમાં=જિનાર્ચનાદિ નિમિત્તક, અનારંભ જ અનારંભક અજ્ઞાન છે એમ અન્વય છે=ભૂત ઉપમર્દનનો પરિહાર અજ્ઞાન છે એમ અન્વય છે. શું છે=ધર્મના વિષયમાં અનારંભ શું છે ? એથી કહે છે — અનાભોગ છે=જ્ઞાનનો અભાવ વર્તે છે; કેમ કે અનારંભનું=જિનપૂજા નિમિત્તે સ્નાનાદિ પરિહારરૂપ અનારંભનું અજ્ઞાનકાર્યપણું છે અથવા અનારંભને કારણે અનાભોગ જણાય છે. हि=જે કારણથી, જ્ઞાનનો અભાવ હોતે છતે શાસ્ત્ર દ્વારા અનુમત એવો પણ જિનાર્ચનાદિગત આરંભ અકૃત્યપણાથી અવભાસે છે અને લોકમાં=શિષ્ટલોકમાં, પ્રવચનની ખિંસા=જિનશાસનની

**અશ્લાઘા, થાય છે – 'પૂજાવિધિના અપ્રતિપાદનમાં તત્પર જિનશાસન છે. અન્યથા=જો ભગવાનની પૂજાના વિધિના અપ્રતિપાદનપર જિનશાસન ન હોય તો, અરિહંતને માનનારા શૌચાદિ કર્યા વગર પણ જિનની પૂજા કેવી રીતે કરે' ઈત્યાદિરૂપ જિનશાસનની અશ્લાઘા થાય='દેહનો શૌચ, પુષ્પોથી પ્રતિમાની પૂજા આ સર્વનો ત્યાગ કરીને સામાયિકાદિ કૃત્યો દ્વારા જિનને પૂજે છે, તે જ બતાવે છે કે ભગવાનનું શાસન પૂજાના વિધાનનું પ્રતિપાદન કરતું નથી' એ પ્રકારની પ્રવચનની ખિંસા થાય. અને તે=પ્રવચનની ખિંસા, અબોધિનું બીજ છે=જન્માંતરમાં જિનધર્મની અપ્રાપ્તિનું બીજ છે. તે સ્પષ્ટ કરે છે. બીજના જેવું બીજ અર્થાત્ હેતુ છે, એ રૂપ અબોધિબીજ છે. આટલા અનંતર ઉક્ત એવા દોષો થાય છે. 'च' શબ્દ અનાભોગ અપેક્ષાથી સમુચ્ચય અર્થવાળો છે=અનાભોગ અપેક્ષાથી અન્ય દોષોના સમુચ્ચય અર્થવાળો છે. અથવા દોષ માટે થાય છે=ભવપ્રાપ્તિલક્ષણ દોષ માટે તે અબોધિબીજ થાય છે.**

**'इति' શબ્દ સમાપ્તિમાં છે.**

**તેથી=અન્યત્ર આરંભવાળાને ધર્મમાં આરંભનો ત્યાગ માનનારાને અનાભોગાદિ છે તેથી, દ્રવ્યથી સ્નાત એવા શ્રાવક વડે અને શુદ્ધ વસ્ત્ર વડે જિનપૂજા કરવી જોઈએ, એ પ્રમાણે સ્થિત છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૧૨॥**

**ભાવાર્થ :-**

જે જીવો સંસારના સુખ અર્થે શરીરના અને ગૃહના આરંભો કરવા છતાં વિચારે છે કે 'ભગવાનની પૂજામાં સ્નાનાદિ રૂપ આરંભ કરવો ઉચિત નથી; કેમ કે સંસારમાં તો સંયમનો પરિણામ નહિ હોવાથી અમે આરંભ કરીએ છીએ, તે ધર્મ નથી એમ અમે માનીએ છીએ; પરંતુ ભગવાનની પૂજામાં ધર્મબુદ્ધિથી આરંભ કરવો ઉચિત નથી'. આવું જેઓ માને છે, તે તેઓનું અજ્ઞાન છે. વસ્તુતઃ જેઓને બાહ્ય ભોગસામગ્રી પ્રત્યે મમત્વ છે, તેઓને તેવાં ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની ભક્તિનો પરિણામ શુભ અધ્યવસાયરૂપ છે. કર્મનો બંધ અને કર્મનો નાશ જીવના શુભાશુભ અધ્યવસાય અનુસાર થાય છે, બાહ્ય કૃત્ય અનુસાર નહિ. તેથી જેઓ ભોગાદિ અર્થે ધનસંચય કરે છે, તેના દ્વારા ઉત્તમ સામગ્રીથી ભગવાનની ભક્તિ કરે છે, ત્યારે દેહની શુદ્ધિ કર્યા પછી સુંદર વસ્ત્રો અને સુંદર સામગ્રીથી ભગવાનની ભક્તિ કરે તો જ સુંદર ભાવ થાય છે; પરંતુ જેઓમાં અજ્ઞાન વર્તે છે, તેઓને જ તે પ્રકારે પરિણામ થાય છે કે ધર્મના વિષયમાં જિનાર્ચના નિમિત્તે આરંભ કરવો ઉચિત નથી, તે તેઓનું અજ્ઞાન છે. વળી તે અજ્ઞાનને કારણે શિષ્ટલોકમાં ભગવાનના શાસનની અશ્લાઘા થાય છે; કેમ કે દરેક દર્શનના શિષ્ટ લોકો પોતાના ઇષ્ટદેવની ઉપાસનાથી કલ્યાણ છે, તેમ સ્વીકારે છે. જો ભગવાનના શાસનને માનનારા શ્રાવકો સ્નાનાદિ દ્વારા ભગવાનની પૂજા ન કરે, તેને જોઈને શિષ્ટ લોકોને થાય કે જિનશાસન ઇષ્ટદેવની પૂજાનું અપ્રતિપાદન કરનાર છે, તેથી પણ નક્કી થાય કે આપ્તપ્રણીત આ પ્રવચન=જિનશાસન, નથી. આથી જ જિનને માનનારા એવા પણ ભગવાનના શાસનના શ્રાવકો શૌચાદિ કરીને જિનપ્રતિમાને પૂજતા નથી; પરંતુ સામાયિકાદિ અન્ય કૃત્યો

કરે છે. માટે ઇષ્ટદેવની ઉપાસના કરવાનો નિષેધ કરનાર ભગવાનનું શાસન છે. આ પ્રકારે પ્રવચનની શિષ્ટ લોકમાં જે ખિંસા થાય તે નિંદા તે પ્રકારે માનનારા શ્રાવકોને જન્માંતરમાં અબોધિનો હેતુ થાય છે; કેમ કે લોકોમાં ભગવાનના શાસનની હીનતા દેખાય તે પ્રકારે પૂજાના પરિહારનું તેઓનું કૃત્ય છે.

આ સર્વ દોષોની પ્રાપ્તિ હોવાથી શ્રાવકે દ્રવ્યથી સ્નાન કરીને અને શુદ્ધ વસ્ત્ર ધારણ કરીને જિનપૂજા કરવી જોઈએ. **॥૪/૧૨॥**

**અવતરણિકા :-**

**अथ भावशौचानाश्रयणे दोषाभिधानायाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે ભાવશૌચના અનાશ્રયણમાં દોષોને બતાવવા માટે કહે છે –**

**ગાથા :-**

**अविसुद्धा वि हु वित्ती एवं चिय होइ अहिगदोसाउ ।**
**तम्हा दुहा वि सुइणा जिणपूजा होइ कायव्वा ।।४/१३।।**

**છાયા :-**

अविशुद्धाऽपि खलु वृत्तिरेवमेव भवति अधिकदोषा तु ।
तस्माद् द्विधाऽपि शुचिना जिनपूजा भवति कर्तव्या ।।४/१३।।

**અન્વયાર્થ :-**

**एवं चिय=આ પ્રકારે જ=સ્નાનાદિના અકરણ પ્રકારથી જ, अविसुद्धा=અવિશુદ્ધ, वि=પણ, वित्ती=વૃત્તિ, अहिगदोसाउ=અધિક દોષવાળી, होइ=થાય છે. तम्हा=તે કારણથી, दुहा=બન્ને પ્રકારની, वि=પણ, सुइणा=શુચિથી, जिणपूजा=જિનપૂજા, कायव्वा होइ=કરવી જોઈએ. 'हु' વાક્યાલંકારમાં છે. ॥૪/૧૩॥**

**ગાથાર્થ :-**

**આ પ્રકારે જ=સ્નાનાદિના અકરણ પ્રકારથી જ, અવિશુદ્ધ પણ વૃત્તિ અધિક દોષવાળી થાય છે. તે કારણથી બન્ને પ્રકારની પણ શુચિથી જિનપૂજા કરવી જોઈએ. ॥૪/૧૩॥**

**ટીકા :-**

**व्याख्या—'अविसुद्धे'त्यादि । अविशुद्धा=अवस्थाया अनौचित्येन सावद्या, अपिशब्दो भिन्नक्रमः, हुशब्दो वाक्यालङ्कारे वृत्तिरपि=जीविकाऽपि, न केवलं स्नानाद्यभाव एव । 'एवं चिय' त्ति एवमेव=अनेनैव प्रकारेण स्नानादिद्रव्यशौचाकरणप्रदर्शितेन, भवति=संपद्यते, अधिकदोषा तु=द्रव्य-**

शौचाभावापेक्षया प्रचुरदूषणैव, यतोऽनाभोगादयो द्रव्यशौचाभावोक्ता दोषास्तावदशुद्धवृत्त्यां भवन्त्येव, अन्ये च राजनिग्रहादयो भवन्ति, अन्यायरूपत्वात्तस्याः । अथ शुचिभूतेनेत्येतद्द्वारोपसंहाराय— 'तम्ह'त्ति यस्माद् द्रव्यशौचभावशौचाभावे एते दोषा भवन्ति, तस्माद्धेतोः, द्विधाऽपि द्रव्यभावभेदात्प्रकार-द्वयेनापि, आस्तामेकप्रकारेण शुचिना=शुचिभूतेन, जिनपूजा=अर्हदर्चनं, भवति=वर्तते, कर्तव्या=विधेयेति गाथार्थः ।।४/१३।।

**ટીકાર્થ :-**

अविशुद्धा ..... गाथार्थः ।। 'अविसुद्धेत्यादि' પ્રતીક છે. અવિશુદ્ધ=અવસ્થાની અનુચિતતાથી સાવધ, એવી વૃત્તિ પણ=જીવિકા પણ, કેવળ સ્નાનાદિનો અભાવ જ નહિ પરંતુ જીવિકા પણ, આ રીતે જ= સ્નાનાદિ દ્રવ્યશૌચ અકરણથી પ્રદર્શિત એવા આ જ પ્રકારથી, અધિક દોષવાળી=દ્રવ્યશૌચના અભાવની અપેક્ષાએ પ્રચુર દોષવાળી, જ છે. ગાથામાં અપિ શબ્દ ભિન્નક્રમવાળો છે. 'हु' શબ્દ વાક્યાલંકારમાં છે.

કેમ અવિશુદ્ધ આજીવિકા અધિક દોષવાળી છે ? તેમાં યુક્તિ બતાવે છે —

જે કારણથી અનાભોગાદિ દ્રવ્યશૌચના અભાવમાં કહેવાયેલા દોષો અશુદ્ધ વૃત્તિમાં થાય જ છે અને અન્ય રાજનિગ્રહાદિ દોષો થાય છે; કેમ કે તેનું=અવિશુદ્ધ આજીવિકાનું, અન્યાયરૂપપણું છે.

હવે 'शुचिभूतेन' એ પ્રકારના દ્વારના ઉપસંહાર માટે કહે છે — તે કારણથી=જે કારણથી દ્રવ્યશૌચ અને ભાવશૌચના અભાવમાં આ દોષો થાય છે=પ્રવચન ખિંસાદિ થાય છે તે કારણથી, બન્ને પણ પ્રકારે=દ્રવ્ય-ભાવના ભેદને કારણે પ્રકારદ્વયથી પણ, એક પ્રકારથી દૂર રહો. શુચિભૂત એવા શ્રાવકે જિનપૂજા=અરિહંતનું અર્ચન, કર્તવ્ય=વિધેય, વર્તે છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૧૩।।

**ભાવાર્થ :-**

જે રીતે સ્નાનાદિ દ્રવ્યશૌચમાં હિંસા છે તેમ માનીને ન કરવામાં આવે તો ગાથા-૧૨માં કહ્યું તે પ્રમાણે અનાભોગ, પ્રવચનખિંસાદિ દોષો છે, એ રીતે જ પોતાની ભૂમિકાને અનનુરૂપ સાવદ્ય કૃત્યો કરીને જેઓ આજીવિકા કરે છે, તેનાથી શિષ્ટલોકમાં તેની નિંદા થાય છે. તેથી તે પ્રકારની આજીવિકાથી પ્રવૃત્તિ કરતા જીવોનો ધર્મ લઘુતાને પામે છે. વળી, અતિ અનુચિત પ્રવૃત્તિ કરનારા હોવાથી જ્યારે તેના કારણે રાજાના નિગ્રહાદિ દોષો થાય છે ત્યારે ઘણા ક્લેશોની પ્રાપ્તિ થાય છે. માટે આજીવિકા માટે અનુચિત વ્યવસાયરૂપ ભાવમલિનતાના પરિહાર માટે શ્રાવકે યત્ન કરવો જોઈએ. જેથી શિષ્ટલોકમાં નિંદાપાત્ર જીવનવ્યવસ્થા ન થાય, રાજનિગ્રહાદિનો ભય ન થાય. આ રીતે કરવાપૂર્વક ઉત્તમ સામગ્રીથી ભગવાનની ભક્તિ કરવામાં આવે તો તે સામગ્રીને અનુરૂપ ઉત્તમ ભાવો થવાથી પૂજાના મહાફલની પ્રાપ્તિ થાય છે. **॥૪/૧૩॥**

**અવતરણિકા :-**

उक्तं शुचिभूतेनेति द्वारमथ विशिष्टपुष्पादिभिरित्येतद्द्वारप्रतिपादनायाह—

**અવતરણિકાર્થ :-**

શુચિભૂતેન એ પ્રકારનું દ્વાર કહેવાયું. હવે વિશિષ્ટ પુષ્પાદિ વડે એ દ્વારને પ્રતિપાદન માટે કહે છે –

**ગાથા :-**

गंधवरधूवसव्वोसहीहिं उदगाइएहिं चित्तेहिं ।
सुरहिविलेवणवरकुसुमदामबलिदीवएहिं च ।।४/१४।।
सिद्धत्थयदहिअक्खयगोरोयणमाइएहिं जहलाभं ।
कंचणमोत्तियरयणाइदामएहिं च विविहेहिं ।।४/१५।। युग्मम् ।।

**છાયા :-**

गन्धवरधूपसर्वौषधिभिरुदकादिकैः चित्रैः ।
सुरभिविलेपनवरकुसुमदामबलिदीपकैश्च ।।४/१४।।
सिद्धार्थकदध्यक्षतगोरोचनादिकैः यथालाभम् ।
कञ्चनमौक्तिकरत्नादिदामकैश्च विविधैः ।।४/१५।। युग्मम् ।।

**અન્વયાર્થ :-**

गंधवरधूवसव्वोसहीहिं=સુગંધવાળા શ્રેષ્ઠ ધૂપ, સર્વ ઔષધિઓ વડે, चित्तेहिं उदगाइएहिं=ચિત્ર પ્રકારના ઉદકો વડે, च=અને, सुरहिविलेवणवरकुसुमदामबलिदीवएहिं=સુરભિ વિલેપન, શ્રેષ્ઠ પુષ્પની માળાઓ, બલિ, દીપકો વડે, પૂજા કરવી જોઈએ, એમ અન્વય છે.

सिद्धत्थयदहिअक्खयगोरोयणमाइएहिं=સરસવ, દહીં, અક્ષત=ચોખા, ગોરોચનાદિથી, च=અને, जहलाभं=યથાલાભ=યથાસંભવ, विविहेहिं=વિવિધ, कंचणमोत्तियरयणाइदामएहिं=સુવર્ણ, મોતી, રત્નાદિની માળાઓ વડે, ભગવાનની પૂજા કરવી જોઈએ, એમ અન્વય છે. ।।૪/૧૪-૧૫।।

**ગાથાર્થ :-**

સુગંધવાળા શ્રેષ્ઠ ધૂપ, સર્વ ઔષધિઓ વડે, ચિત્ર પ્રકારના ઉદકો વડે અને સુરભિ વિલેપન, શ્રેષ્ઠ પુષ્પની માળાઓ, બલી, દીપકો વડે પૂજા કરવી જોઈએ, એમ અન્વય છે.

સરસવ, દહીં, અક્ષત=ચોખા, ગોરોચનાદિથી અને યથાલાભ=યથાસંભવ, વિવિધ સુવર્ણ, મોતી, રત્નાદિની માળાઓ વડે ભગવાનની પૂજા કરવી જોઈએ. ।।૪/૧૪-૧૫।।

**ટીકા :-**

व्याख्या– 'गंधे'त्यादि, 'सिद्धे'त्यादि च, गन्धाः=वासाः, ननु द्वारगाथायां पुष्पादिभिरित्येवं द्वारस्य

निर्दिष्टत्वाद् गन्धेत्यादि न युक्तं, अत्रोच्यते-पुष्पादिभिरित्यत्रादिशब्दस्य प्रकारार्थत्वेन पुष्पादिभिः पुष्पप्रकारैरिति व्याख्यानान्न दोषः । वरधूपः=प्रधानधूपो गन्धवरो वा गन्धप्रधानो धूपः कृष्णागरुप्रभृतिगन्धयुक्तिप्रसिद्धः, सर्वौषधयो लोकरूढाः एतेषां द्वन्द्वस्ताभिर्जिनपूजा भवति कर्तव्येत्यनेन द्वारगाथोक्तेन योगः, तथोदकादिभिः=जलप्रभृतिभिः, आदिशब्दादिक्षुरसघृतदुग्धादिपरिग्रहः, चित्रैः= विविधैः, एभिः पुनः पूजा जिनबिंबस्य स्नपनद्वारेण पुरतः स्थापनाद्वारेण यथारूढि स्यात्, उभयथाऽपि पूजात्वेनाविरुद्धत्वात् ।

अथ जीवाभिगमादिषु इक्षुरसादीनां पूजात्वेनाप्रदर्शितत्वान्न युक्तं तेषामादिशब्दोपादानव्याख्यानं, नैवं, जीवाभिगमाद्यप्रदर्शितानामपि बलिदीपगोरोचनादीनामिहोक्तत्वेन तदुपदर्शितस्य पूजाविधानस्या-व्यापकत्वात् । अत एव जीवाभिगमे नन्दापुष्करिणीजलेन स्नानोक्तावपि जंबूद्वीपप्रज्ञप्त्यां नानाविधै-र्जलैर्मृत्तिकातुबरादिद्रव्यैश्च स्नपनमुक्तम् ।

अथ घृतादिभिः स्नपनं न युक्तं विगन्धित्वात्तेषां, को वा किमाह — यतो यानि गन्धादिभिः सुन्दराणि घृतादिद्रव्याणि शोभावहानि कर्तृद्रष्टॄणां भावोल्लासकारीणि, तैरेव च तद्विधेयम्, यतो वक्ष्यति-'जह रेहति तह सम्मं कायव्वमणण्णचेट्ठेणं' ति । तथा सुरभिविलेपनं=सुरभिश्रीखंडाद्यनुलेपनं, वरकुसुमदामानि=प्रधानपुष्पमालाः बलिः=उपहारः, दीपकः=प्रदीपकः, एतेषां द्वन्द्वोऽतस्तैः, चशब्दः समुच्चये, सिद्धार्थकाः=सर्षपाः, दधि च प्रतीतं, अक्षताश्च=तण्डुलाः, दध्यक्षतं, गोरोचना=गोपित्तजा, एषां द्वन्द्वोऽतस्तदादिभिरेतत्प्रभृतिभिः । आदिशब्दाच्छेषमंगल्यवस्तुपरिग्रहः । यथालाभं=यथासंपत्ति, कांचनमौक्तिकरत्नादिदामकैश्च=कनकमुक्ताफलमाणिक्यमालाभिश्च, विविधैः=बहुप्रकारैः । इति गाथाद्वयार्थः ।।४/१४-१५।।

**ટીકાર્થ :-**

द्वारगाथायां ..... गाथार्थः ।। 'गन्धेत्यादि' અને 'सिद्धेत्यादि' પ્રતીક છે. 'ખરેખર દ્વારગાથામાં=ગાથા-૩માં, 'પુષ્પાદિ વડે' એ પ્રકારનું નિર્દિષ્ટપણું હોવાથી 'गन्धेत्यादि'=ગાથા-૧૪ યુક્ત નથી' એ શંકામાં ટીકાકારશ્રી ઉત્તર આપે છે — પુષ્પાદિ વડે એ પ્રકારના કથનમાં આદિ શબ્દનું પ્રકારાર્થકપણું હોવાના કારણે પુષ્પ પ્રકાર વડે એ પ્રકારનું વ્યાખ્યાન હોવાથી દોષ નથી. વરધૂપ=પ્રધાનધૂપ, અથવા ગંધવર=ગંધપ્રધાન, ધૂપ, કૃષ્ણાગરુ વગેરે ગંધયુક્તિથી પ્રસિદ્ધ સર્વ ઔષધિ આદિ લોકમાં રૂઢ એ બધાનો દ્વંદ્વ, તેનાથી=વરગંધાદિથી, જિનપૂજા કર્તવ્ય થાય છે, એ પ્રકારે દ્વારગાથામાં કહેવાયેલા એવા આના વડે સંબંધ છે. અને ઉદકાદિથી=જળ વગેરેથી, આદિ શબ્દથી ઈક્ષુરસ, ઘી, દૂધાદિનું ગ્રહણ છે. ચિત્ર=વિવિધ, આમના વડે=ઉદકાદિ વડે, વળી જિનબિંબની સ્નપન દ્વારા પૂજા થાય અથવા સન્મુખ સ્થાપન દ્વારા યથારૂઢિ પૂજા થાય; કેમ કે બન્ને પ્રકારે પણ પૂજાપણાથી અવિરુદ્ધપણું છે.

**અથથી શંકા કરે છે –**

**જીવાભિગમાદિમાં ઈક્ષુરસ આદિની પૂજાપણાથી અપ્રદર્શિતપણું હોવાથી તેઓનું આદિ શબ્દથી ગ્રહણનું વ્યાખ્યાન યુક્ત નથી. તેને ઉત્તર આપતાં ટીકાકારશ્રી કહે છે –**

**તેમ ન કહેવું. જીવાભિગમ આદિથી અપ્રદર્શિત પણ બલિ, દીપ, ગોરોચનાદિનું અહીં ઉક્તપણાને કારણે તેનાથી ઉપદર્શિત પૂજા વિધાનનું=જીવાભિગમાદિથી ઉપદર્શિત પૂજાવિધાનનું, અવ્યાપકપણું છે. આથી જ=જીવાભિગમાદિમાં પ્રદર્શિત વિધિનું અવ્યાપકપણું છે આથી જ, જીવાભિગમમાં નંદા-પુષ્કરિણીના જલથી સ્નાનની ઉક્તિ હોવા છતાં જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિમાં અનેક પ્રકારનાં જલોથી અને માટી-તુબર આદિ દ્રવ્યો વડે સ્નાન કહેવાયું છે.**

**અથથી શંકા કરે છે –**

**ઘી આદિથી સ્નાન યુક્ત નથી; કેમ કે વિગંધીપણું છે. કોણ શું કહે છે ? અર્થાત્ કોણ ના પાડે છે ? જે કારણથી ગંધાદિથી જે સુંદર ઘી આદિ દ્રવ્યો, શોભાયુક્ત છે, કર્તા અને દ્રષ્ટાના ભાવના ઉલ્લાસને કરનારા છે, તેઓ વડે તેવાં દ્રવ્યો વડે તદ્ વિધેય છે=સ્નપન વિધેય છે. જે કારણથી કહેવાશે.**

શું કહેવાશે ? તેથી કહે છે –

'જે પ્રમાણે શોભાયમાન થાય, તે પ્રમાણે અનન્ય ચેષ્ટાથી સમ્યક્ કરવું જોઈએ.' **અને સુરભિ વિલેપન=સુગંધવાળા ચંદનાદિનું વિલેપન, શ્રેષ્ઠ કુસુમની માળા, બલિ=ઉપહાર, દીપક=પ્રદીપ, આ બધાનો દ્વંદ્વ છે. આથી તેઓ વડે=સુરભિ વિલેપનાદિ વડે, ભગવાનની પૂજા કરવી જોઈએ, એમ અન્વય છે. 'च' શબ્દ સમુચ્ચયમાં છે. સિદ્ધાર્થ=સરસવો, દહીં, ચોખા, ગોરોચન - આ બધાનો દ્વંદ્વ; આથી તે આદિ વડે= સિદ્ધાર્થકાદિ વડે પૂજા કરવી જોઈએ. આદિ શબ્દથી શેષ મંગલ વસ્તુનું ગ્રહણ છે. યથાલાભ=યથા-સંપત્તિ, વિવિધ પ્રકારે સુવર્ણ, મોતી, રત્ન આદિની માળાઓથી=વિવિધ પ્રકારની સુવર્ણ, મોતી, માણિક્યની માળાઓથી, ભગવાનની પૂજા કરવી, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૧૪-૧૫।।**

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવક દ્રવ્યશુદ્ધિ અને ભાવશુદ્ધિ કર્યા પછી શ્રેષ્ઠ પુષ્પાદિથી અને ઉત્તમ ફળ આદિથી ભગવાનના ગુણના સ્મરણપૂર્વક તે રીતે પૂજા કરે કે જેથી વિશેષ-વિશેષ ભાવવૃદ્ધિ થાય અને ઉત્તમ દ્રવ્યરૂપે પણ ભગવાનના અંગ ઉપર સ્થાપન થઈ શકે તેવા પુષ્પાદિ જે પ્રમાણે ભગવાનની શોભા વધે તે પ્રમાણે મૂકે અને બાકી વધેલાં પુષ્પ આદિ સર્વ ભગવાનની સન્મુખ થાળીમાં સ્થાપન કરે. વળી, સુંદર જલ, દૂધ, ઇક્ષુરસ વગેરેનો પણ ભગવાનને સ્નાન કરાવવા માટે ઉપયોગ કરે અથવા તેમની સન્મુખ સ્થાપન કરે, જેનાથી હું ભગવાનની ભક્તિ કરું છું, તેવો ઉત્તમ અધ્યવસાય થાય. માટે પુષ્પ આદિ કે ઇક્ષુ આદિનો ભગવાનને જ નવરાવવામાં ઉપયોગ કરવો જોઈએ. સન્મુખ સ્થાપન ન થાય તેવો એકાંત નિયમ નથી. પરંતુ ભાવવૃદ્ધિને અનુકૂળ ઉચિત યત્ન કરવો જોઈએ. **।।૪/૧૪-૧૫।।**

**અવતરણિકા :-**

**अथ कस्माद्विशिष्टपुष्पादिभिरेवं पूजा विधीयते इत्याशंक्याह—**

**અવતરણિકાર્થ :-**

**હવે કયા કારણથી વિશિષ્ટ પુષ્પાદિથી આ પ્રકારે પૂજા કરવી જોઈએ ? એ પ્રકારે આશંકા કરીને કહે છે —**

**ગાથા :-**

**पवरेहिं साहणेहिं पायं भावो वि जायए पवरो ।**
**ण य अण्णो उवओगो एएसि सयाण लट्ठयरो ।।४/१६।।**

**છાયા :-**

**प्रवरैः साधनैः प्रायः भावोऽपि जायते प्रवरः ।**
**न च अन्य उपयोग एतेषां सतां लष्टतरः ।।४/१६।।**

**અન્વયાર્થ :-**

**पवरेहिं साहणेहिं=પ્રવર સાધનો વડે, पायं=પ્રાયઃ, भावो=ભાવ, वि=પણ, पवरो=પ્રકૃષ્ટ, जायए=થાય છે, य=અને, सयाण एएसि=વિદ્યમાન એવા આમનો, लट्ठयरो=શ્રેષ્ઠ, अण्णो=અન્ય, उवओगो=ઉપયોગ, ण=નથી. ॥૪/૧૬॥**

**ગાથાર્થ :-**

**પ્રવર સાધનો વડે પ્રાયઃ ભાવ પણ પ્રકૃષ્ટ થાય છે અને વિદ્યમાન એવા આમનો શ્રેષ્ઠ અન્ય ઉપયોગ નથી. ॥૪/૧૬॥**

**ટીકા :-**

**व्याख्या—'पवरे'त्यादि । प्रवरैः=उत्कृष्टैः, साधनैः=पूजाकारणद्रव्यैः, प्रायः=बाहुल्येन, कस्यापि क्लिष्टकर्मणः प्रवरसाधनैरपि न जायते प्रवरभावस्तस्मादन्यस्यातिशुभकर्मणः प्रवरद्रव्याणि विनैव प्रवरभावो जायते, इत्येतदर्थसूचनाय प्रायोग्रहणम् । भावोऽपि=अध्यवसायोऽपि, न केवलं द्रव्याण्येव प्रवराणीत्यपिशब्दार्थः, जायते=सम्पद्यते, प्रवरः=प्रधानोऽशुभकर्मक्षयहेतुः, भवति च द्रव्यविशेषाद् भावविशेषः ।**

**यदाह—**

'गुणभूइट्ठे दव्वंमि जेण मत्ता हियत्तणं भावे।
इय वत्थूओ इच्छति ववहारो निज्जरं विउलं ।।१।।' **[व्यवहारभाष्य उद्देश-६ गाथा १८८]**

**इत्येकं प्रवरद्रव्योपादाने कारणम् ।**

**अथ कारणान्तरमाह—न=नैव, चः समुच्चये, अन्यो=जिनपतिपूजातोऽपरः, उपयोगो=विनियोग स्थानम्, एतेषां=प्रवरसाधनानां, सतां=विद्यमानानां, लष्टतरः=प्रधानतरो, भवति ।**

**यदाह—**

'देहः पुत्रः कलत्रं वा संसारायैव सत्कृताः ।

वीतरागस्तु भव्यानां संसारोच्छित्तये भवेत् ।।१।।' [ ] **इति ।**

**अतः प्रवरपुष्पादिभिः पूजा विधेया । इति गाथार्थः ।।४/१६।।**

**ટીકાર્થ :-**

**प्रवरैः ..... गाथार्थः ।। 'पवरेत्यादि' પ્રતીક છે. પ્રવર=ઉત્કૃષ્ટ, સાધનો વડે=પૂજાનાં કારણ દ્રવ્યો વડે, પ્રાયઃ=બહુલતાથી, ભાવ પણ=અધ્યવસાય પણ, શ્રેષ્ઠ થાય છે, એમ અન્વય છે. ક્લિષ્ટ કર્મવાળા કોઈક જીવને શ્રેષ્ઠ પૂજાની સામગ્રીથી પણ શ્રેષ્ઠ ભાવ થતો નથી, (જ્યારે) તેનાથી અન્ય અતિ શુભ કર્મવાળા જીવોને પ્રવર દ્રવ્ય વગર જ શ્રેષ્ઠ ભાવ થાય છે, એ અર્થ સૂચન માટે પ્રાયઃ ગ્રહણ છે. ભાવ પણ=અધ્યવસાય પણ, પ્રવર થાય છે=શ્રેષ્ઠ દ્રવ્યોથી ભાવ પણ શ્રેષ્ઠ થાય છે. કેવલ દ્રવ્ય જ શ્રેષ્ઠ નથી, એ અપિ શબ્દનો અર્થ છે. પ્રવર=પ્રધાન, અશુભકર્મના ક્ષયનો હેતુ એવો પ્રવરભાવ થાય છે અને દ્રવ્યવિશેષથી ભાવવિશેષ થાય છે. જેને કહે છે –**

"ગુણથી અધિક દ્રવ્ય હોતે છતે જેટલા માત્રાથી ભાવમાં અધિકપણું છે, એથી વ્યવહારનય વસ્તુથી વિપુલ નિર્જરાને ઇચ્છે છે." **(વ્યવહારભાષ્ય, ઉદ્દેશક-૬, ગાથા-૧૮૮)**

**આ રીતે પ્રવરદ્રવ્યના=શ્રેષ્ઠ દ્રવ્યના ઉપાદાનમાં=ગ્રહણમાં એક કારણ છે.**

**હવે કારણાંતરને કહે છે –**

**'ચ' સમુચ્ચયમાં છે. વિદ્યમાન એવા આમનો=શ્રેષ્ઠ દ્રવ્યોનો, અન્ય=ભગવાનની પૂજાથી અપર, લષ્ટતર ઉપયોગ=પ્રધાનતર વિનિયોગનું સ્થાન, નથી જ. જેને કહે છે –**

"દેહ, પુત્ર અથવા સ્ત્રી સંસાર માટે જ સત્કાર કરાયાં. વળી વીતરાગ ભવ્ય જીવોના સંસારના ઉચ્છેદ માટે થાય છે."

**આથી શ્રેષ્ઠ પુષ્પ આદિથી પૂજા કરવી જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૧૬।।**

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવક સંસારના વાસ્તવિક સ્વરૂપને જોનારા હોય છે. તેથી ભગવાનની સિદ્ધ અવસ્થાના પરમાર્થને જાણનારા હોય છે અને ભગવાનની સિદ્ધ અવસ્થા જ જીવની સર્વોત્તમ સુંદર અવસ્થા છે, તેવો

कज्जगम्मो=આ પ્રકારના કાર્યગમ્ય છે=ઉત્તમ સામગ્રીરૂપ કાર્યથી અનુમેય છે.

'त्ति' શબ્દ વાક્યની સમાપ્તિ અર્થે છે. ॥૪/૧૭॥

**ગાથાર્થ :-**

**આલોક અને પારલૌકિક કાર્યમાં પારલૌકિક અધિક છે અને તે પણ ભાવપ્રધાન છે=આત્માના વીતરાગ પ્રત્યેની ભક્તિને અનુકૂળ ભાવપ્રધાન છે અને તે પણ=પારલૌકિક કાર્યના હેતુભૂત એવો ભાવ પણ આ પ્રકારના કાર્યગમ્ય છે=ઉત્તમ સામગ્રીરૂપ કાર્યથી અનુમેય છે. ॥૪/૧૭॥**

**ટીકા :-**

व्याख्या—'इहे'त्यादि । ऐहलौकिकपारलौकिककार्ययोः=वर्तमानभवपरभवप्रयोजनयोः साध्ययोः, मध्ये, पारलौकिकं=पारभविकं, (अधिकं) प्रधानतरं, विशेषतस्तस्य साधनीयत्वात्, तदसाधने बहुतमानर्थसंभवात् पारलौकिकं कृत्यं च जिनपूजेत्यतो नान्यदुपयोगस्थानं लष्टतरं प्रवरसाधनानामिति तत्र च यत्प्रधानं तद्दर्शयितुमाह—'तं पि हु' त्ति तत्पुनः पारलौकिकं कार्यम् भावः=आत्मपरिणामः, प्रधानः= साधकतयोत्तमः, यस्मिंस्तद्भावप्रधानं शुभभावसाध्यम्, अतोऽसौ भावविशेषो विशिष्टपारलौकिककार्यार्थिना समाश्रयणीय इति हृदयम् । यदि भावप्रधानं ततः किमित्याह—'सो वि य' त्ति स पुनः=पारलौकिककार्यहेतुभूतो भावः, इतिकार्यगम्यः=इत्येवंविधमनन्तरोक्तं यत्कार्यं भावस्य कृत्यं पूजार्थप्रवरपुष्पाद्युपादानरूपं तेन यो गम्यो निश्चेतव्यः स इतिकार्यगम्यः । इतिशब्दः समाप्तौ । इदमुक्तं भवति—परलोकसाधनहेतुभूतशुभभावकार्यत्वात्प्रवरसाधनोपादानस्य शुभभावं सफलयद्भिस्तद्विधेयं भवति । इति गाथार्थः ।।४/१७।।

**ટીકાર્થ :-**

इहलौकिक ..... गाथार्थः ।। 'इहेत्यादि' પ્રતીક છે. ઈહલૌકિક, પારલૌકિક કાર્યમાં=વર્તમાનભવના અને પરભવના પ્રયોજનરૂપ સાધ્યમાં, પારભાવિક અધિક છે=પ્રધાનતર છે; કેમ કે વિશેષથી તેનું સાધનીયપણું છે. તેના અસાધનમાં બહુતમ અનર્થનો સંભવ છે. અને પારલૌકિક કૃત્ય જિનપૂજા છે, આનાથી અન્ય લષ્ટતર=પ્રવર સાધનોનું શ્રેષ્ઠતર, ઉપયોગસ્થાન નથી. અને ત્યાં=પારલૌકિક કાર્યમાં, જે પ્રધાન છે, તેને બતાવવા માટે કહે છે – તે=પારલૌકિક કાર્ય, ભાવ=આત્મપરિણામ, પ્રધાન= સાધકતમપણાથી ઉત્તમ, છે જેમાં તે ભાવપ્રધાન=શુભભાવસાધ્ય, છે. આથી આ ભાવવિશેષ વિશિષ્ટ પારલૌકિક કાર્યના અર્થી જીવ દ્વારા સમાશ્રયણ કરાવો જોઈએ, એ પ્રકારનો અર્થ છે.

જો ભાવપ્રધાન છે=પારલૌકિક કાર્યમાં જીવનો ઉપયોગ પ્રધાન છે, તેનાથી શું ? એથી કહે છે –

તે વળી, પારલૌકિક કાર્યના હેતુ એવો ભાવ ઈતિકાર્યગમ્ય છે=આવા પ્રકારના અનંતર ઉક્ત જે કાર્ય=ભાવનું કૃત્ય=પૂજા માટે શ્રેષ્ઠ પુષ્પાદિના ગ્રહણરૂપ કૃત્ય, તેનાથી જે ગમ્ય છે=નિશ્ચય કરવા

कज्जगम्मो=આ પ્રકારના કાર્યગમ્ય છે=ઉત્તમ સામગ્રીરૂપ કાર્યથી અનુમેય છે.

'त्ति' શબ્દ વાક્યની સમાપ્તિ અર્થે છે. ॥૪/૧૭॥

ગાથાર્થ :-

**આલોક અને પારલૌકિક કાર્યમાં પારલૌકિક અધિક છે અને તે પણ ભાવપ્રધાન છે=આત્માના વીતરાગ પ્રત્યેની ભક્તિને અનુકૂળ ભાવપ્રધાન છે અને તે પણ=પારલૌકિક કાર્યના હેતુભૂત એવો ભાવ પણ આ પ્રકારના કાર્યગમ્ય છે=ઉત્તમ સામગ્રીરૂપ કાર્યથી અનુમેય છે. ॥૪/૧૭॥**

ટીકા :-

**व्याख्या—'इहे'त्यादि । ऐहलौकिकपारलौकिककार्ययोः=वर्तमानभवपरभवप्रयोजनयोः साध्ययोः, मध्ये, पारलौकिकं=पारभविकं, (अधिकं) प्रधानतरं, विशेषतस्तस्य साधनीयत्वात्, तदसाधने बहुतमानर्थसंभवात् पारलौकिकं कृत्यं च जिनपूजेत्यतो नान्यदुपयोगस्थानं लष्टतरं प्रवरसाधनानामिति तत्र च यत्प्रधानं तद्दर्शयितुमाह—'तं पि हु' त्ति तत्पुनः पारलौकिकं कार्यम् भावः=आत्मपरिणामः, प्रधानः= साधकतयोत्तमः, यस्मिंस्तद्भावप्रधानं शुभभावसाध्यम्, अतोऽसौ भावविशेषो विशिष्टपारलौकिककार्यार्थिना समाश्रयणीय इति हृदयम् । यदि भावप्रधानं ततः किमित्याह—'सो वि य' त्ति स पुनः=पारलौकिककार्यहेतुभूतो भावः, इतिकार्यगम्यः=इत्येवंविधमनन्तरोक्तं यत्कार्यं भावस्य कृत्यं पूजार्थप्रवरपुष्पाद्युपादानरूपं तेन यो गम्यो निश्चेतव्यः स इतिकार्यगम्यः । इतिशब्दः समाप्तौ । इदमुक्तं भवति—परलोकसाधनहेतुभूतशुभभावकार्यत्वात्प्रवरसाधनोपादानस्य शुभभावं सफलयद्भिस्तद्विधेयं भवति । इति गाथार्थः ।।४/१७।।**

ટીકાર્થ :-

इहलौकिक ..... गाथार्थः ।। 'इहेत्यादि' પ્રતીક છે. ઈહલૌકિક, પારલૌકિક કાર્યમાં=વર્તમાનભવના અને પરભવના પ્રયોજનરૂપ સાધ્યમાં, પારભાવિક અધિક છે=પ્રધાનતર છે; કેમ કે વિશેષથી તેનું સાધનીયપણું છે. તેના અસાધનમાં બહુતમ અનર્થનો સંભવ છે. અને પારલૌકિક કૃત્ય જિનપૂજા છે, આનાથી અન્ય લષ્ટતર=પ્રવર સાધનોનું શ્રેષ્ઠતર, ઉપયોગસ્થાન નથી. અને ત્યાં=પારલૌકિક કાર્યમાં, જે પ્રધાન છે, તેને બતાવવા માટે કહે છે — તે=પારલૌકિક કાર્ય, ભાવ=આત્મપરિણામ, પ્રધાન= સાધકતમપણાથી ઉત્તમ, છે જેમાં તે ભાવપ્રધાન=શુભભાવસાધ્ય, છે. આથી આ ભાવવિશેષ વિશિષ્ટ પારલૌકિક કાર્યના અર્થી જીવ દ્વારા સમાશ્રયણ કરાવો જોઈએ, એ પ્રકારનો અર્થ છે.

જો ભાવપ્રધાન છે=પારલૌકિક કાર્યમાં જીવનો ઉપયોગ પ્રધાન છે, તેનાથી શું ? એથી કહે છે —

તે વળી, પારલૌકિક કાર્યના હેતુ એવો ભાવ ઈતિકાર્યગમ્ય છે=આવા પ્રકારના અનંતર ઉક્ત જે કાર્ય=ભાવનું કૃત્ય=પૂજા માટે શ્રેષ્ઠ પુષ્પાદિના ગ્રહણરૂપ કૃત્ય, તેનાથી જે ગમ્ય છે=નિશ્ચય કરવા

**યોગ્ય છે, તે ઈતિકાર્યગમ્ય છે.**

**'इति' શબ્દ સમાપ્તિમાં છે.**

**આ કહેવાયેલું થાય છે=શ્લોકના કથનથી આ કહેવાયેલું થાય છે – પ્રવર સાધનના ઉપાદાનનું પરલોકના સાધનના હેતુભૂત શુભભાવનું કાર્યપણું હોવાથી શુભભાવને સફળ કરનારા પુરુષ વડે તે વિધેય થાય છે=પ્રવર સાધનનું ગ્રહણ વિધેય થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૩/૧૭॥**

**ભાવાર્થ :-**

સંસારમાં આલોકની પ્રવૃત્તિ કરતાં પરલોકની પ્રવૃત્તિ વિવેકી માટે પ્રધાન હોય છે; કેમ કે જો પરલોક બગડે તો અનંત કાલ અનર્થોની પ્રાપ્તિ થાય. જ્યારે આલોકમાં કાંઈક અનર્થ થાય તોપણ તે અલ્પ કાલનું અનર્થ છે. એથી વિવેકી પુરુષ જેટલું આલોકના સુખને ઇચ્છે છે, એના કરતાં પરલોકના સુખની ચિંતા વધુ કરે છે. પરલોકના સુખને નિષ્પન્ન કરવામાં અનુકૂળ કૃત્ય જિનપૂજા છે, તેથી ઉત્તમ સામગ્રીનો શ્રેષ્ઠતર ઉપયોગ જિનપૂજા સિવાય અન્યત્ર નથી.

વળી પરલોકના કૃત્યમાં જે સુંદર સામગ્રીનો ઉપયોગ છે, તેમાં પણ પ્રધાન આત્માનો પરિણામ કારણ છે; કેમ કે શ્રેષ્ઠ સામગ્રીમાત્રથી પરલોકનું કાર્ય પ્રગટ થતું નથી; પરંતુ પોતાના ઉત્તમ ભાવને અનુરૂપ પરલોકના હિતની પ્રાપ્તિ થાય છે. આથી વિવેકી પુરુષે ભગવાનની પૂજામાં પોતાનો શ્રેષ્ઠ ભાવ કેમ થાય ? તેનું જ આશ્રયણ કરવું જોઈએ. જેના ચિત્તમાં ઉત્તમ પુરુષોના શ્રેષ્ઠ ગુણો સ્મરણ થતા હોય તેઓના ચિત્તમાં જ ભગવાન પ્રત્યેનો ઉત્તમ કોટીનો શ્રેષ્ઠ ભાવ છે. જેને ભગવાનના વીતરાગતાદિ ગુણોનું અત્યંત સ્મરણ છે, તેનાથી હૈયામાં ઊઠેલી અત્યંત ભક્તિ છે, તેવા જીવને તે ભક્તિના કાર્યરૂપે જ ઉત્તમ પૂજાની સામગ્રીનું ગ્રહણ છે. તેથી ઉત્તમ સામગ્રીથી આત્મામાં વર્તતો શુભભાવ અનુમેય છે. માટે પોતાનામાં પ્રગટ થયેલો શુભભાવ સફળ કરવાના અર્થી જીવે શ્રેષ્ઠ સામગ્રીનો ઉપયોગ કરવો જોઈએ; કેમ કે હૈયામાં ઊઠેલો વીતરાગના ગુણોનો રાગ શ્રેષ્ઠ સામગ્રીથી ભક્તિ કરતી વખતે પ્રવર્ધમાન થાય છે. તેથી તે શુભભાવ વિશિષ્ટ પ્રકારના ફલનું કારણ બને છે. **॥૪/૧૭॥**

**અવતરણિકા :-**

**अथाधिकृतद्वारं निगमयन्नाह–**

**અવતરણિકાર્થ :-**

**હવે અધિકૃત દ્વારનું=વિશિષ્ટ પુષ્પાદિ આત્મક ઉત્તમ સામગ્રી નામના અધિકૃત દ્વારનું, નિગમન કરતાં કહે છે –**

**ગાથા :-**

**ता नियविहवणुरूवं विसिट्ठपुप्फाइएहिं जिणपूजा ।**

**कायव्वा बुद्धिमया तम्मी बहुमाणसारा य ।।४/१८।।**

છાયા :-

तत् निजविभवानुरूपं विशिष्टपुष्पादिकैः जिनपूजा ।
कर्तव्या बुद्धिमता तस्मिन् बहुमानसारा च ।।४/१८।।

અન્વયાર્થ :-

ता=તે કારણથી=શ્રેષ્ઠ સામગ્રીથી પ્રધાનભાવ થાય છે તે કારણથી, नियविहवणुरूवं=નિજ વૈભવને અનુરૂપ, विसिट्ठपुप्फाइएहिं=વિશિષ્ટ પુષ્પાદિથી, जिणपूजा=જિનપૂજા, बुद्धिमया=બુદ્ધિમાન પુરુષે, कायव्वा= કરવી જોઈએ, य=અને, तम्मी=તેમાં=જિનમાં, बहुमाणसारा=બહુમાન છે સાર=પ્રધાન, જેમાં એવી પૂજા કરવી જોઈએ. ।।૪/૧૮।।

ગાથાર્થ :-

તે કારણથી=શ્રેષ્ઠ સામગ્રીથી પ્રધાનભાવ થાય છે તે કારણથી, નિજ વૈભવને અનુરૂપ વિશિષ્ટ પુષ્પ આદિથી જિનપૂજા બુદ્ધિમાન પુરુષે કરવી જોઈએ અને તેમાં=જિનમાં, બહુમાન છે સાર=પ્રધાન, જેમાં એવી પૂજા કરવી જોઈએ. ।।૪/૧૮।।

ટીકા :-

व्याख्या–'ता' इत्यादि । ता इति यस्मात्प्रवरसाधनैः प्रवरो भावो भवतीत्याद्युक्तं तत्तस्माद्धेतोः, निजविभवस्य=स्वकीयविभूतेः, अनुकूलं रूपं स्वभावो यस्य पूजाकरणस्य तन्निजविभवानुरूपम्, कर्तव्येति क्रियाया विशेषणमिदम्, विशिष्टपुष्पादिभिरुक्तस्वरूपैः जिनपूजा=अर्हदर्चनम्, कर्तव्या=विधेया, बुद्धिमता=धीमता, बुद्धिमानेव ह्युपादेयोपादानक्षमो भवतीति बुद्धिमतेत्युक्तम् तथा तस्मिन्=जिने, बहुमानसारा=प्रीतिप्रधाना, तद्यथा–अनुपकृतपरहितरतः शिवदस्त्रिदशेशपूजितो भगवान् पूज्यो हितकामानां जिननाथो नाथताहेतुः। चशब्दः पूर्वोक्तविशेषणापेक्षया समुच्चयार्थः । इति गाथार्थः ।।४/।१८।।

ટીકાર્થ :-

ता ..... गाथार्थः ।। 'ता इत्यादि' પ્રતીક છે. તે કારણથી=જે કારણથી પ્રવર સાધનો વડે પ્રવરભાવ થાય છે એ પ્રમાણે કહેવાયું તે કારણથી, પોતાના વૈભવને અનુકૂળ=સ્વકીય વિભૂતિને અનુકૂળ, રૂપ=સ્વભાવ છે જેને=જે પૂજાકરણને, તે નિજવિભવ અનુરૂપ છે, તેવી પૂજા કરવી જોઈએ. આ નિજવિભવ અનુરૂપ એ ક્રિયાનું વિશેષણ છે=જિનપૂજા કરવી જોઈએ એ રૂપ ક્રિયાનું વિશેષણ છે. વિશિષ્ટ પુષ્પાદિથી=ઉક્ત સ્વરૂપવાળાં પુષ્પાદિથી, જિનપૂજા=અરિહંતની અર્ચના, બુદ્ધિમાન પુરુષે કરવી જોઈએ. हि=જે કારણથી, બુદ્ધિમાન જ ઉપાદેયને ગ્રહણ કરવામાં સમર્થ હોય છે, એથી બુદ્ધિમાન એ પ્રમાણે કહેવાયું. અને તેમાં=જિનમાં, બહુમાનસારા=પ્રીતિપ્રધાન, પૂજા કરવી જોઈએ.

કઈ રીતે જિનમાં બહુમાનસારા પૂજા કરવી જોઈએ ? તે 'તદ્યથા'થી કહે છે –

**અનુપકૃતપરહિતરત, મોક્ષને દેનાર, ઇન્દ્રોથી પૂજિત, ભગવાન, હિત કામનાવાળાઓને પૂજ્ય, જિનના નાથ (અને) નાથતાના હેતુ છે, એ પ્રકારે બહુમાનસારા પૂજા કરવી જોઈએ, એમ અન્વય છે. 'च' શબ્દ પૂર્વોક્ત વિશેષણ અપેક્ષાથી સમુચ્ચયવાળો છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૧૮॥**

**ભાવાર્થ :-**

'પૂર્વમાં કહ્યું કે શ્રેષ્ઠ સામગ્રીથી બુદ્ધિમાન પુરુષે પૂજા કરવી જોઈએ' એ કથનનો ફલિતાર્થ બતાવતાં પ્રસ્તુત ગાથામાં કહે છે –

સામાન્યથી જેને ભગવાન પ્રત્યે અત્યંત ભક્તિ હોય છે, તેવા શ્રાવકો ઉત્તમ સામગ્રીથી ભગવાનની ભક્તિ કરે ત્યારે ભાવનો પ્રકર્ષ થાય છે; કેમ કે ભાવવૃદ્ધિ પ્રત્યે ઉત્તમ સામગ્રી પણ બલવાન નિમિત્ત છે. વળી માત્ર ઉત્તમ સામગ્રી દ્વારા પૂજા કરવાથી ઉત્તમ ભાવ થઈ શકે નહિ; પરંતુ ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક ભગવાન પ્રત્યે બહુમાનભાવ વર્તતો હોય તો તે ઉત્તમ સામગ્રી બહુમાનના પ્રકર્ષનું પ્રબળ કારણ બને છે. માટે બુદ્ધિમાન પુરુષે ભગવાનના પારમાર્થિક સ્વરૂપનું અને કઈ રીતે ભગવાન જગતના જીવોના ઉપકારને કરનારા છે ? તેનું સ્મરણ કરીને વિશિષ્ટ પુષ્પાદિ વડે પોતાના વૈભવ અનુસાર પૂજા કરવી જોઈએ. જેથી ભાવની તે પ્રકારની વૃદ્ધિ થાય.

અહીં વિશેષ એ છે કે ભગવાનની પૂજા કરનારા શ્રાવકે સૂક્ષ્મ બુદ્ધિથી ભાવન કરવું જોઈએ કે ભગવાન વીતરાગ સર્વજ્ઞ થયા પછી જગતના જીવોનો ઉપકાર કરે છે અર્થાત્ સૂક્ષ્મ યોગમાર્ગને બતાવે છે તેનાથી સંસારી જીવો સંસારની વિડંબનાથી રક્ષિત થાય છે, માટે તે ભગવાન અનુપકૃત પરહિતરત છે=સંસારી જીવોએ ભગવાન ઉપર કોઈ ઉપકાર કર્યો નથી તોપણ લોકોના ઉપકાર કરવામાં પ્રયત્નવાળા ભગવાન છે. વળી, જેઓ ભગવાનના ગુણોનું અત્યંત સ્મરણ કરીને તેમની ભક્તિ કરે છે, તેઓનું ચિત્ત વીતરાગના ગુણોથી વાસિત થવાના કારણે શીઘ્ર મોક્ષને પામે છે તેમાં ભગવાન કારણ છે માટે ભગવાન મોક્ષને દેનારા છે. આથી જ બુદ્ધિના નિધાન એવા દેવતાઓના ઇન્દ્રો ભગવાનની ભક્તિ કરે છે. વળી, હિતની કામનાવાળા જીવો માટે ભગવાન પૂજ્ય છે માટે હું ભગવાનની પૂજા કરીને મારું હિત સાધું. વળી, તીર્થંકરો જગતના જે બધા જિનો છે, તેઓના પણ નાથ છે; કેમ કે શ્રુતજિનો આદિ બધા જિનોમાં શ્રેષ્ઠ તીર્થંકર જિન છે અને તેમના અનુશાસનથી અન્ય સર્વ જિન થાય છે. ભગવાનની પૂજા કરવાથી પૂજકના નાથતાના હેતુ ભગવાન બને છે અર્થાત્ પૂજક પણ ભગવાનની જેમ નાથ બને છે. આ રીતે સૂક્ષ્મ બુદ્ધિથી ભગવાનનું સ્વરૂપ જાણીને શ્રેષ્ઠ સામગ્રીથી ભગવાનની પૂજા કરવી જોઈએ. **॥૪/૧૮॥**

**અવતરણિકા :-**

**अथ विधिद्वारनिरूपणायाह—**

અવતરણિકાર્થ :-

હવે વિધિદ્વારને નિરૂપણ કરતાં કહે છે=ગાથા-૩માં દ્વારો બતાવેલાં. તેમાંથી કાલ દ્વારા શુચિભૂત દ્વાર અને વિશિષ્ટ પાત્રાદિ દ્વાર બતાવ્યું. હવે વિધિદ્વારને બતાવવા અર્થે કહે છે –

ગાથા :-

एसो चेव इह विही विसेसओ सव्वमेव जत्तेणं ।
जह रेहति तह सम्मं कायव्वमणण्णचेट्ठेणं ।।४/१९।।

છાયા :-

एषश्चैव इह विधिः विशेषतः सर्वमेव यत्नेन ।
यथा शोभते तथा सम्यक् कर्तव्यमनन्यचेष्टेन ।।४/१९।।

અન્વયાર્થ :-

इह=અહીં=જિનપૂજાના વિષયમાં, एसो=આ, चेव=જ, विही=વિધિ છે, जह=જે પ્રમાણે, विसेसओ=વિશેષથી, जत्तेणं=યત્નપૂર્વક, सव्वमेव=સર્વ જ, रेहति=શોભે છે, तह=તે પ્રમાણે, अणण्णचेट्ठेणं=અનન્ય ચેષ્ટાથી, सम्मं=સમ્યક્, कायव्वं=કરવું જોઈએ. ।।૪/૧૯।।

ગાથાર્થ :-

**અહીં=જિનપૂજાના વિષયમાં, આ જ વિધિ છે, જે પ્રમાણે વિશેષથી યત્નપૂર્વક સર્વ જ શોભે છે, તે પ્રમાણે અનન્ય ચેષ્ટાથી સમ્યક્ કરવું જોઈએ. ।।૪/૧૯।।**

ટીકા :-

व्याख्या—'एसो' इत्यादि । येन विधिना द्वारगाथायां पूजा कर्तव्यतया सूचिता, असावेष एव पूर्वोक्तः कालाराधनशौचादिः, इह=जिनपूजायाम्, विधिः=विधानम्, सामान्यत एव । यदि पुनः सर्वथैवायमेव विधिः स्यात्तदा द्वारगाथायां विधिनेति गतार्थं स्यादतो विशेषतोऽन्योऽपि वाच्य इत्यत एवाह – विशेषतो=विशेषेण पुनः अयं, यदुत – सर्वमेव=समस्तमपि कुसुममालान्यासादिकं पूजावस्तु, यत्नेन=आदरेण, यथा=येन प्रकारेण, 'रेहइ' त्ति=शोभते, तथा=तेन प्रकारेण, सम्यग्भावशुद्ध्या, कर्तव्यं=विधेयम्, किंविधेन सता ? इत्याह – अविद्यमानाऽन्या=जिनपूजातोऽपरा, चेष्टा=व्यापारः कायकण्डूयनादिः, यस्य स तथा तेन=अनन्यचेष्टेन । इति गाथार्थः ।।४/१९।।

ટીકાર્થ :-

येन ..... गाथार्थः ।। 'एसो इत्यादि' પ્રતીક છે. જે વિધિ દ્વારા દ્વારગાથામાં પૂજા કર્તવ્યપણાથી સૂચન કરાઈ એ ગાથામાં एसो શબ્દથી ગ્રહણ છે તેથી કહે છે આ જ=પૂર્વોક્ત કાલઆરાધન-

**શૌચાદિ, અહીં=જિનપૂજામાં, સામાન્યથી જ વિધિ છે.**

**જો વળી સર્વથા જ આ વિધિ થાય, તો દ્વારગાથામાં વિધિથી એ પ્રકારે ગતાર્થ થાય=ગાથા-૩માં વિધિ નામનું દ્વાર બતાવ્યું તે કાલાદિ દ્વારમાં જ અંતર્ભાવ પામેલ હોવાથી પૂર્ણવિધિનું કથન થાય. આથી જ=પૂર્વમાં કહેલ સામાન્ય વિધિ છે પૂર્ણવિધિ નથી આથી જ, વિશેષથી અન્ય પણ વાચ્ય છે=અન્ય પણ વિધિ વાચ્ય છે. આથી જ કહે છે –**

**વિશેષથી વળી આ વિધિ છે, જે 'यदुत'થી બતાવે છે –**

**સર્વ જ=સમસ્ત પણ, કુસુમની માળાની સ્થાપના આદિ પૂજાવસ્તુ યત્નથી=આદરથી, જે પ્રકારે શોભે તે પ્રકારે સમ્યક્ ભાવવિશુદ્ધિથી કરવી જોઈએ.**

**કેવા પ્રકારના છતા શ્રાવકે કરવી જોઈએ ? એથી કહે છે –**

**અવિદ્યમાન અન્ય=જિનપૂજાથી અપર, ચેષ્ટા=વ્યાપાર કાયાના ખણવા આદિ, છે જેને તે તેવો શ્રાવક છે. તેવા અનન્ય ચેષ્ટાવાળા એવા શ્રાવક વડે પૂજા કર્તવ્ય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૧૯॥**

**ભાવાર્થ :-**

પૂર્વે દ્વારગાથામાં પૂજાનાં જે દ્વારો બતાવ્યાં, તે પ્રમાણે ઉચિત કાલે ભગવાનની પૂજા કરવી જોઈએ. શૌચાદિપૂર્વક કરવી જોઈએ. ઉત્તમ દ્રવ્યો દ્વારા કરવી જોઈએ અને ભગવાનના ગુણોના પ્રણિધાનપૂર્વક બહુમાનસાર કરવી જોઈએ, એ જિનપૂજાની સામાન્ય વિધિ છે, છતાં દ્વારગાથામાં વિધિ નામનું સ્વતંત્ર દ્વાર મૂક્યું છે, તેના દ્વારા વિશેષ વિધિ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –

વિવેકી શ્રાવકે સર્વ પ્રવૃત્તિ તે પ્રકારે યત્નથી કરવી જોઈએ, જેથી ભગવાનની ભક્તિ શોભાને પામે. વળી, તે પૂજા કરતી વખતે શ્રાવકે ખણજ વગેરે કરવી જોઈએ નહિ; કેમ કે પોતાના દેહના સ્પર્શવાળો હાથ ભગવાનને સ્પર્શે અને ખણજાદિને કારણે ચિત્તનું ભગવાનના ગુણોના સ્મરણથી અન્યત્ર ગમન થાય; તો આશાતના થાય. માટે વિવેકી શ્રાવકે પૂજાકાળમાં સતત ભગવાનના ગુણોને અભિમુખ સૂક્ષ્મ-સૂક્ષ્મતર ચિત્તનું ગમન થાય, તે પ્રકારે ભગવાનની પૂજા કરવી જોઈએ; કેમ કે જિનના ગુણોને સ્પર્શનાર એવા મતિજ્ઞાનના ઉપયોગના પ્રકર્ષને અનુરૂપ જ ભાવનો પ્રકર્ષ થાય છે અને પૂજકને તેને અનુરૂપ જ પૂજાનું ફલ પ્રાપ્ત થાય છે માટે જિનના ગુણોને સ્પર્શનારા ઉપયોગના પ્રકર્ષના અંગભૂત જ અન્ય સર્વ પૂજાનાં અંગો છે અર્થાત્ ઉત્તમ સામગ્રી આદિપૂર્વકની પૂજા અને અત્યંત શોભાયમાન થાય તે પ્રકારની પૂજા આદિ અન્ય સર્વ અંગો ઉપયોગના પ્રકર્ષને આધાન કરીને ચરિતાર્થ થાય છે. **॥૪/૧૯॥**

**અવતરણિકા :-**

**यत्नेनेत्युक्तमनन्यचेष्टेन चेत्येतद्द्वयमपि स्पष्टयन्नाह–**

**અવતરણિકાર્થ :-**

યત્નથી એ પ્રમાણે ગાથા-૧૯માં કહ્યું અને અનન્ય ચેષ્ટાથી એ પ્રમાણે ગાથા-૧૯માં કહ્યું, એ બન્નેને પણ સ્પષ્ટ કરે છે –

**ગાથા :-**

**वत्थेण बंधिऊणं णासं अहवा जहासमाहीए ।**
**वज्जेयव्वं तु तदा देहम्मि वि कंडुयणमाई ।।४/२०।।**

**છાયા :-**

**वस्त्रेण बद्ध्वा नासमथवा यथासमाधिः ।**
**वर्जयितव्यं तु तदा देहेऽपि कण्डूयनादिः ।।४/२०।।**

**અન્વયાર્થ :-**

वत्थेण=વસ્ત્રથી, णासं=નાસિકાને, बंधिऊणं=બાંધીને, अहवा=અથવા, जहासमाहीए=યથાસમાધિ= સમાધિ અનુસાર નાસિકાને બાંધીને, तु=વળી, तदा=ત્યારે=પૂજાકાલમાં, देहम्मि=દેહમાં, वि=પણ, कंडुयणमाई=કંડૂયનાદિ, वज्जेयव्वं=વર્જવાં જોઈએ. ।।૪/૨૦।।

**ગાથાર્થ :-**

**વસ્ત્રથી નાસિકાને બાંધીને અથવા યથાસમાધિ=સમાધિ અનુસાર નાસિકાને બાંધીને, વળી ત્યારે=પૂજાકાલમાં, દેહમાં પણ કંડૂયનાદિ=ખણજ આદિ વર્જવાં જોઈએ. ।।૪/૨૦।।**

**ટીકા :-**

व्याख्या–'वत्थेणे'त्यादि । वस्त्रेण=वसनेन, बद्ध्वा=आवृत्त्य, नासां=नासिकाम्, अथवेति विकल्पार्थः यथासमाधि=समाधानानतिक्रमेण, यदि हि नासाबन्धेऽसमाधानं स्यात्तदा तामबद्ध्वापीत्यर्थः, सर्वं यत्नेन कार्यमित्यनुवर्तते । तथा वर्जयितव्यं=परिहर्तव्यम्, तुशब्दः पुनःशब्दार्थः तस्य चैवं प्रयोगः-तदा तु=तदानीं पुनः पूजाकाले, इत्यर्थः । किं तद् ? इत्याह – देहेऽपि=शरीरेऽपि, चेष्टा-परिहारदुष्करत्वप्रतिपादनार्थोऽपिशब्दः । कंडूयनादिः=खर्जूविनोदनप्रभृतिः, आदिशब्दात्सिंघानोत्सर्ग-विकथाकरणादिपरिग्रहः । इति गाथार्थः ।।४/२०।।

**ટીકાર્થ :-**

वस्त्रेण ..... गाथार्थः ।। 'वत्थेणेत्यादि' પ્રતીક છે. વસ્ત્રથી નાસિકાને બાંધીને. 'अथवा' શબ્દ વિકલ્પ અર્થવાળો છે, તેથી યથાસમાધિ=સમાધાનના અનતિક્રમથી, જો નાસા બંધનમાં અસમાધાન થાય= સમાધિ ટકતી ન હોય, તો તેને=નાસાને, બાંધ્યા વગર પણ યત્નથી સર્વ કરવું જોઈએ=ચિત્તની

**સમાધિની વૃદ્ધિ પૂજાકાળમાં થાય તે પ્રકારે યત્નથી સર્વ કરવું જોઈએ, એ કથન પૂર્વમાંથી અનુવૃત્તિ પામે છે.**

**'तु' શબ્દ પુનઃ અર્થવાળો છે અને તેનો પ્રયોગ આ પ્રમાણે છે – ત્યારે વળી=વળી પૂજાકાલમાં, દેહમાં પણ અર્થાત્ શરીરમાં પણ, ખણજાદિનો પરિહાર કરવો જોઈએ. શરીરમાં પણ એમ કહ્યું તેમાં શરીરની ચેષ્ટાના પરિહારનું દુષ્કરત્વ પ્રતિપાદન કરનાર અપિ શબ્દ છે. ખણજાદિમાં રહેલા આદિ શબ્દથી નાકના સિંઘાનનો ઉત્સર્ગ=નાકના મેલનો ત્યાગ, વિકથાકરણા આદિનું ગ્રહણ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૨૦।।**

**ભાવાર્થ :-**

શ્રાવકે પૂજાકાલમાં ભગવાનની આશાતના પરિહાર અર્થે નાસિકાને બાંધીને પૂજા કરવી જોઈએ. આમ છતાં પ્રધાનરૂપે પરિણામની મુખ્યતા છે, તેથી કોઈકને તે પ્રકારની શારીરિક સ્થિતિ હોય કે નાસિકાને બાંધવાથી ચિત્ત વ્યાક્ષિપ્ત થતું હોય તો નાસિકાને બાંધ્યા વગર મુખમાંથી દુર્ગંધ ભગવાન સન્મુખ ન જાય તે રીતે મુખકોશ બાંધીને પૂજા કરવી જોઈએ.

વળી, પૂજાકાલમાં દેહની ચેષ્ટાને વર્જન કરવી દુષ્કર છે. તેથી પ્રમાદ વશ ખણજ આદિ કરીને ભગવાનની પૂજા કરે તો આશાતના થાય, તેથી જિનપૂજાના કાલમાં તેનું વર્જન કરવું જોઈએ.

વળી વિકથાનું વર્જન કરવું જોઈએ અર્થાત્ ભગવાનની પૂજાકાલમાં અન્ય કોઈ વાર્તાલાપ કરવો જોઈએ નહિ. વિકથામાં આદિ પદથી ચિત્ત પણ ભગવાનના ગુણોથી અન્યથા ન પ્રવર્તે તે રીતે યત્ન કરવો જોઈએ તેનું ગ્રહણ છે, જેથી ભગવાનના ગુણોથી રંજિત થયેલું ચિત્ત વિપુલ નિર્જરાને પ્રાપ્ત કરે. **॥૪/૨૦॥**

**અવતરણિકા :-**

**सर्वमेव यत्नेन कर्तव्यमित्युक्तमथ यत्नं कुर्वतां यद् भवति तत्प्रदर्शनाय दृष्टान्तमाह—**

**અવતરણિકાર્થ :-**

**યત્નથી સર્વ જ કરવું જોઈએ. એ પ્રમાણે ગાથા-૧૯માં કહ્યું. હવે યત્નને કરતાં જે થાય છે, તેને બતાવવા માટે દૃષ્ટાંતને કહે છે –**

**ગાથા :-**

**भिच्चा वि सामिणो इय जत्तेण कुणंति जे उ सणिओगं ।**
**होंति फलभायणं ते इयरेसि किलेसमित्तं तु ।।४/२१।।**

**છાયા :-**

**भृत्या अपि स्वामिन इति यत्नेन कुर्वन्ति ये तु स्वनियोगम् ।**
**भवन्ति फलभाजनं ते इतरेषां क्लेशमात्रं तु ।।४/२१।।**

અન્વયાર્થ :-

भिच्चा वि=સેવકો પણ, जे उ=જેઓ જ, इय=આ પ્રકારના, जत्तेण=યત્નથી=નાસિકા બાંધીને પ્રયત્ન કરે તે પ્રકારના યત્નથી, सामिणो=સ્વામીના, सणिओगं=પોતાના નિયોગને=પોતાના વ્યાપારને, कुणंति=કરે છે, ते=તેઓ, फलभायणं=ફલના ભાજન, होंति=થાય છે. इयरेसि=ઈતરોને, तु=વળી, किलेसमित्तं=ક્લેશમાત્ર, પ્રાપ્ત થાય છે, એમ અન્વય છે. ।।૪/૨૧।।

ગાથાર્થ :-

**સેવકો પણ જેઓ જ આ પ્રકારના યત્નથી=નાસિકા બાંધીને પ્રયત્ન કરે તે પ્રકારના યત્નથી, સ્વામીના પોતાના નિયોગને=પોતાના વ્યાપારને, કરે છે તેઓ ફલના ભાજન થાય છે. ઈતરોને વળી ક્લેશમાત્ર પ્રાપ્ત થાય છે, એમ અન્વય છે. ।।૪/૨૧।।**

ટીકા :-

व्याख्या—'भिच्चे'त्यादि । भृत्या अपि=सेवका अपि, न केवलं पूजका एव, स्वामिनः=राजादेः, इत्येवं प्रकारेण='वत्थेण बंधिऊणं' इत्यादिलक्षणेन, यत्नेन=आदरेण, कुर्वन्ति=विदधति, ये तु=य एव, स्वनियोगं=स्वकीयव्यापारं श्मश्रुसमारचनाङ्गमर्दनादिकम् ।

यदुक्तम्—

'बंधित्ता कासवओ वयणं अट्ठगुणाइ पोत्तीए (अट्ठपुडसुद्धपोत्तीए) ।
पत्थिवमुवासए खलु वित्तिनिमित्तं भया चेव ।।१।।' [श्राद्धदिनकृत्य-१४८] इति ।

भवन्ति=जायन्ते, स्वामिपरितोषणात् फलभाजनम्=ईप्सितार्थपात्रं राजलक्ष्म्यादिभाज इत्यर्थः, 'ते' इति=त एव भृत्याः, एतद्विपर्ययमाह — इतरेषां तु, उत्तरस्य पुनरर्थस्य=तुशब्देस्य, इह संबन्धात् अनादरेण स्वनियोगकारिणां पुनः, क्लेशमात्रं=शरीरमनसोः खेद एव, भवति, नेप्सितार्थसिद्धिः । इति गाथार्थः ।।४/२१।।

ટીકાર્થ :-

भृत्या ..... गाथार्थः ।। 'भिच्चेत्यादि' પ્રતીક છે. સેવકો પણ=કેવલ પૂજા કરનારા નહિ પરંતુ સેવકો પણ, જેઓ જ સ્વામીની=રાજાદિની, આ પ્રકારથી=વસ્ત્રથી નાસિકાને બાંધીને ઈત્યાદિ લક્ષણ પ્રકારથી, યત્ન દ્વારા=આદરપૂર્વક, સ્વનિયોગને=દાઢી વગેરે કરવી કે અંગમર્દનાદિ કરવું એ રૂપ સ્વવ્યાપારને, કરે છે, તે જ સેવકો સ્વામીના પરિતોષથી ફલનું ભાજન થાય છે=ઈપ્સિત અર્થનું પાત્ર થાય છે= રાજાની કૃપારૂપ લક્ષ્મી આદિનું ભાજન થાય છે.

જે કહેવાયું છે —

"હજામ વદનને આઠ ગુણા વસ્ત્રથી બાંધીને પાર્થિવની=રાજાની, વૃત્તિનિમિત્તે=આજીવિકા અર્થે, અને ભયથી જ ઉપાસના=સેવા, કરે છે." ॥૧॥ **(શ્રાદ્ધદિનકૃત્ય ગાથા-૧૪૭)**

**આના વિપર્યયને કહે છે=જે સેવકો આ પ્રકારે વ્યાપાર કરતા નથી, તે રૂપ વિપર્યયને કહે છે – ઉત્તરમાં રહેલા પુનઃ અર્થવાળા 'तु' શબ્દનો અહીં સંબંધ હોવાથી ઈતરોને વળી=અનાદરથી સ્વનિયોગ કરનારાઓને વળી, ક્લેશમાત્ર=શરીર-મનનો ખેદ જ, થાય છે; (પરંતુ) ઈપ્સિત અર્થની સિદ્ધિ થતી નથી, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૨૧॥**

**ભાવાર્થ :-**

રાજાની સેવા કરનાર હજામ કે અંગમર્દનાદિ કરનારા પણ જો મુખને બાંધીને તે પ્રકારની સેવા ન કરે તો રાજાનો તેમના પ્રત્યે પરિતોષ થાય નહિ. તેથી રાજાની પ્રસન્નતાના ફલને તેઓ પ્રાપ્ત કરી ન શકે; એટલું જ નહીં પરંતુ તે હજામ આદિના મુખના શ્વાસોચ્છ્વાસાદિથી અકળાયેલ રાજા તેમના પ્રત્યે અતુષ્ટ થાય છે. તેથી તે હજામ શરીરના અને મનના ખેદને પ્રાપ્ત કરે છે; કેમ કે તે પ્રકારની શારીરિક સેવાનો શ્રમ કરે છે અને રાજાની અકૃપા થવાથી મનના ખેદને પ્રાપ્ત કરે છે. માટે ભક્તિના અર્થીએ પોતાના નાસિકાના શ્વાસોચ્છ્વાસ સ્વામીને ન સ્પર્શે તે પ્રકારે વિવેકપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઈએ. **॥૪/૨૧॥**

**અવતરણિકા :-**

**अथ दार्ष्टान्तिकमाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે દાર્ષ્ટાંતિકને કહે છે=ગાથા-૨૧માં સ્વામીના સેવકનું દૃષ્ટાંત બતાવ્યું. હવે તે દૃષ્ટાંતને ભગવાનની પૂજામાં યોજન કરવારૂપ દાર્ષ્ટાંતિકને કહે છે –**

**ગાથા :-**

**भुवणगुरूण जिणाणं तु(ण वि) विसेसओ एवमेव दट्ठव्वं ।**
**ता एवं चिय पूया एयाण बुहेहिं कायव्वा ।।४/२२।।**

**છાયા :-**

भुवनगुरूणां जिनानां तु विशेषत एवमेव द्रष्टव्यम् ।
तद् एवमेव पूजा एतेषां बुधैः कर्तव्या ।।४/२२।।

**અન્વયાર્થ :-**

**तु=વળી, भुवणगुरूण=ભુવનગુરુ એવા, जिणाणं=ભગવાનનું, विसेसओ=વિશેષથી, एवमेव=આ રીતે જ=સેવકની જેમ જ પૂજા કરનારના ફલનું ભાજનપણું, दट्ठव्वं=જાણવું. ता=તે કારણથી, बुहेहिं=**

બુધ પુરુષોએ, एवं चिय=આ રીતે જ=સેવકની જેમ નાસિકા બાંધીને જ, एयाण=આમની=વીતરાગની, पूया=પૂજા, कायव्वा=કરવી જોઈએ. ।।૪/૨૨।।

**ગાથાર્થ :-**

વળી ભુવનગુરુ એવા ભગવાનનું વિશેષથી આ રીતે જ=સેવકની જેમ જ, પૂજા કરનારના ફલનું ભાજનપણું જાણવું. તે કારણથી બુધ પુરુષોએ આ રીતે જ=સેવકની જેમ નાસિકા બાંધીને જ, આમની=વીતરાગની પૂજા કરવી જોઈએ. ।।૪/૨૨।।

**ટીકા :-**

व्याख्या—'भुवे'त्यादि । भुवनगुरूणां=भुवनत्रयानुशासकानाम्, जिनानां तु=वीतरागाणां पुनः, केचित् जिनानामपीति पठन्ति । विशेषतः=सुतरां भुवनगुरुत्वादेव, एतत्=पूजाप्रयत्नवत्फलभाजनत्वम्, एवम्=अनेनानन्तरोक्तभृत्यन्यायेन, एवंशब्दस्यानुस्वाराश्रवणं गाथानुलोम्यतया, पाठान्तरेण एवमेव= इत्थमेव=भृत्यवदेव, फलजनकत्वमित्यर्थः, द्रष्टव्यम्=अवगन्तव्यम्, 'ता' इति यस्माद्विनीतभृत्यवत्पूजकाः फलभाजनं भवन्ति, ततः=तस्माद्धेतोः, 'एवं चिय' त्ति एवमेव='वत्थेण बंधिऊणं' इत्यादिपूर्वोक्त-न्यायेनैव, पूजा=समर्चनम्, एतेषां=वीतरागाणाम्, बुधैः=विद्वद्भिः, कर्तव्या=विधेया । इति गाथार्थः ।।૪/૨૨।।

**ટીકાર્થ :-**

भुवनगुरूणां ..... गाथार्थः ।। 'भुवेत्यादि' પ્રતીક છે. કેટલાક 'જિનોનું પણ'='જિનોનું વળી'ના બદલે 'જિનોનું પણ' એમ બોલે છે. ભુવનગુરુ એવા=ભુવનત્રયના અનુશાસક એવા, જિનોનું વળી= વીતરાગોનું વળી, વિશેષથી=ભુવનગુરુપણું હોવાથી જ, અત્યંત આ=પૂજાના પ્રયત્નવાળા પુરુષના ફલનું ભાજનપણું, આ રીતે=આ અનંતર ગાથામાં કહેવાયેલા ભૃત્યના ન્યાયથી, જાણવું. 'एवं' શબ્દના અનુસ્વારનું ગાથાના અનુલોમપણાથી અશ્રવણ છે='મ્'નો લોપ છે. આ પાઠ અનુસાર ગાથામાં 'एवमेव'ને સ્થાને 'एयएव' પાઠ છે. પાઠાંતરથી 'एवमेव' છે. તેથી આ રીતે જ=સેવકની જેમ જ, ફલજનકપણું છે, એ પ્રકારનો અર્થ જાણવો. તે કારણથી=જે કારણથી વિનીત સેવકની જેમ પૂજકો ફલભાજન થાય છે તે કારણથી=તે હેતુથી, આ રીતે જ=વસ્ત્રથી નાસિકાને બાંધીને ઇત્યાદિ પૂર્વોક્ત ન્યાયથી જ, આમની=વીતરાગની, પૂજા=સમ્યગ્ અર્ચન, બુધ પુરુષોએ=વિદ્વાનોએ, કરવી જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૨૨।।

**ભાવાર્થ :-**

સામાન્યથી સેવક નાસિકા બાંધીને રાજાની સેવા કરે તો રાજાની કૃપા થાય છે, જ્યારે ભગવાન તો ત્રણે ભુવનના અનુશાસક એવા ભુવનગુરુ છે. તેથી તેઓની વિશેષથી આ પ્રકારે પૂજા કરવાથી ફલની પ્રાપ્તિ

થાય છે; કેમ કે જેઓના ચિત્તમાં ભગવાન ત્રણ ભુવનના ગુરુ છે તેવું બહુમાન હોય, તેઓ તે બહુમાનના પરિણામને કારણે અત્યંત યતનાપૂર્વક ભગવાનની પૂજા કરવા તત્પર થાય છે. માત્ર નાસિકા બાંધવાથી અર્થાત્ તે પ્રકારના સ્થૂલ વ્યવહારથી નાસિકા બાંધીને પૂજા કરવાથી તે પ્રકારનું ફલ મળતું નથી; પરંતુ જેની બુદ્ધિમાં ઉપસ્થિત છે કે સામાન્ય રાજવીની ભક્તિ કરનારે પણ તેના ફલ અર્થે નાસિકા બાંધીને રાજાની સેવા કરવી આવશ્યક છે તો ભગવાન તો ત્રણ જગતના ગુરુ છે, તેઓની મારે ભક્તિ કરવી હોય તો અવશ્ય અત્યંત વિવેકપૂર્વક ભક્તિ કરવી જોઈએ; એથી તેમની પૂજા કરતી વખતે નાસિકા બાંધવી જોઈએ, મલિન વસ્ત્રોનો પરિહાર કરવો જોઈએ અને અન્ય પણ ઉત્તમ સામગ્રી ઉત્તમ ભાજનમાં રાખીને ભગવાનની ભક્તિ કરવી જોઈએ. આ રીતે ઉત્તમતા જાળવવામાં આવે તો જ આ ભગવાન ત્રણ ભુવનના ગુરુ છે, તેવા પ્રકારનો બહુમાનનો ભાવ હૈયામાં ઉલ્લસિત થાય છે, જેનાથી પૂજા કરનારને શ્રેષ્ઠ ફળ મળે છે. માટે માત્ર નાસિકા બાંધે અને અન્ય સર્વ યથાતથા આચરણ કરે તેઓના ચિત્તમાં આ ભુવનગુરુ છે અને તેવા ભગવાનની પૂજા કરીને હું સેવકના ફલને પ્રાપ્ત કરું એવો વિવેકવાળો અધ્યવસાય થતો નથી. તેથી તેઓને વિશેષ ફલ મળતું નથી. માટે બુધ પુરુષે આ રીતે જ પૂજા કરવી જોઈએ, જેથી વિશેષ ફલ પ્રાપ્ત થાય.

અહીં નાસિકાના બંધનના કથન દ્વારા ઉપલક્ષણથી સર્વ મલિન વસ્ત્રાદિનો પરિહાર ગ્રહણ થાય છે. જેમ રાજા પાસે જનાર સેવક પણ માત્ર નાસિકા બાંધે, તેનાથી કાર્ય થતું નથી; પરંતુ સ્વચ્છ થઈ, સુંદર વસ્ત્ર પરિધાન કરી સેવા માટે જાય છે, તેમ શ્રાવકે પણ સર્વ ઉત્તમ સામગ્રીથી યુક્ત થઈ ભગવાનની ભક્તિ કરવા પ્રયત્ન કરવો જોઈએ, જેથી હું ભુવનગુરુનો સેવક છું, તે પ્રકારનો વિશેષ પ્રકારે ભાવ થાય. **॥૪/૨૨॥**

**અવતરણિકા :-**

**तस्मिन् बहुमानसारेति यदुक्तं तत्र बहुमानोऽपि विधिनैव प्रवर्तमानानां भवतीति दर्शयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**તેમાં બહુમાનસારા=ભગવાનમાં બહુમાન પ્રધાન, એ પ્રકારે જે કહેવાયું=ગાથા-૧૮માં કહેવાયું, ત્યાં=તે પ્રકારના કથનમાં, બહુમાન પણ વિધિથી જ પ્રવર્તમાન જીવોને થાય છે, એ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**बहुमाणो वि हु एवं जायइ परमपयसाहगो णियमा ।**
**सारथुइथोत्तसहिया तह य चितिवंदणाओ उ ।।४/२३।।**

**છાયા :-**

**बहुमानोऽपि खलु एवं जायते परमपदसाधको नियमात् ।**
**सारस्तुतिस्तोत्रसहितात् तथा च चैत्यवन्दनात्तु ।।४/२३।।**

**અન્વયાર્થ :-**

परमपयसाहगो बहुमाणो=પરમપદનું સાધક એવું બહુમાન, वि=પણ, हु=ખરેખર, एवं=આ રીતે=પૂર્વમાં બતાવેલી વિધિ પ્રમાણે પૂજા કરવામાં આવે એ રીતે, णियमा=નિયમથી, जायइ=થાય છે, तह य=અને, सारथुइथोत्तसहिया=સારવાળી સ્તુતિ અને સ્તોત્ર સહિત એવા, चितिवंदणाओ=ચૈત્યવંદનથી, બહુમાન થાય છે, એમ અન્વય છે. ।।૪/૨૩।।

**ગાથાર્થ :-**

**પરમપદનું સાધક એવું બહુમાન પણ ખરેખર આ રીતે=પૂર્વમાં બતાવેલી વિધિ પ્રમાણે પૂજા કરવામાં આવે એ રીતે, નિયમથી થાય છે અને સારવાળી સ્તુતિ અને સ્તોત્ર સહિત એવા ચૈત્યવંદનથી બહુમાન થાય છે, એમ અન્વય છે. ।।૪/૨૩।।**

**ટીકા :-**

व्याख्या–'बहु' इत्यादि । बहुमानोऽपि=प्रीतिविशेषोऽपि, न केवलं भृत्यवत्फलभाजनत्वमेव । हुशब्दोऽलङ्कारे । एवमनेन='एसो चेव इह विहि' इत्यादिना प्रागुक्तपूजान्यायेन, जायते=भवति, किंविधः ? इत्याह – परमपदसाधको=मुक्तिनिर्वर्तकः, नियमात्=अवश्यंभावेन, तथा सारस्तुतिस्तोत्र-सहितात्=गंभीरार्थस्तुतिस्तोत्रयुक्तात् । तत्र स्तुतिरेकश्लोकमाना, स्तोत्रं पुनर्बहुश्लोकप्रमाणम्, 'तह य' त्ति तथैव=यथैव विधिप्रवृत्तेस्तथैव, चैत्यवन्दनादपि प्रतीतात्, बहुमानो जायते इति प्रकृतम् । तुशब्दोऽपिशब्दार्थे द्रष्टव्यः । अनेन चोत्तरार्धेन सारस्तुतिस्तोत्रगुर्वीति यत् द्वारं द्वारगाथायामुक्तं तस्य प्रस्तावना कृता । इति गाथार्थः ।।४/२३।।

**ટીકાર્થ :-**

बहुमानोऽपि ..... गाथार्थः ।। 'बहु इत्यादि' પ્રતીક છે. કેવલ ભૃત્યની જેમ ફલભાજનપણું જ નહિ. બહુમાન પણ=ભગવાનમાં પ્રીતિવિશેષરૂપ બહુમાન પણ, આ રીતે="આ અહીં વિધિ છે" ઇત્યાદિ પૂર્વમાં કહેલ પૂજાના ન્યાયથી, થાય છે.

કેવા પ્રકારનો બહુમાન થાય છે ? એથી કહે છે –

નિયમથી=અવશ્યંભાવથી, પરમપદનો સાધક એવો બહુમાન થાય છે અને સારસ્તુતિસ્તોત્ર સહિત=ગંભીર અર્થવાળાં સ્તુતિ, સ્તોત્રથી યુક્ત એવા, ચૈત્યવંદનથી પણ=પ્રતીત રૂપ એવા ચૈત્યવંદનથી પણ, બહુમાન થાય છે, એ પ્રકારે પ્રકૃત છે. ત્યાં સ્તુતિ એક શ્લોકમાનવાળી છે અને સ્તોત્ર બહુશ્લોકપ્રમાણ છે. તે પ્રકારે જ=જે પ્રકારે વિધિની પ્રવૃત્તિથી બહુમાન થાય છે તે પ્રકારે જ, સાર એવાં સ્તુતિ, સ્તોત્ર સહિત ચૈત્યવંદનથી પણ બહુમાન થાય છે. 'तु' શબ્દ 'अपि' શબ્દના અર્થમાં જાણવો. અને

**આ ઉત્તરાર્ધ દ્વારા=પ્રસ્તુત શ્લોકના ઉત્તરાર્ધ દ્વારા, સારસ્તુતિસ્તોત્રગુર્વી કરવી જોઈએ, એ પ્રકારે દ્વાર દ્વારગાથામાં=ત્રીજા શ્લોકમાં, કહેવાયેલ તેની પ્રસ્તાવના કરાઈ, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૨૩॥**

**ભાવાર્થ :-**

ભગવાનની પૂજામાં નાસિકા બાંધવામાત્રથી બહુમાન થતું નથી; પરંતુ નાસિકા બાંધી અન્ય સર્વ ઉચિત વિધિ શાસ્ત્રાનુસારી કરવામાં આવે તો પરમપદનો સાધક એવો બહુમાનભાવ નિયમથી થાય છે; કેમ કે જેને પરમપદ એવી મુક્તિને પ્રાપ્ત કરવાની ઉત્કટ ઇચ્છા છે, તેઓ શાસ્ત્રને પ્રધાન કરનારા હોય છે. આવા મહાત્માઓ શાસ્ત્રવિધિ અનુસાર સર્વત્ર ભગવાનની પૂજા કરે છે, જેથી તેઓના હૈયામાં પરમપદનો સાધક એવો બહુમાનભાવ નિયમથી થાય છે અર્થાત્ ભગવાનના પારમાર્થિક ગુણોના સ્મરણપૂર્વક વિધિમાં યત્ન હોવાથી મોક્ષનું કારણ બને તેવો બહુમાન થાય છે.

વળી જેમ પૂજાની સર્વ વિધિ શાસ્ત્રાનુસારી કરવાથી બહુમાન થાય છે, તેમ ગંભીર અર્થવાળાં ભગવાનનાં સ્તુતિ કે સ્તોત્રો બોલવામાં આવે અને તેનાથી યુક્ત ચૈત્યવંદન કરવામાં આવે તો તેનાથી પણ ભગવાનનું બહુમાન થાય છે. તેથી ભગવાન પ્રત્યે બહુમાનની વૃદ્ધિના અર્થીએ સર્વ શક્તિથી વિધિમાં યત્ન કરવો જોઈએ અને વિધિના અંગભૂત નાસિકા બાંધવામાં શક્ય યત્ન કરવો જોઈએ. વળી, ભગવાનના ગુણોને સ્પર્શે એવી સુંદર સ્તુતિઓથી ભગવાનની સ્તોત્રપૂજા કરવી જોઈએ અને વિધિપૂર્વક ચૈત્યવંદન કરવું જોઈએ, જેથી પરમપદનો સાધક એવો બહુમાનભાવ વૃદ્ધિ પામે. **॥૪/૨૩॥**

**અવતરણિકા :-**

**प्रस्तावितद्वारमेवोपदर्शयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**પ્રસ્તાવિતદ્વારને બતાવતાં કહે છે=ગાથા-૨૩માં કહ્યું કે સારવાળાં સ્તુતિ-સ્તોત્ર સહિત ચૈત્યવંદનથી ભગવાનમાં બહુમાન થાય છે તેના દ્વારા પ્રસ્તાવિત એવા સારવાળા સ્તુતિ-સ્તોત્રદ્વારને જ બતાવતાં કહે છે —**

**ગાથા :-**

**सारा पुण थुइथोत्ता गंभीरपयत्थविरइया जे उ ।**
**सब्भूयगुणुक्कित्तणरूवा खलु ते जिणाणं तु ।।४/२४।।**

**છાયા :-**

**साराणि पुनः स्तुतिस्तोत्राणि गम्भीरपदार्थविरचितानि यानि तु ।**
**सद्भूतगुणोत्कीर्तनरूपाणि खलु तानि जिनानान्तु ।।४/२४।।**

**અન્વયાર્થ :-**

**पुण=વળી, जिणाणं=જિનોના, सब्भूयगुणुक्कित्तणरूवा=સદ્‌ભૂત ગુણના કીર્તનરૂપ, गंभीरपयत्थविरइया= ગંભીર પદાર્થોથી રચાયેલ, जे उ=જે જ, सारा थुइथोत्ता=સાર સ્તુતિ-સ્તોત્રો છે, ते=તે=તે સારવાળાં સ્તુતિ-સ્તોત્રો વડે, खलु=ખરેખર, જિનોની શ્રેષ્ઠ પૂજા કરવી જોઈએ. ।।૪/૨૪।।**

**ગાથાર્થ :-**

**વળી જિનોના સદ્‌ભૂત ગુણના કીર્તનરૂપ ગંભીર પદાર્થોથી રચાયેલ જે જ સાર સ્તુતિ-સ્તોત્રો છે, તે સારવાળાં સ્તુતિ-સ્તોત્રો વડે ખરેખર, જિનોની શ્રેષ્ઠ પૂજા કરવી જોઈએ. ।।૪/૨૪।।**

**ટીકા :-**

**व्याख्या—'सारे'त्यादि । साराणि=प्रधानानि, पुनःशब्दो विशेषद्योतनार्थः तच्चैवं — सारैः स्तुतिस्तोत्रैर्गुर्वी पूजा कर्तव्या, साराणि पुनस्तानि, कानि ? इत्युच्यते-'यानि तु' इत्येतस्येह दर्शनात्, यान्येव गंभीरैः=अतुच्छैः, पदानां=शब्दानाम्, अर्थैः=अभिधेयैः, विरचितानि=दृब्धानि, गंभीरपदार्थ-विरचितानि । तद्यथा—**

'पडिवण्णचरिमतणुणो अइसयलेसं पि जस्स दट्ठूणं ।
भवहुत्तमणा जायंति जोइणो तं जिणं नमह' [ ]

**जे उ इति व्याख्यातमेव । अतुच्छपदार्थयुक्तान्यपि कानिचिदसद्भूतगुणकीर्तनरूपाणि स्युः ।**

**यथा—**

'क्षेमाय मर्त्यजगतस्तल एव शंके शाकंभरीनृप ! गतं न भवद्यशोभिः ।
गायन्ति तानि यदि तत्र भुजङ्गयोषाः शेषः शिरांसि धुनुयान्न मही स्थिरा स्यात् ।।१।।' [ ]

**इत्येतद्व्यवच्छेदायाह — सद्भूतगुणोत्कीर्तनरूपाणि=विद्यमानगुणग्रहणस्वभावान्येव, खलुरव-धारणे । तानि=स्तुतिस्तोत्राणि, जिनानां तु=आप्तानामेव ।**

**तद्यथा—**

'आणा जस्स विलइया सीसे सव्वेहिं हरिहरेहिं पि ।
सो वि तुहझाणजलणे मयणो मयणं पि व विलीणो ।।१।।' [ ]

**इति गाथार्थः ।।४/२४।।**

**ટીકાર્થ :-**

**साराणि ..... गाथार्थः ।। 'सारेत्यादि' પ્રતીક છે. પુનઃ શબ્દ વળી અર્થમાં જ છે અને તે વિશેષને**

**બતાવે છે. સાર=પ્રધાન, પુનઃ શબ્દ વિશેષ દ્યોતનવાળો છે અને તે=વિશેષ અર્થ, આ પ્રમાણે છે – સાર સ્તુતિ, સ્તોત્ર વડે ગુર્વી પૂજા કરવી જોઈએ.**

**સાર વળી તે કયા છે ? એથી કહે છે –**

**'यानि तु' એ પ્રકારના આ પદનું અહીં=ગંભીરની પૂર્વે, દર્શન હોવાથી=યોજન હોવાથી, જે જ ગંભીર=અતુચ્છ એવાં, પદોના અર્થો વડે=શબ્દોના અભિધેય વડે, વિરચિત છે=રચાયેલાં છે, તે ગંભીર પદાર્થ વિરચિત છે.' તે આ પ્રમાણે –**

"પ્રાપ્ત કરાયેલા ચરમ તનુવાળા જેના અતિશયના લેશને પણ જોઈને ભવની સન્મુખ મનવાળા જીવો યોગીઓ થાય છે તે જિનને નમસ્કાર થાઓ." **()**

**'जे उ' એ પ્રમાણેનું ગાથાનું કથન વ્યાખ્યાત જ છે=પૂર્વમાં ગંભીર પદ સાથે યોજન કરાયેલું જ છે, અતુચ્છ પદાર્થયુક્ત પણ કેટલાંક અસદ્ભૂત ગુણકીર્તનરૂપ થાય. જે પ્રમાણે –**

"હે શાકંભરી રાજા ! તમારા યશો વડે મર્ત્યજગતના તલમાં જવાયું નથી, તે સુંદર થયુ છે એમ હું શંકા કરું છું. જો ત્યાં=મર્ત્યલોકના તલમાં, તમારો યશ જાય તો નાગલોકની સ્ત્રીઓ તેને ગાય (જેથી) શેષનાગ મસ્તકને ધૂનન કરે, એથી પૃથ્વી સ્થિર થાય નહિ." **()**

**આ પ્રકારના અસદ્ભૂત ગુણકીર્તનરૂપ સ્તુતિના વ્યવચ્છેદ માટે કહે છે – સદ્ભૂત ગુણઉત્કીર્તનરૂપ= વિદ્યમાન ગુણ ગ્રહણના સ્વભાવવાળાં જ, જિનોનાં=આપ્તોનાં, તે જ=સ્તુતિ, સ્તોત્ર જ, કરવાં જોઈએ એમ અન્વય છે. તે આ પ્રમાણે –**

"જેની આજ્ઞા સર્વ હરિહરો=ઇંદ્ર, મહાદેવ આદિ વડે પણ શિર ઉપર ધરાયેલી છે, તે પણ મદન=કામ, તમારા ધ્યાનરૂપી અગ્નિમાં મીણની જેમ વિલીન થયો. ॥૧॥" **એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૨૪॥**

**ભાવાર્થ :-**

ભગવાનના પારમાર્થિક સ્વરૂપને બતાવે તેવા સદ્ભૂત ગુણના કીર્તનરૂપ ભગવાનની સ્તુતિ કરવી જોઈએ. વળી ગંભીર અર્થને કહેનારા પદાર્થોથી વિરચિત સ્તોત્રો વડે ભગવાનની સ્તુતિ કરવી જોઈએ.

જેમ પ્રસ્તુત ગાથાની ટીકામાં આપેલ ઉદ્ધરણશ્લોકમાં કહ્યું કે ભગવાન ચરમભવને પામેલા છે, જેઓના અતિશયલેશને જોઈને પણ સંસારને અભિમુખ જીવો પણ યોગીઓ થાય છે, તે જિનને નમસ્કાર કરું છું.

આ વચન દ્વારા ભગવાનના ગંભીર એવા શ્રેષ્ઠ ગુણોનું વર્ણન છે; કેમ કે ગૌતમસ્વામીથી પ્રતિબોધ પામેલા ૧૫૦૦ તાપસોમાંથી કેટલાક તાપસો ભગવાનના અતિશયલેશને જોઈને કેવલજ્ઞાન પામ્યા એમ પ્રસિદ્ધ છે.

વળી ભગવાને જે શ્રેષ્ઠ સાધના કરીને કામને જીત્યો છે, તેવા વાસ્તવિક ગુણના ઉત્કીર્તનથી ભગવાનની સ્તુતિ કરવી જોઈએ, જેથી તેવા શ્રેષ્ઠ ગુણો પોતાનામાં પ્રગટ થાય.

ગંભીર પદોવાળા અર્થોથી વિરચિત સ્તોત્રોથી સ્તુતિ કરવી જોઈએ, એમ કહેવાથી ભગવાનના લોકોત્તમ

સ્વરૂપની ઉપસ્થિતિ થાય છે.

સદ્ભૂતગુણકીર્તનથી ભગવાનની સ્તુતિ કરવી જોઈએ, એમ કહેવાથી ભગવાનના વાસ્તવિક ગુણના કીર્તનને કારણે પોતાનામાં પણ તેવા ગુણોનો પક્ષપાત થવાથી તે ગુણો પ્રગટ થાય છે. માટે કલ્યાણના અર્થીએ તેવાં ઉત્તમ સ્તોત્રોથી ભગવાનની સ્તુતિ કરવી જોઈએ; પરંતુ કાલ્પનિક સ્તોત્રોથી સ્તુતિ કરવી જોઈએ નહિ. આથી જ કેટલાંક સ્તવનો ઉપદેશાત્મક હોય છે તેનાથી પણ ભગવાનની સ્તુતિ કરવી જોઈએ નહીં પરંતુ ભગવાનના ગુણોનું સ્મરણ થાય તેવાં જ સ્તવનોથી સ્તુતિ કરવી જોઈએ. **॥૪/૨૪॥**

**અવતરણિકા :-**

**अथ कथं स्तुत्यादिप्रधानपूजाया गुर्वीत्वम् ? इत्यत्रोच्यते – स्तुत्यादीनां कुशलपरिणामहेतुत्वा-देतदेवाह–**

**અવતરણિકાર્થ :-**

**હવે સ્તુતિ આદિ પ્રધાન પૂજાનું ગુર્વીપણું કેવી રીતે છે ? એ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે – સ્તુત્યાદિનું કુશલ પરિણામનું હેતુપણું છે. એને જ કહે છે –**

**ગાથા :-**

**तेसिं अत्थाहिगमे णियमेणं होइ कुसलपरिणामो ।**
**सुंदरभावा तेसिं इयरम्मि वि रयणणाएणं ।।४/२५।।**

**છાયા :-**

**तेषामर्थाधिगमे नियमेन भवति कुशलपरिणामः ।**
**सुन्दरभावात् तेषामितरस्मिन्नपि रत्नज्ञातेन ।।४/२५।।**

**અન્વયાર્થ :-**

**तेसिं=તેઓનો=સાર સ્તુતિ આદિના, अत्थाहिगमे=અર્થનો, બોધ કરાયે છતે, णियमेणं=નિયમથી, कुसलपरिणामो=કુશલ પરિણામ, होइ=થાય છે. इयरम्मि वि=ઈતરમાં પણ=સ્તુતિના અર્થના અનવગમવાળા જીવોમાં પણ, तेसिं=તેનો=સ્તુતિનો, सुंदरभावा=સુંદર ભાવ હોવાના કારણે, रयणणाएणं=રત્નના દૃષ્ટાંતથી, કુશલ પરિણામ થાય છે, એમ અન્વય છે. ।।૪/૨૫।।**

**ગાથાર્થ :-**

**તેઓનો=સાર સ્તુતિ આદિના અર્થનો બોધ કરાયે છતે નિયમથી કુશલ પરિણામ થાય છે. ઈતરમાં પણ=સ્તુતિના અર્થના અનવગમવાળા જીવોમાં પણ તેનો=સ્તુતિનો, સુંદર ભાવ હોવાના કારણે રત્નના દૃષ્ટાંતથી, કુશલ પરિણામ થાય છે, એમ અન્વય છે. ।।૪/૨૫।।**

**ટીકા :-**

**व्याख्या–'तेसिं' इत्यादि । तेषां=सारस्तुत्यादीनाम्, अर्थाभिगमे=अभिधेयावगमे सति, नियमेन= अवश्यंभावेन, भवति=जायते, कुशलपरिणामः=शुभाध्यवसायः, अर्थाधिगमस्य प्रायः कुशलपरिणाम-कारकत्वादिति, भव्यस्तोतॄणामिति गम्यते, एवं तर्ह्यर्थाधिगमवतामेव स्तुत्यादिभिर्गुर्वी पूजा स्यान्नान्येषाम् ? इत्यत्रोच्यते – सुन्दरभावात्=शुभभावत्वात्, तेषां=स्तुत्यादीनाम्, इतरस्मिन्नपि=तदर्थानवगमेऽपि, आस्तां तदर्थाधिगमे, कुशलः परिणामो भवतीति प्रकृतम् । अथ कथमिदमवसीयत ? इत्याह– रत्नज्ञातेन=माणिक्योदाहरणेन, यथा रत्नमज्ञातगुणमपि सुन्दरस्वभावतया गुणकरमेवमेतान्यपि । इति गाथार्थः ।।४/२५।।**

**ટીકાર્થ :-**

**तेषां ..... गाथार्थः ।। 'तेसिं इत्यादि' પ્રતીક છે. તેઓનો=સાર, સ્તુતિ આદિનો, અર્થ અભિગમ કરાયે છતે=અભિધેયનો બોધ થયે છતે, નિયમથી=અવશ્યંભાવથી, કુશલ પરિણામ થાય છે=શુભ અધ્યવસાય થાય છે; કેમ કે સ્તુતિ કરનારા ભવ્ય જીવોને અર્થના અધિગમનું પ્રાયઃ કુશલ પરિણામનું કારકપણું છે.**

**આ રીતે તો અર્થના બોધવાળા જીવોને જ સ્તુતિ આદિથી શ્રેષ્ઠ પૂજા થાય, અન્યોને નહિ ? એ પ્રકારની શંકામાં ઉત્તર આપે છે –**

**ઈતર એવા જીવોમાં પણ=તેના અર્થનો બોધ નહિ હોવા છતાં પણ, તેઓનો=સ્તુતિ આદિનો, સુંદર ભાવ હોવાથી=શુભ સ્વભાવપણું હોવાથી, કુશલ પરિણામ થાય છે, એ પ્રમાણે પ્રકૃત છે=તેના અધિગમમાં કુશલ પરિણામ થાય છે તે દૂર રહો; પરંતુ અર્થના અનધિગમમાં પણ કુશલ પરિણામ થાય છે.**

**કેવી રીતે આ=અર્થના બોધ વગરના જીવોને પણ કુશલ પરિણામ થાય છે એ, જણાય છે ? એથી કહે છે –**

**રત્નના દૃષ્ટાંતથી=માણિક્યના ઉદાહરણથી, જે પ્રમાણે અજ્ઞાત ગુણવાળું પણ રત્ન સુંદર સ્વભાવપણાને કારણે ગુણકર છે, એ રીતે આ પણ=સાર એવી સ્તુતિઓ પણ, ગુણકર છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૨૫।।**

**ભાવાર્થ :-**

જે જીવોને ભગવાનના ગુણને સ્પર્શનારાં સ્તોત્રોના અર્થનો બોધ છે, તે જીવો તે સ્તોત્રોથી ભગવાનની સ્તુતિ કરે છે ત્યારે તે જીવોને ભગવાનના તે ગુણો પ્રત્યે બહુમાનનો ભાવ વૃદ્ધિ પામે છે. જે કુશલ પરિણામરૂપ છે અને તેનાથી કર્મોનો નાશ થાય છે. વળી કેટલાક જીવો પ્રકૃતિથી ભદ્રક હોય છે, તેઓ મહાપુરુષોથી રચાયેલી સુંદર સ્તુતિઓ દ્વારા ભગવાનની સ્તુતિ કરે છે; છતાં તેના પરમાર્થને તેઓ

વિશેષથી જાણતા નથી તોપણ ઓઘથી બહુમાનને કારણે તેઓને પણ કુશલ પરિણામ થાય છે.

જેમ વિશિષ્ટ પ્રકારના રત્નો કેવા ગુણવાળાં છે ? તેનો બોધ ન હોય તોપણ તે રત્નો પોતાના ગુણને અનુરૂપ કાર્ય કરે જ છે, તેમ બોલાઈ રહેલાં સ્તોત્રોમાં કેવા વિશિષ્ટ ગુણો છે ? તેનો જેઓને સૂક્ષ્મ બોધ નથી, તેવા પણ મુગ્ધ જીવોને તે સ્તોત્રોથી ચિત્તમાં શુભ ભાવો થાય છે. માટે સ્તુતિ આદિ પ્રધાન પૂજા શ્રેષ્ઠ છે. તેથી સારવાળાં સ્તુતિ-સ્તોત્રોથી ભગવાનની પૂજા, કરવી જોઈએ; કેમ કે મુગ્ધજીવો ઓઘથી ગુણના રાગવાળા થઈને સ્તુતિ કરે છે તેનાથી સુંદર ભાવોની પ્રાપ્તિ દ્વારા અલ્પભવોમાં મોક્ષમાં ગયા અને વિશેષથી સ્તુતિના ગુણોને જાણીને જેઓ ભગવાનની સ્તુતિ કરે છે તેઓ તો સુખપૂર્વક પરિમિત ભવોમાં મોક્ષને પામે છે એમ શાસ્ત્રોમાં સંભળાય છે. **॥૪/૨૫॥**

**અવતરણિકા :-**

**अधिकृतमेव ज्ञातं ज्ञापनीये योजयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**અધિકૃત જ દૃષ્ટાંતને=રત્નના ઉદાહરણને જ્ઞાપનીયમાં=સ્તુતિ સ્તોત્રમાં, યોજન કરતાં કહે છે –**

**ગાથા :-**

**जरसमणाई रयणा अण्णायगुणा वि ते समिंति जहा ।**
**कम्मज्जराई थुइमाइया वि तह भावरयणा उ ।।४/२६।।**

**છાયા :-**

ज्वरशमनादीनि रत्नानि अज्ञातगुणान्यपि तान् शमयन्ति यथा ।
कर्मज्वरादीन् स्तुत्यादीन्यपि तथा भावरत्नानि ।।४/२६।।

**અન્વયાર્થ :-**

**अण्णायगुणा वि=અજ્ઞાત ગુણવાળાં પણ, जरसमणाई=જ્વરશમન આદિ, रयणा=રત્નો, ते=તેઓને=જ્વરાદિને, जहा=જે પ્રમાણે, समिंति=શમન કરે છે, तह=તે પ્રમાણે જ, थुइमाइया=સ્તુતિ આદિ, वि=પણ, भावरयणा=ભાવરત્નો, कम्मज्जराइ=કર્મજ્વરોને, શમન કરે છે, એમ અન્વય છે. ।।૪/૨૬।।**

**ગાથાર્થ :-**

**જ્વરશમન આદિ અજ્ઞાત ગુણવાળાં પણ રત્નો તેઓને=જ્વરાદિને, જે પ્રમાણે શમન કરે છે, તે પ્રમાણે જ સ્તુતિ આદિ પણ ભાવરત્નો કર્મજ્વરોને, શમન કરે છે, એમ અન્વય છે. ।।૪/૨૬।।**

**ટીકા :**

**व्याख्या—'जरे'त्यादि । ज्वरशमनादीनि=ज्वरापहारप्रभृतीनि, आदिशब्दाच्छूलशमनादिग्रहः,**

रत्नानि=माणिक्यानि, अज्ञातगुणान्यपि=रोगिभिरविदितज्वरादिशमनसामर्थ्यान्यपि, न केवलं ज्ञातगुणान्येव, तान्=ज्वरादिरोगान्, शमयन्ति=नाशयन्ति, यथा=येन प्रकारेण सुन्दररूपतालक्षणेन, कर्मज्वरादीन्=कर्मलक्षणज्वरादिरोगान्, स्तुत्यादीन्यपि=स्तुतिस्तोत्राण्यपि, न केवलं रत्नान्येव । 'तह' इति, अत्रोत्तर-स्यावधारणार्थस्य तुशब्दस्य संबन्धात् तथैव=तेनैव प्रकारेण, किंभूतानि स्तुत्यादीनि ? भावरत्नानि=पारमार्थिकमाणिक्यानि, शमयन्तीति प्रकृतम् । इति गाथार्थः ।।४/२६।।

**ટીકાર્થ :-**

ज्वरशमनादीनि ..... गाथार्थः ।। 'जरेत्यादि' પ્રતીક છે. જ્વરશમનાદિ=જ્વરઅપહાર વગેરે રત્નો= માણિક્ય, અજ્ઞાત ગુણવાળા પણ=રોગી વડે અવિદિત જ્વરાદિ શમનના સામર્થ્યવાળા પણ, સુંદરતા લક્ષણ જે પ્રકારથી તે જ્વરાદિ રોગોને શમન કરે છે, જ્વરાદિ માત્ર જ્ઞાનગુણવાળા જ નહિ, તે પ્રકારે જ કર્મજ્વરાદિને=કર્મલક્ષણ જ્વરાદિ રોગોને, સ્તુતિ આદિ પણ=સ્તુતિ-સ્તોત્રાદિ પણ, નાશ કરે છે. કેવલ રત્નો જ નહિ, પરંતુ સ્તુતિ-સ્તોત્રાદિ પણ ભાવરત્નો=પારમાર્થિક રત્નો, શમન કરે છે=કર્મરોગને શમન કરે છે, એ પ્રમાણે પ્રકૃત છે. જ્વર શમનાદિમાં રહેલ આદિ શબ્દથી શૂળશમનાદિનું ગ્રહણ છે. ગાથામાં 'तह' શબ્દ છે તેનો ઉત્તરમાં અવધારણ અર્થવાળા 'तु' શબ્દની સાથે સંબંધ હોવાથી 'તે પ્રકારે જ' એમ અન્વય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૨૬॥

**ભાવાર્થ :-**

અજ્ઞાત ગુણવાળાં પણ જ્વરશમનાદિના સ્વભાવવાળાં રત્નો જ્વરાદિ રોગોનું શમન કરે છે. જેમ કોઈ સુવૈદ્ય પાસે જ્વરશમન કરે તેવાં રત્નો હોય અને રોગિષ્ઠને આ રત્ન રોગ શમન કરે છે, તેવું જ્ઞાન ન હોય છતાં જો તે રોગિષ્ઠ વ્યક્તિ વિધિથી તે રત્નનું સેવન કરે તો તેના રોગનું શમન થાય છે. તેની જેમ ભાવરત્ન એવાં સારભૂત સ્તુતિ, સ્તોત્ર બોલનારા જીવોને તે સ્તુતિ આદિથી વાચ્ય સૂક્ષ્મ ભાવોનો બોધ ન હોય તોપણ ભગવાન પ્રત્યેના બહુમાનને કારણે તેવાં સુંદર સ્તોત્ર બોલીને જે ભક્તિના ભાવની વૃદ્ધિ થાય છે, તેના દ્વારા તે જીવોનાં ભાવરોગ આપાદક ક્લિષ્ટ કર્મો શમે છે. તેથી જેઓને સ્તોત્રોનો અર્થ વિશેષથી બોધ નથી, તેઓ પણ સુંદર સ્તોત્રોથી સ્તુતિ કરીને ભગવાનની પૂજા કરે તો ક્લિષ્ટ કર્મોના નાશના ફલને પ્રાપ્ત કરે છે, માટે શ્રેષ્ઠ સ્તુતિઓથી ભગવાનની પૂજા કરવી જોઈએ. **॥૪/૨૬॥**

**અવતરણિકા :-**

सारस्तुतिस्तोत्रद्वारनिगमनं, तथा यदुक्तं 'सारथुइथोत्तसहिया उ तह य चिइवंदणाउ'त्ति तत्र चैत्यवन्दनस्यावसरं च दर्शयन्नाह—

**અવતરણિકાર્થ :-**

સારસ્તુતિસ્તોત્રદ્વારના નિગમનને બતાવતાં અને 'સારસ્તુતિસ્તોત્ર સહિત વળી તે પ્રકારના ચૈત્યવંદનથી

ભગવાનનું બહુમાન થાય છે, એ પ્રકારે ગાથા-૨૩માં કહેવાયું' તે કથનમાં, ચૈત્યવંદનના અવસરને બતાવતાં કહે છે –

**ગાથા :-**

**ता एयपुव्वगं चिय पूजाए उवरि वंदणं नेयं ।**
**अक्खलियाइगुणजुयं जहागमं भावसारं तु ।।४/२७।।**

**છાયા :-**

**तद् एतत्पूर्वकमेव पूजाया उपरि वन्दनं ज्ञेयम् ।**
**अस्खलितादिगुणयुतं यथाऽगमं भावसारं तु ।।४/२७।।**

**અન્વયાર્થ :-**

ता=તે કારણથી=સ્તુતિ આદિથી કુશલ પરિણામ થાય છે તે કારણથી, एयपुव्वगं चिय=આના પૂર્વક જ=સ્તુતિ આદિ પાઠપૂર્વક જ, पूजाए=પૂજાના, उवरि=ઉપર, अक्खलियाइगुणजुयं=અસ્ખલિત આદિ ગુણથી યુક્ત, जहागमं=આગમ અનુસાર, भावसारं=ભાવસાર, तु=જ, वंदणं=વંદન, णेयं= જાણવું. ।।૪/૨૭।।

**ગાથાર્થ :-**

**તે કારણથી=સ્તુતિ આદિથી કુશલ પરિણામ થાય છે તે કારણથી, આના પૂર્વક જ=સ્તુતિ આદિ પાઠપૂર્વક જ, પૂજાના ઉપર અસ્ખલિત આદિ ગુણથી યુક્ત આગમઅનુસાર ભાવસાર જ વંદન જાણવું. ।।૪/૨૭।।**

**ટીકા :-**

**व्याख्या–'ता' इत्यादि । 'ता' इति यस्मात्स्तुत्यादीनामर्थावगमेऽन्यथा च कुशलपरिणामो भवति तस्मात् कुशलपरिणामार्थम् । एतत्पूर्वकमेव=स्तुत्यादिपाठपुरस्सरमेव, पूजायाः=अर्चनस्य, उपरि= ऊर्ध्वम्, वन्दनं=चैत्यवन्दनम्, ज्ञेयं=विधेयत्वेन ज्ञातव्यम् । किंभूतं ? अस्खलितादिगुणयुतम्=अस्खलिता-मिलिताव्यत्याम्रेडितादिगुणोपेतम्, अस्खलितादिगुणाश्चानुयोगद्वाराध्ययनादवसेयाः । तथा यथागमम्= आगमानतिक्रमेण, तथा भावसारं तु=शुभाध्यवसायप्रधानमेव । इति गाथार्थः ।।४/२७।।**

**ટીકાર્થ :-**

'ता' इति ..... गाथार्थः ।। 'ता इत्यादि' પ્રતીક છે. જે કારણથી સ્તુતિ આદિના અર્થના અવગમમાં અને અન્યથા=અર્થના અનવગમમાં, કુશલ પરિણામ થાય છે તે કારણથી આના પૂર્વક જ=સ્તુતિ આદિ પાઠપૂર્વક જ, પૂજાના=અર્ચનના, ઉપરમાં=પછી, વંદન=ચૈત્યવંદન, કુશલ પરિણામ માટે જ્ઞેય

**થાય છે=વિધેયપણાથી જ્ઞાતવ્ય થાય છે.**

**કેવા પ્રકારનું ?=કેવા પ્રકારનું ચૈત્યવંદન જ્ઞાતવ્ય છે ? એથી કહે છે –**

**અસ્ખલિતાદિ ગુણયુક્ત=અસ્ખલિત, અમિલિત, અવ્યત્યામ્રેડિત આદિ ગુણયુક્ત, ચૈત્યવંદન જ્ઞાતવ્ય થાય છે, એમ અન્વય છે. અસ્ખલિતાદિ ગુણો અનુયોગદ્વારસૂત્રના અધ્યયનમાંથી જાણવા અને યથા આગમ=આગમના અનતિક્રમથી, અને ભાવસાર=શુભ અધ્યવસાયપ્રધાન, જ ચૈત્યવંદન કુશલ પરિણામ માટે કર્તવ્ય બને છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૨૭।।**

**ભાવાર્થ :-**

સ્તુતિ આદિથી કુશલ પરિણામ થાય છે. તેથી વિવેકી શ્રાવક સ્તુતિ આદિ પૂર્વક પૂજા કર્યા પછી ચૈત્યવંદન કરે છે.

કેમ ચૈત્યવંદન કરે છે ? તેથી કહે છે –

કુશલ પરિણામ માટે ચૈત્યવંદન કરે છે.

કઈ રીતે કુશલ પરિણામ માટે ચૈત્યવંદન કરે છે ? તેથી કહે છે –

ચૈત્યવંદનનાં સૂત્રો અસ્ખલિત, અમિલિતાદિ ગુણોથી યુક્ત બોલે છે અને તે તે સૂત્રોથી વાચ્ય જે અર્થો છે, તેનો આગમ અનુસાર યથાર્થ બોધ કરીને તે ભાવો ચિત્તમાં સ્પર્શે તે રીતે ચૈત્યવંદન કરે છે, જેનાથી તે તે ગુણોનાં આવારક કર્મોનો ક્ષય થાય છે. માટે વિવેકી શ્રાવકે દૃઢ પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદન કરવું જોઈએ. **।।૪/૨૭।।**

**અવતરણિકા :-**

**अथ कस्मात्स्तुत्यादियुक्तं पूजापूर्वकं चैत्यवन्दनं विधेयतयोपदिश्यत ? इत्याह–**

**અવતરણિકાર્થ :-**

**હવે કયા કારણથી સ્તુત્યાદિયુક્ત પૂજાપૂર્વક ચૈત્યવંદનને વિધેયપણા રૂપે ઉપદેશ અપાય છે ? એને કહે છે –**

**ગાથા :-**

**कम्मविसपरममंतो एवं एयं ति बेंति सव्वण्णू (समयण्णू) ।**
**मुद्दा एत्थुस्सग्गो अक्खोभो होइ जिणचिण्णो ।।४/२८।।**

**છાયા :-**

**कर्मविषपरममन्त्र एवमेतदिति ब्रुवन्ति सर्वज्ञाः (समयज्ञाः) ।**
**मुद्रा अत्रोत्सर्गोऽक्षोभो भवति जिनचीर्णः ।।४/२८।।**

અન્વયાર્થ :-

एवं=આ રીતે, एयं=આ=પૂજાપૂર્વક ચૈત્યવંદન, कम्मविसपरममंतो=કર્મવિષ માટે પરમ મંત્ર છે. ति=इति=એ પ્રમાણે, सव्वण्णू=સર્વજ્ઞ, बेंति=કહે છે. एत्थ=અહીં=ચૈત્યવંદનમાં, जिणचिण्णो=જિને આચરેલ, अक्खोभो=ક્ષોભ વગરની, उस्सग्गो=કાયોત્સર્ગ, मुद्दा=મુદ્રા, होइ=છે. ॥૪/૨૮॥

ગાથાર્થ :-

**આ રીતે આ=પૂજાપૂર્વક ચૈત્યવંદન, કર્મવિષ માટે પરમ મંત્ર છે. इति=એ પ્રમાણે, સર્વજ્ઞ કહે છે. અહીં=ચૈત્યવંદનમાં, જિને આચરેલ ક્ષોભ વગરની કાયોત્સર્ગ મુદ્રા છે. ॥૪/૨૮॥**

ટીકા :-

व्याख्या—'कम्मे'त्यादि । कर्मैव विषम्=आत्मनो विकारहेतुत्वात् कर्मविषं, तस्य नाशकत्वेनाक्षरात्मकत्वसाधर्म्येण च परममंत्र इव कर्मविषपरममंत्रः । एवम्=अनेन प्रकारेण प्रागुक्तपूजापूर्वकत्वलक्षणेन, विधीयमानमिति शेषः, एतत्=चैत्यवन्दनम्, इति=एवम्, ब्रुवते=भणन्ति, सर्वज्ञाः=सर्वविदः, पाठान्तरेण समयज्ञाः, सर्वज्ञोक्तत्वेन चास्य कर्मविनाशकत्वं प्रत्यव्यभिचारितोक्ता, अत एवोपादेयता च मंत्रश्च किल क्षुद्रोपद्रवद्रावणसमर्थमुद्रापूर्वकं व्यापार्यते ततश्चेह=वन्दनामंत्रे, का मुद्रा ? इत्याह—मुद्रा=अङ्गविन्यासविशेषरूपा, अत्र=चैत्यवन्दनायाम्, उत्सर्गः=कायोत्सर्गः, किंभूतः ? अक्षोभो=अचलितस्वरूपः, भवति=वर्तते, जिनाः=श्रुतावधिमनःपर्यायकेवलज्ञानवन्तो जिनकल्पिकाश्च, तैः चीर्णं=आचरितो, जिनचीर्णः अनेन चास्य आदेयता दर्शितेति । चीर्णशब्दश्च 'चीर्णं प्रवासिव्रतं' इत्यादिशिष्टप्रयुक्तेः संस्कृतेऽपि साधुरेव । इति गाथार्थः ॥४/२८॥

ટીકાર્થ :-

कर्मैव ..... गाथार्थः ॥ 'कम्मेत्यादि' પ્રતીક છે. કર્મ જ વિષ છે=આત્માના વિકારનું હેતુપણું હોવાથી કર્મવિષ છે, તેના નાશકપણારૂપે અને અક્ષરાત્મક સાધર્મ્યપણું હોવાથી પરમમંત્રની જેમ કર્મવિષ-પરમમંત્ર છે. આ રીતે=પૂર્વમાં કહેલ પૂજાપૂર્વકત્વલક્ષણ આ પ્રકારથી, કરાતું એવું આ=ચૈત્યવંદન, આ પ્રમાણે=કર્મવિષનું પરમમંત્ર છે એ પ્રમાણે, સર્વજ્ઞ કહે છે=સર્વવિદ કહે છે. પાઠાંતરમાં સમયજ્ઞ કહે છે અને સર્વજ્ઞથી ઉક્તપણું હોવાના કારણે આની=ચૈત્યવંદનની કર્મવિનાશકપણા પ્રત્યે અવ્યભિચારિતા કહેવાઈ અને આથી જ ઉપાદેયતા છે=ચૈત્યવંદનની ઉપાદેવતા છે.

અને મંત્ર ખરેખર ક્ષુદ્રોપદ્રવના દ્રાવણમાં સમર્થ એવી મુદ્રાપૂર્વક કરાય છે અને તેથી અહીં વંદનામંત્રમાં કઈ મુદ્રા છે ? એથી કહે છે –

અહીં=ચૈત્યવંદનમાં, ઉત્સર્ગ=કાયોત્સર્ગ, આત્મક મુદ્રા=અંગવિન્યાસવિશેષ સ્વરૂપ મુદ્રા છે.

કેવા પ્રકારની કાયોત્સર્ગ મુદ્રા છે ? એથી કહે છે –

**અક્ષોભ=અચલિત સ્વરૂપ, કાયોત્સર્ગ મુદ્રા છે. જિનો=શ્રુત-અવધિ-મનઃપર્યાય-કેવલજ્ઞાનવાળા જિનો અને જિનકલ્પીઓ, વડે ચીર્ણ છે=આચરિત છે=જિનચીર્ણ છે અને આના દ્વારા=જિનઆચીર્ણ દ્વારા, આની=કાયોત્સર્ગ મુદ્રાની, આદેયતા બતાવાઈ છે. ચીર્ણ શબ્દ 'પ્રવાસિવ્રત આચરિત કરાયું.' ઈત્યાદિ શિષ્ટના પ્રયોગઆત્મક હોવાથી સંસ્કૃતમાં પણ સાધુ=સુંદર, છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૨૮।।**

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવક ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક ભગવાનની પૂજા કરે તેનાથી ભગવાનની સિદ્ધઅવસ્થા પ્રત્યે પ્રવર્ધમાન બહુમાન થયું હોય છે. ત્યારપછી ભગવાનના વાસ્તવિક ગુણોના સ્મરણપૂર્વક ચૈત્યવંદન કરે છે. 'આ ચૈત્યવંદનની ક્રિયા કર્મરૂપી વિષ માટે પરમમંત્ર જેવી છે' તેમ જિનો કહે છે; કેમ કે વિવેકી શ્રાવક પૂજા કરતા પૂર્વે સ્તુત્યાદિ બોલીને આત્માને ભગવાનના ગુણોથી અત્યંત અભિમુખ કરે છે અને પૂજાકાલમાં સર્વ કર્મરહિત એવા પરમાત્માને હું પુષ્પાદિથી પૂજું છું, એ પ્રકારના પ્રણિધાનને કરે છે. ત્યારપછી વિવેકપૂર્વક ચૈત્યવંદન કરે છે, ત્યારે ચૈત્યવંદનમાં બોલાતા શક્રસ્તવ દ્વારા ભગવાનના ગુણોનું અત્યંત સ્મરણ થાય છે. જેનાથી ભગવાનની વાસ્તવિક અવસ્થા શ્રાવકના ચિત્તમાં અત્યંત સ્પષ્ટ ઉપસ્થિત થાય છે અને તેવા સ્વરૂપવાળા તીર્થંકરને વંદન કરવા અર્થે 'અરિહંત ચેઈયાણં' સૂત્ર બોલે ત્યારે પ્રણિધાન કરે છે કે બોધિલાભ અને મોક્ષ અર્થે મને વંદન, પૂજન આદિનું ફલ પ્રાપ્ત થાય તે વખતે ભગવાનના ગુણોનું દૃઢ અવલંબન હોવાથી ભગવાનના ગુણોના તુલ્ય ગુણો પોતાનામાં જે શક્તિરૂપે વિદ્યમાન છે, તેનું આવારક જે કર્મરૂપી વિષ છે, તેના નાશ માટે પરમમંત્ર જેવું આ ચૈત્યવંદન બને છે, એમ સર્વજ્ઞ કહે છે. તેથી વિવેકી શ્રાવકે એ પ્રકારે ચૈત્યવંદન કરવું જોઈએ.

જેમ મંત્ર બોલતી વખતે કોઈ ને કોઈ મુદ્રાથી મંત્ર બોલાય છે, જેનાથી દેહમાં રહેલું વિષ નાશ પામે છે તેમ ચૈત્યવંદનમાં પણ ક્ષોભ વગરની કાયોત્સર્ગમુદ્રાથી ચૈત્યવંદન કરાય છે, જે મુદ્રા જિનોએ આચરેલ છે, તેથી પ્રમાણભૂત છે. તે મુદ્રામાં ચૈત્યવંદન કરવાથી જેમ બોલાતાં સૂત્રો મોહનાશને અનુકૂળ ઉત્તમ અધ્યવસાય પ્રગટ કરે છે, તેમ ક્ષોભ વગરની કાયોત્સર્ગમુદ્રા પણ કર્મનાશને અનુકૂલ ઉત્તમ અધ્યવસાયમાં પ્રબળ અંગ બને છે. માટે સ્તુતિ આદિથી યુક્ત પૂજાપૂર્વક ચૈત્યવંદન કરવું જોઈએ. **।।૪/૨૮।।**

**અવતરણિકા :-**

**चैत्यवन्दनसमाप्तौ यद्विधेयं तदाह –**

**અવતરણિકાર્થ :-**

**ચૈત્યવંદનની સમાપ્તિમાં જે વિધેય છે, તેને કહે છે –**

**ગાથા :-**

**एयस्स समत्तीए कुसलं पणिहाणमो उ कायव्वं ।**
**तत्तो पवित्तिविग्घजयसिद्धि तह य थिरीकरणं ।।४/२९।।**

છાયા :-

एतस्य समाप्तौ कुशलं प्रणिधानं तु कर्तव्यम् ।
ततः प्रवृत्तिविघ्नजयसिद्धिस्तथा च स्थिरीकरणम् ।।४/२९।।

અન્વયાર્થ :-

एयस्स समत्तीए=આની સમાપ્તિમાં=ચૈત્યવંદનની સમાપ્તિમાં, उ=વળી, कुसलं=કુશલ, पणिहाणमो=પ્રણિધાન, कायव्वं=કરવું જોઈએ. तत्तो=તેનાથી, पवित्तिविग्घजयसिद्धि=પ્રવૃત્તિ-વિઘ્નજય સિદ્ધિ, થાય છે. तह य=અને, थिरीकरणं=સ્થિરીકરણ થાય છે. ।।૪/૨૯।।

ગાથાર્થ :-

આની સમાપ્તિમાં=ચૈત્યવંદનની સમાપ્તિમાં, વળી કુશલ પ્રણિધાન કરવું જોઈએ. તેનાથી પ્રવૃત્તિ-વિઘ્નજય સિદ્ધિ થાય છે અને સ્થિરીકરણ થાય છે. ।।૪/૨૯।।

ટીકા :-

व्याख्या—'एये'त्यादि । एतस्य=अनन्तरोक्तचैत्यवन्दनस्य समाप्तौ उत्तरस्य पुनःशब्दार्थस्य तुशब्दस्येह संबन्धान्निष्ठायां पुनः, कुशलं=शुभं, न तु भवहेतुपदार्थप्रार्थनादिवदशुभं, प्रणिधानं=प्रार्थनागर्भमैकाग्र्यम्, 'ओ' इति निपातः पादपूरणार्थः, तुशब्दः संबन्धित एव, कर्तव्यं=विधेयम्, अथ कस्मादिदं कर्तव्यं ? अत्रोच्यते-यस्मादितः सत्प्रवृत्त्यादयो भवन्तीत्येतदेवाह—ततः=प्रागुक्तप्रणिधानात् प्रवृत्तिः=सद्धर्मव्यापारेषु प्रवर्तनम्, भवति हि जातमनोरथानां शक्तौ सत्यां तदुपाये प्रवृत्तिरिति । तथा विघ्नजयो=मोक्षपथ-प्रवृत्तप्रत्यूहस्य जघन्यमध्यमोत्कृष्टस्याशुभभावरूपस्य प्रणिधानजनितशुभभावान्तरेणाभिभवः, तथा सिद्धिः=विघ्नजयात्प्रस्तुतधर्मव्यापाराणां निष्पत्तिः, एतस्य च प्रवृत्त्यादिपदत्रयस्य समाहारद्वन्दः । 'तह य' त्ति तथैव समुच्चयार्थश्चायं । 'थिरीकरणं ति' स्वगतपरगतधर्मव्यापाराणां स्थिरीकरणं=स्थिरत्वाधानमिति, अतः प्रवृत्त्यादीनि वाञ्छता प्रणिधानमवश्यं करणीयं, तदभावे प्रवृत्त्याद्यसिद्धेः । इति गाथार्थः ।।४/२९।।

ટીકાર્થ :-

एतस्य ..... गाथार्थः ।। 'एयेत्यादि' પ્રતીક છે. આની=અનંતર ઉક્ત ચૈત્યવંદનની, સમાપ્તિમાં કુશલ=શુભ, પ્રણિધાન કર્તવ્ય છે. ઉત્તરમાં રહેલા પુનઃ શબ્દાર્થવાળા 'तु' શબ્દનું=પ્રણિધાનના ઉત્તરમાં રહેલા પુનઃ શબ્દાર્થવાળા 'तु' શબ્દનું, અહીં=નિષ્ઠા પાસે, સંબંધ હોવાથી નિષ્ઠામાં વળી=ચૈત્યવંદનની સમાપ્તિમાં વળી, કુશલ=શુભ, પ્રણિધાન=પ્રાર્થનાગર્ભ એકાગ્રતારૂપ પ્રણિધાન, કરવું જોઈએ. પરંતુ ભવના હેતુ એવા પદાર્થોની પ્રાર્થનાદિવાળું અશુભ પ્રણિધાન કરવું જોઈએ નહિ. ગાથામાં 'ओ' શબ્દ નિપાત છે અને પાદપૂરણ અર્થવાળો છે. 'तु' શબ્દ સંબંધ કરાયેલો જ છે=સંબંધ

**પૂર્વમાં બતાવાયો જ છે.**

**હવે કયા કારણથી આ=પ્રણિધાન, કરવું જોઈએ ? આમાં=એ પ્રકારની શંકામાં, ઉત્તર આપે છે –**

**જે કારણથી આનાથી=પ્રણિધાનથી, સત્પ્રવૃત્તિ આદિ થાય છે. આને જ=ચૈત્યવંદનના અંતમાં કરાયેલા પ્રણિધાનથી સત્પ્રવૃત્તિ આદિ થાય છે એને જ, કહે છે – તેનાથી=પૂર્વમાં કહેલા પ્રણિધાનથી, પ્રવૃત્તિ=સદ્ધર્મના વ્યાપારોમાં પ્રવર્તન, થાય છે. હિ=જે કારણથી, થયેલા મનોરથવાળા જીવોને શક્તિ હોતે છતે તેના ઉપાયમાં પ્રવૃત્તિ થાય છે અને વિઘ્નજય થાય છે=મોક્ષપથની પ્રવૃત્તિમાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ એવાં વિઘ્નોનો=અશુભ ભાવરૂપ વિઘ્નોનો, પ્રણિધાનજનિત શુભ ભાવાંતરથી અભિભવ થાય છે, અને સિદ્ધિ થાય છે=વિઘ્નજયથી પ્રસ્તુત ધર્મવ્યાપારોની=જયવીયરાયમાં પ્રાર્થના કરાયેલા ધર્મવ્યાપારોની નિષ્પત્તિ થાય છે અને આ પ્રવૃત્તિ આદિ પદત્રયનો સમાહારદ્વંદ્વસમાસ છે. 'તથા ચ' એ શબ્દ સમુચ્ચય અર્થવાળો છે. સ્થિરીકરણ સ્વગત-પરગત ધર્મવ્યાપારોના સ્થિરત્વનું આધાન થાય છે, આથી પ્રવૃત્તિ આદિને ઇચ્છતા શ્રાવકે અવશ્ય પ્રણિધાન કરવું જોઈએ; કેમ કે તેના અભાવમાં પ્રવૃત્તિ આદિની અસિદ્ધિ છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૨૯॥**

**ભાવાર્થ :-**

શ્રાવક સંસારને નિર્ગુણ જાણે છે. વળી, શ્રાવકને નિર્ગુણ એવા આ સંસારના ઉચ્છેદનો ઉપાય સિદ્ધઅવસ્થાની ઉપાસના છે, તેવો સ્થિર નિર્ણય છે. તેથી સિદ્ધઅવસ્થા પ્રત્યે પ્રવર્ધમાન રાગ થાય અને સિદ્ધના ગુણોમાં અત્યંત ઉપયોગ પ્રવર્તે, તે અર્થે જ સ્તુતિ આદિપૂર્વક ભગવાનની પૂજા કરે છે, જેના દ્વારા તેનું ચિત્ત સિદ્ધ-અવસ્થાને અત્યંત અભિમુખ બને છે. જિનપૂજા કર્યા પછી શ્રાવક અત્યંત પ્રણિધાનપૂર્વક ચૈત્યવંદન કરે છે, જેનાથી સિદ્ધ ભગવંતના ગુણોથી વાસિત થયેલું ચિત્ત અતિશય-અતિશયતર બને છે. તે ચૈત્યવંદનના અંતે ભવના ઉચ્છેદના અત્યંત અર્થી એવા વિવેકી શ્રાવકોએ પ્રણિધાનસૂત્ર બોલવું જોઈએ. જેથી ભવનિર્વેદ આદિના ભાવોની પ્રાર્થનાયુક્ત એકાગ્રતાવાળું ચિત્ત બને છે તેનાથી તે ભાવોને પ્રગટ કરવાને અનુકૂળ કુશલ આશય પ્રગટે છે. આ આશયના બલથી વિવેકી શ્રાવક સુખપૂર્વક સંસારનો ક્ષય કરવા સમર્થ બનશે.

કઈ રીતે પ્રણિધાન સૂત્રના બલથી સંસારનો ક્ષય થાય છે ? તે બતાવવા અર્થે કહે છે –

પ્રણિધાન સૂત્રથી જેઓને ભવનિર્વેદાદિના મનોરથો થાય છે, તે જીવોમાં તે ભાવો પ્રત્યે પ્રવર્ધમાન રાગ તે ભાવોની શક્તિનો સંચય કરે છે અને જેટલા પ્રમાણમાં તે ભાવોની શક્તિનો સંચય થાય તેટલા પ્રમાણમાં તે તે ભાવોમાં યત્ન અવશ્ય થાય છે. આથી જ ભવનિર્વેદાદિની અભિલાષા કરનારા શ્રાવકો વારંવાર ભવના નિર્ગુણ સ્વરૂપનું ભાવન કરીને ચિત્તને ભવથી વિરક્ત કરવા યત્ન કરે છે. વળી, ચિત્ત માર્ગાનુસારી પ્રવર્તે નહિ તો સંસારનો અંત થાય નહિ. તેથી માર્ગાનુસારીભાવની પ્રાર્થના કરીને વિવેકી શ્રાવકો ચિત્તને અધિક અધિક માર્ગાનુસારી કરવા અર્થે શક્તિ અનુસાર સત્શાસ્ત્રનું શ્રવણ-મનનાદિ કરે છે. તેથી જયવીયરાયસૂત્રમાં કરાયેલી પ્રાર્થનાથી જીવમાં ક્રમસર તેવી તેવી પ્રવૃત્તિઓ પ્રગટે છે. આ પ્રવૃત્તિ

ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વિઘ્નજયનું કારણ બને છે; કેમ કે તેવી ઉત્તમ પ્રવૃત્તિ મોહનાશમાં પ્રબળ કારણ છે અને મોહનાશમાં વિઘ્ન આપાદક ક્લિષ્ટ કર્મો છે, જેનાથી તે પ્રવૃત્તિ ફલ આપવા સમર્થ બનતી નથી; પરંતુ જે શ્રાવકોને પ્રણિધાનસૂત્રથી તે તે ભાવોને પ્રગટ કરવાનો ઉત્કટ અભિલાષ થયો છે, તેઓ શક્તિ અનુસાર તે તે ભાવોમાં પ્રવૃત્તિ કરીને મોક્ષપથની પ્રવૃત્તિમાં વિઘ્નભૂત એવા અશુભભાવોને અવશ્ય દૂર કરે છે, જેનાથી ભવનિર્વેદાદિ ભાવોની આત્મામાં નિષ્પત્તિ થાય છે.

ચૈત્યવંદનમાં બોલાતા પ્રણિધાનસૂત્રથી જેમ પ્રવૃત્તિ આદિ ત્રણ ભાવો થાય છે, તેમ પોતાનામાં અને બીજામાં પણ ધર્મવ્યાપારનું સ્થિરીકરણ થાય છે; કેમ કે વિવેકી શ્રાવક ભગવાનના વચન અનુસાર પ્રવૃત્તિ કરે તો અવશ્ય તે તે ભાવો પોતાનામાં પણ સ્થિર થાય છે. વિવેકી શ્રાવકની તે પ્રકારની વિવેકપૂર્વકની પ્રવૃત્તિ જોનાર અન્ય યોગ્ય જીવોમાં પણ ધર્મવ્યાપારોને સ્થિર કરવાનું પ્રબળ કારણ બને છે. માટે ચૈત્યવંદનના અંતમાં અવશ્ય પ્રણિધાન સૂત્ર કહેવું જોઈએ.

સામાન્યથી ચૈત્યવંદન ચાર સ્તુતિનું બોલાય છે. જેમાં પહેલી સ્તુતિ એક જિનની, બીજી સ્તુતિ ચોવીસ જિનની અને ત્રીજી સ્તુતિ શ્રુતજ્ઞાનની ભક્તિ નિમિત્તે કાયોત્સર્ગ કરીને બોલાય છે અને ચોથી સ્તુતિ વૈયાવચ્ચને કરનારા સમ્યગ્દૃષ્ટિ દેવોની પ્રસન્નતા અર્થે બોલાય છે. આ રીતે ચાર થોય કર્યા પછી અંતમાં જયવીયરાય બોલાય છે. તેથી આ ચાર સ્તુતિરૂપ ચૈત્યવંદનની ક્રિયા છે અને તેના અંતમાં જે જયવીયરાય સૂત્ર બોલાય છે, તે પ્રણિધાનસૂત્ર છે અને તેના દ્વારા મોક્ષપ્રાપ્તિના પ્રબળ કારણીભૂત ભવનિર્વેદાદિ ભાવોની માંગણી કરાય છે, જેના બળથી શ્રાવક સુખપૂર્વક સંસારનો ઉચ્છેદ કરી શકે છે. **॥૪/૨૯॥**

**અવતરણિકા :-**

**ननु प्रणिधानं प्रार्थनारूपत्वान्निदानवत्परिहार्यं स्यात्, नैवं, कुशलमिति विशेषणेन तस्य निदानरूपताया व्यपोहितत्वात्, अकुशलस्यैव निदानत्वात् इदं च विशेषणफलमनवधारयतो मन्दमतिशिष्यस्य निदानत्वा-शंकाव्यपोहायाह—**

**અવતરણિકાર્થ :-**

**નનુથી શંકા કરે છે. પ્રાર્થનારૂપપણું હોવાને કારણે નિદાનની જેમ પ્રણિધાન પરિહાર્ય થાય. તેનો ઉત્તર આપતાં કહે છે, એ પ્રમાણે નથી; કેમ કે 'કુશલ' એ પ્રકારના વિશેષણથી=ગાથા-૨૯માં 'કુશલ પ્રણિધાન કરવું જોઈએ' એ પ્રકારના વિશેષણથી, તેનું=પ્રણિધાનનું નિદાનરૂપતા દ્વારા વ્યપોહિતપણું છે=નિરાકૃતપણું છે; કેમ કે અકુશલ જ અભિલાષનું નિદાનપણું છે અને આ વિશેષણના ફલને નહિ અવધારણ કરનારા મંદમતિ શિષ્યના નિદાનત્વની આશંકાના વ્યપોહ માટે કહે છે —**

**ગાથા :-**

**एत्तो च्चिय ण णियाणं पणिहाणं बोहिपत्थणासरिसं ।**
**सुहभावहेउभावा णेयं इहराऽपवित्ती उ ।।४/३०।।**

છાયા :-

अत एव न निदानं प्रणिधानं बोधिप्रार्थनासदृशम् ।
शुभभावहेतुभावाद् ज्ञेयमितरथाऽप्रवृत्तिस्तु ।।४/३०।।

અન્વયાર્થ :-

एत्तो च्चिय=આથી જ=કુશલ પ્રવૃત્તિ આદિનું હેતુ છે આથી જ, पणिहाणं=પ્રણિધાન, णियाणं=નિદાન, ण=નથી. सुहभावहेउभावा=શુભભાવનો હેતુ હોવાથી, बोहिपत्थणासरिसं=બોધિપ્રાર્થના સદૃશ, णेयं=જાણવું. इहरा=ઈતરથા=નિદાનરૂપ હોય તો, अपवित्ती उ=અપ્રવૃત્તિ જ થાય. ।।૪/૩૦।।

ગાથાર્થ :-

**આથી જ=કુશલ પ્રવૃત્તિ આદિનું હેતુ છે આથી જ, પ્રણિધાન નિદાન નથી. શુભભાવનો હેતુ હોવાથી બોધિપ્રાર્થના સદૃશ જાણવું. ઈતરથા=નિદાનરૂપ હોય તો, અપ્રવૃત્તિ જ થાય. ।।૪/૩૦।।**

ટીકા :-

व्याख्या–'एत्तो' इत्यादि । 'एत्तो च्चिय' त्ति यत एव कुशलं प्रवृत्त्यादिहेतुर्वाऽत एव कारणात् न=नैव, निदानम्=आर्तध्यानविशेषो भवति, किं तत् ? प्रणिधानं=चैत्यवन्दनावसानकृत्यं, निदानस्याकुशलत्वात् प्रवृत्त्याद्याशयविशेषानुत्पादकत्वाद्वा । तर्हि किंभूतमिदम् ? इत्याह – बोधिप्रार्थनासदृशं='आरोग्गबोहिलाभं' इत्यादिप्रार्थनातुल्यं, यथा बोधिप्रार्थनं न निदानं तथेदमपीत्यर्थः । कुत एतदेवम् ? इत्याह – शुभभावहेतुभावात्=प्रशस्ताध्यवसायस्य कारणत्वात् । यथा हि बोधिप्रार्थनं शुभभावहेतुरेवमिदमपि ज्ञेयं=ज्ञातव्यं । निदानरूपत्वे चास्य यत् स्यात्तदाह – इतरथा=अन्यथा, निदानरूपतायामित्यर्थः । अप्रवृत्तिस्तु=अप्रवर्तनमेव चैत्यवन्दनान्ते प्रणिधानस्याकरणमेव स्यात्, निदानस्यागमे निषिद्धत्वात् । इति गाथार्थः ।।४/३०।।

ટીકાર્થ :-

'एत्तो च्चिय' ..... गाथार्थः ।। 'एत्तो इत्यादि' પ્રતીક છે. જે કારણથી જ કુશલ છે=પ્રણિધાન કુશલ છે, અથવા પ્રવૃત્તિ આદિનો હેતુ છે=પ્રણિધાનના વિષયભૂત ભવનિર્વેદાદિમાં પ્રવૃત્તિનો હેતુ છે, એ કારણથી જ, આર્તધ્યાનવિશેષરૂપ નિદાન થતું નથી જ.

તે શું છે ? એથી કહે છે –

પ્રણિધાન છે=ચૈત્યવંદનનું અવસાનકૃત્ય છે. કેમ નિદાન થતું નથી એથી હેતુ કહે છે. નિદાનનું અકુશલપણું છે અથવા પ્રવૃત્તિ આદિ આશયવિશેષનું અનુત્પાદકપણું છે.

તો=નિદાન નથી તો, કેવા પ્રકારનું આ=પ્રણિધાન છે ? એથી કહે છે –

**બોધિની પ્રાર્થના સદૃશ આ છે=આરોગ્ય અને બોધિલાભ ઈત્યાદિ પ્રાર્થના તુલ્ય છે=જે પ્રમાણે બોધિની પ્રાર્થના નિદાન નથી, તે પ્રમાણે આ પણ=પ્રણિધાન પણ, નિદાન નથી.**

**કયા કારણથી આ પ્રમાણે આ છે ?=કયા કારણથી 'પ્રણિધાનસૂત્ર બોધિની પ્રાર્થના સદૃશ છે' એ પ્રકારે છે ? એથી કહે છે –**

**શુભભાવનું હેતુપણું હોવાથી=પ્રશસ્ત અધ્યવસાયનું કારણપણું હોવાથી, બોધિપ્રાપ્તિની પ્રાર્થના સદૃશ છે, એમ અન્વય છે. જે પ્રમાણે બોધિનું પ્રાર્થન શુભભાવનો હેતુ છે, એ પ્રમાણે આ પણ= પ્રણિધાન પણ, જાણવું.**

**અને આના=પ્રણિધાનસૂત્રના, નિદાનરૂપપણામાં જે થાય, તેને કહે છે –**

**ઈતરથા=અન્યથા=પ્રણિધાન સૂત્રની નિદાનરૂપતા હોતે છતે, અપ્રવૃત્તિ જ થાય=અપ્રવર્તન જ થાય=ચૈત્યવંદનના અંતમાં પ્રણિધાનનું અકરણ જ થાય; કેમ કે નિદાનનું આગમમાં નિષિદ્ધપણું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૩૦।।**

**ભાવાર્થ :-**

સામાન્યથી કોઈ પદાર્થની ઇચ્છા કરવામાં આવે તે નિદાન કહેવાય. આથી જ સર્વ ઇચ્છાથી રહિત થવા માટે સુસાધુ અનિચ્છામાં જ યત્ન કરે છે. જયવીયરાયસૂત્રમાં 'ભવનિર્વેદ આદિ મને પ્રાપ્ત થાઓ' એ પ્રકારે ઇચ્છા કરાય છે, તેથી તે નિદાનરૂપ છે, એ પ્રકારની કોઈને શંકા થાય અને ભગવાને નિદાનનો નિષેધ કર્યો છે, તેથી ભગવાનની ભક્તિ કર્યા પછી આ રીતે પ્રાર્થના કરવી ઇષ્ટ નથી, તેમ વિચારકને જણાય. તેના નિવારણ માટે કહે છે –

જય વીયરાયમાં કરાયેલી માંગણી કુશલ માંગણી છે અથવા ભવવૈરાગ્યાદિમાં પ્રવૃત્તિ આદિનો હેતુ છે. તેથી તે નિદાનરૂપ નથી; કેમ કે નિદાન આર્તધ્યાનવિશેષરૂપ છે જ્યારે ભવવૈરાગ્યની ઇચ્છા આ પ્રકારના આર્તધ્યાનવિશેષરૂપ નથી, પરંતુ ગુણવૃદ્ધિને અનુકૂળ ઇચ્છા સ્વરૂપ છે.

અહીં પ્રશ્ન થાય કે જય વીયરાય સૂત્રમાં કરાતું પ્રણિધાન જો નિદાનરૂપ નથી તો શું છે ? તેથી કહે છે –

શુભભાવના હેતુનો સદ્ભાવ હોવાથી બોધિની પ્રાર્થના જેવું છે. જેમ કલ્યાણના અર્થી જીવો બોધિની પ્રાર્થના પ્રતિદિન કરે, જેથી બોધિની પ્રાપ્તિના ઉચિત ઉપાયોમાં પ્રયત્ન કરવાનું સદ્વીર્ય ઉલ્લસિત થાય છે. તેથી બોધિની પ્રાર્થનાકાળમાં બોધિની પ્રાપ્તિની ઇચ્છારૂપ જે શુભભાવ છે, તેનાથી બોધિપ્રાપ્તિના હેતુમાં યત્ન થાય છે. તેમ જય વીયરાયમાં પણ જે ભવનિર્વેદાદિ ઇચ્છા કરાય છે, તે ભવનિર્વેદ આદિ શુભભાવો છે, તે શુભભાવોમાં કારણીભૂત એવી આ ઇચ્છા છે, તેથી તે નિદાનરૂપ નથી, પરંતુ કલ્યાણનું કારણ બને એવા ભવનિર્વેદાદિમાં યત્નનું કારણ બને છે.

કેમ નિદાનરૂપ નથી ? તેને દૃઢ કરવા અર્થે કહે છે –

જો ભવનિર્વેદાદિની ઇચ્છા પણ નિદાનરૂપ હોય તો ચૈત્યવંદનના અંતમાં તેની અપ્રવૃત્તિ થવી જોઈએ; કેમ કે નિદાનનું આગમમાં નિષિદ્ધપણું છે. તેથી ચૈત્યવંદનના અંતમાં કરાયેલ ભવનિર્વેદાદિની પ્રાર્થના ભવનિર્વેદાદિ ઉત્તમ ભાવોને પ્રગટ કરવાના પ્રબલ કારણરૂપ શુભઅધ્યવસાય સ્વરૂપ છે. માટે સૂક્ષ્મ ઉપયોગપૂર્વક તે ભાવોને સમ્યગ્ આલોચન કરીને તે ભાવોમાં પ્રવૃત્તિ થાય, તે પ્રકારે ચૈત્યવંદનના અંતમાં પ્રણિધાન કરવું જોઈએ. **॥૪/૩૦॥**

**અવતરણિકા :-**

**अथ भवत्वस्याप्रवृत्तिः को दोषः ? इत्याशङ्कां परिहरन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**આની=પ્રણિધાનની અપ્રવૃત્તિ થાઓ. શું દોષ છે ? એ પ્રકારની આશંકાનો પરિહાર કરતાં કહે છે –**

**ભાવાર્થ :-**

ગાથા-૩૦ના અંતે કહ્યું કે જય વીયરાયમાં કરાતુ પ્રણિધાન જો નિદાનરૂપ હોય તો અપ્રવૃત્તિ થાય. ત્યાં વિચારકને પ્રશ્ન થાય કે કોઈપણ પદાર્થની ઇચ્છા નિદાનરૂપ હોય તેમ ભવનિર્વેદાદિની ઇચ્છા પણ નિદાનરૂપ છે, તેમ માનવું પડે માટે તેમાં અપ્રવૃત્તિ જ ઉચિત છે. તેમ સ્વીકારવામાં શું દોષ છે ? એ પ્રકારની આશંકાને પરિહાર કરતાં ગ્રંથકારશ્રી કહે છે –

**ગાથા :-**

**एवं तु इट्ठसिद्धी दव्वपवित्ती उ अण्णहा णियमा ।**
**तम्हा अविरुद्धमिणं णेयमवत्थंतरे उचिए ।।४/३१।।**

**છાયા :-**

**एवं तु इष्टसिद्धिः द्रव्यप्रवृत्तिस्त्वन्यथा नियमात् ।**
**तस्मादविरुद्धमिदं ज्ञेयमवस्थान्तर उचिते ।।४/३१।।**

**અન્વયાર્થ :-**

**तु=વળી, एवं=આ રીતે=ચૈત્યવંદનમાં પ્રાંતમાં પ્રણિધાન કરવામાં આવે એ રીતે, इट्ठसिद्धी=ઇષ્ટસિદ્ધિ છે. अण्णहा उ=અન્યથા તો=પ્રણિધાન વગર ચૈત્યવંદન કરવામાં આવે તો, णियमा=નિયમથી, दव्वपवित्ती=દ્રવ્યપ્રવૃત્તિ થાય, तम्हा=તે કારણથી, उचिए अवत्थंतरे=ઉચિત એવી અવસ્થાંતરમાં, इणं=આ= પ્રણિધાન, अविरुद्धं=અવિરુદ્ધ, णेयं=જાણવું. ।।૪/૩૧।।**

ગાથાર્થ :-

વળી આ રીતે=ચૈત્યવંદનમાં પ્રાંતમાં પ્રણિધાન કરવામાં આવે એ રીતે ઈષ્ટસિદ્ધિ છે. અન્યથા તો=પ્રણિધાન વગર ચૈત્યવંદન કરવામાં આવે તો, નિયમથી દ્રવ્યપ્રવૃત્તિ થાય, તે કારણથી ઉચિત એવી અવસ્થાંતરમાં આ=પ્રણિધાન, અવિરુદ્ધ જાણવું. ।।૪/૩૧।।

ટીકા :-

व्याख्या—'एव'मित्यादि । एवं तु काक्वा ध्येयं एवं पुनः=प्रणिधानप्रवृत्तौ पुनः, इष्टसिद्धिः= अभिमतार्थनिष्पत्तिर्भवति, प्रणिधानयुक्तचैत्यवन्दनस्य भावानुष्ठानत्वेन सकलकल्याणकारित्वात् न पुनरप्रवृत्तावपीति । एतदेवाह—द्रव्यप्रवृत्तिस्तुऽप्रधानप्रवर्त्तनमेव । अन्यथा=प्रणिधानस्य परिहार्यतायां प्रणिधानशून्यं ह्यनुष्ठानं द्रव्यानुष्ठानमेवेति, नियमाद्=अवश्यंभावेन, 'तम्ह'त्ति यस्मादिष्टार्थसिद्धि-निबन्धनं प्रणिधानं तस्माद्धेतोः, अविरुद्धं=संगतम्, इदं=प्रणिधानम्, ज्ञेयं=ज्ञातव्यम्, किं सर्वावस्थासु ? नेत्याह — अवस्थान्तरे=भूमिकाविशेषे, उचिते=प्रणिधानस्य योग्ये=अप्राप्तप्रार्थनीये गुणावस्थायाम-प्राप्ततत्प्रकर्षावस्थायां वेति भावना । इति गाथार्थः ।।४/३१।।

ટીકાર્થ :-

एवं ..... गाथार्थः ।। 'एवमित्यादि' પ્રતીક છે. 'एवं तु' એ કાક્વાથી જાણવું. આ રીતે વળી=પ્રણિધાનની પ્રવૃત્તિ હોતે છતે વળી, ઈષ્ટસિદ્ધિ છે=અભિમત અર્થની નિષ્પત્તિ થાય છે; કેમ કે પ્રણિધાન યુક્ત ચૈત્યવંદનનું ભાવઅનુષ્ઠાનપણાને કારણે સકલકલ્યાણકારીપણું છે; પરંતુ અપ્રવૃત્તિમાં પણ નહિ= પ્રણિધાનમાં અપ્રવૃત્તિ કરવામાં આવે તોપણ ચૈત્યવંદન સકલ કલ્યાણનું કારણ છે એમ કહી શકાય નહિ; પરંતુ સકલ કલ્યાણનું કારણ નથી, એમ જ કહેવું પડે.

એને જ કહે છે=પ્રણિધાન રહિત ચૈત્યવંદન કલ્યાણનું કારણ નથી એને જ કહે છે — દ્રવ્યપ્રવૃત્તિ જ છે=અપ્રધાનક્રિયા જ છે.

અન્યથા=પ્રણિધાનની પરિહાર્યતા હોતે છતે, પ્રણિધાનશૂન્ય અનુષ્ઠાન દ્રવ્ય અનુષ્ઠાન જ છે, એ પ્રકારનો નિયમ હોવાથી=અવશ્યંભાવ હોવાથી, દ્રવ્યપ્રવૃત્તિ જ છે=ચૈત્યવંદનની પ્રવૃત્તિ અપ્રધાન પ્રવર્તન જ છે, એમ અન્વય છે. તે કારણથી=જે કારણથી ઈષ્ટ અર્થની સિદ્ધિનું કારણ પ્રણિધાન છે તે હેતુથી, અવિરુદ્ધ=સંગત, આ પ્રણિધાન જાણવું.

શું સર્વ અવસ્થામાં પ્રણિધાન સંગત છે ? નહીં=સર્વ અવસ્થામાં પ્રણિધાન સંગત નથી, એથી કહે છે —

અવસ્થાંતરમાં=પ્રણિધાનને ઉચિત એવી ભૂમિકાવિશેષમાં, પ્રણિધાન સંગત છે, એમ અન્વય છે અપ્રાપ્ત એવા પ્રાર્થનીય ગુણની અવસ્થામાં અથવા અપ્રાપ્ત તેની પ્રકર્ષ અવસ્થામાં પ્રણિધાનયુક્ત છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૩૧।।

**ભાવાર્થ :-**

ભગવાનની પૂજા, સ્તુતિ આદિ સર્વ ક્રિયા 'હું ભગવાનતુલ્ય થાઉં' એ પ્રકારના પ્રણિધાનપૂર્વક કરવાથી ઇષ્ટફલની સિદ્ધિ થાય છે. ચૈત્યવંદનના અંતકાલમાં જે પ્રણિધાન કરાય છે, તે પણ આગામી કાલમાં ભવનિર્વેદાદિ ભાવોની પ્રાપ્તિ વિષયક ઇચ્છા સ્વરૂપ જ છે અને તેનું પ્રણિધાન ચૈત્યવંદનકાળમાં વર્તે છે, ફક્ત વ્યક્ત ઇચ્છારૂપે પ્રાંતમાં જયવિયરાય સૂત્રથી કરાય છે. તેથી પ્રણિધાનની પ્રવૃત્તિ વગર કરાયેલું ચૈત્યવંદન અનુષ્ઠાન ભાવઅનુષ્ઠાન થતું નથી. પ્રણિધાનયુક્ત ચૈત્યવંદન ભાવઅનુષ્ઠાન થવાને કારણે સર્વ કલ્યાણનું કારણ છે. માટે ભગવાનની પૂજાના અંતમાં પ્રણિધાન કરવાથી ઇષ્ટફલની સિદ્ધિ છે, જ્યારે પ્રણિધાન વગર અનુષ્ઠાન કરવામાં આવે તો નિયમથી દ્રવ્યઅનુષ્ઠાન થાય છે. આથી જ જેઓ ભગવાનના ગુણોનું સ્મરણ કરીને ભગવાનતુલ્ય થવાની ઇચ્છાથી ભગવાનની પૂજામાત્ર કરે છે કે ક્વચિત્ તેવા સંયોગથી માત્ર અરિહંત ચેઈયાણં બોલીને લઘુચૈત્યવંદન કરે છે, તેઓ જય વીયરાય સૂત્ર બોલતા નથી તોપણ જિનતુલ્ય થવાના પ્રણિધાનમાં ઉપયુક્ત થઈને ભગવાનની પૂજા કરે કે ચૈત્યવંદન કરે તો તેનાથી ઉત્તર ઉત્તરના અનુષ્ઠાનોની અભિલાષા થાય અર્થાત્ 'આ ભગવાનની પૂજા કરીને હું ભાવસ્તવની શક્તિનો સંચય કરું, જેથી શીઘ્ર ભાવથી સર્વવિરતિની પ્રાપ્તિ થાય' આવા મનોરથો જે શ્રાવક સેવે તેઓની તે પૂજાની ક્રિયા પ્રણિધાનયુક્ત હોવાથી ભાવઅનુષ્ઠાન બને છે. જેઓ ચૈત્યવંદનમાં સૂત્રોના ક્રમ અનુસાર જય વીયરાય બોલે છે કે ભગવાનની પૂજા કરે છે, આમ છતાં સંસારના ઉચ્છેદનું પ્રબળ કારણ સર્વવિરતિ જ છે, જે માત્ર સંયમ ગ્રહણરૂપ નથી, પરંતુ ત્રણ ગુપ્તિના મહાપ્રયત્ન સ્વરૂપ છે. આવી સર્વવિરતિની શક્તિના સંચય અર્થે હું ભગવાનની ભક્તિ કરું, તેવા પ્રણિધાનપૂર્વક જેઓ ભગવાનની પૂજા કરતા નથી કે ચૈત્યવંદનાદિ કરતા નથી કે તેવા ભાવોને અભિમુખ લેશ પણ જેઓને ભાવ થતો નથી, તેઓની જય વીયરાયયુક્ત ચૈત્યવંદનની ક્રિયા પણ પ્રણિધાનશૂન્ય હોવાથી ઇષ્ટસિદ્ધિનું કારણ બનતી નથી. તે કારણથી ચૈત્યવંદનના અંતમાં આગામી વિશિષ્ટ ભાવોની પ્રાપ્તિ અર્થે પ્રણિધાનસૂત્ર બોલવું એ અવિરુદ્ધ જ છે; કેમ કે અપ્રાપ્ત એવા પ્રાર્થનીય ગુણવાળી અવસ્થામાં પ્રણિધાન આવશ્યક છે અથવા અપ્રાપ્ત એવી પ્રકર્ષ અવસ્થામાં પ્રણિધાન આવશ્યક છે.

જેમ ભાવથી સંયમને પામેલા મુનિઓ તે ભાવના પ્રકર્ષના અંગભૂત દ્રવ્યસ્તવનું આશ્રયણ કરતા નથી; પરંતુ જેઓને ભાવસ્તવ પ્રાપ્ત થયું નથી અને ભાવસ્તવના અત્યંત અર્થી છે, તેઓ તેના અંગભૂત દ્રવ્યસ્તવનો આશ્રય કરે છે; તેમ જે જે ગુણ પોતાને પ્રાપ્ત થયો નથી, તે તે ગુણની પ્રાર્થના કરીને તે તે ગુણને અનુકૂલ શક્તિનો સંચય કરવા અર્થે પ્રણિધાન આવશ્યક છે. જેઓ પોતાને ઇષ્ટ ગુણમાં શક્તિના પ્રકર્ષથી ઉદ્યમ કરી રહ્યા છે, તેઓનો શક્તિના પ્રકર્ષથી વર્તતો તે તે ગુણોનો ઉદ્યમ અવશ્ય ઉત્તર-ઉત્તરના ગુણની પ્રાપ્તિ દ્વારા પૂર્ણતામાં વિશ્રાંત થનાર છે, તેઓને પ્રાપ્ત થયેલા તે પ્રકર્ષગુણમાં પ્રણિધાનની આવશ્યકતા નથી; પરંતુ જે ગુણ તેમને પ્રાપ્ત થયો નથી, તેમાં પ્રણિધાનની આવશ્યકતા છે. **॥૪/૩૧॥**

**અવતરણિકા :-**

प्रणिधानकरणविधिमाह—

**અવતરણિકાર્થ :-**

પ્રણિધાનકરણની વિધિને કહે છે=કઈ રીતે પ્રણિધાન કરવું જોઈએ ? તેનું વિશેષ સ્વરૂપ બતાવતાં કહે છે –

**ગાથા :-**

**तं पुण संविग्गेणं उवओगजुएण तिव्वसद्धाए ।**
**सिरणमियकरयलंजलि इय कायव्वं पयत्तेणं ।।४/३२।।**

**છાયા :-**

तत् पुनः संविग्नेन उपयोगयुतेन तीव्रश्रद्धया ।
शिरनमितकरतलाञ्जलिरिति कर्तव्यं प्रयत्नेन ।।४/३२।।

**અન્વયાર્થ :-**

पुण=વળી, उवओगजुएण संविग्गेणं=ઉપયોગથી યુક્ત એવા સંવિગ્ન પુરુષ વડે, तिव्वसद्धाए=તીવ્ર શ્રદ્ધાથી, सिरणमियकरयलंजलि=મસ્તક ઉપર નિવેશ કરાયેલા કરતલ અંજલિવાળું, तं=તે=પ્રણિધાન, इय=આ પ્રકારે, पयत्तेणं=પ્રયત્નથી, कायव्वं=કરવું જોઈએ=પ્રણિધાન કરવું જોઈએ. ।।૪/૩૨।।

**ગાથાર્થ :-**

**વળી ઉપયોગથી યુક્ત એવા સંવિગ્ન પુરુષ વડે તીવ્ર શ્રદ્ધાથી મસ્તક ઉપર નિવેશ કરાયેલા કરતલ અંજલિવાળું તે=પ્રણિધાન, આ પ્રકારે પ્રયત્નથી કરવું જોઈએ. ।।૪/૩૨।।**

**ટીકા :-**

व्याख्या—'त'मित्यादि । तदिति=प्रणिधानं, पुनरिति विशेषद्योतने, संविग्नेन=मोक्षार्थिना भवभीतेन वा, उपयोगयुतेन=अवहितमनसा, तीव्रश्रद्धया=आत्यन्तिक्या सदनुष्ठानकरणरुच्या, अनेन च मानसो विधिरुक्तः । अथ शारीरं विधिमाह—शिरसि=मस्तके नमितो=निवेशितः, करतलयोः=हस्तयोः, अञ्जलिः=हस्तविन्यासविशेषः, यत्र करणे तत्तथा, कर्तव्यमित्येतत्क्रियाविशेषणमिदं, इति=अनेन च वक्ष्यमाणेन पाठक्रमेण प्रयत्नेन=आदरेण । इति गाथार्थः ।।४/३२।।

**ટીકાર્થ :-**

तदिति ..... गाथार्थः ।। 'तमित्यादि' પ્રતીક છે. તે=પ્રણિધાન, વળી સંવિગ્ન વડે=મોક્ષાર્થી વડે

**અથવા ભવભીત વડે, કરવું જોઈએ, એમ અન્વય છે.**

કોના વડે કરાવું જોઈએ ? એથી કહે છે –

**ઉપયોગયુક્ત પુરુષ વડે=અવિહત મનવાળા પુરુષ વડે, કરાવું જોઈએ તીવ્ર શ્રદ્ધાથી=આત્યંતિકી સદ્અનુષ્ઠાનની રુચિથી, કરાવું જોઈએ. અને આના દ્વારા માનસ વિધિ કહેવાયો.**

**હવે શારીરિક વિધિને કહે છે –**

**શિરમાં=મસ્તકમાં, નમિત=નિવેશિત, કરાઈ છે કરતલની=બે હાથની, અંજલિ=હસ્તવિન્યાસ-વિશેષ, જે કરણમાં તે તેવું છે=શિરનમિતકરતલઅંજલિવાળું છે, એવું પ્રણિધાન કરાવું જોઈએ. કર્તવ્ય એ પ્રકારની ક્રિયાનું આ વિશેષણ છે='મસ્તકે નિવેશ કરેલ અંજલિવાળું આ પ્રણિધાન કરવું જોઈએ' એ કથન કર્તવ્ય ક્રિયાની વિશેષતા બતાવે છે અર્થાત્ આવી વિશેષતાવાળું પ્રણિધાન કરવું જોઈએ એમ બતાવે છે.**

**શ્લોકમાં રહેલ ઈતિ શબ્દનો અર્થ આ વક્ષ્યમાણ પાઠક્રમથી પ્રણિધાન કરવું જોઈએ=આગળમાં બતાવશે એ પાઠક્રમથી પ્રણિધાન કરવું જોઈએ. વળી તે પ્રણિધાન કેવી રીતે કરવું જોઈએ એથી કહે છે. પ્રયત્નથી=આદરથી કરવું જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૩૨।।**

**ભાવાર્થ :-**

ચૈત્યવંદનના પ્રાંતમાં જય વીયરાય સૂત્ર બોલાય છે. તે આગળના ભાવોની નિષ્પત્તિ માટેનું વિશેષ પ્રકારનું પ્રણિધાન છે. વસ્તુતઃ ચૈત્યવંદનમાં તે પ્રકારનું પ્રણિધાન જ કરાય છે જેને અંતમાં શબ્દો દ્વારા વ્યક્ત કરાય છે.

આ પ્રણિધાન કઈ રીતે માનસ ઉપયોગથી અને કઈ રીતે શારીરિક ક્રિયાથી કરવું જોઈએ ? તે બતાવવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે –

ચૈત્યવંદનના અંતમાં જય વીયરાય સૂત્ર બોલનાર મહાત્માએ સંસારથી મુક્ત અવસ્થાને અત્યંત સ્મૃતિમાં લાવીને તેની પ્રાપ્તિના અંગભૂત આ ભવનિર્વેદાદિ છે, તે પ્રકારે ઉપયુક્ત થઈને આ સૂત્ર બોલવું જોઈએ. જેથી જય વીયરાયમાં અભિલાષ કરાયેલા ભાવો સિદ્ધ અવસ્થાના પ્રબળ કારણીભૂત વીતરાગતાને અનુકૂળ બળસંચયનું કારણ બને તે રીતે પોતાનામાં પ્રગટ થાય.

અથવા ભવથી ભય પામેલા માનસથી જય વીયરાય સૂત્રનો પાઠ ચૈત્યવંદનમાં કરવો જોઈએ. જેમ ભવ અત્યંત રૌદ્ર છે, જેના ઉચ્છેદનો ઉપાય અસંગભાવ છે અને તેની પ્રાપ્તિ પ્રત્યે ભવનિર્વેદાદિ પ્રબળ કારણ છે. માટે ભવના ઉચ્છેદનું કારણ બને તેવી અસંગ પરિણતિને અભિમુખ સદ્વીર્ય ઉલ્લસિત થાય તે પ્રકારના દૃઢ મનોવ્યાપારથી જય વીયરાય સૂત્ર બોલવું જોઈએ.

વળી તીવ્ર શ્રદ્ધાથી જય વીયરાય સૂત્ર બોલવું જોઈએ અર્થાત્ 'મહાકદર્થનારૂપ સંસારના ઉચ્છેદનું અને પૂર્ણ સુખાત્મક મોક્ષનું એક કારણ જીવની વીતરાગતા છે, તેની પ્રાપ્તિનું પ્રબળ કારણ ભવનિર્વેદાદિ ભાવો

છે' એ પ્રકારની તીવ્ર શ્રદ્ધાથી જય વીયરાય સૂત્ર બોલવું જોઈએ. જેથી સૂત્રના ઉચ્ચારણ કાલમાં વર્તતી તે રુચિના બલથી તે તે ગુણોની પ્રાપ્તિમાં બાધક કર્મો નાશ પામે અને ભવનિર્વેદાદિ ભાવોનો પ્રકર્ષ થાય. આ પ્રકારે તીવ્ર રુચિથી જય વીયરાય સૂત્ર બોલવું જોઈએ.

આ રીતે મનોવ્યાપારને આશ્રયીને વિધિ બતાવ્યા પછી સૂત્ર બોલતી વખતે કાયવ્યાપાર કેવી રીતે કરવો જોઈએ ? તે બતાવે છે –

મસ્તક ઉપર સ્થાપન કરેલ બે હાથની અંજલિવાળું પ્રણિધાન કરવું જોઈએ=વળી તે પ્રણિધાન કેવી રીતે કરવું જોઈએ એથી કહે છે. જેથી તે પ્રકારની કાયિક ક્રિયા પણ બોલાતાં સૂત્રોથી અભિવ્યંગ્ય ભાવોને અતિશય કરવાનું કારણ બને અને સૂત્રોના બોલવાથી જે પ્રકારના ભાવનો પ્રકર્ષ થાય છે, તે ભાવને અનુરૂપ ભવનિર્વેદાદિ ભાવોનાં બાધક કર્મો ક્ષયોપશમભાવ પામે અને તેના ફળરૂપે અવશ્ય તે ભવનિર્વેદાદિ ભાવો પોતાનામાં વિશેષ વિશેષતર પ્રગટ થાય. આ સર્વ ભાવો જીવના અંતરંગ પરિણામ સ્વરૂપ છે, પરંતુ માત્ર કાયિક કે વાચિક ક્રિયારૂપ નથી. **॥૪/૩૨॥**

**અવતરણિકા :-**

**इतिशब्दसूचितमेव प्रणिधानपाठक्रमं दर्शयन्नाह–**

**અવતરણિકાર્થ :-**

**'इति' શબ્દથી સૂચિત=ગાથા-૩૨માં 'इति' શબ્દથી સૂચિત, પ્રણિધાનના પાઠના ક્રમને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**जय वीयराय ! जगगुरु ! होउ ममं तुहपभावओ भयवं ! ।**
**भवणिव्वेओ मग्गाणुसारिया इट्ठफलसिद्धी ।।४/३३।।**
**लोयविरुद्धच्चाओ गुरुजणपूआ परत्थकरणं च ।**
**सुहगुरुजोगो तव्वयणसेवणा आभवमखंडा ।।४/३४।। युग्मम् ।।**

**છાયા :-**

**जय वीतराग ! जगद्गुरो ! भवतु मम तव प्रभावतो भगवन् ! ।**
**भवनिर्वेदो मार्गानुसारिता इष्टफलसिद्धिः ।।४/३३।।**
**लोकविरुद्धत्यागो गुरुजनपूजा परार्थकरणञ्च ।**
**शुभगुरुयोगः तद्वचनसेवना आभवमखण्डा ।।४/३४।। युग्मम् ।।**

**અન્વયાર્થ :-**

वीयराय=હે વીતરાગ !, जगगुरु=હે જગતગુરુ !, जय=જય પામો. भयवं=હે ભગવંત !, भवणिव्वेओ=ભવનિર્વેદ, मग्गाणुसारिया=માર્ગાનુસારિતા, इट्ठफलसिद्धी=ઈષ્ટફલસિદ્ધિ, लोयविरुद्धच्चाओ=લોકવિરુદ્ધનો ત્યાગ, गुरुजणपूआ=ગુરુજનની પૂજા, परत्थकरणं=પરાર્થકરણ, सुहगुरुजोगो=શુભગુરુનો યોગ, च=અને, तव्वयणसेवणा=તેના વચનની સેવા, आभवं=જ્યાં સુધી ભવ છે ત્યાં સુધી, मम=મને, तुहपभावओ=તમારા પ્રભાવથી, अखंडा=અખંડ, होउ=પ્રાપ્ત થાઓ. ।।૪/૩૩-૩૪।।

**ગાથાર્થ :-**

**હે વીતરાગ ! હે જગતગુરુ ! જય પામો. હે ભગવંત ! ભવનિર્વેદ, માર્ગાનુસારિતા, ઈષ્ટફલસિદ્ધિ, લોકવિરુદ્ધનો ત્યાગ, ગુરુજનની પૂજા, પરાર્થકરણ, શુભગુરુનો યોગ અને તેના વચનની સેવા જ્યાં સુધી ભવ છે, ત્યાં સુધી મને તમારા પ્રભાવથી અખંડ પ્રાપ્ત થાઓ. ।।૪/૩૩-૩૪।।**

**ટીકા :-**

व्याख्या—'जये'त्यादि । 'लोये'त्यादि । जयेति=विपक्षनिरासेन विजयस्वेति भक्तिभरप्रभवमाशीर्वचनं, हे वीतराग !=हे व्यपेताभिष्वङ्ग !, विरागतासहचरत्वात् द्वेषाद्यभावस्य हे वीतद्वेष, वीतमोहेत्यपि दृश्यं, तथा जगतः=सचराचरभुवनस्य, गुणैर्गुरुत्वात्, जगतां वा जङ्गमानां यथावद्वस्तुतत्त्वोपदेशनात्तेषामेव वा गौरवार्हत्वात् गुरुस्तस्यामंत्रणं हे जगद्गुरो ! भवतु=संपद्यतां, ममेत्यात्मनिर्देशे, तव प्रभावतो=भवतो माहात्म्यात्, हे भगवन् !=समग्रैश्वर्यादिगुणयुत !, भवनिर्वेदः=संसारविरागः, मार्गानुसारिता=मोक्षमार्गानुसरणं, इष्टफलसिद्धिः=अभिमतार्थनिष्पत्तिः ऐहलौकिकी ययोपगृहीतस्य चित्तस्वास्थ्यं भवति, ततश्च धर्मे प्रवृत्तिः स्यादिति ।।४/३३।।

तथा लोकविरुद्धत्यागः=सर्वजननिन्दादिलोकविरुद्धानुष्ठानवर्जनं, गुरुजनपूजा=मातापितृधर्माचार्यादिपूजनं । परार्थकरणं च=परप्रयोजनकारिता च, शुभगुरुयोगः=सुन्दरधर्माचार्यसंबन्धः, तद्वचनसेवना=गुरुवचनसेवा, आभवम्=आसंसारं, अखंडा=संपूर्णा, भवतु । इति गाथाद्वयार्थः ।।४/३४।।

**ટીકાર્થ :-**

जयेति ..... गाथार्थः ।। 'जयेत्यादि' અને 'लोयेत्यादि' પ્રતીકો છે. જય પામો=વિપક્ષના નિરાસ દ્વારા વિજય પામો એ પ્રકારે ભક્તિભરથી પ્રભવેલ=પ્રકર્ષથી થયેલ, આશીર્વચન છે. હે વીતરાગ !=હે અભિષ્વંગ વગરના ભગવાન ! દ્વેષાદિ અભાવનું વિરાગનું સહચારીપણું હોવાથી હે વીતદ્વેષ !, હે વીતમોહ, એ પણ જાણવું=હે વીતરાગ ! શબ્દથી હે વીતદ્વેષ ! હે વીતમોહ ! એ પ્રમાણે પણ જાણવું અને ગુણોથી ગુરુપણું હોવાને કારણે ભગવાન્ જગતના=સચરાચર ભુવનના, ગુરુ છે એમ અન્વય

**છે. અથવા જગતના=જંગમોના, યથાવત્ વસ્તુતત્ત્વનો ઉપદેશ કરનાર હોવાથી અથવા તેઓનું જ ગૌરવયોગ્યપણું હોવાથી=સંસારી જીવો માટે ગૌરવયોગ્યપણું હોવાથી, ગુરુ છે=ભગવાન ગુરુ છે, તેનું આમંત્રણ હે જગતગુરુ ! છે. મને એ પ્રકારે આત્મનિર્દેશમાં છે. તમારા પ્રભાવથી=તમારા માહાત્મ્યથી, પ્રાપ્ત થાઓ. હે ભગવંત !=સમગ્ર ઐશ્વર્યાદિ ગુણથી યુક્ત ભગવંત ! મને તમારા પ્રભાવથી પ્રાપ્ત થાઓ, એમ અન્વય છે.**

**શું પ્રાપ્ત થાઓ ? એથી કહે છે –**

**ભવનિર્વેદ=સંસારનો વિરાગ, માર્ગાનુસારિતા=મોક્ષમાર્ગનું અનુસરણ, ઈષ્ટફલસિદ્ધિ=ઈહલૌકિકી અભિમત અર્થની નિષ્પત્તિ, જેનાથી=જે અભિમત અર્થની નિષ્પત્તિથી, ઉપગૃહીત ચિત્તનું સ્વાસ્થ્ય થાય છે, અને તેનાથી ધર્મમાં પ્રવૃત્તિ થાય.**

**અને લોકવિરુદ્ધનો ત્યાગ=સર્વ જનની નિંદાદિ લોકવિરુદ્ધ અનુષ્ઠાનનું વર્જન. ગુરુજનની પૂજા=માતા-પિતા-ધર્માચાર્યાદિનું પૂજન, અને પરાર્થકરણ=પરપ્રયોજનની કારિતા, શુભગુરુનો યોગ=સુંદર એવા ધર્માચાર્યનો સંબંધ=પરમગુરુના વચનાનુસાર યોગમાર્ગમાં સમ્યક્ પ્રવર્તાવે એવા ધર્માચાર્યનો સંબંધ, તદ્વચનની સેવા=એવા ગુરુના વચનની સેવા, આભવ=જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી, અખંડ=સંપૂર્ણ, પ્રાપ્ત થાય, એ પ્રમાણે બે ગાથાનો અર્થ છે. ||૪/૩૩-૩૪||**

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવક ચૈત્યવંદન કર્યા પછી ભગવાનની ભક્તિના ફલસ્વરૂપે ભગવાનની પાસે પ્રાર્થના કરે છે તે વખતે પ્રથમ ભગવાનને 'હે વીતરાગ' એ કથન દ્વારા સ્મૃતિપટમાં લાવે છે, જેનાથી તેને ઉપસ્થિત થાય છે કે ભગવાન રાગ-દ્વેષ અને અજ્ઞાનરૂપ ત્રણેય પ્રકારના દોષ વગરના છે. આવા ભગવાન પ્રત્યે ભક્તિના અતિશયરૂપે આશીર્વાદનું વચન બોલતાં તે કહે છે –

'હે વીતરાગ ! તમે જય પામો.' આ પ્રકારે બોલીને વીતરાગ પ્રત્યે પોતાની ભક્તિને અતિશયિત કરે છે. વળી, ભગવાનને ફરી સંબોધન કરતાં તે શ્રાવક 'હે જગતગુરુ' એ પ્રમાણે સંબોધન કરે છે. જેનાથી ભગવાન જગતમાં ગુણોથી ગુરુ છે, તેવી ઉપસ્થિતિ થાય છે અથવા જગતના જીવોને યથાવત્ વસ્તુતત્ત્વનો ઉપદેશ આપનારા છે, એવી ઉપસ્થિતિ થાય છે; કેમ કે ગુરુ શબ્દ ગુણોથી ગુરુપણાનો વાચક છે, ઉપદેશનો વાચક છે અને પૂજા યોગ્યત્વનો પણ વાચક છે. આવા ગુરુપણાને ઉપસ્થિત કર્યા પછી શ્રાવક 'હે ભગવંત !' એ પ્રમાણે સંબોધન કરીને કહે છે 'તમે જય પામો.'

આ પ્રકારે આશીર્વાદ દ્વારા ભક્તિને અતિશયિત કર્યા પછી ભગવાનની ભક્તિથી પોતાને શું જોઈએ છે ? તેની યાચના કરે છે –

**(૧) ભવનિર્વેદ :-**

સૌ પ્રથમ શ્રાવક ભવનિર્વેદ ઇચ્છે છે; કેમ કે ભવ એ બહિરંગ રીતે બાહ્ય પદાર્થોના સંગ સ્વરૂપ છે અને

અંતરંગ રીતે બાહ્ય પદાર્થો પ્રત્યેના સંશ્લેષ સ્વરૂપ છે. જ્યાં સુધી બાહ્ય પદાર્થોનો સંશ્લેષ અંતરમાં છે, ત્યાં સુધી બાહ્ય પદાર્થનો સંગ જીવને પ્રાપ્ત થવાનો, જેનાથી સંસારની સર્વ વિડંબના જીવને પ્રાપ્ત થાય છે. શ્રાવકોને આવો બોધ હોવાથી ભવના ઉચ્છેદના અર્થી એવા તેઓ ભવનિર્વેદને અત્યંત ઇચ્છે છે; છતાં ભવ પ્રત્યેનો સંગ ચિત્તમાંથી દૂર કરવો અતિ દુષ્કર છે, તેથી ભગવાનની ભક્તિ કરીને પોતાને ભવનિર્વેદ અતિશય-અતિશયતર સદા પ્રાપ્ત થાય, તેવી ઇચ્છા કરે છે, દૃઢ પ્રણિધાનપૂર્વક કરાયેલી આ ઇચ્છા જ ભવનિર્વેદને અનુકૂલ ઉચિત યત્ન કરાવીને સંસારના ક્ષયનું કારણ બને છે.

**(૨) માર્ગાનુસારિતા :-**

વળી શ્રાવક માર્ગાનુસારિતા ઇચ્છે છે. માર્ગ સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર સ્વરૂપ છે, જેનું અનુસરણ અપુનર્બંધકદશાથી માંડીને યોગનિરોધદશા સુધી છે. આવા સૂક્ષ્મ બોધવાળા શ્રાવકો સદા તે માર્ગનું અનુસરણ ઇચ્છે છે; તોપણ તે માર્ગને અનુસરણ કરવું અતિદુષ્કર છે. તેથી ભગવાનની ભક્તિ કરીને ભગવાન પાસે તે પ્રકારે યાચના કરીને પોતાને જે કાંઈ માર્ગાનુસારિતા પ્રાપ્ત થઈ છે, તે પણ ઉત્તરોત્તર વૃદ્ધિ પામે તે પ્રકારના વીર્યને ઉલ્લસિત કરવા માટે ભગવાન પાસે માર્ગાનુસારિતાની યાચના કરે છે.

**(૩) ઇષ્ટફલસિદ્ધિ :-**

પોતે શ્રાવક અવસ્થામાં હોય તે વખતે પોતાને જે ધનાદિ કે કુટુંબાદિના અનુકૂળ સંયોગો ઇષ્ટ છે, તે પોતાને પ્રાપ્ત થાય તેવી ઇચ્છા શ્રાવક કરે છે; કેમ કે ઇષ્ટ એવા અનુકૂલ સંયોગોમાં ચિત્ત પ્રતિકૂલ ભાવોથી વ્યાઘાત પામતું નથી, પરંતુ સ્વસ્થતાને પામે છે; જેથી ચિત્તના સ્વાસ્થ્યને પામેલો શ્રાવક સુખપૂર્વક ધર્મમાં શક્તિના પ્રકર્ષથી યત્ન કરીને સંસારના ઉચ્છેદનો યત્ન કરી શકે છે. 'સંસારના ઉચ્છેદમાં વિઘ્ન કરે તેવા ચિત્તના અસ્વાસ્થ્યનું જનક કોઈ અનિષ્ટ મને પ્રાપ્ત ન થાઓ અને ચિત્તની સદા સ્વસ્થતા વર્તે, જેથી હું સ્વસ્થતાપૂર્વક વિશિષ્ટ આરાધના કરી શકું' તેવી સુંદર બુદ્ધિપૂર્વક ભગવાન પાસે ભગવાનની ભક્તિના ફલરૂપે યાચના કરવાથી થયેલ તે શુભ અધ્યવસાયના બલથી પ્રાયઃ અનિષ્ટ આપાદક કર્મ દૂર થાય છે અને સુખપૂર્વક શ્રાવક ધર્મની વૃદ્ધિ કરી શકે છે. માટે ઇષ્ટફલસિદ્ધિની યાચનાના બલથી શ્રાવક ઘણાં અનિષ્ટનાં આપાદક કર્મને ક્ષીણ કરવા સમર્થ બને છે. જેથી વ્યાકુળતા વગર સુખપૂર્વક મોક્ષમાર્ગને અનુકૂળ અંતરંગ બલ સંચય કરવા સમર્થ બને છે.

**(૪) લોકવિરુદ્ધનો ત્યાગ :-**

વળી શ્રાવક પ્રાર્થના કરે છે કે લોકવિરુદ્ધનો ત્યાગ મને પ્રાપ્ત થાઓ. સામાન્યથી સર્વજનોની નિંદાદિ લોકવિરુદ્ધ અનુષ્ઠાનો છે; તોપણ જીવ સ્વભાવથી જેનામાં જે પ્રકૃતિ હોય તે પ્રકૃતિ અનુસાર અન્યની નિંદા કરવી ઇત્યાદિ કૃત્યોમાંથી જે કૃત્યોનું તે વર્જન કરી શકતો નથી તેના વર્જન અર્થે પ્રણિધાન કરે છે અર્થાત્ જેનામાં વિવેકદૃષ્ટિ પ્રગટ થઈ છે તેવો શ્રાવક લોકવિરુદ્ધ કૃત્યો કયાં કયાં છે ? જેનાથી શિષ્ટ લોકો પણ તેવાં કૃત્ય કરનારાને હીનકક્ષાનો માને, તેનો નિર્ણય કરીને તેવા ભાવો પોતાનામાં પ્રગટ ન થાય તેવી ઇચ્છા કરે છે; કેમ કે કોઈક નિમિત્તે લોકવિરુદ્ધ કૃત્યો કરવાની પ્રકૃતિ જીવમાં પ્રગટે ત્યારે ઘણાં પાપો

બાંધીને સંસારના અનર્થોની પરંપરાને જીવ પ્રાપ્ત કરે છે. તેથી તેનાથી આત્માનું રક્ષણ કરવાનો અર્થી શ્રાવક ભગવાન પાસે લોકવિરુદ્ધત્યાગની યાચના કરીને તેવાં કૃત્યોના વર્જનના પરિણામને પ્રગટ કરવા યત્ન કરે છે.

**(૫) ગુરુજનપૂજા :-**

વળી શ્રાવક યાચના કરે છે કે માતા-પિતા, ધર્માચાર્યાદિ જે પોતાનો ઉપકારી વર્ગ છે, તે સર્વ સાથે ઉચિત વર્તન કરવારૂપ તેમનું પૂજન તે પણ શિષ્ટનો આચાર છે, તેનું પાલન કરનાર હું થાઉં. જીવ સ્વભાવે વિશેષ પ્રકારનો યત્ન ન કરે તો કષાયને વશ ગુરુજન આદિની પૂજા તો કરતો નથી; પરંતુ અનાદર જ કરે છે. કરાયેલા ઉપકારને સ્મૃતિમાં રાખતો નથી; પરંતુ પોતાને તે પ્રતિકૂળ જણાય તો તેના પ્રત્યે અનાદરનો પણ પરિણામ કરે છે. આના જેવા અનેકવિધ દુર્ભાવોના કારણે અનુચિત પ્રવૃત્તિ કરીને સંસારની વૃદ્ધિ કરે છે. તેથી વિવેકી શ્રાવક ગુરુજનની પૂજાની શક્તિના સંચય અર્થે ભગવાન પાસે યાચના કરે છે.

**(૬) પરાર્થકરણ :-**

વળી, શ્રાવક પરાર્થકરણની યાચના કરે છે અર્થાત્ જે રીતે દ્રવ્યથી કે ભાવથી બીજાનું હિત થાય તે પ્રકારે બીજાનું હિત કરવાના પ્રયત્નવાળો હું થાઉં, જેથી ઉત્તમ પુરુષો જેવી પ્રકૃતિ મારામાં પ્રગટ થાય, તે પ્રકારની યાચના કરે છે.

**(૭) શુભગુરુનો યોગ :-**

વળી, શ્રાવક લોકોત્તર સૌંદર્યરૂપે ઇચ્છે છે કે સુંદર ધર્માચાર્યનો મને યોગ થાઓ અર્થાત્ જે ધર્માચાર્ય પરમગુરુના વચનના રહસ્યને યથાર્થ જાણનારા હોય અને યોગ્ય જીવોને તેમની શક્તિનો યથાર્થ નિર્ણય કરીને પરમગુરુના વચન અનુસાર પ્રવર્તાવનારા હોય, જેના બળથી યોગ્ય જીવો સુખપૂર્વક સંસારથી નિસ્તારને પામે, એવા શુભ ગુરુનો મને યોગ થાઓ. આ પ્રકારે પ્રાર્થના કરવાથી જે શુભ અધ્યવસાય થાય છે, તેના દ્વારા શુભ ગુરુના યોગને અનુકૂળ સુંદર પુણ્યપ્રકૃતિ પ્રાપ્ત થાય છે, પરિણામે સંસારસાગરથી પાર ઉતારવામાં સમર્થ એવા ઉત્તમ સુગુરુનો યોગ થાય છે.

**(૮) સુગુરુના વચનનું આસેવન :-**

વળી સદ્ગુરુનો યોગ થવામાત્રથી ઇષ્ટફલ પ્રાપ્ત થતું નથી; પરંતુ તેવા ગુણવાન ગુરુને નિપુણતાપૂર્વક સમર્પિત થવાથી કલ્યાણની પ્રાપ્તિ થાય છે, જે અતિદુષ્કર છે; કેમ કે અન્યને પરતંત્ર થવામાં પ્રાયઃ જીવ મોહનો આશ્રય કરે છે. તેથી જ્યાં મોહ હોય ત્યાં સુખપૂર્વક પરતંત્ર થઈ શકે છે, પરંતુ ગુણનિષ્પત્તિનું કારણ બને તેવું પારતંત્ર્ય અતિદુર્લભ છે. આવા પારતંત્ર્યની પ્રાપ્તિના અર્થી એવા શ્રાવકો ભગવાનને પ્રાર્થના કરે છે કે તેવા ઉત્તમ ગુરુના વચનની સેવા કરનાર હું થાઉં. આ પ્રકારે યાચના કરીને ગુણવાનને પરતંત્ર થઈને ગુણનિષ્પત્તિને અનુકૂળ સૂક્ષ્મ પ્રયત્ન થાય, તેવી ઉત્તમ પ્રકૃતિના નિર્માણ માટે શ્રાવક યત્ન

કરે છે અને તે યત્નને અતિશય કરવા માટે ભગવાન પાસે તે પ્રકારે યાચના કરે છે.

વળી ભવનિર્વેદાદિ ભાવો પોતે જ્યાં સુધી સંસારમાં છે, ત્યાં સુધી સદા પોતાને પ્રાપ્ત થાઓ, તે પ્રકારનો અભિલાષ કરીને તે પ્રકારના સંસ્કારોને આત્મામાં અત્યંત દૃઢ કરવા યત્ન કરે છે. જેથી દરેક ભવોમાં તે સંસ્કારો જાગૃત થાય તો સુખપૂર્વક ભવવૈરાગ્યાદિની પ્રાપ્તિ દ્વારા સંસારનો ક્ષય પોતે કરી શકે. ॥૪/૩૩-૩૪॥

**અવતરણિકા :-**

**अथ यदुक्तमवस्थान्तरे उचितं प्रणिधानं भवतीति तद्दर्शनायाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે અવસ્થાંતરમાં પ્રણિધાન ઉચિત છે એ પ્રમાણે જે કહેવાયું=ગાથા-૩૧માં કહેવાયું, તેને બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**उचियं च इमं णेयं तस्साभावम्मि तप्फलस्सऽण्णे ।**
**अपमत्तसंजयाणं आराऽणभिसंगओ ण परे ।।४/३५।।**

**છાયા :-**

उचितं च इदं ज्ञेयं तस्याभावे तत्फलस्यान्ये ।
अप्रमत्तसंयतेभ्य आरादनभिष्वङ्गतो न परस्मिन् ।।४/३५।।

**અન્વયાર્થ :-**

**च=વળી, अपमत्तसंजयाणं आरा=અપ્રમત્તસંયતની પૂર્વે, तस्साभावम्मि=તેના અભાવમાં=ભવનિર્વેદ આદિના અભાવમાં, इमं=આ=પ્રણિધાન, उचियं=ઉચિત, णेयं=જાણવું. (જ્યારે) अण्णे=અન્ય આચાર્યોના મતે, तप्फलस्स=તેના ફલના (અભાવમાં પ્રણિધાન ઉચિત જાણવું.) परे=પરમાં=અપ્રમત્તસંયત આદિમાં, अणभिसंगओ=અનભિષ્વંગ હોવાના કારણે, ण=નથી=ઉચિત નથી. ॥૪/૩૫॥**

**ગાથાર્થ :-**

**વળી અપ્રમત્ત સંયતની પૂર્વે તેના અભાવમાં=ભવનિર્વેદ આદિના અભાવમાં, આ=પ્રણિધાન, ઉચિત જાણવું. (જ્યારે) અન્ય આચાર્યોના મતે તેના ફલના (અભાવમાં પ્રણિધાન ઉચિત જાણવું.) પરમાં=અપ્રમત્તસંયતાદિમાં, અનભિષ્વંગ હોવાના કારણે ઉચિત નથી. ॥૪/૩૫॥**

**ટીકા :-**

**व्याख्या—'उचिय'मित्यादि । उचितं=योग्यं, चशब्दः पुनरर्थः, इदं=प्रणिधानं, ज्ञेयं=ज्ञातव्यं,**

तस्य=भवनिर्वेदादेः प्रार्थनीयार्थस्य, अभावे=असत्तायाम्, अविद्यमानार्थविषयैव हि प्रार्थना भवति ।

इहैव मतान्तरमाह—तस्य=प्रार्थनीयार्थस्य भवनिर्वेदादेः यत् फलं=साध्यमनन्तरमप्रमत्तादिगुणस्थानमालारूपं परंपरं वा मोक्षाख्यं तत्फलं, तस्याभावे इति वर्तते, अन्ये=अपरे सूरयः, उचितमिति प्रक्रमः । यद्यपि हि सोऽर्थः सामान्येनास्ति, तथाऽपि तत्फलसंसिद्धये स एव प्रार्थ्यते, विशिष्टतमस्यैव तस्य स्वफलप्रसाधकत्वादिति । एतदेव व्यक्तीकुर्वन्नाह—अप्रमत्तसंयतेभ्यः=सप्तमगुणस्थानकवर्तिभ्यः, आरात्=अर्वाग्भागे प्रमत्तसंयतान् यावत्, इदमुचितं भवतीति भावः । अथ परतोऽपीदं कस्मान्नोचितम् ? इत्याह — 'अणभिसङ्गउ' त्ति अनभिष्वंगतः=अभिष्वंगाभावात्, न=नैव, परस्मिन्=प्रमत्तसंयतेभ्यः परत्राप्रमत्तसंयतादौ, उचितमिति प्रक्रमः, अप्रमत्तसंयतादयो हि निरभिष्वंगत्वान्न प्रार्थनापरा भवन्ति । **यदाह** — 'मोक्षे भवे च सर्वत्र निःस्पृहो मुनिसत्तमः' । **इति गाथार्थः ।।४/३५।।**

**ટીકાર્થ :-**

उचितं ..... गाथार्थः ।। 'उचियमित्यादि' પ્રતીક છે. 'च' શબ્દ પુનઃ અર્થવાળો છે. તેના=પ્રાર્થનીય અર્થ એવા ભવનિર્વેદાદિના, અભાવમાં=અસત્તામાં, આ=પ્રણિધાન, ઉચિત=યોગ્ય, જાણવું. हि=જે કારણથી, અવિદ્યમાન અર્થના વિષયવાળી જ પ્રાર્થના થાય છે. અહીં જ=પ્રાર્થના ક્યાં સુધી ઉચિત છે ? એ વિષયમાં જ, મતાંતરને કહે છે — તેનું=પ્રાર્થનીય અર્થરૂપ ભવનિર્વેદાદિનું, જે ફલ=સાધ્ય=અનંતરસાધ્ય અપ્રમત્તાદિગુણસ્થાનકની હારમાળારૂપ, અથવા પરંપર=પરંપરસાધ્ય મોક્ષ નામનું તેનું ફલ, તેના અભાવમાં આ ઉચિત છે, એ પ્રમાણે અન્ય સૂરિઓ કહે છે. ગાથામાં 'अभावे' એ શબ્દ તત્ફલસ્ય પછી અનુવર્તન પામે છે. (અને) ઉચિત એ પ્રક્રમથી પ્રાપ્ત છે. જોકે તે અર્થ=ભવનિર્વેદાદિ અર્થ, સામાન્યથી છે=હૈયાપૂર્વક પ્રાર્થના કરનારા વિવેકી શ્રાવકના ચિત્તમાં સામાન્યથી છે, તોપણ તેના ફલની નિષ્પત્તિ માટે તે જ=પોતાનામાં વિદ્યમાન ભવનિર્વેદાદિ જ, પ્રાર્થના કરાય છે; કેમ કે વિશિષ્ટતમ જ એવા તેનું=પોતાને પ્રાપ્ત થયા છે તેનાથી વિશિષ્ટતમ એવા જ ભવનિર્વેદાદિનું, સ્વફલનું પ્રસાધકપણું છે=અપ્રમત્તાદિ ગુણસ્થાનકની માળારૂપ કે મોક્ષરૂપ સ્વફલનું પ્રસાધકપણું છે.

આને જ=વિશિષ્ટ ભવનિર્વેદાદિ સ્વફલના સાધક છે એને જ, વ્યક્ત કરતાં કહે છે —

અપ્રમત્ત સંયતથી પૂર્વે=સાતમા ગુણસ્થાનકવર્તી સાધુઓથી પૂર્વે=પ્રમત્ત સંયત સુધી, આ ઉચિત થાય છે=ભવનિર્વેદાદિની પ્રાર્થના કરવી ઉચિત થાય છે. હવે પરથી પણ=અપ્રમત્તસંયતાદિથી પણ આ=ભવનિર્વેદાદિની પ્રાર્થના, કયા કારણથી ઉચિત નથી ? એથી કહે છે — અનભિષ્વંગ હોવાથી=અભિષ્વંગનો અભાવ હોવાથી, પરમાં=પ્રમત્ત સંયતથી પર એવા અપ્રમત્ત સંયતાદિમાં, ઉચિત નથી જ=પ્રાર્થના ઉચિત નથી જ. हि=જે કારણથી, અપ્રમત્તસંયતાદિ સાધુઓ નિરભિષ્વંગપણું હોવાને કારણે પ્રાર્થનામાં તત્પર થતા નથી. જેને કહે છે "મોક્ષમાં અને ભવમાં સર્વત્ર મુનિ સતત નિઃસ્પૃહ હોય છે", એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૩૫।।

**ભાવાર્થ :-**

ભવનિર્વેદાદિની પ્રાર્થના કોને ઉચિત છે ? અને કોને ઉચિત નથી ? તે યુક્તિથી સ્પષ્ટ કરે છે –

જેઓને ભવનિર્વેદાદિ સ્પષ્ટ પ્રગટ્યા નથી, પરંતુ કાંઈક ભવનિર્વેદાદિને અભિમુખ પરિણામ છે. તેથી પોતાને ભવનિર્વેદાદિ પ્રાપ્ત થાય, તેવો અભિલાષ પ્રગટ્યો છે, તેઓ ભગવાનની ભક્તિ કરીને પોતાનામાં ભવનિર્વેદાદિ પ્રાપ્ત થાય તેવી ઇચ્છા કરે તે ઉચિત છે; કેમ કે પોતાને ઇષ્ટ હોય અને પોતાની પાસે અવિદ્યમાન હોય તેવા અર્થના વિષયવાળી જ પ્રાર્થના હોય છે. જેઓને બોધ થયો છે કે સંસારની વિડંબનાથી મુક્ત થવાનો માર્ગ ભવનિર્વેદાદિ ભાવો છે, જે મારામાં પ્રગટ્યા નથી, તેથી મુક્ત થવાના અર્થી એવા તે જીવોને ભવનિર્વેદાદિની ઇચ્છા થાય તે ઉચિત છે. આવા જીવો ભગવાનની ભક્તિ કરીને તે પ્રકારે પ્રાર્થના કરે તો તે પ્રાર્થનાના બળથી તેઓમાં પોતાના પ્રણિધાન અનુસાર ભવનિર્વેદાદિ પ્રગટે છે.

વળી, અન્ય આચાર્ય અન્ય નયદૃષ્ટિથી કહે છે કે જેઓને તેનું અનંતરફળ અપ્રમત્તગુણસ્થાનક આદિ કે પરંપરફળ મોક્ષ પ્રાપ્ત થયું નથી, તેઓને માટે આ પ્રાર્થના ઉચિત છે; કેમ કે શ્રાવક મોક્ષના અર્થી છે અને મોક્ષના ઉપાયરૂપે ભવનિર્વેદ આદિ માટે શક્તિ અનુસાર પ્રયત્ન કરે છે, તોપણ વિશિષ્ટ ભવનિર્વેદ જ્યાં સુધી પ્રગટ થાય નહીં ત્યાં સુધી મોક્ષ થાય નહિ, માટે મોક્ષના ઉપાયભૂત વિશિષ્ટતમ એવા ભવનિર્વેદાદિની પ્રાર્થના કરે છે. તેથી અપ્રમત્તગુણસ્થાનકના ભવનિર્વેદાદિ કે તેના ઉપરના સર્વ પ્રકારના ભવનિર્વેદાદિ પોતાને પ્રાપ્ત થયા નથી તે સર્વનું સ્મરણ કરીને તેવા ભવનિર્વેદાદિ પોતાને પ્રાપ્ત થાય કે જેથી તેનું મોક્ષફળ પોતાને પ્રાપ્ત થાય. તે માટે શ્રાવક કે સાધુ પ્રાર્થના કરે છે.

વળી, સૂક્ષ્મદૃષ્ટિથી જોવામાં આવે તો વિવેકી શ્રાવકને જણાય કે અપ્રમત્તગુણસ્થાનક ઉત્તરોત્તર સતત વૃદ્ધિ પામીને મોક્ષમાં પર્યવસાન પામે છે, તેથી અપ્રમત્તગુણસ્થાનકવાળા મહાત્માઓને મોક્ષપ્રાપ્તિ સુલભ છે; પરંતુ જ્યાં સુધી અપ્રમત્તગુણસ્થાનક પ્રગટ થયું નથી, ત્યાં સુધી પોતાને પ્રાપ્ત થયેલા પણ ભવનિર્વેદાદિ અલ્પસામર્થ્યવાળા હોવાને કારણે તે પ્રકારે ભવઉચ્છેદમાં પ્રવર્તતા નથી. ભવઉચ્છેદ પોતાને અત્યંત ઇષ્ટ હોવાથી શ્રાવક વિચારે છે કે જ્યાં સુધી અપ્રમત્તગુણસ્થાનક ન પ્રાપ્ત થાય ત્યાં સુધી ભવનિર્વેદાદિનું ફળ મારામાં સંપૂર્ણતયા પ્રગટ્યું નથી, તેથી સતત અપ્રમત્તગુણસ્થાનકના કારણ બને તેવા ભવનિર્વેદાદિની શ્રાવક પ્રાર્થના કરે છે.

અથવા મોક્ષ પોતાને ઇષ્ટ છે, તે ફળ પોતાને મળ્યું નથી, માટે તેની પ્રાપ્તિના ઉપાયભૂત ભવનિર્વેદાદિ અધિક અધિક થાય, તે અર્થે ભગવાન પાસે પ્રાર્થના કરે છે. જેના બળથી સતત ભવનિર્વેદાદિ ભાવોની પ્રાપ્તિને અનુકૂળ પોતાની શક્તિ અનુસાર પ્રયત્ન થાય.

વળી, અપ્રમત્તસંયતથી માંડીને ઉપરના મહાત્માઓને ક્યાંય અભિષ્વંગ હોતો નથી; તેઓ નિર્વિકલ્પ-ઉપયોગવાળા હોય છે. તેથી તેઓને ભવનિર્વેદાદિની પ્રાર્થના પણ આવશ્યક નથી. જેમ વિવેકી શ્રાવકને માંસ ખાવાનો વિકલ્પ ન ઊઠે તેવી ચિત્તવૃત્તિનું નિર્માણ થયેલું હોવાથી 'માંસભક્ષણમાં અત્યંત પાપ છે, જીવહિંસા છે, માટે મારે ખાવું ન જોઈએ' ઇત્યાદિ વિકલ્પોની આવશ્યકતા રહેતી નથી; પરંતુ તથાસ્વભાવે

નિમિત્તોને પામીને પણ માંસ ખાવાનો વિકલ્પ ઉત્પન્ન થતો નથી તેમ નિર્વિકલ્પ દશાવાળા મુનિઓ અપ્રમાદપૂર્વક શ્રુત અનુસાર વીતરાગતાને અભિમુખ પ્રસર્પણવાળા હોય છે, તેથી મને મોક્ષ પ્રાપ્ત થાઓ, મારો ભવનો ઉચ્છેદ થાઓ, એવા પણ વિકલ્પો કરતા નથી. પરંતુ શક્તિના પ્રકર્ષથી વિકલ્પથી અતીત એવા સમભાવના પરિણામમાં વર્તે છે, તેથી મોક્ષના ઉપાયભૂત ભવનિર્વેદાદિ મને પ્રાપ્ત થાઓ, તેવી પ્રાર્થના તેઓને આવશ્યક નથી. **॥૪/૩૫॥**

**અવતરણિકા :-**

**यदुक्तं प्रणिधानं निदानं न भवतीत्यस्यार्थस्य साधकं प्रमाणं दर्शयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**પ્રણિધાન નિદાન નથી એ પ્રમાણે જે કહેવાયું=ગાથા-૩૦માં કહેવાયું, તે અર્થનું સાધકપ્રમાણ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**मोक्खंगपत्थणा इय ण णियाणं तदुचियस्स विण्णेयं ।**
**सुत्ताणुमइत्तो जह बोहीए पत्थणा माणं ।।४/३६।।**

**છાયા :-**

**मोक्षाङ्गप्रार्थना इति न निदानं तदुचितस्य विज्ञेयम् ।**
**सूत्रानुमतितो यथा बोधेः प्रार्थना मानम् ।।४/३६।।**

**અન્વયાર્થ :-**

**तदुचियस्स=તેના ઉચિતને=પ્રણિધાનને ઉચિત એવા પ્રમત્તસંયત સુધીના જીવોને, इय=इति=एषा= આ, मोक्खंगपत्थणा=મોક્ષાંગપ્રાર્થના=જયવીયરાય સૂત્રથી કહેવાયેલી મોક્ષાંગપ્રાર્થના, णियाणं=નિદાન, ण=નથી, (એમ) विण्णेयं=જાણવું; (કેમ કે) सुत्ताणुमइत्तो=સૂત્રની અનુમતિ છે. जह=જે પ્રમાણે, बोहीए=બોધિની, पत्थणा=પ્રાર્થના, माणं=पमाणं=પ્રમાણ છે. ॥૪/૩૬॥**

**ગાથાર્થ :-**

**તેના ઉચિતને=પ્રણિધાનને ઉચિત એવા પ્રમત્તસંયત સુધીના જીવોને, મોક્ષાંગપ્રાર્થના=જય વીયરાય સૂત્રથી કહેવાયેલી મોક્ષાંગપ્રાર્થના, નિદાન નથી એમ જાણવું; કેમ કે સૂત્રની અનુમતિ છે, જે પ્રમાણે બોધિની પ્રાર્થના પ્રમાણ છે. ॥૪/૩૬॥**

**ટીકા :-**

**व्याख्या—'मोक्खं' इत्यादि । मोक्षाङ्गानां=निर्वृतिकारणानां प्रार्थना=आशंसा, अथवा मोक्षाङ्गं**

चासौ प्रार्थना चेति मोक्षाङ्गप्रार्थना, इति=एषा='जय वीयराय' इत्याद्यनन्तरोक्तप्रकारा, अनेन च 'तीर्थकरत्वं मे भूयात्' इत्यादिकाया रागाकुलमानसकृताया भवाङ्गभूताया व्युदासः, न=नैव, निदानम्=आर्तध्यानविशेषः, भवतीति, विज्ञेयं=ज्ञातव्यमिति प्रतिज्ञा । कुतः ? इत्याह – तदुचितस्य= प्रणिधानोचितस्य प्रमत्तसंयतान्तस्य गुणस्थानिन इत्यर्थः, सूत्रानुमतितः=आगमानुज्ञातत्वात्, अप्रमत्त-संयतादेर्हि तत्सूत्रं नानुमन्यते, तस्यानभिष्वङ्गत्वात् तदन्यस्य त्वनुमन्यते साभिष्वङ्गत्वात्, विशिष्ट-प्रणिधानस्य निरभिष्वङ्गताहेतुत्वादिति, अनेन च हेतुरुक्तः, यथेति दृष्टान्तसूचनार्थः । बोधेः=बोधि-लाभस्य, प्रार्थना=आशंसेति, मानं=प्रमाणं, इदमनुमानलक्षणं प्रणिधानस्य निदानत्वाभावसाधक-त्वमिति । प्रयोगश्चास्यैवम् – यत्सूत्रानुमतं मोक्षांगप्रार्थनं तन्निदानं न भवति, यथा बोधिप्रार्थनं, सूत्रानुमतं चेदमधिकृतं मोक्षाङ्गप्रार्थनम् । इति गाथार्थः ।।४/३६।।

**ટીકાર્થ :-**

मोक्षाङ्गानां ..... गाथार्थः ।। 'मोक्खं इत्यादि' પ્રતીક છે. મોક્ષના અંગોની=નિર્વૃતિના કારણની, પ્રાર્થના=આશંસા, અથવા મોક્ષનું અંગ એવી આ પ્રાર્થના મોક્ષાંગપ્રાર્થના, એ જયવીયરાય ઈત્યાદિ અનંતર ઉક્ત પ્રકારવાળી નિદાન નથી એમ અન્વય છે. અને આના દ્વારા 'તીર્થંકરપણું મને થાઓ' ઈત્યાદિ રાગઆકુળ માનસકૃત ભવના અંગભૂત પ્રાર્થનાનો વ્યુદાસ છે નિદાન=આર્ત્તધ્યાનવિશેષ, નથી=નથી જ જયવીયરાય સૂત્રથી મોક્ષાંગની પ્રાર્થના કરાઈ એ નિદાન નથી જ, એ પ્રમાણે જાણવું એ પ્રતિજ્ઞા છે.

કેમ=કેમ નિદાન નથી ? એથી કહે છે –

તેના ઉચિતને=પ્રણિધાનના ઉચિત એવા પ્રમત્તસંયત અંતવાળા ગુણસ્થાનકવાળા જીવને, સૂત્રની અનુમતિ હોવાથી=આગમનું અનુજ્ઞાતપણું હોવાથી, જયવીયરાય સૂત્રની પ્રાર્થના નિદાન નથી, એમ અન્વય છે. વળી, અપ્રમત્તસંયતાદિ સાધુઓને તે સૂત્ર અનુમતિ આપતું નથી; કેમ કે તેમનું=અપ્રમત્તસંયત આદિ મુનિઓનું અનભિષ્વંગપણું છે. વળી, તેનાથી અન્યને=અપ્રમત્તસંયતથી અન્યને, અભિષ્વંગપણું હોવાથી અનુમતિ અપાય છે=તે સૂત્ર દ્વારા અનુમતિ અપાય છે; કેમ કે વિશિષ્ટ પ્રણિધાનનું=જયવીયરાય સૂત્રથી કરાતા વિશિષ્ટ પ્રણિધાનનું, નિરભિષ્વંગતાનું હેતુપણું છે. અને આના દ્વારા=સૂત્રની અનુમતિ હોવાથી એ કથન દ્વારા, હેતુ કહેવાયો=પૂર્વમાં પ્રતિજ્ઞાવચન બતાવ્યું અને સૂત્ર અનુમતિથી એ કથન દ્વારા હેતુવચન કહેવાયું. યથા શબ્દ દૃષ્ટાંતના સૂચનવાળો છે. એથી 'જે પ્રમાણે બોધિની પ્રાર્થના= બોધિલાભની આશંસા, માન=પ્રમાણ છે.' આ અનુમાનલક્ષણ પ્રણિધાનના નિદાનત્વના અભાવનું સાધકપણું છે. આનો પ્રયોગ=આ અનુમાનનો પ્રયોગ, આ પ્રમાણે છે – 'સૂત્રઅનુમત જે મોક્ષાંગ, પ્રાર્થના છે, તે નિદાન નથી, જે પ્રમાણે બોધિની પ્રાર્થના અને સૂત્રઅનુમત આ અધિકૃત મોક્ષાંગનું પ્રાર્થન છે=જયવીયરાયમાં કહેલ મોક્ષાંગનું પ્રાર્થન છે', એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૩૬।।

**ભાવાર્થ :-**

વિવેકી શ્રાવક મોક્ષના અર્થે મોક્ષના ઉપાયભૂત ભવનિર્વેદ આદિમાં શક્તિ અનુસાર યત્ન કરે છે; તોપણ તેને અતિશયિત કરવા અર્થે ભગવાન પાસે જયવીયરાય સૂત્રમાં તે ભાવોની પ્રાર્થના કરે છે, જે પ્રાર્થનાના બળથી ભવનિર્વેદ આદિ અતિશયિત થાય તો અપ્રમત્ત ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય. અપ્રમત્ત ગુણસ્થાનક પૂર્વેના જીવોને ભવનિર્વદાની પ્રાર્થના ઉચિત હોવાને કારણે જય વીયરાય સૂત્રથી કરાયેલી મોક્ષાંગની પ્રાર્થના નિદાન નથી; કેમ કે સૂત્રની સંમતિ છે. જેમ સૂત્ર અનુસાર બોધિલાભની પ્રાર્થના સંમત છે, તેથી તે નિદાન નથી; પરંતુ તે પ્રાર્થના બોધિની પ્રાપ્તિનું કે પ્રાપ્ત થયેલી બોધિને અતિશયિત કરવાનું કારણ છે, તેમ સૂત્રસંમત એવા ભવનિર્વેદાદિ ભાવોની પ્રાર્થના ભવનિર્વેદાદિને અતિશયિત કરીને અપ્રમત્ત ગુણસ્થાનકનું કારણ બને છે, માટે નિદાન નથી. **॥૪/૩૬॥**

**અવતરણિકા :-**

**ननु मोक्षाङ्गानां प्रार्थनं न निदानं, तीर्थकरत्वं तु मोक्षाङ्गमतस्तस्यापि प्रार्थनाप्रतिषेधो यो दशाश्रुतस्कन्धेऽभिहितो नासौ युक्त इत्याशंक्याह—**

**અવતરણિકાર્થ :-**

**'ननु'થી શંકા કરે છે – મોક્ષાંગનું પ્રાર્થન નિદાન નથી. વળી તીર્થંકરપણું મોક્ષાંગ છે, આથી તેની પણ પ્રાર્થનાનો પ્રતિષેધ જે દશાશ્રુતસ્કંધમાં કહેવાયો છે, તે યુક્ત નથી. એ પ્રકારની આશંકા કરીને કહે છે –**

**ગાથા :-**

**एवं च दसाईसुं तित्थयरंमि वि णियाणपडिसेहो ।**
**जुत्तो भवपडिबद्धं साभिस्संगं तयं जेण ।।४/३७।।**

**છાયા :-**

**एवं च दशादिषु तीर्थङ्करेऽपि निदानप्रतिषेधः ।**
**युक्तो भवप्रतिबद्धं साभिष्वङ्गं तकं येन ।।४/३७।।**

**અન્વયાર્થ :-**

**एवं च=આ રીતે=મોક્ષાંગની પ્રાર્થનાનું અનિદાનપણું પૂર્વમાં પ્રતિપાદન કર્યું એ રીતે, दसाईसुं=દશા આદિમાં=દશાશ્રુતસ્કંધસૂત્ર આદિમાં, तित्थयरंमि=તીર્થંકરમાં=તીર્થંકર બનવા સંબંધી, वि=પણ, णियाणपडि-सेहो=નિદાનનો પ્રતિષેધ, जुत्तो=યુક્ત છે. जेण=જે કારણથી, भवपडिबद्धं=ભવપ્રતિબદ્ધ, साभिस्संगं=અભિષ્વંગ, યુક્તને, तयं=તે=તીર્થંકરપણાનું પ્રાર્થન છે. ।।૪/૩૭।।**

ગાથાર્થ :-

આ રીતે=મોક્ષાંગની પ્રાર્થનાનું અનિદાનપણું પૂર્વમાં પ્રતિપાદન કર્યું એ રીતે, દશા આદિમાં=દશાશ્રુતસ્કંધસૂત્ર આદિમાં, તીર્થંકરમાં=તીર્થંકર બનવા સંબંધી, પણ નિદાનનો પ્રતિષેધ યુક્ત છે. જે કારણથી ભવપ્રતિબદ્ધ અભિષ્વંગ યુક્તને તીર્થંકરપણાનું પ્રાર્થન છે. ।।૪/૩૭।।

ટીકા :-

व्याख्या—'एव'मित्यादि । एवं चानेन=पूर्वोक्तेन प्रकारेण मोक्षाङ्गप्रार्थनाया एवानिदानताप्रतिपादनलक्षणेन, दशादिषु=दशाश्रुतस्कन्धप्रभृतिषु, आदिशब्दाद् ध्यानशतकादिपरिग्रहः, तीर्थकरेऽपि=भवभवनभीतजननिर्वाणनगरगमनसार्थवाहकल्पे जिनेऽपि विषये, आस्तां संसारावर्तपातनिमित्तभूतभूपतित्वादौ, निदानस्य='अमुतो धर्मात्तीर्थकरो भूयासं' इत्येवं प्रार्थनस्य, प्रतिषेधो=विधेयतया निषेधो, निदानप्रतिषेधः, किम् ? इत्याह — युक्तः=संगतो वर्तते । केन कारणेन ? इत्याह — भवप्रतिबद्धं=संसारानुषक्तं, येन=यस्मात्कारणात्, 'तयं ति' तकं=तीर्थकरत्वप्रार्थनं भवप्रतिबद्धमेव, कुतः ? इत्याह — यतः साभिष्वङ्गं=रागोपेतं, यतस्तीर्थकरसत्कस्यामरवरनिर्मितसमवसरणकनककमलप्रमुखविभवस्य दर्शनात् श्रवणाद्वा संजाततदभिलाषः कोऽपि विकल्पं करोति भवभ्रमणतोऽप्यहं तीर्थकरो भूयासम् । इति गाथार्थः ।।४/३७।।

ટીકાર્થ :-

एवं ..... गाथार्थः ।। 'एवमित्यादि' પ્રતીક છે અને આ રીતે=પૂર્વમાં કહેવાયેલા પ્રકારથી=ગાથા-૩૬માં કહેવાયેલા પ્રકારથી=મોક્ષાંગની પ્રાર્થનાના જ અનિદાનતાના પ્રતિપાદન લક્ષણ પ્રકારથી, દશા આદિમાં=દશાશ્રુતસ્કંધ વગેરેમાં, તીર્થંકરમાં પણ=ભવભવનથી ભય પામેલા લોકોના નિર્વાણનગરના ગમનમાં સાર્થવાહકલ્પ જિનના પણ વિષયમાં, નિદાનનો='આ ધર્મથી તીર્થંકર થાઉં' એ પ્રકારની પ્રાર્થનાનો, પ્રતિષેધ યુક્ત વર્તે છે=વિધેયપણાથી નિષેધરૂપ નિદાનનો પ્રતિષેધ સંગત વર્તે છે. આદિ શબ્દથી=દશાદિમાં રહેલ આદિ શબ્દથી ધ્યાનશતક આદિનું ગ્રહણ છે. સંસારઆવર્ત પાતના નિમિત્તભૂત ભૂપતિપણાઆદિમાં પ્રાર્થના તો દૂર રહો; પરંતુ તીર્થંકરપણાની પ્રાર્થનાના નિદાનનો પણ પ્રતિષેધ છે. તે તીર્થંકરોમાં રહેલા અપિ શબ્દનો અર્થ છે.

કયા કારણથી છે ?=તીર્થંકરમાં પણ નિદાનનો પ્રતિષેધ કયા કારણથી છે ? એથી કહે છે –

જે કારણથી ભવપ્રતિબદ્ધ જ=સંસાર અનુસક્ત જ, તે=તીર્થંકરપણાનું પ્રાર્થન, છે.

કયા કારણથી છે ?=ભવપ્રતિબદ્ધ જ કયા કારણથી છે ? એથી કહે છે –

જે કારણથી સાભિષ્વંગ પ્રાર્થન છે=રાગઉપેત એ અભિલાષ છે. જે કારણથી તીર્થંકર સંબંધી અમરવરથી=શ્રેષ્ઠ દેવતાઓથી, નિર્મિત સમવસરણ, સુવર્ણકમળ વગેરે વૈભવના દર્શનથી અથવા

**શ્રવણથી તેના થયેલ અભિલાષવાળો પણ કોઈક વિકલ્પ કરે છે – ભવભ્રમણથી પણ હું તીર્થંકર થાઉં, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૩૭।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં કહ્યું કે મોક્ષના અંગની પ્રાર્થનારૂપ ભવનિર્વેદાદિ ભાવોની પ્રાર્થના નિદાન નથી. તે વચનથી શું વિશેષ સિદ્ધ થાય છે ? તે સ્પષ્ટ કરતાં કહે છે –

દશાશ્રુતસ્કંધમાં કહ્યું છે કે તીર્થંકરના વિષયમાં પણ નિદાન કરવું જોઈએ નહીં, તે વચનયુક્ત છે. જોકે સામાન્યથી તીર્થંકરોના ચાર અતિશયોને જોઈને કોઈને અભિલાષ થાય કે 'ભગવાન અપાયાપગમાદિ અતિશયવાળા છે અને જગતના જીવો ઉપર ભાવથી ઉપકાર કરનારા છે તેવો હું થાઉં'; તો તે અભિલાષ મોક્ષના અંગના પ્રાર્થનરૂપ હોવાથી દુષ્ટ નથી, પરંતુ જેઓને ભગવાનની બાહ્ય સમૃદ્ધિને જોઈને તીર્થંકરપણાનો અભિલાષ થાય છે, તે મોક્ષાંગની પ્રાર્થનારૂપ નથી; પરંતુ ભવની બાહ્ય સમૃદ્ધિ પ્રત્યે રાગ થવાને કારણે તીર્થંકરપણાની ઇચ્છા સ્વરૂપ છે, જે સંસારવૃદ્ધિનું કારણ હોવાથી નિદાનરૂપ જ છે. માટે દશાશ્રુતસ્કંધાદિમાં જે તેનો નિષેધ કર્યા છે, તે યુક્ત જ છે; કેમ કે ભવના રાગમાત્રથી ઉત્પન્ન થયેલો તીર્થંકર થવાનો અધ્યવસાય છે. આથી તેઓ ગુણના કંઈક રાગી હોવા છતાં બાહ્ય ઋદ્ધિના અતિશય રાગી થવાથી પ્રાર્થના કરે છે કે કંઈક ભવોની વૃદ્ધિથી પણ હું આવી ઋદ્ધિવાળો થાઉં તેથી મોક્ષની ઇચ્છાથી બળવાન ઇચ્છા બાહ્ય ઋદ્ધિમાં હોવાથી નિદાનરૂપ છે. **।।૪/૩૭।।**

**અવતરણિકા :-**

**एतस्यैव साभिष्वङ्गताविपर्यये दोषाभावमाह—**

**અવતરણિકાર્થ :-**

**આના જ=તીર્થંકરપણાની પ્રાર્થનાના જ, સાભિષ્વંગતાના વિપર્યયમાં દોષના અભાવને કહે છે= નિદાનરૂપ દોષના અભાવને કહે છે –**

**ગાથા :-**

**जं पुण णिरभिस्संगं धम्मा एसो अणेगसत्तहिओ ।**
**णिरुवमसुहसंजणओ अपुव्वचिंतामणीकप्पो ।।४/३८।।**
**ता एयाणुट्ठाणं हियमणुवहयं पहाणभावस्स ।**
**तम्मि पवित्तिसरूवं अत्थापत्तीए तमदुट्ठं ।।४/३९।। युग्मम् ।।**

**છાયા :-**

**यत्पुनर्निरभिष्वङ्गं धर्मादेषोऽनेकसत्त्वहितः ।**
**निरुपमसुखसञ्जनकोऽपूर्वचिन्तामणिकल्पः ।।४/३८।।**

तदेतदनुष्ठानं हितमनुपहतं प्रधानभावस्य ।
तस्मिन् प्रवृत्तिस्वरूपं अर्थापत्त्या तददुष्टम् ।।४/३९।। युग्मम् ।।

**અન્વયાર્થ :-**

धम्मा=ધર્મથી=ધર્મપ્રદાન દ્વારા, एसो=આ=તીર્થંકર, अणेगसत्तहिओ=અનેક સત્ત્વના હિત=હિત કરનારા, છે, णिरुवमसुहसंजणओ=નિરુપમ સુખના સંજનક છે, अपुव्वचिंतामणीकप्पो=અપૂર્વ ચિંતામણિ કલ્પ=તુલ્ય, છે, ता=તે કારણથી, एयाणुट्ठाणं=આમનું અનુષ્ઠાન=તીર્થંકરનું અનુષ્ઠાન, अणुवहयं=અનુપહત, हियं=હિત છે. तम्मि=તેમાં, पहाणभावस्स=પ્રધાન ભાવવાળાને, जं पुण णिरभिस्संगं=જે વળી નિરભિષ્વંગ, पवित्तिसरूवं= પ્રવૃત્તિ સ્વરૂપ પ્રાર્થના છે, तं=તે, अत्थापत्तीए=અર્થાપત્તિથી, अदुट्ठं=અદુષ્ટ છે. ।।૪/૩૮-૩૯।।

**ગાથાર્થ :-**

**ધર્મથી=ધર્મપ્રદાન દ્વારા, આ=તીર્થંકર, અનેક સત્ત્વના હિત=હિત કરનારા, છે, નિરુપમ સુખના સંજનક છે, અપૂર્વ ચિંતામણિ કલ્પ=તુલ્ય, છે, તે કારણથી આમનું અનુષ્ઠાન=તીર્થંકરનું અનુષ્ઠાન, અનુપહત હિત છે. તેમાં પ્રધાન ભાવવાળાને જે વળી નિરભિષ્વંગ પ્રવૃત્તિ સ્વરૂપ પ્રાર્થના છે, તે અર્થાપત્તિથી અદુષ્ટ છે. ।।૪/૩૮-૩૯।।**

**ટીકા :-**

व्याख्या– 'ज'मित्यादि 'ते'त्यादि च, 'जं पुण' त्ति साभिष्वङ्गं तावद्दुष्टमेव यत्पुनस्तीर्थकरत्व-प्रार्थनं, निरभिष्वङ्गं=रागाभावेन विहितं तददुष्टमिति संबन्धः । निरभिष्वङ्गतामेव तस्याह – धर्मात्=कुशलानुष्ठानरूपादर्हद्वात्सल्यादेः सकाशात्, धर्माय वा भव्यानां, एष=तीर्थकरः ,भवतीति गम्यं, किंभूतः ? अनेकसत्त्वहितो=निखिलजगज्जन्तुजातपरमबान्धवः, कथं ? यतो निरुपमसुख-संजनको=अनुपमानन्दसंपादको निर्वाणहेतुत्वात्, अत एवापूर्वचिन्तामणिकल्पः, चिन्तातिक्रान्त-सुखविधायित्वादिति । 'ता' इति यस्मादनेकसत्त्वहितत्वादिविशेषणस्तीर्थकरस्तत्तस्मात् । एतस्य= तीर्थकरस्य, अनुष्ठानं=सद्धर्मदेशनादिकमेतदनुष्ठानं । किम् ? इत्याह – हितं=पथ्यं, इष्टार्थसाधकत्वात्, किंभूतं ? अनुपहतम्=अप्रतिघातं, इह स्थाने इतिशब्दो द्रष्टव्यः । ततश्च इति प्रधानभावस्य= एवंभूतप्रवराध्यवसायस्य, देहिनः । किंभूतं तीर्थकरत्वप्रार्थनम् ? इत्याह – तस्मिन् धर्मदेशनादि-जिनानुष्ठाने, प्रवृत्तिस्वरूपं=प्रवर्तनस्वभावं, ननु 'तीर्थकरोऽहं भवेयम्' इत्येतस्य प्रार्थनस्य तीर्थकरवृत्ति-कत्वात् कथमिदं धर्मदेशनाप्रवर्तनस्वभावम् ? इत्यत आह – अर्थापत्त्या=न्यायतः, यद्यपि तत्प्रार्थनं= साक्षात्तीर्थकरत्ववृत्तिकं, तथाऽप्यर्थापत्त्या धर्मदेशनादावेव वर्तते तीर्थकरत्वप्रार्थनाद्वारेण धर्मदेशनादि-जिनानुष्ठानस्यैव हितादिविशेषणस्य प्रार्थितत्वाततदिति तीर्थकरत्वप्रार्थनमदुष्टं न दूषणवदिति गाथाद्वयार्थः ।।४/३८-३९।।

**ટીકાર્થ :-**

'जं पुण' ..... गाथाद्वयार्थः ।। 'जमित्यादि' અને 'तेत्यादि' પ્રતીક છે. જે વળી સાભિષ્વંગ ચિત્ત છે, તે દુષ્ટ જ છે. જે વળી તીર્થંકરપણાનું પ્રાર્થન નિરભિષ્વંગ=રાગ અભાવથી, કરાયેલું છે, તે અદુષ્ટ છે, એ પ્રમાણે ગાથા-૩૯ સાથે સંબંધ છે. તેની=તીર્થંકર થવાના પ્રાર્થનની, નિરભિષ્વંગતાને જ કહે છે — ધર્મથી=કુશલ અનુષ્ઠાનરૂપ અર્હદ્ વાત્સલ્યથી, અથવા ભવ્યોના ધર્મ માટે આ=તીર્થંકર, થાય છે.

કેવા પ્રકારના ?=કેવા પ્રકારના તીર્થંકર થાય છે ? તેથી કહે છે —

અનેક સત્ત્વના હિતને કરનારા=સંપૂર્ણ જગતજંતુના પરમ બાંધવ, તીર્થંકર થાય છે, એમ અન્વય છે.

કેમ ?=કેમ બધા જીવના બાંધવ થાય છે ? તેથી કહે છે —

જે કારણથી નિરુપમ સુખના સંજનક=અનુપમ આનંદના સંપાદક, તીર્થંકર થાય છે; કેમ કે નિર્વાણનું હેતુપણું છે. આથી જ અપૂર્વ ચિંતામણિકલ્પ તીર્થંકર છે; કેમ કે (તેમનું) ચિંતા અતિક્રાંત સુખવિધાયીપણું છે. તે કારણથી=જે કારણથી અનેક જીવોના હિતત્વાદિ વિશેષવાળા તીર્થંકરો છે તે કારણથી, આમનું=તીર્થંકરનું, અનુષ્ઠાન=સદ્ધર્મદેશનાદિ આ અનુષ્ઠાન, હિત છે=પથ્ય છે; કેમ કે ઇષ્ટાર્થનું સાધકપણું છે=ઇષ્ટ એવા મોક્ષનું સાધકપણું છે.

કેવા પ્રકારનું છે=તીર્થંકરનું અનુષ્ઠાન કેવા પ્રકારનું છે ? એથી કહે છે —

અનુપહત છે=અપ્રતિઘાતવાળું છે. 'આ સ્થાનમાં' અનુપહત છે, એ પ્રકારે શ્લોકના સ્થાનમાં ઇતિ શબ્દ જાણવો=અધ્યાહાર જાણવો. અને તેથી='इति' શબ્દ અધ્યાહાર છે તેથી, આ પ્રકારના પ્રધાન-ભાવવાળા=આવા પ્રકારના શ્રેષ્ઠ અધ્યવસાયવાળા, જીવને કેવા પ્રકારનું તીર્થંકરપણાનું પ્રાર્થન ? એથી કહે છે — તેમાં પ્રવૃત્તિ સ્વરૂપ=ધર્મદેશના આદિમાં પ્રવર્તન સ્વભાવવાળું, તીર્થંકરપણાનું પ્રાર્થન અર્થાપત્તિથી અભીષ્ટ છે, એમ અન્વય છે.

'ननु'થી શંકા કરે છે - 'હું તીર્થંકર થાઉં' એ પ્રકારના આના પ્રાર્થનનું તીર્થંકરવૃત્તિકપણું હોવાથી કેવી રીતે આ=તીર્થંકરનું પ્રાર્થન, ધર્મદેશનાપ્રવર્તન સ્વભાવવાળું છે ? આથી કહે છે —

અર્થાપત્તિથી=ન્યાયથી જોકે તે પ્રાર્થન સાક્ષાત્ તીર્થંકરત્વવૃત્તિવાળું છે તોપણ અર્થાપત્તિથી, ધર્મદેશના આદિમાં જ વર્તે છે; કેમ કે તીર્થંકરત્વના પ્રાર્થન દ્વારા હિતાદિ વિશેષણવાળા ધર્મદેશનાદિ જિનઅનુષ્ઠાનનું જ પ્રાર્થિતપણું છે, એથી તીર્થંકરત્વનું પ્રાર્થન, અદુષ્ટ છે=દૂષણવાળું નથી, એ પ્રમાણે બે ગાથાઓનો અર્થ છે. ।।૪/૩૮-૩૯।।

**ભાવાર્થ :-**

જેઓને ભગવાનની બાહ્ય સમૃદ્ધિ જોઈને તીર્થંકર થવાની ઇચ્છા થાય છે, તેઓને બાહ્ય સમૃદ્ધિ પ્રત્યે જ રાગ હોવાથી તે પ્રાર્થન નિદાનરૂપ છે; પરંતુ જેઓને તીર્થંકરને જોઈને થાય છે કે ધર્મના સેવનથી તીર્થંકરો

થયા છે, તેથી તીર્થંકર અનેક જીવોના હિતને કરનારા છે; કેમ કે મોક્ષમાર્ગ બતાવીને ભવ્ય જીવો માટે નિરુપમ એવા મોક્ષસુખના સંજનક છે. તેથી અપૂર્વ કોટિના ચિંતામણિ રત્ન જેવા છે અર્થાત્ ચિંતામણિ જે સુખ ન આપી શકે તેવા સુખને આપનારા તીર્થંકરો છે. માટે ભગવાનનો સદ્દેશનાદિરૂપ અનુષ્ઠાન અનુપહત હિત છે=જેની તુલના ન થઈ શકે એવું શ્રેષ્ઠ કોટિનું હિત છે. આ પ્રકારે જેઓને બુદ્ધિમાં ભગવાન જણાય છે, તેઓને ભગવાન પ્રત્યે બહુમાન થાય છે અને તેવા બહુમાનને કારણે 'હું પણ ભગવાનની જેમ તીર્થંકર થાઉં' એવી જે અભિલાષા થાય છે, તે અર્થાપત્તિથી ભગવાનના બાહ્ય વૈભવને આશ્રયી નથી; પરંતુ મોક્ષના કારણીભૂત ઉત્તમ એવી તીર્થંકરની પ્રવૃત્તિને જોઈને તીર્થંકર થવાનો અભિલાષ છે, તેથી તે અભિલાષ નિદાનરૂપ નથી, પરંતુ ભવનિર્વેદાદિ પ્રાર્થનાની જેમ જ વિશેષ પ્રકારે અનેક જીવોનો ઉપકાર કરીને મોક્ષની પ્રાપ્તિની પ્રાર્થના સ્વરૂપ જ છે. તીર્થંકરો લોકોને સન્માર્ગ બતાવીને મોક્ષસુખને આપનારા છે, તે સ્વરૂપે જ તીર્થંકર પ્રત્યે બહુમાન છે, અને તે સ્વરૂપથી જ તીર્થંકર થવાની ઇચ્છા થઈ છે, તેથી તેવી તીર્થંકર થવાની ઇચ્છા નિદાનરૂપ નથી.

તીર્થંકર થવાની ઇચ્છા કરનાર વ્યક્તિ માત્ર વિકલ્પો કરે, પરંતુ તીર્થંકરના વાસ્તવિક ગુણો પ્રત્યે બહુમાન ન હોય, તે મૂઢભાવવાળો પરિણામ છે. વિવેકી વ્યક્તિ આ પ્રકારે તીર્થંકરપણાની પ્રાપ્તિની ઇચ્છા કર્યા પછી તીર્થંકરની જેમ સત્ત્વથી તેવા થવાના કારણીભૂત ઉપાયોને સેવવા માટે ઉત્સાહિત થાય તો તેવી ઇચ્છા કલ્યાણનું એક કારણ છે. જેમ ભવનિર્વેદ આદિની પ્રાર્થના કરનાર જીવ શક્તિ અનુસાર ભવનિર્વેદ આદિના ઉપાયોને સેવે તો તેની પ્રાર્થના સમ્યક્ કહેવાય, અન્યથા તે પ્રાર્થના પારમાર્થિક પ્રાર્થના નથી, તેમ તીર્થંકર થવાની પ્રાર્થના કરનારે પણ તીર્થંકર થવાના ઉપાયભૂત ઉચિત યોગમાર્ગમાં યત્ન થાય તે પ્રકારના પ્રણિધાનપૂર્વક તીર્થંકર થવાની પ્રાર્થના કરે તે અદુષ્ટ છે. **॥૪/૩૮-૩૯॥**

**અવતરણિકા :-**

**अथ प्रणिधानवक्तव्यतामुपसंहरन्नुपदेशमाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રણિધાનની વક્તવ્યતાનો ઉપસંહાર કરતાં ઉપદેશને કહે છે=ગ્રંથકારશ્રી પ્રણિધાનની વક્તવ્યતાનો ઉપસંહાર કરીને પ્રસ્તુત પૂજાપંચાશક વિષયક ઉપદેશ આપે છે –**

**ગાથા :-**

**कयमित्थ पसंगेणं पूजा एवं जिणाण कायव्वा ।**
**लद्धूण माणुसत्तं परिसुद्धा सुत्तनीतिए ।।४/४०।।**

**છાયા :-**

**कृतमत्र प्रसङ्गेन पूजा एवं जिनानां कर्तव्या ।**
**लब्ध्वा मानुषत्वं परिशुद्धा सूत्रनीत्या ।।४/४०।।**

**અન્વયાર્થ :-**

इत्थ=અહીં=પ્રણિધાનની વક્તવ્યતામાં, पसंगेण कयं=પ્રસંગથી સર્યું. माणुसत्तं=મનુષ્યભવને, लद्धूण= પામીને, जिणाण=જિનોની, परिसुद्धा पूजा=પરિશુદ્ધ પૂજા, एवं=આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, सुत्तनीतिए=સૂત્રનીતિથી, कायव्वा=કરવી જોઈએ. ।।૪/૪૦।।

**ગાથાર્થ :-**

અહીં=પ્રણિધાનની વક્તવ્યતામાં, પ્રસંગથી સર્યું. મનુષ્યભવને પામીને જિનોની પરિશુદ્ધ પૂજા આ રીતે=પૂર્વમાં વર્ણન કર્યું એ રીતે, સૂત્રનીતિથી કરવી જોઈએ. ।।૪/૪૦।।

**ટીકા :-**

व्याख्या—'कय'मित्यादि । कृतम्=अलम्, अत्र=प्रणिधानवक्तव्यतायां, प्रसङ्गेन=प्रसङ्गायात-भणितेन, पूजा=अर्चनम्, एवम्=उक्तेन कालाद्याराधनप्रकारेण, जिनानाम्=अर्हतां, कर्तव्या=विधेया, लब्ध्वा=प्राप्य, मानुषत्वं=नरत्वं, मानुषाणां विशेषेणोपदेशार्हत्वात् प्रायो यथोपदिष्टकारकत्वाच्च लब्ध्वा मानुषत्वमित्युक्तं, न पुनर्देवत्वादिव्यवच्छेदार्थं । किंविधासौ ? इत्याह — परिशुद्धा=निर्दोषा, सा च स्वप्रतिभासेनापि स्यादत आह-सूत्रनीत्या=आगमन्यायेन । इति गाथार्थः ।।૪/૪૦।।

**ટીકાર્થ :-**

कृतम् ..... गाथार्थः ।। 'कयमित्यादि' પ્રતીક છે. અહીં=પ્રણિધાનની વક્તવ્યતામાં, પ્રસંગથી= પ્રસંગથી આવેલ કથનથી=જયવીયરાયમાં કહેલ યાચના નિદાન છે એ પ્રકારે પ્રસંગથી આવેલ કથનથી, સર્યું. આ રીતે=પૂર્વમાં કહેલ કાલાદિ આરાધનના પ્રકારથી, જિનોની=અરિહંતોની, પૂજા=અર્ચન, મનુષ્યપણાને પામીને કરવી જોઈએ. મનુષ્યોનું વિશેષથી ઉપદેશયોગ્યપણું હોવાથી અને પ્રાયઃ યથા-ઉપદિષ્ટકારકપણું હોવાથી=ઉપદેશમાં કહ્યા અનુસાર કરનારપણું હોવાથી, મનુષ્યપણાને પામીને એ પ્રકારે કહેવાયું; પરંતુ દેવત્વ આદિના વ્યવચ્છેદ માટે નથી. તેથી દેવોએ, તિર્યંચોએ અને નારકોએ પણ ભગવાનની પૂજા કરવી જોઈએ, એમ અન્વય છે.

કેવા પ્રકારની આ=પૂજા, કરવી જોઈએ ? એથી કહે છે —

પરિશુદ્ધ=નિર્દોષ, પૂજા કરવી જોઈએ, એમ અન્વય છે. અને તે=પૂજા, સ્વપ્રતિભાસથી પણ થાય=પોતાની બુદ્ધિમાં જે પ્રમાણે રુચે તે પ્રમાણે પણ થાય. આથી કહે છે — સૂત્રનીતિથી=આગમ ન્યાયથી, પૂજા કરવી જોઈએ, એમ અન્વય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૪૦।।

**ભાવાર્થ :-**

ભગવાનની પૂજા પ્રણિધાનપૂર્વક કરવી જોઈએ અને ચૈત્યવંદનના અંતમાં વિશેષ પ્રકારનું પ્રણિધાન કરવું જોઈએ, એમ બતાવ્યું. ત્યાં પ્રાસંગિક શંકા થઈ કે પ્રણિધાન ઇચ્છા સ્વરૂપ છે, માટે નિદાનરૂપ છે

અને નિદાન ભગવાનના શાસનમાં નિષેધ કરાયું છે, તેથી પ્રાર્થનારૂપ ઇચ્છા નિદાન કઈ રીતે નથી ? તેની સ્પષ્ટતા કરી. હવે તે કથન વડે સર્યું. એ પ્રકારે ઉપસંહાર કરી અને વિવેકી શ્રાવકે શું કરવું જોઈએ ? એ બતાવવા અર્થે કહે છે –

મનુષ્યપણું પામીને સૂત્રનીતિથી પરિશુદ્ધ પૂજા કરવી જોઈએ.

કઈ રીતે કરવી જોઈએ ? એથી કહે છે –

પૂર્વમાં વર્ણન કર્યું એ પ્રમાણે કાલાદિની આરાધનાપૂર્વક કરવી જોઈએ.

તેથી એ પ્રાપ્ત થાય કે ભગવાને બતાવેલા વચનાનુસાર ત્રિકાળ પૂજાની શક્તિ હોય એવા વિવેકી શ્રાવકે સ્વરુચિ અનુસાર યથાતથા પૂજા કરવી જોઈએ નહીં. વળી, સંયોગ તેવા પ્રકારનો ન હોય અને આજીવિકાનો ભંગ થતો હોય તો ક્લેશ કરીને પણ ત્રિકાળ પૂજા કરવા યત્ન કરવો જોઈએ નહીં; પરંતુ દેશ-કાળ આદિ સંયોગોનો વિચાર કરીને અને પોતાની શક્તિનું આલોચન કરીને જે પ્રકારે વીતરાગ પ્રત્યેની ભક્તિની વૃદ્ધિ થાય, તે પ્રકારે પૂજા કરવી જોઈએ. જિનપૂજા કોઈ એક નિયત પ્રકારની નથી; પરંતુ અનેક પ્રકારે છે. આથી જ શાસ્ત્રમાં પાંચ પ્રકારી, અષ્ટ પ્રકારી કે અનેક પ્રકારવાળી પૂજા કહી છે. તેથી બાહ્ય આચારમાં કોઈ એક નિયત પ્રકારની વિધિ નથી. વળી, ચૈત્યવંદનાદિમાં પણ કોઈ એક નિયત પ્રકાર નથી, પરંતુ ભગવાન પ્રત્યેના ગુણના બહુમાનની વૃદ્ધિ થાય, તે પ્રકારે કરવું જોઈએ. જો પોતાની શક્તિ હોવા છતાં તેવી શક્તિવિશેષને ગોપવીને પોતાની ઇચ્છાનુસાર જેમતેમ પૂજા કરવી તે વિવેકી શ્રાવક માટે ઇષ્ટ નથી. તેથી પૂજાના સર્વ પ્રકારોને જાણવા જોઈએ અને તે પૂજાના પ્રકારોને આશ્રયીને ભગવાન પ્રત્યેની ભક્તિની વૃદ્ધિના જે આશયો છે, તે આશયોને અવધારણ કરવા જોઈએ અને અત્યંત વિવેકપૂર્વક જે રીતે કરવાથી ભક્તિની વૃદ્ધિ થાય, તે પ્રકારે પરિશુદ્ધ પૂજા કરવી જોઈએ અર્થાત્ શાસ્ત્રમાં જે જે વિધિઓ પ્રસિદ્ધ છે, તે સર્વનો બોધ કરીને જેનાથી પોતાના ભાવનો પ્રકર્ષ થાય અને શક્તિનું અગોપન થાય, તે પ્રકારે પૂજા કરવી જોઈએ.

વળી, 'મનુષ્યજન્મ પામીને' તેમ કહેવાથી અર્થાપત્તિથી દેવતાઓનું, તિર્યંચોનું અને નારકીઓનું પણ ગ્રહણ છે; કેમ કે ભગવાન પ્રત્યેની ભક્તિવાળા દેવો પણ ભગવાનની પૂજા કરે છે, તિર્યંચો પણ સ્વસંયોગ અનુસાર ભગવાનની પૂજા કરે છે અને નારકીઓ પણ પોતાની ભૂમિકાનુસાર ચિત્તથી ભગવાનનું સ્મરણ કરીને ભગવાનની પૂજા કરે છે; કેમ કે સમ્યક્ત્વને પ્રાપ્ત થયેલા યોગ્ય જીવોને ભગવાનની પૂજા સર્વ કલ્યાણનું એક કારણ જણાય છે. **॥૪/૪૦॥**

**અવતરણિકા :-**

**परिशुद्धा पूजा कर्तव्येत्युक्तं, तत्र च तत्परिशुद्धतामसंभावयतः परस्य मतमादर्शयन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**પરિશુદ્ધ પૂજા કરવી જોઈએ એ પ્રમાણે કહેવાયું=ગાથા-૪૦માં કહેવાયું, અને ત્યાં=પૂજામાં, તેની=પૂજાની પરિશુદ્ધતાની અસંભાવના કરતા પરના મતને બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે –**

ગાથા :-

पूजाए कायवहो पडिकुट्ठो सो य णेव पुज्जाणं ।
उवगारिणि त्ति तो सा परिसुद्धा कह णु होइ त्ति ।।४/४१।।

છાયા :-

पूजायां कायवधः प्रतिक्रुष्टः स च नैव पूज्यानाम् ।
उपकारिणीति तस्मात् सा परिशुद्धा कथं नु भवतीति ।।४/४१।।

અન્વયાર્થ :-

पूजाए=પૂજામાં, कायवहो=કાયવધ છે, य=અને, सो=તે=કાયવધ, पडिकुट्ठो=નિષિદ્ધ છે. (પૂજા) पुज्जाणं=પૂજ્યોને, उवगारिणि=ઉપકાર કરનારી, णेव=નથી જ, तो=તે કારણથી, सा=તે=પૂજા, णु= ખરેખર, परिसुद्धा=પરિશુદ્ધ कह=કેવી રીતે, होइ=થાય ? અર્થાત્ થાય નહિ.

પહેલો त्ति શબ્દ દૂષણની સમાપ્તિ અર્થે અને બીજો त्ति શબ્દ પરમતની સમાપ્તિ અર્થે છે. ।।૪/૪૧।।

ગાથાર્થ :-

પૂજામાં કાયવધ છે અને તે=કાયવધ, નિષિદ્ધ છે. પૂજા પૂજ્યોને ઉપકાર કરનારી નથી જ તે કારણથી, તે=પૂજા ખરેખર પરિશુદ્ધ કેવી રીતે થાય ? અર્થાત્ થાય નહિ. ।।૪/૪૧।।

ટીકા :-

व्याख्या—'पूजे'त्यादि । पूजायां=जिनार्चने, कायवधः=पृथिव्यादिजीवनिकायहिंसा, भवति । तत्कथमसौ परिशुद्धा ? इति । अथ कायवधो न दूषणमित्यत आह – 'पडिकुट्ठो सो य' त्ति स च पुनः=कायवधः, प्रतिक्रुष्टो=निवारितो विधेयतया जिनैः ।

यदाह—

'सव्वे जीवा वि इच्छंति जीविउं न मरिज्जिउं ।
तम्हा पा(णि)वहं घोरं निग्गंथा वज्जयंति णं ।।१।।' (दशवैकालिकसूत्र अध्य.६, गाथा-१०) इति ।

तथा प्रतिषिद्धकायवधद्वारेणापि पूजा विधीयमाना परिशुद्धा भवेद्यद्युपकारस्तया पूज्यानां स्यात्, न चासावित्येतदाह – नैव पूज्यानां=जिनानां, उपकारिणी=उपकरणशीला, वीतरागतया तेषां परितोषाविधायकत्वात् । इतिशब्दो दूषणवक्तव्यतासमाप्तौ । 'तो' इति यस्माद्दूषणोपेतेयं तस्माद्धेतोः सा=पूजा परिशुद्धा=अनवद्या, कथं ? केन प्रकारेण, न कथञ्चिदित्यर्थः, 'नु' इति वितर्के, भवति=जायते, इतिशब्दः परमतसमाप्तौ । इति गाथार्थः ।।४/४१।।

**ટીકાર્થ :-**

**पूजायां ..... गाथार्थः ।। 'पूजेत्यादि' પ્રતીક છે. પૂજામાં=જિનાર્ચનમાં, કાયવધ=પૃથ્વીકાય આદિ જીવનિકાયની હિંસા, થાય છે, તે કારણથી આ=પૂજા, કેવી રીતે પરિશુદ્ધ થાય ? અર્થાત્ થાય નહીં. અથથી પૂર્વપક્ષીને કોઈ કહે કે કાયવધ દૂષણ નથી, તેથી પૂર્વપક્ષી કહે છે – તે પ્રતિકુષ્ટ છે=વળી તે કાયવધનો પ્રતિષેધ કરાયો છે=વિધેયપણાથી જિનો વડે નિવારણ કરાયો છે.**

**જેને કહે છે –**

"સર્વ પણ જીવો જીવવા ઇચ્છે છે, મરવા ઇચ્છતા નથી. તે કારણથી ઘોર એવો પ્રાણીવધ નિર્ગ્રંથો વર્જન કરે છે. ।।૧।।" **(દશવૈકાલિકસૂત્ર અધ્ય.૬, ગાથા-૧૦)**

**અને પ્રતિષિદ્ધ એવા કાયવધ દ્વારા પણ કરાતી પૂજા પરિશુદ્ધ થાય, જો તેના વડે પૂજ્યોને ઉપકાર થાય=પૂજ્ય એવા ભગવાનને ઉપકાર થાય. અને આ=પૂજ્યોને ઉપકાર, નથી, એને કહે છે – પૂજ્યોને=જિનોને, ઉપકાર કરનારી=ઉપકરણ કરવાના સ્વભાવવાળી, પૂજા નથી જ; કેમ કે વીતરાગપણું હોવાને કારણે તેઓના પરિતોષનું અવિધાયકપણું છે.**

**ઈતિ શબ્દ દૂષણની વક્તવ્યતાની સમાપ્તિમાં છે.**

**જે કારણથી દૂષણથી યુક્ત=કાયવધરૂપ દૂષણથી યુક્ત, આ=પૂજા છે, તે હેતુથી, તે પૂજા પરિશુદ્ધ=અનવદ્ય, કયા પ્રકારથી થાય ? કોઈ રીતે થાય નહીં.**

**'नु' શબ્દ વિતર્કમાં છે. 'इति' શબ્દ પરમતની સમાપ્તિમાં છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૪૧।।**

**ભાવાર્થ :-**

પૂર્વગાથામાં ગ્રંથકારશ્રીએ કહ્યું કે પરિશુદ્ધ પૂજા કરવી જોઈએ. તેથી સ્થૂલથી જોનારને જણાય કે સામાયિકનો પરિણામ છ કાયના પાલનના પરિણામરૂપ છે અને તેનાથી જ ભગવાનની પરિશુદ્ધ પૂજા થઈ શકે, માટે જે પૂજામાં કાયવધ હોય તે પૂજાને પરિશુદ્ધ કહી શકાય નહિ; કેમ કે ભગવાને કાયવધનો નિષેધ કર્યો છે.

વળી, પૂજાથી પૂજ્ય એવા ભગવાનને કોઈ ઉપકાર થતો નથી; કેમ કે ભગવાન વીતરાગ છે. તેથી લોકો મારી પૂજા કરે છે, તે પ્રકારનો પરિતોષ તેઓને સંભવતો નથી. પૂજામાં કાયવધ થતો હોવા છતાં જો કદાચ પૂજ્યને ઉપકાર થતો હોય તો પૂજા પરિશુદ્ધ છે એમ માની શકાય, પરંતુ પૂજ્ય એવા ભગવાનને ઉપકાર થતો ન હોય તે પૂજા પરિશુદ્ધ છે એમ કહી શકાય નહિ. તેથી જેમાં હિંસા હોય, તેવી પૂજાને કોઈ રીતે પરિશુદ્ધ કહેવાય નહિ; પરંતુ સામાયિકના પરિણામને જ પરિશુદ્ધ કહેવાય. આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. આથી જ સ્થાનકવાસી પૂજાને હિંસાત્મક હોવાથી ભગવાનની ભક્તિરૂપે અકર્તવ્ય સ્વીકારે છે અને સામાયિકને જ ભગવાનની ભક્તિરૂપે કર્તવ્ય સ્વીકારે છે. **।।૪/૪૧।।**

**અવતરણિકા :-**

इहोत्तरदानायाह—

**અવતરણિકાર્થ :-**

આમાં=ગાથા-૪૧માં કરેલ પૂર્વપક્ષીની શંકામાં, ઉત્તરદાન માટે કહે છે –

**ગાથા :-**

**भण्णइ – जिणपूयाए कायवहो जति वि होइ उ कहिं चि ।**
**तह वि तई परिसुद्धा गिहीण कूवाहरणजोगा ।।४/४२।।**

**છાયા :-**

भण्यते – जिनपूजायां कायवधो यद्यपि भवति तु कथञ्चित् ।
तथापि तका परिशुद्धा गृहीणां कूपोदाहरणयोगात् ।।४/४२।।

**અન્વયાર્થ :-**

भण्णइ=ઉત્તર અપાય છે – जति वि=જોકે, जिणपूयाए=જિનપૂજામાં, कहिं चि=કોઈ રીતે, कायवहो=કાયવધ, होइ=થાય છે, तह वि=તો પણ, तई=તે=જિનપૂજા, गिहीण=ગૃહસ્થોને, कूवाहरणजोगा=કૂપના ઉદાહરણના સંબંધથી, परिसुद्धा=પરિશુદ્ધ છે.

'उ' શબ્દ પાદપૂર્તિ અર્થે છે. ।।૪/૪૨।।

**ગાથાર્થ :-**

**ઉત્તર અપાય છે – જોકે જિનપૂજામાં કોઈ રીતે વળી કાયવધ થાય છે તોપણ તે=જિનપૂજા, ગૃહસ્થોને કૂપના ઉદાહરણના સંબંધથી, પરિશુદ્ધ છે. ।।૪/૪૨।।**

**ટીકા :-**

**व्याख्या—'भण्णई'त्यादि । भण्यते=अभिधीयते, समाधिरिति गम्यम् जिनपूजायां कायवधो=जीवनिकायहिंसा, यद्यपीति परवचनाभ्युपगमे भवति=जायते, तुशब्दः पादपूरणे कथञ्चित्=केनचित्प्रकारेण, यतनाविशेषेण प्रवर्तमानस्य सर्वथाऽपि न भवतीत्यपि दर्शनार्थं कथञ्चिद् ग्रहणं । तथा यद्यपि चासौ प्रतिषिद्ध इत्येतदिह स्थाने द्रष्टव्यं । तथापि तदिति (तदपि) । 'तई' तका सा=जिनपूजा, परिशुद्धा=निरवद्या, केषां ? गृहिणां, न तु साधूनां ।**

**यतः—**

'अधिकारिवशात् शास्त्रे धर्मसाधनसंस्थितिः ।
व्याधिप्रतिक्रियातुल्या विज्ञेया गुणदोषयोरिति ।।१।।' **[हारिभद्रीय-अष्टक-२/५]**

कथं परिशुद्धा ? इत्याह—कूपोदाहरणस्य=अवटखननज्ञातस्य, योगः=संबन्धः, दार्ष्टान्तिकयोजनं कूपोदाहरणयोगः तस्मादिति । उदाहरणयोजनं चैवम् — यद्विशिष्टगुणान्तरसंपादकं, तदीषद्दोषदुष्टमपि परिशुद्धमवसेयं, यथा श्रमतृष्णाकर्दमलेपादिदोषयुक्तं जलोद्‌गमसंपाद्याकालतृष्णाच्छेदादिमहागुणयुक्तं कूपखननं, विशिष्टकर्मक्षयादिगुणसंपादिका च जिनपूजा । इति गाथार्थः ।।४/४२।।

**ટીકાર્થ :-**

भण्यते ..... गाथार्थः ।। 'भण्णईत्यादि' પ્રતીક છે. ઉત્તર અપાય છે=સમાધિ એ અધ્યાહાર છે, એથી સમાધાન સમાધિ છે એ પ્રકારનો અર્થ હોવાથી સમાધાનરૂપ ઉત્તર કહેવાય છે, પરવચનનો અભ્યુપગમ હોતે છતે જિનપૂજામાં કાયવધ=જીવનિકાયની હિંસા, જોકે કથંચિદ્=કોઈક પ્રકારે થાય છે. 'तु' શબ્દ પાદપૂરણમાં છે.

યતનાવિશેષથી પ્રવર્તમાનને સર્વથા પણ કાયવધ થતો નથી, એ પણ બતાવવા માટે કથંચિદ્ ગ્રહણ છે.

અને જોકે આ પ્રતિષિદ્ધ છે એ આ સ્થાનમાં જાણવું=ભગવાનના શાસનમાં કાયવધ પ્રતિષિદ્ધ છે એ યતનાવિશેષ વગર પ્રવર્તમાન શ્રાવક છે તે સ્થાનમાં જાણવું, તો પણ=તે કાયવધ પ્રતિષિદ્ધ છે તેવી આચરણા પ્રમાદથી કોઈક શ્રાવક કરે છે તો પણ, તે જિનપૂજા પરિશુદ્ધ=નિરવદ્ય થાય છે.

કોને ? એથી કહે છે –

ગૃહસ્થોને નિરવદ્ય છે વળી સાધુને નહિ. જે કારણથી –

"અધિકારીના વશથી ગુણદોષમાં વ્યાધિની પ્રતિક્રિયાતુલ્ય શાસ્ત્રમાં ધર્મસાધનની સંસ્થિતિ જાણવી. ।।૧।।"
**(હરિભદ્રસૂરિ વિરચિત અષ્ટકપ્રકરણ અષ્ટક-૨, શ્લોક-૫)**

કેવી રીતે પરિશુદ્ધ છે ?=જે પૂજામાં યતનાની સ્ખલનાને કારણે પ્રતિષિદ્ધ એવી હિંસા થાય છે તે પૂજા કેવી રીતે પરિશુદ્ધ છે ? એથી કહે છે –

કૂપઉદાહરણનો=કૂપખનનના દૃષ્ટાંતનો, યોગ છે=સંબંધ છે=દાર્ષ્ટાંતિક યોજન કૂપઉદાહરણના યોગવાળું છે તે કારણથી પરિશુદ્ધ છે. અને ઉદાહરણનું યોજન આ પ્રમાણે છે – જે વિશિષ્ટ ગુણાંતરનું સંપાદક છે, તે થોડા દોષથી, દુષ્ટ પણ પરિશુદ્ધ જાણવું. જે પ્રમાણે શ્રમ-તૃષ્ણા-કર્દમલેપ આદિ દોષયુક્ત, જળના ઉદ્‌ગમથી સંપાદ્ય સદા તૃષ્ણા છેદાદિ મહાગુણથી યુક્ત કૂપખનન. અને વિશિષ્ટ કર્મક્ષયાદિ ગુણને સંપાદન કરનારી જિનપૂજા છે, તેથી તે પણ પરિશુદ્ધ જાણવી એમ અન્વય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૪૨।।

**ભાવાર્થ :-**

ગાથા-૪૧માં પૂર્વપક્ષીએ શંકા કરી કે ભગવાનની પૂજા પરિશુદ્ધ કઈ રીતે થઈ શકે ? અર્થાત્ થઈ શકે નહિ. તેનું સમાધાન કરતાં ગ્રંથકારશ્રી પ્રસ્તુત ગાથામાં કહે છે –

ભગવાનની પૂજામાં જેઓ અત્યંત અપ્રમાદવાળા છે, તેઓ ભગવાનની પૂજાકાળમાં અંતરંગ રીતે વીતરાગના ગુણોને સ્પર્શે તે રીતે સર્વ યતના કરે છે. તેથી પાંચ ઇન્દ્રિયોથી સંવૃત થઈને સ્થિર ચિત્તપૂર્વક જિનના ગુણોના પ્રણિધાનપૂર્વક સંસારઅવસ્થાથી સંપૂર્ણ પર એવી સિદ્ધઅવસ્થાનું સ્મરણ કરીને તેના પ્રત્યે ભક્તિની વૃદ્ધિ થાય, તે રીતે જિનપૂજામાં યત્ન કરે છે અને પૂજાકાળમાં ભગવાનની ભક્તિમાં આવશ્યક અંગ ન હોય તેવી સૂક્ષ્મ પણ હિંસાના પરિહાર અર્થે સર્વ ઉચિત યતના કરે છે. આથી જ જિનાલય નિર્માણ અર્થે તદ્દેશવર્તી=જ્યાં જિનાલય નિર્માણ કરવું છે તે સ્થાનમાં વસનારા જીવોને કોઈ ક્લેશ ન થાય તે પ્રકારે ઘણા ધનવ્યયથી યત્ન કરે છે. વળી, પૃથ્વીકાય આદિના શક્ય રક્ષણના અર્થે કે તે સ્થાનમાં વર્તતા ત્રસજીવોના રક્ષણ અર્થે પણ પ્રચુર ધનવ્યયથી શક્ય યતના કરે છે. વળી, ભગવાનની પૂજા વખતે પુષ્પાદિ જીવોની કે અન્ય ત્રસ જીવોની હિંસા ન થાય તેના માટે પણ શક્ય ઉચિત યતના કરે છે. તેથી જે શ્રાવકનું ચિત્ત સાધુધર્મના પરિભાવનથી અત્યંત સંપન્ન થયું છે અને ભગવાનના વીતરાગતાદિ ભાવો પ્રત્યે અત્યંત પ્રવર્ધમાન બહુમાન છે, એવા વિવેકી શ્રાવકો યતનાવિશેષથી ભગવાનની ભક્તિમાં નિષ્પ્રયોજન એવી હિંસાના પરિહાર માટે યતના કરે છે. તેઓની પૂજામાં લેશ પણ કાયવધ નથી; પરંતુ તે પ્રકારનું અત્યંત ભાવિત ચિત્ત અને તે પ્રકારની સૂક્ષ્મ યતના અતિદુષ્કર છે. તેથી વિવેકી શ્રાવકને પણ તેમાં સ્ખલના થવાની સંભાવના છે, જેના કારણે અત્યંત યતનાથી પરિહાર શક્ય છે એવા પણ પૃથ્વીકાય આદિ જીવોની હિંસા થાય છે, જે કાયવધરૂપ છે. જોકે સામાન્યથી ભગવાને કાયવધનો નિષેધ કરેલ છે, તોપણ કોઈ ગૃહસ્થથી અયતનાને કારણે કંઈક કાયવધ થઈ જાય તોપણ, કૂપના ઉદાહરણથી ગૃહસ્થોની તે પૂજા પરિશુદ્ધ છે.

જેમ કૂવો ખોદવાની ક્રિયામાં શ્રમ, તૃષ્ણા, કાદવનો લેપ આદિ દોષો થાય છે, તોપણ પાણીની પ્રાપ્તિ થયા પછી સદા માટે તૃષાનો વ્યવચ્છેદ થાય છે અને કાદવથી લેપાયેલું શરીર પણ સ્વચ્છ થાય છે, તેથી તૃષાતુરને માટે અન્ય કોઈ ઉપાય ન હોય તો કૂવો ખોદવો એ પણ હિતકારી છે. આની જેમ જે જીવો અત્યંત સંવૃત થઈને ભગવાનની પૂજા કરવા ઇચ્છે તોપણ તે પ્રકારની સૂક્ષ્મ યતનાપૂર્વક ભગવાનની ભક્તિમાં અનુપયોગી હિંસાનો પરિહાર ન કરી શકે, ત્યારે જે ઉપયોગની સ્ખલનાથી હિંસા થાય છે, તે હિંસાજન્ય કાંઈક લેપ થાય છે; કેમ કે તથાપ્રકારના પરિણામથી તથાપ્રકારના કર્મબંધની પ્રાપ્તિ છે, તોપણ પૂજાકાળમાં જિનના ગુણોને સ્પર્શતું ઉત્તમ ચિત્ત વીતરાગને અભિમુખ ગમનને કારણે ચિત્તની ઘણી અસંગ ભૂમિકાને પ્રાપ્ત કરાવે છે.

વળી શ્રાવકને કૂપખનનના દૃષ્ટાંતથી તેવી સ્ખલનાવાળી પણ પૂજા ઇષ્ટ છે; પરંતુ સાધુને ઇષ્ટ નથી; કેમ કે શાસ્ત્રમાં અધિકારીપણાના વશથી ધર્મના સાધનની સંસ્થિતિ છે. શ્રાવક વૈભવવાળા છે, તેથી ઉત્તમ વૈભવથી લોકોત્તમ પુરુષની ભક્તિ કરવાના અધિકારી છે. જ્યારે સાધુ નિર્ગ્રંથભાવવાળા છે, તેથી બાહ્ય પરિગ્રહ નથી અને અંતરંગ પણ નિષ્પરિગ્રહ પરિણામમાં જ યત્ન કરનારા છે. એથી વીતરાગનું ભાવસ્તવ કરીને અત્યંત અસંગ પરિણામને ઉલ્લસિત કરી શકે છે તેથી ભાવસ્તવના જ અધિકારી સાધુ છે, આથી સાધુ દ્રવ્યસ્તવ કરતા નથી.

જોકે ભાવસાધુ પણ સંયમની વૃદ્ધિના પ્રયોજનથી નદી ઊતરે છે, ત્યારે બાહ્ય હિંસા થાય છે તોપણ સંયમવૃદ્ધિનું અંગ હોવાથી નદી ઊતરતી વખતે પૂર્ણ યતના હોવાથી સાધુને સંયમની વૃદ્ધિની જ પ્રાપ્તિ થાય છે. તે રીતે પણ સાધુને પૂજામાં અધિકાર નથી; કેમ કે પૂજાનું મુખ્ય પ્રયોજન નિર્ગ્રંથભાવની વૃદ્ધિ છે. આથી જ પરમ નિર્ગ્રંથ એવા ભગવાનની પૂજા કરીને શ્રાવક પણ નિર્ગ્રંથભાવને પ્રગટ કરવા યત્ન કરે છે પરંતુ સાધુ ભાવથી નિર્ગ્રંથ છે, એથી ઉત્તમ દ્રવ્યોથી પૂજાના અધિકારી નથી, પણ ભગવાનની સ્તુતિ કરીને વિદ્યમાન નિર્ગ્રંથભાવને અતિશયિત કરવા યત્ન કરે છે.

જેમ વ્યાધિની પ્રતિક્રિયા વ્યાધિના ભેદને અનુરૂપ હોય છે, તેમ સાધુ અને શ્રાવક ભિન્ન પ્રકારના વ્યાધિવાળા છે તેથી તેના ઔષધરૂપ દ્રવ્યસ્તવનો અને ભાવસ્તવનો ભેદ છે; કેમ કે શ્રાવક બાહ્ય પદાર્થના પ્રતિબંધવાળા છે. તેથી ધનાદિ પ્રત્યેના મમત્વને કારણે તેનો સંચય કરે છે, તોપણ તે ધન દ્વારા ઉત્તમ પુરુષની ભક્તિ કરીને હું કૃતકૃત્ય થાઉં, એ પ્રકારે તેના વ્યાધિની પ્રતિક્રિયારૂપ દ્રવ્યસ્તવ તેઓને ગુણકારી છે અર્થાત્ શ્રાવકને ધન પ્રત્યે મૂર્ચ્છા હોવા છતાં પરમગુરુ પ્રત્યે અધિક બહુમાન છે તેથી તેના વ્યયથી પણ તેમની ભક્તિ કરે છે. જેનાથી ભગવાનના નિર્ગ્રંથભાવને અભિમુખ તેઓનું પણ મન વર્તે છે અને જેઓ સંપૂર્ણ પરિગ્રહનો ત્યાગ કરીને નિર્ગ્રંથભાવમાં સાક્ષાત્ યત્ન કરે છે, તેવા સુસાધુને ભગવાનની ભક્તિ અર્થે હું ધન પ્રાપ્ત કરીને નિર્ગ્રંથભાવની શક્તિ સંચય કરું, તેવો વિકલ્પ દોષરૂપ છે; કેમ કે નિર્ગ્રંથભાવમાં વર્તતા તેઓ પરમ નિર્ગ્રંથ એવા તીર્થંકરોની સ્તુતિ કરીને સાક્ષાત્ નિર્ગ્રંથભાવની વૃદ્ધિ કરી શકે છે. તેથી ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની ભક્તિ કરું, એવા બાહ્ય પદાર્થો પ્રત્યે સંગથી યુક્ત પૂજાનો પરિણામ તેઓને ઉચિત નથી. **॥૪/૪૨॥**

**અવતરણિકા :-**

**समाधानान्तरमाह—**

**અવતરણિકાર્થ :-**

**સમાધાનાંતરને કહે છે=શ્રાવકને પૂજા કેમ કર્તવ્ય છે, સાધુને નહીં તેના માટે અન્ય સમાધાન કહે છે –**

**ગાથા :-**

**असदारंभपवत्ता जं च गिही तेण तेसि विन्नेया ।**
**तन्निव्वित्तिफल च्चिय एसा परिभावणीयमिणं ।।४/४३।।**

**છાયા :-**

**असदारम्भप्रवृत्ताः यच्च गृहिणस्तेन तेषां विज्ञेया ।**
**तन्निवृत्तिफलैव एषा परिभावनीयमिदम् ।।४/४३।।**

**અન્વયાર્થ :-**

च=અને, जं=જે કારણથી, असदारंभपवत्ता=અસદ્ આરંભપ્રવૃત્ત, गिही=ગૃહસ્થો છે, तेण=તે કારણથી, तेसि=તેઓને, तन्निव्वित्तिफल च्चिय=તેની નિવૃત્તિ ફળવાળી જ=અસદ્ આરંભની નિવૃત્તિ ફળવાળી જ, एसा=આ=પૂજા, विन्नेया=જાણવી, इणं=એ, परिभावणीयं=પરિભાવન કરવું જોઈએ. ।।૪/૪૩।।

**ગાથાર્થ :-**

**અને જે કારણથી અસદ્ આરંભપ્રવૃત્ત ગૃહસ્થો છે, તે કારણથી તેઓને તેની નિવૃત્તિ ફળવાળી જ=અસદ્ આરંભની નિવૃત્તિ ફળવાળી જ આ=પૂજા, જાણવી, એ પરિભાવન કરવું જોઈએ. ।।૪/૪૩।।**

**ટીકા :-**

व्याख्या—'असदे'त्यादि । असदारंभप्रवृत्ताः=प्राण्युपमर्दनहेतुत्वेनाशोभनकृष्यादिव्यापारप्रसक्ताः, यत्=यस्माद्धेतोः, चशब्दः समुच्चये गृहिणो=गृहस्थाः, तेन=हेतुना तेषां=गृहिणां, विज्ञेया=ज्ञातव्या तन्निवृत्तिफलैव=देहगेहादिनिमित्तजीवोपमर्दनरूपाशुभारंभनिवृत्तिप्रयोजनैव, भवति हि जिनपूजाजनित-भावविशुद्धिप्रकर्षेण चारित्रमोहनीयक्षयोपशमसद्भावात्कालेनासदारंभेभ्यो निवृत्तिः, तथा जिनपूजाप्रवृत्ति-काले वाऽसदारंभाणामसंभवात् शुभभावसंभवाच्च तन्निवृत्तिफलासौ भवतीत्युच्यते एषा=जिनपूजा परिभावनीयं=पर्यालोचनीयं, इदं=जिनपूजाया असदारंभनिवर्तनफलत्वं, भवद्भिरपि येनावबुध्यते तथैव प्रतिपद्यते । इति गाथार्थः ।।४/४३।।

**ટીકાર્થ :-**

**असदारंभप्रवृत्ताः ..... गाथार्थः ।। 'असदेत्यादि' પ્રતીક છે. જે કારણથી અસદ્ આરંભપ્રવૃત્ત=પ્રાણીના ઉપમર્દનના હેતુપણાથી અશોભન એવા કૃષિ આદિ વ્યાપારમાં પ્રસક્ત, ગૃહસ્થો છે, તે હેતુથી તેઓને તેની નિવૃત્તિના ફળવાળી પૂજા જાણવી, એમ અન્વય છે. 'च' શબ્દ=શ્લોકમાં રહેલ 'च' શબ્દ સમુચ્ચયમાં છે.**

પૂજા અસદ્આરંભની નિવૃત્તિના ફળવાળી છે, એ અર્થ સ્પષ્ટ કરે છે –

**દેહના=શરીરના, અને ગૃહાદિના નિમિત્તે જીવના ઉપમર્દનરૂપ જે અશુભ આરંભ, તેની નિવૃત્તિના પ્રયોજનવાળી જ પૂજા છે. हि=જે કારણથી, જિનપૂજાજનિત ભાવવિશુદ્ધિના પ્રકર્ષથી ચારિત્રમોહનીયના ક્ષયોપશમનો સદ્ભાવ થવાના કારણે કાળ વડે=કેટલાક કાળથી, અસદ્ આરંભથી નિવૃત્તિ થાય છે અથવા તે પ્રકારે જિનપૂજાની પ્રવૃત્તિકાળમાં=ભગવાનના ગુણોના પ્રણિધાનપૂર્વક જિનપૂજાની પ્રવૃત્તિકાળમાં, અસદ્આરંભનો અસંભવ હોવાથી અને શુભભાવનો સંભવ હોવાથી તેની નિવૃત્તિ ફળવાળી આ=પૂજા, થાય છે, એ પ્રમાણે કહેવાય છે. આ=જિનપૂજાનું અસદ્આરંભ નિવૃત્તિફળપણું, તમારા વડે**

**પરિભાવન કરવું જોઈએ=પર્યાલોચન કરવું જોઈએ. જેનાથી અવબોધ થાય અને તે પ્રકારે જ સ્વીકાર થાય=પૂજાકાળમાં તે પ્રકારે પરિણામ થાય છે એમ સ્વીકાર થાય એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૪૩॥**

**ભાવાર્થ :-**

ગૃહસ્થો સંસારમાં કાયિક, વાચિક કે માનસિક જે કાંઈ પ્રવૃત્તિ કરે છે, એ બાહ્ય પદાર્થને આશ્રયીને શાતાના અર્થે કે અશાતાના નિવારણ અર્થે કરે છે. તે પ્રવૃત્તિઓમાં બાહ્ય જીવોની હિંસા થાય છે. જેમ કાયિક પ્રવૃત્તિમાં કાયિક હિંસા થાય છે, વાચિક પ્રવૃત્તિમાં પ્રાયઃ કષાયોથી પ્રવૃત્તિ થાય છે, જે કોઈકના કષાયના ઉદ્રેકના કારણરૂપે હોય છે અને માનસિક પ્રવૃત્તિમાં પોતાના ભોગાદિ અર્થે કોઈ વિચારણા કરે તે સર્વને અનુરૂપ હિંસાદિની પ્રવૃત્તિ સંસારી જીવોને સતત વર્તે છે. તેથી સાક્ષાત્ હિંસાનો વિચાર ન હોય તેવી પણ દેહ સંબંધી કે ગૃહાદિ સંબંધી જે કાંઈ વિચારણા છે, તે સર્વમાં બીજા જીવોની હિંસાને અનુકૂળ અધ્યવસાય સામાન્યપણે વર્તે છે. તેથી ગૃહસ્થ સતત અસદ્ આરંભની પ્રવૃત્તિવાળા છે.

આવા અસદ્ આરંભની પ્રવૃત્તિવાળા ગૃહસ્થો ભગવાનની પૂજા કરે છે, ત્યારે જિનપૂજાજનિત વીતરાગતાને અભિમુખ ભાવવિશુદ્ધિનો પ્રકર્ષ થાય છે, જેનાથી ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ થાય છે. તેથી શ્રાવકનું ચિત્ત મોહથી અનાકુળ એવા આત્માના સ્વભાવમાં જવાને અનુકૂળ વ્યાપારવાળું બને છે. આ રીતે પૂજા કરીને શ્રાવક સર્વવિરતિની શક્તિનો સંચય કરે છે, જેનાથી કાયિક-વાચિક-માનસિક એમ ત્રણેય પ્રકારની હિંસાના સર્વ આરંભોનો ત્યાગ કરીને સંસારના ઉચ્છેદ માટે મહાપરાક્રમ કરે તેટલી સર્વ પાપોની નિવૃત્તિ થાય છે. આ રીતે ભગવાનની પૂજા ભાવિમાં ભાવથી સર્વવિરતિની પ્રાપ્તિનું કારણ હોવાથી અસદ્આરંભની નિવૃત્તિના ફળવાળી પૂજા છે.

અથવા ભગવાનની પૂજાકાળમાં જે શ્રાવક ભગવાનના ગુણોમાં પ્રણિધાનપૂર્વક યત્ન કરે છે, તે શ્રાવકનું ચિત્ત પૂજાકાળમાં જ અસદ્આરંભ વગરનું છે. વીતરાગના ગુણોનું અવલંબન લેનારનું ચિત્ત ચારિત્ર-મોહનીયકર્મના ક્ષયમાં પ્રવૃત્ત હોવાથી શુભભાવવાળું છે. તેથી પૂજાકાળને આશ્રયીને પણ અસદ્આરંભની નિવૃત્તિફળવાળી આ પૂજા છે. તેથી એ ફલિત થાય કે માત્ર ભગવાનની પૂજા કરે છે અને જિનગુણનો કોઈ ઉપયોગ નથી, તેઓની પૂજામાં વિષયાભ્યાસરૂપ કાંઈક શુભભાવ હોવા છતાં સાક્ષાત્ સર્વવિરતિની શક્તિના સંચયને અનુકૂળ કોઈ પરિણામનો પ્રવાહ નથી, એથી તે ક્રિયા સાક્ષાત્ અસદ્આરંભની નિવૃત્તિના ફળવાળી બનતી નથી; પરંતુ તે પૂજા કાંઈક શુભભાવવાળી બને છે.

જે શ્રાવકોને "પરમ ગુરુ એવા ભગવાન ક્ષાયિકભાવના ક્ષમાદિ ભાવવાળા છે" તેવું સ્મરણ છે અને તેના કારણે જ તેમના પ્રત્યે બહુમાન છે અને ક્રિયાકાળમાં તેમના ક્ષાયિકભાવના ક્ષમાદિ ભાવોનું સ્મરણ કરીને તેના પ્રત્યે બહુમાનભાવ વૃદ્ધિ પામે તે પ્રકારે પૂજા કરે છે, ત્યારે તેમની કાયિક ક્રિયાથી પુષ્પાદિ જીવોને સ્થૂલથી હિંસા થતી દેખાય છે, તોપણ યતનાપરાયણ શ્રાવકો ષટ્કાયના પાલનના અધ્યવસાયવાળા થાય છે, ક્ષાયિકભાવના ક્ષમાદિ ગુણોનું અવલંબન લઈને ક્ષયોપશમભાવના ક્ષમાદિ ભાવો કરવામાં યત્નવાળા થાય છે. તેથી તેઓની પૂજામાં સતત ચારિત્રમોહનીયનો ક્ષયોપશમ વૃદ્ધિ પામે છે. તેથી ચિત્ત

નિરારંભભાવ તરફ જ પ્રવર્ધમાન હોય છે, માટે તેઓની પૂજા અસદ્આરંભના નિવૃત્તિના ફળવાળી છે; કેમ કે કાયાથી થતી વિરાધનાને કે અવિરાધનાને આશ્રયીને હિંસા કે અહિંસા નથી, પરંતુ દયાળુ કે અદયાળુ ચિત્ત અનુસાર હિંસા-અહિંસા છે. આથી સંસારમાં ગૃહસ્થો કોઈ આરંભ-સમારંભ ન કરતા હોય તે છતાં મૂઢની જેમ સૂતા હોય કે નિરર્થક બેઠા હોય, નિરર્થક વિચારણા કરતા હોય ત્યારે પણ અસદ્આરંભની પ્રવૃત્તિવાળું તેઓનું ચિત્ત હોય છે જ્યારે ભગવાનની પૂજા કરતી વખતે વિવેકી શ્રાવક યતનાપૂર્વક જલાદિથી ભગવાનનું પ્રક્ષાલન કરે ત્યારે શ્રાવકની કાયાથી થતા વ્યાપાર દ્વારા જલાદિ જીવોની વિરાધના થતી હોવા છતાં શ્રાવકનું ચિત્ત વીતરાગના ગુણોને સ્પર્શીને વીતરાગતા તરફ બહુમાનભાવની વૃદ્ધિ કરે છે, ત્યારે તેનું ચિત્ત વીતરાગતાને અભિમુખ ક્ષયોપશમભાવના સર્વવિરતિના પરિણામને અનુકૂળ વર્તતું હોવાથી તે પૂજાની ક્રિયામાં ભાવથી અહિંસા છે અને દ્રવ્યથી જ માત્ર જળના જીવોની હિંસા છે. વળી, શ્રાવકની સૂવા આદિની કે બેસી રહેવાની પ્રવૃત્તિકાળમાં દ્રવ્યથી કોઈ હિંસા નહિ હોવા છતાં ચિત્ત દેહ સંબંધી કે ગૃહ સંબંધી કોઈ ભાવોમાં વર્તતું હોય તો ભાવથી હિંસારૂપ જ છે. **॥૪/૪૩॥**

**અવતરણિકા :-**

**अथ यदुक्तं 'नैव पूज्यानामुपकारिणी'ति तत्समाधानार्थमाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે 'પૂજ્યોને ઉપકારી=પૂજા ઉપકારી, નથી જ' એ પ્રમાણે જે કહેવાયું=ગાથા-૪૧માં પૂર્વપક્ષી વડે જે કહેવાયું, તેના સમાધાન માટે કહે છે –**

**ગાથા :-**

**उवगाराभावम्मि वि पूज्जाणं पूजगस्स उवगारो ।**
**मंतादिसरणजलणाइसेवणे जह तहेहं पि ।।४/४४।।**

**છાયા :-**

**उपकाराभावेऽपि पूज्यानां पूजकस्य उपकारः ।**
**मन्त्रादिस्मरणज्वलनादिसेवने यथा तथेहापि ।।४/४४।।**

**અન્વયાર્થ :-**

**पूज्जाणं=પૂજ્યોને, उवगाराभावम्मि=ઉપકારના અભાવમાં, वि=પણ, पूजगस्स=પૂજકને, उवगारो=ઉપકાર છે; जह=જે પ્રમાણે, मंतादिसरणजलणाइसेवणे=મંત્ર આદિના સ્મરણ અને અગ્નિ આદિના સેવનમાં (સેવકને ઉપકાર છે; પરંતુ મંત્ર આદિ કે અગ્નિ આદિને ઉપકાર નથી), तह=તે પ્રમાણે, इहं पि=અહીં પણ=પૂજામાં પણ, જાણવું, એમ અન્વય છે. ।।૪/૪૪।।**

**ગાથાર્થ :-**

**પૂજ્યોને ઉપકારના અભાવમાં પણ પૂજકને ઉપકાર છે; જે પ્રમાણે મંત્ર આદિના સ્મરણ અને અગ્નિ આદિના સેવનમાં (સેવકને ઉપકાર છે; પરંતુ મંત્ર આદિ કે અગ્નિ આદિને ઉપકાર નથી) તે પ્રમાણે અહીં પણ=પૂજામાં પણ, જાણવું. ||૪/૪૪||**

**ટીકા :-**

व्याख्या—'उवे'त्यादि । उपकाराभावेऽपि=कृतकृत्यत्वेनानन्दाद्युपकारस्यासंभवेऽपि, आस्तामुपकारसद्भावे । केषाम् ? इत्याह-पूज्यानां=पूजार्हाणां जिनानां, पूजकस्य=अर्चकस्य, उपकारः=पुण्यबन्धादिलक्षणो गुणो भवति । एतद्दृष्टान्तेन समर्थयन्नाह-मंत्रादिस्मरणं च=मंत्रविद्याध्यानं, ज्वलनादिसेवनं च=वह्निनीरप्रभृतिसंश्रय इति समाहारद्वन्द्वोऽतस्तस्मिन् यथा=येन प्रकारेण, सेव्यस्यानुपकारेऽपि सेवकस्योपकारस्तथा तेनैव प्रकारेण, इहापि=पूजाविषयेऽपि, पूजकस्योपकारो भवति । इति गाथार्थः ।।४/४४।।

**ટીકાર્થ :-**

उपकाराभावेऽपि ..... गाथार्थः ।। 'उवेत्यादि' પ્રતીક છે. ઉપકારના અભાવમાં પણ=શ્રાવકની પૂજાથી ભગવાન કૃતકૃત્ય હોવાના કારણે ભગવાનને આનંદ આદિરૂપ ઉપકારના અસંભવમાં પણ= ઉપકારના સદ્ભાવમાં તો દૂર રહો પરંતુ ઉપકારના અસદ્ભાવમાં પણ, કોને ઉપકારના અસંભવમાં ? એથી કહે છે — પૂજ્યોને=પૂજાયોગ્ય એવા જિનોને, ઉપકાર અભાવમાં પણ પૂજકને=અર્ચકને, ઉપકાર=પુણ્યબંધાદિ લક્ષણ ગુણ થાય છે=પુણ્યબંધ સકામનિર્જરારૂપ ગુણ થાય છે. આને=પૂજકને ઉપકાર થાય છે આને, દૃષ્ટાંતથી સમર્થન કરતાં કહે છે — મંત્રાદિનું સ્મરણ=મંત્ર-વિદ્યાનું ધ્યાન અને જ્વલનાદિનું સેવન=અગ્નિ, પાણી વગેરેનું આશ્રયણ, તેમાં=મંત્રાદિના સ્મરણમાં કે અગ્નિ આદિના સેવનમાં, જે પ્રકારે સેવ્યના અનુપકારમાં પણ=મંત્રાદિના અનુપકારમાં પણ, સેવકને=મંત્રાદિના સ્મરણ કરનારને, ઉપકાર છે, એ જ પ્રકારથી અહીં પણ=પૂજાના વિષયમાં પણ, પૂજકને ઉપકાર થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ||૪/૪૪||

**ભાવાર્થ :-**

વિવેકસંપન્ન શ્રાવકો ભગવાનના ગુણોનું સ્મરણ કરીને ઉત્તમ દ્રવ્યોથી ભગવાનની ભક્તિ કરે છે. આ ભક્તિને જોઈને સિદ્ધમાં રહેલા ભગવાનને આનંદાદિ ઉપકારનો સંભવ નથી, તોપણ વિવેકી શ્રાવકને ભગવાન પ્રત્યેનો જે પૂજ્યભાવ છે, તે પૂજાની પ્રવૃત્તિથી પ્રવર્ધમાન થાય છે. પૂજ્યોના ગુણોના સ્મરણને કારણે પૂજ્યના સ્વરૂપથી શ્રાવકનો આત્મા જે જે અંશથી વાસિત બને છે, તે તે અંશથી શ્રાવકને પોતાના તે પ્રકારના મતિજ્ઞાનના ઉપયોગથી ભગવાનને અવલંબીને જે પ્રકારનો અધ્યવસાય થાય છે, તેને અનુરૂપ પુણ્યબંધ અને ચારિત્રની પ્રાપ્તિના બાધક ઘાતિકર્મના ક્ષયથી નિર્જરાની પ્રાપ્તિ થાય છે.

વળી, પૂજક એવા શ્રાવકને પૂજાથી ઉપકાર થાય છે, એ કથનને દૃષ્ટાંતથી સમર્થન કરે છે –

જેઓ મંત્રનું કે વિદ્યાનું સ્મરણ કરે છે, તેનાથી મંત્રને કે વિદ્યાને કોઈ ઉપકાર થતો નથી તોપણ મંત્રનો કે વિદ્યાનો તેવો જ સ્વભાવ છે કે સ્મરણ કરનારને તે પ્રકારના ફળની પ્રાપ્તિ થાય. વળી શીતાદિના કારણે મનુષ્યો શીતના પરિહાર અર્થે તાપણું કરે છે, તે તાપણાથી અગ્નિને કોઈ ઉપકાર થતો નથી, તોપણ તાપણું સેવનાર મનુષ્યોને શીતના પરિહારરૂપ ઉપકાર થાય છે; કેમ કે અગ્નિનો તેવો જ સ્વભાવ છે કે શીતાદિનો પરિહાર કરે. વળી, અતિશય ગરમી વખતે લોકો શીતળ જળનું સેવન કરે છે, જેનાથી જળને કોઈ ઉપકાર થતો નથી, તોપણ સેવન કરનાર મનુષ્યને ગરમીના પરિહારરૂપ ફળ પ્રાપ્ત થાય છે. તે રીતે ભગવાનની પૂજા કરનારને પણ પૂજાની ક્રિયામાં વર્તતા પોતાના ચિત્તને અનુરૂપ ઉપકાર થાય છે માટે પૂજ્ય આદિને ઉપકાર થાય તો જ પૂજા સફળ છે, એ પ્રકારનું મુગ્ધ બુદ્ધિનું વચન મિથ્યા છે. **॥૪/૪૪॥**

**અવતરણિકા :-**

**पूजायां कायवधो भवतीति मन्यमानास्तद्भीरुतया ये तत्र न प्रवर्तन्ते तदुपलंभनार्थमाह—**

**અવતરણિકાર્થ :-**

**'પૂજામાં કાયવધ થાય છે' એ પ્રમાણે માનનારા તેના ભીરુપણાથી=કાયવધના ભીરુપણાથી, જે=જે મનુષ્યો, ત્યાં=પૂજામાં, પ્રવર્તતા નથી, તેઓને ઉપાલંભ આપવા માટે=તેઓની તે પ્રવૃત્તિ અનુચિત છે તે બતાવવા માટે, કહે છે –**

**ગાથા :-**

**देहादिणिमित्तं पि हु जे कायवहम्मि तह पयट्टंति ।**
**जिणपूयाकायवहंमि तेसिमपवत्तणं मोहो ।।४/४५।।**

**છાયા :-**

**देहादिनिमित्तमपि खलु ये कायवधे तथा प्रवर्तन्ते ।**
**जिनपूजाकायवधे तेषामप्रवर्तनं मोहः ।।४/४५।।**

**અન્વયાર્થ :-**

**देहादिणिमित्तं=દેહાદિ નિમિત્ત, पि=પણ, जे कायवहम्मि=જે કાયવધમાં, तह=તે પ્રકારે, पयट्टंति=પ્રવર્તે છે, जिणपूयाकायवहंमि=જિનપૂજા સંબંધી કાયવધમાં, तेसिं=તેઓનું, अपवत्तणं=અપ્રવર્તન, मोहो=મોહ છે=મૂઢતા છે. 'हु' વાક્યાલંકારમાં છે. ।।૪/૪૫।।**

**ગાથાર્થ :-**

**દેહાદિ નિમિત્ત પણ જે કાયવધમાં તે પ્રકારે પ્રવર્તે છે, જિનપૂજા સંબંધી કાયવધમાં તેઓનું અપ્રવર્તન મોહ છે=મૂઢતા છે. ।।૪/૪૫।।**

**ટીકા :-**

**व्याख्या—'देहे'त्यादि । देहादिनिमित्तमपि=शरीरगृहपुत्रकलत्रप्रभृत्यर्थमपि, न केवलं धर्मार्थमेव, हुशब्दो वाक्यालङ्कारे, ये=गृहिणः कायवधे=जीवनिकायहिंसायां, तथा=तेन प्रकारेण हलशकट-खेटनादिना, प्रवर्तन्ते=व्याप्रियन्ते, जिनपूजार्थं कायवधो=हिंसा, जिनपूजाकायवधस्तस्मिन्, तेषां=गृहिणां, अप्रवर्तनम्=अप्रवृत्तिः, मोहो=मूढता, प्रवर्तते (तदप्रवृत्तेः) मोहकार्यत्वात् । न हि मोहं विना सात्मीभूतजीवघाततया विशिष्टदयावर्जितस्य गृहिणो, विशुद्धभावनिबन्धनतया बोधिलाभादि-गुणकारणत्वेन (च) जीवरक्षानिबन्धनतया, दयैकरूपायां स्वपरेषां च निर्वाणावन्ध्यबीजभूतायां जिनपूजायामप्रवृत्तिः स्यात् मोहस्यैव हि तत्प्रवृत्तिविघातकत्वात् । इति गाथार्थः ।।४/४५।।**

**ટીકાર્થ :-**

**देहादिनिमित्तमपि ..... गाथार्थः ।। 'देहेत्यादि' પ્રતીક છે. કેવળ ધર્માર્થ જ નહીં, દેહાદિ નિમિત્ત પણ=શરીર, ગૃહ, પુત્ર, સ્ત્રી વગેરે માટે પણ, જે ગૃહસ્થ કાયવધમાં=જીવનિકાયની હિંસામાં, તે પ્રકારથી=હલ-શકટ-ખેટનાદિ પ્રકારથી, પ્રવર્તે છે=વ્યાપારવાળા થાય છે. જિનપૂજા માટે કાયવધ=હિંસા, જિનપૂજા-કાયવધ છે, તેમાં=જિનપૂજા માટે થતા કાયવધમાં, તેઓનું=ગૃહસ્થોનું, અપ્રવર્તન=અપ્રવૃત્તિ, મોહ છે=મૂઢતા છે; કેમ કે જિનપૂજામાં કાયવધ છે, એમ માનીને તેની અપ્રવૃત્તિનું=જિનપૂજાની અપ્રવૃત્તિનું, મોહકાયપણું છે. हि=જે કારણથી, મોહ વગર=પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જોવામાં મૂઢતા વગર, સાત્મીભૂત જીવઘાતપણું હોવાના કારણે વિશિષ્ટ દયાવર્જિત ગૃહસ્થોને=પોતાના ભોગ અર્થે જીવ-ઉપમર્દનની પ્રવૃત્તિ હોવાથી ષટ્કાયના પાલનનો પરિણામ વર્તે તેવી વિશિષ્ટ દયાથી વર્જિત ગૃહસ્થોને, વિશુદ્ધ ભાવના કારણપણાથી, બોધિલાભ આદિ ગુણકર હોવાના કારણે=ભગવાનની પૂજા વીત-રાગના ગુણો પ્રત્યે બહુમાનની વૃદ્ધિરૂપ વિશુદ્ધ ભાવનું કારણ હોવાના કારણે બોધિબીજ અને ચારિત્રબીજરૂપ ગુણનું કારણપણું હોવાથી, જીવરક્ષાનું નિબંધનપણું હોવાના કારણે=સંયમની પ્રાપ્તિ દ્વારા વિશિષ્ટ પ્રકારની જીવરક્ષાનું કારણપણું હોવાના કારણે, દયાએકરૂપ અને સ્વપરના નિર્વાણના અવંધ્યબીજભૂત એવી જિનપૂજામાં અપ્રવૃત્તિ થાય નહીં=મોહ વગર અપ્રવૃત્તિ થાય નહિ; કેમ કે મોહનું જ=તત્ત્વના વિષયમાં વ્યામોહનું જ, તદ્દપ્રવૃત્તિનું વિઘાતકપણું છે=ઘણા ગુણને કરનારી એવી પૂજાની પ્રવૃત્તિનું વિઘાતકપણું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૪૫।।**

**ભાવાર્થ :-**

જેઓ માત્ર બાહ્ય હિંસાને અને અહિંસાને ધર્મ-અધર્મરૂપે વિભાજન કરે છે; પરંતુ પ્રવૃત્તિકાળમાં વર્તતા ભાવોને આશ્રયીને હિંસા-અહિંસાદિનું વિભાજન કરતા નથી, તેઓને પૂજાથી થતી જળાદિ જીવોની વિરાધના અધર્મરૂપે જ દેખાય છે. સંસારની ભોગાદિની પ્રવૃત્તિમાં થતી બાહ્ય હિંસા પણ તેઓને અધર્મ

દેખાય છે; છતાં જ્યારે પોતે તેવી કોઈ પ્રવૃત્તિ કરતો નથી, ત્યારે પણ મોહને પરવશ ભોગાદિની વિચારણા કરે છે, તે સર્વમાં સાક્ષાત્ તેમને હિંસા દેખાતી નથી. વસ્તુતઃ પોતાના રાગાદિથી આકુળ ભાવો પોતાના આત્માની હિંસારૂપ છે, તેથી પોતાના ભાવપ્રાણના રક્ષણ અર્થે વિવેકી શ્રાવકો બાહ્ય હિંસાનો પરિહાર કરે છે; કેમ કે બાહ્ય હિંસાની પ્રવૃત્તિકાળમાં વિશેષથી તે તે ભાવોમાં ચિત્ત સંશ્લેષવાળું હોય છે અને તે તે પ્રવૃત્તિ બીજાને પીડા કરનાર હોવા છતાં પોતાને ઇષ્ટ એવા ધનાદિ અર્જનને અનુકૂળ પરિણામ વર્તે છે. તેથી કઠોર હૈયું હોવાથી સ્વાર્થ માટે ધનાદિમાં પ્રવર્તે છે. વળી ક્વચિત્ તે વખતે સાક્ષાત્ હિંસાની બાહ્ય કોઈ પ્રવૃત્તિ ન હોવા છતાં ધનાદિમાં ચિત્ત મૂઢ થયેલું હોવાથી ગાઢ સંશ્લેષને કારણે આત્માની હિંસા થાય છે તેથી કર્મબંધને કરીને જીવ દુર્ગતિમાં જાય છે.

વળી જેની પાસે પ્રચુર ધન હોય તે કોઈ આરંભ-સમારંભ વ્યાપાર ન કરે તોપણ તે ધનની મૂર્ચ્છાના બળથી મમ્મણ શેઠની જેમ નરકે જઈ શકે છે. વળી, જેઓ શાતાના અર્થે બાહ્ય આરંભ-સમારંભ કરે છે, તેઓને સુસાધુ જેવી વિશિષ્ટ દયા નથી, આથી જ દેહ અર્થે અને શાતા અર્થે જીવોની હિંસા દેખાવા છતાં આરંભ કરવાની પરિણતિ વર્તે છે, તોપણ દયાળુ જીવ કાંઈક ધર્મની વૃત્તિવાળો છે, તેથી જીવોનું જ્યાં સાક્ષાત્ અતિશય ઉપમર્દન હોય તેવા આરંભોનું વર્જન કરે છે, ત્રસ જીવોના રક્ષણ માટે ઉચિત યતના કરે છે અને પૃથ્વીકાયાદિ સ્થાવર જીવોની પણ જયણા કરે છે, એવા ગૃહસ્થોને પણ ભગવાનની પૂજાથી ભગવાનના ગુણો પ્રત્યે રાગ પ્રવર્ધમાન થાય છે. જેથી બાહ્ય પદાર્થોમાં વર્તતી સંગની પરિણતિ અલ્પ અલ્પતર થાય છે અને વીતરાગની અસંગ પરિણતિ પ્રત્યે રાગ વૃદ્ધિ પામે છે. તેથી તેવા શ્રાવકો ભગવાનની પૂજા કરીને વીતરાગતા પ્રત્યેનો બહુમાનભાવ અતિશય કરે છે. જેનાથી બોધિ પ્રાપ્ત ન થઈ હોય તો બોધિ પ્રાપ્ત થાય છે અને બોધિ પ્રાપ્ત થયું હોય તો તે નિર્મળ નિર્મળતર થાય છે અને ભગવાનની પૂજાકાળમાં ભગવાનના ક્ષાયિકભાવના ચારિત્ર પ્રત્યે રાગભાવની વૃદ્ધિ થવાને કારણે ચારિત્રની પરિણતિનાં આવારક કર્મો પણ શિથિલ થાય છે. જેથી પૂર્વમાં જે જીવરક્ષાનો પરિણામ હતો, તેનાથી વિશિષ્ટ પ્રકારનો જીવરક્ષાનો પરિણામ થાય છે. તેથી ભગવાનની પૂજા વિવેકી શ્રાવક માટે દયાની વૃદ્ધિનું એક કારણ છે.

વળી ભગવાનની પૂજા વિવેકી શ્રાવક માટે પોતાના અને બીજાના નિર્વાણની પ્રાપ્તિનું અવંધ્ય બીજ છે; કેમ કે ભગવાનની પૂજાની પ્રવૃત્તિથી બાહ્ય પદાર્થો પ્રત્યે સંશ્લેષ છે તે અલ્પ અલ્પતર થાય છે અને વીતરાગના ગુણોમાં સંશ્લેષની વૃદ્ધિ થાય છે. તેથી વિવેકી શ્રાવક માટે જિનપૂજા મહાકલ્યાણનું કારણ છે, છતાં તત્ત્વને જોવામાં મૂઢ જીવોને પૂજાની પ્રવૃત્તિમાં બાહ્ય હિંસા દેખાવાથી અપ્રવૃત્તિ થાય છે. તેઓ વિચારે છે કે અમે સંસાર અર્થે ભોગાદિ કરીએ છીએ, તે પાપરૂપ છે; પરંતુ ધર્મ અર્થે ભગવાનની પૂજા કરીને હિંસાની પાપપ્રવૃત્તિ કરવી તે ઉચિત નથી. આ પ્રકારની મૂઢતાથી તેઓ અવલોકન કરનારા છે તેથી ભગવાનની પૂજા કઈ રીતે વીતરાગતાનું કારણ છે ? તેના પરમાર્થને જોવા માટે તેઓ સમર્થ થતા નથી. **॥૪/૪૫॥**

**અવતરણિકા :-**

अथ पूजाविधिमुपसंहरंस्तद्विषयमुपदेशमाह—

**અવતરણિકાર્થ :-**

હવે પૂજાવિધિનો ઉપસંહાર કરતાં તેના વિષયક ઉપદેશને કહે છે –

**ગાથા :-**

**सुत्तभणिएण विहिणा गिहिणा णिव्वाणमिच्छमाणेण ।**
**तम्हा जिणाण पूजा कायव्वा अप्पमत्तेणं ।।४/४६।।**

**છાયા :-**

सूत्रभणितेन विधिना गृहिणा निर्वाणमिच्छता ।
तस्माद् जिनानां पूजा कर्तव्या अप्रमत्तेन ।।४/४६।।

**અન્વયાર્થ :-**

तम्हा=તે કારણથી=ભગવાનની પૂજાથી પૂજકને ઉપકાર થાય છે અને પૂજામાં મોહથી અપ્રવર્તન થાય છે તે કારણથી, णिव्वाणमिच्छमाणेण=નિર્વાણને ઇચ્છતા એવા, गिहिणा=ગૃહસ્થે, सुत्तभणिएणविहिणा= સૂત્રમાં કહેવાયેલી વિધિથી, अप्पमत्तेणं=અપ્રમાદપૂર્વક, जिणाण=જિનોની, पूजा=પૂજા, कायव्वा=કરવી જોઈએ. ।।૪/૪૬।।

**ગાથાર્થ :-**

**તે કારણથી=ભગવાનની પૂજાથી પૂજકને ઉપકાર થાય છે અને પૂજામાં મોહથી અપ્રવર્તન થાય છે તે કારણથી, નિર્વાણને ઇચ્છતા એવા ગૃહસ્થે સૂત્રમાં કહેવાયેલી વિધિથી અપ્રમાદપૂર્વક જિનોની પૂજા કરવી જોઈએ. ।।૪/૪૬।।**

**ટીકા :-**

व्याख्या—'सुत्ते'त्यादि । सूत्रभणितेन=आगमोक्तेन, विधिना=विधानेन, पूजा कर्तव्येति संबन्धः । केन ? इत्याह — गृहिणा=गृहस्थेन, साधोरनधिकारित्वात् किंविधेना ? इत्याह — निर्वाणं=निर्वृतिम्, इच्छता=वाञ्छता, निर्वाणव्यतिरिक्तस्य फलस्योपायान्तरेणापि सुलभत्वात् । 'तम्ह' त्ति तस्माज्जिनानां कृतकृत्यत्वेनानुपकारेऽपि पूजकस्योपकारो भवति, तथा जिनपूजायामप्रवर्तनं मोहादेव तस्माद्धेतोः, जिनानाम्=अर्हतां, पूजा=अर्चनं, कर्तव्या=विधेया, अप्रमत्तेन=अप्रमादवता प्रमादपरिहारेण, इति यावत् । इति गाथार्थः ।।४/४६।।

**ટીકાર્થ :-**

**सूत्रभणितेन ..... गाथार्थः ।। 'सुत्तेत्यादि' પ્રતીક છે. સૂત્રમાં કહેવાયેલ વિધિથી=આગમમાં કહેવાયેલ વિધાનથી, પૂજા કરવી જોઈએ, એ પ્રકારે સંબંધ છે. કોના વડે પૂજા કરવી જોઈએ ? એથી કહે છે – ગૃહસ્થ વડે પૂજા કરવી જોઈએ; કેમ કે સાધુનું અનધિકારપણું છે. કેવા પ્રકારના ગૃહસ્થે પૂજા કરવી જોઈએ ? એથી કહે છે – નિર્વાણને=નિર્વૃતિને, ઈચ્છતા શ્રાવકે પૂજા કરવી જોઈએ; કેમ કે નિર્વાણથી અતિરિક્ત ફળનું ઉપાયાંતરથી પણ સુલભપણું છે અર્થાત્ નિર્વાણની પ્રાપ્તિ પ્રત્યે ભગવાનની પૂજા એક ઉપાય છે, જ્યારે અન્ય ફળો તો અન્ય ઉપાયથી પણ પ્રાપ્ત થઈ શકે છે. તે કારણથી=જિનોના કૃતકૃત્યપણાને કારણે અનુપકારમાં પણ પૂજકને ઉપકાર થાય છે અને જિન-પૂજામાં અપ્રવર્તન મોહથી થાય છે તે કારણથી, જિનોની=અરિહંતોની, પૂજા=અર્ચના, કરવી જોઈએ.**

કેવી રીતે પૂજા કરવી જોઈએ ? એથી કહે છે –

**અપ્રમત્તથી=અપ્રમાદવાળા થઈને કરવી જોઈએ=પ્રમાદના પરિહારથી કરવી જોઈએ, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૪૬।।**

**ભાવાર્થ :-**

ભગવાન કૃતકૃત્ય છે, તેથી શ્રાવકો ઉત્તમ દ્રવ્યથી મારી પૂજા કરે તેનાથી=આ લોકો મારી ભક્તિ કરે છે તેનાથી, તેઓને તોષ થતો નથી અર્થાત્ ભગવાન લોકોના પૂજાના કરવા - ન કરવા પ્રત્યે સમાન ચિત્તવાળા હોવાથી ભગવાનને પૂજાજન્ય કોઈ ભાવ થતો નથી, તોપણ પૂજા કરનાર શ્રાવકનું ચિત્ત પૂજાકાળમાં વીતરાગની સિદ્ધ અવસ્થાના ગુણોને સ્પર્શે છે. તેથી સિદ્ધતુલ્ય થવામાં ઘણાં બાધક કર્મોનો ક્ષય થાય છે, માટે પૂજા કરનારને પૂજાથી ઉપકાર થાય છે. જેઓને પૂજાથી થતા ઉપકારનું જ્ઞાન નથી, તેઓને મૂઢતાને કારણે પૂજામાં જીવોની હિંસારૂપ પાપ દેખાય છે.

વિવેકી શ્રાવકને મોક્ષની ઇચ્છા હોય છે તેથી તેણે સૂત્રમાં કહેવાયેલી વિધિથી અપ્રમાદભાવપૂર્વક પૂજા કરવી જોઈએ. જેનાથી વીતરાગના વચનાનુસાર પૂજા કરવાનો વિશિષ્ટ અધ્યવસાય થાય અને પૂજાકાળમાં વીતરાગના વચનનું સ્મરણ કરીને પૂજાની ઉચિત વિધિમાં યત્ન કરવાથી વીતરાગગત બહુમાનભાવ વધે છે અને અપ્રમાદભાવથી વિધિમાં યત્ન હોવાના કારણે પૂજાકાળમાં તચ્ચિત્ત-તન્મન-તલ્લેશ્યારૂપ વીતરાગગામી ઉપયોગ હોવાથી વીતરાગતુલ્ય થવામાં બાધક કર્મો અવશ્ય નાશ પામે છે, જેનાથી નિર્વાણની પ્રાપ્તિ આસન્ન-આસન્નતર થાય છે. વળી, વિધિશુદ્ધ પૂજામાં લેશથી પણ હિંસા નથી; કેમ કે હિંસાકૃત કોઈ કર્મબંધ નથી જ્યારે વિધિની સ્ખલનામાં કાંઈક હિંસાકૃત કર્મબંધ છે તે પણ કૂપદૃષ્ટાંતથી પૂજાકાળમાં વર્તતા શુભભાવથી નાશ પામે છે. **।।૪/૪૬।।**

**અવતરણિકા :-**

**अथ कस्मादेवं पूजा विधेया, इत्युपदिश्यते ? उच्यते – महाफलत्वात्, एतदेवाह–**

**અવતરણિકાર્થ :-**

હવે આ પ્રકારે પૂજા કરવી જોઈએ, એ પ્રમાણે ઉપદેશ કયા કારણથી અપાય છે ? ઉત્તર અપાય છે – મહાફળપણું છે=વિધિપૂર્વક કરાયેલી પૂજાનું મહાફળપણું છે. આને જ=ભગવાનની પૂજાનું મહાફળપણું છે એને જ, કહે છે –

**ગાથા :-**

**एक्कं पि उदगबिंदू जह पक्खित्तं महासमुद्दम्मि ।**
**जायइ अक्खयमेवं पूया जिणगुणसमुद्देसु ।।४/४७।।**

**છાયા :-**

एकोऽपि उदकबिन्दुर्यथा प्रक्षिप्तं महासमुद्रे ।
जायते अक्षय एवं पूजा जिनगुणसमुद्रेषु ।।४/४७।।

**અન્વયાર્થ :-**

जह=જે પ્રમાણે, महासमुद्दम्मि=મહાસમુદ્રમાં, पक्खित्तं=નંખાયેલું, एक्कं=એક, पि=પણ, उदगबिंदुं=પાણીનું બિંદુ, अक्खयं जायइ=અક્ષય, થાય છે=અવિનાશી થાય છે, एवं=એ રીતે, जिणगुणसमुद्देसु=જિનગુણસમુદ્રમાં, पूया=પૂજા=પૂજા અક્ષય થાય છે. ।।૪/૪૭।।

**ગાથાર્થ :-**

જે પ્રમાણે મહાસમુદ્રમાં નંખાયેલું એક પણ પાણીનું બિંદુ અક્ષય થાય છે=અવિનાશી થાય છે, એ રીતે જિનગુણસમુદ્રમાં પૂજા=પૂજા અક્ષય થાય છે. ।।૪/૪૭।।

**ટીકા :-**

व्याख्या–'एक्क'मित्यादि । 'एक्कं' पीति प्राकृतत्वेन, एकोऽपि, आस्तामनेकः, उदकबिन्दुः=जललवः, यथेति दृष्टान्तोपदर्शनार्थः, प्रक्षिप्तो=निःसृष्टः, महासमुद्रे=स्वयंभूरमणादिबृहत्सागरे, जायते=भवति । अक्षयो=अप्रणाशी, विपुलजलनिलीनतया शोषाभावात् । एवमिति दार्ष्टान्तिकोपनयनार्थः । पूजा=अर्चना, केषु ? इत्याह – जिनाश्च ते गुणानां गुणरत्नानामाधारत्वेन प्राचुर्येण च समुद्रा इव समुद्राश्चेति जिनगुणसमुद्रास्तेषु फलापेक्षयाऽक्षया भवति । इति गाथार्थः ।।४/४७।।

**ટીકાર્થ :-**

एक्कं पीति ..... गाथार्थः ।। 'एक्कमित्यादि' પ્રતીક છે. 'एक्कं पि' એ પ્રાકૃત પાઠ હોવાના કારણે નપુંસકલિંગમાં છે. અનેક દૂર રહો, એક પણ ઉદકબિંદુ=જળલવ જે પ્રમાણે મહાસમુદ્રમાં નંખાયેલું=

સ્વયંભૂરમણ આદિ બૃહદ્ સાગરમાં નખાયેલું અક્ષય=અવિનાશી, થાય છે; કેમ કે વિપુલ જળરાશિમાં વિલીનપણું હોવાને કારણે શોષનો અભાવ છે, 'एवं' એ દાર્ષ્ટાંતિક ઉપનયન અર્થવાળું છે, તેથી જે રીતે સમુદ્રમાં નખાયેલું બિંદુ અક્ષય છે, એ રીતે પૂજા=અર્ચના, અક્ષય છે કોનામાં ? એથી કહે છે – જિન એવા તે ગુણોના સમુદ્ર=પ્રાચુર્યથી ગુણરત્નનું આધારપણું હોવાથી સમુદ્રની જેમ સમુદ્ર, તે જિનગુણસમુદ્ર, તેઓમાં ફળની અપેક્ષાએ પૂજા અક્ષય થાય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૪૭॥

**ભાવાર્થ :-**

પૂજાકાળમાં ભગવાનની સિદ્ધ અવસ્થાના સ્મરણપૂર્વક તે ભાવોની પ્રાપ્તિના અર્થીપણાથી જે શ્રાવકોનું ચિત્ત પૂજાના વ્યાપારવાળું છે, તે શ્રાવકના ચિત્તમાં ભગવાનની સિદ્ધ અવસ્થા પ્રત્યેના રાગનો ઉપયોગ પૂજાકાળમાં વર્તે છે, જે સંસ્કારરૂપે આત્મામાં સદા સ્થિર રહે છે અને ઉત્તરોત્તર સામગ્રીને પામીને વીતરાગતાને અભિમુખ વૃદ્ધિ પામે છે તથા અંતે ભગવાનની જેમ જ સિદ્ધ અવસ્થામાં વિશ્રાંત થાય છે.

જેમ મહાસમુદ્રમાં પ્રક્ષેપ કરાયેલું એક પણ પાણીનું બિંદુ અક્ષય થાય છે અર્થાત્ અનેક બિંદુઓ તો અક્ષય થાય છે, પરંતુ એક બિંદુ પણ અક્ષય થાય છે, તેમ ભગવાનરૂપ ગુણસમુદ્રમાં ભગવાનના ગુણોના સ્મરણપૂર્વક પ્રગટ થયેલો પૂજાનો ઉપયોગ ક્ષણભર પણ થાય, તો તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને વીતરાગતુલ્ય ફળની પ્રાપ્તિ કરાવનાર હોવાથી ફળની અપેક્ષાએ અક્ષયભાવવાળું થાય છે. માટે મોક્ષના અર્થી જીવે અપ્રમાદભાવથી વિધિપૂર્વક પૂજા કરવી જોઈએ. **॥૪/૪૭॥**

**અવતરણિકા :-**

**पूजामेव पुरस्कुर्वन्नाह—**

**અવતરણિકાર્થ :-**

**પૂજાને જ પુરસ્કાર કરતાં=પ્રશંસા કરતાં, ગ્રંથકારશ્રી કહે છે –**

**ગાથા :-**

**उत्तमगुणबहुमाणो पयमुत्तमसत्तमज्झयारम्मि ।**
**उत्तमधम्मपसिद्धी पूयाए जिणवरिंदाणं ।।४/४८।।**

**છાયા :-**

**उत्तमगुणबहुमानः पदमुत्तमसत्त्वमध्यकारे ।**
**उत्तमधर्मप्रसिद्धिः पूजया जिनवरेन्द्राणाम् ।।४/४८।।**

**અન્વયાર્થ :-**

**जिणवरिंदाणं=જિનવરેન્દ્રોની, पूयाए=પૂજાથી, उत्तमगुणबहुमाणो=ઉત્તમ ગુણનું બહુમાન, उत्तम-**

सत्तमज्झयारम्मि=ઉત્તમ સત્ત્વના મધ્યમાં, पयम्=અવસ્થાન, (અને) उत्तमधम्मपसिद्धी=ઉત્તમ ધર્મની પ્રસિદ્ધિ થાય છે. ।।૪/૪૮।।

**ગાથાર્થ :-**

**જિનવરેન્દ્રોની પૂજાથી ઉત્તમ ગુણનું બહુમાન, ઉત્તમ સત્ત્વના મધ્યમાં અવસ્થાન અને ઉત્તમ ધર્મની પ્રસિદ્ધિ થાય છે. ।।૪/૪૮।।**

**ટીકા :-**

व्याख्या—'उत्तमे'त्यादि । उत्तमगुणेषु=प्रधानगुणेषु जिनेषु वीतरागत्वादिषु वा जिनगुणेषु बहुमानः=पक्षपात उत्तमगुणबहुमानः, स जिनपूजया भवतीति संबन्धः, पूजकस्येति गम्यम् । तथा पदम्=अवस्थानमुत्तमसत्त्वमध्यकारे प्रधानप्राणिनां=प्रधानाशयविशेषाणां वा जिनगणधरनाकिनरनायकादीनां मध्ये । तथोत्तमधर्मप्रसिद्धिः=प्रधानधर्मस्य पूजाकाले प्रकृष्टपुण्यकर्मबन्धरूपस्याशुभकर्मक्षयरूपस्य च कालान्तरे क्रमेण यथाख्यातचारित्ररूपस्य निष्पत्तिर्भवति । अथवोत्तमधर्मप्रसिद्धिर्जिनशासनप्रकाशः, पूजया=अभ्यर्चनेन, जिनाः=छद्मस्थवीतरागास्तेषां, वराः=प्रधानाः केवलिनस्तेषामिन्द्रास्तीर्थकरनामकर्मोदयवर्तित्वान्नानाविधातिशयसमेतत्वाच्च तीर्थकरा अतस्तेषां जिनवरेन्द्राणाम् । इति गाथार्थः ।।४/४८।।

**ટીકાર્થ :-**

उत्तमगुणेषु ..... गाथार्थः ।। 'उत्तमेत्यादि' પ્રતીક છે. ઉત્તમ ગુણોમાં=પ્રધાન ગુણવાળા જિનોમાં અથવા વીતરાગત્વાદિ જિનગુણોમાં, બહુમાન=પક્ષપાત, ઉત્તમ ગુણનું બહુમાન છે. તે=ઉત્તમ ગુણનું બહુમાન, જિનપૂજાથી થાય છે, એ પ્રકારે સંબંધ છે. પૂજકને ઉત્તર ગુણનું બહુમાન થાય છે, એ બતાવવા માટે 'पूजकस्य' એ અધ્યાહાર છે. અને ઉત્તમ સત્ત્વના મધ્યકારમાં પદ=અવસ્થાન થાય છે અથવા પ્રધાન પ્રાણીઓના મધ્યમાં, અવસ્થાન થાય છે=પ્રધાન આશય વિશેષવાળા જિન-ગણધર-દેવો-મનુષ્યોના નાયકોના મધ્યે પદ=અવસ્થાન, થાય છે અને ઉત્તમ ધર્મની પ્રસિદ્ધિ થાય છે=પૂજાકાળમાં પ્રકૃષ્ટ પુણ્યકર્મબંધરૂપ પ્રધાન ધર્મની અને અશુભ કર્મક્ષયરૂપ પ્રધાન ધર્મની અને કાલાંતરમાં ક્રમથી યથાખ્યાત ચારિત્રરૂપ પ્રધાન ધર્મની, નિષ્પત્તિ થાય છે અથવા ઉત્તમ ધર્મની પ્રસિદ્ધિ=જિનશાસનનો પ્રકાશ, પૂજાથી=અભ્યર્ચનથી, થાય છે. પૂજાથી પૂજકને ભગવાનનાં વચનોનો સૂક્ષ્મ સૂક્ષ્મતર બોધ થાય છે. જિનો=છદ્મસ્થવીતરાગ, તેઓમાં શ્રેષ્ઠ=પ્રધાન, કેવલી તેઓના ઈન્દ્રો તીર્થંકરનામકર્મ ઉદયવર્તીપણું હોવાથી અને અનેક પ્રકારના અતિશયથી યુક્તપણું હોવાથી તીર્થંકરો છે. આથી તેઓની=જિન-વરેન્દ્રોની, પૂજાથી ઉપરોક્ત ગુણો થાય છે, એમ અન્વય છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૪૮।।

**ભાવાર્થ :-**

જે શ્રાવકો શાસ્ત્રવચનથી ભગવાનના પારમાર્થિક ગુણોના સ્વરૂપને જાણનારા છે અને તેના કારણે ભગવાન પ્રત્યે ભક્તિ થયેલી છે. તેથી શક્તિના પ્રકર્ષથી ઉત્તમ સામગ્રી દ્વારા ભગવાનના તે તે ગુણો પ્રત્યે બહુમાનની વૃદ્ધિ થાય, તે પ્રકારે પૂજા કરે છે. ત્યારે ભગવાનમાં વર્તતા વીતરાગાદિ ગુણો પ્રત્યે બહુમાન થાય છે, જે ઉત્તમ ગુણનું બહુમાન ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ભગવાનતુલ્ય થવાનું પરમબીજ છે. વળી, ભગવાનની પૂજાના કાળમાં શ્રાવકમાં વર્તતા અધ્યવસાયને અનુરૂપ તે શ્રાવક ઉત્તમ જીવોના મધ્યમા સ્થાનને પામે તેવું પુણ્ય બાંધે છે. જેમ કેટલાક શ્રાવક પૂજાકાળમાં તીર્થંકર નામકર્મ બાંધે છે. કેટલાક ગણધર નામકર્મ બાંધે છે. કેટલાક ઇન્દ્રો થવાને અનુકૂળ પુણ્ય પ્રકૃતિ બાંધે છે, તો કેટલાક મનુષ્યોના નાયક થાય તેવા પ્રકારની પુણ્ય પ્રકૃતિ બાંધે છે. તેથી જગતમાં જે ઉત્તમ પુરુષો છે, તેમાં સ્થાનપ્રાપ્તિનું પ્રબળ કારણ ભગવાનની પૂજા છે. વળી, જેમ પૂજા કરનારને ઉત્તમ ગુણોમાં બહુમાન થાય છે, ઉત્તમ જીવોમાં સ્થાન પ્રાપ્ત થાય છે, તેમ પૂજાના અધ્યવસાયથી ઉત્તમ ધર્મની પ્રસિદ્ધિ થાય છે; કેમ કે પૂજાકાળમાં વર્તતા શુભ અધ્યવસાયથી પ્રકૃષ્ટ પુણ્યકર્મનો બંધ થાય છે અને અશુભ કર્મનો ક્ષય થાય છે, તે રૂપ ઉત્તમ ધર્મની પ્રાપ્તિ થાય છે અને કાલાંતરમાં તે ઉત્તમ ધર્મની ઉત્તરોત્તર વૃદ્ધિ થવા દ્વારા યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થાય છે. વળી, જગતમાં આ સર્વોત્તમ ધર્મ છે, એ પ્રકારે શ્રાવકની વિવેકપૂર્વકની પૂજાને જોઈને પ્રસિદ્ધિ થાય છે. અથવા પૂજા કરનારને જ પૂજાકાળમાં ગુણોના બહુમાનને કારણે વિશિષ્ટ જ્ઞાનાવરણ કર્મનો ક્ષય થવાથી જિનવચનનો પ્રકાશ થાય છે. તેથી વિવેકી જીવોએ જિનવર ઇન્દ્રોની ઉત્તમ રીતે વિધિપૂર્વક પૂજા કરવી જોઈએ. જેથી સર્વ પ્રકારના ઉત્તમ ફળોની પ્રાપ્તિ થાય. **॥૪/૪૮॥**

**અવતરણિકા :-**

**पूजा तावन्महाफलैव, अथ पूजाप्रणिधानमपि महाफलमिति दृष्टान्तेन दर्शयन्नाह –**

**અવતરણિકાર્થ :-**

**પૂજા મહાફળવાળી જ છે. હવે પૂજાનું પ્રણિધાન પણ=પૂજા કરવાનો સંકલ્પ પણ, મહાફળવાળું છે, એ દૃષ્ટાંતથી બતાવતાં કહે છે –**

**ગાથા :-**

**सुव्वइ दुग्गइणारी जगगुरुणो सिंदुवारकुसुमेहिं ।**
**पूजापणिहाणेणं उववण्णा तियसलोगम्मि ।।४/४९।।**

**છાયા :-**

**श्रूयते दुर्गतिनारी जगद्गुरोः सिंदुवारकुसुमैः ।**
**पूजाप्रणिधानेन उपपन्ना त्रिदशलोके ।।४/४९।।**

**અન્વયાર્થ :-**

**जगगुरुणो=જગદ્ગુરુની, सिंदुवारकुसुमेहिं=સિંદુવારનાં કુસુમોથી, पूजापणिहाणेणं=પૂજાના પ્રણિધાન વડે, दुग्गइणारी=દુર્ગતિ નારી, तियसलोगम्मि=દેવલોકમાં, उववण्णा=ઉત્પન્ન થયેલી, सुव्वइ=સંભળાય છે. ॥૪/૪૯॥**

**ગાથાર્થ :-**

**જગદ્ગુરુની સિંદુવારનાં કુસુમોથી પૂજાના પ્રણિધાન વડે દુર્ગતિ નારી દેવલોકમાં ઉત્પન્ન થયેલી સંભળાય છે. ॥૪/૪૯॥**

**ટીકા :-**

**व्याख्या—'सुव्वइ' इत्यादि । श्रूयते=आकर्ण्यते जिनेन्द्रप्रवचने, किं तद् ? इत्याह — दुर्गतिनारी= दारिद्र्योपहतयोषा, जगद्गुरोः=त्रिभुवननाथस्य, सिन्दुवारकुसुमैः=निर्गुंडीपुष्पैः करणभूतैः, या पूजा= अर्चनं तत्र यत्प्रणिधानं='पूजां करोमि' इत्येवंविधमैकाग्र्यं, तत्पूजाप्रणिधानम् । इह च कुसुमशब्द-सापेक्षत्वेऽपि पूजाशब्दस्य प्रणिधानशब्देन सह समासो देवदत्तस्य गुरुकुलमित्यादाविव न दोषायेति । तेन=पूजाप्रणिधानेन करणभूतेन, पूजां विनैवभावमात्रेणैवेति हृदयम्, उपपन्ना=उत्पन्ना, त्रिदशलोके= स्वर्गे । इत्यक्षरार्थः ।**

**कथानकं पुनरेवं पूज्याः प्रतिपादयन्ति—**

श्रीमन्महावीरवर्धमानस्वामीक्ष्वाकुकुलनन्दनः प्रसिद्धसिद्धार्थपार्थिवपुत्रः पुत्रीयितनिखिलभुवनजनो जनितजन-मनश्चमत्कारगुणग्रामो ग्रामाकरनगरपुरपौरपृथुं पृथिवीं विहरन्नन्यदा कदाचित्काकन्दीनामिकायां पुरि समाजगाम । तत्र चामरवरविसरविरचितसमवसरणमध्यवर्तिनि भगवति धर्मदेशनां विदधति, तथा नानाविधयानवाहनसमारूढ-प्रौढपत्तिपरिगते गन्ध सिन्धुरस्कन्धमधिष्ठिते छत्रच्छन्ननभस्तले मागधोद्गीतगुणगणे भेरीभांकारभरितांबरतले नरपतौ, तथा द्विजवरवैश्यादिके पुरजने, तथा गन्धधूपपुष्पपटलप्रभृतिपूजापदार्थव्यग्रकरकिंकरीनिकरपरिगते विविधव-सनाभरणरमणीयतरशरीरे नगरनारीनिकरे, भगवतो वन्दनार्थं व्रजति सति, एकया वृद्धदरिद्रयोषिता जलेन्धनाद्यर्थं बहिर्निर्गतया कश्चिन्नरः पृष्टः – 'क्वायं लोक एकमुखस्त्वरितं याति ?' । तेनोक्तम् – 'जगदेकबान्धवस्य देहिनां जन्मजरामरणरोगशोकदुर्गत्यादिदुःखच्छिदुरस्य श्रीमन्ममहावीरस्य वन्दनपूजनाद्यर्थं ।' ततस्तच्छ्रवणात्तस्या भगवति भक्तिरभवत्, अचिन्तयच्च – 'अहमपि भगवतः पूजाऽर्थं यत्नं करोमि, केवलमहमतिदुर्गता पुण्यरहिता विहिता पूजाङ्गवर्जितेति ।' ततोऽरण्यदृष्टानि मुधालभ्यानि सिन्दुवारकुसुमानि स्वयमेव गृहीत्वा भक्तिभरनिर्भराङ्गी – 'अहो ! धन्या पुण्या कृताऽर्था कृतलक्षणाऽहं, सुलब्धं मम जन्म, जीवितफलं चाहमवाप्ता' इतिभावनया पुलक-कंटकितकाया प्रमोदजलपूरवप्लावितकपोला भगवन्तं प्रति प्रयान्ती समवसरणकाननयोरन्तराल एव वृद्धतया क्षीणायुष्कतया च झगिति मृतिमुपागता । ततोऽसावविहितपूजाऽपि पूजाप्रणिधानोल्लसितमानसतया देवत्वमवाप्त-

वती । ततस्तस्याः कलेवरमवनिपीठलुठितमवलोक्यानुकंपापरीतान्तःकरणो लोको 'मूर्छितेयम्' इति मन्यमानोऽम्भसा सिषेच । ततस्तामपरिस्पन्दामवलोक्य लोको भगवन्तं पप्रच्छ – 'भगवन्नसौ वृद्धा किं मृता उत जीवती ? ति' । भगवांस्तु व्याजहार यथा – 'मृताऽसौ देवत्वं चावाप्ता । ततः पर्याप्तिभावमुपागत्य प्रयुक्तावधिः पूर्वभवानुभूतमवगम्य वन्दनार्थमागतः । स चायं मत्पुरोवर्ती देव इति ।' ततो भगवदभिहितमिदमनुश्रुत्य समस्तः समवसरणधरणीगतो जनः परमविस्मयमगमत् । यथा – 'अहो ! पूजाप्रणिधानमात्रेऽपि कथममरतामवाप्तासौ ?' इति । ततो भगवान् गंभीरां धर्मकथामकथयत् यथा – 'स्तोकोऽपि शुभाध्यवसायो विशिष्टगुणपात्रविषयो महाफलो भवति । यतः – एगं पि उदगबिंदू गाहा, उत्तमगुणगाहा,' । ततो भगवांस्तत्संबन्धिनं भाविभवव्यतिकरमकथयत्, यथा – 'अयं दुर्गतनारीजीवो देवसुखान्यनुभूय ततश्च्युतः सन् कनकपुरे नगरे कनकध्वजो नाम नृपो भविष्यति । स च कदाचित्प्राज्यं राज्यसुखमनुभवन् मंडूकं सर्पेण, सर्पं कुररेण, कुररमजगरेण, तमपि महाऽहिना ग्रस्यमानमवलोक्य भावयिष्यति, यथा – 'एते मंडूकादयः परस्परं ग्रसमाना महाऽहेर्मुखमवशाद्विविशन्ति, एवमेतेऽपि जना बलवन्तो दुर्बलान् यथाबलं बाधयन्तो यमराजमुखं विशन्ति' इति भावयंश्च प्रत्येकबुद्धो भविष्यति । ततो राज्यसंपदमवधूय श्रमणत्वमुपगम्य देवत्वमवाप्स्यति । एवं भवपरंपरयाऽयोध्याया नगर्याः शक्रावतारनाम्नि चैत्ये केवलश्रियमवाप्य सेत्स्यति । **इति गाथार्थः ।।४/४९।।**

**ટીકાર્થ :-**

**श्रूयते ..... गाथार्थः ।। 'सुव्वइ इत्यादि' પ્રતીક છે. સંભળાય છે=જિનેન્દ્ર પ્રવચનમાં સંભળાય છે, તે શું સંભળાય છે ? એથી કહે છે – દુર્ગતિ નારી=દારિદ્ર્યથી ઉપહત થયેલી સ્ત્રી, જગતગુરુની=ત્રિભુવન-નાથની સિંદુરવાર કુસુમો વડે=કરણભૂત એવાં નગોડનાં પુષ્પો વડે, જે પૂજા=અર્ચન, તેના વિષયમાં જે પ્રણિધાન='પૂજા કરું એ પ્રકારનું એકાગ્ર્ય' તે પૂજા પ્રણિધાન તેના વડે દેવલોકમાં ઉત્પન્ન થઈ એમ અન્વય છે અને અહીં પૂજા શબ્દનું કુસુમ શબ્દ સાથે સાપેક્ષપણું હોવા છતાં પણ પ્રણિધાનની સાથે સમાસ 'દેવદત્તનું ગુરુકુળ' ઈત્યાદિની જેમ દોષ માટે નથી. તે કરણભૂત પૂજા પ્રણિધાનથી=પૂજા વગર જ ભાવમાત્રથી જ, ત્રિદશલોકમાં=સ્વર્ગમાં, ઉત્પન્ન થઈ=દુર્ગતનારી ઉત્પન્ન થઈ.**

**કથાનક વળી પૂજ્યો આ પ્રમાણે પ્રતિપાદન કરે છે –**

શ્રીમદ્ મહાવીર વર્ધમાનસ્વામી ઈક્ષ્વાકુકુલનંદન, પ્રસિદ્ધ એવા સિદ્ધાર્થ રાજાના પુત્ર, પવિત્ર કર્યું છે નિખિલ ભુવનજન જેમણે એવા, ઉત્પન્ન કર્યો છે જન-મનના ચમત્કારના ગુણગ્રામવાળા=ગુણસમૂહવાળા, ગ્રામ-આકર-નગર-પુર-પુરની શેરી રૂપ પૃથ્વીમાં વિહાર કરતા એક વખત ક્યારેક કાકંદી નામની નગરીમાં ગયા. ત્યાં દેવોના સમૂહથી વિરચિત સમવસરણ મધ્યવર્તી ભગવાન ધર્મદેશનાને કરે છે અને અનેક પ્રકારના યાનવાહન સમારૂઢ પ્રૌઢ લશ્કરથી યુક્ત ગંધહસ્તિના સ્કંધ ઉપર અધિષ્ઠિત છત્રથી છન્ન નભસ્તલવાળા માગધ ઉદ્ગીત એવા ગુણગણવાળા, ભેરીના ભાંકારથી ભરિત અંબરતલવાળા નરપતિ હોતે છતે અને દ્વિજવર=શ્રેષ્ઠ બ્રાહ્મણો, વૈશ્ય=વણિક, આદિ પુરજન હોતે છતે અને ગંધ, ધૂપ, પુષ્પ, વસ્ત્ર વગેરે પૂજાપદાર્થથી વ્યગ્ર કરવાળી દાસીના સમૂહથી પરિગત, વિવિધ વસ્ત્ર, આભરણથી રમણીયતર શરીરવાળી નગરની નારીનો સમૂહ ભગવાનની વંદના માટે ગયે છતે એક વૃદ્ધ દરિદ્ર સ્ત્રી

વડે જળ અને ઇંધન માટે બહાર નીકળેલી હોવાને કારણે કોઈક પુરુષ પુછાયો – 'ક્યાં આ લોક એક દિશાને સન્મુખ ત્વરિત જાય છે ?' તેના વડે કહેવાયું – 'જગતના એક બાંધવ, મનુષ્યોના જન્મ-જરા-મરણ-રોગ-શોક-દુર્ગતિ આદિ દુઃખને છેદનારા, શ્રીમદ્ મહાવીરના વંદન, પૂજન માટે જાય છે.' ત્યારપછી તેના શ્રવણથી તેણીને ભગવાનમાં ભક્તિ થઈ અને વિચાર્યું - 'હું પણ ભગવાનની પૂજા માટે યત્ન કરું. કેવળ હું અતિદરિદ્ર, પુણ્ય રહિત, પૂજાના અંગથી વર્જિત છું, તેથી અરણ્યમાં જોવાયેલાં મૂલ્ય વગર લભ્ય સિંદુરવાર કુસુમોને=નગોડનાં પુષ્પોને, સ્વયં ગ્રહણ કરીને ભક્તિભર નિર્ભર અંગવાળી અહો ! હું ધન્ય છું, પુણ્યવાળી છું, કૃતાર્થ છું, કૃત લક્ષણવાળી છું, સુલબ્ધ મારો જન્મ છે અને જીવિતનું ફળ મેં પ્રાપ્ત કર્યું છે,' એ પ્રકારની ભાવનાથી રુંવાંટાંઓ ઊઠવાથી એવી પ્રમોદરૂપી જળના પૂરથી પ્લાવિત કપોલવાળી ભગવાન પ્રત્યે જાય છે. સમવસરણ અને જંગલના અંતરાલમાં જ વૃદ્ધપણાને કારણે અને ક્ષીણ આયુષ્યપણાને કારણે શીઘ્ર મૃત્યુને પામી. તેથી આણે=દુર્ગત નારીએ, અવિહિત પૂજાવાળી પણ પૂજાના પ્રણિધાનથી ઉલ્લસિત માનસપણાને કારણે દેવપણાને પ્રાપ્ત કર્યું. તેથી તેના કલેવરને પૃથ્વીતલ ઉપર પડેલું જોઈને અનુકંપાથી પરીત અંતઃકરણવાળા લોકોએ 'આ મૂર્ચ્છિત છે' એ પ્રમાણે માનતા પાણી વડે સિંચન કર્યું. ત્યારપછી તેણીના અપરિસ્પંદનને અવલોકન કરીને લોકોએ ભગવંતને પૂછ્યું – 'હે ભગવંત ! આ વૃદ્ધા શું મરી ગઈ છે કે જીવિત છે ?' વળી, ભગવાન ઉત્તર આપે છે તે આ પ્રમાણે – 'આ મરેલી છે અને દેવપણાને પામેલી છે, ત્યારબાદ પર્યાપ્તભાવને પામીને પ્રયુક્ત અવધિવાળી પૂર્વભવના અનુભવને જાણીને વંદના માટે આવેલી છે અને તે આ મારી સન્મુખ બેઠેલ દેવ છે.' તેથી ભગવાનનું કહેલું આ સાંભળીને સમવસરણ ભૂમિમાં રહેલ સમસ્ત લોક પરમ વિસ્મયને પામ્યો. જે આ પ્રમાણે – 'અહો ! પૂજાના પ્રણિધાનમાત્રમાં પણ કેવી રીતે આ=દુર્ગત નારી, દેવપણાને પામી ?' એ પ્રમાણે વિસ્મયને પામ્યો. ત્યારપછી ભગવાને ગંભીર ધર્મદેશના કરી. જે આ પ્રમાણે – થોડો પણ શુભ અધ્યવસાય વિશિષ્ટ ગુણના પાત્રના વિષયવાળો મહાફળવાળો થાય છે. જે પ્રમાણે 'એક ઉદક બિંદુ એ પ્રમાણેની ગાથા-૪૭માં' અને 'ઉત્તમગુણ એ પ્રકારની ૪૮મી ગાથામાં' કહ્યું એ પ્રકારે થોડો પણ શુભ અધ્યવસાય વિશિષ્ટ ગુણપાત્રના વિષયવાળા મહાફળવાળો થાય છે. ત્યારપછી ભગવાને તેના સંબંધી=તે દુર્ગત નારીના સંબંધી, ભાવિ ભવના વ્યતિકરને કહ્યું, જે આ પ્રમાણે – આ દુર્ગત નારીનો જીવ દેવસુખને અનુભવીને ત્યાંથી ચ્યવીને કનકધ્વજ નામનો રાજા થશે અને તે ક્યારેક વિશાળ રાજ્યસુખને અનુભવતો મંડુકને સર્પ વડે, સર્પને કુરર વડે, કુરરને અજગર વડે, અને તેને પણ મોટા સાપ વડે, ખવાતાં અવલોકન કરીને ભાવન કરશે, જેમ - 'આ મંડુકાદિ પરસ્પર ખવાતા મોટા સાપના મુખમાં અવશ પ્રવેશ પામે છે. એ રીતે આ પણ બળવાન લોકો દુર્બળોને યથાબલ બાધન કરતા યમરાજના મુખમાં પ્રવેશ પામે છે.' એ પ્રમાણે ભાવન કરતો પ્રત્યેકબુદ્ધ થશે. ત્યારપછી રાજ્યસંપદાને છોડીને શ્રમણપણાને સ્વીકારીને દેવપણાને પામશે. આ રીતે ભવપરંપરાથી અયોધ્યાનગરીમાં શક્રાવતાર નામના ચૈત્યાલયમાં કેવળશ્રીને પામીને મોક્ષમાં જશે. **એ પ્રમાણે ગાથાર્થ છે. ॥૪/૪૯॥**

**ભાવાર્થ :-**

ભગવાનની ઉત્તમ દ્રવ્યોથી વિધિપૂર્વક કરાયેલી પૂજા તો મહાફળવાળી છે. પરંતુ દુર્ગતા નારીની જેમ ભગવાનની પૂજાના પ્રણિધાનથી પણ મહાફળની પ્રાપ્તિ થાય છે. જેમ દુર્ગતા નારીને ભગવાનના ગુણોનું વિશિષ્ટ જ્ઞાન ન હતું, તોપણ દરિદ્રતા હોવા છતાં તે પ્રકારની ભદ્રકપ્રકૃતિને કારણે લોકોત્તમ પુરુષ એવા વીર ભગવાનની હું પૂજા કરું, તેવો પરિણામમાત્ર થયો. દરિદ્ર હોવાને કારણે પોતાની પાસે પૂજાની કોઈ

સામગ્રી ઉપલબ્ધ ન હતી તેથી જંગલમાંથી વગર મૂલ્યે પ્રાપ્ત થાય તેવાં સિંદુરવારનાં ફૂલોને ગ્રહણ કરીને જગતગુરુ એવા વીર ભગવાન પ્રત્યે હું ઉત્તમ સામગ્રીથી પૂજા કરીને કૃતાર્થ થાઉં. એ પ્રકારના આશયથી જંગલમાંથી સમવસરણ તરફ જાય છે તે વખતે રસ્તામાં જ મરણ પામે છે, તોપણ ઓઘથી ભગવાનના પ્રત્યે બહુમાનને કારણે દેવભવને પામે છે, ત્યાર પછી પરિમિત જ ભવોમાં મોક્ષમાં જશે. તેથી નક્કી થાય છે કે ભગવાનની પૂજાકાળમાં વર્તતા શુભ અધ્યવસાયથી જગતમાં કાંઈ અસાધ્ય નથી. માટે વિવેકી શ્રાવકે સ્વશક્તિ અનુસાર જિનગુણોનું પ્રણિધાન કરીને ભાવનો પ્રકર્ષ થાય, તે રીતે જિનપૂજા કરવી જોઈએ.

આનાથી એ ફલિત થાય કે લોકોત્તમ પુરુષની હું પૂજા કરું, એ પ્રકારના નિર્મળ ઉપયોગથી ઉપયુક્ત થઈને જે સ્નાનની ક્રિયા કરે છે ત્યારે, અથવા સ્નાન કરીને જિનાલય તરફ જાય છે ત્યારે, અથવા સાક્ષાત્ ભગવાનની પૂજાદિ કરે છે ત્યારે કોઈ જીવ કાળ કરી જાય તો પૂજાકાળમાં પરમગુરુ પ્રત્યે વર્તતા બહુમાનભાવને અનુરૂપ તેને પણ ઉત્તમ એવા દેવભવ આદિની પ્રાપ્તિ થાય છે. તેથી વિવેકી શ્રાવકે શક્તિ અનુસાર સતત શ્રેષ્ઠ દ્રવ્યોથી અને દૃઢ પ્રણિધાનપૂર્વક ભગવાનની ભક્તિ કરવી જોઈએ. **॥૪/૪૯॥**

**અવતરણિકા :-**

**अथ प्रकरणोपसंहारायाह—**

**અવતરણિકાર્થ :-**

**હવે પ્રકરણના ઉપસંહાર માટે કહે છે –**

**ગાથા :-**

**सम्मं णाऊण इमं सुयाणुसारेण धीरपुरिसेहिं ।**
**एवं चिय कायव्वं अविरहियं सिद्धिकामेहिं ।।४/५०।।**
**।। पूयापगरणं चउत्थं सम्मत्तं ।।**

**છાયા :-**

**सम्यग् ज्ञात्वा इदं श्रुतानुसारेण धीरपुरुषैः ।**
**एवमेव कर्तव्यमविरहितं सिद्धिकामैः ।।४/५०।।**
**।। पूजाप्रकरणं चतुर्थं समाप्तम् ।।**

**અન્વયાર્થ :-**

**सुयाणुसारेण=શ્રુત અનુસારથી, इमं=આને=પૂજાવિધાનને, सम्मं=સમ્યગ્, णाऊण=જાણીને, सिद्धि-कामेहिं धीरपुरिसेहिं=સિદ્ધિની કામનાવાળા ધીર પુરુષો વડે, एवं चिय=આ રીતે જ=આગમ અનુસારથી જ, अविरहियं=અવિરહિત=સતત, कायव्वं=કરવું જોઈએ. ।।૪/૫૦।।**

**ગાથાર્થ :-**

**શ્રુત અનુસારથી આને=પૂજાવિધાનને, સમ્યગ્ જાણીને સિદ્ધિની કામનાવાળા ધીર પુરુષો વડે આ રીતે જ=આગમ અનુસારથી જ, અવિરહિત=સતત, કરવું જોઈએ. ।।૪/૫૦।।**

**ચોથું પૂજાપ્રકરણ નામનું પંચાશક સમાપ્ત થયું.**

**ટીકા :-**

**व्याख्या–'सम्ममि'त्यादि । सम्यग्=यथावत्, ज्ञात्वा=अवगम्य, यतोऽसम्यग्ज्ञानमज्ञानं च नोपकाराय, इममिति=इदं पूजाविधानं, श्रुतानुसारेण=आगमोद्देशेन, स्वयमुत्प्रेक्षितस्य प्रायो व्यभिचारित्वात्, धीरपुरुषैः=बुद्धिमन्नरैः, अबुद्धिमतां=सम्यग्ज्ञानकरणयोरसंभवाद्, अक्षोभनरैर्वा, कुनयमतविधुरितमानसा हि सम्यग्ज्ञानकरणयोरसमर्था एव । 'एवं चिय' त्ति एवमेव=आगमानुसारेणैव, कर्तव्यं=विधेयं, अविरहितं=सन्ततं, अविच्छेदकरणे हि शुभाध्यवसायः प्रकर्षं लभते ततश्चेष्टसिद्धिर्भवतीति, सिद्धिकामैः=मुक्तिप्राप्तिलंपटैः, मुक्तिप्राप्तेरनन्योपायत्वात् । इति गाथार्थः ।।४/५०।।**

**।। पूजाप्रकरणविवरणं समाप्तम् ।।४।।**

**ટીકાર્થ :-**

**सम्यग् ..... गाथार्थः ।। 'सम्ममित्यादि' પ્રતીક છે. જે કારણથી અસમ્યગ્જ્ઞાન અને અજ્ઞાન ઉપકાર માટે નથી તે કારણથી સમ્યગ્=યથાવત્ જાણીને.**

શું જાણીને ? એથી કહે છે –

**આને=પૂજાવિધાનને, શ્રુત અનુસારથી સમ્યગ્ જાણીને=આગમના ઉદ્દેશથી સમ્યગ્ જાણીને, ધીર પુરુષે યત્ન કરવો જોઈએ, એમ અન્વય છે.**

કેમ આગમથી સમ્યગ્ જાણીને ? એથી હેતુ કહે છે –

**સ્વયં ઉત્પ્રેક્ષિત એવી વિધિનું પ્રાયઃ વ્યભિચારીપણું છે.**

કોણે શ્રુત અનુસાર કરવું જોઈએ ? તેથી કહે છે –

**ધીર પુરુષો વડે=બુદ્ધિમાન પુરુષો વડે.**

**ધીર પુરુષો વડે શ્રુતાનુસાર કરવું જોઈએ એમ કહ્યું એમાં, હેતુ કહે છે –**

**અબુદ્ધિવાળા પુરુષોને સમ્યગ્જ્ઞાન અને કરણનો અસંભવ છે.**

વળી ધીર પુરુષનો અન્ય રીતે અર્થ કરતાં કહે છે –

**જે ક્ષોભ ન પામે તે પુરુષ ધીર કહેવાય અને તેવા પુરુષોએ આગમાનુસાર પૂજાવિધાન કરવું જોઈએ.**

ધીરપુરુષનો અર્થ 'અક્ષોભનર'=ક્ષોભ ન પામે તેવા મનુષ્ય, એવો કેમ કર્યો ? તેમાં હેતુ કહે છે –

**કુનયના મતથી વિધુરિત માનસવાળા પુરુષો સમ્યગ્જ્ઞાનમાં અને સમ્યગ્ કરવામાં અસમર્થ જ હોય છે. તેથી જેઓને ભગવાનના વચનનો સૂક્ષ્મ બોધ થયો નથી તથા પૂજા વિષયક અન્ય અન્ય માન્યતાઓથી તેઓનું માનસ વ્યાકુળ થયેલ છે તેવા જીવોને પૂજા વિષયક સમ્યગ્જ્ઞાન હોતું નથી. તેથી કેટલાક માને છે કે ભગવાનની કેસર આદિથી પૂજા ન થાય. કેટલાક માને છે કે ભગવાનની અંગરચના ન થાય. આ પ્રકારના સમ્યગ્જ્ઞાનના અભાવ અને સમ્યગ્ કરવાના અભાવવાળા તેઓ થાય છે.**

**આ રીતે જ=આગમાનુસારથી જ, સતત પૂજાવિધાન કરવું જોઈએ. હિ=જે કારણથી, અવિચ્છેદ-કરણમાં શુભ અધ્યવસાય પ્રકર્ષને પામે છે. તેથી સતત આગમાનુસાર કરવાથી ઈષ્ટ સિદ્ધિ થાય છે.**

**કેવા ધીર પુરુષે કરવું જોઈએ ? તેથી કહે છે –**

**સિદ્ધિની કામનાવાળા પુરુષે=મુક્તિની પ્રાપ્તિમાં લંપટ એવા પુરુષે, આગમાનુસાર ક્રિયા કરવી જોઈએ; કેમ કે મુક્તિની પ્રાપ્તિનું અનન્ય ઉપાયપણું છે=આગમાનુસારી પૂજાનું અનન્ય ઉપાયપણું છે, એ પ્રમાણે ગાથાર્થ છે. ।।૪/૫૦।।**

**।। પૂજાપ્રકરણનું વિવરણ સમાપ્ત થયું ।।**

**ભાવાર્થ :-**

અત્યાર સુધી સંક્ષેપથી પૂજાની વિધિ ગ્રંથકારશ્રીએ બતાવી. તેનું અવલંબન લઈને તેની વિધિ શ્રુતાનુસાર સમ્યગ્ જાણવી જોઈએ. જેથી વિવેકી શ્રાવકને બોધ થાય કે સર્વ કર્મરહિત એવી સિદ્ધઅવસ્થાની આ પૂજા છે. ઉત્તમ ભાવના પ્રકર્ષ અર્થે ઉત્તમ દ્રવ્યથી પૂજા કરવાનું શાસ્ત્રમાં બતાવ્યું છે તથા ઉત્તમ ભાવના પ્રકર્ષ અર્થે શાસ્ત્રમાં તે તે પ્રકારની વિધિઓ બતાવી છે, તેનો સમ્યગ્ બોધ કરીને મોક્ષના અર્થી જીવે સતત આગમાનુસાર જ પૂજા કરવી જોઈએ; કેમ કે અવિચ્છેદથી સતત આગમાનુસાર પૂજા કરવામાં આવે તો જિનવચનાનુસાર શુભ અધ્યવસાય પ્રકર્ષવાળો થાય છે, જેનાથી મોક્ષની પ્રાપ્તિ શીઘ્ર થાય છે.

અહીં ધીર પુરુષનો અર્થ બુદ્ધિમાન કરવો એમ કહ્યું એનાથી એ પ્રાપ્ત થાય કે જે શ્રાવક શાસ્ત્રો ભણતી વખતે શાસ્ત્રમાં કહેલ તે તે ક્રિયાના સૂક્ષ્મ તાત્પર્યને જાણવા માટે યત્ન કરે, ક્વચિદ્ પોતાની તેવી નિપુણ પ્રજ્ઞા ન હોય તોપણ નિપુણ પ્રજ્ઞાવાળા પુરુષનું અવલંબન લઈને ભગવાનની પૂજા કઈ રીતે વીતરાગતુલ્ય થવાનું કારણ છે તે જાણવા યત્ન કરે, વળી વીતરાગતુલ્ય થવામાં બાહ્ય વિધિ કઈ રીતે અંતરંગભાવો દ્વારા અંગ છે ? તેના પરમાર્થને જાણવા માટે સમ્યગ્ યત્ન કરે, જાણ્યા પછી તેને સ્થિર કરવા યત્ન કરે અને સ્થિર કરેલા બોધથી નિયંત્રિત તે ક્રિયા કરીને વીતરાગતુલ્ય થવાને અનુકૂળ ઉત્તમ ભાવો પૂજાથી પ્રગટ કરવા શક્તિના પ્રકર્ષથી યત્ન કરે, તે પુરુષ બુદ્ધિમાન છે. આ પ્રકારના યત્નમાં જેટલી ન્યૂનતા તે અંશમાં તેની અબુદ્ધિમત્તા જ છે.

આથી જ મંદબુદ્ધિવાળા પણ જીવો પોતાની બુદ્ધિને સમ્યગ્ રીતે તત્ત્વને અભિમુખ વ્યાપૃત કરવા અર્થે ગુણવાન પુરુષોનું આલંબન લઈને સતત યત્ન કરે તો પૂજા વિષયક સમ્યગ્ બોધ કરી શકે અને નિપુણતાપૂર્વક પૂજા કરવા યત્ન કરે તો ક્રમે કરીને આગમાનુસાર પૂજા કરવા પણ સમર્થ બને.

જેઓ પાસે સ્થૂલથી ઘણી પ્રજ્ઞા છે, તેથી ઘણાં શાસ્ત્રો ભણે છે; આમ છતાં નિપુણતાપૂર્વક પૂજાની વિધિને જાણવા યત્ન કરતા નથી, તેથી કઈ રીતે ભગવાનની પૂજા સિદ્ધઅવસ્થાની પ્રાપ્તિનું એકમાત્ર કારણ છે, તેના બોધને પામ્યા નથી તેમને બુદ્ધિમાન કહી શકાય નહીં.

વળી કોઈક જીવો ઉત્તમ દ્રવ્યો આદિથી ભગવાનની પૂજા કરતા હોય તોપણ મોક્ષને અનુકૂળ ઉત્તમ ભાવો કઈ રીતે તે તે આલંબનથી પ્રગટ કરવા જોઈએ તેના વિષયમાં કોઈ યત્ન કરતા ન હોય તેઓને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ કરણનો અભાવ હોવાથી બુદ્ધિમાન કહી શકાય નહીં.

જેઓ સંસારથી અત્યંત ભય પામેલા હોય, મોક્ષના અત્યંત અર્થી હોય અને પોતાની બુદ્ધિ અને શક્તિ કેટલી છે, તેનું સમ્યગ્ સમાલોચન કરીને પોતાની બુદ્ધિને અને શક્તિને આગમાનુસાર પ્રવર્તાવવા તત્પર થાય, તે બુદ્ધિમાન છે.

જેઓ અન્ય દર્શનથી વાસિત મતિવાળા છે અથવા સ્વદર્શનમાં પણ સ્વમતિ ઉત્પ્રેક્ષિત પૂજા વિષયક વિકલ્પો કરનારાનાં વચનો સાંભળીને ક્ષોભ પામેલા છે, તેવા ક્ષોભ પામેલા મનુષ્યો ધીરપુરુષ નથી. તેથી બાહ્ય પદાર્થોને આશ્રયીને ભિન્ન ભિન્ન વિકલ્પો કરીને મોક્ષના કારણીભૂત અને ઉત્તમ અધ્યવસાયની નિષ્પત્તિમાં પ્રબળ અંગભૂત એવી પણ પૂજાવિધિમાં વિકલ્પો પાડીને વિધુરિત માનસવાળા થાય છે તેઓ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ પૂજા કરવા માટે અસમર્થ બને છે. માટે ધીરતાપૂર્વક સર્વજ્ઞના વચનના તાત્પર્યને જાણીને વીતરાગતાને અનુકૂળ ભાવનો પ્રકર્ષ થાય, તે રીતે પૂજા કરવી જોઈએ.

સંક્ષેપથી આગમની વિધિનું તાત્પર્ય એ પ્રાપ્ત થાય કે જે રીતે સિદ્ધ અવસ્થા પ્રત્યેનો રાગ પ્રકર્ષ પામે, તે રીતે ઉત્તમ દ્રવ્યોથી સ્વશક્તિનું સમાલોચન કરીને પૂજા કરવી જોઈએ અને પૂજાકાળમાં ચિત્તને જિનગુણના પ્રણિધાનવાળું કરવા યત્ન કરવો જોઈએ.

જિનપૂજા સંબંધી બાહ્ય સર્વ આચરણામાં આ થાય, આ ન થાય તેવો કોઈ એકાંત નથી. આથી ત્રિકાળપૂજાની વિધિ કર્યા પછી આજીવિકાનો વ્યાઘાત થતો હોય તો તેનો ઉપઘાત ન થાય તે રીતે પૂજાની વિધિ બતાવી છે. વળી, તુચ્છ અને અસાર દ્રવ્યોથી પૂજા કરવામાં સામાન્યતયા પરિણામનો વ્યાઘાત થાય છે, તેથી તેનો સામાન્યથી નિષેધ જ હોય છે, તોપણ જેમ દુર્ગતા નારીને તુચ્છ અને અસાર એવા સિંદુરવારનાં કુસુમથી પણ ઉત્તમ ભાવ થયેલો, માટે ભાવના પ્રકર્ષનો વ્યાઘાત કરીને માત્ર બાહ્ય પ્રવૃત્તિને અવલંબીને કર્તવ્ય-અકર્તવ્યનો વિભાગ પાડવો ઉચિત નથી, પરંતુ ભાવના પ્રકર્ષના અંગરૂપે શ્રેષ્ઠ દ્રવ્યો ગ્રહણ કરવાં જોઈએ. **॥૪/૫૦॥**

**॥ પૂજાવિધિ પ્રકરણ નામનું ચતુર્થ પંચાશક સમાપ્ત થયું ॥**

**અનુસંધાન : પંચાશક પ્રકરણ ભાગ-૩ (પંચાશક-૫, ૬)**

# ગીતાર્થ ગંગાનાં પ્રકાશનો

## પ. પૂ. મુનિપ્રવર શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મ. સા.)ના પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| આશ્રવ અને અનુબંધ | ૧૩ ✤ |
| ચારિત્રાચાર | ૩૬ |
| ચારિત્રાચાર (હિન્દી આવૃત્તિ) | ૧૯૦ |
| પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા | ૨૫ |

## પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય યુગભૂષણસૂરીશ્વરજી મહારાજા (પંડિત મ. સા.) કૃત, સંપાદિત અને પ્રવચનનાં પુસ્તકો

| | |
|---|---|
| **Is Jaina Order Independent Religion or Denomination ?** | ૫૮ |
| **Status of religion in modern Nation State theory** | ૬૪ |
| અનેકાંતવાદ | ૯ |
| કર્મવાદ કર્ણિકા | ૫ |
| કર્મવાદ કર્ણિકા (હિન્દી આવૃત્તિ) | ૧૫૭ |
| કુદરતી આફતમાં જૈનનું કર્તવ્ય | ૪૯ |
| ગૃહજિનાલય મહામંગલકારી | ૮૫ |
| ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | ૧૨ |
| ચલિએ ! 'મોક્ષ' કા સત્ય સ્વરૂપ સમઝેં... (હિન્દી આવૃત્તિ) | ૧૮૯ |
| ચિત્તવૃત્તિ | ૧૧ |
| ચિત્તવૃત્તિ (હિન્દી આવૃત્તિ) | ૨૮ |
| જૈનશાસન સ્વતંત્ર ધર્મ કે સંપ્રદાય ? | ૫૬ |
| જિનશાસન સ્વતંત્ર ધર્મ યા સંપ્રદાય ? (હિન્દી આવૃત્તિ) | ૫૭ |
| દર્શનાચાર | ૭ |
| ધર્મરક્ષા પ્રવચન શ્રેણી ભાગ-૧ | ૫૫ |
| પ્રશ્નોત્તરી | ૧૦ |
| પ્રશ્નોત્તરી (હિન્દી આવૃત્તિ) | ૪૨ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | ૧૫ |
| ભાગવતી પ્રવ્રજ્યા પરિચય (હિન્દી આવૃત્તિ) | ૧૮૮ |
| ભાવધર્મ ભાગ-૧ (પ્રણિધાન) | ૨૧ |

✤ જમણી બાજુના નંબર પુસ્તક ક્રમાંક સૂચવે છે.

| | |
|---|---|
| ભાવધર્મ ભાગ-૨ (પ્રવૃત્તિ, વિઘ્નજય, સિદ્ધિ, વિનિયોગ) | ૨૪ |
| મધ્યસ્થભાવ (સંઘ એકતાની માસ્ટર કી) | ૧૭૯ |
| મનોવિજય અને આત્મશુદ્ધિ | ૧૪ |
| યોગદૃષ્ટિસમુચ્ચય | ૪ |
| લોકોત્તર દાનધર્મ 'અનુકંપા' | ૩૩ |
| શાસન સ્થાપના | ૮ |
| શાસન સ્થાપના (હિન્દી આવૃત્તિ) | ૨૭ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો | ૩ |
| શ્રાવકનાં બાર વ્રતોના વિકલ્પો (હિન્દી આવૃત્તિ) | ૩૫ |
| શ્રી ઉપધાન માર્ગોપદેશિકા | ૯૩ |
| શ્રીબૃહદ્-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-બૃહદ્-જ્વાલામાલિનીદેવીમંત્ર | ૨૦૭ |
| 'શ્રીમદ્ રાજચંદ્ર' વિષયક પત્રવ્યવહાર | ૧૯૧ |
| શ્રીલઘુ-શાન્તિધારાપાઠ તથા શ્રીચન્દ્રપ્રભસ્વામી-લઘુ-જ્વાલામાલિનીદેવીમંત્ર | ૨૦૮ |
| સદ્ગતિ તમારા હાથમાં ! | ૬ |
| સદ્ગતિ આપકે હાથ મેં ! (હિન્દી આવૃત્તિ) | ૧૬૩ |


## संपादक :- प. पू. आ.भ. श्री अरिहंतसागरसूरीश्वरजी महाराज साहब


| | |
|---|---|
| पाक्षिक अतिचार (हिन्दी) | ४१ |


## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## અન્ય પુસ્તકોની યાદી


| | | |
|---|---|---|
| 'Rakshadharma' Abhiyaan | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૩ |
| Right to Freedom of Religion !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૧ |
| 'રક્ષાધર્મ' અભિયાન | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૨ |
| શંખેશ્વર પાસજી પૂજીએ... | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૨૦૯ |
| શ્રી નવપદ આરાધના વિધિ (અપ્રાપ્ય) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૮ |
| શ્રી સમેતશિખરજીની સંવેદના | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૪૭ |
| સેવો પાસ સંખેસરો (સૂરદત્ત શેઠના ચરિત્ર સહિત) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૪ |
| સેવો પાસ સંખેસરો (હિં.આ.) | સંકલક : જ્યોતિષભાઈ શાહ | ૧૦૫ |
| સ્વતંત્ર ભારતમાં ધર્મ પરતંત્ર !!!!! | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૫૯ |
| સ્વતંત્ર ભારત મેં ધર્મ પરતંત્ર !!!!! (હિં.આ.) | સંકલક : ધર્મતીર્થ રક્ષા સમિતિ | ૬૦ |

## ગીતાર્થ ગંગા દ્વારા પ્રકાશિત
## વિવેચનના ગ્રંથો

### વિવેચનકાર :- પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા


| | |
|---|---|
| અઢાર પાપસ્થાનક સ્વાધ્યાય, અમૃતવેલની નાની સજ્ઝાય, 'સાચો જૈન' પદ અને 'વીરોની પ્રભુભક્તિ' પદ શબ્દશઃ વિવેચન | ૧૬૯ |
| અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૨૦ |
| અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૨ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૬ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૮ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૯ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૧૪ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૫ |
| અધ્યાત્મસાર શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૧૬ |
| અમૃતવેલની મોટી સજ્ઝાય અને નિશ્ચય-વ્યવહાર ગર્ભિત શ્રી શાંતિજિન સ્તવન તથા શ્રી સીમંધરસ્વામી સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૨૨ |
| આનંદઘન ચોવીશી શબ્દશઃ વિવેચન | ૧૨૪ |
| આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | ૧૮ |
| ઉપદેશપદ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૪ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૨ | ૧૯૭ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૩ | ૧૯૮ |
| ઉપદેશપદ ગાથાસ્પર્શી વિવેચન ભાગ-૪ | ૧૯૯ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૬ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૭ |
| ઉપદેશમાલા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૮ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૬ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૭ |
| ઉપદેશરહસ્ય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૨૮ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૭૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૭૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૩ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૮૦ |

| | |
|---|---|
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૮૧ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૮૨ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૯૪ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૮ | ૧૯૫ |
| ઉપમિતિભવપ્રપંચા કથા (પ્રસ્તાવ-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૯ | ૧૯૬ |
| કૂપદષ્ટાંત વિશદીકરણ શબ્દશઃ વિવેચન | ૩૧ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૨ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૩ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૨૧૨ |
| ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૨૧૩ |
| **ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૫** | **૨૧૪** |
| **ગુરુતત્ત્વવિનિશ્ચય (ઉલ્લાસ-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૬** | **૨૧૫** |
| જ્ઞાનસાર શબ્દશઃ વિવેચન | ૬૮ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૦ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૧ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૨ |
| તત્ત્વાર્થાધિગમસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૬૪ |
| દેવસિઅ રાઈઅ પ્રતિક્રમણ સૂત્ર શબ્દશઃ વિવેચન | ૧૪૭ |
| દોઢસો ગાથાનું હૂંડીનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૧૮ |
| દ્રવ્યગુણપર્યાયના રાસના છૂટા બોલ રાસના આધારે વિવેચન | ૧૬૦ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૮ |
| દ્રવ્યગુણપર્યાયનો રાસ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૨૯ |
| ધર્મપરીક્ષા પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૫ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૨ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૩ |
| ધર્મબિંદુ પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૪ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૦ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૧ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૪૨ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૫૫ |
| ધર્મસંગ્રહ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૫૬ |
| ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૧૦ |
| **ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૨** | **૨૧૬** |
| **ધર્મસંગ્રહણિ શબ્દશઃ વિવેચન ભાગ-૩** | **૨૧૭** |
| ધ્યાનશતક શબ્દશઃ વિવેચન | ૧૮૩ |
| નવતત્ત્વ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૧૭ |
| પક્ખીસૂત્ર (પાક્ષિકસૂત્ર) શબ્દશઃ વિવેચન | ૧૨૫ |

| | |
|---|---|
| પગામસિજ્જા શબ્દશઃ વિવેચન | ૧૪૪ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૪૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૮૬ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૦૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૧૦૧ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૧૧૯ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૧૨૦ |
| પંચવસ્તુક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૧૨૩ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ (સૂત્ર ૧-૨) | ૩૪ |
| પંચસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ (સૂત્ર ૩-૪-૫) | ૩૭ |
| પંચાશક પ્રકરણ (પંચાશક-૧-૨) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૮૪ |
| **પંચાશક પ્રકરણ (પંચાશક-૩-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૨** | **૨૧૮** |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૦ |
| પાતંજલયોગસૂત્ર શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૧ |
| પ્રતિક્રમણ હેતુગર્ભિત સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૧૨ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૨૯ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૪૦ |
| પ્રતિમાશતક શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૯૯ |
| પ્રશમરતિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૮૭ |
| બત્રીશી-૦૧ : દાનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૩ |
| બત્રીશી-૦૨ : દેશનાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૮ |
| બત્રીશી-૦૩ : માર્ગદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૭ |
| બત્રીશી-૦૪ : જિનમહત્ત્વદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૦ |
| બત્રીશી-૦૫ : જિનભક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૯ |
| બત્રીશી-૦૬ : સાધુસામગ્ર્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૨ |
| બત્રીશી-૦૭ : ધર્મવ્યવસ્થાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૪૬ |
| બત્રીશી-૦૮ : વાદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૩૯ |
| બત્રીશી-૦૯ : કથાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૧૩ |
| બત્રીશી-૧૦ : યોગલક્ષણદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૨ |
| બત્રીશી-૧૧ : પાતંજલયોગલક્ષણવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૭ |
| બત્રીશી-૧૨ : પૂર્વસેવાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૪ |
| બત્રીશી-૧૩ : મુક્તિઅદ્વેષપ્રાધાન્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૩ |
| બત્રીશી-૧૪ : અપુનર્બંધકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૪ |
| બત્રીશી-૧૫ : સમ્યગ્દષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૭૧ |
| બત્રીશી-૧૬ : ઈશાનુગ્રહવિચારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૫ |
| બત્રીશી-૧૭ : દૈવપુરુષકારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૧ |
| બત્રીશી-૧૮ : યોગભેદદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૦ |

| | |
|---|---|
| બત્રીશી-૧૯ : યોગવિવેકદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૧ |
| બત્રીશી-૨૦ : યોગાવતારદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૦ |
| બત્રીશી-૨૧ : મિત્રાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૪૪ |
| બત્રીશી-૨૨ : તારાદિત્રયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૨ |
| બત્રીશી-૨૩ : કુતર્કગ્રહનિવૃત્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૩ |
| બત્રીશી-૨૪ : સદ્દૃષ્ટિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૮૪ |
| બત્રીશી-૨૫ : ક્લેશહાનોપાયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૬ |
| બત્રીશી-૨૬ : યોગમાહાત્મ્યદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૧ |
| બત્રીશી-૨૭ : ભિક્ષુદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૩ |
| બત્રીશી-૨૮ : દીક્ષાદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૫૪ |
| બત્રીશી-૨૯ : વિનયદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૭ |
| બત્રીશી-૩૦ : કેવલિભુક્તિવ્યવસ્થાપનદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૬૬ |
| બત્રીશી-૩૧ : મુક્તિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૧૦૬ |
| બત્રીશી-૩૨ : સજ્જનસ્તુતિદ્વાત્રિંશિકા શબ્દશઃ વિવેચન | ૯૨ |
| બાર ભાવના શબ્દશઃ વિવેચન (તત્ત્વાર્થસૂત્ર અને યોગશાસ્ત્ર આધારિત) | ૧૫૨ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૩ |
| ભાષારહસ્ય પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૫૪ |
| યતિલક્ષણસમુચ્ચય પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૮૦ |
| યોગદૃષ્ટિની સજ્ઝાય શબ્દશઃ વિવેચન | ૬૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૭૫ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૭૬ |
| યોગદૃષ્ટિસમુચ્ચય શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૭૭ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૩૫ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૩૬ |
| યોગબિંદુ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૩૭ |
| યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | ૧ |
| યોગશતક શબ્દશઃ વિવેચન | ૪૫ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૧ થી ૪) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૯૨ |
| યોગશાસ્ત્ર (પ્રકાશ-૭ થી ૧૨) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૯૩ |
| યોગસાર પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૧૦૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૬૬ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૬૭ |
| લલિતવિસ્તરા શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૬૮ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | ૧૬ |
| વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન ઉત્તરાર્ધ | ૧૯ |
| વીતરાગ સ્તોત્ર પ્રાયઃ શબ્દશઃ વિવેચન | ૧૫૮ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૧) શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૫૦ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૨-૩) શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૮૫ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૪) શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૮૬ |

| | |
|---|---|
| વૈરાગ્યકલ્પલતા પૂર્વાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૪ | ૨૦૦ |
| વૈરાગ્યકલ્પલતા ઉત્તરાર્ધ (સ્તબક-૫) શબ્દશઃ વિવેચન ભાગ-૫ | ૨૦૧ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૬) શબ્દશઃ વિવેચન ભાગ-૬ | ૨૦૨ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૭) શબ્દશઃ વિવેચન ભાગ-૭ | ૨૦૩ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૮) શબ્દશઃ વિવેચન ભાગ-૮ | ૨૦૪ |
| વૈરાગ્યકલ્પલતા (સ્તબક-૯) શબ્દશઃ વિવેચન ભાગ-૯ | ૨૦૫ |
| શાંતસુધારસ શબ્દશઃ વિવેચન (બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના) | ૧૫૧ |
| શ્રાવકધર્મવિધિ પ્રકરણ શબ્દશઃ વિવેચન | ૨૧૧ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૦૮ |
| શ્રી સીમંધરસ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૦૯ |
| શ્રી સીમંધરસ્વામીને વિનંતીરૂપ ૧૨૫ ગાથાનું સ્તવન શબ્દશઃ વિવેચન | ૯૮ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૧૧ |
| ષોડશક પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૨૧ |
| સકલાર્હત્-સ્તોત્ર અને અજિતશાંતિ સ્તવન શબ્દશઃ વિવેચન | ૧૪૩ |
| સમાધિશતક શબ્દશઃ વિવેચન | ૨૦૬ |
| સમ્યક્ત્વ ષટ્સ્થાન ચઉપઈ શબ્દશઃ વિવેચન | ૨૩ |
| સમ્યક્ત્વના સડસઠ બોલ સ્વાધ્યાય શબ્દશઃ વિવેચન | ૧૪૫ |
| સંથારા પોરિસી સૂત્રનો ભાવાનુવાદ અને હિંસાષ્ટક શબ્દશઃ વિવેચન | ૬૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૧૪૮ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૧૪૯ |
| સંમતિતર્ક પ્રકરણ શ્લોકસ્પર્શી ટીકા પ્રાયઃ શબ્દશઃ વિવેચન ભાગ-૩ | ૧૭૦ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૧ | ૩૮ |
| સામાચારી પ્રકરણ શબ્દશઃ વિવેચન ભાગ-૨ | ૩૯ |
| સૂત્રના પરિણામદર્શક યત્નલેશ | ૩૨ |


## ગીતાર્થ ગંગા જ્ઞાનભંડાર આધારિત
## સંશોધનાત્મક પ્રકાશનો


| | | |
|---|---|---|
| આગમ પ્રકાશનસૂચી (હિન્દી) | સંકલનકાર : નીરવભાઈ બી. ડગલી | ૧૭૫ |


## ગીતાર્થ ગંગા અંતર્ગત
## ગંગોત્રી ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત ગ્રંથો


૧. ધર્મતીર્થ ભાગ–૧
૨. ધર્મતીર્થ ભાગ–૨
૩. ધર્મતીર્થ ભાગ–૩
૪. ધર્મતીર્થ ભાગ–૪

# પ્રાપ્તિસ્થાન

**✤ અમદાવાદ :**

**ગીતાર્થ ગંગા**
'શ્રુતદેવતા ભવન', ૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
☎ (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : mygg@gitarthganga.com
www.gitarthganga.com

**✤ વડોદરા :**

**શ્રી સૌરીનભાઈ દિનેશચંદ્ર શાહ**
'દર્શન', ઈ-૬૯, લીસાપાર્ક સોસાયટી,
વિભાગ-૨, રામેશ્વર સર્કલ, સુભાનપુરા,
હાઈટેન્શન રોડ, વડોદરા-૩૯૦૦૨૩.
☎ (૦૨૬૫) ૨૩૯૧૬૯૬ (મો.) ૯૮૨૫૨૧૨૯૯૬
Email : saurin108@yahoo.in

**✤ મુંબઈ :**

**શ્રી લલિતભાઈ ધરમશી**
૧૦૧-૧૦૨, સર્વોદય હાઈટ્સ,
જૈન મંદિર રોડ, સર્વોદયનગર,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
☎ (૦૨૨) ૨૫૬૮૦૬૧૪, ૨૫૬૮૬૦૩૦
(મો.) ૯૩૨૨૨૩૧૧૧૬
Email : jpdharamshi60@gmail.com

**શ્રી હિમાંશુભાઈ એન. શેઠ**
એ-૨/૪૧, અશોક સમ્રાટ, ત્રીજે માળે,
દફતરી રોડ, ગૌશાળા લેન,
બીના જ્વેલર્સની ઉપર,
મલાડ (ઈ.) મુંબઈ-૪૦૦૦૯૭.
☎ (૦૨૨) ૩૨૪૩૮૪૩૪
(મો.) ૯૩૨૨૨૬૪૮૫૧
Email : divyaratna_108@yahoo.co.in

**✤ સુરત :**

**ડૉ. પ્રફુલભાઈ જે. શેઠ**
ડી-૧, અર્પણ એપાર્ટમેન્ટ,
બાબુનિવાસની ગલી,
ટીમલીયાવાડ, સુરત-૩૯૫૦૦૧.
☎ (૦૨૬૧) ૩૨૨૮૬૨૩
(મો.) ૯૦૧૬૧૮૮૯૯૦

**✤ રાજકોટ :**

**શ્રી કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦૦૦૧.
☎ (૦૨૮૧) ૨૨૩૩૧૨૦
(મો.) ૯૪૨૭૧૬૮૬૧૩
Email : shree_veer@hotmail.com

**✤ BANGALORE :**

**SHRI VIMALCHANDJI**
C/o. J. Nemkumar & Co.
Kundan Market, D. S. Lane,
Chickpet Cross, Bangalore-560053.
☎ (080) (O) 22875262
(Mo.) 9448359925, 7892448604
Email : vimalkgadiya@gmail.com

**SHRI DHEERAJ KATARIA**
Flat No. 202, Munoth Habitat Apts.
No. 13/14, Pmk Road, Shankarpuram,
Bangalore-560004. (Karnataka)
☎ (M) 9844350590
Email : dheeraj83kataria@gmail.com

उत्तमगुणबहुमाणो पयमुत्तमसत्तमज्झयारम्मि ।
उत्तमधम्मपसिद्धी पूयाए जिणवरिंदाणं ।।

જિનવરેન્દ્રોની પૂજાથી ઉત્તમ ગુણનું બહુમાન,
ઉત્તમ સત્ત્વના મધ્યમાં અવસ્થાન અને
ઉત્તમ ધર્મની પ્રસિદ્ધિ થાય છે.




: પ્રકાશક :

ગીતાર્થ ગંગા



‘શ્રુતદેવતા ભવન’, ૫, જૈન મર્ચન્ટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
ફોન : (૦૭૯) ૨૬૬૦૪૯૧૧, ૪૦૦૫૪૯૧૧
Email : mygg@gitarthganga.com ❖ www.gitarthganga.com